# અધ્યાત્મસાર

કમલ પ્રકાશન

# અધ્યાત્મસાર

ભાવાનુવાદ

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

: પ્રકાશક :

સુબોધચન્દ્ર લાલભાઈ
મંત્રી,
કમલ પ્રકાશન
અમદાવાદ–૭

●

: લેખક પરિચય :

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ
આ.ભગવંતશ્રીમદ્‌વિજયપ્રેમસૂરીશ્વરજી
મહારાજા સાહેબશ્રીના વિનેય મુનિશ્રી
ચન્દ્રશેખરવિજયજી

○

પ્રથમાવૃત્તિ : નકલ ૧૦૦૦
વિ. સં. ૨૦૨૩, મૌન એકાદશી

*

સર્વાધિકાર સુરક્ષિત

*



: મુદ્રક :

કાન્તિલાલ સોમાલાલ શાહ
સાધના પ્રિન્ટરી
ઘીકાંટા રોડ, અમદાવાદ.

## લેખકશ્રીનાં પ્રકાશનો

●

**પ્રકાશિત**

- સાધનાની પગદંડીએ
  [ ચિંતન ]
- શરણાગતિ
  [ ભક્તિયોગ ]
- વિરાગની મસ્તી
  [ નિબંધ કથા ]
- અધ્યાત્મસાર–ભાવાનુવાદ
  [ અધ્યયન ગ્રન્થ ]
- ઊંડા અંધારેથી
  [ રૂપકકથા ]

**પ્રકાશિત થશે**

- વૃત્તિસંઘર્ષ
  [ મનોવિશ્લેષણ ]
- શ્રમણજીવન
  [ પત્રપ્રેરણા ]
- વંદના
  [ પત્રપ્રેરણા ]
- ગુરુમાતા
  [ પત્રપ્રેરણા ]
- ન્યાયસિદ્ધાન્તમુક્તાવલિ
  [ ગુજરાતી વિવેચન ]

**માહિતી કેન્દ્ર**

●

(૧) સુબોધચન્દ્ર લાલભાઈ
'બકુલ'
સંજીવની પાસે
અમદાવાદ–૭

(૨) જશવંતલાલ સાંકળચંદ
C/o એટલાસ એજન્સીઝ
૫૦૮૨/૨, ગાંધીરોડ,
બીજે માળે
અમદાવાદ–૧.
મંત્રીઓ,
કમલ પ્રકાશન

# સંસ્થાકીય

કમલ પ્રકાશન એટલે જૈનધર્મના અજોડ તત્ત્વજ્ઞાનનું પ્રકાશન.

કમલ પ્રકાશન સંસ્થાનું ધ્યેય અદ્યતન શૈલિમાં લખાએલા પુસ્તકોનું પ્રકાશન કરવાનું છે.

તેની સાથે સાથે પૂ. હરિભદ્રસૂરિજી મહારાજ, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી આદિ મહર્ષિઓનાં પ્રાચીન સંસ્કૃત પ્રાકૃત સાહિત્યનું પણ પુનર્મુદ્રણ કરીને તે સાહિત્યને ભારતભરના ભંડારોમાં સુરક્ષિત કરી દેવાની આ સંસ્થાની ઉમેદ છે.

તત્કાળ જેનું પુનર્મુદ્રણ કાર્ય ખૂબ જ જરૂરી છે તેવી લગભગ દોઢસો પ્રતો છે. જો એના પુનર્મુદ્રણ કાર્ય તરફ દુર્લક્ષ સેવવામાં આવે તો જિનશાસનના નિધાનસમું એ સાહિત્ય વિનાશ પામી જાય એવો મોટો ભય ઉપસ્થિત થાય છે. અનેક સ્થાને જ્ઞાનખાતામાં અઢળક સંપત્તિ છે; અનેક પૂ. સાધુ-સાધ્વી ભગવંતો આ કાર્ય માટે પોતાનો અમૂલ્ય સમય ફાજલ પાડી શકે તેમ છે.

વહીવટદારો જ્ઞાનખાતાની સંપત્તિ છૂટી કરે અને પૂ. મુનિ-ભગવંતો આ પુનર્મુદ્રણના કાર્યમાં શક્ય સહકાર આપે તો એ પ્રાચીન શાસ્ત્રગ્રંથોની સુંદરમાં સુંદર સુરક્ષા થઈ જાય તેમ છે.

ભારતભરના સ્થાનિક સંઘોના વહીવટદારોને અમારી વિનમ્ર વિનંતી છે કે તેઓ જ્ઞાનખાતાની રકમો ઉદાર હાથે આ કાર્યમાં વાપરે. તે રકમનો સુંદરમાં સુંદર ઉપયોગ કરવાની આ તક જતી ન કરશો. અમારી પાસે જેટલી વધુ રકમ આવતી જશે તેટલા વધુ પ્રમાણમાં અને વધુ ઝડપથી અમે પુનર્મુદ્રણનું કાર્ય કરી શકીશું.

આપણા આત્મવિકાસમાં અનન્યશરણરૂપ શ્રુતજ્ઞાનની સુરક્ષા કરી લેવાનું કાર્ય આ પળે ખૂબ જ અનિવાર્ય છે એટલું જ અમે જણાવીશું.

દોઢ જ માસમાં જેની બે હજાર નકલોનું વેચાણ થઈ ગયું હતું તે 'વિરાગની મસ્તી' (નિબંધ કથા)ની ચાર હજાર નકલો અમે વિ. સં. ૨૦૨૨ ની દીપાલિકાએ પ્રકાશિત કરી અને એ જ દિવસે એની દોઢ હજાર નકલ એક જ વ્યક્તિએ ખરીદી લીધી!

ત્યાર પછીના બહુ જ ટૂંકા ગાળામાં આ સંસ્થા એક અપૂર્વ અધ્યયન ગ્રંથનો ભાવાનુવાદ આપના કરકમળમાં મૂકે છે.

ન્યાયવિશારદ મહામહોપાધ્યાય મુનિભગવંત શ્રીમદ્ યશોવિજયજી મહારાજા સાહેબે સંસ્કૃત ભાષામાં અધ્યાત્મસાર નામના ૯૪૯ શ્લોક પ્રમાણ ગ્રંથની રચના કરી હતી. તેની ઉપર પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજીએ અદ્યતન શૈલિમાં ભાવાનુવાદ તૈયાર કર્યો છે. આ ગ્રંથના અતિગહન શ્લોકોને શક્ય એટલો પ્રયાસ કરીને તેમણે સ્પષ્ટ કર્યા છે.

આજે આ ભાવાનુવાદનો લગભગ ૬૦૦ પૃષ્ઠનો દળદાર ગ્રંથ પ્રકાશિત કરતાં અમે ખૂબ જ ગૌરવ અનુભવીએ છીએ.

આ એક અતીવ સુંદર અધ્યયન ગ્રંથ છે. અમે તો વધુ શું કહીએ? વિદ્વદ્વર્યો કે પૂજ્ય શ્રમણ–શ્રમણી ભગવંતો જ એ ગ્રંથના પરિશ્રમની કદર કરી શકશે.

જિનશાસનને વફાદાર કલમથી આલેખાએલું કોઈ પણ સુંદર સાહિત્ય પ્રકાશિત કરવાની અમારી ઉમેદ છે. એવા કોઈ પણ કાર્ય અંગે વિદ્વાન લેખકો અમારો સંપર્ક સાધી શકે છે. અમે એવા પ્રકાશન માટે શક્ય વિચારણા કરીશું.

એક વાતની સહુ કોઈ નોંધ લે કે પુસ્તકોના પ્રકાશન દ્વારા નફો કરવાનું કે નાણાંકીય ભંડોળ ઊભું કરવાનું ધોરણ અમારી સંસ્થાએ પહેલેથી જ રાખ્યું નથી.

પ્રાચીન સાહિત્યનું પુનર્મુદ્રણ કરીને તેને ભંડારોમાં સુરક્ષિત

કરવાનો અને અદ્યતન શૈલિએ આલેખાએલા શાસ્ત્રીય પદાર્થોના લોકભોગ્ય ચિંતનનો વધુ ને વધુ પ્રચાર કરવાનો જ અમારો ઉદ્દેશ છે. આ સંસ્થાને કોઈ પણ આર્થિક સહકાર મળે તો અમે પુસ્તકનું મૂલ્ય પડતર કિંમત જેટલું જ કે તેથી પણ ઓછું રાખવાની યોજનાને મૂર્ત બનાવીએ છીએ.

ટૂંકમાં અમારું પ્રકાશન એટલે શાસ્ત્રીય સાહિત્યનું સુંદર અને સસ્તુ પ્રકાશન.

અને હવે છેલ્લી વાત. જેનું નામ 'ભવ-પ્રપંચ' રાખવામાં આવ્યું છે તે રૂપકકથાનું નામ બદલીને અમે 'ઊંડા અંધારેથી...' રાખેલ છે તેની અમારા પ્રકાશનના વાચકો નોંધ લે. એ પુસ્તક પણ હવે તૈયાર થઈ ચૂકયું છે. આપ સત્વર મંગાવી લેશો.

લિ૦

**સુબોધચન્દ્ર લાલભાઈ**
**જશવંતલાલ સાંકળચંદ**
મંત્રીઓ

## : કૃતજ્ઞતા દર્શન

અધ્યાત્મસાર જેવા અતિગંભીર ગ્રન્થનું આલેખન કરી શકનાર હું તે કોણ ?, પરમતારક સદૈવસ્મરણીય પરમકૃપાળુ મારા પૂજ્યપાદ ગુરુ-ભગવંતશ્રીજીની અસીમ કૃપાથી જ આ ગ્રન્થના આલેખનનો પાર પામી શક્યો છું. કઠણ પદાર્થોનો અવબોધ કરવામાં જ્યારે મૂંઝવણ ઊભી થઈ છે ત્યારે એ પૂ. ગુરુમાતાની કૃપાએ જ પરોક્ષ રીતે મારા માનસમાં પ્રકાશનો લીસોટો ચમકાવી દઈને મને મૂંઝવણમુક્ત કર્યો છે. શી રીતે અદા કરી શકાય આ ઋણ ? આનો શાબ્દિક ઉપકાર સ્વીકાર તો એ અનન્ત ઉપકારને વામણો જ બનાવી દે! એથી જ હું દૂર રહીશ એ આભાર પ્રદર્શનથી ! તો જ એની અનન્તતાનું ગૌરવ જળવાઈ રહેશે.

અને......

વિદ્વદ્વર્ય, તપોમૂર્તિ પૂ.પાદ પં. શ્રીમદ્‌ભાનુવિજયજી ગણિવરના વિનેય, વિદ્વદ્વર્ય પૂ.મુનિશ્રીગુણાનન્દ-વિજયજી મહારાજનો સહકાર આ ગ્રન્થનો પાર પમાડવામાં નાનોસૂનો નથી. શાસ્ત્રપાઠો પૂરા પાડવામાં એમની બહુશ્રુતતાની બહુમુખી પ્રતિભાનો લાભ જો મને ન મળ્યો હોત તો કદાચ આ ગ્રંથ આ રીતે ન જ પ્રગટ થયો હોત. એમનું ઋણ કયા શબ્દોમાં અદા કરી શકું ? સાચે જ ત્યાં અધૂરાં પડી જતાં લાગે છે શબ્દોનાં બીબાં; પાંગળી બનતી લાગે છે ભાષાની મઠારેલી રચના.

: —ચન્દ્રશેખરવિજય

## પ્રાપ્તિસ્થાન

*

**સોમચંદ ડી. શાહ**
જીવન નિવાસ સામે
પાલીતાણા

*

**જશવંતલાલ ગિરધરલાલ**
દોશીવાડાની પોળ
અમદાવાદ

●

**સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજન ગલી
પહેલે માળે
ઝવેરી બજાર
મુંબઈ–૨.

*

**ભુરાલાલ પંડિત**
સરસ્વતી પુસ્તક ભંડાર,
હાથીખાના
રતનપોળ
અમદાવાદ

*

**મૂલ્ય · ૩–૫૦**

આ ગ્રંથના પ્રકાશનમાં શેઠ શાન્તિદાસ ખેતસી ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી રૂા. ૧૭૫૦ મળ્યા છે તે બદલ અમે સ્વર્ગત શેઠ શાન્તિદાસ તથા ટ્રસ્ટના ટ્રસ્ટીગણ પ્રત્યે અમારી નમ્ર કૃતજ્ઞતા વ્યકત કરીએ છીએ.

**સુબોધચંદ્ર લાલભાઈ**
**જશવંતલાલ સાંકળચંદ**
મંત્રીઓ.

# સંવેદન

●

કલ્યાણમુખી જ્ઞાનનો આવિર્ભાવ એટલે અધ્યાત્મનો પ્રારંભ. અને અધ્યાત્મનો પ્રારમ્ભ એટલે સાચા સુખની ઉજ્જવલી ઉષા. આ જ્ઞાનનો વિકાસ જેમ જેમ વધુ સધાતો જાય છે તેમ તેમ અધ્યાત્મ વધુ ને વધુ જાજ્વલ્યમાન બનતું જાય છે. અને વધુ ને વધુ જાજ્વલ્યમાન બનતું જતું અધ્યાત્મ આત્મામાં અપરિમેય સુખનાં અભિનવ અજવાળાં પાથરતું જાય છે અને અન્તે આત્માને સુખના પનોતા પ્રકાશની પરાકાષ્ઠાથી પરિપૂર્ણ કરી દે છે.

સંસારમાં આમ સુખ તો અનેકવિધ છે અને એ છે અનેક વ્યક્તિઓની અનેકવિધ લાગણીઓનું પરિણામ. મોહની ઘેરી અસરના કારણે ભિન્ન ભિન્ન પ્રાણી ભિન્ન પદાર્થોમાં સુખ અનુભવે છે છતાં સામાન્ય રીતે એ બધા સુખપદાર્થોનો સમાવેશ પાંચ ઈન્દ્રિયોના વિષયમાં થઈ જાય છે. પ્રશ્ન એ છે કે ઈન્દ્રિયજન્ય સુખ એ સાચા અર્થમાં સુખ છે ખરું ? એમાં સુખ લાગવું એ લાગણીનો પ્રશ્ન છે. જ્યારે એમાં સુખ હોવું, ન હોવું એ હકીકતનો પ્રશ્ન છે. લાગણી હંમેશા હકીકત નથી હોતી જ્યારે હકીકત હંમેશા હકીકત હોય છે.

આના ઉત્તર માટે આપણે 'સુખ' સ્વયં શું ચીજ છે એ સમજવાની જરૂર રહે છે.

સ્વાધીનતા એ જ સુખ.

કોઈ પણ પર વસ્તુના આધાર વિના આત્મામાં ઊઠતાં આનન્દનાં સંવેદનો એ જ સુખ.

આવું સુખ ઈન્દ્રિયજન્ય અનુકૂળતામાં મળી શકે ખરું ?

કોઈ પણ ઈન્દ્રિયજન્ય સુખ પર વસ્તુના આધાર વિના સંભવી શકે નહીં. અને પર વસ્તુનો કોઈ પણ આધાર સદાકાળ ટકે નહીં. માટે એ આધાર દૂર થતાં સુખ અદૃશ્ય થાય અને આ રીતે અદૃશ્ય થતું પરાધીન સુખ પોતાની પાછળ દુઃખની વણઝાર મૂકતું જાય છે એ ભાગ્યે જ કોઈના અનુભવથી પર હશે.

આમ ઈન્દ્રિયજન્ય સુખ પરાધીન છે અને પરાધીન સુખ એટલે દુઃખ. એટલું જ નહીં પરન્તુ દુઃખની એક દૂરગામી પરમ્પરા.

સમગ્ર વિશ્વમાં એક આત્માનાં આનન્દસંવેદનો જ એવી ચીજ છે કે જેને પર વસ્તુના આધારની જરૂર નથી અને એટલે જ એ ચિરસ્થાયી છે અને પૂર્ણ વિકસિત અવસ્થામાં એ શાશ્વત બની રહે છે.

આ આનન્દસંવેદનોનો પ્રારમ્ભ એ જ આત્માના સુખનો પ્રારમ્ભકાલ. અલબત્ત અહીં એ સુખાનુભવની માત્રા એટલી બધી અલ્પ હોય છે કે એની ગણતરી નહીંવત જ કરી શકાય. પરન્તુ આ નાસ્તિત્વ અસ્તિમૂલક હોય છે એટલે કાળક્રમે એનો વિકાસ થવાનો જ.

આનન્દસંવેદનનો આ પ્રારમ્ભ આત્માને ચરમાવર્ત કાળમાં અપુનર્બન્ધક દશાની પ્રાપ્તિ પછી જ થાય છે. ચરમાવર્ત [illegible]લે સંસારમાં અનન્ત આવર્તોની મુસાફરી કર્યા પછી સુખાનુભ[illegible] સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે વધુમાં વધુ એક જ આવર્તની મુસાફરી બાકી રહી હોય તે. અને અપુનર્બન્ધક દશા એટલે અનેકાનેક વાર ગાઢ મોહનીયકર્મની ઉત્કૃષ્ટ કાળની કેદ ભોગવી ચૂકેલો આત્મા, જ્યારે

પછી મોહકર્મની ઉત્કૃષ્ટ કેદ ભોગવવા જેટલો મોહાન્ધ ફરી કયારેય નહીં બને તે. અર્થાત્ આત્મા મોહકારાગારમાં હજુ અનેક વાર ફસાશે ખરો પરન્તુ એ કારાગાર ઉત્કૃષ્ટ એટલે સીત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ ધરાવતું તો નહીં જ હોય.

વિશુદ્ધ અધ્યાત્મની તુલનાએ અપુનર્બન્ધક દશાનું અધ્યાત્મ ઘણું જ ઝાંખું, મલિન અને અસ્પષ્ટ હોય છે. પરન્તુ આવું આવું તોય એ ખાણમાંથી નીકળેલા માટીવાળા સુવર્ણ જેવું હોય છે. મલિન ખરું પણ સુવર્ણ. મલિનતાની અન્દર રહેલા સુવર્ણનું પણ ઓછું મૂલ્ય નથી. એનું સુવર્ણત્વ એક દિવસ અવશ્ય ઝળહળી ઊઠશે. એ જ રીતે અપુનર્બન્ધક દશાનું અધ્યાત્મ વધુમાં વધુ એક આવર્ત-કાળમાં પૂર્ણ પરાકાષ્ઠાએ પ્રકાશી રહેશે. બીજા શબ્દમાં એમ પણ કહી શકાય કે અહીં જે આત્મસ્વરૂપ ખીલે છે તેમાં અધ્યાત્મ નહીંવત્ હોવા છતાં એને આધ્યાત્મના આરમ્ભ તરીકે ઓળખાવવામાં આવે છે તે આત્માની 'અધ્યાત્મ' ઝીલવાની યોગ્યતાને લક્ષમાં રાખીને જ. અર્થાત્ 'અધ્યાત્મ' ઝીલવાની યોગ્યતા એ પણ સાપેક્ષ દૃષ્ટિએ 'અધ્યાત્મ' જ છે.

ઊડીને આંખે વળગે એવો સ્પષ્ટ આત્મિક વિકાસ અહીં કશો જ નથી હોતો પરન્તુ જે હોય છે તેનું મહત્ત્વ લેશ પણ અવગણી શકાય એવું નથી. એટલું જ નહીં પરન્તુ ખરેખર તો પાયાના મહત્ત્વનો સાચો યશ તો આને જ આપવો જોઈએ કારણકે અનાદિ-કાલથી પ્રવાહ રૂપે ચાલ્યા આવતા આત્માના રૂઢ કુસંસ્કારોની ઊંડી જડ પર ઘા વાગવાનું અહીંથી જ શરૂ થાય છે.

અહીં આત્મા કાંઈ જ કરતો નથી એમ લાગે છે પણ ખરેખર તો એ ભગીરથ પુરુષાર્થ કરે છે અને એથી જ સંસારદર્શનના જુગ જૂના દૃષ્ટિબિન્દુનો ત્યાગ કરીને નવા ક્રાન્તિકારી દૃષ્ટિબિન્દુને અપનાવે છે.

આત્માની આ અભૂતપૂર્વ અને અદ્વિતીય ક્રાન્તિ એને એક જુદી જ દિશામાં દોરી જાય છે. અહીં આત્માની વિચારસરણીમાં મૂળભૂત પલટો આવે છે.

સંસાર પ્રત્યેના ગાઢ રાગનાં દૃઢ બન્ધનો અહીં પીઢાકારી થઈ પડે છે. વિષયભોગ અને અન્ય ઉપભોગ બહુ સારા નથી લાગતા. આમ ભોગોપભોગ પ્રત્યેનો આદર ઘટવાથી પાપાચરણની તીવ્ર વૃત્તિ પણ મન્દ પડી જાય છે. અને પરિણામે આત્મા સાર્વત્રિક ઔચિત્ય-ભાવનાં મધુર અજવાળાંથી ઉજ્જવલ–સમુજ્જવલ બની રહે છે. આમ અહીં આત્મા સંસારના ભોગોપભોગને બહુ આદરની દૃષ્ટિથી જોવાનું બન્ધ કરીને પાયાગત આત્મમુખી દૃષ્ટિથી નિહાળવાનું શરૂ કરી દે છે.

આ ક્રાન્તિકારી પરિવર્તન જ આત્માને સમુત્ક્રાન્તિના સોપાનો પર અગ્રસર બનાવે છે. આમાં વાત તો એટલી જ છે કે આત્માએ વિચારની દિશા બદલી. પરન્તુ આપણે ધારીએ એટલી એ સરલ વસ્તુ નથી. એટલું જ નહીં પણ કઠિનાતિકઠિન વસ્તુ જ આ છે. આગળ વર્ણવવામાં આવશે એ સમ્યક્ત્વ, વિરતિ અને જીવન્મુક્તિની ભૂમિકાઓ કરતાં પણ આ વિચાર પરિવર્તનની ક્રાન્તિકારી ભૂમિકા પર કદમ માંડવા એ કઠિનતર છે.

સાદા વિચાર માત્રથી સમજાઈ જાય એવી આ હકીકત છે. અપુનર્બન્ધક દશા તો આત્માને અનન્ત આવર્તોના પરિભ્રમણનું કપરું મૂલ્ય ચૂકવ્યા પછી જ મળે છે. જ્યારે આગળની તમામ ભૂમિકાઓને આત્મા અપુનર્બન્ધક બન્યા પછી માત્ર એક આવર્તના અપેક્ષાકૃત ટૂંકા ગાળામાં સ્પર્શીને પોતાના અનુત્તર સાધ્યને સિદ્ધ કરી અક્ષય આનન્દનો શાશ્વત અધિકારી બને છે.

હૃદયંગમ સૌન્દર્યથી ઓપતી ભવ્ય ઇમારતની સ્થિરતાનો આધાર

ઈંટ–ચૂનાથી નિર્માયેલા સૌન્દર્યનિરપેક્ષ પાયાની દૃઢતા પર અવલમ્બે છે; એ જ રીતે આત્માના નિઃશેષ અધ્યાત્મની ભવ્ય મહેલાતોનું આધારભૂત અવલમ્બન અપુનર્બન્ધક દશા છે. ભલે ત્યાં અધ્યાત્મનું સૌન્દર્ય પ્રગટ દશામાં ન ખીલ્યું હોય. પરન્તુ ભાવિ સૌન્દર્યની ખિલવટ આત્માની આ વિચારક્રાન્તિમાં જ સમાયેલી છે.

આ ક્રાન્તિકારી વિચારસરણી અનાદિકાલીન ગાઢતમ રાગમાં વિરાટ ખંડ સર્જે છે અને આત્મા અધ્યાત્મ તરફ અભિયાન આરંભે છે. અહીં આત્માના રાગભાવમાં વિરાટ ખંડ સર્જાય છે એ સાચું પરન્તુ વ્યવહારમાં દેખીતી રીતે ખાસ ફરક પડતો નથી. ભોગોપભોગમાં રાગવૃત્તિ કાયમ રહે છે; એની પ્રવૃત્તિ પણ કાયમ રહે છે. ફરક પડે છે માત્ર એની તીવ્ર પરિણતિમાં, અને એ જ એક મહત્ત્વની ક્રાન્તિ છે.

ચરમાવર્તગત આ ક્રાન્તિ વિદ્યુત્ રેખા સમી હોય છે. તે સિવાય તો પાછો અજ્ઞાનનો ગાઢ અન્ધકાર છવાયેલો રહે છે. વિદ્યુતના ક્ષણસ્થાયી ઝબકારામાં અહીં આત્માને સૌ પ્રથમ મુક્તિનું લક્ષ્યદર્શન થાય છે. પરન્તુ અજ્ઞાનના અન્ધકારમાં હજુ એને લક્ષ્યવેધ કરવાનું શુદ્ધ સાધન સાંપડયું નથી. લક્ષ્યદર્શન થયા પછી પણ સાધન શુદ્ધિ ન સધાય તો એ દશાને તાત્ત્વિકતાની એક બાજૂ અનધ્યાત્મ તરીકે જ ઓળખાવે છે; જ્યારે બીજી બાજૂ અધ્યાત્માભિમુખ અનધ્યાત્મ તરીકે ઓળખાવે છે, તાત્ત્વિક ઝીણવટને બાજૂ પર રાખીને સંક્ષેપમાં આપણે એટલું સમજીએ કે આત્માને મોક્ષ, ધર્મ આદિ વસ્તુ જાણવા સમજવાની ક્રાન્તિકારી તક સૌ પ્રથમ આ ભૂમિકા ઉપર જ પ્રાપ્ત થાય છે. ત્યાર પછી આત્માને લક્ષ્યદર્શન ઉપરાન્ત સાધનની શુદ્ધિ પણ પ્રાપ્ત થાય છે. આમ છતાં મોહનું પ્રાબલ્ય હોવાથી આત્મા આવસ્યક વિશિષ્ટ જ્ઞાનથી વંચિત હોય છે. અહીં પણ આત્મા અધ્યાત્માભિમુખ અનધ્યાત્મમાં હોય છે. અલબત્ત આગળ કરતાં અહીં એની દશા વધુ શુદ્ધ હોય છે.

ચરમાવર્તમાં મુમુક્ષાનો પ્રાદુર્ભાવ થાય છે. આ મુમુક્ષા અને મુમુક્ષાનો લક્ષ્યવેધ સાધવા માટેની તમામ ;ક્રિયા એક રીતે અધ્યાત્મ છે. બીજી રીતે એનાં અવરોધક પાસાંઓ પણ છે તે આગળ યથા સમય જોઈશું.

આમ ક્રાન્તિનું આ મહાન અભિયાન ચરમાવર્તમાં અનન્તકાલ સુધી પ્રાયઃ ચાલ્યા જ કરે છે. અને આત્મા ધીમે ધીમે વધુ ને વધુ ઉજ્જવલ અને પુરુષાર્થી બનતો જાય છે. આત્મામાં પ્રગટેલી અધ્યાત્મની પ્રકાશરેખા અધિકાધિક તેજસ્વી બનતી જાય છે.

અનન્તકાળનો તેજસંચય કર્યા પછી આત્મા મોહ ઉપર એક નિશ્ચિત પ્રકારનો કાબૂ મેળવે છે જેમાં એ મોહકર્મથી ઊપજતી અનન્તકાળ સુધીની દૂરગામી અસરોને કોઈને કોઈ પ્રકારે રોકે છે યા નાબૂદ કરે છે. અને આમ આત્મામાં એક મહત્વનો ગુણ પ્રકાશનો પુંજ વેરી રહે છે. આ ગુણ છે સમ્યગ્દર્શન અથવા સમ્યક્ત્વ. આ સમ્યક્ત્વ ચરમાવર્તમાં ફરી એક વિરાટ ખંડ સર્જે છે. સમ્યક્ત્વની ભૂમિકા પ્રાપ્ત થયા પછી વધુમાં વધુ અર્ધઆવર્તના કાળમાં આત્મા ચરમ લક્ષ્યવેધ કરવાની એક સિદ્ધિ અહીં હાંસલ કરી લે છે.

અહીં આત્માની આત્મસમ્પત્તિમાં સારી સરખી વૃદ્ધિ થઇ ચૂકી હોય છે. લક્ષ્યદર્શન તો એણે કરી લીધું જ હોય છે. શુદ્ધ સાધનોનું સંયોજન પણ સુલભ બની ગયું હોય છે અને બાકી રહેલો જ્ઞાનયોગ પણ અહીં ઝળહળી ઊઠે છે. આમ આત્માની ગાડી અધ્યાત્મના સીધા અને સરલ માર્ગે આવી પહોંચે છે.

અપુનર્બન્ધક દશામાં આપણે અત્યાર સુધી અધ્યાત્મને અનધ્યાત્માભિમુખ તરીકે ઓળખાવ્યો પરન્તુ આ સમ્યક્ત્વ દશામાં તો આત્માની ઉપવનમાં સુમધુર સૌરભથી મહેકતી વાસ્તવિક અધ્યાત્મની લાખ લાખ પુષ્પકલીઓ પ્રસન્નમંગલ સ્મિત વેરવાનું શરૂ કરી દે છે.

વિષયભોગ આદિ પ્રવૃત્તિ પ્રત્યે બહુ આદર ન ધરાવવા છતાં અપુનર્બન્ધક આત્માની રસવૃત્તિ અને પ્રવૃત્તિ તો જારી જ રહે છે. જ્યારે સમકિતી આત્માની વૈષયિક રસવૃત્તિની તમામ મસ્તી ઓગળી ગયેલા હિમાલયના અવશિષ્ટ હિમસમૂહશી બની રહે છે. વૈષયિક રસાનુભવ આત્માને અહીં થઈ જાય છે ખરો પરન્તુ આત્મા સ્વેચ્છાએ એમાં મસ્તી માણતો નથી. અહીં એને ભોગોની અસારતાનું અતિ-સ્પષ્ટ ભાન થઇ ચૂકયુ હોય છે. ભોગાદિ મેળવવાની અને ભોગવવાની પ્રવૃત્તિ ચાલુ હોવા છતાં આત્માની મુખ્ય રસવૃત્તિનું કેન્દ્ર અધ્યાત્મ બની ચૂકયું હોય છે. અને અહીં એ 'અધ્યાત્મ'ની ખિલવટ વૈરા-ગ્યની કક્ષા સુધી પહોંચે છે. સમ્યક્ત્વની આમ તો અનેક ભૂમિકાઓ હોય છે. ભૂમિકાભેદે અનેકવિધ તારતમ્ય હોય છે. પરન્તુ સમ્યક્ત્વની ઉચ્ચ ભૂમિકાનું દર્શન સ્પર્શન તો કાંઈ અનેરું જ હોય છે. એને સમજીએ.

અનાદિકાલીન ચંચલતામાંથી અપુનર્બન્ધક દશામાં પ્રગટાવેલી સ્થિરતા વિકસતા વિકસતા અહીં આત્માને એવી પંચવટી પર લાવી મૂકે છે કે જ્યાં આત્મા શમના સુધાપાનમાં એટલો બધો રસલીન બની જાય છે કે બીજે બધેથી એની રસવૃત્તિ અહીં ખેંચાઈ આવે છે. સંવેગના રસસાગરમાં એવું અદ્દભુત સ્નાન માણતો હોય છે કે વૈષયિક ભોગોપભોગની ઉપસ્થિતિ અને પ્રવૃત્તિમાં પણ આસક્તિનાં કોઈ રજકણ એને લાગી શકતાં નથી. સંવેગરસનું સતત સ્નાન ચાલુ છે. તે શમના સુધાપાનથી અને સંવેગરસના સ્નાનથી આત્મામાં એક અદ્દભુત બલ પ્રગટે છે; સ્ફૂર્તિ અને તરવરાટ જાગે છે. ફલસ્વરૂપે આત્મા સંસારના તમામ બન્ધનો છેદી નાંખીને મુક્ત થવાની તડપ અનુભવે છે. ભોગપિંજરમાં પડેલું આ આત્મપંખી પિંજરના સળિયા સાથે એકધારો સંઘર્ષ આરંભે છે અને પાંખોનો ફફડાટ કરી મૂકે છે. આ સંઘર્ષમાં આત્માને સહાયરૂપ થાય છે દયાનો દીપ અને શ્રદ્ધાની જ્યોત.

આમ સમકિતી આત્મા ભોગોની અયોધ્યામાંથી વિદાય લઈને અધ્યાત્મની આ પંચવટીમાં આવીને વિશ્રામ કરે છે. કેવું ભવ્ય અભિયાન! કેવો ભવ્ય વિશ્રામ! આ અવસ્થામાં બધું ભવ્ય જ હોય છે.

અધ્યાત્મની પંચવટીના રમ્ય ઉદ્યાનમાં આત્મા અધ્યાત્મનો મહાયજ્ઞ આરમ્ભે છે. આમાં આત્મા વિષયો અને કષાયોનો બલિ સતત ચઢાવે જ જાય છે અને નિર્મલતા પ્રાપ્ત કરતો જાય છે. આમ આત્મા સાંસારિક પળોજણ ભૂલતો જાય છે; ભોગોપભોગની રસવૃત્તિનો વધુ ને વધુ અભાવ સાધતો જાય છે. અને નિરન્તર સદનુષ્ઠાનમાં રત રહે છે.

અપુનર્બન્ધક દશાથી આરંભેલા અભિયાન પછીના અને સમ્યક્ત્વ દશા પ્રાપ્ત કરતાં પહેલાના અનુષ્ઠાનોમાં અને આ અનુષ્ઠાનોમાં ઘણું અન્તર પડી જાય છે. પિશાચો જેમ હવનમાં હાડકું નાંખી જાય તેમ પહેલાના અનુષ્ઠાનોમાં ભોગપિશાચો આલોક અને પરલોકના ભોગસુખોની ઇચ્છારૂપ હાડકાં નાંખી અનુષ્ઠાનના યજ્ઞને ભ્રષ્ટ કરી જતાં. પરિણામે આત્મા પાછો દીર્ઘકાળ સુધી અનધ્યાત્મમાં પટકાઈ પડતો. જ્યારે સમ્યક્ત્વદશાના અનુષ્ઠાનમાં તો અધ્યાત્મયોગ એટલો પ્રબલ થઈ ચૂકયો હોય છે કે ત્યાં ભોગપિશાચનો પડછાયો પણ પડી શકે એમ નથી.

પંચવટીના પગથારે આત્મા પ્રેમમન્ત્રના જાપ કરે છે. કરુણાનો ધોધ વહેવડાવે છે. આનન્દની છોળો ઉછાળે છે. અને માધ્યસ્થ્યનું મધુરતાન છેડે છે. અને આમ અસાર સંસારમાં સારદર્શન કરે છે.

એની જાતનું ખૂન કરવા આવનારમાં પણ એને શત્રુતા નથી જડતી. ભયંકર પાપીઓને પણ એ કારુણ્યવારિના મંગલજલથી પખાળે છે. ઉચ્ચ આત્માઓના ચરણમાં એ નિર્દમ્ભ આનન્દનો અર્ઘ્ય ધરે છે. અધ્યાત્મના માર્ગે પ્રગતિ સાધતા સાધતા એને એટલું વિશ્વનું કલ્યાણ સાધે છે; ન સધાય ત્યાં મૌન–માધ્યસ્થ્ય ધરે છે.

એને કોઇની પીડા કે પંચાત નથી. કોઈની તથા કે કથા નથી. સંસારના છીછરા આત્માઓ જે વિષયસુખમાં આનન્દ માણે છે એમાં એ ભારોભાર દુ:ખનાં દર્શન કરે છે. કારણ કે જેની તોલે કોઈ ન આવી શકે એવા અધ્યાત્મ સુખનાં સોમપાનની મસ્તીમાં એ ચૂર રહે છે.

અધ્યાત્મનું સુખ જ એવું છે કે જે અનુભવે એને નિજાનન્દની મસ્તી ચઢે. નિજાનન્દની જેટલી મસ્તી વધુ ચઢે એટલી વધુ સ્થિરતા અધ્યાત્મ માર્ગમાં થાય અને જેટલી સ્થિરતા વધુ થાય એટલી મસ્તીની છોળો વધુ ઊછળે અને આમ પછી પરમ્પરા ચાલ્યા જ કરે અને આખરે આ ભવ્ય અભિયાન પોતાની આખરી મંઝિલ તય કરી લે.

ગુણવત્તા અને પ્રમાણ બન્ને દૃષ્ટિએ અધ્યાત્મના સુખને જગતનું કોઈ પણ ભૌતિક સુખ આંબી શકે નહીં. ખરેખર તો આ બન્ને સુખની કોઈ તુલના જ થઈ શકે એમ નથી; કરી શકાય નહીં, કરાય જ નહીં. છતાં વિશ્વને સમજાવવા માટે કરવી પડે છે. ચણોઠીની સામે સુવર્ણ તોલવું પડે છે તેમ જ તો. પરન્તુ એક ચણોઠી અને ચણોઠીભર સોનાની કોઈ રીતે બરાબરી થઈ શકે એવી છે ખરી? સોનું ચણોઠીભર ખરું પરન્તુ એમાંથી કેટલી ચણોઠીઓ ખરીદી શકાય? કોઈ સુમાર છે ખરો એનો? અને સુવર્ણની ગુણવત્તાનો એક કોટયંશ પણ ચણોઠીમાં છે? એવું જ છે અધ્યાત્મસુખનું અને વૈષયિક સુખનું.

અધ્યાત્મ સુખના એક બિન્દુનું પણ મૂલ્ય સમજવું સામાન્ય બુદ્ધિથી બહારની વસ્તુ છે. ત્રણ લોકનું સમગ્ર વૈષયિક સુખ સમકાળે એકત્ર કરીએ અને અનન્ત વડે એનો કલ્પિત ગુણાકાર કરીને અધ્યાત્મસુખના એક બિન્દુ સામે ગોઠવીએ તો પણ પલ્લું તો અધ્યાત્મ સુખનું જ નમવાનું. બેસે છે બુદ્ધિમાં વાત? આ વસ્તુ જ બુદ્ધિની નથી. આ તો છે અનુભવની વસ્તુ. આને તો એક અનુભવી જ

સમજી શકે. યા જેના હૃદયમાં કમમાં કમ શ્રદ્ધાદીપનો મંગલપ્રકાશ-ઝગમગ ઝગમગ અજવાળાં પાથરતો હોય એ માની શકે–સમજી તો એ ય ન શકે. એટલે જેની બુદ્ધિમાં આ વાત ન બેસે એ હજુ શ્રદ્ધાની-ભૂમિકાથી પણ ઘણો દુર છે પછી અનુભવગમ્યતાની તો વાત જ શી ?

અધ્યાત્મના સુખનું એક બિન્દુ પણ જેણે આસ્વાદ્યું એને તો વસન્તની મસ્તી અને શરદની શોભામાં ઉન્માદનાં જ દર્શન થાય છે. ઉન્માદ એટલે જ વિકૃતિ. વિકૃતિ એટલે જ દુઃખ. આ છે અધ્યાત્મીઓનું સંસારદર્શન. એને હવે પ્રિયાના આલિંગનમાં અને અધરના અમૃતપાનમાં શો આનન્દ આવે ? આનન્દ ? બહુ આગળ વધી ગયા. પ્રશ્ન તો એ છે કે કેટલું ફિક્કું લાગે ? ઉત્તર છે, સાવ ફિક્કું; એકદમ નીરસ. એટલું જ નહીં પણ ખરેખર કષ્ટદાયી લાગે. અધ્યાત્મીને મન સંસારની સર્વોત્કૃષ્ટ સુખલીલા તો કાદવમાં ખરડાવાથી અને ઉકરડામાં આળોટવાથી વિશેષ કાંઈ જ નથી.

અધ્યાત્મના એક બિન્દુમાં જો આટલું સુખ ભર્યું હોય તો અધ્યાત્મના રસસાગરનું સુખપ્રમાણ વર્ણવવું એ તો લેખિનીની શક્તિ બહારની વસ્તુ છે.

જેમ પ્રમાણમાં અધ્યાત્મ સુખ ઘણું જ મોટું છે તેમ ગુણ-વત્તામાં પણ એ ખૂબ જ ચઢિયાતું છે. સૌથી પ્રથમ અને અનુત્તર મહત્ત્વ ધરાવતી એની ગુણવત્તા એ છે કે એ સ્વાધીન અને સ્વયંભૂ છે એટલું જ નહીં પરન્તુ તેના અંશનો આસ્વાદ બીજા વિશાલ અને વિરાટ અધ્યાત્મનું સર્જન કરે છે. છે આ ખૂબી કોઈ ભૌતિક સુખમાં ? રસમય ભોજન કરવાથી ભોજન વધે છે ? ભોગ સામગ્રીના ઉપભોગથી એ વધે છે ? અને પરની અપેક્ષા વિના ક્યાંય સુખ મળે છે ? અહીં તો અધ્યાત્મના સ્વયંભૂ અને સ્વાધીન આનન્દના ઉપભોગથી એની વૃદ્ધિ થાય છે. ઉપરાન્ત વૈષયિકસુખ જેવી કોઇ

આ જ રીતે કિશોર આત્મા પંચવટીના પાવન ઉપવનમાં ફરતો ફરતો યૌવનના આરે કદમ માંડે છે. આમ તો કેટકેટલાંય બન્ધનો તોડીને એણે પંચવટીમાં વિશ્રામ કર્યો હતો પરન્તુ ત્યાં પણ ઘણાં ઘણાં બન્ધનો હતાં. એ બન્ધનો તોડવાની ઇચ્છા હોવા છતાં એનામાં હજુ હિમ્મત નહોતી પ્રગટી. એને તે એક દિવસ પ્રગટી ગઈ આત્માની દૃષ્ટિસમક્ષ એક રૂપસુન્દરી આવી. એનું રૂપ! એ રૂપ જોઈને તો આત્મા ઠરી જ ગયો. આત્માની ચોપાસ કોઈ અમેય આનન્દની લહેર દોડી ગઈ. આત્માનું યૌવન થનગની ઊઠયું. ના થનગને? પંચવટીના પાવન ઉપવનનાં શાન્ત સરોવરમાં ઊંડી ડૂબકીઓ મારતાં મારતાં લાધેલું આ રૂપરત્ન હતું. આ જ છે રહસ્ય અશાન્તિ વધવાનું, અનુભવાતી જતી શાન્તિ વચ્ચે.

આ રૂપસુન્દરીનું અમૃતદર્શન આત્મા માટે હૃદયવેધી નીવડયું. અહીં આત્મા આવ્યો છે યૌવનના આરે, તે પણ પંચવટીની પરમેશ્વરી ભૂમિમાં. ત્યાં એને આકર્ષણ ન જાગે એક રૂપસુન્દરીના? શાન્ત સરોવરની પાવની પાળે સાંપડેલા રૂપમણિના?

એ હતી વિરતિ.

નખશિખ અવિકલ સૌન્દર્યની સુરેખ મૂર્તિ!

અદમ્ય આકર્ષણની અભિનવ ચન્દ્રકલા!

આવી રૂપગરિમા પર કોણ મુગ્ધ ન થાય? કોને આકર્ષણ ન જાગે આવી રસમૂર્તિના? યૌવનને આંગણે ઊભેલા સૌને જાગે. ન જાગે તો સમજવું કે હજુ એ આત્મા અધ્યાત્મ યૌવનથી ઘણો દૂર છે.

એ રૂપમૂર્તિ પ્રેમની પ્રતિમા અને રસની સરિતા હતી વિરતિ. એની પારદર્શી આંખોમાં અપાર ધોધ વહેતા હતા પ્રેમના, ધ્યાનના. વાણીમાં નરી પથ્યમાધુરી નીતરતી હતી સત્યની. એના કરયુગલની મનોરમ શોભામાં સૌન્દર્ય ઝળકતું હતું અચૌર્યનું. એકેએક અંગમાંથી

આ જ રીતે કિશોર આત્મા પંચવટીના પાવન ઉપવનમાં ફરતો ફરતો યૌવનના આરે કદમ માંડે છે. આમ તો કેટકેટલાંય બન્ધનો તોડીને એણે પંચવટીમાં વિશ્રામ કર્યો હતો પરન્તુ ત્યાં પણ ઘણાં ઘણાં બન્ધનો હતાં. એ બન્ધનો તોડવાની ઇચ્છા હોવા છતાં એનામાં હજુ હિમ્મત નહોતી પ્રગટી. એને તે એક દિવસ પ્રગટી ગઈ આત્માની દૃષ્ટિસમક્ષ એક રૂપસુન્દરી આવી. એનું રૂપ! એ રૂપ જોઈને તો આત્મા ઠરી જ ગયો. આત્માની ચોપાસ કોઈ અમેય આનન્દની લહેર દોડી ગઈ. આત્માનું યૌવન થનગની ઊઠ્યું. ના થનગને? પંચવટીના પાવન ઉપવનનાં શાન્ત સરોવરમાં ઊંડી ડૂબકીઓ મારતાં મારતાં લાધેલું આ રૂપરત્ન હતું. આ જ છે રહસ્ય અશાન્તિ વધવાનું, અનુભવાતી જતી શાન્તિ વચ્ચે.

આ રૂપસુન્દરીનું અમૃતદર્શન આત્મા માટે હૃદયવેધી નીવડ્યું. અહીં આત્મા આવ્યો છે યૌવનના આરે, તે પણ પંચવટીની પરમેશ્વરી ભૂમિમાં. ત્યાં એને આકર્ષણ ન જાગે એક રૂપસુન્દરીના? શાન્ત સરોવરની પાવની પાળે સાંપડેલા રૂપમણિના?

એ હતી વિરતિ.

નખશિખ અવિકલ સૌન્દર્યની સુરેખ મૂર્તિ!

અદમ્ય આકર્ષણની અભિનવ ચન્દ્રકલા!

આવી રૂપગરિમા પર કોણ મુગ્ધ ન થાય? કોને આકર્ષણ ન જાગે આવી રસમૂર્તિના? યૌવનને આંગણે ઊભેલા સૌને જાગે. ન જાગે તો સમજવું કે હજુ એ આત્મા અધ્યાત્મ યૌવનથી ઘણો દૂર છે.

એ રૂપમૂર્તિ પ્રેમની પ્રતિમા અને રસની સરિતા હતી વિરતિ. એની પારદર્શી આંખોમાં અપાર ધોધ વહેતા હતા પ્રેમના, ધ્યાનના. વાણીમાં નરી પથ્યમાધુરી નીતરતી હતી સત્યની. એના કરયુગલની મનોરમ શોભામાં સૌન્દર્ય ઝળકતું હતું અચૌર્યનું. એકેએક અંગમાંથી

ઝરતું હતું સૌન્દર્યઝરણુ બ્રહ્મની પવિત્રતાનું. અકિંચનતાના અનેરા ઓપથી એના નિષ્કલંક સૌન્દર્ય પર ચાર ચાંદ લાગતા હતા.

આવું હતું વિરતિનું સૌન્દર્ય.

આત્મા મુગ્ધ થઈ ગયો. એનામાં અદમ્ય ઉત્સાહ પ્રગટયો વિરતિને પોતાની કરવાનો. પણુ વિરતિ એમ કાંઈ સહજમાં મળે એવી હતી. એ તો હતી પાકી રૂપગર્વિતા. એનું તો એલાન હતું કે સમગ્ર સંસાર ત્યજે એ એને મેળવે.

આત્માનો યૌવનનો તનમનાટ વધી રહ્યો હતો. વિરતિ સાથે પ્રેમયોગ સાધ્યા વિના ચાલે એવું નહોતું. પળે પળે આત્માની પ્રેમ-વિહ્વલતાની તાન તારસપ્તક ભણી ઊછળતી હતી.

આત્માએ ભગીરથ પુરુષાર્થ આદર્યો.

ભગીરથ પુરુષાર્થ વિના સાંપડયા છે કોઈને અનુપમ સુન્દરીના સ્નેહ! કાયરના શા કામ અહીં? આ તો પ્રેમનો પન્થ છે. કામ છે અહીં પુરુષાર્થી મર્દનું!

આત્મા મર્દ બન્યો.

સમગ્ર સંસારને એણે વહતો મૂકયો એક વિરતિના પ્રેમ ખાતર. વિરતિનો પ્રેમ સફળ કરવા માટે એણે ભેખ ધર્યો. ઘરબાર તજ્યાં. માલ–મિલકત તજી. સમ્બન્ધીઓનો ત્યાગ કર્યો. એટલું જ નહીં પણુ આ નવતર પ્રેમની પાવની સાધના ખાતર જૂના પ્રેમનો સમૂલ ઉચ્છેદ કર્યો. બધું વાળી–ચોળીને સાફ કરી નાંખ્યું.

આત્મા અને વિરતિએ આમ પ્રેમયોગ સાધ્યો.

આત્મા અને વિરતિ એક બન્યાં.

બન્ને એકાકાર બન્યાં.

એકરસ બન્યાં.

ગુરુકુલની ચોપાસ રમ્ય ગુફામાં બન્ને માણે છે મોજ નિજાનન્દના મધુરસની ત્યાં એમને ભુલાઈ ગયું છે બધું–બધું જ. સ્મરણમાં છે એક માત્ર આત્મરમણ. રસિયાઓ રસમસ્તીએ ચઢે પછી બીજું યાદ પણ શું રહે? સંસારની કોઈ તથા, કથા કે વ્યથાને ત્યાં સ્થાન જ નથી. આત્માનો અને વિરતિનો રસમેળ સધાય ત્યાં બીજી વસ્તુને સ્થાન જ શેનું હોય? બીજી કોઇ પણ વસ્તુને સ્થાન મળે તો વિરતિને રિસાતાં વાર પણ ન લાગે. આ તો આત્માના સ્વરૂપ રમણની જ સાથી. એમાં આત્માને એ જે રસમસ્તીનો અનુભવ કરાવે એવો અનુભવ કરાવવાની બીજાની શક્તિ પણ નહીં.

અહીં જામી છે અદ્‌ભુત અને અપૂર્વ રસમસ્તી.

સંસારની રસમસ્તીમાં આત્મા ઉત્તરોત્તર મલિન થાય ત્યારે આત્મા અને વિરતિની રસમસ્તી તો આધ્યાત્મિક રસમસ્તી કહેવાય. એમાં તો આત્મા ઉત્તરોત્તર નિર્મલદશા સાધે. હવે આત્મા બનતો જાય છે નિર્મલ નિર્મલતર.

સંસારની રસમસ્તીમાં હોય છે ભોગની મસ્તી.

અધ્યાત્મની રસમસ્તીમાં હોય છે ત્યાગની મસ્તી.

ભોગમસ્તીમાં ઊછળે છે કાદવની છોળો.

અધ્યાત્મની મસ્તીમાં ઊડે છે અમૃતના ફુવારા.

એક મલિન. બીજું નિર્મલ.

નિર્મલ દશાની સાધનામાં મસ્ત આત્માનું સ્વરૂપરમણ ગાઢ–ગાઢતર બનતું જાય છે. મોહના ઉકરડા ઉલેચાતા જાય છે; શોષાતો જાય છે રાગનો સાગર અને રોષનો દરિયો. ઉભરાતો જાય છે અધ્યાત્મરસનો અમૃતકુંડ.

અહીં આત્માની સ્વરૂપશુદ્ધિ અને નિજાનન્દની મસ્તી સિદ્ધિના એક ઉચ્ચ શિખર પર રમમાણ હોય છે. અહીંથી બેસીને આત્મા

સંસારનું એક અનોખું દર્શન કરે છે. એ સંસારદર્શન કરે છે અને એનો અધ્યાત્મ થનગની ઊઠે છે એ સંસારના કીડાઓને આટલે ઊંચે લઈ આવવા માટે.

આ આત્માને ભોગની રસક્રીડામાં મસ્ત પ્રાણીઓ કાદવમાં પોતાનો દેહ ખરડતી ભાન ભૂલેલી ભેંસો જેવા લાગે છે. ભોગની પાછળ દોટ મૂકનારા એને નર્યા ઉન્માદમાં ડૂબેલા પામર ભાસે છે. ભૌતિક વિલાસની રસલીલામાં એને દર્શન થાય છે માત્ર ચામ-માંસનાં ચૂંથણાંના. આમાં રાચનારાની આ આત્માને આવે છે અપાર કરુણા. વિરતિનો પ્રેમયોગ સાધ્યો છે તેથી જ તો! વિરતિના પ્રેમના રસમસ્ત જામ પીધાં છે માટે જ તો! આ જ તો એની સિદ્ધિ છે.

વિરતિનાં અધર-અમૃત આસ્વાદે એને થાય સંસારનાં વાસ્તવિક દર્શન.

રાગ લાગે એને ભડકે બળતી આગ. સમગ્ર સંસારને ભરખી જવા માટે જ્વાલારૂપી જિહ્‌વાને લપલપાવતી બેઠી હોય તેવી! દ્વેષ લાગે એને કાળાપાણીનો દરિયો. નિઃશેષ પ્રાણીને એની ગોદમાં ડુબાડી દેવા ભયંકર મોજે ઉછળતો હોય એવો! રાગ અને દ્વેષની ભયંકર નાગચૂડમાં ભીંસાયેલા સંસારમાં કયા અધ્યાત્મીને શાન્તિદર્શન થાય? આવા સંસારની વિશાલમાં વિશાલ સુખ સામગ્રીમાં કોણ જ્ઞાની અધ્યાત્મી આકર્ષાય?

રેતીનાં ઘરો રમીને બાળક આનન્દ અનુભવે છે. એ તૂટી પડે ત્યારે બાળક આંસુ સારે છે. ત્યારે મોટેરાંઓ બાળકના આ અજ્ઞાનને ઉપહાસાસ્પદ માને છે. એ જ રીત છે સંસારની રસલીલાની અને જ્ઞાની-અધ્યાત્મીની જ્ઞાનલીલાની-આત્મલીલાની. છ ખંડનું રાજ ગુમાવીને રોતો બેઠેલો સમ્રાટ, જ્ઞાનીને-અધ્યાત્મીને પેલા બાળક જેવો લાગે છે. છ ખંડનું રાજ પણ આખરે છે રેતીનાં ઘરો જેવું જ ને! આ છે વેધકદૃષ્ટિ અધ્યાત્મીઓની.

સંસારના પામર માનવીને જે વસ્તુ અત્યન્ત મહત્ત્વપૂર્ણ લાગે છે તે વસ્તુ જ્ઞાનીઓની દૃષ્ટિમાં વસ્તુતઃ બહુ મહત્ત્વની નથી હોતી રે! સાવ તુચ્છ હોય છે. આવી તુચ્છતાનો ભાસ જ્યારે સંસારી જીવને થવો શરૂ થાય છે ત્યારે એનામાં અધ્યાત્મનો આરંભ થાય છે. અને ક્રમે ક્રમે ઉપર વર્ણવી ગયા એ અવસ્થાની પ્રાપ્તિ થાય છે.

અધ્યાત્મ આગળ વધે છે. વિરતિના સંગથી આત્માના મધુર શીતલ ઉપવનમાં નિઃસંગતાનાં સોહામણાં પારિજાતકોનાં પુષ્પગુચ્છો ધમરાટ પસરાવી રહ્યાં છે. આમ અધ્યાત્મીનો નિઃસંગભાવ અતુલ બળ પકડતો જાય છે. સંસારના સંગ અને વિશ્વના રંગ એને આત્મરસની અભંગ મસ્તીમાં જંગ મચાવતા યુદ્ધખોરો જેવા લાગે છે. એટલે એનાથી એ સદા દૂર જ રહે છે એટલું જ નહીં પરન્તુ આત્મા પોતાની નિઃસંગતાને હવે વ્યાપક રૂપ આપવા માગે છે. આ વાત સમજવી જ ઘણી કઠણ છે તો પછી એના આચરણની કઠિનતાની તો કલ્પના જ કરવી રહી.

નિઃસંગભાવની વ્યાપકતાનું સર્જન કરતાં કરતાં આત્મા એ વિચારનો સંગ પણ ત્યજી દે છે કે હું નિઃસંગ બન્યો છું. હું નિઃસંગ બન્યો છું અથવા હું નિઃસંગ છું એ વિચારોનું સ્પન્દન પણ આત્મામાં વિકલ્પોનું મોજું ઉછાળે છે અને આત્માના અધ્યાત્મમાં ચંચલતાની લહરો ફેલાવે છે. અધ્યાત્મની પરાકાષ્ઠાએ તો આ પણ ન ખપે. જગતનો સંગ છોડી ચૂકેલો આત્મા અહીં વિકલ્પોનો સંગ પણ ત્યજી દે છે અને અનુત્તર નિશ્ચલતા સિદ્ધ કરે છે. આ છે આત્માની એક બીજી મહાન સિદ્ધિ.

નિશ્ચલ આત્માને સારાં કે નરસાં કોઈ વિચારો કરવાના રહેતાં નથી. અહીં તો એક વસ્તુ રહે છે અને તે એ છે કે સતત આત્મ-રમણ. વિશુદ્ધ આત્મરમણ જ એક એવી ચીજ છે કે જ્યાં આત્મા સ્વભાવરમણની પ્રક્રિયામાં સતત લીન રહેવા છતાં સ્થિર, અચલ અને

અપ્રવૃત્ત છે. વૃત્તિ અને પ્રવૃત્તિ વિનાની આ અદ્દ્ભુત પ્રક્રિયાને જગતનું કોઈ વિજ્ઞાન આંબી શકે એમ છે ખરું ? રે ! સમજાવી શકે એમ પણ છે? અરે જવા દો ને, સમજી શકવાની પણ યોગ્યતા છે ખરી? આ અદ્દ્ભુત પ્રક્રિયા તો આત્મરસનો ભોગી જ માણી શકે એમ છે. અધ્યાત્મની આ પ્રક્રિયા ભલે ને ગમે એટલી સૂક્ષ્મ કે લઘુ જણાતી હોય તો પણ જગતનો કોઈ પણ વિરાટ આ પ્રચ્છન્ન વિરાટ વામનની તુલનામાં આવી શકે એમ નથી.

હાલતા ચાલતા દેહના દુર્ગમાં આત્મા નિશ્ચલ બની ગયો. મોહરાજાના રાજમાં ખળભળાટ મચી ગયો. મોહસૈન્યના પ્રબલ ધસારા સામે પણ અહીં આત્માએ ઝીલેલી ટક્કર ખરેખર અદ્દ્ભુત, અત્યદ્દ્ભુત હોય છે. પરન્તુ આ કક્ષાએ આત્મામાં ચંચલતાના વમળ પેદા કરવાના મોહના તમામ પ્રયત્નો નિષ્ફળ જાય છે. અને મોહ અન્તે વિદાય લે છે. આત્મા નિશ્ચલતાના બળ ઉપર નિર્મોહિતાની એક વધુ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. નિર્મોહિતાની સિદ્ધિ વરે હજુ ઘડી બે ઘડી થઈ નથી કે આત્મામાં જ્ઞાનનો વિરાટ જાગે છે અને દર્શનની નિઃશેષ નિર્મલતા પ્રગટે છે. આમ આત્મા અધ્યાત્મની ચરમસીમાને આંબીને સંસાર સાગરના કપરા રણયુદ્ધને જીતીને સદા–સર્વદા માટે અપરાજેય બની જાય છે.

નિઃશેષ જ્ઞાનનો અનુત્તર વિરાટ !

અશેષ દર્શનની નરી નિર્મલતા !

અહીં પૂરો થાય છે આત્મવિજય.

અહીં સંપૂર્ણ થાય છે અધ્યાત્મસિદ્ધિ.

આમ છતાં બાકી છે એક વસ્તુ. જગતને અધ્યાત્મની રસલ્હાણ કરવાની. શેષ સિદ્ધિનાં ચરણચુમ્બન માણી ચૂકેલા આત્મામાં સાહજિક ભાવે એક નવું અભિયાન આરંભાય છે. આત્મવિજયીને તો કશું

આરંભવાનું રહેતું નથી પણ આ તો સહજભાવે આરંભાય છે. અને એ અભિયાનમાં આત્મવિજય કરી ચૂકેલા આત્મા દ્વારા થાય છે વિતરણ, સંસારતરણની એક માત્ર અદ્ભુત કલા અધ્યાત્મનું.

આ રીતે અધ્યાત્મના વિકાસને આપણે સમજ્યા. પરન્તુ આ સાથે બીજું પણ ઘણું ઘણું સમજવા જેવું છે. અધ્યાત્મના વિકાસનું ઠેઠ સુધીનું આલેખન તો આપણે કરી આવ્યા પરન્તુ આલેખન કર્યા માત્રથી કાર્યસિદ્ધિ થોડી જ થઈ જાય છે ?

અધ્યાત્મના પૂર્વે વર્ણવેલા પ્રારંભ વખતે જ અધ્યાત્મમાં વિઘ્નો ઊભા કરતા શત્રુઓને પણ ઓળખવાની જરૂર છે. અધ્યાત્મ સીધા ક્રમે આગળ વધે તો એ એના અપરિમેય સૌન્દર્યની ખૂબ જ સૌરભ ફેલાવે છે. અને એ જ રીતે અધ્યાત્મમાં કોઈ શત્રુ કારી ઘા મારવામાં ફાવી ગયો તો અધ્યાત્મના આંચળા હેઠળ નરી કુરુપતા તાંડવલીલા આરંભી દેતી હોય છે. આવું અધ્યાત્મ આત્માને ઊંચે લઈ જવાને બદલે દુર્ગતિની ઊંડી ખીણમાં ક્યાંય ફેંકી દે છે.

આધ્યાત્મિક પ્રગતિ અને નિર્મલતામાં અવરોધ ઊભો કરનાર આત્માનો ભયંકર શત્રુ દમ્ભ છે. દમ્ભ આત્માના સ્વરૂપદર્શનથી સ્વ તથા પર બન્નેને દૂર રાખે છે. સ્વરૂપદર્શનથી વંચિત આત્મા પ્રગતિ શું સાધી શકે, ધૂળ ! એટલે અધ્યાત્મના પ્રેમીએ એ દમ્ભથી સદા સર્વદા બચવાનો પ્રયાસ કરવો જોઈએ. અને એ દમ્ભનો નાશ કરવાનું સામર્થ્ય પાછું એક માત્ર અધ્યાત્મમાં જ છે. એટલે દમ્ભનો નાશ કરવા માટે અધ્યાત્મને જ નિર્મલ બનાવવો જોઈએ.

દમ્ભ આત્મનગરનો મોટામાં મોટો ઠગ છે. એટલે આત્મા સહેજ પણ ગાફેલ રહે તો દમ્ભ આત્માને ઠગ્યા વિના રહે જ નહીં. ઠગે તો ખરો પરન્તુ આત્મા અધ્યાત્મમાં છે એવા ભ્રમમાં જ રાખે. એટલે આત્માને અધ્યાત્મના પન્થે આગળ વધવાની સાચી દિશાનું

જ્ઞાન પણ ન લાભવા દે. આવો છે દમ્ભનો પ્રપંચ. દમ્ભનો બીજો પ્રપંચ છે ડોળ. આત્માને કદાચ થોડું ઘણું જ્ઞાન થઈ જાય કે અધ્યાત્મના પન્થેથી એ ચૂકી ગયો છે તો દમ્ભ એને ન હોય એવા અધ્યાત્મનો દેખાડો કરવાની પ્રેરણા આપે. આમ અધ્યાત્મના મહાન અભિયાનને તોડી પાડવા માટે દમ્ભ સદા–સર્વદા તત્પર રહેતો હોય છે. આમાં આત્મા ઊંઘે તો દમ્ભ ચૂકે ખરો? ઘા માર્યા વિના રહે ખરો? અને એ ઘા કાંઈ જેવો તેવો ન હોય. એ તો આત્માને કેટલાય કાળ સુધી સંસાર ચક્રની આરી પર ફરતો મૂકી દે.

દમ્ભ અધ્યાત્મમાં નડતર રૂપ ખરો પરન્તુ એના ઉપર વિજય મેળવવાની કે એને સમજીને દૂર કરવાની કોઈ રીત ખરી? ચોક્કસ. પરિસ્થિતિ તથા ગુણદોષને વિવેકની સમતુલાએ સૂક્ષ્મ રીતે તોલવાની કુશલતા પ્રાપ્ત કરવાથી દમ્ભરૂપી સાંઢ આત્માના અધ્યાત્મ ખેતરમાં ભાગ્યે જ ઘૂસી શકે છે. દરેક વસ્તુને વિવેકની સમતુલાએ તોલો. તોલો અને વિચારો. વિચારો અને સમજો. સમજો અને ફરી ફરી સમજો. અને પછી એ પ્રમાણે શક્ય એટલું વરતો. જુઓ પછી દમ્ભ તમારા આત્મક્ષેત્રની આસપાસ ફરકી પણ શકે છે ખરો?

*ન હોય એવી વસ્તુનો દેખાડો કરવો એ દમ્ભ.*

વસ્તુના ગુણ–દોષનું યથાતથ જ્ઞાન એટલે વિવેક.

વિવેકથી દમ્ભનો નાશ થાય અને દમ્ભનાશથી અધ્યાત્મ વિકસે.

અવિવેક અને અહમ્ એકત્ર મળે એટલે દમ્ભદોષનો પ્રાદુર્ભાવ થાય. એટલે અધ્યાત્મના પ્રેમીએ અવિવેક અને અહમ્ ઉપર પણ આવશ્યક કાબૂ મેળવવો અનિવાર્ય છે. અવિવેક અને અહમ્‌થી પોષાયેલા દમ્ભની તાંડવલીલા ચાલતી હોય ત્યાં અધ્યાત્મનાં ખેતરો સાવ શુષ્ક જ રહે.

દમ્ભની નવરંગ રાસલીલાનું વર્ણન કરવા બેસીએ તો પાનાંનાં

પાનાં ભરાઈ જાય એમ છે. અમંગલ જ્ઞાનથી પોષાતો દમ્ભ તો અતિભયંકર દમ્ભ હોય છે અને એ દમ્ભ તો આત્માને અધ્યાત્મના આરમ્ભિક સીમાચિહ્નથી અનન્ત-પ્રકાશવર્ષો દૂર ફેંકી દેતો હોય છે.

આત્મા જાણતો જ ન હોય કે હું સારો નથી; અને એ પોતાની જાતને સારી જ માનતો હોય અને સારા તરીકે વર્ણવતો હોય એ તો આંધળો જ છે. પરન્તુ બીજી બાજૂ આત્મા સમજતો હોય કે હું સારો નથી છતાં એ પોતાની જાતને સારી દેખાડવાનો અને દુનિયાની દષ્ટિમાં એવું ઠસાવવાનો પ્રયત્ન કરતો હોય. એ છે અમંગલ જ્ઞાનથી પોષાતો દમ્ભ. આવો દમ્ભ સાચે જ બહુ ભયંકર હોય છે.

જેમ દમ્ભનો ત્યાગ અનિવાર્ય છે એમ તૃષ્ણાનો ત્યાગ પણ અનિવાર્ય છે. તૃષ્ણા પણ અધ્યાત્મની સિદ્ધિમાં બહુ મોટું વિઘ્ન ઊભું કરનારી મોહિની છે. મોહરાજાએ અધ્યાત્મનાશ માટે યોજેલી રસસરિતા તૃષ્ણા છે. તમે અધ્યાત્મની વાત કે વિચારણા કરો કે તૃષ્ણા તરત જ ઈન્દ્રિયજન્ય સુખોની મસ્તીની કલ્પનાથી ભરેલો જામ તમારા ઓષ્ઠપુટ સામે ધરશે. અને ધરેલો જામ તમે ઓઠે અડકાડયો કે અધ્યાત્મ દૂર રહી જશે. અધ્યાત્મની સિદ્ધિ મેળવવી હોય એને તૃષ્ણાક્ષય કર્યા વિના ચાલે જ નહીં. પુણ્યના યોગે પ્રાપ્ત થયેલી ભોગસામગ્રીનો જામ અને અપ્રાપ્ત સમગ્રીની ઉત્કટ કલ્પનાનો જામ ધર્યા કરવો એ એનું કામ. આત્મામાં વૈષયિક સુખનો રસ લૂંટવાની તીવ્ર વૃત્તિ પેદા કરવી એ તૃષ્ણાનું કામ. તૃષ્ણાના આ પ્રપંચમાં આત્મા અટવાયો કે અધ્યાત્મ ક્યાંય દૂર—સુદૂર રહી જવાનું. માટે અધ્યાત્મના પન્થે અભિયાન કરનાર આત્માએ આ મોહિનીને આમૂલચૂલ ઓળખી લેવી જરૂરી છે અને ઓળખ્યા પછી એના ઉપર વિજય મેળવવો આવશ્યક છે.

એના ઉપર વિજય મેળવવાની ગુરુચાવી છે વૈષયિક અપ્રવૃત્તિ.

સુખભોગની સામગ્રી દૂર કરવી; એની કલ્પનાને પણ હાંકી કાઢવી અને પ્રાપ્ત સુખભોગથી પણ દૂર રહેવું એનું નામ વૈષયિક અપ્રવૃત્તિ. પછી નવા મેળવવાની તો વાત જ કયાં રહી?

આમ અધ્યાત્મના પ્રેમી આત્માએ દમ્ભ અને તૃષ્ણાથી દૂર રહેવાની આવશ્યકતા સમજી લેવી ઘટે. દમ્ભ અને તૃષ્ણા નિર્બલ પડતાં જાય એમ અધ્યાત્મ ખીલતું જાય; અધ્યાત્મને પોષક ગુણો ખીલતા જાય.

દમ્ભ દૂર થતો જાય એમ આત્મામાં સૌહાર્દ પ્રગટે; સરળતા જન્મે અને અહમ્ ચૂર ચૂર થતું જાય. અને તૃષ્ણાક્ષય થતો જાય તેમ તેમ આત્મામાં સન્તોષનાં પારિજાતક ખીલતાં જાય. અને મોહની દુર્ગન્ધ દૂર હટતી જાય. બાકી દમ્ભના કાદવ અને તૃષ્ણાની વિષ્ટાથી ખરડાયેલું અધ્યાત્મ આત્માને સિદ્ધિના સોપાન ઉપર ચઢાવવાને બદલે સંસારવૃદ્ધિની ગહન ગર્તામાં જ ધકેલી દે. આમ અવિવેકી આત્માનું અધ્યાત્મ પણ આત્માના શત્રુ તરીકેની ગરજ સારે. અને અનન્તસુખના ઉત્કૃષ્ટ અનુભવને બદલે સંસારની અનેકવિધ યાતનાઓથી ભરેલી સુદીર્ઘ મુસાફરીનું કારણ બને.

દમ્ભ અને તૃષ્ણાથી ખરડાયેલાં ધર્માનુષ્ઠાનો પણ અધ્યાત્મના પોષક ન બનતાં સંસારના જ પોષક બને છે. અને સંસાર એટલે જ દુઃખની ખાણ. તો એમ કહી શકાય કે વિવેકરહિત ધર્માનુષ્ઠાનો પણ આત્મા માટે સરવાળે દુઃખદાયક જ નીવડે.

અધ્યાત્મની સિદ્ધિ માટે પાંડિત્ય કરતાં પણ વધુ જરૂરી છે નિર્મલ આત્મદર્શન. આમ બને તો જ અધ્યાત્મસિદ્ધીની વાત સમજમાં ઊતરે. અન્યથા સિદ્ધિનાં બધાં કારણો મેળવીને આત્મા દુઃખમાં ને દુઃખમાં જ સબડતો રહી જશે.

અખંડ અને અનન્ત સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવનાર દરેક આત્માએ અધ્યાત્મ સમજવું જ રહ્યું. સમજીને એ પન્થે મહાન

અભિયાન આરમ્ભવું જ રહ્યું. એ સિવાય આ સુખનિધિ પ્રાપ્ત થાય એવો નથી. પોતાના આ ભવ્ય અભિયાનને સિદ્ધિના શિખરે પહોંચાડવા માટે અવરોધક તત્ત્વોનો નાશ કરવો જ જોઈએ. એ માટે આત્માએ ભવ્ય અને ભગીરથ પુરુષાર્થ આદરવો જ રહ્યો.

આવો ત્યારે આપણે આવો પુરુષાર્થ આદરીએ.

જુઓ પેલું સિદ્ધિનું શિખર આપણને સાદ દઈ રહ્યું છે.

જુઓ પેલો સુખનો સાગર આપણું સ્વાગત કરવા ગગનચુમ્બી મોજે વધુ ને વધુ ઊછળી રહ્યો છે. થનગની રહ્યો છે. આવો ત્યારે આપણે આરંભીએ અધ્યાત્મસિદ્ધિનું ભવ્ય અભિયાન.

## વિષયાનુક્રમ


| પ્રબંધ | અધિકાર | વિષય | શ્લોક | ક્રમાંક | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧ | અધ્યાત્મ માહાત્મ્ય | ૨૪ | ૧ થી ૨૪ | ૧–૨૨ |
| ૧ | ૨ | અધ્યાત્મ સ્વરૂપ | ૨૯ | ૨૫–૫૩ | ૨૩–૩૩ |
| ૧ | ૩ | દંભ ત્યાગ | ૨૨ | ૫૪–૭૫ | ૩૪–૪૨ |
| ૧ | ૪ | ભવ સ્વરૂપ | ૨૭ | ૭૬–૧૦૨ | ૪૩–૫૯ |
| ૨ | ૫ | વૈરાગ્ય સંભવ | ૩૬ | ૧૦૩–૧૩૮ | ૬૦–૭૯ |
| ૨ | ૬ | વૈરાગ્ય ભેદ | ૪૪ | ૧૩૯–૧૮૨ | ૮૨–૧૧૦ |
| ૨ | ૭ | વૈરાગ્ય વિષય | ૨૬ | ૧૮૩–૨૦૮ | ૧૧૧–૧૨૧ |
| ૩ | ૮ | મમત્વ ત્યાગ | ૨૭ | ૨૦૯–૨૩૫ | ૧૨૨–૧૩૨ |
| ૩ | ૯ | સમતા | ૨૯ | ૨૩૬–૨૬૪ | ૧૩૩–૧૪૩ |
| ૩ | ૧૦ | સદનુષ્ઠાન | ૩૯ | ૨૬૫–૩૦૩ | ૧૪૪–૧૬૫ |
| ૩ | ૧૧ | મનઃશુદ્ધિ | ૨૨ | ૩૦૪–૩૨૫ | ૧૬૬–૧૭૭ |
| ૪ | ૧૨ | સમ્યક્ત્વ | ૫૮ | ૩૨૬–૩૮૩ | ૧૭૮–૨૧૪ |
| ૪ | ૧૩ | મિથ્યાત્વ ત્યાગ | ૮૯ | ૩૮૪–૪૭૨ | ૨૧૫–૨૮૬ |
| ૪ | ૧૪ | કદાગ્રહ ત્યાગ | ૨૨ | ૪૭૩–૪૯૪ | ૨૮૭–૨૯૫ |
| ૫ | ૧૫ | યોગસ્વરૂપ | ૮૩ | ૪૯૫–૫૫૭ | ૨૯૬–૩૩૭ |
| ૫ | ૧૬ | ધ્યાન | ૮૬ | ૫૭૮–૬૬૩ | ૩૩૮–૩૭૧ |
| ૫ | ૧૭ | ધ્યાનસ્તુતિ | ૧૪ | ૬૬૪–૬૭૭ | ૩૭૨–૩૮૦ |
| ૬ | ૧૮ | આત્મનિશ્ચય | ૧૯૬ | ૬૭૮–૮૭૩ | ૩૮૧–૪૭૦ |
| ૬ | ૧૯ | જિનમતસ્તુતિ | ૧૫ | ૮૭૪–૮૮૮ | ૪૭૧–૪૮૩ |
| ૭ | ૨૦ | સ્વાનુભવ | ૪૫ | ૮૮૯–૯૩૩ | ૪૮૪–૫૦૧ |
| ૭ | ૨૧ | સજ્જન સ્તુતિ | ૧૬ | ૯૩૪–૯૪૯ | ૫૦૨–૫૧૪ |

(i) પારિભાષિક શબ્દસૂચિ પરિશિષ્ટ–૧ ૫૧૫–૫૧૯

(ii) શ્લોકોનો અકારાદિક્રમ ,, –૨ ૫૨૦–૫૩૮

(iii) સાક્ષીગ્રન્થનામાવલિ ૫૩૯–૫૪૦

# અધ્યાત્મસાર

ભાવાનુવાદ

# અધ્યાત્મ માહાત્મ્ય

૧

અલબેલું છે માહાત્મ્ય, અધ્યાત્મનું !

દુઃખોના વાવંટોળ ચોમેર વીંઝાયા હોય ત્યારે અધ્યાત્મનો સંગી આત્મા જરા ય ધ્રુજી ન જાય !

એ તો ઠીક, પણ સુખોના અત્તર હોજમાં એને કોઈ ફેંકી દે તો...ત્યાં એ લીન ન થાય...

દુઃખે દીન ન બનાવે, સુખે લીન ન થવા દે આ અધ્યાત્મ !

દુઃખની જેમ સુખને પણ સહવાની કળાની બક્ષિસ આપી જીવનને સુખમય કરી મૂકે આ અધ્યાત્મ !

વંદન હો ! આવી અધ્યાત્મની મસ્તીને !

अर्हं

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
नमोनमः श्रीगुरुप्रेमसूरये

ન્યાયવિશારદ—ન્યાયાચાર્ય—મહામહોપાધ્યાય
શ્રીમદ્ યશોવિજયગણિપ્રણીત

# શ્રી અધ્યાત્મસાર ગ્રન્થ

## ભાવાનુવાદ

પ્રબન્ધ-૧ લો    અધિકાર-૧ લો

### 卐 અધ્યાત્મમાહાત્મ્ય 卐

મૂળ :-

क्रमांक [१] ऐन्द्रश्रेणिनतः श्रीमान्नन्दतान्नाभिनन्दनः ।
उद्दधार युगादौ यो जगदज्ञानपङ्कतः ॥१॥

જય પામો, વિજય પામો તે નાભિકુલકરના પુત્ર શ્રી ઋષભદેવ સ્વામી, જેઓને દેવેન્દ્રોની (પણ) પંક્તિ નમે છે, જેઓએ (આ) યુગની આદિમાં અજ્ઞાનરૂપી કાદવમાંથી જગતનો ઉદ્ધાર કર્યો.

[२] श्रीशान्तिस्तान्तिभिद्भूयाद्भविनां मृगलाञ्छनः ।
गावः कुवलयोल्लासं कुर्वते यस्य निर्मलाः ॥२॥

જેમની નિર્મળ વાણી ભૂમંડળ ઉપર ઉલ્લસિત બની

રહી છે, તે હરિણના લાંછનવાળા શ્રીશાન્તિનાથ ભગવંત ભવ્ય-જીવોના અજ્ઞાન-અંધકારને ભેદી નાંખનારા બનો.

[૩] श्रीशैवेयं जिनं स्तौमि, भुवनं यशसेव यः ।
मारुतेन मुखोत्थेन पाञ्चजन्यमपूपुरत् ॥३॥

તે શ્રી શિવાદેવીનાં નંદન ભગવાન નેમનાથસ્વામીની હું સ્તવના કરૂં છું, જેમણે, મુખના પવનથી જેમ પાંચજન્ય શંખને ભરી દીધો હતો તેમ આખા ભુવનને યશથી ભરી દીધું !

[૪] जीयात्फणिफणप्रान्त — सङ्क्रान्ततनुरेकदा ।
उद्धर्तुमिव विश्वानि श्रीपार्श्वो बहुरूपभाक् ॥४॥

કેમ જાણે, એકી સાથે સઘળા ય વિશ્વોનો ઉદ્ધાર કરી દેવા માટે જ, ફણિધરની સાત ફણાના અગ્રભાગમાં પ્રતિબિંબિત બન્યા ન હોય, એવા બહુરૂપ ધારણ કરતા શ્રીપાર્શ્વનાથ ભગવંત વિજયવંતા વર્તો.

[૫] जगदानन्दनः स्वामी, जयति ज्ञातनन्दनः ।
उपजीवन्ति यद्वाचमद्यापि विबुधाः सुधाम् ॥५॥

સમગ્ર જગતને આનંદ આપવાનું સામર્થ્ય ધરાવતાં, ભગવાન જ્ઞાતનન્દન-મહાવીર પરમાત્મા સર્વોત્કૃષ્ટતાને પામે છે, જેમની સુધાસમી વાણીને ડાહ્યા પુરૂષો આજે ય સેવી રહ્યા છે.

[૬] एतानन्यानपि जिनान्नमस्कृत्य गुरूनपि ।
अध्यात्मसारमधुना प्रकटीकर्तुमुत्सहे ॥६॥

પૂર્વોક્ત પાંચે ય જિનેશ્વર–ભગવંતોને, બીજા પણ સર્વ જિનેશ્વરોને, તથા ગુરૂવર્યોને પણ નમીને હવે (હૃદયસ્થ) અધ્યાત્મસાર નામના શાસ્ત્રને પ્રગટ કરવા માટે હું (ઉપા. યશોવિજય) ઉત્સાહિત થઇશ.

[૭] शास्त्रात्परिचितां सम्यक्, सम्प्रदायाच्च धीमताम् ।
इहानुभवयोगाच्च प्रक्रियां कामपि ब्रुवे ॥७॥

શાસ્ત્રથી સારી રીતે સમજી લીધેલી, ગીતાર્થ ગુરૂવર્યોની પરંપરાથી સારી રીતે પ્રાપ્ત થયેલી અને મારી અનુભૂતિમાં પણ તેજ રીતે જણાએલી એવી (અધ્યાત્મની) પ્રક્રિયાનો લેશ હું અહીં કહીશ.[1]

[૮] योगिनां प्रीतये पद्यमध्यात्मरसपेशलम् ।
भोगिनां भामिनीगीतं सङ्गीतकमयं यथा ॥८॥

જેમ કામિનીના સંગીતમય ગીતો ભોગીને આનંદ આપનારા બને છે, તેમ અધ્યાત્મના રસોથી ભરપુર, સુંદર મઝેના પદ્ય યોગીને આનંદ આપે છે.

[૯] कान्ताधरसुधास्वादाद्यूनां यज्जायते सुखम् ।
बिन्दुः पार्श्वे तदध्यात्मशास्त्रास्वादसुखोदधेः ॥९॥

રંગીલા યુવાનોને લલનાના ઓષ્ટચુંબનમાં જે સુખદ સંવેદન થાય છે તે તો અધ્યાત્મશાસ્ત્રોના આસ્વાદની મસ્તીના સાગર પાસે એક બિન્દુ માત્ર ગણાય. સાવ જ વામણું ગણાય.

૧. યોગશાસ્ત્ર–૧લો પ્રકાશ–૫મો શ્લોક.

[૧૦] अध्यात्मशास्त्रसम्भूतसन्तोषसुखशालिनः ।
गणयन्ति न राजानं न श्रीदं नापि वासवम् ॥१०॥

અધ્યાત્મ–શાસ્ત્રના રસાસ્વાદથી ઉત્પન્ન થએલા સંતોષના સુખને જે યોગીઓ (એક વાર પણ) સ્પર્શી ગયા, રે! પછી તો એઓ મોટા ચમરબંધીની ય પરવા કરતા નથી, કુબેરને ય ગાંઠતા નથી અને મોટા દેવેન્દ્રથી પણ અંજાતા નથી.[૨]

[૧૧] यः किलाशिक्षिताध्यात्मशास्त्रः पाण्डित्यमिच्छति ।
उत्क्षिपत्यङ्गुलीं पङ्गुः स स्वर्द्रुफललिप्सया ॥११॥

અધ્યાત્મ શાસ્ત્રનો પૂરો અજાણ માણસ કે પછી અધૂરો કોક જાણકાર, જો એટલા માત્રથી પંડિતની 'ડીગ્રી' મેળવી લેવા લલચાય તો સાચે જ તે બિચારો ઉપહાસ પાત્ર છે!

પાંગળો બિચારો! કલ્પતરૂના ફળને આંબવાની ઇચ્છાથી પોતાની આંગળી ઊંચી કરે તે કેવું હાસ્યાસ્પદ લાગે?

[૧૨] दम्भपर्वतदम्भोलिः सौहार्दाम्बुधिचन्द्रमाः ।
अध्यात्मशास्त्रमुत्ताल – मोहजालवनानलः ॥१२॥

અધ્યાત્મ શાસ્ત્રના તો શા શા ગુણ ગાવા? દંભરૂપી પર્વતને માટે તો તે વજ્ર છે વજ્ર!

અને મૈત્રી–ભાવનાના સાગરને હિલોળે ચડાવતો આ તો પૂર્ણિમાનો ચન્દ્ર જ જોઈ લ્યો!

ભયાનક 'મોહના' સંસ્કારના જાળાંઓથી ખીચોખીચ

૨. યોગશાસ્ત્ર–સ્ત્રોપ્રકાશ–૧૧૪મો શ્લોક.

ભરેલા વનને બાળીને ખાખ કરી દેવા સમર્થ એવો દાવાનળ છે દાવાનળ !

[ १३ ] अध्वा धर्मस्य सुस्थः स्यात्पापचौरः पलायते ।
अध्यात्मशास्त्रसौराज्ये न स्यात्कश्चिदुपप्लवः ॥१३॥

અધ્યાત્મ શાસ્ત્રના સુરાજ્યમાં જે મહર્ષિઓએ પોતાનો વસવાટ કરી લીધો એમનો ધર્મ–માર્ગ તો સાવ જ ભય-વિહોણો બની જાય છે, કેમકે પછી ત્યાં પાપ–ચોરટાઓ ઉભા પણ રહી શકતા નથી. એટલે પછી તો, આ મહાત્માઓને કોઈ પણ આધિ–વ્યાધિ કે ઉપાધિના તાપ પીડી શકતા નથી.

[ १४ ] येषामध्यात्मशास्त्रार्थ – तत्त्वं परिणतं हृदि ।
कषायविषयावेश – क्लेशस्तेषां न कर्हिचित् ॥१४॥

વિષય–કષાયની વાસનાઓના કારમા સંતાપ–કે જેઓ જીવને ભવ-ચક્રમાંથી મુક્ત થવા દેતા નથી તેઓ–પેલા પુણ્યાત્માઓને તો અડી પણ શકતા નથી જેમના હૃદયના અણુ અણુમાં અધ્યાત્મ શાસ્ત્રનું તત્ત્વજ્ઞાન પરિણામ પામી ગયું છે.

[ १५ ] निर्दयः कामचण्डालः पण्डितानपि पीडयेत् ।
यदि नाध्यात्मशास्त्रार्थ–बोधयोधकृपा भवेत् ॥१५॥

અરે ! જો આ અધ્યાત્મ–શાસ્ત્રના અર્થના બોધરૂપી યોદ્ધાની કૃપા ન ઊતરે તો ચતુર્દશ વિદ્યાના પારગામી ધુરંધર પંડિતને ય પેલો ક્રૂર કામચંડાલ ' ત્રાહિ મામ્ ' પોકરાવી દે હોં !

[१६] विषवल्लिसमां तृष्णां वर्धमानां मनोवने ।
अध्यात्मशास्त्रदात्रेण छिन्दन्ति परमर्षयः ॥१६॥

મન–વનમાં વિસ્તાર પામતી જતી તૃષ્ણાની વિષ-વેલડીને ઋષિ–મુનિઓ અધ્યાત્મશાસ્ત્રના દાંતરડાથી છેદી નાંખે છે.

[१७] वने वेश्म, धनं दौस्थ्ये, तेजो ध्वान्ते, जलं मरौ ।
दुरापमाप्यते धन्यैः कलावाध्यात्मवाङ्मयम् ॥१७॥

અહો ! કેવી એ દુર્લભ બીના

કે, ભેંકાર વનમાં ભૂલા પડેલાને ઝૂંપડી મળી જાય;

કે, જનમના દરિદ્રીને અઢળક લક્ષ્મી મળી જાય;

કે, કાજળ વરસતી રજનીમાં પ્રકાશનો ચમકારો જોવા મળી જાય;

કે, મરૂ–ભૂમિમાં મીઠી વીરડીનાં પાણી લાધી જાય,

રે ! હજી એ બધું શક્ય છે પણ હડહડતા આ કળ-જુગમાં અધ્યાત્મશાસ્ત્રની વાતો તો સાવ જ દુર્લભ છે.

કોટાનકોટિ ભવોના શુભના ભાથાં જેમણે બાંધ્યા હોય તે ધન્યાત્માઓને જ એના શ્રવણ મળી શકે !

[१८] वेदाऽन्यशास्त्रवित् क्लेशं रसमध्यात्मशास्त्रवित् ।
भाग्यभृद् भोगमाप्नोति वहते चन्दनं खरः ॥१८॥

અન્ય શાસ્ત્રોનો જાણકાર તો ચિત્ત–ક્લેશને જ મેળવે છે. જ્યારે અધ્યાત્મ–શાસ્ત્રનો જાણુ તો અનુપમેય રસરાજની મસ્તી માણી જાય છે !

વિશ્વમાં ય આવો જ ન્યાય પ્રવર્તે છે ને કે પેલો ગધેડો બિચારો બાવના-ચન્દનના બહુમૂલ્ય કાષ્ટનો ભાર ઉપાડે, અને કોઈ બડભાગી એના ભોગોની જયાફત ઉડાવે.

[૧૯] भुजास्फालनहस्तास्य – विकाराभिनयाः परे ।
अध्यात्मशास्त्रविज्ञास्तु वदन्त्यविकृतेक्षणाः ॥१९॥

જેમણે અધ્યાત્મ-શાસ્ત્ર જાણ્યું નથી એ વક્તાઓ જ્યારે ભાષણો કરે છે ત્યારે બાહુઓનું આસ્ફાલન કરે છે, હાથના અનેક ચાળાં કરે છે, મોં મલકાવે છે કે ખડખડાટ હસવાનો અભિનય કરે છે;

જ્યારે અધ્યાત્મશાસ્ત્રને પીને પચાવી ગએલા મહાત્મા તો એવો કોઈ ચાળો કરતા નથી.... રે! આંખની કીકીને લગીરે ચલ વિચલ થવા દેતા નથી....! એમની વાણી એટલે જાણે ગંગોત્રીના નિર્મળ અને શીતલ નીરના ખળખળ વહી જતા પ્રવાહ જ જોઈ લો!

[૨૦] अध्यात्मशास्त्रहेमाद्रि – मथितादागमोदधेः ।
भूयांसि गुणरत्नानि प्राप्यन्ते विबुधैर्न किम् ॥२०॥

પુરાણોમાં જાણવા મળે છે કે એક વાર દેવોએ સમુદ્ર-મંથન કર્યું. 'રવૈયો બનાવ્યો મેરૂ-પર્વતને! અને બાંધ્યો વાસુકી નામના સર્પરાજથી; પછી મંડ્યા સમુદ્રનું વલોણું કરવા! અને નીકળ્યાં એમાંથી ચૌદ રત્નો!

પ્રાજ્ઞ પુરૂષો પણ આવું જ કરે છે ને? અધ્યાત્મ-શાસ્ત્રરૂપી મેરૂથી આગમ-સાગરને મથી નાંખે છે. પછી તેઓ પણ અનેક ગુણરત્નો નથી મેળવતા શું?

[૨૧] रसो भोगावधिः कामे सद्भक्ष्ये भोजनावधिः ।
अध्यात्मशास्त्रसेवायां रसो निरवधिः पुनः ॥२१॥

કામ-વાસનાનો રસ રહી રહીને ય ક્યાં સુધી? ભોગ ભોગવતાં સુધી જ ને?

અને પકવાન્નનો રસ? ગળેથી કોળીયો ઊતર્યો ન ઊતર્યો ત્યાં લગી જ ને?

જ્યારે અધ્યાત્મ-શાસ્ત્રની સેવાનો રસાસ્વાદ તો અનંત છે....એને કોઈ સીમાથી બાંધી શકાય તેમ નથી.

[૨૨] कुतर्कग्रन्थसर्वस्व – गर्वज्वरविकारिणी ।
एति दृग्निर्म्मलीभाव–मध्यात्मग्रन्थभेषजात् ॥२२॥

કુતર્કોથી ખીચોખીચ ભરેલા ગ્રન્થનું સર્વસ્વ શું? અહંકાર....

એ અહંકારના તાવથી તગતગી ગયેલી આંખોને ઠારે કોણ? નિર્મળ કોણ કરી શકે? અધ્યાત્મ-ગ્રન્થનો સુરમો જ ને?

[૨૩] धनिनां पुत्रदारादि यथा संसारवृद्धये ।
तथा पाण्डित्यदृप्तानां शास्त्रमध्यात्मवर्जितम् ॥२३॥

એક તો મોટો કોટાનકોટિ ધનનો સ્વામી હોય અને વળી પુત્ર-પત્ની વિગેરે પરિવારથી સજ્જ હોય....પછી તો એનો સંસાર કૂદકે ને ભૂસકે વધતો જ જાય ને?

આ ય પંડિતાઈના અભિમાનથી છાટકો બન્યો હોય અને અધુરામાં પૂરું, અધ્યાત્મભાવ વર્જિત પોથાઓનો પારગામી હોય! પછી સંસાર ન વધે તો બીજું થાય શું?

[૨૪] अध्येतव्यं तदध्यात्म–शास्त्रं भाव्यं पुनः पुनः ।
अनुष्ठेयस्तदर्थश्च देयो योग्यस्य कस्यचित् ॥२४॥

આ સત્યની અવગણના થઈ શકે તેમ નથી માટે જ, દરેક મુમુક્ષુ આત્માએ અધ્યાત્મ–શાસ્ત્રનું અધ્યયન કરવું જ જોઈએ, એટલું જ નહિ પણ એ શાસ્ત્રનું ચિંતન–મનનાદિ કરીને આત્માને તેનાથી ભાવિત કરવો જોઈએ; જીવનમાં એ અધ્યાત્મભાવને પરિણમાવવો જોઈએ, અને પછી તેની પાત્રતાવાળા કો'ક જીવને એ શાસ્ત્ર આપવું પણ જોઈએ....

## અધ્યાત્મ–સ્વરૂપ

૨

સમગ્ર જગતને ભુલાવામાં નાંખી દેનાર મોહનીય કર્મની ઘેરી ભભક! જાણો છો ને? એ ભભક...

(૧) જેની ઉપરથી જવા લાગી છે, કે ચાલી ગઈ છે...

(૨) એથી જ... જેણે બહિર્મુખ–જીવનને જલાંજલિ આપી છે.

(૩) એવા આત્માની જે કોઈ શુદ્ધ ક્રિયા...

એ ક્રિયા જ અધ્યાત્મ છે. અધ્યાત્મ એટલે કોરા સોઽહંના જપ નહિ અને માત્ર વાયડી વાતો નહિ...

એ તો છે શુદ્ધ ક્રિયાત્મક જીવનનો કઠોર પ્રયોગ.

'માર્ગાનુસારી' આત્માને પણ આ અધ્યાત્મનો અંશ હોઈ શકે...

પછી ઉત્તરોત્તર વિકસતો જતો એ અધ્યાત્મભાવ ૧૪ મા ગુણસ્થાને તો આત્મસાત્ થઈને તદ્દન સહજ સ્વરૂપ બની ગયો હોય.

## 卐 અધ્યાત્મ સ્વરૂપ 卐

[૨૫] भगवन् किं तदध्यात्मं यदित्थमुपवर्ण्यते ।
शृणु, वत्स यथाशास्त्रं वर्णयामि पुरस्तव ॥१॥

હે ગુરૂદેવ! આપ જે અધ્યાત્મના ગુણ ગાઈ રહ્યા છો તે અધ્યાત્મ શું છે?

વત્સ! સાંભળ, જે રીતે શાસ્ત્રમાં કહ્યું છે તે જ રીતે તે અધ્યાત્મનું સ્વરૂપ તારી આગળ કહીશ.

[૨૬] गतमोहाधिकाराणा–मात्मानमधिकृत्य या ।
प्रवर्तते क्रिया शुद्धा तदध्यात्मं जगुर्जिनाः ॥२॥

જે આત્મા ઉપર હવે મોહનો બળવાન અધિકાર રહ્યો નથી, તે આત્માની, આત્માને અનુલક્ષીને કરાતી જે શુદ્ધ ક્રિયા, તેને જિનેશ્વર ભગવંતોએ અધ્યાત્મ[3] કહ્યો છે.

[૨૭] सामायिकं यथा सर्व–चारित्रेष्वनुवृत्तिमत् ।
अध्यात्मं सर्वयोगेषु तथानुगतमिष्यते ॥३॥

સામાયિક–છેદોપસ્થાપનીય આદિ પાંચે ય ચારિત્રમાં જેમ સામાયિક ચારિત્ર વ્યાપેલું છે તેમ સર્વ પ્રકારના મોક્ષ–સાધક યોગોમાં અધ્યાત્મભાવ વ્યાપેલો છે.

---

૩. (૧) અધ્યાત્મોપનિષત્...૧ લો અધિકાર...શ્લોક...૨, ૩, ૪.
(૨) ...ધર્મબિંદુ ૧ લો શ્લોક...

માળાના દરેક મણકામાં દોરો વ્યાપેલો હોય છે તેમ.

[ ૨૮ ] अपुनर्बन्धकाद्यावद् गुणस्थानं चतुर्दशम् ।
क्रमशुद्धिमती तावत् क्रियाध्यात्ममयी मता ॥४॥

૧ લા ગુણસ્થાનકની અપુનર્બન્ધક અવસ્થાથી માંડીને ૧૪ મા ગુણસ્થાનક સુધીની જેટલી ધર્મક્રિયા છે તે ઉત્તરોત્તર વધુને વધુ વિશુદ્ધ બનતી જતી-બધી ક્રિયા અધ્યાત્મ-મય હોય છે. આ વાત શિષ્ટ પુરૂષોને માન્ય છે.[૪]

[ ૨૯ ] आहारोपधिपूजर्द्धि – गौरवप्रतिबन्धतः ।
भवाभिनन्दी यां कुर्यात् क्रियां साध्यात्मवैरिणी ॥५॥

આહારની લાલસાથી, વસ્ત્ર-પાત્રાદિની મૂર્ચ્છાથી, માન-પાનની કામનાથી, આમર્ષૌષધિ વિગેરે ઋદ્ધિઓના અભિમાનથી, રસગારવાદિ ત્રણ પ્રકારના ગારવોના લેપથી, ભવાભિનન્દી આત્મા જે ક્રિયા કરે તે અધ્યાત્મભાવની વૈરિણી ક્રિયા કહેવાય.[૫]

[ ૩૦ ] क्षुद्रो लोभरतिर्दीनो मत्सरी भयवान् शठः ।
अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसङ्गतः ॥६॥

જે આત્મા કૃપણ હોય, માંગણીઓ હોય, સારૂં ન દેખવા-મળવાથી જે દીન-હીન બની જતો હોય, સારૂં જોઈને

---

૪. સાડા ત્રણસો ગાથાનું સ્તવન ઢાળ...ગાથા...

૫. (૧) યોગબિન્દુ ૮૭મા શ્લોકની ટીકા...
(૨) દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા (ઉપા.)...પાંચમા શ્લોકની ટીકા...

જે દાઝે બળતો હોય, હંમેશ ભયભીત રહેતો હોય, માયાવી હોય, મૂર્ખ હોય, કુતત્વના આગ્રહને લીધે સદૈવ નિઃસાર-નિષ્ફળ ક્રિયાઓમાં રચ્યોપચ્યો રહેતો હોય; એ આત્મા ભવાભિનન્દી કહેવાય....? ભવ એટલે સંસાર....સંસાર સદા અસાર....છતાં તેને ય લલનાના ભોગથી અને પકવાન્નના ભોજનથી સારભૂત માને....તેમાં જ રમે તે ભવાભિનન્દી કહેવાય.

[૩૧] शान्तो दान्तः सदा गुप्तो मोक्षार्थी विश्ववत्सलः ।
निर्दम्भां यां क्रियां कुर्यात् साऽध्यात्मगुणवृद्धये ॥७॥

જે શાન્ત (ક્રોધાદિથી અપીડિત હોય, દાન્ત (ઇન્દ્રિયોથી અપરાજિત) હોય, સદા ગુપ્ત (યોગ-ત્રયની સુરક્ષાવાળો) હોય, વિશ્વવત્સલ હોય એવો મોક્ષાર્થી આત્મા નિષ્કપટભાવથી જે શુભ ક્રિયા કરે તે ક્રિયા અધ્યાત્મભાવની વૃદ્ધિ કરનારી હોય.

[૩૨] अतएव जनः पृच्छोत्पन्नसंज्ञः[१] पिपृच्छिषुः[२] ।
साधुपार्श्वं जिगमिषुर्धर्मं[३] पृच्छन् क्रियास्थितः[४] ॥८॥

[૩૩] प्रतिपित्सुः[५] सृजन् पूर्वं[६], प्रतिपन्नश्च दर्शनम्[७(१)] ।
श्राद्धो[(२)] यतिश्च[(३)] त्रिविधोऽनन्तांशक्षपकस्तथा[(४)] ॥९॥

[૩૪] दृङ्मोहक्षपको[(५)] मोहशमकः[(६)] शान्तमोहकः[(७)] ।
क्षपकः[(८)] क्षीणमोहश्च[(९)] जिनो[(१०)]ऽयोगी[(११)] च केवली ॥१०॥

[૩૫] यथाक्रममीप्रोक्ता, असङ्ख्यगुणनिर्जराः ।
यतितव्यमतोऽध्यात्म–वृद्धये कलयाऽपि हि ॥११॥

પ્રસ્તુત અધિકારના ૪ થા (ક્રમાંક નંબરથી ૨૮ મા) શ્લોકમાં કહ્યું કે, "અપુનર્બંધક અવસ્થાથી લઈને ચૌદમા ગુણસ્થાનક સુધીની શુભ–ક્રિયાઓ ઉત્તરોત્તર વધુને વધુ શુદ્ધિવાળી છે." આ જ વાતની સાથે સંબંધ જોડતા ગ્રન્થકાર અહીં अत एव....થી કહે છે....આનો સંબંધ આગળ આવતાં પ્રસ્તુત અધિકારના અગિયારમા (ક્રમાંક પ્રમાણે ૩૫મા) શ્લોકમાં 'યથાક્રમમમી' સાથે જોડાય છે....એટલે એ રીતે ગ્રન્થકાર કહે છે કે, "અધ્યાત્મની દરેક ક્રિયા ક્રમશઃ અસંખ્યગુણ–અસંખ્યગુણ નિર્જરાને કરનારી કહી છે. કહેવાનું તાત્પર્ય એ છે કે 'अत एव' થી શરૂ થતા ત્રણ શ્લોકમાં ક્રમથી જે અધ્યાત્મની ક્રિયાઓ બતાવી છે તે બધી ઉત્તરોત્તર અસંખ્યગુણનિર્જરા કરાવનારી છે....

અહીં ગ્રન્થકારે સમ્યકત્વાદિ પ્રાપ્તિની ૧૧ ગુણશ્રેણિ બતાવી છે. તેમાં ૧લી સમ્યક્ત્વપ્રાપ્તિની ગુણશ્રેણિમાં અવાન્તર સાત અધ્યાત્મક્રિયા બતાવી છે, ત્યાર બાદ દેશવિરતિ પ્રાપ્તિની ગુણશ્રેણિમાં અવાન્તર ત્રણ અધ્યાત્મક્રિયા બતાવી છે........એ રીતે સર્વવિરતિ પ્રાપ્તિની ગુણશ્રેણિમાં પણ સમજી લેવું.

જે જે અવાન્તર અધ્યાત્મક્રિયા બતાવી છે તે દરેક ઉત્તરોત્તર અસંખ્યગુણ નિર્જરાને કરાવે છે....અને જે

મુખ્ય ૧૧ ગુણશ્રેણિ છે તે તો ઉત્તરોત્તર અસંખ્યગુણ નિર્જરા કરાવનારી છે જ....હવે અવાન્તર અધ્યાત્મ ક્રિયાઓના નિર્દેશ પૂર્વક ૧૧ ગુણશ્રેણિ જોઈએ....

(૧) ધર્મ પૂછવાની સંજ્ઞા (થવા રૂપ આધ્યાત્મક્રિયા)....

(૨) ધર્મ પૂછવાની ઇચ્છા....

(૩) સાધુ પાસે જવાની ઇચ્છા....

(૪) વિનયાદિક્રિયામાં સ્થિર થઈને ધર્મ પૂછવો....

(૫) સમ્યગ્દર્શનને પામવાની ઇચ્છા....

(૬) સમ્યગ્દર્શનને પામતો....(સમ્યગ્દર્શનની પ્રાપ્તિક્ષણે.)

(૭) સમ્યગ્દર્શનને પામી ચૂકયો....૧ **લી ગુણશ્રેણિ.**

(૧) દેશવિરતિ ધર્મને પ્રાપ્ત કરવાની ઇચ્છા.
(૨) ,, ધર્મની પ્રાપ્તિ રૂપ ક્રિયા....
(૩) ,, ધર્મને પ્રાપ્ત થઈ ચૂકવાની ક્રિયા....૨ **જી ગુણશ્રેણિ.**

એ જ રીતે યતિધર્મની પ્રાપ્તિની ઇચ્છા, યતિધર્મની પ્રાપ્તિની ક્રિયા, અને યતિધર્મને પ્રાપ્ત થઈ ચૂકયાની કક્ષા.... એમ ૩ પ્રકારની અવાન્તર કક્ષાવાળી **૩ જી ગુણશ્રેણિ** થાય.

ત્યાર પછી અનન્તાનુબન્ધિ કષાયની ક્ષપણાની ઇચ્છા, તેની ક્ષપણાની પ્રાપ્તિ, અને તે ક્ષપણાને પ્રાપ્ત થઈ ચુકયાની (પૂર્વપ્રતિપન્ન) અવસ્થાવાળી **૪ થી ગુણશ્રેણિ** સમજવી.

ત્યાર બાદ, એ જ રીતે દર્શનત્રિકની ક્ષપણાનો પ્રતિ-

પિત્સુ, ક્ષપણા-પ્રતિપદ્યમાન અને ક્ષપણા પ્રતિપન્ન-એવી ૩ અવસ્થાની **૫ મી ગુણશ્રેણિ** સમજવી.

ત્યાર પછી મોહનીય કર્મની બાકીની ૨૧ પ્રકૃતિનો ઉપશામક બને તે....**૬ ઠ્ઠી ગુણશ્રેણિ.**

મોહનીયની ૨૧ પ્રકૃતિનો ઉપશામક બની ચુકયાની અવસ્થા (શાન્તમોહક) તે **૭ મી ગુણશ્રેણિ.**

હવે જે મોહની ૨૧ પ્રકૃતિની ક્ષપણા કરવા લાગે તેની મોહક્ષપક અવસ્થારૂપ **૮ મી ગુણશ્રેણિ** કહેવાય.

એ આત્મા મોહનો ક્ષપક બની જાય ત્યારે તેની તે અવસ્થા **૯ મી ગુણશ્રેણિ** કહેવાય.

ત્યાર બાદ કેવલિ જિન ( સયોગી કેવલી ) અને અયોગી કેવલી એ ક્રમશઃ **૧૦ મી અને ૧૧ મી** ગુણશ્રેણિ કહેવાય.

અધ્યાત્મની આ દરેક અવસ્થા ઉત્તરોત્તર અસંખ્યગુણ નિર્જરાની સાધક છે માટે અંશતઃ પણ અધ્યાત્મની વૃદ્ધિ માટે સદૈવ યત્નશીલ બનવું જોઈએ.[૬]

[ ૩૬ ] ज्ञानं शुद्धं क्रिया शुद्धे-त्यंशौ द्वाविह सङ्गतौ ।
चक्रे महारथस्येव पक्षाविव पतत्त्रिणः ॥१२॥

રખે, કોઈ એવું માની લેવાની ભૂલ કરે કે કોરી શુદ્ધ ક્રિયા એ જ....અધ્યાત્મનું સ્વરૂપ છે....

ના, નહિ જ અધ્યાત્મના તો બે અંશો છે.

(૬) આચારાંગ સૂત્ર-શીલાંકવૃત્તિ-૪ થું સમ્યક્ત્વાધ્યયન ૨ લો ઉદ્દેશો.

જીવંત શુદ્ધ જ્ઞાન અને જીવંત શુદ્ધક્રિયા....
એકના પણ અભાવમાં અધ્યાત્મ હોઈ શકે નહિ.[૭]

રથના ય બે જ ચક્રો છે ને ?
પક્ષીને ય બે જ પાંખો છે ને ?

[૩૭] तत्पञ्चमगुणस्थानादारभ्यैवैतदिच्छति ।
निश्चयो, व्यवहारस्तु पूर्वमप्युपचारतः ॥१३॥

નિશ્ચય-નય તો દેશવિરતિ નામના પાંચમા ગુણસ્થાનથી જ અધ્યાત્મ-ભાવ હોય તેમ માને છે. પરન્તુ પૂર્વે કહ્યા મુજબ ૧ લા ગુણસ્થાને રહેલા અપુનર્બન્ધકને કે ૪ થા ગુણસ્થાને રહેલા અવિરત સમ્યગ્દૃષ્ટિ આત્માને અધ્યાત્મ માનતો નથી. હા, વ્યવહાર-નય તો અહીં પણ અધ્યાત્મ માને છે કેમકે અપુનર્બન્ધકની કે અવિરત સમ્યગ્દૃષ્ટિની શુભક્રિયાઓ પાંચમા વિગેરે ગુણસ્થાનની અધ્યાત્મ ક્રિયાના કારણ રૂપ તો બને જ છે. માટે કારણમાં કાર્યનો ઉપચાર કરીને વ્યવહાર-નય આવું મન્તવ્ય ધરાવે છે.

[૩૮] चतुर्थेऽपि गुणस्थाने, शुश्रूषाद्या क्रियोचिता ।
अप्राप्तस्वर्णभूषाणां, रजताभूषणं यथा ॥१४॥

અહીં વ્યવહાર-નય પોતાના મન્તવ્યનું સમર્થન કરતાં કહે છે કે ચોથા ગુણસ્થાને પણ ઉચિત એવી દેવ-ગુરૂ શુશ્રુષાદિ સ્વરૂપ ક્રિયા હોય છે. ભલે અહીં વિરતિની ઉચ્ચ ક્રિયાઓ

(૭) તત્ત્વાર્થ સૂત્ર ૧ લો અધ્યાય ૧ લા સૂત્રની સિદ્ધસેનીયા ટીકા.

ન સંભવે પણ તેથી કાંઈ શુભક્રિયાનો અભાવ થોડો જ થઈ જાય છે ?

જેને સુવર્ણના દાગીના ન મળે તે ચાંદીના દાગીના તો પહેરી શકે છે ને? કાંઈ સાવ દાગીના વિનાનો જ થોડો બની જાય છે?

**[ ३९ ] अपुनर्बन्धकस्यापि, या क्रिया शमसंयुता ।**
**चित्रा दर्शनभेदेन, धर्मविघ्नक्षयाय सा ॥१५॥**

જેમ ચોથા ગુણસ્થાને દેવ-ગુરુ શુશ્રુષાદિ ક્રિયારૂપ અધ્યાત્મ સંભવે છે તેમ પહેલા ગુણસ્થાને રહેલો અપુનર્બન્ધક આત્મા ( જે હવે ભવ-ચક્રમાં કદી પણ ૭૦ કો. કો. સાગરોપમની મોહનીય-કર્મ સ્થિતિ બાંધવાનો નથી તે.) માં પણ શમ-સંવેગાદિ યુક્ત શુભક્રિયા સંભવે છે.

દર્શનોના ભેદને લીધે એ શુભક્રિયાઓ અનેક પ્રકારની હોય છે.

આ ક્રિયાને અધ્યાત્મ-સ્વરૂપ જરૂર કહી શકાય કેમકે તે પણ ઉપરના વિરતિ-વિગેરે ધર્મોની પ્રાપ્તિમાં આવતાં વિઘ્નોનો ક્ષય કરવા દ્વારા વિરતિ-ક્રિયાત્મક અધ્યાત્મનું કારણ બને છે.

વ્યવહારનય તો ઉપચારપરક છે માટે તેના મતે કાર્યભૂત વિરતિક્રિયા જો અધ્યાત્મ કહેવાય તો તેના કારણભૂત શમાદિયુક્તક્રિયા પણ અધ્યાત્મ કહી શકાય....

આ રીતે નિશ્ચયનયનું મન્તવ્ય કે, ' અધ્યાત્મ પાંચમા

વિગેરે ગુણસ્થાને જ સંભવે,' તેનું વ્યવહાર-નયે, અપુનર્બન્ધકાદિમાં પણ અધ્યાત્મની સિદ્ધિ કરીને-ખંડન કર્યું.... અને સ્વમત સ્થિર કર્યો....

[૪૦] अशुद्धाऽपि हि, शुद्धायाः क्रियाहेतुः सदाशयात् ।
तान्नं रसानुवेधेन स्वर्णत्वमधिगच्छति ॥१६॥

પ્ર-અપુનર્બન્ધકાદિ આત્માઓની ક્રિયાઓ તો સમ્યગ્જ્ઞાન પૂર્વકની નથી એટલે તેમાં તો ઘણી અશુદ્ધિઓ હોય એવી અશુદ્ધ ક્રિયા વિરતિ ધર્મની શુદ્ધ ક્રિયાનો હેતુ શી રીતે બની શકે? પછી કારણમાં કાર્યોપચારની વાત જ ક્યાં રહી?

ઉ—અશુદ્ધક્રિયા પણ મોક્ષાભિલાષના સુંદર આશય સાથે હોય તો બેશક તે પણ શુદ્ધક્રિયાનો હેતુ બની જાય.

તાંબા જેવા તાંબાને ય ધાતુવાદશાસ્ત્રમાં કહ્યા મુજબ સુવર્ણરસ ચડાવવામાં આવે તો તે ક્યાં સોનું નથી થઈ જતું?

અશુદ્ધક્રિયા છે તાંબુ, મોક્ષાભિલાષ છે સુવર્ણરસ અને શુદ્ધક્રિયા છે સુવર્ણ.[૮]

[૪૧] अतो मार्गप्रवेशाय, व्रतं मिथ्यादृशामपि ।
द्रव्यसम्यक्त्वमारोप्य, ददते धीरबुद्धयः ॥१७॥

અશુદ્ધક્રિયા પણ મુક્તિની અભિલાષાના સુંદર આશયને લીધે શુદ્ધક્રિયા બને છે એ હકિકતને લક્ષ્યમાં લઈને જ ધીર-બુદ્ધિમાન પુરૂષો મિથ્યાદષ્ટિ આત્માને પણ દ્રવ્યસમ્યક્ત્વ

૮. યોગવિંશિકા શ્લોક ૧૬માની ટીકા...

ઉચ્ચરાવીને અણુવ્રતોનું કે મહાવ્રતોનું દાન કરે છે કેમકે આ રીતે જ તેમનો શુદ્ધમાર્ગમાં પ્રવેશ થઈ શકે છે.[૯]

[૪૨] यो बुद्ध्वा भवनैर्गुण्यं, धीरः स्याद् व्रतपालने।
स योग्यो, भावभेदस्तु दुर्लक्ष्यो, नोपयुज्यते ॥१८॥

પ્રસ્તુત શ્લોકમાં વ્રતની યોગ્યતા કોનામાં છે તે બતાવે છે કે જે આત્મા (૧) ભવની નિઃસારતાને જાણતો હોય, અને તેથી (૨) વ્રતોના પાલનમાં ધીર બને તેવો હોય તે આત્માને વ્રતનું દાન થઈ શકે....

પ્ર—અંતરમાં વિરતિભાવ સ્પર્શ્યો છે કે નહિ તે તો જાણવું જોઈએ ને ?

ઉ—આપણા જેવા છદ્મસ્થને માટે આંતર–ભાવવિશેષને (અમુક ભાવને) જાણવાનું ઘણું મુશ્કેલ છે. એટલે વ્રતની યોગ્યતા જાણવા માટે આંતરભાવનો ઉપયોગ થઈ શકે તેમ નથી. માટે પૂર્વોક્ત ભવનૈર્ગુણ્યના જ્ઞાનપૂર્વકનું વ્રતપાલનધૈર્ય જોઈને જ વ્રતની યોગ્યતાનો નિશ્ચય કરી શકાય[૧૦]

[૪૩] नो चेद्भावापरिज्ञानात्सिद्ध्यसिद्धिपराहतेः ।
दीक्षाऽदानेन भव्यानां मार्गोच्छेदः प्रसज्यते ॥१९॥

જો આ વાત સ્વીકારવામાં ન આવે અને આંતરભાવના જ્ઞાનથી જ, વ્રતની યોગ્યતા કે અયોગ્યતાનો નિર્ણય કરવાનો

૯. ગુરૂતત્ત્વવિનિશ્ચય ૧ લો ઉલ્લાસ ૬૫ થી ૬૯ મી ગાથા.
(૧૦) (૧) ગુ. ત. વિનિશ્ચય ૧ લો ઉલ્લાસ ૬૯ મા શ્લોકની ટીકા.
(૨) પંચવસ્તુ શ્લોક ૧૬૪ થી ૧૭૯

આગ્રહ જારી રાખવામાં આવે–અર્થાત્ સુંદર આંતર–ભાવ સામી વ્યક્તિમાં હોય તો જ તે જાણીને દીક્ષા આપવી અને સુંદર આંતર પરિણામ ન હોય તો તે વ્યકિતને દીક્ષા ન આપવી એવો આગ્રહ રાખવામાં આવે—તો તો આંતર–ભાવનું જ્ઞાન આપણા જેવા છદ્મસ્થને માટે પ્રાયઃ શકય નથી માટે કોઈને પણ દીક્ષા આપી શકાશે જ નહિ....હવે તમે તો કહો છો કે જેનામાં સંયમનો પરિણામ જણાય તેને દીક્ષા આપવી પણ સંયમનો ભાવ તેનામાં છે કે નહિ તે તો જાણી શકાય તેમ નથી. આમ થતાં તો બે ય રીતે મુશ્કેલી ઊભી થાય છે–એક આત્મામાં વ્રતનો આંતર પરિણામ સિદ્ધ થઈ ગયો હોય તો તેને દીક્ષા આપવાની જરૂર જ રહેતી નથી! જેની સિદ્ધિ થઈ છે તેની હવે સાધના કેવી? સાધના તો અસિદ્ધને સાધવારૂપ હોય છે.

અને જો એક આત્માને વ્રતનો આંતર–ભાવ પ્રાપ્ત જ થયો નથી (અસિદ્ધ જ છે) તો તેને તો સુતરાં દીક્ષા આપી શકાશે નહિ કેમકે આંતરભાવ વિના દીક્ષા આપવાનો તમે નિષેધ જ કરો છો.

આમ ભાવની સિદ્ધિમાં અને ભાવની અસિદ્ધિમાં બે ય રીતે ભવ્યાત્માઓને દીક્ષાનું દાન ઊડી જશે. એટલે ટૂંકમાં દીક્ષાના માર્ગનો જ ઉચ્છેદ થઈ જવાની આપત્તિ આવશે.[૧૧]

(૧૧) (૧) ધર્મરત્ન પ્રકરણ ૩૬મા શ્લોકની ટીકા.
(૨) માર્ગ પરિશુધ્ધિપ્રકરણ–૧ શ્લો. ૭૫ થી ૭૮.

[૪૪] अशुद्धाऽनादरेऽभ्यासा-योगान्नो दर्शनाद्यपि ।
सिद्धयेन्निसर्गजं मुक्त्वा, तदप्याभ्यासिकं यतः ॥२०॥

વળી જો આ રીતે અશુદ્ધ ક્રિયાનો અનાદર કરવામાં આવે તો પછી બાળ જીવોમાં ક્રિયાનો જે અભ્યાસ છે તે અસિદ્ધ થઈ જશે કેમકે અભ્યાસ કાળની ક્રિયા તો અશુદ્ધ જ હોય. અને જો આ રીતે અભ્યાસકાળની ક્રિયા અસિદ્ધ થઈ જાય તો નિસર્ગસમ્યક્ત્વને છોડીને બાકીના અધિગમ સંમ્યક્ત્વાદિ પણ અસિદ્ધ થઈ જશે કેમકે તે અધિગમ-સમ્યકત્વાદિ પણ અભ્યાસદશાથી જ સાધ્ય છે. (નિસર્ગ-સમ્યક્ત્વ તદ્દભવની અભ્યાસદશા વિના પણ પ્રાપ્ત થઈ શકે છે માટે તેને છોડીને કહ્યું)

એટલે અશુદ્ધક્રિયાનો અનાદર કરવો ન જોઈએ.... અર્થાત્ અભ્યાસકાળની અશુદ્ધક્રિયાને અભ્યાસદશામાં તો ક્ષન્તવ્ય ગણવી જ જોઈએ.

આમ મોક્ષાભિલાષના સુંદર આશયપૂર્વકની અશુદ્ધ-ક્રિયા પણ શુદ્ધક્રિયાનો હેતુ બનીને અધ્યાત્મસ્વરૂપ બને છે એ વાત સ્થિર થઈ.

[૪૫] शुद्धमार्गानुरागेणाशठानां या तु शुद्धता ।
गुणवत्परतन्त्राणां सा न क्वापि विहन्यते ॥२१॥

પ્ર—દીક્ષાની યોગ્યતા તપાસતા ગુરૂને, શિષ્યમાં ભવનૈર્ગુણ્ય અને વ્રતપાલનધૈર્ય દેખાઇ આવે એવું કદાચ બને, પણ ખરેખર તો, જો એ શિષ્ય દંભી હોય અને એ દંભનો

ગુરૂને ખ્યાલ ન આવે તો તેને દીક્ષા આપવામાં મૃષાવાદાદિ દોષ ન લાગે? અયોગ્યને યોગ કહેવો એ મૃષાવાદ જ છે ને?

અથવા તો ભલે મુમુક્ષુ દંભી ન હોય પરન્તુ એનામાં વિરતિનો પરિણામ ન હોય અને છતાં ગુરૂ તેને દીક્ષા આપે તો ત્યાં પણ મૃષાવાદાદિ દોષ લાગે ને? વિરતિના પરિણામ વિનાના મુમુક્ષુને ગુરૂ, વિરતિના પરિણામવાળો કહે એ મૃષાવાદ જ કહેવાય ને?

આ બે ય પ્રશ્નના ઉત્તરમાં આ શ્લોકમાં કહ્યું કે, જે ગુરૂ (૧) શુદ્ધમાર્ગના-જિનાજ્ઞાના-કટ્ટર અનુરાગી અને આરાધક છે (૨) જેઓ દંભમુક્ત છે, (૩) અને જેઓ પોતાના ગુણિયલ ગુરૂને પરતન્ત્ર છે એવા ગુરૂમાં જે શુદ્ધતા છે એ એવા પ્રસંગમાં પણ હણાતી નથી....કહેવાનું તાત્પર્ય એ છે કે એવા ગુરૂમાં મૃષાવાદાદિ દોષ રૂપ અશુદ્ધિ સંભવતી નથી.[૧૨]

[૪૬] त्रिषयात्मानुबन्धैर्हि, त्रिधा शुद्धं यथोत्तरम् ।
ब्रुवते कर्म, तत्राद्यं, मुक्त्यर्थं पतनाद्यपि ॥२२॥

હવે ગ્રન્થકાર પરમર્ષિ ૩ પ્રકારની ક્રિયાઓ કહે છે.

(૧) વિષય શુદ્ધ ક્રિયા.

(૨) આત્મા-(સ્વરૂપ) શુદ્ધ ક્રિયા.

(૩) અનુબન્ધ શુદ્ધ ક્રિયા.

આ ક્રિયાઓ ઉત્તરોત્તર વધુને વધુ શુદ્ધ હોય છે.

---

(૧૨) (૧) ધર્મરત્નપ્રકરણ ૩૬ મા શ્લોકની ટીકા.
(૨) પંચવસ્તુ પ્રકરણ-શ્લો—૧૭૪-૧૭૫

**પહેલી વિષયશુદ્ધ ક્રિયા :–** જે ક્રિયાનો વિષય (લક્ષ્ય) શુદ્ધ હોય તે ક્રિયાને વિષયશુદ્ધક્રિયા કહેવાય.... મોક્ષના લક્ષ્યથી કાશીએ જઈને કરવત મુકાવવી અથવા ગીરનારની ભૈરવ શીલા ઉપરથી પડતું મૂકવું–આ બધી ક્રિયાઓ વિષય શુદ્ધ કહેવાય.

અહીં ક્રિયાનો વિષય મોક્ષ છે તે તો શુદ્ધ જ છે માટે આ ક્રિયાને વિષયશુદ્ધક્રિયા કહી.

[૪૭] अज्ञानिनां द्वितीयं तु, लोकदृष्ट्या यमादिकम् ।
तृतीयं शान्तवृत्त्या तत्, तत्त्वसंवेदनानुगम् ॥२३॥

**બીજી સ્વરૂપ શુદ્ધ ક્રિયા :–** જે ક્રિયાનું પોતાનું સ્વરૂપ લોકદૃષ્ટિમાં શુદ્ધ છે તે ક્રિયા સ્વરૂપશુદ્ધ ક્રિયા કહેવાય. અજ્ઞાની આત્માઓ જે યમ–નિયમાદિની ક્રિયાઓ કરે છે તે બધી સ્વરૂપશુદ્ધક્રિયા કહેવાય. (આ ક્રિયાનો વિષય મોક્ષ છે માટે તે વિષયશુદ્ધ તો કહેવાય જ.) અહીં યમ નિયમાદિ કર્મો પોતે (સ્વરૂપતઃ) શુદ્ધ છે માટે આને સ્વરૂપશુદ્ધ કર્મ (ક્રિયા) કહેવાય.

**ત્રીજી અનુબંધશુદ્ધ ક્રિયા :–** જ્યાં ચિત્તની પ્રશાન્તવાહિતા હોય, અને જ્યાં જ્ઞેય–હોય અને ઉપાદેયનું જ્ઞેય–હેય અને ઉપાદેય તરીકે જ્ઞાન હોય, એટલું જ નહિ પણ હેયનો ત્યાગ હોય, અને ઉપાદેયનો સ્વીકાર હોય એવી–સર્વવિરતિધર–આત્માની તત્ત્વસંવેદન નામના ત્રીજા જ્ઞાનપૂર્વકની જે ક્રિયા તે અનુબંધશુદ્ધ ક્રિયા કહેવાય....

આ ક્રિયાથી ઉત્પન્ન થતી શુભ કર્માદિની પરંપરા પણ શુદ્ધ હોય છે માટે એને અનુબંધશુદ્ધ ક્રિયા કહેવાય.

જે તત્ત્વ જે હેયાદિસ્વરૂપે હોય તે તત્ત્વનું તે જ સ્વરૂપે જે પરિણત જ્ઞાન થવું તે તત્ત્વસંવેદનજ્ઞાન કહેવાય....જે સર્વવિરતને જ હોય.[13]

[૪૮] आद्यान्नाज्ञानबाहुल्या – न्मोक्षबाधकबाधनम् ।
सद्भावाशयलेशेनोचितं जन्न, परे जगुः ॥२४॥

અનન્તર બે શ્લોકમાં ત્રણેય પ્રકારના શુદ્ધ કર્મ (ક્રિયા)–ના સ્વરૂપ કહ્યા. હવે અહીં પ્રશ્ન થાય કે શું આ ત્રણેય શુદ્ધ ક્રિયાઓ અધ્યાત્મ સ્વરૂપ છે? કેમકે આ અધિકારના બીજા શ્લોકમાં શુદ્ધ ક્રિયાને અધ્યાત્મ કહેલ છે?

આ પ્રશ્નના સમાધાન રૂપે આ શ્લોકમાં ગ્રંથકારશ્રી કહે છે કે ૧ લું વિષયશુદ્ધ કર્મ એ ભલે વિષયથી શુદ્ધ હોય તો પણ તેને અધ્યાત્મ સ્વરૂપ કહી શકાય નહિ કેમકે આ કર્મવાળા આત્મામાં અજ્ઞાનનું પ્રમાણ પુષ્કળ હોય છે એટલે મોક્ષના જે બાધક યોગો (સંસાર ભાવ) તેનો બાધ કરવાની–તેમને ખસેડવાની–આ કર્મમાં તાકાત હોતી નથી. જો તે તાકાત આ કર્મમાં હોત તો મોક્ષાનુકૂળ–અનુબન્ધ શુદ્ધ–ક્રિયાઓનું કારણ બનવા દ્વારા આ કર્મ અધ્યાત્મ સ્વરૂપ બની જાત....

આ વિષયમાં બીજા કેટલાક એમ કહે છે કે ભલે

(૧૩) અષ્ટક પ્રકરણ–પૃ. ૩૬.

વિષયશુદ્ધક્રિયાઓ સ્વતઃ મોક્ષનું કારણ ન બને પણ એ ક્રિયા કરનાર આત્મા, મોક્ષાભિલાષના સુંદર ભાવપૂર્વક જ એ કર્મ કરે છે ને? આમ સદ્ભાવનો લેશ પણ ત્યાં છે જ. એટલે તેવા સદ્ભાવવાળી તે ક્રિયા, તે આત્માને ભવાંતરમાં મોક્ષને અનુકૂળ એવાં કુળ-જાતિ વગેરેવાળા સ્થાને જન્મ આપે અને ત્યાંથી તે આત્મા મોક્ષ પ્રાપ્ત કરે.......આમ મોક્ષાનુકૂળ ક્રિયામાં વિષયશુદ્ધ ક્રિયા પણ હેતુ બની શકે છે.

આ વાત ગ્રન્થકાર પરમર્ષિને પોતાને માન્ય નથી એ વાત 'બીજાઓ આમ કહે છે' એમ કહીને તેમણે સૂચવી છે. એનું કારણ એ છે કે વિષયશુદ્ધક્રિયાઓ અત્યન્ત સાવદ્ય હોય છે માટે તેને તો અત્યન્ત નિરવદ્ય મોક્ષનો હેતુ કહી શકાય જ નહિ. સામાન્યતઃ નિરવદ્યનો હેતુ નિરવદ્ય જ હોય. એ દૃષ્ટિએ વિષયશુદ્ધક્રિયા મોક્ષનો હેતુ નથી કિન્તુ એ ક્રિયાકારક આત્મામાં રહેલો મોક્ષાભિલાષ જ મોક્ષનો હેતુ છે એમ કહેવું જોઈએ. ખેર....ગ્રન્થકાર પરમર્ષિ વિષયશુદ્ધક્રિયાને અધ્યાત્મ સ્વરૂપ કહેવાનો સ્પષ્ટ ઈન્કાર કરે છે.

[ ૪૯ ] द्वितीयाद्दोषहानिः स्यात्काचिन्मण्डूकचूर्णवत् ।
आत्यन्तिकी तृतीयात्तु गुरुलाघवचिन्तया ॥२५॥

બીજી સ્વરૂપશુદ્ધક્રિયાથી કાંઈક દોષહાનિ થાય છે પણ તે દોષહાનિ મરેલા દેડકાના શરીરના કરેલા ચૂર્ણ જેવી હોય છે. એટલે જન્માન્તરોમાં નિમિત્ત પામતાની સાથે જ અગણિત દોષો એકદમ જાગી પડે છે.

કહેવાય છે કે દેડકાના દેહનું ચૂર્ણ રેતીમાં મળી જાય પણ જ્યારે ક્યારે વરસાદ પડે ત્યારે તે ચૂર્ણના દરેક કણ-માંથી એકેકો દેડકો ઉત્પન્ન થઈ જાય. આમ તત્કાળ એક દેડકાનો નાશ થવા છતાં વર્ષાના જલનો સ્પર્શ થતાં જ લાખો દેડકાઓ ઉત્પન્ન થઈ જાય છે.

પણ જે ત્રીજી અનુબન્ધશુદ્ધ ક્રિયા છે એનાથી તો સર્વથા દોષહાનિ થઈ જાય છે. કેમકે અહીં શાસ્ત્રોક્ત ગૌરવ-લાઘવનું જ્ઞાન જોડાય છે.

દેડકાના દેહના જે ચૂર્ણની અગ્નિથી ભસ્મ બનાવી દીધી, તેમાંથી પછી લાખ વર્ષા-જલના સંયોગ થાય તો પણ એકે ય દેડકો ઉત્પન્ન થઈ શકતો નથી. તેવું જ આ દોષ-હાનિનું સમજવું.[૧૪]

[૫૦] अपि स्वरूपतः शुद्धा, क्रिया तस्माद्विशुद्धिकृत् ।
मौनीन्द्रव्यवहारेण मार्गबीजं दृढादरात् ॥२६॥

આ શ્લોકમાં સૂચવેલું 'તસ્માત્' પદ ઉપસંહાર-સુચક છે.

'અશુદ્ધક્રિયા પણ જો મોક્ષાભિલાષના સદાશયથી શુદ્ધ ક્રિયાનો હેતુ બને તો તે અધ્યાત્મસ્વરૂપ કહેવાય' એવું પ્રતિપાદન પ્રસ્તુત અધિકારના સોળમા શ્લોકમાં કર્યું છે એ વાતને અનુલક્ષીને ઉપસંહાર કરતાં ગ્રન્થકાર કહે છે કે, તેથી યમ-

(૧૪) (૧) ઉપદેશરહસ્ય ગા. ૭ મી (૨) યોગબિન્દુ શ્લોક-૨૧૧-૨૧૭-૨૨૦. (૩) વિંશતિવિંશિકા ૨૨૧ શ્લોક ૨૦ મો. (૪) ઉપદેશ રહસ્ય પૃ. ૩.

નિયમાદિની સ્વરૂપતઃ શુદ્ધક્રિયા પણ મોક્ષ પ્રત્યેના દૃઢ આદરને લીધે માર્ગનું બીજ (હેતુ) બને છે અને તે દૃઢાદરથી (જન્માન્તરમાં) જિનેશ્વરદેવનો નિશ્ચય મુખી વ્યવહાર ધર્મ પ્રાપ્ત થાય છે અને એ વ્યવહાર ધર્મથી આત્મ વિશુદ્ધિ થાય છે. આમ અનુબન્ધશુદ્ધક્રિયાની જેમ સ્વરૂપશુદ્ધક્રિયા પણ (પરંપરયા) આત્મશુદ્ધિ કરનારી બને છે માટે તેને જરૂર અધ્યાત્મ સ્વરૂપ કહી શકાય.

આ રીતે ગ્રન્થકાર પરમર્ષિએ વિષયશુદ્ધક્રિયા સિવાયની બાકીની બે–સ્વરૂપશુદ્ધ અને અનુબન્ધશુદ્ધ–ક્રિયાને અધ્યાત્મ સ્વરૂપ કહી.

[૫૧] गुर्वाज्ञापारतन्त्र्येण द्रव्यदीक्षाग्रहादपि ।
वीर्योल्लासक्रमात्प्राप्ता बहवः परमं पदम् ॥२७॥

અશુદ્ધ એવી પણ દ્રવ્યક્રિયા સદાશયને લીધે અનાદરણીય નથી કિન્તુ શુદ્ધક્રિયાનો હેતુ બનવાથી આદરણીય છે એ વાત તદ્દન વાસ્તવિક છે કેમકે એવા અનન્ત આત્માઓ થઈ ગયા જેમનામાં માત્ર ગુરૂપારતન્ત્ર્યનો સદાશય હતો અને એ સદાશયપૂર્વક જેમણે અગણિત અશુદ્ધિવાળી દ્રવ્ય દીક્ષા લીધી હતી. છતાં પેલા સદાશયને લીધે અપૂર્વ વીર્યોલ્લાસ ક્યારેક જાગી ગયો અને એ અનન્ત આત્માઓ શુદ્ધક્રિયાને પામી ગયા અને મુક્તિના મંગળ ધામે પહોંચી ગયા.

[૫૨] अध्यात्माभ्यासकालेऽपि क्रिया काप्येवमस्ति हि ।
शुभौघसंज्ञानुगतं ज्ञानमप्यस्ति किञ्चन ॥२८॥

એટલે અધ્યાત્મની અભ્યાસદશામાં અપુનર્બન્ધકાદિને પણ શમાદિયુક્ત કેટલીક શુદ્ધક્રિયા સંભવી શકે છે અને શુભઓઘસંજ્ઞાવાળું કાંઈક જ્ઞાન પણ હોઈ શકે છે.

વસ્તુતત્ત્વનું-વિપર્યાસ વિનાનું-જ્ઞાન તે શુભજ્ઞાન કહેવાય.

વસ્તુતત્ત્વના ઘણા વિશેષોનું અવધારણ કરવામાં અસમર્થ એવું જે સામાન્ય જ્ઞાન તે ઓઘજ્ઞાન કહેવાય.

[૫૩] अतो ज्ञानक्रियारूपमध्यात्मं व्यवतिष्ठते ।
एतत्प्रवर्धमानं स्यान्निर्दम्भाचारशालिनाम् ॥२९॥

આમ અપુનર્બન્ધકાદિ અવસ્થાવર્તી જીવોમાં પણ જ્ઞાન ક્રિયાસ્વરૂપ અધ્યાત્મ હોઈ શકે છે એ વાત સ્થિર થઈ જાય છે.

આ અધ્યાત્મ-ભાવ, તેનો જ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો જાય જેનો આત્મા દાંભિક આચારથી ખરડાએલો ન હોય.

# દમ્ભ—ત્યાગ

૩

સમગ્ર સંસાર છોડી દેવાનું હજી સહેલ છે...પણ દંભના આંચળાને ત્યાગી દેવાનું, એક મહાભારત કામ બની જાય છે.

સારા ન હોવા છતાં સારા તરીકે દેખાડવાની વૃત્તિમાંથી જ આવા દાંભિક જીવનનો જન્મ થાય છે.

દંભ એટલે લોઢાની નાવ. એમાં બેસનારો ત્યાગી હોય કે તપસ્વી હોય, જ્ઞાની હોય કે ધ્યાની હોય...ગમે તે હોય. તો પણ તે આ સંસાર સમુદ્રનો કદાપિ પાર ન પામી શકે.

## 卐 દમ્ભ-ત્યાગ 卐

[૫૪] दम्भो मुक्तिलतावह्निर्दम्भो राहुः क्रियाविधौ ।
दौर्भाग्यकारणं दम्भो, दम्भोऽध्यात्मसुखार्गला ॥ १ ॥

દંભ ત્યાગે એનો અધ્યાત્મ-ભાવ સતત વધતો જાય એ વાત અનન્તર શ્લોકમાં કરી. અહીં હવે એ પ્રસંગથી ગ્રન્થકાર પરમર્ષિ દંભ ત્યાગાધિકાર રજુ કરે છે.

દંભ એટલે ?

મુક્તિ-લતાને બાળીને ખાખ કરી દેતો ભયાનક અગ્નિ !
ક્રિયા રૂપી ચન્દ્રને ગળી જતો રાહુ !
દૌર્ભાગ્યનું જબ્બર કારણ !
અને....અધ્યાત્મ-સુખની તો લોહમયી બેડી !

[૫૫] दम्भो ज्ञानाद्रिदम्भोलिर्दम्भः कामानले हविः ।
व्यसनानां सुहृद्दम्भो, दम्भश्चौरो व्रतश्रियः ॥ २ ॥

દંભ એટલે ?
જ્ઞાન-પર્વતનો ભુક્કો બોલાવી દેતું વજ્ર !
કામાગ્નિને ભડકે બાળતી આહૂતિ !
આપત્તિઓનો દિલોજાન દોસ્ત !
સંયમીની વ્રત-લક્ષ્મીને ઉઠાવી જતો નામચીન ધાડપાડુ !

[૫૬] दम्भेन व्रतमास्थाय यो वाञ्छति परं पदम् ।
लोहनावं समारुह्य सोऽब्धेः पारं यियासति ॥ ३ ॥

રે ! દંભપૂર્વક વ્રતો લઈને પરમ પદની પ્રાપ્તિની અભિલાષા ! ના ના દંભીને વળી પરમપદ કેવું !

લોઢાના નાવમાં ચડીને સમુદ્રને પેલે પાર જવાની ઈચ્છા ! કેવી વાહિયાત વાત !

[૫૭] किं व्रतेन तपोभिर्वा दम्भश्चेन्न निराकृतः ।
किमादर्शेन किं दीपै–र्यद्यान्ध्यं न दृशोर्गतम् ॥ ४ ॥

રે ! સર્યું એ વ્રતોથી અને તપ–જપથી, જો જીવનમાંથી દંભનો પગદંડો ઊખેડી નાંખ્યો ન હોય !

શી જરૂર છે ઓલા દર્પણની કે મોટા દીવડાની; જો આંખે જ અંધાપો હોય તો !

[૫૮] केशलोचधराशय्या – भिक्षाब्रह्मव्रतादिकम् ।
दम्भेन दूष्यते सर्वं, त्रासेनेव महामणिः ॥ ५ ॥

હાય ! આ દંભથી તો બધું ય ખરડાઈ જાય !

કેશલોચ ! ધરતીએ સંથારો ! ભિક્ષા ! અને બ્રહ્મચર્યાદિ વ્રતો ! બધું ય નકામું થઈ જાય !

ભલે ને મહામૂલો મણિ હોય પણ એને ય છાંટ (મણિનો દોષ) લાગી જાય પછી એના મૂલ શા રહે !

[૫૯] सुत्यजं रसलाम्पट्यं सुत्यजं देहभूषणम् ।
सुत्यजाः कामभोगाद्या, दुस्त्यजं दम्भसेवनम् ॥ ६ ॥

હજી બહુ સહેલો છે રસની લોલુપતાનો ત્યાગ !

રે ! સરળ છે દેહની વિભૂષાનો બહિષ્કાર !

અને સુશક્ય છે કામ-ભોગોનો ઈન્કાર !

પણ....લોઢાના ચણા ચાવવાથી ય વધુ મુશ્કેલ છે દાંભિકતાનો ધિક્કાર !

[૬૦] स्वदोषनिह्नवो लोकपूजा स्याद् गौरवं तथा ।
इयतैव कदर्थ्यन्ते, दम्भेन बत बालिशाः ॥ ७ ॥

અરે ! આ મૂર્ખાઓની જમાત તો જુઓ ! એ લોકો દંભનો આંચળો ઓઢે એટલે એમના દોષો ઢંકાઈ જાય, લોકો થોડો પૂજા-સત્કાર કરે અને આ રીતે દુનિયામાં થોડું માન-પાનનું ગૌરવ પણ મળી જાય ! બસ, આટલી જ એમની સિદ્ધિ !

આટલામાં તો બિચારા કેટલા લેવાઈ જાય છે !

[૬૧] असतीनां यथा शील-मशीलस्यैव वृद्धये ।
दम्भेनाव्रतवृद्ध्यर्थं व्रतं वेषभृतां तथा ॥ ८ ॥

અસતીના શીલ (પરને આકર્ષવા માટેના), અશીલની જ વૃદ્ધિ કરે છે ને ?

તેમ વેષધારીઓના વ્રત પણ દંભ દ્વારા પાપની જ વૃદ્ધિ કરે છે.

[૬૨] जानाना अपि दम्भस्य स्फुरितं बालिशा जनाः ।
तत्रैव धृतविश्वासाः प्रस्खलन्ति पदे पदे ॥९॥

રે ! કેવા નાદાન લોકો ! પ્રપંચી જીવનના આગામી કટુ વિપાકોના ભડકાઓને જાણવા છતાં....તેવા જ જીવનમાં,

પોતાના સુખની દૃઢ કલ્પના કરતા ડગલે ને પગલે ઠોકરો ખાતા રહે છે.

[६३] अहो मोहस्य माहात्म्यं दीक्षां भागवतीमपि ।
दम्भेन यद्विलुम्पन्ति कज्जलेनेव रूपकम् ॥१०॥

રે ! મોહની તે આ કેવી અકળ લીલા ! કે, તે પારમેશ્વરી ઉજ્વળ પ્રવ્રજ્યાને પણ દંભના દોષથી ખરડી નાંખે છે.

કાજળથી ચિત્ર ખરડાય તેમ !

[६४] अब्जे हिमं, तनौ रोगो, वने वह्निर्दिने निशा ।
ग्रन्थे मौर्ख्यं, कलिः सौख्ये, धर्म्मे दम्भ उपप्लवः ॥११॥

શતદલ કમલ ઉપર હિમનું પતન એ ત્રાસરૂપ છે.

શરીરમાં રોગ એ ઉપદ્રવ છે.

વનમાં આગ લાગવી.....

કે, ભરબપોરે અંધકાર છાઈ જવો.

કે, ગ્રન્થ-લેખનમાં મૂર્ખતાનું પ્રદર્શન થવું;

કે, સુખસભર સ્નેહીજનોમાં કલેશ મચવો એ-બધા ય ઉપદ્રવો છે.

તો, ધર્મ-ચર્યામાં દાંભિકતા હોવી એ ય ત્રાસ જ નથી શું !

[६५] अत एव न यो धर्तुं मूलोत्तरगुणानलम् ।
युक्ता सुश्राद्धता तस्य न तु दम्भेन जीवनम् ॥१२॥

દંભની ભયાનકતા આટલી બધી છે માટે જ એમ

કહી શકાય કે જેઓ ચરણ સિત્તરી રૂપ મૂલગુણોને અને કરણસિત્તરી રૂપ ઉત્તરગુણોને સારી પેઠે ધારણ કરવાને સમર્થ નથી તેમણે તો સુંદર એવું શ્રાવકપણું સ્વીકારી લેવું એ જ યોગ્ય છે. પરન્તુ દંભનો મહોરો પહેરીને સાધુ તરીકે જીવવું એ તો બિલકુલ ઉચિત નથી.

[૬૬] परिहर्तुं न यो लिङ्ग—मप्यलं दृढरागवान् ।
संविज्ञपाक्षिकः स स्या-न्निर्दम्भः साधुसेवकः ॥१३॥

ખેર, કેટલાક આત્મા એવા પણ હોય છે જેઓ સાધુ-વેષ ઉપર દૃઢરાગ ધરાવે છે અને તેથી સાધુ વેષ મૂકી દેવાનું તેમની તાકાત બહારનું કાર્ય બની જાય છે. ભલે, તો પણ આવા સાધુઓએ 'સંવિજ્ઞ સાધુ' તરીકે જગતમાં પંકાવાનું ત્યાગી દઈને 'સંવિજ્ઞપાક્ષિક' તરીકે પોતાને જાહેર કરવા જોઈએ. અને દંભ મુક્ત બનીને સુવિહિત સાધુના સેવક બની રહેવું જોઈએ.[૧૫]

[૬૭] निर्दम्भस्यावसन्नस्या—प्यस्य शुद्धार्थभाषिणः ।
निर्जरां यतना दत्ते स्वल्पापि गुणरागिणः ॥१४॥

આવા સાધુસેવક-સંવિજ્ઞપાક્ષિક 'અવસન્ન' કહેવાય છે. (૧) આવો સાધુ પણ દંભત્યાગ કરીને રહે અને (૨) આચારમાં શૈથિલ્ય છતાં જિનવચનની શુદ્ધ પ્રરૂપણા કરતા કહી

૧૫ (૧) દ્વા. દ્વા. ૩૭ શ્લોક ૨૮ મો.
(૨) ઉપદેશમાળા. શ્લોક. ૫૦૧ થી ૫૦૪, તથા ૫૧૩.

ય પાછા ન હટે (૩) અને ગુણરાગી હોય તો તેમની થોડી પણ યતના કર્મ-નિર્જરાને કરાવનારી બની રહે છે.[૧૬]

[૬૮] व्रतभारासहत्वं ये विदन्तोऽप्यात्मनः स्फुटम् ।
दम्भाद्यतित्वमाख्यान्ति तेषां नामापि पाप्मने ॥१५॥

પરન્તુ 'વ્રતનો મેરૂભાર સહવાને પોતાનો આત્મા તદ્દન અસમર્થ છે' એવું સારી રીતે જાણવા છતાં પણ જે વેષધારીઓ વિશ્વના ભાવુક આત્માઓ સાથે પ્રપંચના ખેલ ખેલી પોતાની જાતને 'સુવિહિત યતિ' તરીકે બીરદાવે છે તેમનું તો નામ લેવું એ ય પાપ છે.

[૬૯] कुर्वते ये न यतनां सम्यक् कालोचितामपि ।
तैरहो यतिनाम्नैव दाम्भिकैर्वञ्च्यते जगत् ॥१६॥

તે તે કાળને ઉચિત એવી યતનાયુક્ત આવશ્યક ક્રિયાને પણ જેઓ કરતા નથી તે ધૂર્તોએ તો 'યતિ' ના નામથી જ આખા વિશ્વને ઠગ્યું!

[૭૦] धर्मीतिख्यातिलोभेन प्रच्छादितनिजाश्रवः ।
तृणाय मन्यते विश्वं हीनोऽपि धृतकैतवः ॥१७॥

રે! કપટી દુનિયાની આ કેવી દુર્દશા!

લોકોમાં પોતાને ધર્મી કહેવડાવવાની મહત્વાકાંક્ષાથી પોતાના પાપોના મેલાં ઢાંકી રાખે છે!

૧૬ ગચ્છાચાર પયન્નો ગા. ૩૨, ૩૩.

અને એ દંભી પોતે જ તણખલાં જેવા દીન-હીન હોવા છતાં આખા વિશ્વને તણખલાં જેવું માને છે !!!

[૭૧] आत्मोत्कर्षात्ततो दम्भी परेषां चापवादतः ।
बध्नाति कठिनं कर्म बाधकं योगजन्मनः ॥१८॥

દંભી આત્મા આત્મશ્લાઘા અને પરનિન્દા કરી કરીને કાળા કર્મ બાંધે છે. જે કર્મ મુક્તિની યોગસાધના પરિપૂર્ણ જીવનની પ્રાપ્તિને અટકાવી રાખનાર બને છે.

[૭૨] आत्मार्थिना ततस्त्याज्यो दम्भोऽनर्थनिबन्धनम् ।
शुद्धिः स्यादृजुभूतस्ये-त्यागमे प्रतिपादितम् ॥१९॥

માટે જ, આત્માર્થી જીવે, અગણિત અનર્થોના ઉત્પાદક આ દંભનો ત્યાગ કરી દેવો જોઈએ. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, 'આત્મ-શુદ્ધિ તો સરળ આત્માની જ થાય.' અને સરલાત્મામાં જ ધર્મ સ્થિર થાય છે.[૧૭]

[૭૩] जिनैर्नानुमतं किंचि-न्निषिद्धं वा न सर्वथा ।
कार्ये भाव्यमदम्भेने-त्येषाऽऽज्ञा पारमेश्वरी ॥२०॥

જિનેશ્વર ભગવંતોએ નથી તો કોઈ ધર્મનું એકાંતે વિધાન કર્યું કે નથી તો કોઈ બાબતનો એકાંતે નિષેધ કર્યો! એ પરમતારકોની તો એ જ આજ્ઞા છે કે વિહિત બધું કરો, નિષિદ્ધ બધું ત્યાગો પણ દંભમુક્ત બનીને જ. જો દંભ છે તો તે

૧૭ ઉત્તરા. સૂત્ર ૩ જું-શ્લોક ૧૨ મો.

બધું ય નિષ્ફળ છે. માટે દંભ–ત્યાગ એ જ સર્વ પ્રથમ અને સદાનું કર્તવ્ય બની રહે છે.[૧૮]

[૭૪] अध्यात्मरतचित्तानां दम्भः स्वल्पोऽपि नोचितः ।
छिद्रलेशोऽपि पोतस्य सिन्धुं लङ्घयतामिव ॥२१॥

અધ્યાત્મ–ભાવમાં જેમના ચિત્ત મસ્તાન બની ગયા છે એ આત્માઓને તો દંભનો લવલેશ પણ સ્પર્શવાનું ઉચિત નથી, રે! દંભને એ સ્પર્શી શકતા જ નથી.

સમંદરને પાર ઉતરતા મુસાફરોની હોડીમાં એક નાનકડું પણ છિદ્ર કેમ નભાવી લેવાય?

[૭૫] दम्भलेशोऽपि मल्ल्यादेः स्त्रीत्वानर्थनिबन्धनम् ।
अतस्तत्परिहाराय यतितव्यं महात्मना ॥२२॥

રે! આ રહ્યું સાક્ષાત્ દૃષ્ટાન્ત દંભની જીવલેણ ખતરનાકતાનું! મલ્લિનાથ ભગવંતનો એક પૂર્વભવ! દંભનો કણિયો જ અડી ગયો હતો ને?

અને તેનું પરિણામ? ખુદ તીર્થંકરના ભવમાં જ સ્ત્રી તરીકે જન્મ લેવો પડ્યો! આ ગંભીર બાબતને લક્ષ્યમાં રાખીને મહાત્માઓએ પોતાના જીવનમાંથી દંભના પાપને દૂર કરવા સતત યત્નશીલ બની રહેવું જોઈએ

卐

૧૮ (૧) ઉપ. પદ ગા. ૭૭૯.
(૨) અઢાર પાપસ્થાનકની સજ્ઝાય. ૮મી માયાસ્થાનક સજ્ઝાય.

## ભવ સ્વરૂપ ચિન્તા

૪

જાગતા રે'જો ! કદી ન વીસરી જશો ભવની ભયાનકતાને !

જુદી જુદી ઉપમાઓ આપીને મહર્ષિઓએ એની ભયંકરતાને આપણી આંખ સામે ખડી કરી દીધી છે !

જરા આંખ મીંચો ! કેવા પસાર થઈ રહ્યા છે ભવના બીહામણા સ્વરૂપો !

જુઓ ઘૂઘવાટ કરતો ભીષણ મસ્તીએ ચડેલો ભવ સમંદર !

જુઓ સહુને ભરખી જવા મથતી ચારેકોર ફેલાતી ભડભડ બળતી આગ !

જુઓ બિહામણી આકૃતિવાળો ભયાનક ભવપિશાચ !

સાચે જગતમાં સુખી તો છે સંતો જેણે આ ભવના ફેરા મીટાવી દીધા છે !

ભવમાં રહેવા છતાં જેમને એ ભવનો પડછાયો પણ અડી શકતો નથી !

## 卐 ભવસ્વરૂપ ચિન્તા 卐

[૭૬] तदेवं निर्दम्भाचरणपटुना चेतसि भव—
स्वरूपं संचिन्त्यं क्षणमपि समाधाय सुधिया ॥
इयं चिन्ताऽध्यात्मप्रसरसरसीनीरलहरी,
सतां वैराग्यास्थाप्रियपवनपीना सुखकृते ॥ १ ॥

નિર્દમ્ભ આચરણ કરવામાં પટુ એવા બુદ્ધિમાન્ પુરૂષે ચિત્તને ક્ષણભર પણ સમાધિમાં સ્થિર કરીને, ભવ-સ્વરૂપનું ચિન્તન કરવું જોઈએ. કેમકે અધ્યાત્મનો પ્રસાર પામેલા સરવરીયાના નીરની લહરીઓ સમી આ ભવ-સ્વરૂપ ચિન્તા છે. આ લહરીઓ વૈરાગ્યની શ્રદ્ધારૂપ પ્રિયપવનથી પરિપુષ્ટ બનીને સજ્જનોના સુખ માટે બને છે.

[૭૭] इत: कामौर्वाग्निर्ज्वलति परितो दु:सह इत: ।
पतन्ति ग्रावाणो विषयगिरिकूटाद्विघटिता: ॥
इत: क्रोधावर्तो विकृतितटिनीसङ्गमकृत: ।
समुद्रे संसारे तदिह न भयं कस्य भवति ॥ २ ॥

અહો ! આ સંસાર-સાગર તો જુઓ !

આ બાજુ દુઃસહ એવો કામ રાગરૂપી વડવાનળ ચોમેર ભડકે જલી રહ્યો છે,

ને આ તરફ તો જુઓ ! વિષય-પર્વતોના શિખરો ઉપરથી તૂટી પડેલા પત્થરોનો વરસાદ વરસી રહ્યો છે !

અને આ શું! વિકારોરૂપી નદીઓઓનાં નીર સાગરમાં ભળતા જ ત્યાં ઉત્પન્ન થતા ક્રોધના વમળો કેવી ઘૂમરીઓ લઈ રહ્યા છે!

ચારે બાજુ તોફાન જાગ્યું છે. કોણ આ સંસાર–સાગરથી ભયભીત ન થાય!

[૭૮] प्रिया ज्वाला यत्रोद्वमति रतिसन्तापतरला ।
कटाक्षान् धूमौघान् कुवलयदलश्यामलरुचीन् ॥
अथाङ्गान्यङ्गाराः कृतबहुविकाराश्च विषयाः ।
दहन्त्यस्मिन् वह्नौ भववपुषि शर्म क्व सुलभम् ॥ ३ ॥

અહો! આ સંસાર સ્વરૂપ (વપુષ) અગ્નિ કેવો પ્રજવળ્યો છે!

રતિના સંતાપથી ચંચળ બનેલી પ્રિયારૂપી જવાળાઓ ભીષણ આવેગથી બહાર નીકળી રહી છે!

નીલકમલદળની શ્યામલકાન્તિવાળા લલનાના કટાક્ષરૂપી ધુમાડાના સમૂહ તો જુઓ!

અને આ અંગોપાંગરૂપી અંગારા!

પેલી અનેક વિકારોને જન્મ દેતી ઈન્દ્રિયો!

આવા સર્વભક્ષી હુતાશનસમા સંસાર વહ્નિમાં તો સુખ ક્યાંથી સુલભ હોય!

[૭૯] गले दत्त्वा पाशं तनयवनितास्नेहघटितम् ।
निपीड्यन्ते यत्र प्रकृतिकृपणाः प्राणिपशवः ॥

नितान्तं दुःखार्ता विषमविषयैर्घातकभटै- ।
र्भवः सूनास्थानं तदहह महासाध्वसकरम् ॥ ४ ॥

ઓહ ! આ સંસાર ! નર્યું કસાઈખાનું !

પુત્ર પત્ની આદિના સ્નેહનું દોરડું ગળામાં કચકચાવીને લગાવી દઈને સ્વભાવથી જ રાંકડા એવા જીવરૂપી પશુઓ પેલા ખાટકી દ્વારા કેવો ત્રાસ પામી રહ્યા છે!

કોઈ પળ નહિ જ્યાં તેમને શાન્તિ હોય!

વિષમ–વિષયોરૂપી ખાટકીઓના ત્યાં ત્રાસ વણથંભ્યા ચાલ્યા જ કરવાના! અહો! અત્યન્ત ભયંકર છે આ કસાઈખાનું !

[૮૦] अविद्यायां रात्रौ चरति वहते. मूर्ध्नि विषमम् ।
कषायव्यालौघं क्षिपति विषयास्थीनि च गले ॥
महादोषान् दन्तान् प्रकटयति वक्रस्मरमुखो ।
न विश्वासार्होऽयं भवति भवनक्तञ्चर इति ॥ ५ ॥

મૈયારી ! આ સંસારરૂપી રાક્ષસ કેટલો ભયાનક દેખાય છે !

અવિદ્યારૂપી અમાવસ્યાની કાજળ વરસતી રાત્રિએ ધમધમ કરતો ચાલ્યો જાય છે,

માથા ઉપર તો કષાયરૂપી ભયંકર ભોરીંગોને ધારણ કર્યા છે,

વિષયરૂપી હાડકાંની માળા ગળે લટકાવી છે,

અને મહાદોષરૂપી મોટા દાંત કેવા બહાર કાઢ્યા છે!

અને આ કામસંજ્ઞારૂપ એનું વીકરાળ મુખ !
આવા સંસાર ઉપર તો શે' ભરોસો રખાય !

[૮૧] जना लब्ध्वा धर्मद्रविणलवभिक्षां कथमपि ।
प्रयान्तो वामाक्षीस्तनविषमदुर्गस्थितिकृता ॥
विलुटयन्ते यस्यां कुसुमशरभिल्लेन बलिना ।
भवाटव्यां नास्यामुचितमसहायस्य गमनम् ॥ ६ ॥

અરે! ગજબ થઇ ગયો! સાંભળો.

કેટલાક માણસો કોઈ ગુરૂ ભોમીયાની સહાય વિના જ સંસાર વનને પાર કરવાનું સાહસ કરવા તૈયાર થયા! ગમે તે રીતે થોડા ધર્મરૂપી ધનની ભિક્ષા મહામુશીબતે મેળવીને ચાલવા લાગ્યા. ચાલતા ચાલતા રસ્તામાં એક વિકટ કિલ્લો આવ્યો. એનું નામ હતું લલના સ્તન. આ બંદાઓ ત્યાં બેઠા! પણ, થોડી જ વાર થઈ ત્યાં તો મહાબળવાન કામ-ભિલ્લ આવ્યો. અને એ બધા ય ને સાવ લૂંટી લીધા! અંગ ઉપર એક ચીંદરડી ય ન રહેવા દીધી! માટે હે મુસાફરો! સમજી રાખજો કે આ ભવાટવીમાં કોઇની પણ સહાય વિના જવાનું બિલકુલ ઉચિત નથી. [૧૯]

[૮૨] धनं मे गेहं मे मम सुतकलत्रादिकमतो ।
विपर्यासादासादितवितत्तदुःखा अपि मुहुः ॥
जना यस्मिन् मिथ्यासुखमदभृतः कूटघटना–
मयोऽयं संसारस्तदिह न विवेकी प्रसजति ॥ ७ ॥

---

૧૯ ભર્તૃહરિશતકઃ કામિનીકાયકાન્તારે.

હે વિવેકી પુરૂષો ! સાંભળજો કાન દઈને પેલા પાગલને !

" આ ધન મારૂં, આ ઘર પણ મારૂં ! હું બચરવાળ! હું ખેતરપાળ ! આ મારી પત્ની ! હું એનો પતિ !

કેવો બુદ્ધિનો ભ્રમ ! આ ભ્રમને લીધે કેવા વિરાટ દુ:ખો બિચારાએ વારંવાર પ્રાપ્ત કર્યાં ! પણ તેમ છતાં એ પાગલ એમાં પણ સુખનું અભિમાન ધારણ કરે છે !

અહો ! આ સંસાર ! કેવી કેવી કૂટ ઘટનાઓથી ભર્યો પડયો છે ! વિવેકી પુરૂષો જ આ બલામાં અટવાય નહિ.

[૮૩] प्रियास्नेहो यस्मिन्निगडसदृशो यामिकभटो-
पमः स्वीयो वर्गो धनमभिनवं बन्धनमिव ॥
मदामेध्यापूर्णं व्यसनबिलसंसर्गविषमम् ।
भवः कारागेहं तदिह न रतिः क्वापि विदुषाम् ॥ ८ ॥

જ્ઞાની ભગવંતોને આ સંસાર કેદખાનામાં કયાં ય રતિ ન થાય એમાં શી નવાઈ છે !

પ્રિયાના સ્નેહપાશની લોખંડી બેડીઓ એમને આંખ સામે દેખાય છે,

પ્રહરે પ્રહરે બદલાતા 'જેલર'ના જેવો સ્વજનવર્ગ જણાય છે !

ધન તો તાજા બંધનસમું દેખાય છે.

જ્યાં સર્વત્ર અભિમાનની ગંદકી ઠલવાએલી જુએ છે,

જેની ભૂમિ અનેક આપત્તિઓના બિલથી વિષમ બની છે. આવા કારાગેહમાં બુદ્ધિમાન્ પુરૂષને કયાં આનંદ થાય !

[૮૪] महाक्रोधो गृध्रोऽनुपरति शृगाली च चपला ।
स्मरोलूको यत्र प्रकटकटुशब्दः प्रचरति ॥
प्रदीप्तः शोकाग्निरततमपयशो भस्म परितः ।
श्मशानं संसारस्तदभिरमणीयत्वमिह किम् ॥ ९ ॥

અહીં તો ક્રોધ–ગીધડા ઊડી રહ્યા ચંચળ અરતિ–શિયાલણી દેખાં દે છે, કામ–ઘુવડના કર્ણકટુ શબ્દો સંભળાઈ રહ્યા છે, શોકાગ્નિ ભડકે જલી રહ્યો છે, અપયશ ભસ્મના ઢગલા ચોમેર પડેલા છે.

રે ! આ સંસારને સ્વર્ગ કહેવું કે સ્મશાન ! કોઈ તો કહો કે અહીં સુંદર શું છે!

[૮૫] धनाशा यच्छायाप्यतिविषममूर्च्छाप्रणयिनी ।
विलासो नारीणां गुरुविकृतये यत्सुमरसः ॥
फलास्वादो यस्य प्रसरनरकव्याधिनिवह–
स्तदास्था नो युक्ता भवविषतरावत्र सुधियाम् ॥१०॥

હે બુદ્ધિમાન્ પુરૂષ ! આ સંસાર વિષવૃક્ષમાં લગીરે વિશ્વાસ મુકીશ મા !

આ વૃક્ષની ધનાશારૂપી છાયાનો સંગમાત્ર અત્યન્ત ભયંકર રીતે મૂર્ચ્છિત કરી દેવા સમર્થ છે,

નારી–વિલાસરૂપ પુષ્પ–રસ તો મોટા દૈત જેવડા વિકારોને ઉત્પન્ન કરે છે, અને ફળનો આસ્વાદ !

ઓહ ! એ તો રૌરવ નારકોની વ્યાધિઓનો અખૂટ ખજાનો જ જોઈ લ્યો !

• હવે આ વૃક્ષમાં શે' વિશ્વાસ મુકાય !

[૮૬] क्वचित्प्राज्यं राज्यं क्वचन धनलेशोऽप्यसुलभः ।
क्वचिज्जातिस्फातिः क्वचिदपि च नीचत्वकुयशः ॥
क्वचिल्लावण्यश्रीरतिशयवती क्वापि न वपुः ।
स्वरूपं वैषम्यं रतिकरमिदं कस्य नु भवे ॥११॥

કોઈ પાસે વિશાળ રાજ્ય ઋદ્ધિ છે તો ક્યાંક નયો પૈસો પણ મેળવવો મુશ્કેલ બન્યો છે,

કોઈ કુળવાન નબીરો છે તો કોઈ નીચ–કુળના કલંકની કાળી ટીલીવાળો દેખાય છે;

ક્યાંક રૂપ લાવણ્યની છોળો ઉછાળા મારે છે તો ક્યાંક કૂબડું કંગાળ શરીર છે–જાણે શરીર જ નથી !

આ વિષમતાભર્યા સંસારના સ્વરૂપમાં કોને રતિ થાય; તેવું છે !

[૮૭] इहोद्दामः कामः खनति परिपंथी गुणमही–
मविश्रामः पार्श्वस्थितकुपरिणामस्य कलहः ॥
बिलान्यन्तःक्रामन्मदफणभृतां पामरमतं ।
वदामः किं नाम प्रकटभवधामस्थितिसुखम् ॥१२॥

પામર પુરૂષોને સંસાર ગૃહમાં રહેવાનું જે પ્રકટસુખ મનપસંદ બન્યું છે તેને અમે શી રીતે સુખ કહીએ ? કેમ કે....

એ ઘરમાં તો અત્યન્ત ઉચ્છૃંખલ એવો કામ શત્રુ, ગુણ–પૃથ્વીને ઊખેડી નાંખવા મથી રહ્યો છે;

કુપરિણામ–પડોશીનો કંકાસ તો છાલ છોડતો નથી, અને........

પેલા અંદર ઊંડે ઊતરી જતા મદ–સર્પના મોટા દરો!

આવા ઘરમાં તે સુખ શા!

[૮૮] तृषार्त्ताः खिद्यन्ते विषयविवशा यत्र भविनः ।
कारालक्रोधार्काच्छमसरसि शोषं गतवति ॥
स्मरस्वेदक्लेदग्लपितगुणमेदस्यनुदिनम् ।
भवग्रीष्मे भीष्मे किमिह शरणं तापहरणम् ॥१३॥

કેવો સળગ્યો છે ભવ ઉનાળો!

ક્રોધરૂપી પ્રચણ્ડ સૂર્યના ધરખમ તાપમાં શમ સરોવરો સાવ સુકાઈ ગયા!

કામ–રાગના પરસેવાથી રેબઝેબ થઈ ગયેલા જીવોનો ગુણ મેદ તો પળે પળે ગળી રહ્યો છે,

ઇન્દ્રિયોના ગુલામ બનેલા ભવ્ય જીવોની તરસનો તો કાંઈ આરો જ નથી.

બિચારા! આમતેમ તરફડીયા મારી રહ્યા છે.

હાય! આવા સંસારના બળબળતા બપોરે પણ તાપને હરી લેતી ઘેઘૂર વડલાની છાંયડીનું શરણું મળી જાય ખરૂં!

[૮૯] पिता माता भ्राताऽप्यभिलषितसिद्धावभिमतो ।
गुणग्रामज्ञाता न खलु धनदाता च धनवान् ॥
जनाः स्वार्थस्फातावनिशमवदाताशयभृतः ।
प्रमाता कः ख्यातावेिह भवसुखस्यास्तु रसिकः ॥१४॥

પોતાના ઈચ્છિતની સિદ્ધિ કરી આપે તો જ તે પિતા પિતા બનતો હોય અને ભાઈ જ્યાં ભાઈ તરીકે વર્તતો હોય અને તે માતા 'ખરી મા' થઈને રહેતી હોય;

જ્યાં વસતો ધનપતિ, ગુણોનો જાણુ ન હોય અને દાતા પણ ન હોય; જ્યાં માત્ર પોતાના સ્વાર્થની વૃદ્ધિ ખાતર લોકો સારો વ્યવહાર કરવાના આશયવાળા હોય! સંસારના સુખની જો આવી જ પ્રસિદ્ધિ હોય તો કયો સમ્યગ્દષ્ટિ આત્મા એમાં રસ ધરાવે!

[૯૦] पणैः प्राणैर्गृह्णात्यहह महति स्वार्थ इह यान् ।
त्यजत्युच्चैर्लोकस्तृणवदघृणस्तानपरथा ॥
विषं स्वान्ते वक्त्रेऽमृतमिति च विश्वासहतिकृद्-
भवादित्युद्वेगो यदि न गदितैः किं तदपरैः ॥१५॥

આ લોકમાં કેવા માણસો છે કે જેમને કોઈનો સ્વાર્થ ઊભો થાય છે ત્યારે તે વ્યક્તિઓને પોતાના પ્રાણના સાટે પણ પકડી રાખે છે, અને જ્યારે તે સ્વાર્થ સધાઈ જાય છે ત્યારે એ નિષ્ઠુર માણસો તણખલાંની જેમ તેમને એકદમ ત્યજી દે છે! મુખમાં અમૃત રાખે અને મનમાં હળાહળ વિષ! આવા વિશ્વાસ–ઘાતક સંસારથી જો ઉદ્વેગ ન થાય તો હવે વધુ કહેવાથી શું!

[૯૧] दृशां प्रान्तैः कान्तैः कलयति मुदं कोपकलितै-
रमीभिः खिन्नः स्याद् धनधननिधीनामपि गुणी ॥

उपायैः स्तुत्याद्यैरपनयति रोषं कथमपी–
त्यहो मोहस्येयं भवभवनवैषम्यघटना ॥१६॥

અઢળક ધનના ભંડારોવાળા શેઠીઆઓની આંખોના ખૂણાં જ્યારે સૌમ્ય હોય છે ત્યારે ગુણવાન માણસ મનની ખુશનુમા માણે જ છે પણ જ્યારે એ જ ખુણિયામાં રોષની લાલી જુવે છે ત્યારે તે ગુણવાન પણ ઉદ્વિગ્ન બની જાય છે.

પછી ખુશામતના અનેક ઉપાયો કરીને મહાસુશીબતે એમનો રોષ દૂર કરે છે!

અહો ભવ ભવનમાં મોહરાજની આ કેવી વિષમ ઘટનાઓ!

[१२] प्रिया प्रेक्षा, पुत्रो विनय, इह पुत्री गुणरति–
विवेकाख्यस्तातः परिणतिरनिन्द्या च जननी ॥
विशुद्धस्य स्वस्य स्फुरति हि कुटुम्बं स्फुटमिदं ।
भवे तन्नो दृष्टं तदपि बत संयोगसुखधीः ॥१७॥

તત્વચિન્તા નામની પ્રિયા છે, વિનય નામનો પુત્ર છે, ગુણરતિ પુત્રી છે, વિવેક નામનો પિતા છે, નિર્મલ પરિણતિ માતા છે.

વિશુદ્ધાત્માનું પોતાનું આ કુટુંબ આંતર જગતમાં ઝળહળી રહ્યું છે પણ અનાદિ સંસારમાં ક્યારે ય તેણે તે જોયું નથી માટે જ એ બિચારો પૌદ્ગલિક સંયોગોમાં સુખનો ભ્રમ કરી રહ્યો છે!

[९३] पुरा प्रेमारम्भे तदनु तदविच्छेदघटने ।
तदुच्छेदे दुःखान्यथ कठिनचेता विषहते ॥
विपाकादापाकाहितकलशवत्तापबहुलाज्जनो-
यस्मिन्नस्मिन्क्वचिदपि सुखं हन्त न भवे ॥१८॥

પ્રણયનો આરંભ કરવામાં દુઃખ, પ્રણય થયા પછી તે નંદવાઈ ન જાય તે માટેની પ્રતિપળની ચિન્તા એ ય દુઃખ, અને છતાં ય નશ્વર પ્રણય નાશ પામે ત્યારે ય કારમું દુઃખ!

આ બધા ય દુઃખને વજ્રહૃદયવાળો સંસારી જીવ સહ્યાં જ કરે છે!

કુંભારની ભઠ્ઠીમાં મુકેલા ઘડાને પકાવીને લાલચોળ કરી દે તેવા પ્રચણ્ડ તાપરૂપી વિપાકોની (ભવાંતરમાં) વેદનાનું ય પાછું ઘોર દુઃખ!

[९४] मृगाक्षीदृग्बाणैरिह हि निहतं धर्मकटकं ।
विलिप्ता हृद्देशा इह च बहुलै रागरुधिरैः ॥
भ्रमन्त्यूर्ध्वं क्रूरा व्यसनशतगृध्राश्च तदियं ।
महामोहक्षोणीरमणरणभूमिः खलु भवः ॥१९॥

લલનાઓના નેત્રના કટાક્ષ–બાણોથી જ્યાં ધર્મ–સૈન્યના ભુક્કા બોલાઈ રહ્યા છે,

જ્યાં રાગ–રૂધિરના ફુવારાઓની છોળથી ધર્મસુભટોના હૃદય રંગાઈ ગયા છે,

જ્યાં સેંકડો આપત્તિઓના ક્રૂર ગીધડાં ગગને લટાર મારી રહ્યાં છે,

આ તે શું સંસાર, કે મોહમહારાજની સમરાંગણ ભૂમિ !

[૧૫] हसन्ति क्रीडन्ति क्षणमथ च खिद्यन्ति बहुधा ।
रुदन्ति क्रन्दन्ति क्षणमपि विवादं विदधते ॥
पलायन्ते, मोदं दधति, परिनृत्यन्ति विवशाः ।
भवे मोहोन्मादं कमपि तनुभाजः परिगताः ॥२०॥

સંસારમાં ચારે બાજુ રહેલા આ દેહધારીઓ તો જુઓ !

કેટલાક ખડખડાટ હસે છે આનંદ–પ્રમોદ કરે છે, પણ પળ–બે પળમાં જ તેઓ, શી ખબર ! શેંગીયા મોંવાળા થઈ જાય છે !

કેટલાક વળી પોક મૂકીને રડે છે, રાડો પાડે છે, અને એકદમ વળી લડવા ય મંડી જાય છે !

કેટલાક નાસભાગ કરતા દેખાય છે, તો કેટલાક ચમન–ચમન ઉડાવતા જણાય છે, કેટલાક વળી નાચતાનમાં પલોટાઈ ગયા જણાય છે.

ઓહ ! કર્મને પરવશ આ જીવો વિવિધ પ્રકારના મોહના ઉન્માદમાં કેવા ફસડાઈ પડયા છે !

[૧૬] अपूर्णा विद्येव प्रकटखलमैत्रीव कुनय–
प्रणालीवास्थाने विधववनितायौवनमिव ॥
अनिष्णाते पत्यौ मृगदृश इव स्नेहलहरी ।
भवक्रीडा व्रीडा दहति हृदयं तात्त्विकदृशाम् ॥२१॥

અધૂરું જ્ઞાન, નામીચા દુષ્ટ માણસની મૈત્રી, રાજસભામાં અન્યાય ભર્યો નીતિમાર્ગ, વિધવાસ્રીનું યૌવન, મૂર્ખ પતિની

સામે કામણગારી સ્ત્રીના સ્નેહાભિનય જેમ શરમ ભર્યા છે તેમ તાત્વિકદૃષ્ટિ આત્માઓને સંસારના ખેલ શરમાવા જેવા લાગે છે, એ નિઃસાર ખેલ (દર્શન) એમના હૃદયને બાળીને ખાખ કરી મૂકે છે!

[૯૭] प्रभाते सञ्जाते भवति वितथा स्वापकलना ।
द्विचन्द्रज्ञानं वा तिमिरविरहे निर्म्मलदशाम् ॥
तथा मिथ्यारूपः स्फुरति विदिते तत्त्वविषये ।
भवोऽयं साधूनामुपरतविकल्पस्थिरधियाम् ॥२२॥

પ્રભાત થતા જ જેમ સ્વપ્નની સમૃદ્ધિ મિથ્યા થઈ જાય છે;

અથવા તો મોતીયાનો દોષ દૂર થતા, નિર્મળ ચક્ષુ ફરી પ્રાપ્ત કરનારને બે ચન્દ્રનું જ્ઞાન મિથ્યા બની જાય છે;

તેમ, જેમના વિકલ્પો ટળી ગયા છે અને જેમની બુદ્ધિ સ્થિર થઈ છે તેવા સાધુઓને તત્ત્વનું જ્ઞાન થતા આ સંસાર મિથ્યા સ્વરૂપ બની જાય છે.

[૯૮] प्रियावाणीवीणाशयनतनुसम्बाधनसुखै–
र्भवोऽयं पीयूषैर्घटित इति पूर्वं मतिरभूत् ॥
अकस्मादस्माकं परिकलिततत्त्वोपनिषदा–
मिदानीमेतस्मिन्न रतिरपि तु स्वात्मनि रतिः ॥२३॥

(ઓ માનવો! આ તત્વજ્ઞાનીઓને સાંભળો તેઓ શું કહે છે!)

'પ્રિયાની મધુરવાણીની વીણા, શયન અને શરીર–

મર્દન વિગેરે સુખોથી પહેલાં તો અમને એમ જ લાગતું હતું કે વિધાતાએ આ સંસાર અમૃતમાંથી જ બનાવ્યો છે. પણ તત્વોના રહસ્યને જાણ્યા પછી તો એકાએક અમને આ સંસારમાંથી રતિ સાવ ઊડી ગઈ છે.

હવે તો અમારા આત્મામાં જ રતિ લાગી છે.

[९९] दधानाः काठिन्यं निरवधिकमाविद्यकभव-
प्रपञ्चाः पाञ्चालीकुचकलशवन्नातिरतिदाः ॥
गलत्यज्ञानाभ्रे प्रसृमररुचावात्मनि विधौ ।
चिदानन्दस्यन्दः सहज इति तेभ्योऽस्तु विरतिः ॥२४॥

અવિદ્યાજન્ય સંસાર પ્રપંચો, પુતળીના સ્તનની માફક ભારે કઠિનાઈને ધારણ કરતા હોવાથી અત્યન્ત રતિ કરનારા ન બને. અલ્પરતિકર જ બને.

પરન્તુ જ્યારે વિકસતી કળાવાળા આત્મ-ચન્દ્ર ઉપરથી અજ્ઞાનનું વાદળ ખસી જાય અને સહજ એવું ચિદાનન્દનું ઝરણુ વહેવા લાગે ત્યારે તો તે ભવ પ્રપંચોથી સર્વથા વિરતિ થઈ જાય છે.

[१००] भवे या राज्यश्रीर्गजतुरगगोसङ्ग्रहकृता ।
न सा ज्ञानध्यानप्रशमजनिता किं स्वमनसि ॥
बहिर्याः प्रेयस्यः किमु मनसि ता नात्मरतयः ।
ततः स्वाधीनं कस्त्यजति सुखमिच्छत्यथ परम् ॥२५॥

સંસારમાં હાથી, ઘોડા, ગાય વિગેરેના સંગ્રહવાળી રાજ્યલક્ષ્મી છે,

તો શું પોતાના ચિત્તમાં જ જ્ઞાન ધ્યાન અને પ્રશમથી ઉત્પન્ન થયેલી તેવી જ્ઞાનલક્ષ્મી નથી?

બાહ્ય જગતમાં વહાલી કહેવાતી સ્ત્રીઓ છે,

તો શું ચિત્તમાં વહાલી આત્મરતિ નથી?

જો છે, તો પછી સ્વાધીન એવું સુખ જતું કરીને પરાધીન સુખની ઇચ્છા કોણ કરે?

[૧૦૨] पराधीनं शर्म क्षयि विषयकाङ्क्षौघमलिनम् ।
भवे भीतेः स्थानं तदपि कुमतिस्तत्र रमते ॥
बुधास्तु स्वाधीनेऽक्षयिणि करणौत्सुक्यरहिते ।
निलीनास्तिष्ठन्ति प्रगलितभयाध्यात्मिकसुखे ॥२६॥

સંસાર સુખમાં તે કેટલા દોષો બેઠા છે? તે પરાધીન છે, વિનશ્વર છે, વિષયાસક્તિથી મલિન બનેલું છે, ભયનું કારણ છે. આમ છતાં ય મલિનમતિવાળા માણસોને એમાં જ આનંદ આવે છે.

જ્યારે જ્ઞાની આત્મા તો જે સ્વાધીન છે, શાશ્વત છે, ઈન્દ્રિયોની ઉત્સુકતાથી મુક્ત હોઈને નિર્મળ છે અને જે સર્વ ભયથી મુક્ત છે તેવા આધ્યાત્મિક સુખમાં જ લયલીન બની રહે છે.[૨૦]

[૧૦૨] तदेतद्भाषन्ते जगदभयदानं खलु भव-
स्वरूपानुध्यानं शमसुखनिदानं कृतधियः ॥

૨૦. હારિ. અષ્ટક. ૩૨–૭.

स्थिरीभूते यस्मिन्विधुकिरणकर्पूरविमला ।
यशः श्रीः प्रौढा स्याज्जिनसमयतत्त्वस्थितिविदाम् ॥२७॥

એટલે જ બુદ્ધિમાન્ પુરૂષો કહે છે કે ભવ સ્વરૂપનું ચિંતન જગતને અભય દેનારૂં છે અને શમસુખને આપનારૂં છે.

જેમના ચિત્તમાં જ્યારે પણ આ ચિંતન સ્થિર થાય છે ત્યારે જિનેશ્વર દેવના સિદ્ધાન્તના તત્વના એ જાણકારોની યશ લક્ષ્મી પ્રૌઢ બને છે,

જે ચન્દ્રકિરણ જેવી કે કપૂર જેવી નિર્મળ છે.

# વૈરાગ્ય-સંભવ

## ૫

જરા કાન દો, સાચા વિરાગીના અંતરને !
(૧) કેટકેટલી કરુણતાભર્યો છે આ સંસાર !
(૨) રે! અવગુણોનો જ ભંડાર !
(૩) ધૂળ પડો આ સંસારમાં !
(૪) જરા ય ગોઠતો નથી આ સંસાર !
સાચો વિરાગી એટલે અનાસક્તિનો રાગી !
નિષ્કામ કર્મયોગી !

**વિરાગના ચાર પ્રકાર:**

(૧) મનભાવતું મળી ગયા પછીનો ક્ષણિક વિરાગ... **ભોગયોગ.**

(૨) ઈચ્છિત ન મળતાં મનને કચડી નાંખવા દ્વારા ઉત્પન્ન થતો વિરાગ...**દમનયોગ.**

(૩) રાગના વિષયની ફેરબદલીથી જાગતો વિરાગ... **ભક્તિયોગ.**

(૪) રાગના વિષયના સ્વરૂપ ચિંતનથી ઝળકતો વિરાગ... **જ્ઞાનયોગ.**

પહેલા બે વિરાગ હેય છે; છેલ્લા બે ઉપાદેય છે.

## 卐 વૈરાગ્ય-સંભવ 卐

[૧૦૩] भवस्वरूपविज्ञानाद्-द्वेषान्नैर्गुण्यदृष्टिजात् ।
तदिच्छोच्छेदरूपं द्राग् वैराग्यमुपजायते ॥ १ ॥

સંસારના સ્વરૂપનું જ્ઞાન થવાથી, સંસાર નિર્ગુણ છે એવી (સ્પષ્ટ) દૃષ્ટિ પ્રાપ્ત થાય.

એવી દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી એ સંસાર ઉપર દ્વેષ (અરૂચિ) ઉત્પન્ન થાય.

અને એ નફરતમાંથી સંસાર ભોગની ઈચ્છાનો નાશ થાય આ ભવેચ્છાનાશ એ જ વૈરાગ્ય છે. ટૂંકમાં ક્રમ આ પ્રમાણે થયો.

(૧) ભવસ્વરૂપ વિજ્ઞાન.

(૨) ભવમાં નૈર્ગુણ્યદૃષ્ટિ.

(૩) ભવ પ્રત્યે દ્વેષ.

(૪) ભવેચ્છા નાશ.

ભવેચ્છાનાશ એટલે વૈષયિક પદાર્થો પ્રત્યેના આસક્તિભાવનો નાશ. એનું જ નામ વૈરાગ્ય.

ટૂંકમાં અનાસક્તિ એ જ વૈરાગ્ય. [૨૧]

---

૨૧ (૧) ધર્મબિન્દુ ૫મો અધ્યાય. ૨૭મો શ્લોક.
(૨) ધર્મસંગ્રહ બીજો ભાગ. ત્રીજો અધિકાર શ્લોક: ૭૪. ૭૫. ૭૬.

[૧૦૪] सिद्धया विषयसौख्यस्य वैराग्यं वर्णयन्ति ये ।
मतं न युज्यते तेषां यावदर्थाप्रसिद्धितः ॥ २ ॥

કેટલાક કહે કે, "ભવ સ્વરૂપનું જ્ઞાન થવાથી કાંઈ ભવ પ્રત્યે વૈરાગ્ય જાગી ન જાય પરન્તુ ઈષ્ટ વિષય સુખોની પ્રાપ્તિ (સિદ્ધિ) થઈ જાય એટલે તે વિષયો તરફ વૈરાગ્ય થાય."

આ વાત બરોબર નથી. દરેક જીવને અગણિત વિષયો ઈષ્ટ હોય છે. એ બધા ય વિષયોની પ્રાપ્તિ (સિદ્ધિ) શું શક્ય છે? નહિ જ. હવે જો તમામ ઈષ્ટ વિષયોની પ્રાપ્તિ ન થઇ શકે તો પછી તે બધા વિષયોની પ્રાપ્તિ પછી જ થતો વૈરાગ્ય થાય જ શી રીતે! માટે, 'વિષયોની પ્રાપ્તિથી વૈરાગ્ય થાય,' એમ ન કહેવાય, કિન્તુ વિષયોની (ભવની) જ્ઞપ્તિથી (જ્ઞાનથી) જ પૂર્વે કહેલા ક્રમથી વૈરાગ્ય થાય એમ કહેવું તદ્દન સમુચિત છે. [૨૨]

[૧૦૫] अप्राप्तत्वभ्रमादुच्चै-रवाप्तेष्वप्यनन्तशः ।
कामभोगेषु मूढानां समीहा नोपशाम्यति ॥ ३ ॥

રે ! અનંતભવમાં અનંતી વખત એકેકા વિષય સુખની સિદ્ધિ જીવને થઈ ચૂકી છે છતાં પણ તેને એવો જીવલેણ ભ્રમ થયો છે કે, 'મને આ વિષયસુખ કદી પ્રાપ્ત થયું જ નથી.' એટલે અનંતશઃ પ્રાપ્ત થઈ ચૂકેલા કામભોગોમાં પણ મૂઢ જીવની ઈચ્છા શાન્ત થઈ જ નથી.

૨૨ પંચવસ્તુક પ્રકરણ પર થી ૬૨.

એટલે વિષયસુખની સિદ્ધિથી વિષયો પ્રત્યે વૈરાગ્ય થવાનું સંભવિત જ નથી.

[૧૦૬] विषयैः क्षीयते कामो नेन्धनैरिव पावकः ।
प्रत्युत प्रोल्लसच्छक्ति-र्भूय एवोपवर्द्धते ॥४॥

રે ! વિષયોના ભોગ માણવાથી તે શું કામ રાગ નાશ પામી જતો હશે !

નાશ પામવાની વાત તો દૂર રહી પણ અગ્નિમાં ઇન્ધન નાંખતા જેમ અગ્નિ વધુને વધુ ભડકે બળે તેમ આ કામ પણ વિષય ભોગથી તો વધુ બળવાન બની જઈને વધુ ને વધુ પ્રજ્વળે છે.[૨૩]

[૧૦૭] सौम्यत्वमिव सिंहानां पन्नगानामिव क्षमा ।
विषयेषु प्रवृत्तानां वैराग्यं खलु दुर्लभम् ॥५॥

નહિ નહિ. વિષય સુખની સિદ્ધિથી વૈરાગ્ય સંભવે જ નહિ. વિષયમાં પ્રવૃત્ત હોય અને વિષયોથી વિરક્ત હોય ? એ શી રીતે બને ?

જો વન કેસરીમાં સૌમ્યતા જોવા મળે, જો કાળોતરા નાગમાં ક્ષમા જોવા મળે તો વિષયોમાં પ્રવૃત્ત બનેલા આત્મામાં વૈરાગ્ય મળે !

રે ! વિષય ભોગીને વૈરાગ્ય ! અતિદુર્લભ ઘટના !

[૧૦૮] अकृत्वा विषयत्यागं यो वैराग्यं दिधीर्षति ।
अपथ्यमपरित्यज्य स रोगोच्छेदमिच्छति ॥६॥

૨૩ न जातु कामः कामानां......

વિષયના ભોગ છોડયા વિના વૈરાગ્યની સાધના કરવાની ઇચ્છા રાખનારો કુપથ્યને છોડયા વિના રોગનાશને ઇચ્છતા દરદી જેવો કહેવાય!

[१०९] न चित्ते विषयासक्ते वैराग्यं स्थातुमप्यलम् ।
अयोघन इवोत्तप्ते निपतन्बिन्दुरम्भसः ॥७॥

વિષયાસક્ત ચિત્તમાં વૈરાગ્ય તો પળભર પણ ઊભો રહી શકતો નથી.

તપીને લાલચોળ થઈ ગએલા લોઢાના ગોળા ઉપર પાણીનું એક બુંદ પડી જાય તો ત્યાં પળવાર પણ એ ટકી શકે ખરું?

[११०] यदीन्दुः स्यात् कुहूरात्रौ फलं यद्यवकेशिनि ।
तदा विषयसंसर्गिचित्ते वैराग्यसङ्क्रमः ॥८॥

જો અમાવસ્યાની રાત્રિએ ગગનમાં ચાંદ ઉગે,
જો વાંઝીયા વૃક્ષ ઉપર ફળ બેસે તો........
વિષયાસક્ત ચિત્તમાં વૈરાગ્ય સંભવે!

[१११] भवहेतुषु तद्द्वेषा–द्विषयेष्वप्रवृत्तितः ।
वैराग्यं स्यान्निराबाधं भवनैर्गुण्यदर्शनात् ॥९॥

એટલે પૂર્વે કહ્યા મુજબ ભવનૈર્ગુણ્યના દર્શનથી સંસારના હેતુભૂત સ્ત્રી આદિ ઉપર દ્વેષ થાય અને ત્યાર બાદ વિષયોમાં અપ્રવૃત્તિ થાય તો જ વૈરાગ્ય અખંડ–અબાધિત બની રહે.

ટૂંકમાં ભવમાં નૈર્ગુણ્યનું દર્શન હોય તો ભવેચ્છા-નાશરૂપ વૈરાગ્ય થાય અને તે વૈરાગ્ય પણ વિષયોમાં અપ્રવૃત્તિથી જ સંભવે....

સારાંશઃ-(૧) ભવનૈર્ગુણ્યદર્શન હોય તો વૈરાગ્ય ઉત્પન્ન થાય........ (૨) જ્યાં વિષયોમાં પ્રવૃત્તિ હોય ત્યાં વૈરાગ્ય ન સંભવે.

[૧૧૨] चतुर्थेऽपि गुणस्थाने नन्वेवं तत् प्रसज्यते ।
युक्तं खलु प्रमातॄणां भवनैर्गुण्यदर्शनम् ॥१०॥

પ્ર....તો પછી હવે ચતુર્થ ગુણસ્થાને પણ વૈરાગ્ય (ભવેચ્છાનાશ) હોવાની આપત્તિ આવશે. કેમકે ચતુર્થ ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિ આત્માઓને ભવનૈર્ગુણ્યનું દર્શન તો હોય જ છે. ભવનૈર્ગુણ્ય દર્શન એ વૈરાગ્યનું કારણ છે. કારણ હોય ત્યાં કાર્ય હોવું જ જોઈએ. પણ શું ચતુર્થ ગુણસ્થાને વિષય-વૈરાગ્ય હોઈ શકે ખરો ? કેમકે ત્યાં વિષયોમાં પ્રવૃત્તિ હોય છે.

તમે જ કહ્યું છે કે જે વિષયોમાં પ્રવૃત્ત હોય તેને વૈરાગ્ય ન હોય....

પણ બીજી બાજુ વિચારતાં ભવનૈર્ગુણ્ય તો ત્યાં છે જ માટે ત્યાં ભવેચ્છાનાશરૂપ વૈરાગ્ય હોવાની આપત્તિ આવશે.

[૧૧૩] सत्यं, चारित्रमोहस्य महिमा कोऽप्ययं खलु ।
यदन्यहेतुयोगेऽपि फलायोगोऽत्र दृश्यते ॥११॥

તમારી વાત સાચી છે. ચતુર્થ ગુણસ્થાને વૈરાગ્યના બીજા બધા કારણો ભવસ્વરૂપવિજ્ઞાન ભવનૈર્ગુણ્યદર્શનાદિ

હોવા છતાં ત્યાં વૈરાગ્ય રૂપી કાર્યનો યોગ થતો નથી. આમ થવામાં ચારિત્ર મોહનીય કર્મનો ઉદય જ કારણ છે. કહેવાનો આશય એ છે કે ભવનૈર્ગુણ્યદર્શનરૂપી કારણ હાજર છતાં ત્યાં વૈરાગ્યનું કાર્ય નિષ્પન્ન થતું નથી તેમાં તે સમ્યગ્દૃષ્ટિ આત્માનો અત્યુગ્ર મોહનીય કર્મનો ઉદય પ્રતિબંધક બની જાય છે.

કાર્યના બીજા બધા કારણો ભલે હાજર થાય પણ છતાં જો કોઈ પ્રતિબંધક આવીને ઉભો રહે તો બાકીના કારણો ભેગા મળીને પણ કાર્ય ઉત્પન્ન કરી શકે નહિ. (એટલે જ પ્રતિબંધકાભાવને પણ નૈયાયિકો કાર્ય માત્ર પ્રતિ સાધારણ કારણ ગણે છે.) સમ્યગ્દૃષ્ટિ આત્માને ભવનૈર્ગુણ્યનું દર્શન થાય પછી તો ભવ દ્વેષ અને વિષયમાં અપ્રવૃત્તિ પણ થવી જ જોઈએ. પરન્તુ તેને તો વિષયોમાં પ્રવૃત્તિ છે અને ભવનૈર્ગુણ્યનું દર્શન છતાં ઉત્કટ ભવ વિરાગ (અનાસક્તિ) નથી. કેમકે ચારિત્ર્યમોહનીય કર્મનો જોરદાર ઉદય ભાવ ત્યાં બેઠો છે.

[૧૧૪] दशाविशेषे तत्रापि नचेदं नास्ति सर्वथा ।
स्वव्यापारहताऽऽसङ्गं तथा च स्तवभाषितम् ॥१२॥

પણ હા, જે સમ્યગ્દૃષ્ટિ આત્માઓ ૬ઠ્ઠી યોગદૃષ્ટિની અવસ્થા પ્રાપ્ત કરે છે તેમનામાં તો ભવનૈર્ગુણ્યદર્શનથી ભવેચ્છાનાશ સ્વરૂપ વૈરાગ્ય (અનાસક્તિ) ઉત્પન્ન થઈ શકે છે. ભલે પછી તેઓ વિષયોમાં પ્રવૃત્ત પણ હોય.

એટલે સમ્યગ્દર્શનની વિશિષ્ટ નિર્મળ અવસ્થામાં પણ વૈરાગ્ય સર્વથા ન હોય તેમ તો ન જ કહી શકાય. ત્યાં તો

વૈરાગ્ય (અનાસક્તિ)ની ક્રિયાથી તે આત્મા આસક્તિ (આસઙ્ગ ભાવ)ને હરી લે છે-નષ્ટ કરી દે છે. એટલે તેઓ વિષયમાં પ્રવૃત્ત રહેવા છતાં પણ અનાસક્ત (વિરક્ત) હોઈ શકે છે. શ્રી વીતરાગસ્તોત્રમાં ભગવાન હેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાએ આ જ વાત કહી છે. (આગામી શ્લોકમાં કહે છે.)

[૧૧૫] यदा मरुन्नरेन्द्रश्री–स्त्वया नाथोपभुज्यते ।
यत्र तत्र रतिर्नाम विरक्तत्वं तदापि ते ॥१३॥

શ્રી વીતરાગસ્તોત્રમાં પરમાત્માની સ્તવના કરતાં કહ્યું છે કે, 'હે દેવાધિદેવ ! જ્યારે આપ દેવેન્દ્રના કે નરેન્દ્રના પણ ઐશ્વર્યને ભોગવો છો તે વખતે જ્યાં કયાં ય પણ અમને આપની રતિ જણાય છે તે વસ્તુતઃ તો આપની વિરક્તિ જ છે.[૨૪]

[૧૧૬] भवेच्छा यस्य विच्छिन्ना प्रवृत्तिः कर्मभावजा ।
रतिस्तस्य विरक्तस्य सर्वत्र शुभवेद्यतः ॥१४॥

જેની ભવેચ્છા નાશ પામી ગઈ છે એવા એ વિશિષ્ટ દશાવાળા સમ્યગ્દૃષ્ટિ-વિરક્ત આત્મા-ની વિષયોમાં જે પ્રવૃત્તિ થાય તે નિકાચિત કર્મના ઉદયના પ્રભાવને લીધે થાય છે. અને તેથી જ તે વિરક્ત-સમ્યગ્દૃષ્ટિ આત્માના વિષયોમાં જ્યાં જ્યાં રતિભાવ છે તેમાં સર્વત્ર શાતાવેદનીય કર્મનો ઉદય મુખ્ય કારણ બને છે.

---

૨૪ (૧) ૧લી રાગપાપસ્થાનક સજ્ઝાય.
(૨) ત્રિષષ્ટિ ૧લું પર્વ ૨જો સર્ગ. ૯૬૨ થી ૯૬૮.
(૩) ત્રિષષ્ટિ ૧૦મું પર્વ ૨જો સર્ગ. ૧૨૩ થી ૧૪૯.
(૪) હા. હા. ૭-૨૦.

પ્ર.–શું રતિમોહનીયકર્મના ઉદય વિના તેમને વિષયોમાં રતિ થાય છે? ઉ.–ના, રતિમોહનો ઉદય તો તેમને હોય જ, પરન્તુ તે કર્મનો રસ અત્યન્ત મન્દ હોય. એનું કારણ એમને પ્રાપ્ત થયેલું વિશિષ્ટ કોટિનું વિવેક જ્ઞાન હોય છે.

સમ્યગ્દર્શનની વિશિષ્ટ દશાને નહિ પામેલા સમ્યગ્દૃષ્ટિ જીવોની વિષય રતિમાં રતિમોહ કર્મનો ઉદય પ્રાયઃ બળવાન હોય જ્યારે વિશિષ્ટજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ જીવો નિકાચિત ભોગાવલિ કર્મોદયને લીધે જ સંસારના વિષયોમાં રતિ કરતા હોય એટલે વસ્તુતઃ તેમને તે પદાર્થોમાં આનંદ ન હોય એટલે તેઓ જે વિષય સુખ માણે છે તેમાં શાતાવેદનીયનો નિકાચિત કર્મોદય જ પ્રધાન કારણ બને છે.

પ્ર.–શું નીચેની કક્ષાના સમ્યગ્દૃષ્ટિ જીવોને વિષયોમાં જે રતિ થાય તે અત્યન્ત બળવાન હોય? ઉ.–ના, અનંતાનુબંધી રાગના ઘરની અત્યન્ત બળવાન રતિ તો કોઈ પણ સમ્યગ્દૃષ્ટિ આત્મામાં સંભવી શકે જ નહિ. અન્યથા સમ્યગ્દર્શન જ ન રહે. પરન્તુ અપ્રત્યાખ્યાનાવરણાદિ રાગના ઘરની રતિ તો વિવેકજ્ઞાનના બળથી વિશિષ્ટ દશાને પ્રાપ્ત થએલા તીર્થંકરાદિના સમ્યગ્દૃષ્ટિ આત્માઓને બહુ મંદ પ્રમાણમાં હોય જ્યારે બીજા સામાન્ય સમ્યગ્દૃષ્ટિ આત્માઓને તેનું બળ તેમની અપેક્ષાએ વધુ હોય.[૨૫]

૨૫ (૧) વીતરાગસ્તોત્ર ૧૨મો પ્રકાશ.

(૨) યોગશાસ્ત્ર ૩જો પ્રકાશ. પૃ. ૨૧૭.

[૧૧૭] अतश्चाक्षेपकज्ञानात् कान्तायां भोगसन्निधौ ।
न शुद्धिप्रक्षयो–यस्माद्धारिभद्रं इदं वचः ॥१५॥

આક્ષેપક જ્ઞાન એટલે? રાગદશામાં રમતા ચિત્તને ત્યાંથી ખેંચી લેતું વિષયો પ્રત્યેનું વિવેકવાળું જ્ઞાન.

આ આક્ષેપકજ્ઞાનના બળથી તે વિશિષ્ટ સમ્યગ્દૃષ્ટિ આત્માઓની શુદ્ધિ ભોગના સાન્નિધ્યમાં પણ હણાતી નથી. કેમકે તન એમનું ભોગ પાસે હોવા છતાં મન તો શ્રુતધર્મમાં તલ્લીન હોય છે. યોગદૃષ્ટિ સમુચ્ચયમાં કાન્તા નામની ૬ઠ્ઠી યોગદૃષ્ટિમાં ભગવાન હરિભદ્રસૂરિજીએ આમ જ કહ્યું છે. (આગામીશ્લોકોમાં)[૨૬]

[૧૧૮] मायाम्भस्तत्त्वतः पश्यन्ननुद्विग्नस्ततो द्रुतम् ।
तन्मध्येन प्रयात्येव यथा व्याघातवर्जितः ॥१६॥

૬ઠ્ઠી કાન્તા–દૃષ્ટિમાં કહ્યું છે કે, માયા–જલ (મૃગ–જલ)ને તત્વતઃ જાણી લેતો એક આત્મા ત્યાં ફસાઈ જતો નથી અને તેથી તે માયા–જલની વચ્ચેથી જ કોઈ પણ જાતની સ્ખલના પામ્યા વિના સપાટાબંધ પસાર થઈ જાય છે.

[૧૧૯] भोगान् स्वरुपतः पश्यं–स्तथा मायोदकोपमान् ।
भुञ्जानोऽपि ह्यसङ्गः सन् प्रयात्येव परं पदम् ॥१७॥

તે જ રીતે માયા–જલ જેવા ભોગોના સ્વરૂપને સારી રીતે

---

૨૬. (૧) દ્વા. દ્વા. ૨૪–૧૦ (૨) યોગદૃષ્ટિની સજ્ઝાય (ગુજરાતીમાં) ૬ઠ્ઠી કાન્તાદૃષ્ટિ. (૩) યો. દૃષ્ટિ. સમુ. શ્લોક ૧૬૨ થી ૧૬૬.

જાણી લેતો આત્મા તે ભોગોને ભોગવતો છતાં તેમાં ઉદ્વિગ્ન ન બનતો—અનાસક્ત રહીને મુક્તિ પદના સ્થાનને પામી જાય છે.

[१२०] भोगतत्त्वस्य तु पुन-र्न भवोदधिलङ्घनम् ।
मायोदकदृढावेशा-स्तेन यातीह कः पथा ॥१८॥

પણ જેણે ભોગમાં જ તત્વ માની લીધું એ આત્મા તો સંસાર સાગરને તરી શકતો જ નથી. કેમકે ખરેખર જે માયાવી જલ છે એમાં જો સાચા જલનો પાકો ભ્રમ થઈ જાય તો સાચા જલની બુદ્ધિથી ગભરાઈ ઉઠેલો કયો માણસ તે માર્ગે કદમ માંડવા તૈયાર થાય?

કદમ માંડયા વિના—સડસડાટ ચાલી નાંખ્યા વિના—સંસારમાર્ગ પાર ઉતરાય પણ શી રીતે?

સંસારને પાર ઊતર્યા વિના વળી મોક્ષ કેવો?

[१२१] स तत्रैव भयोद्विग्नो यथा तिष्ठत्यसंशयं ।
मोक्षमार्गेऽपि हि तथा भोगजम्बालमोहितः ॥१९॥

જેમ માયા જલને સાચું જલ માની લેનારો તે આત્મા ભયભીત થઈ જાય છે અને ઉદ્વિગ્ન થઈ જાય છે (હવે આ માર્ગને શી રીતે પાર પમાશે?) અને તેથી જેમ તે આત્મા ત્યાં ને ત્યાં જ ઉભો રહે છે—એક ડગ પણ આગળ વધતો નથી, તેમ ભોગના કાદવમાં મુંઝાઈ ગએલી મતિવાળો આત્મા પણ મોક્ષમાર્ગમાં એક ડગ પણ આગળ વધી શકતો નથી.[૨૫]

[૨૫] યો. દૃષ્ટિ. ૬–૮.

[૧૨૨] धर्म्मशक्तिं न हन्त्यत्र भोगयोगो बलीयसीं ।
हन्ति दीपापहो वायु-र्ज्वलन्तं न दवानलम् ॥२०॥

પ્રસ્તુત અધિકારના ૧૫મા શ્લોકમાં (ક્રમાંકથી ૧૧૭ મા શ્લોકમાં) કહ્યું કે છઠ્ઠી કાન્તાદૃષ્ટિને પામેલા જીવોને 'ભોગના યોગમાં ય શુદ્ધિનો ક્ષય થતો નથી.' એ હકીકતને વધુ સ્પષ્ટ કરતા યોગદૃષ્ટિ સમુચ્ચયના ૪ શ્લોકો અક્ષરશઃ ગ્રન્થકારે હમણાં જ રજૂ કર્યાં. એ ઉપરથી એ વાત સ્થિર થઈ કે ભોગના યોગમાં પણ એ આત્માઓ ધર્મ યોગમાં સ્થિર રહે છે.

આ જ વાતને આ શ્લોકમાં રજુ કરવામાં આવી છે કે, છઠ્ઠી કાન્તા દૃષ્ટિની અવસ્થાને પામેલા અવિરત સમ્યગ્દૃષ્ટિ આત્માઓને જે ભોગ-યોગ (વિષયોમાં પ્રવૃત્તિ) થાય છે તે ભોગ તેમની ધર્મશક્તિને હણી શકતો નથી, કેમ કે હવે એમની ધર્મશક્તિ બળવાન બની ગઈ હોય છે.

નાનકડા અગ્નિને વાયુ હણી શકે પણ એ અગ્નિ પ્રચણ્ડ દાવાનલ બની જાય તો? તેને તો ન જ હણી શકે ને!

એ જ રીતે એક વખતની નાનકડી ધર્મશક્તિને જે ભોગયોગ હણી શકવા સમર્થ હતો તે, હવે ખૂબ બળવાન બની ગએલી વિરાટ ધર્મશક્તિને તો ન જ હણી શકે ને!

[૧૨૩] बध्यते बाढमासक्तो यथा श्लेष्मणि मक्षिका ।
शुष्कगोलवदश्लिष्टो विषयेभ्यो न बध्यते ॥२१॥

વિષયોમાં પ્રવૃત્ત થવા છતાં એ સમ્યગ્દૃષ્ટિ મહાત્માઓ

કર્મથી કેમ ન બંધાય? એ પ્રશ્નના સમાધાનમાં અહીં કહે છે કે વિષયોમાં પ્રવૃત્તિથી કર્મબંધ નથી કિન્તુ વિષયોમાં આસક્તિ રાખવાથી કર્મબંધ થાય છે. એ જ રીતે કર્મબંધ ન થવા દેનારી વસ્તુતઃ અનાસક્તિ જ છે.

જે આસક્ત છે એ જ બંધાય છે. શ્લેષ્મમાં ફસાતી માખીની જેમ....

જે અનાસક્ત છે તે વિષયોના ભોગથી પણ બંધાતો નથી. ભીંતે અફાળાતા સુકા ગોળાની જેમ.[૨૮]

**[૧૨૪] बहुदोषनिरोधार्थ–मनिवृत्तिरपि क्वचित् ।**
**निवृत्तिरिव नो दुष्टा योगानुभवशालिनाम् ॥२२॥**

વળી વિષયોમાં પ્રવૃત્તિ (અનિવૃત્તિ) પણ કેટલીક વાર તો મોટા દોષોના નિવારણ કરવાની દૃષ્ટિએ પણ કરવામાં આવે છે. એટલે જેમ મોટા દોષની નિવૃત્તિ એ સારી વસ્તુ છે તેમ કેટલીકવાર યોગના સ્વામીઓને વિષયોમાં પ્રવૃત્તિ પણ એટલી જ સારી બની રહે છે.

વિષયોમાં પ્રવૃત્તિ કરવા છતાં એ આત્માઓ વૈરાગ્ય (અનાસક્તિ)થી વાસિત બની રહે છે.

**१२५] यस्मिन्निषेव्यमाणेऽपि यस्याशुद्धिः कदाचन ।**
**तेनैव तस्य शुद्धिः स्यात् कदाचिदिति हि श्रुतिः ॥२३॥**

---

૨૮ (૧) ઉત્તરાધ્યયન સૂત્ર–અધ્યયન ૨૫મું–૪૨, ૪૩ મો શ્લોક.
(૨) નલ દમયંતી નાટકમાં–સ્વસ્થે હૃદિ સુધાસિક્તં...
(૩) પ્રશમ રતિ પ્રકરણ–૩૯. ૪૦, ૫૭.

શ્રુતિમાં પણ કહ્યું છે કે જે એક ભોગને સેવતા એક આત્માને કર્મથી અશુદ્ધ થવું પડે તે જ આત્મા—કોઈ વિશિષ્ટ અવસ્થાને પ્રાપ્ત કરી જાય પછી—તે જ ભોગ સેવવા દ્વારા શુદ્ધ બને છે.[૨૯]

[१२६] विषयाणां ततो बन्ध–जनने नियमोऽस्ति न ।
अज्ञानिनां ततो बन्धो ज्ञानिनां तु न कर्हिचित् ॥२४॥

એટલે વિષયોમાં પ્રવૃત્ત થવાથી કર્મનો બંધ જ થાય, અને કર્મનો ક્ષય તો વિષયોથી નિવૃત્ત થવાથી જ થાય એવો એકાન્ત નથી. એકાન્ત વચન તો આ છે કે, 'જે અજ્ઞાની છે તેને—વિષયમાં પ્રવૃત્ત થાય કે ન થાય, ઉભયથા—કર્મબન્ધ થયા જ કરે અને જે જ્ઞાની છે તે, વિષયમાં પ્રવૃત્ત થાય કે ન થાય છતાં કદી પણ કર્મનો બંધ ન જ કરે.[૩૦]

[१२७] सेवतेऽसेवमानोऽपि सेवमानो न सेवते ।
कोपि पारजनो न स्या–च्छ्रयन् परजनानपि ॥२५॥

જે અજ્ઞાની (મિથ્યાદૃષ્ટિ) છે તે વિષયોને ન સેવવા છતાં સેવે છે, (મનથી.) જ્યારે જે જ્ઞાની (સમ્યગ્દૃષ્ટિ) છે તે વિષયોને સેવવા છતાં વસ્તુતઃ નથી સેવતો. વિશિષ્ટજ્ઞાની સમ્ય-

૨૯ (૧) આચારાંગ સૂત્ર નં. ૧૩૦.
(૨) ઓઘનિર્યુક્તિ શ્લો. ૫૩, ૫૬.
(૩) પ્રશમ રતિ પ્રકરણ—૧૪૩ થી ૧૪૬.

૩૦ (૧) દ્રવ્યગુણપર્યાયનો રાસ. ૧ લી ઢાળ, ૪થી ગાથા.
(૨) સૂયગડાંગ સૂત્ર—૨૧મું અધ્યયન ૨—૯—૨. ૨—૫—૮.
(૩) પ્રવચનસાર ચારિત્રાધિકાર શ્લો. ૩૮—૩૯.

દૃષ્ટિ આત્મા સંસારનો આશ્રય લેવા માત્રથી સંસારી બની જતો નથી.

કારણવશાત્ શત્રુઓનો આશ્રય લેતો માણસ થોડો જ શત્રુ બની જાય છે? નહિ જ.[31]

[१२८] अत एव महापुण्यविपाकोपहितश्रियाम् ।
गर्भादारभ्य वैराग्यं नोत्तमानां विहन्यते ॥२६॥

આથી જ પુણ્યાનુબંધી પુણ્યથી પ્રાપ્ત થયેલા સાંસારિક ઐશ્વર્ય વચ્ચે રહેલા ઉત્તમ આત્માઓને ગર્ભાવસ્થાથી જ માંડીને ભવેચ્છાનાશ રૂપ વૈરાગ્ય (અનાસક્તિ) હોઈ શકે છે એ વાત સ્પષ્ટ થાય છે.

[१२९] विषयेभ्यः प्रशान्तानामश्रान्तं विमुखीकृतैः ।
करणैश्चारुवैराग्य-मेष राजपथः किल ॥२७॥

**વૈરાગ્ય પ્રાપ્તિનો રાજમાર્ગ:-**

જેઓ સતત ઈન્દ્રિયોને વિષયોથી દૂર ને દૂર રાખી રહ્યા છે (વિષયોથી નાસી છૂટ્યા છે.) અને તેથી જ જેઓના ચિત્ત વિકાર શાન્ત થઈ ગયા છે તેમનો વૈરાગ્ય સુંદર કહી શકાય. વૈરાગ્ય પ્રાપ્તિનો આ રાજમાર્ગ છે.

---

૩૧ (૧) સમયસાર...સેવંતો વિ ણ સેવઈ.

(૨) શાસ્ત્રવાર્તા... ૯-૮.

(૩) लौकिकैरपि, आहत्ता विषयैकतानता, ज्ञानधौतमनसं न लिम्पति ।

અહીં ગ્રન્થકાર પરમર્ષિએ એ વાત સૂચિત કરી છે કે વૈરાગ્યનો રાજમાર્ગ એ છે કે વિષયોમાં પ્રવૃત્તિ ન કરવી.

[१३०] स्वयं निवर्तमानैस्तै–रनुदीर्णैरयन्त्रितैः ।
तृप्तैर्ज्ञानवतां तत्स्या–दसावेकपदी मता ॥२८॥

**વૈરાગ્યપ્રાપ્તિનો કેડીમાર્ગ:-**

જે જ્ઞાની મહાત્માઓએ વિષયોમાં જતી ઈન્દ્રિયો ઉપર કોઈ નિયન્ત્રણ લાદ્યું નથી, ઈન્દ્રિયોને વિષયોથી પાછી ખેંચવા માટે કોઈ યત્ન કર્યો નથી અને છતાં તે ઈન્દ્રિયો, વિષયોથી આપોઆપ પાછી ફરી ગઈ છે, તેવી તૃપ્ત બનેલી ઈન્દ્રિયોથી જે વૈરાગ્ય પ્રાપ્ત થાય તે વૈરાગ્યનો કેડીમાર્ગ છે.

અહીં ગ્રન્થકાર પરમર્ષિ વિષયમાં પ્રવૃત્તિની સાથે રહેતા વૈરાગ્યનો કેડીમાર્ગ બતાવે છે.

રાજમાર્ગ સહુને સામાન્યતઃ આચરવા જેવો કહેવાય.... ક્વચિત્ કોઈક, અમુક સંયોગોમાં આચરી શકે તે કેડીમાર્ગ કહેવાય.[૩૨]

[१३१] बलेन प्रेर्यमाणानि करणानि वनेभवत् ।
न जातु वशतां यान्ति प्रत्युतानर्थवृद्धये ॥२९॥

બળપૂર્વક મનને મારી દઈને ઈન્દ્રિયોના આવેગોને દબાવવાથી તે ક્યારે પણ વશ થઈ શકતી નથી ઉલટું, જંગલી હાથીની જેમ ભયંકર ઉત્પાત મચાવનારી બને છે.

૩૨ १ घनाम्बुना मेघपथे हि पिच्छिले क्वचिद्बुधै रण्यपथेन गम्यते ।

વૈરાગ્યના-ઘણી બધી સાવધાની માંગી લેતા એવા— કેડીમાર્ગને આકરતરી રીતે પુષ્ટ કરતો આ શ્લોક છે.[33]

[૧૩૨] पश्यन्ति लज्जया नीचै-र्दुर्ध्यानं च प्रयुञ्जते ।
आत्मानं धार्मिकाभासाः क्षिपन्ति नरकावटे ॥३०॥

સાચી સમજણ વિના જ ઈન્દ્રિયો ઉપર કોરો બલાત્કાર કરનારા આત્માઓ ધાર્મિકતાનો ડોળ જ કરતા હોય છે.

રે ! ચાલે છે તો જાણે ભારે લજ્જાથીઃ સાવ નીચું જોઈને; પરન્તુ અંતરમાં તો વિકારોના આર્તધ્યાનની હોળી ભભૂકતી હોય છે !

આવા જીવો પોતે જ પોતાની જાતને નારકના કુવામાં ફેંકી દે છે.

[૧૩૩] वञ्चनं करणानां तद्विरक्तः कर्तुमर्हति ।
सद्भावविनियोगेन सदा स्वान्यविभागवित् ॥३१॥

એટલે ઈન્દ્રિયોની ઉપર કશી સૂઝ વિનાનો બલાત્કાર કરવો એ વૈરાગ્યનો માર્ગ નથી.

વિરક્ત આત્મા તો અનિત્યાદિ સદ્ભાવનાઓથી ભાવિત બને. એ ભાવનાઓનો આત્મા સાથે સંબંધ થાય એટલે અવશ્યમેવ એ આત્મા પોતીકું શું ? અને પારકું શું ? એનો વિભાગ સારી રીતે કરી જાણે. એમ થતાં જે આહારાદિ દ્રવ્યો પર છે તેને પરાયા તરીકે વિચારતો, ઈન્દ્રિયોને કહે કે, 'આ પરાયી વસ્તુમાં તારે શા માટે રાગ કરવો જોઈએ ?

૩૩. ૧. *યો શાસ્ત્ર* ૧૨-૨૬, ૨૭, ૨૮.

જવા દે એની મહોબ્બત ! આમ સમજાવીને ઈન્દ્રિયોની ભોગ યાચનાને શાન્ત કરી દે. આનું નામ ઈન્દ્રિયો સાથેની વિરક્ત આત્માની ઠગબાજી !

અથવા તો બીજો અર્થ એ પણ થઈ શકે કે જે ઈન્દ્રિયોને આહારાદિની લાલસા થઈ છે તેને વીતરાગદેવમાં કે જિનવાણી વિગેરે સદ્ભાવોમાં જોડી દેવી. આમ વિષયની ફેરબદલી કરી દેવા દ્વારા સદૈવ ઈન્દ્રિયોને ઠગવી. આવી હોશિયારી વિરક્ત આત્મા જ બતાવી શકે. કેમકે તે સ્વ પરના ભેદજ્ઞાનનો સ્વામી બન્યો હોય છે.

[१३४] प्रवृत्तेर्वा निवृत्तेर्वा न सङ्कल्पो न च श्रमः ।
विकारो हीयतेऽक्षाणां-मिति वैराग्यमद्भूतम् ॥६२॥

પૂર્વે 'ચારૂ' વૈરાગ્યના બે માર્ગ-રાજમાર્ગ અને કેડી માર્ગ-બતાવ્યા હતા.

હવે અદ્ભુત વૈરાગ્યનું લક્ષણ બતાવે છે કે, 'જ્યાં વિષયોમાં પ્રવૃત્તિ કરવાનો વિચાર પણ ન હોય અને ઈન્દ્રિયોને વિષયોથી દૂર રાખવાથી શ્રમ પણ કરવો પડતો ન હોય અને છતાં ઈન્દ્રિયોનો વિકાર સહજરૂપે ક્ષીણ થઈ જતો હોય તો તે અદ્ભુત કોટિનો વૈરાગ્ય કહેવાય....ચારૂ વૈરાગ્યના રાજમાર્ગમાં ઈન્દ્રિયોને વિષયોથી અપ્રવૃત્ત રાખવાનો શ્રમ હોય છે અને વૈરાગ્યના કેડીમાર્ગમાં વિષયોમાં પ્રવૃત્ત થવાનો વિચાર (સંકલ્પ) હોઈ શકે છે. આ બે ય જ્યાં નથી છતાં જ્યાં વૈરાગ્ય છે તે 'અદ્ભુત' વૈરાગ્ય કહેવાય.

[१३५] दारुयन्त्रस्थपाञ्चाली–नृत्यतुल्याः प्रवृत्तयः ।
योगिनो नैव बाधायै, ज्ञानिनो लोकवर्त्तिनः ॥३३॥

સંસારમાં રહેલા છતાં આ ક્ષેપક જ્ઞાનના સ્વામી, ફરી કાન્તાદષ્ટિની અવસ્થાને પામેલા અવિરત સમ્યગ્દષ્ટિ યોગીઓની વિષયભોગાદિની જે જે પ્રવૃત્તિ હોય છે તે બધી કઠપૂતળીના નૃત્યતુલ્ય હોય છે.

કઠપૂતળી નાચે, કૂદે, પડે, કે ઊભી રહી જાય એ બધા ય માં એના અંતરમાં કોઈ આનંદ કે શોકનો સ્પર્શ નથી. એના સૂત્રધારથી પ્રેરાઈને જ સઘળું કરે છે–તેને કરવું પડે છે.

વિશિષ્ટજ્ઞાની સમ્યગ્દષ્ટિ યોગી પણ આવા જ હોય છે. ભોગની તમામ પ્રવૃત્તિમાં એમને કોઈ રાગાદિભાવો લગભગ સ્પર્શતા નથી. નિકાચિતભોગાવલિ કર્મ રૂપી સૂત્રધારના પ્રેરાયેલા એ યોગીઓ ભોગો ભોગવે છે.

વિષયોમાં પ્રવૃત્ત છતાં વિરક્ત રહેતાં એમને ભોગ પ્રવૃત્તિ કદાપિ બાધક બની શકતી નથી.

[१३६] इयं च योगमायेति प्रकटं गीयते परैः ।
लोकानुग्रहहेतुत्वा–न्नास्यामपि च दुषणम् ॥३४॥

બીજા દાર્શનિકો પરમાત્મ શક્તિને યોગમાયા કહે છે. તેઓ કહે છે કે દુષ્ટ કંસનો વધ કરવા પરમાત્મ શક્તિએ કૃષ્ણના રૂપે દેવકીને ત્યાં જન્મ લઈને એ કંસનો સંહાર કર્યો હતો અહીં દુષ્ટ કંસનો સંહાર થવાથી લોકો ઉપર જે

અનુગ્રહ થયો એ અનુગ્રહની દૃષ્ટિથી આ દુષ્ટ-વધની પ્રવૃત્તિમાં પણ કોઈ દૂષણ નથી.[३४]

[१३७] सिद्धान्ते श्रूयते चेयमपवादपदेष्वपि ।
मृगपर्षत्परित्रासनिरासफलसङ्गता ॥३५॥

પ્ર-શું સિદ્ધાન્તમાં પણ આવી પ્રવૃત્તિ સંભળાય છે?

ઉ-હા, સિદ્ધાન્તમાં પણ અપવાદ પદે દુષ્ટોનો વધ વિગેરે કરવાની લોકાનુગ્રાહક પ્રવૃત્તિનું વિધાન સાંભળવા મળે છે. દુષ્ટોના સમૂહ (મૃગ=ધર્મભીરૂ અગીતાર્થ=તામસ-ભાવોપેત સંસારી આત્મા) તરફથી શાસન ઉપર આક્રમણ (પરિત્રાસ) આવે ત્યારે તેને પાછા ખાળવાનું ફળ અપવાદ પદના સેવનની પ્રવૃત્તિથી જ આવે છે. ભગવાન કાલક સૂરિજીએ સાધ્વી ઉપર (શાસન ઉપર) આક્રમણ આવતાં તેનો પ્રતિકાર કરવા માટે અપવાદ-પદની પ્રવૃત્તિ ક્યાં નથી સેવી![३५]

[१३८] औदासीन्यफले ज्ञाने परिपाकमुपेयुषि ।
चतुर्थेऽपि गुणस्थाने तद्वैराग्यं व्यवस्थितम् ॥३६॥

સ્વ પર વિવેક જ્ઞાનનું ફળ ઔદાસીન્ય છે.

એ જ્ઞાન જ્યારે પરિપક્વ બની જાય છે ત્યારે પૂર્વોક્ત સમ્યગ્દૃષ્ટિ આત્માઓનું મન વિષયસુખો ઉપરથી ઊઠી જાય છે.

આવું ઔદાસીન્ય પ્રાપ્ત થાય પછી પણ તે મહાત્માઓ વિષયોમાં જે પ્રવૃત્તિ કરે તે માત્ર નિકાચિતભોગાવલિ કર્મોની

૩૪. ભાગવત સ્કંધ ૧૦ મો અધ્યાય ૩ જો.

૩૫. જિતકલ્પસૂત્ર ૮૭ મી ગાથાની ચૂર્ણની વિષમપદવૃત્તિ.

પરવશતાને લીધે કરે. એટલે વિષયસુખ ભોગવવા છતા એ ચતુર્થ ગુણસ્થાને પણ વૈરાગ્ય હોઈ શકે છે એ વાત હવે સ્થિર થઈ જાય છે.

આ શ્લોકમાં ગ્રન્થકાર પરમર્ષિએ પ્રસ્તુત અધિકારની ચર્ચાનો ઉપસંહાર કરી લેતાં **દશાવિશેષમાં ચતુર્થગુણસ્થાને** પણ વૈરાગ્ય હોઈ શકે છે એ વાત સિદ્ધ કરી છે.

પ્રસ્તુત અધિકારમાં વૈરાગ્ય પ્રાપ્તિના ચાર માર્ગ બતાવ્યા છે. જેમાંના પહેલા બે હેય છે અને છેલ્લા બે ઉપાદેય છે.[૩૬]

(૧) વિષયો ભોગવીને વૈરાગ્યની સિદ્ધિ જુઓ શ્લોક ૨ જો (૧૦૪)

(૨) મનને પરાણે કચડીને વૈરાગ્યની સિદ્ધિ જુઓ શ્લોક ૨૯ મો (૧૩૧)

(૩) વિષયની ફેરબદલી કરીને વૈરાગ્યની સિદ્ધિ જુઓ શ્લોક ૩૧ મો (૧૩૩)

(૪) વિશિષ્ટજ્ઞાન દશામાત્રથી વૈરાગ્યની સિદ્ધિ જુઓ શ્લોક ૨૮ મો (૧૩૦)

૩૬. (૧) પ્રમાણ નયતત્ત્વાલોકાલંકાર ૬–૪
(૨) હારિભદ્રી અષ્ટક ૧–૫ ની ટીકા.

# વૈરાગ્ય ભેદ

૬

**વિરાગ ૩ પ્રકારના:—**

દુ:ખગર્ભ : મોહગર્ભ : જ્ઞાનગર્ભ :

**૧. દુ:ખગર્ભ.**

(i) કોઈ દુ:ખથી ફફડી ઊઠતા;

(ii) સંસારના સુખને તો હૃદયથી ચાહતા;

(દુ:ખવિરાગી સુખરાગી) આત્માનો વિરાગ.

**૨. મોહગર્ભ.**

મોહ = અજ્ઞાન = વિપરીતજ્ઞાન

(i) આત્માદિ પદાર્થના 'એકાન્ત નિત્ય' વિગેરે વિપરીત સ્વરૂપના જ્ઞાનથી,

(ii) સંસારને અસાર જોતા તાપસ વિગેરેનો વિરાગ.

**૩. જ્ઞાનગર્ભ.**

(i) સદ્‌ગુરુના સંગથી કે આવી પડેલા શરીરાદિના દુ:ખથી જાગેલો.

(ii) દુ:ખના કારણમાં ભોગ સુખના પાપને જણાવીને તે સુખથી (પાપથી) પણ કારમી સૂગ ઉત્પન્ન કરતો: સનત્કુમાર નમિરાજ કે શાલિભદ્રજીનો વિરાગ.

## વૈરાગ્ય-ભેદ

[१३९] तद्वैराग्यं स्मृतं दुःख-मोहज्ञानान्वयात्त्रिधा ।
तत्राद्यं विषयाप्राप्तेः, संसारोद्वेगलक्षणम् ॥ १ ॥

વૈરાગ્યના ત્રણ પ્રકાર છે :

(૧) દુઃખગર્ભ વૈરાગ્ય.
(૨) મોહગર્ભ વૈરાગ્ય.
(૩) જ્ઞાનગર્ભ વૈરાગ્ય.

**દુઃખગર્ભિત વૈરાગ્ય** :-જેમાં દુઃખ કારણ બને છે તેવો જે વૈરાગ્ય તે દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય.

સાંસારિક વિષયોની અપ્રાપ્તિથી સંસાર ઉપર ઉદ્વેગ થઈ જવો તે દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય.[૩૭]

[१४०] अत्राङ्गमनसोः खेदो, ज्ञानमाप्यायकं न यत् ।
निजाभीप्सितलाभे च, विनिपातोऽपि जायते ॥ २ ॥

દુઃખગર્ભ વૈરાગ્યથી સંસાર છોડતા જીવને, લોચ-

---

૩૭. મેતાર્ય મુનિના ઘાતક સોનીને થયેલો વૈરાગ્ય દુઃખગર્ભિત કહેવાય. પરન્તુ સનત્કુમાર, અનાથીમુનિ કે નમિરાજર્ષિ આદિના વૈરાગ્યને દુઃખગર્ભિત ન કહેવાય કેમકે એમને જે દુઃખ પ્રાપ્ત થયું તેનાથી માત્ર તેઓ વિરક્ત થયા ન હતા કિન્તુ એ દુઃખના કારણભૂત પાપને જાણી લઈને સાચા જ્ઞાની બનીને પાપમય સંસારથી પણ ઉદ્વિગ્ન બન્યા હતા. માટે એમનો વૈરાગ્ય તો સાચે જ જ્ઞાનગર્ભિત હતો.

વિહારાદિથી કાયાને અને ગુર્વાજ્ઞાપાલનથી મનને સતત ખેદ રહ્યા કરે છે! દુઃખથી ત્રાસેલાને આ દુઃખો ય શે' ગમે!

વળી એને જે કાંઈ થોડું પણ શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત થાય છે તે પણ તેના આત્માને તૃપ્ત કરી શકતું નથી.

આવા આત્માને જો પોતાને મનગમતું કશુંક ક્યાંક મળી જાય તો તેનું બાહ્ય પતન થઈ જતા પણ વાર લાગતી નથી.

[૧૪૧] दुःखाद्विरक्ताः प्रागेवे-च्छन्ति प्रत्यागतेः पदम् ।
अधीरा इव सङ्ग्रामे, प्रविशन्तो वनादिकम् ॥ ३ ॥

દુઃખથી કંટાળીને ભાગી છૂટેલા એ આત્માઓ સાધુ વેષ સ્વીકારવા પૂર્વે જ સાધુ વેષમાં ય વળી કષ્ટ પડે તો ત્યાંથી પાછા આવી જવા માટેનું એક સ્થાન શોધી રાખતા હોય છે.

ન છૂટકે યુદ્ધે ચઢતા કાયર પુરૂષો, યોગ્ય તક મળતા જ ત્યાંથી નાસી છૂટીને ક્યાંક સંતાઈ જવા માટે જેમ કમલ-વનાદિના સ્થાનને પહેલેથી જ નક્કી કરી રાખે છે તેમ.

[૧૪૨] शुष्कतर्कादिकं किञ्चि-द्वैद्यकादिकमप्यहो ।
पठन्ति ते शमनदीं, न तु सिद्धान्तपद्धतिम् ॥ ४ ॥

આવા વૈરાગ્યવાળા જીવો થોડા લુખ્ખા તર્ક વિગેરે ભણી લે છે, કાંઈક વૈદક-જ્યોતિષ વિગેરે પણ જાણી રાખે છે. પરન્તુ એ બિચારા, શમના નીરથી ભરેલી નદી જેવા શાસ્ત્ર માર્ગને તો અડતા ય નથી.

[૧૪૩] ग्रन्थपल्लवबोधेन, गर्वोष्माणं च बिभ्रति ।
तत्त्वान्तं नैव गच्छन्ति, प्रशमामृतनिर्झरम् ॥ ५ ॥

એકાદ ગ્રન્થનું અધકચરૂં જ્ઞાન પ્રાપ્ત થઈ જાય એટલામાં તો અભિમાનમાં આવી જઈને ધમધમી ઊઠે છે. પરન્તુ પ્રશમ અમૃતના ઝરણા સમો શાસ્ત્રનો પાર તો કદી પામી શકતા નથી.

[૧૪૪] वेषमात्रभृतोऽप्येते, गृहस्थान्नातिशेरते ।
न पूर्वोत्थायिनो यस्मा-न्नापि पश्चान्निपातिनः ॥ ६ ॥

સાધુ વેષને ધારણ કરવા છતાં પણ આ જીવો ગૃહસ્થથી જરા ય ચડિયાતા નથી હોતા કેમકે ગૃહસ્થ ધર્મથી તેઓ ઊઠ્યા જ નથી અને સાધુ ધર્મમાં (અંતરથી) પ્રવેશ્યા જ નથી.

[૧૪૫] गृहेऽन्नमात्रदौर्लभ्यं, लभ्यन्ते मोदका व्रते ।
वैराग्यस्यायमर्थो हि, दुःखगर्भस्य लक्षणम् ॥ ७ ॥

'ઘરમાં ખાવાનાં ય ફાંફા છે અને સાધુ થઈએ તો રોજ લાડુ ખાવા મળે છે!' આવી સમજણ જે વૈરાગ્યમાં છે તે દુઃખગર્ભ વૈરાગ્ય કહેવાય.

[૧૪૬] कुशास्त्राभ्याससम्भूत–भवनैर्गुण्यदर्शनात् ।
मोहगर्भं तु वैराग्यं, मतं बालतपस्विनाम् ॥ ८ ॥

બૌદ્ધ–શાક્યાદિના એકાન્તવાદી કુશાસ્ત્રોના એકાન્ત-નિત્યત્વાદિવાદના અભ્યાસથી ઉત્પન્ન થયેલા ભવનૈર્ગુણ્ય દર્શનથી જે વૈરાગ્ય પ્રાપ્ત થાય તે મોહગર્ભ–વૈરાગ્ય કહેવાય.

મોહ એટલે અજ્ઞાન કે વિપરીતજ્ઞાન. એનાથી ઉત્પન્ન થએલો વૈરાગ્ય એ મોહગર્ભ વૈરાગ્ય કહેવાય.

આ વૈરાગ્ય બાલતપ કરતા સન્યાસી વિગેરેને હોય.

**[૧૪૭] सिद्धान्तमुपजीव्यापि, ये विरुद्धार्थभाषिणः ।**
**तेषामप्येतदेवेष्टं, कुर्वतामपि दुष्करम् ॥ ९ ॥**

વળી 'હું જે કહું છું તે જ જિનેશ્વરનો સિદ્ધાન્ત છે' એ રીતે જિન સિદ્ધાન્તનું નામ લઈને જ જિન-સિદ્ધાન્તથી વિરૂદ્ધ અર્થનું પ્રતિપાદન, સ્વમતિ કલ્પનાથી કરતા હોય તે આભિનિવેશિક મિથ્યાત્વી (જમાલિ આદિ)નો વૈરાગ્ય પણ મોહગર્ભ કહેવાય. ભલેને પછી તેઓ દુષ્કર તપશ્ચરણાદિ કાં ન કરતા હોય ?

**[૧૪૮] संसारमोचकादीना–मिवैतेषां न तात्त्विकः ।**
**शुभोऽपि परिणामो, यज्जाता नाज्ञारुचिस्थितिः ॥१०॥**

સંસાર મોચક મતવાળા જીવોનો જીવદયાદિ પરિણામ જેમ હકીકતમાં સાચો-પ્રશસ્ય-પરિણામ નથી તેમ આ આભિનિવેશિક મિથ્યાત્વી આત્માઓનો દેખીતી રીતે શુભ એવો પરિણામ પણ તાત્ત્વિક નથી કેમકે તેઓના અંતરમાં જિનાજ્ઞાની રૂચિ સ્થિર થઈ હોતી નથી. એમની તપાદિની પ્રવૃત્તિ પણ સ્વમતિપૂર્વક જ હોય છે.

સંસાર મોચકમતનું એ મન્તવ્ય છે કે દરેક જીવના ભવો તો નિયત જ હોય છે. એટલે રીબાતા-પીડાતા જીવને

જલદી મારી નાંખવામાં આવે તો તે જીવને એક ભવ જલદી પૂરો થઈ જાય વળી લાંબા સમય સુધી એને દુઃખ ભોગવવું ન પડે. અને એ રીતે એ જીવ સંસારમાંથી એટલો જલદી મુક્ત થાય. અહીં સ્થૂલ દૃષ્ટિથી આ મન્તવ્ય જીવદયાના ભાવથી પ્રેરિત જણાય છે પણ વસ્તુતઃ તેમ નથી.[૩૮]

[१४९] अमीषां प्रशमोऽप्युच्चै–र्दोषपोषाय केवलम् ।
अन्तर्निलीनविषम–ज्वरानुद्भवसन्निभः ॥११॥

આ આત્માઓનો બહાર જણાતો પ્રશમ ભાવ પણ વસ્તુતઃ તો અંતરમાં દોષોના પોષણનું જ કામ કરતો રહે છે.

એ પ્રશમભાવ છે, રોગીના શરીરમાં દબાઈ રહેલા એકાંતરીયા તાવ સમો !

ક્યારે ભડકો થઇ જાય તે કહી ન શકાય.

[१५०] कुशास्त्रार्थेषु[१] दक्षत्वं, शास्त्रार्थेषु विपर्ययः[२] ।
स्वच्छन्दता[३] कुतर्कश्च[४], गुणवत्संस्तवोज्झनम्[५] ॥१२॥

[१५१] आत्मोत्कर्षः[६] परद्रोहः[७] कलहो[८] दम्भजीवनम्[९] ।
आश्रवाच्छादनं[१०] शक्त्यु–ल्लङ्घनेन क्रियादरः[११] ॥१३॥

૩૮. (૧) ઉપદેશ રહસ્ય ગાથા ૫, ૬ની ટીકા.
(૨) નંદી–મલયગિરિયા વૃત્તિ. પૃ. ૧૩ અ.

[१५२] गुणानुराग[१२]वैधुर्य–मुपकारस्य [१३]विस्मृतिः ।
अनुबन्धा[१४]द्यचिन्ता च, प्रणिधानस्य [१५]विस्मृतिः ॥१४॥

[१५३] [१६]श्रद्धामृदुत्व[१७]मौद्धत्य[१८]मधैर्य[१९]मविवेकिता ।
वैराग्यस्य द्वितीयस्य स्मृतेयं लक्षणावली ॥१५॥

એ આત્માઓ કુશાસ્ત્રોના અધ્યયનમાં પ્રવીણ હોય છે, સત્ શાસ્ત્રના અર્થમાં અવળી મતિવાળા હોય છે,

તેઓ સ્વચ્છન્દી અને કુતર્કપ્રિય હોય છે, તથા ગુણિયલ પુરૂષના પરિચયથી વેગળા રહેતા હોય છે.

મોહગર્ભ વૈરાગ્યવાળા જીવો પોતાનો ઉત્કર્ષ ગાનારા, બીજાનો દ્રોહ કરનારા, કલહભર્યું અને દાંભિકજીવન જીવનારા, પાપોને ઢાંકનારા, ગજા ઉપરાંત ક્રિયાને આંખ મીંચીને કરનારા, ગુણાનુરાગ વિનાના, ઉપકારીના ઉપકારને ભૂલી જનારા, ભાવિ અનર્થોની પરમ્પરાની ચિંતા નહિ કરનારા, ધર્મયોગમાં ચિત્તની એકાગ્રતા નહિ જાળવનારા, જરાક નિમિત્ત મળતાં જ તૂટી જાય તેવી આછી પાતળી શ્રદ્ધાવાળા, ઉદ્ધત, અધીરા અને અવિવેકી હોય છે.

બીજા નંબરના મોહગર્ભ વૈરાગ્યના આ ૧૯ લક્ષણો છે.

[१५४] ज्ञानगर्भं तु वैराग्यं, सम्यकुतत्वपरिच्छिदः ।
स्याद्वादिनः शिवोपाय–स्पर्शिनस्तत्वदर्शिनः ॥१६॥

**જ્ઞાનગર્ભ વૈરાગ્ય :**–તત્વના યથાસ્થિત જ્ઞાનવાળા,

સ્યાદ્વાદ–શૈલીના જ્ઞાતા, મોક્ષના ઉપાયભૂત રત્નત્રયીને સ્પર્શનારા અને તત્વદર્શી આત્માને જ્ઞાનગર્ભ વૈરાગ્ય હોય છે.[૩૯]

[૧૫૫] मीमान्सा मान्सला यस्य स्वपरागमगोचरा ।
बुद्धिः स्यात्तस्य वैराग्यं, ज्ञानगर्भमुदञ्चति ॥१७॥

જેમની તત્વ મીમાંસા પ્રૌઢ હોય, જેમની પ્રજ્ઞા સ્વ–પર આગમોને અવગાહતી હોય તેમને જ્ઞાનગર્ભ વૈરાગ્ય પ્રગટ થાય.

[૧૫૬] न स्वान्यशास्त्रव्यापारे प्राधान्यं यस्य, कर्मणि ।
नासौ निश्चयसंशुद्धं सारं प्राप्नोति कर्मणः ॥१८॥

પૂર્વશ્લોકમાં કહ્યું કે જ્ઞાનગર્ભ વૈરાગ્ય માટે સ્વ–પર આગમને અવગાહતી બુદ્ધિ આવશ્યક છે. આ વિધાનને અનુલક્ષીને નિશ્ચયનયની દૃષ્ટિથી આ શ્લોકમાં ગ્રન્થકાર–પરમર્ષિ કહે છે કે જે ચારિત્રધર આત્માને અનુષ્ઠાનમાં જ પ્રાધાન્ય દેખાય છે અને શાસ્ત્રોના અવગાહનરૂપ વ્યાપારમાં પ્રાધાન્ય દેખાતું નથી એ સંયમી આત્મા અનુષ્ઠાનના નિશ્ચયશુદ્ધ સારને પામી શકતો નથી.[૪૦]

---

૩૯. (૧) યો. દૃષ્ટિસજ્ઝાય. ૪થી ઢાળ ૧૬, ૧૭, ૧૮.
(૨) ષોડશક પ્રકરણ ૧૧મું શ્લોક ૭, ૮, ૯, ૧૦, ૧૧.
(૩) યો. દૃષ્ટિસમુ. શ્લો. ૧૨૨ થી ૧૨૫.
(૪) હારિ. અષ્ટક. ૧૦મું શ્લો. ૩ થી ૭.
(૫) ,, ,, ૯મું.
(૬) દ્વા. દ્વા. ૬ઠ્ઠી ૧ થી ૬, ૨૧ થી ૨૪.
(૭) યો. દૃષ્ટિ સમુ. શ્લો. ૨૦૩, ૨૦૪.

૪૦. (૧) સમ્મતિતર્ક ૩–૬૭. સટીક.
(૨) દ્રવ્યગુણપર્યાયનો રાસ. ૧ લી ઢાળ ૨ જો શ્લોક.

[૧૫૭] सम्यक्त्वमौनयोः सूत्रे, गतप्रत्यागते यतः ।
नियमो दर्शितस्तस्मात्, सारं सम्यक्त्वमेव हि ॥१९॥

'અનુષ્ઠાનનો સાર શું?' તે વાત આ શ્લોકમાં કહે છે.

આચારાંગ સૂત્રમાં સમ્યકત્વ-મૌનની સમવ્યાપ્તિનો નિયમ બતાવ્યો છે એટલે જે સમ્યકત્વ છે તે જ મુનિપણું છે અને જે મુનિપણું છે તે જ સમ્યકત્વ છે. આ નિયમથી એમ નક્કી થાય છે કે ચારિત્ર્યનો સાર (શુદ્ધ) સમ્યકત્વ જ છે.

નિશ્ચયનયની દૃષ્ટિએ સમ્યકત્વ સાતમા ગુણસ્થાને જ સંભવે છે, એટલે એ દૃષ્ટિએ આ વિધાન સમજવું કે અનુષ્ઠાન-ચારિત્રનો સાર શુદ્ધ સમ્યકત્વ છે. અને આ શુદ્ધ સમ્યકત્વ સ્વ-પર શાસ્ત્રના બોધ વિના પ્રાપ્ત થઈ શકતું નથી.[૪૧]

[૧૫૮] अनाश्रवफलं ज्ञान-मव्युत्थानमनाश्रवः ।
सम्यक्त्वं तदभिव्यक्ति-रित्येकत्वविनिश्चयः ॥२०॥

જે સમ્યકત્વ છે તે જ મુનિપણું (ચારિત્ર) છે એમ પૂર્વ શ્લોકમાં કહ્યું તે વાતને જ અહીં સિદ્ધ કરે છે.

(૧) જ્ઞાનનું ફળ અનાશ્રવ છે.

અને (૨) અનાશ્રવ એટલે ચારિત્ર (અવ્યુત્થાન પાપા-પ્રવૃત્તિ)

૪૧. (૧) આચારાંગસૂત્ર ૫મું અધ્ય. ૩જો ઉદેશો, ૧૫૫મું સૂત્ર.
(૨) સવાસો ગાથાનું સ્તવન ૩જી ઢાળ ૨૬મી ગાથા.

(૩) તે ચારિત્રની અભિવ્યક્તિ જ સમ્યકત્વ છે. આમ સમ્યકત્વ જ્ઞાન અને ચારિત્ર એક થઈ ગયા.

જ્યાં જ્ઞાન છે ત્યાં તેનું કાર્ય ચારિત્ર હોય જ. અને ચારિત્રનું અભિવ્યંજક સમ્યકત્વ છે માટે ચારિત્ર હોય ત્યાં સમ્યકત્વ હોય જ.

અભિવ્યંજક પણ અભિવ્યઙ્ગ્ય વિના તો સંભવે જ નહિ એટલે જ્યાં સમ્યકત્વ હોય ત્યાં ચારિત્ર પણ હોય જ. આમ પૂર્વોકત શ્લોકમાં બતાવેલી ચારિત્ર–સમ્યકત્વની સમ-વ્યાપ્તિ સ્થિર થઈ ગઈ.

[१५९] बहिर्निवृत्तिमात्रं स्या–च्चारित्रं व्यावहारिकम् ।
अन्तःप्रवृत्तिसारं तु, सम्यक्प्रज्ञानमेव हि ॥२१॥

પ્રશ્ન....૪ થા ગુણસ્થાને સમ્યકત્વ તો હોય છે ત્યાં કયાં ચારિત્ર છે ? અને જો ૭ મા ગુણસ્થાને જ સમ્યકત્વ અને ચારિત્ર હોય તો ૬ઠ્ઠા ગુણસ્થાને જે ચારિત્ર છે ત્યાં શું સમ્યકત્વ નથી ?

ઉ....૬ઠ્ઠા ગુણસ્થાને જે ચારિત્ર છે તે તો બાહ્ય પદાર્થોની નિવૃત્ત માત્ર સ્વરૂપ છે. વ્યવહારથી જ ત્યાં ચારિત્ર કહેવાય. એથી જ તેને વ્યવાહારિક ચારિત્ર કહેવાય. ત્યાં વ્યાવહારિક સમ્યકત્વ પણ હોય જ. પરન્તુ ત્યાં નિશ્ચયનયની દષ્ટિએ સમ્યકત્વ ( સમ્યક્ પ્રજ્ઞાન ) હોઈ શકે નહિ કેમ કે સમ્યકત્વ તો અન્તઃપ્રવૃત્તિ = આત્મરમણતાના ફળ ( સાર ) વાળું છે, અને એ સમ્યકત્વ એ જ ચારિત્ર અને એ જ જ્ઞાન છે.

આત્મરમણુતા તો ૭ મા જ ગુણસ્થાને સંભવે છે માટે વ્યાવહારિક ચારિત્ર સાથે આ સમ્યકત્વ સંભવતું નથી. એટલે એકતાને પ્રાપ્ત થતા નિશ્ચયશુદ્ધ સમ્યકત્વ, ચારિત્ર અને જ્ઞાન, સાતમા ગુણસ્થાનથી જ હોઈ શકે; તેની નીચે તેમનો સંભવ જ નથી.

[૧૬૦] **एकान्तेन हि षट्कायश्रद्धानेऽपि न शुद्धता ।**
**सम्पूर्णपर्ययालाभाद्—यन्न याथात्म्यनिश्चयः ॥२२॥**

ષડ્જીવનિકાયનું એકાન્ત શ્રદ્ધાન કરવું એમાં નિશ્ચય-નયનું શુદ્ધ સમ્યકત્વ સંભવે નહિ.

(૧) 'છ જ જીવો અને કાય છે' એ એકાન્ત શ્રદ્ધાન છે. આ ખોટું શ્રદ્ધાન છે કેમકે જીવોનો અને તેમની કાયોનો સમૂહ લઈએ તો તે એકેક જ છે. છ નથી.

(૨) હવે જો 'ષડ્જીવનિકાય છે' એ શ્રદ્ધાનમાં છ જીવનિકાયમાં જીવત્વ જ માનીએ તો તે ય ખોટું છે કેમકે જીવ અને પુદ્ગલ પરસ્પર દૂધ પાણીની જેમ એકમેક થઇને રહેલા છે એટલે જીવમાં જીવત્વ છે તેમ અજીવત્વ (પુદ્ગલત્વ) પણ છે જ.

(૩) વળી ષડ્જીવનિકાયના શ્રદ્ધાનમાં 'છ જીવોના સમૂહમાં નિકાયત્વ જ' માનીએ તો તે ય ખોટું છે કેમકે સમૂહમાં નિકાયત્વ હોવા છતાં દરેક જીવની પૃથક્ પૃથક્ પ્રધાનતાની વિવક્ષા કરીએ તો તેમનો સમૂહ ન બને એટલે તેમનામાં એ અપેક્ષાએ અનિકાયત્વ પણ આવે.

આમ 'એવ'કારને 'ષડ્જીવનિકાયમાં' જુદી જુદી રીતે યોજીને જો એકાન્ત પકડીએ તો એ એકાન્ત શ્રદ્ધાન એ શુદ્ધ સમ્યકત્વ નથી. નિશ્ચયનયથી એ આત્મા મિથ્યાદૃષ્ટિ જ કહેવાય.

પદાર્થ અનન્તપર્યાયમય છે એટલે (૧) જીવમાં જીવત્વ છે તેમ અજીવત્વ પણ છે, (૨) ષડ્જીવનિકાયમાં ષડ્ત્વ છે તેમ એકત્વ પણ છે, (૩) નિકાયત્વ છે તેમ અનિકાયત્વ પણ છે. આ રીતે પદાર્થનું જે યથાર્થ સ્વરૂપ (યથાત્મા) કે, '**પદાર્થ સર્વપર્યાયવાળો છે**' તેનો નિશ્ચય ન થવાથી એવું એકાન્તવાળું ષડ્જીવનિકાય શ્રદ્ધાન એ શુદ્ધસમ્યકત્વ સ્વરૂપ નથી. [૪૨]

**[૧૬૧] यावन्तः पर्यया वाचां, यावन्तश्चार्थपर्ययाः ।**
**साम्प्रतानागतातीतास्तावद्द्रव्यं किलैककम् ॥२३॥**

'વિશ્વનું કોઇ પણ એક જ દ્રવ્ય સર્વપર્યાયમય છે' એ વાત હવે સિદ્ધ કરવામાં આવે છે. શબ્દનય સમભિરૂઢનય અને એવંભૂતનય અથવા તેનાથી વાચ્ય વસ્તુના અંશો તે બધા વસ્તુના **વચનપર્યાય** કહેવાય.

જ્યારે સંગ્રહાદિ–નય અથવા તદ્વાચ્ય બધા વસ્તુના અંશો વસ્તુના **અર્થપર્યાય** કહેવાય.

પ્રત્યેક વસ્તુના અનન્તાનન્ત વચન–પર્યાય છે અને

૪૨. (૧) સમ્મતિ તર્ક–૩ જો કાણ્ડ ૨૮ મો શ્લોક.

અર્થ–પર્યાય પણ છે. કેમકે અતીતાદિ ત્રણેય કાળના સર્વ પર્યાયો પ્રત્યેક દ્રવ્યના બની રહે છે. દા. ત. ઘટ દ્રવ્યના ત્રણેય કાળના પર્યાયો જેમ વર્તમાન ઘટ દ્રવ્યના છે તેમ તે જ ઘટ દ્રવ્યના, પટાદિ સર્વ દ્રવ્યના સર્વ પર્યાયો પણ છે જ. કેમકે પટાદિ પર્યાયો પણ ઘટાદિ દ્રવ્યમાં નાસ્તિત્વરૂપેણ પરસ્પર અનુગત બની જાય છે. આમ એક જ દ્રવ્ય સર્વકાળના સર્વ દ્રવ્યના સર્વ પર્યાયમય યુગપત્ બને છે અને ક્રમશઃ પણ બને છે.[૪૩].

**[૧૬૨] स्यात्सर्वमयमित्येवं, युक्तं स्वपरपर्ययैः ।**
**अनुवृत्तिकृतं स्वत्वं, परत्वं व्यतिरेकजम् ॥२४॥**

આ રીતે પ્રત્યેક દ્રવ્ય બધા સ્વપર્યાય અને બધા પરપર્યાયથી યુક્ત હોઈને સર્વ પર્યાયમય થાય છે.

પ્ર. **પર્યાયમાં સ્વત્વ શું અને પરત્વ શું ?** અર્થાત્ ઘટના અમુક પર્યાય સ્વ કહેવાય અને અમુક પર્યાયો પર કહેવાય એટલે શું ?

ઉ. જે પર્યાયોની ઘટમાં અનુવૃત્તિ (સ્વનું અસ્તિત્વ) છે તે પર્યાયો ઘટના સ્વપર્યાય કહેવાય. અને ઘટમાં નહિ હોવાથી (વ્યતિરેકજ) ઘટના પર્યાય બને છે તે પર્યાયોને ઘટના પરપર્યાય કહેવાય. દા.ત. ઘટમાં ઘટત્વ પર્યાય છે અને એજ ઘટમાં પટત્વ પર્યાય પણ છે. ફેર માત્ર એટલો જ કે ઘટત્વપર્યાય એ ઘટનો સ્વપર્યાય છે જ્યારે પટત્વપર્યાય એ ઘટનો પરપર્યાય છે. છે તો બેય ઘટના જ પર્યાય.

૪૩. સમ્મતિતર્ક ૧ લો કાણ્ડ ૩૧મો શ્લોક સટીક.

અહીં ઘટત્વની ઘટમાં વિદ્યમાનતા જ છે માટે એ ઘટનો સ્વપર્યાય કહેવાય. અને પટત્વ એ ઘટનો પરપર્યાય છે કેમકે એની તે ઘટમાં વિદ્યમાનતા જ નથી. પણ છતાં વિદ્યમાનતા ન હોવા રૂપ સંબંધથી જ પટત્વ એ ઘટનો પર્યાય બની જાય છે. જેમ વિદ્યમાનતા હોવાના સંબંધથી ઘટત્વ એ ઘટનો પર્યાય બને છે તેમ.

ટૂંકમાં જે પર્યાયોનું ઘટમાં અસ્તિત્વ છે તે બધા પર્યાયો અસ્તિત્વસંબંધથી ઘટના સ્વપર્યાય કહેવાય, અને જે પર્યાયોનું ઘટમાં નાસ્તિત્વ છે તે બધા પર્યાયો નાસ્તિત્વ સંબંધથી ઘટના પરપર્યાય કહેવાય. આમ ગમે તે સંબંધથી બનતા ઘટના સ્વપર્યાય કે પરપર્યાય–બધા ય–ઘટના જ પર્યાય બન્યા. એટલે **ઘટદ્રવ્ય સર્વ પર્યાયમય બન્યું.** આ રીતે પ્રત્યેક દ્રવ્ય અનુવૃત્તિથી–(સદ્ભાવથી) અસ્તિત્વ સંબંધ વડે, અને વ્યતિરેકથી–નાસ્તિત્વ સંબંધ વડે સર્વ પર્યાયમય બને છે. (પટમાં પટત્વાદિ પર્યાય છે અસ્તિત્વ સંબંધથી, અને એ જ પટમાં ઘટત્વાદિપર્યાયો છે નાસ્તિત્વ સંબંધથી.)

[૧૬૩] ये नाम परपर्यायाः, स्वास्तित्वायोगतो मताः ।
स्वकीया अप्यमी त्याग–स्वपर्यायविशेषणात् ॥२५॥

પ્ર. ઘટના જે ઘટત્વાદિ પર્યાયો છે તે તો જરૂર ઘટના સ્વપર્યાય કહી શકાય. એ તો સમજાયું. પરન્તુ જે પટત્વાદિ પરપર્યાયો ઘટના નથી તેને ઘટના પર્યાય કેમ કહેવાય? પટત્વાદિ એ ઘટના પરપર્યાય છે, એમ કહો છો અને એને

ઘટનો પર્યાય કહો છો? ઘટનો પર્યાય હોય તો એ ઘટનો પરપર્યાય શા માટે કહેવો જોઈએ?

ઉ. ઘટનો જે ઘટત્વાદિ પર્યાય છે એનું ઘટમાં અસ્તિત્વ છે માટે સ્વાસ્તિત્વ સંબંધથી એ ઘટત્વાદિ પર્યાય ઘટનો સ્વપર્યાય કહ્યો. હવે ઘટ સિવાયના તમામ પટાદિ દ્રવ્યોના જે પટત્વાદિ અનંત પર્યાયો છે તે યદ્યપિ ઘટમાં અસ્તિત્વ સંબંધથી તો નથી જ પણ ઘટના જે **સ્વપર્યાય** તેના **ત્યાગ** વિશેષણવાળા બનીને તે બધા ય ઘટના જ સ્વપર્યાય (પરપર્યાય રૂપ) બની જાય છે.

કહેવાનો ભાવ એ છે કે ઘટત્વાદિ પર્યાયો ઘટમાં જેમ તાદાત્મ્ય સંબંધથી રહીને ઘટના સ્વપર્યાય બને છે તેમ પટત્વાદિ પરપર્યાયો ઘટ સાથે તાદાત્મ્ય સંબંધવાળા ન હોવા છતાં ઘટના સ્વપર્યાય ત્યાગ (અભાવ) વાળા તે બધા પટપર્યાયો ઘટના જ પર્યાય બની જાય છે. ટૂંકમાં ઘટત્વાદિ અને પટત્વાદિ–બધા ય–ઘટના સ્વપર્યાય છે. પરન્તુ ઘટત્વાદિ સ્વપર્યાયો, એ સ્વપર્યાય સ્વીકાર વિશિષ્ટ છે જ્યારે પટત્વાદિ પર્યાયો, એ સ્વપર્યાયત્યાગ વિશિષ્ટ છે. સ્વપર્યાયસ્વીકાર કે સ્વપર્યાયત્યાગ ગમે તે–વિશેષણ હોય, પણ એ વિશેષણથી વિશિષ્ટ તે ઘટત્વાદિ પટત્વાદિ–સર્વ પર્યાયો ઘટના જ સ્વપર્યાય બની જાય છે. માત્ર વિશેષ સ્પષ્ટીકરણ માટે સ્વપર્યાયસ્વીકાર વિશેષણવાળા ઘટત્વાદિપર્યાયને ઘટના સ્વપર્યાય કહેવાય અને સ્વપર્યાય ત્યાગવિશેષણવાળા પટત્વાદિપર્યાયને એ ઘટના જ પરપર્યાય કહેવાય.

પ્ર. જે પટત્વાદિ ઘટનો પરપર્યાય છે એને નાસ્તિત્વ-સંબંધથી પણ ઘટનો પર્યાય શા માટે કહેવો જોઈએ !

ઉ. ‘ ઘટમાં પટત્વ નાસ્તિત્વસંબંધથી રહે છે’ તેમ ન કહો તો ઘટ એ પટ બની જવાની આપત્તિ આવે. કેમકે જેમ ઘટત્વ એ, જે ઘટદ્રવ્યમાં નાસ્તિત્વસંબંધથી રહેનારો પર્યાય નથી બન્યો માટે જ તે દ્રવ્યને ઘટ કહેવાય છે તો તે દ્રવ્યમાં પટત્વ પણ જો નાસ્તિત્વસંબંધથી રહેનારો પર્યાય ન હોય તો તે ઘટ દ્રવ્યને પટ પણ કેમ ન કહેવાય? માટે પટત્વાદિને નાસ્તિત્વ સંબંધથી ઘટમાં જ રહેનારા ઘટના પર્યાય માનવા જ જોઈએ.[૪૪]

[१६४] अतादात्म्येऽपि सम्बन्ध–व्यवहारोपयोगतः ।
तेषां स्वत्वं धनस्येव, व्यज्यते सूक्ष्मया धिया ॥२६॥

પ્ર. ઘટત્વાદિ પર્યાયનું તો ઘટમાં તાદાત્મ્ય છે માટે તે ઘટત્વાદિ–પર્યાયને ઘટના પર્યાય કહેવામાં કશો વાંધો નથી, પરન્તુ જે પટત્વાદિ પર્યાયનું ઘટમાં કોઈ તાદાત્મ્ય નથી છતાં તે પટત્વાદિને ઘટના સંબંધી સ્વપર્યાય કહેવા એ તો જચતું નથી.

ઉ. જેમ બે અભિન્ન (તાદાત્મ્યવાળી) વસ્તુનો સંબંધ બને છે તેમ બે ભિન્ન (અતાદાત્મ્યવાળી) વસ્તુનો પણ સંબંધ ક્યાં નથી બનતો ?

એક પુરૂષ છે. અને એના ઘરમાં પુષ્કળ ધન છે.

૪૪ વિશેષાવશ્યક ભાષ્ય–બૃહદ્વૃત્તિ શ્લો–૪૮૦ સટીક.

પુરૂષ અને ધન તદ્દન ભિન્ન વસ્તુ હોવા છતાં 'પુરૂષનું ધન' એમ શું નથી કહેવાતું ? તે જ રીતે ઘટ અને પટત્વાદિ અનંત પરપર્યાયો ભિન્ન છતાં એ પટત્વાદિ (પર)પર્યાયો ઘટના સ્વપર્યાય તરીકે–સ્વત્વવાળા–કેમ ન કહી શકાય ? આ વાત સૂક્ષ્મ બુદ્ધિથી જ સમજાય તેવી છે.

એક વસ્તુ, બીજી એક વસ્તુથી ભિન્ન હોય છતાં જો તેના ઉપયોગમાં આવતી હોય તો તે વસ્તુ બીજી વસ્તુની બની જાય. દેવદત્ત અને ધન ભિન્ન છે છતાં જે ધન દેવદત્તના ઉપયોગમાં આવે છે તે ધન દેવદત્તનું કહેવાય. આજ રીતે ઘટના સ્વપર્યાયોના અભાવ (ત્યાગ)વાળા–પટત્વાદિ, પરપર્યાયો તરીકે ઘટના ઉપયોગમાં આવે છે.

જેમ કે, જ્યારે ઘટ મંગાવવાનો વ્યવહાર થાય છે ત્યારે ઘટત્વવાન્ ઘટ જ લાવવામાં આવે છે પણ પટાદિ લાવવામાં આવતા નથી. આ વ્યવહારથી સિદ્ધ થાય છે કે પટાદિમાં ઘટના સ્વપર્યાયનો અભાવ પડેલો છે, માટે જ તે પટાદિ તે વખતે લાવવામાં આવતા નથી, જેમાં ઘટના સ્વપર્યાયનો સદ્ભાવ છે તે ઘટ દ્રવ્ય જ લાવવામાં આવે છે. એટલે આ રીતે ઘટના પરપર્યાયો પણ ઘટ લાવવા વિગેરે વ્યવહારમાં ઉપયોગી બને છે માટે તે પટાદિ પરપર્યાયોનો ઘટ સાથે સંબંધ બને છે. એથી તે પટાદિપરપર્યાયો ઘટના જ સ્વપર્યાય કહેવાય.[૪૫]

[૪૫] વિ. આ. ભાષ્ય. શ્લો. ૪૮૦મા શ્લોકની ટીકા.

[૧૬૫] पर्यायाः स्युर्मुनेर्ज्ञान–दृष्टिचारित्रगोचराः ।
यथा भिन्ना अपि तथो–पयोगाद्वस्तुनो ह्यमी ॥२७॥

જ્ઞાન–દર્શન–ચારિત્ર અંગેના તમામ દ્રવ્ય–પર્યાયો મુનિથી ભિન્ન હોવા છતાં મુનિના જ કહેવાય છે; કેમકે તે દ્રવ્ય–પર્યાયો શ્રદ્ધેય તરીકે–કેટલાક જ્ઞેય તરીકે–અને કેટલાક ત્યાગ દ્વારા અને કેટલાક ગ્રહણરૂપ ચારિત્રક્રિયામાં–ઉપયોગી બનવા દ્વારા સંસારની મુક્તિના લક્ષને આંબવાનાં કામમાં આવે છે. એટલે સ્વકાર્યમાં ઉપયોગી બનવાથી એ બધા જ્ઞાનાદિ પર્યાયો મુનિથી ભિન્ન હોવા છતાં મુનિના જ પર્યાયો કહેવાય છે તેમ ઘટાદિના પટત્વાદિ–પરપર્યાયો ઘટાદિથી ભિન્ન હોવા છતાં ઘટાદિના સ્વપર્યાયોના ત્યાગવાળા પરપર્યાયો તરીકે વ્યવહારમાં ઉપયોગી બનવાથી ઘટાદિના જ સ્વપર્યાય કહેવાય.[૪૬]

[૧૬૬] नो चेदभावसम्बन्धान्वेषणे का गतिर्भवेत् ।
आधारप्रतियोगित्वे द्विष्ठे न हि, पृथग्द्वयोः ॥२८॥

જો બે વસ્તુનું અતાદાત્મ્ય હોય તે બે વસ્તુનો પણ સંબંધ બની શકે એ વાત તમે ન સ્વીકારો તો પછી તમને જ આપત્તિ આવશે.

તમે ઘટાભાવનો ભૂતલ સાથે સંબંધ માનો છો તો અમે તમને પૂછીએ છીએ કે ઘટાભાવનો ભૂતલ સાથે સંબંધ શોધવા જતાં તમારી કયી ગતિ થશે?

તમે કહેશો કે ઘટાભાવનો આધાર ભૂતલ છે અને

૪૬ વિ. આવ. ભાષ્ય. શ્લો. ૪૮૨ સટીક.

પ્રતિયોગી ઘટ છે માટે ઘટાભાવ આધારતા સંબંધથી ભૂતલ સાથે સંબંધ કરે છે અને પ્રતિયોગિતા-સંબંધથી ઘટ સાથે સંબંધ કરે છે.

પણ તમે અહીં જાણો છો કે આ આધારતા અને પ્રતિયોગિતા ક્રમશઃ માત્ર આધારમાં કે પ્રતિયોગીમાં રહે છે. અર્થાત્ ઘટાભાવની આધારતા આધારસ્વરૂપ ભૂતલમાં જ રહે છે પણ આધારતા નિરૂપક ઘટાભાવમાં નથી રહેતી, એ જ રીતે ઘટાભાવની (ઘટાભાવનિરૂપિત) પ્રતિયોગિતા, પ્રતિયોગી ઘટમાં જ રહે છે પણ પ્રતિયોગિતા નિરૂપક ઘટાભાવમાં નથી રહેતી.

ટૂંકમાં, આધારતા કે પ્રતિયોગિતા દ્વિષ્ઠ નથી. કિન્તુ માત્ર આધાર કે પ્રતિયોગીમાં જ રહે છે અને તેથી જ તે આધારતા-પ્રતિયોગિતા આધારતા નિરૂપક ઘટાભાવ અને પ્રતિયોગિતા નિરૂપક ઘટાભાવ-એ બે યથી પૃથગ્ છે.

આમ કહીને અમે એ વાત તમને જણાવવા માંગીએ છીએ કે ઘટાભાવની આધારતા કે પ્રતિયોગિતા ઘટાભાવમાં રહેતી નથી, ઘટાભાવથી ભિન્ન છે, છતાં તમે એ અતાદાત્મ્ય-વાળી આધારતા પ્રતિયોગિતાને ઘટાભાવના સંબંધસ્વરૂપ પર્યાય બનાવો છો.

હવે જો આ રીતે ભૂતલ કે ઘટમાં તાદાત્મ્ય પામેલા આધારતા કે પ્રતિયોગિતા ધર્મો, ઘટાભાવ સાથેના અતાદાત્મ્ય વાળા હોવા છતાં તેના સંબંધાત્મક પર્યાય બને છે તો તે હવે તમારા મતે શી રીતે બને છે? એટલે હવે જો તમે

આ વાત સ્વીકારી જ છે કે જે બેનું અતાદાત્મ્ય હોય તે બે નો પણ વ્યવહારમાં ઉપયોગ થતાં સંબંધ બની શકે છે તો હવે ઘટને પટત્વાદિપર્યાયો સાથે અતાદાત્મ્ય છે તો પણ ઘટબોધના વ્યવહારમાં પટત્વાદિ ઉપયોગી હોવાથી ઘટ સાથે પટત્વાદિનો સંબંધ કેમ ન બની શકે? અર્થાત્ પટત્વાદિ એ ઘટના સ્વપર્યાય કેમ ન બની શકે?

[૧૬૭] स्वान्यपर्यायसंश्लेषात्, सूत्रेऽप्येवं निदर्शितम् ।
सर्वमेकं विदन्वेद, सर्वं जानँस्तथैककम् ॥ २९॥

આ રીતે એક જ દ્રવ્યમાં સ્વપર તમામ પર્યાયોનો સંબંધ થવાથી શ્રીઆચારાંગસૂત્રમાં પણ કહ્યું છે કે, 'જે એક દ્રવ્યને જાણે છે તે વસ્તુતઃ સર્વ દ્રવ્યને જાણે છે. જે સર્વદ્રવ્યને જાણે છે તે એકદ્રવ્યને જાણે છે.'

કોઈ પણ એક વસ્તુને તેના સ્વ અને પર તમામ પર્યાયોથી જાણતો આત્મા લોકાલોકગત સર્વ વસ્તુ સર્વ સ્વ–પર પર્યાયથી યુક્ત જાણે. કેમકે સર્વવસ્તુના સર્વપર્યાયના જ્ઞાન વિના એક વસ્તુનું જ્ઞાન શક્ય જ નથી. પ્રત્યેક વસ્તુ સર્વસ્વપરપર્યાયમય છે. હવે સર્વપર્યાયને જાણ્યા વિના સર્વપર્યાયમય તે એક વસ્તુ શી રીતે જાણી શકાય? અને સર્વપર્યાયને જાણવા સર્વ વસ્તુને જાણવી જ પડે. આમ થાય તો જ એક વસ્તુ જાણી શકાય. એટલે એકને જાણનારો સર્વને જાણે છે એમ બેશક કહી શકાય.

એ જ રીતે સર્વને જાણનારો એકને જાણતો જ હોય.

કેમકે એકના પણ અજ્ઞાનમાં સર્વનું જ્ઞાન સંભવી શકે જ નહિ. આ રીતે સર્વને જાણ્યા વિના સર્વપર્યાયમય એકનું જ્ઞાન થઈ ન શકે અને એકને પણ જાણવાનું રહે તો સર્વનું જ્ઞાન થઈ ન શકે માટે જ કહ્યું કે 'સર્વને જાણતો જ એકને જાણે છે અને એકને જાણતો જ સર્વને જાણે છે.'[૪૭]

[૧૬૮] आसत्तिपाटवाभ्यास–स्वकार्यादिभिराश्रयन् ।
पर्यायमेकमप्यर्थं, वेत्ति भावाद् बुधोऽखिलम् ॥३०॥

પ્રત્યેક વસ્તુ સર્વપર્યાયમય છે; સર્વ વસ્તુ સર્વપર્યાયમય છે.

પૂર્વે કહ્યું છે કે, સમ્યગ્દૃષ્ટિ આત્મા પ્રત્યેક વસ્તુના અનંતપર્યાયને જાણતો જ હોય. હવે અહીં એક પ્રશ્ન જાગે છે કે જે વખતે સમ્યગ્દૃષ્ટિ આત્મા સામે પડેલા ઘટને જોઈને કહે છે કે, 'આ ઘટ છે' તે વખતે તો તેની નજરમાં પણ ઘટનો એક જ ઘટત્વપર્યાય આવ્યો ને? તે વખતે ઘટના અનંતપર્યાયો તો તેની નજરમાં પણ ન જ આવી શકે. હવે આ જ બાબત મિથ્યાદૃષ્ટિ આત્મામાં પણ બને છે. તે પણ સામે પડેલા ઘટને ઘટ તરીકે જુએ છે ત્યારે તેની નજરમાં તે વખતે ઘટનો એક ઘટત્વપર્યાય જ આવે છે. તો પછી સમ્યગ્દૃષ્ટિ આત્માના સમ્યગ્દર્શનમાં વસ્તુના અનંતપર્યાયનું દર્શન ક્યાં રહ્યું?

આ પ્રશ્નના ઉત્તરરૂપે પ્રસ્તુત શ્લોક છે. ગ્રન્થકાર પરમર્ષિ કહે છે કે વિવક્ષિત કાળે ભલે સમ્યગ્દૃષ્ટિ આત્મા ઘટના

૪૭. (૧) વિ. આવ. ભાષ્ય શ્લો. ૩૨૦ સટીક.
(૨) આચારાંગ સૂત્ર. ૩જું અધ્ય, ૪થો ઉદ્દેશો. સૂ. ૧૨૨.

ઘટત્વપર્યાયને નજરમાં લાવતો દેખાતો હોય છતાં ભાવથી તો તે વખતે પણ તે ઘટને અનંત પર્યાયમય જ માનતો હોય છે. આ વાત મિથ્યાદૃષ્ટિમાં સંભવતી નથી.

પ્રશ્ન—જો સમ્યગ્દષ્ટિ આત્મા સામે પડેલા ઘટને અનંત-પર્યાયમય જોતો હોય તો તેને તે વખતે (સ્થૂલદષ્ટિથી) એક ઘટત્વપર્યાય જ નજર સામે તરવરતો કેમ દેખાય છે?

ઉ.—(૧) આસત્તિ, (૨) પાટવ (બુદ્ધિપાટવ) (૩) અભ્યાસ અને (૪) પ્રયોજનાદિથી આમ બને છે.

(૧) **આસત્તિ :**—બારણે બ્રાહ્મણ આવીને ઊભો છે તે વખતે તેની પાસે અધ્યયન કરનારો વિદ્યાર્થી, બ્રાહ્મણને જોતાંની સાથે જ તે બ્રાહ્મણમાં રહેલા ઉપાધ્યાયત્વ' પર્યાયને જ આગળ કરશે અને તરત કહેશે કે 'મારા ઉપાધ્યાય પધાર્યા' અહીં આમ થવામાં 'આસત્તિ' કારણ બને છે. આસત્તિ એટલે સંબંધ : વિદ્યાર્થી અને બ્રાહ્મણનો અધ્યયનક્રિયાથી થતો સંબંધ : છાત્ર ઉપાધ્યાય સંબંધ.

(૨) **બુદ્ધિપાટવ :**—બીજો એક માણસ અત્યન્ત બુદ્ધિશાલી છે. તે પેલા બ્રાહ્મણને જોઈને એના વેશ ઉપરથી તરત કહી દેશે કે 'આ બ્રાહ્મણ આવ્યો છે.' અહીં બ્રાહ્મણ-ત્વપર્યાય મુખ્ય થયો તેમાં બુદ્ધિની પટુતા કારણ બની.

(૩) **અભ્યાસ :**—ત્રીજા માણસને, બારણે આવેલા ભિક્ષુકને રોજ ભિક્ષા આપવાનો અભ્યાસ થઇ ગયો છે. એ આ બ્રાહ્મણને જોતાં જ કહેશે કે, 'ભિક્ષુક આવ્યો છે.'

અહીં ભિક્ષુકત્વ પર્યાય આગળ થવામાં અભ્યાસ કારણ બને છે.

(૪) **પ્રયોજન** :--ચોથા માણુસે કથા કરાવવાના પ્રયોજનથી તેને બોલાવ્યો છે અને તેની રાહ જોઈને તે બેઠો છે. આ બ્રાહ્મણુને બારણે જોતાં જ કહેશે, 'કથક આવી ગયા છે.' અહીં કથકત્વ પર્યાય સન્મુખ થયો. તેમાં પ્રયોજન કારણ બન્યું.

આમ આસત્તિ (સંબંધ) બુદ્ધિપાટવ, અભ્યાસ અને પ્રયોજનાદિથી અનન્તપર્યાયમય વસ્તુમાંનો એકાદ પર્યાય જ સન્મુખ થાય છે. તે વખતે પણ સમ્યગ્દષ્ટિ આત્મા ભાવથી તો તે વસ્તુને અનન્તપર્યાયમય જ માને છેજ્યારે મિથ્યાદૃષ્ટિ આત્મા તે વખતે ભાવથી પણ વસ્તુને અનન્તપર્યાયમય માનતો નથી.[૪૮]

[१६९] अन्तरा केवलज्ञानं, प्रतिव्यक्तेर्न यद्यपि ।
क्वापि ग्रहणमेकांश–द्वारं चातिप्रसक्तिमत् ॥३१॥

[१७०] अनेकान्तागमश्रद्धा, तथाऽप्यस्खलिता सदा ।
सम्यग्दृशस्तयैव स्यात् सम्पूर्णार्थविवेचनम् ॥३२॥

પ્ર–પ્રત્યેક વસ્તુ (વ્યક્તિ) માં રહેલા સર્વપર્યાયોનું જ્ઞાન તો કેવલિ ભગવંતને જ સંભવે ને ! સમ્યગ્દષ્ટિ આત્મા શી રીતે પ્રત્યેક વસ્તુને સર્વપર્યાયમય તરીકે માને અને જાણે ?

૪૮. વિ. આવ. ભાષ્ય. શ્લો. ૩૨૨ સટીક.

ઉ–તમારી વાત બરાબર છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થયા વિના 'પ્રત્યેક વસ્તુમાં અનંતપર્યાય છે' તેવું જ્ઞાન કોઈને ય થઈ શકતું નથી. અને અનંતપર્યાયમય વસ્તુના એકાદ વિગેરે અંશનું જ્ઞાન થાય તો તે દોષદુષ્ટ જ્ઞાન કહેવાય. તો પણ સમ્યગ્દષ્ટિ આત્માને અનેકાન્તવાદ મૂલક જૈનાગમ ઉપર અવિચલ શ્રદ્ધા તો હોય જ છે. એટલે એ શ્રદ્ધાના બળથી પ્રત્યેક વસ્તુમાં રહેલા અનન્તાનન્તપર્યાયને ભાવથી તો તે અવશ્યમેવ માને છે અને જાણે છે. આથી જ જે પદાર્થને જે સ્વરૂપે કેવલિ ભગવંતે સાક્ષાત્ જોયા તે પદાર્થને તે જ સ્વરૂપે સમ્યગ્દષ્ટિ આત્મા સાક્ષાત્ નથી જોતો છતાં તેમના વચન ઉપરની પરિપૂર્ણ શ્રદ્ધા દ્વારા તે કોઈ પણ કાળે, 'પ્રત્યેક વસ્તુની અનન્તપર્યાયમયતાનું' વિવેચન અવશ્ય કરી શકે છે,[૪૯]

[૧૭૧] आगमार्थोपनयनाद्, ज्ञानं प्राज्ञस्य सर्वगम् ।
कार्यादिर्व्यवहारस्तु, नियतोल्लेखशेखरः ॥३३॥

આ રીતે આગમાર્થને પરિપૂર્ણ શ્રદ્ધા સાથે આગળ ધરવાથી સમ્યગ્દષ્ટિ આત્માનું જ્ઞાન સર્વગત કહેવાય. અર્થાત્ જેમ કેવલિનું જ્ઞાન સર્વ પદાર્થ વિષયક–સર્વગત–છે તે જ રીતે સમ્યગ્દષ્ટિ આત્માનું જ્ઞાન પણ આગમાર્થની શ્રદ્ધા દ્વારા સર્વગત જ છે. (કેવલિ સાક્ષાત્ જોઈને બટાટામાં અનન્ત જીવ કહે છે. એ જ વાત કેવલિ વચનની શ્રદ્ધા (ચક્ષુ)થી

૪૯. વિ. આવ. ભાષ્ય. શ્લો. ૩૨૦ ની ટીકા

સમ્યગ્દૃષ્ટિ આત્મા પણ કહે છે. આમ બેયનું જ્ઞાન સરખું થઇ જાય છે.)

પ્ર-જો આમ વસ્તુ અનન્તપર્યાયવાળી જાણવામાં આવે તો સામે પડેલી વસ્તુમાં ઘટ એવો જ વ્યવહાર કેમ થાય છે?

ઉ-તે તે વિવક્ષિત વસ્તુમાં ઘટાદિ તરીકેનો-તે તે કાળે નિયત ઉલ્લેખ પ્રધાન બનતો-વ્યવહાર થાય છે તે પૂર્વે કહ્યા મુજબ આસત્તિ આદિને કારણે થાય છે.

આમ હવે એ વાત નિશ્ચયનયની દૃષ્ટિએ સ્થિર થઈ કે પ્રત્યેક વસ્તુ સર્વમય-અનન્તપર્યાયમય છે માટે પ્રત્યેક વસ્તુમાં અનન્તપર્યાયમયતાનું દર્શન એ જ સમ્યગ્દર્શન છે. એ જ સમ્યગ્જ્ઞાન છે અને એવા સમ્યગ્દર્શનાદિ સાતમા ગુણસ્થાને જ સંભવે માટે એ સમ્યગ્દર્શન એ જ સમ્યક્-ચારિત્ર છે. ટૂંકમાં ત્રણેય એક સ્વરૂપ જ છે.

**[૧૭૨] तदेकान्तेन यः कश्चि–द्विरक्तस्यापि कुग्रहः ।**
**शास्त्रार्थबाधनात्सोऽयं, जैनाभासस्य पापकृत् ॥३४॥**

પ્રસ્તુત અધિકારના ૨૨મા શ્લોકમાં (ક્રમાંકથી ૧૬૦ માં શ્લોકમાં) કહ્યુ હતું કે ષટ્જીવનિકાયનાં એકાન્ત શ્રદ્ધાનમાં પણ શુદ્ધસમ્યકત્વ ન કહી શકાય. એ વાતનો ઉપસંહાર કરી લેતા આ શ્લોકમાં ગ્રન્થકાર પરમર્ષિ જણાવે છે કે વિરક્ત દેખાતા આત્માનો કોઈ પણ મન્તવ્યમાં એકાન્તનો જે કદાગ્રહ હોય તે તો અવશ્યમેવ શાસ્ત્ર બાધિત છે. પોતાને જૈન

કહેવડાવતા વિરક્ત આત્માને કદાગ્રહ તો પાપકર્મનો બંધ કરાવનાર જ બને.

[૧૭૩] उत्सर्गे वाऽपवादे वा, व्यवहारेऽथ निश्चये ।
ज्ञाने कर्म्मणि वाऽयं चे–न्न तदा ज्ञानगर्भता ॥३५॥

જો કોઇ વિરક્ત જણાતો મુનિ ઉત્સર્ગ કે અપવાદના વિષયમાં,[1] વ્યવહાર કે નિશ્ચયના વિષયમાં,[2] જ્ઞાન કે ક્રિયાના વિષયમાં[3]–ક્યાંય પણ એકાન્ત આગ્રહ, કદાગ્રહ સેવે તો તે મુનિનો વૈરાગ્ય જ્ઞાનગર્ભ તો ન જ કહેવાય.

[૧૭૪] स्वागमेऽन्यागमार्थानां शतस्येव परार्ध्यके ।
नावतारबुधत्वं चे–न्न तदा ज्ञानगर्भता ॥३६॥

જેમ પરાર્ધમાં સો સમાઇ જાય છે તેમ જિનાગમમાં અન્યાગમોના અર્થ સમાવી દેવાનું કૌશલ જો ન હોય તો તે મુનિનો વૈરાગ્ય જ્ઞાનગર્ભ ન કહેવાય.[૫૦]

[૧૭૫] नयेषु स्वार्थसत्येषु, मोघेषु परचालने ।
माध्यस्थ्यं यदि नायातं, न तदा ज्ञानगर्भता ॥३७॥

દરેક નય પોતાને અભિપ્રેત અર્થનું પ્રતિપાદન કરવા લાગે ત્યારે તેનું પ્રતિપાદન સાચું જ લાગે પણ જ્યારે

૫૦. (૧) ઉપ. પદ ગા. ૬૯૪ સટીક.

(૨) સમ્મતિ તર્ક–૩–૬૮, ૬૯ સટીક.

(૩) વૈરાગ્ય કલ્પલતા–૯–૧૦૯૫ મો શ્લોક

તેની સામે તેનો વિરોધી નય, તેનું ખંડન કરવા લાગે ત્યારે તે નય નિષ્ફળ–નકામો–અસત્ય ઠરી જતો લાગે. નિશ્ચયનય પોતાના મન્તવ્યને જોરશોરથી રજુ કરે ત્યારે તે જ સાચો લાગે પણ વ્યવહાર (પર) નય તરફથી તેનું ખંડન થવા લાગે એટલે તે નિશ્ચયનય સાવ ખોટો લાગે.

આ વખતે તે તે નયને એકાન્તે વળગી જઈને કે એકાન્તે તિરસ્કારી દઈને જે આત્મા તે નયોના મન્તવ્ય પ્રત્યે માધ્યસ્થ્યભાવ ધારણ કરી શકતો નથી, તે આત્માનો વૈરાગ્ય જ્ઞાનગર્ભ વૈરાગ્ય કહેવાય નહિ.[૫૧]

[१७६] आज्ञयागमिकार्थानां, यौक्तिकानां च युक्तितः ।
न स्थाने योजकत्वं चे–न्न तदा ज्ञानगर्भता ॥३८॥

વાદના બે પ્રકાર છે. હેતુવાદ અને આગમવાદ.

યુક્તિથી (પ્રત્યક્ષાદિ પ્રમાણો આપવા દ્વારા) પદાર્થની સિદ્ધિ કરવા માટે થતો વાદ તે હેતુવાદ (યુક્તિવાદ) કહેવાય.

જ્યાં પ્રત્યક્ષાદિ પ્રમાણોને અવકાશ નથી અને માત્ર આગમ વચનને જ પ્રમાણ માનવા દ્વારા પદાર્થની સિદ્ધિ જે વાદથી થાય છે તે આગમવાદ કહેવાય. કેટલાક પદાર્થો યુક્તિ સિદ્ધ કરી શકાય તેવા હોય તો ત્યાં હેતુવાદ યોજવો જોઈએ. અને જે કેટલાક પદાર્થો માત્ર આગમ–વચનથી જ

---

૫૧. (૧) ગુરૂતત્વ વિનિશ્ચય. ગા. ૪૫ સટીક.
(૨) સમ્મતિ તર્ક–૧–૨૮.
(૩) અધ્યાત્મસાર ક્રમાંક ૮૮૭.

સિદ્ધ કરી શકાય તેવા હોય તો ત્યાં આજ્ઞા—આગમવાદ યોજવો જોઈએ.

જીવમાં ચૈતન્યની સિદ્ધિ હેતુવાદથી (યુક્તિવાદથી) કરવી જોઈએ.

નિગોદ શરીરમાં અનન્ત જીવની સિદ્ધિ આગમવાદથી કરવી જોઈએ. ટૂંકમાં પદાર્થ કે પદાર્થનો જે અંશ, જે વાદથી સિદ્ધ થઈ શકતો હોય તે વાદથી જ તે પદાર્થને કે તેના અંશને સિદ્ધ કરવો જોઈએ. તેથી ઉલટું કરે–ઉચિત સ્થાને ઉચિત વાદની યોજના ન કરે–તો તે આત્માનો વૈરાગ્ય જ્ઞાનગર્ભવૈરાગ્ય ન કહેવાય.[૫૨]

[૧૭૭] गीतार्थस्यैव वैराग्यं ज्ञानगर्भं ततः स्थितम् ।
उपचारादगीतस्या–प्यभीष्टं तस्य निश्रया ॥३९॥

ઉપરોક્ત વાદોની ઉચિત સ્થાને યોજના વિગેરે કરવાની તાકાત સ્વપર સમયના જ્ઞાતા—ગીતાર્થમાં જ હોઇ શકે.

એટલે હવે એ જ વાત સ્થિર થાય છે કે જ્ઞાનગર્ભ-વૈરાગ્ય ગીતાર્થને જ હોઈ શકે. વ્યવહારનયથી તો ગીતાર્થની નિશ્રામાં રહેતા અગીતાર્થને પણ જ્ઞાનગર્ભવૈરાગ્ય કહી શકાય.

[૧૭૮] सूक्ष्मेक्षिका[१] च माध्यस्थ्यं[२], सर्वत्र हितचिन्तनम्[३] ।
क्रियायामादरो भूयान्[४], धर्मे लोकस्य योजनम्[५] ॥४०॥

૫૨. સમ્મતિ તર્ક ૩–૪૩ થી ૪૫,

[१७९] चेष्टा परस्य वृत्तान्ते, मूकान्धबधिरोपमा[६] ।
उत्साहः स्वगुणाभ्यासे, दुःस्थस्येव धनार्जने[७] ॥४१॥

[१८०] मदनोन्मादवमनं[८]. मदसम्मर्दमर्दनम्[९] ।
असूयातन्तुविच्छेदः[१०], समतामृतमज्जनम्[११] ॥४२॥

[१८१] स्वभावान्नैव चलनं, चिदानन्दमयात्सदा[१२] ।
वैराग्यस्य तृतीयस्य, स्मृतेयं लक्षणावली ॥४३॥

જ્ઞાનગર્ભવૈરાગ્યવાળા મહાત્માના લક્ષણો :—

(૧) સૂક્ષ્મદૃષ્ટિ (૨) માધ્યસ્થ્ય (૩) સર્વત્ર હિતચિન્તા (૪) ક્રિયામાં ભારે આદર (૫) ભવ્યજીવોને ધર્મ સન્મુખ બનાવવાની પ્રવૃત્તિ.[૫૩] (૬) પારકી વાતોમાં મૂંગા આંધળા અને બહેરા માણસ જેવી પોતાની ચેષ્ટા હોય.[૫૪] (૭) સ્વગુણના અભ્યાસમાં ઉત્સાહ; નિર્ધનને પૈસો કમાવવામાં હોય છે તેવો. (૮) કામના ઉન્માદનું વમન. (૯) અભિમાનનું મર્દન. (૧૦) અસૂયાના તન્તુનો છેદ. (૧૧) સમતા સાગરમાં ગળાબૂડ લીનતા (૧૨) ચિદાનંદમય સ્વભાવમાં નિશ્ચલતા.

[१८२] ज्ञानगर्भमिहादेयं, द्वयोस्तु स्वोपमर्दतः ।
उपयोगः कदाचित् स्या-न्निजाध्यात्मप्रसादतः ॥४४॥

---

૫૩. દ્વા. દ્વા. ૧૦–૧૫.

૫૪. (૧) વૈરાગ્ય કલ્પલતા ૧–૨૨૩, ૨૨૪.;
(૨) અધ્યાત્મોપનિષદ્ ૪–૨.

ત્રણ પ્રકારના વિરાગમાં **વસ્તુતઃ** જ્ઞાનગર્ભ વિરાગ જ આદેય છે.

બાકીના બે પ્રકારના–દુઃખગર્ભ અને મોહગર્ભ–વિરાગ પણ ક્યારેક ઉપયોગી બની જાય ખરા.

એક આત્મા દુઃખથી કે મોહથી સંસાર વિરક્ત થાય અને પછી તેને જો જ્ઞાનગર્ભવિરાગ થઈ જાય તો તે દુઃખગર્ભ કે મોહગર્ભવિરાગ દૂર થઈ જાય. આમ દુઃખાદિગર્ભિત વિરાગથી પણ દીક્ષા લીધી તો તે આત્માને જ્ઞાનગર્ભવૈરાગ્ય પ્રાપ્ત થવાનો અવસર સાંપડયો. એટલે આ રીતે દુઃખાદિ-ગર્ભવિરાગ પણ ક્યારેક કેટલાકને આરાધના માર્ગે ચડવામાં ઉપયોગી બની જાય ખરા.

પણ એ માટે પોતાના અધ્યાત્મભાવ રૂપી રાજાની કૃપા તો આવશ્યક છે જ.[૫૫]

---

૫૫. દ્વા. દ્વા. ૬–૨૫.

## વૈરાગ્ય–વિષય

### ૭

**વિરાગના બે વિષયો** (લક્ષ્યો)

(૧) પાંચ ઇન્દ્રિયોના વિષયો

(૨) ગુણો (લબ્ધિઓ)

= (૧) વિષય વિરાગ

= (૨) ગુણ વિરાગ

હજી સહેલ છે વિષયોથી વિરાગ; પરન્તુ વિષય–વિરાગથી નિષ્પન્ન થતા ગુણો (લબ્ધિઓ)થી વિરાગી બની રહેવાનું તો સાચે જ મહાભારત કામ છે.

ભગવાન સ્થૂલભદ્રજી! જમ્બર કામવિજેતા!

બહેનો વંદનાર્થે આવતા–થોડી પળો માટે–એય ગુણ–વિરાગી મટી ગયા ન હતા શું?

## 卐 વૈરાગ્ય-વિષય 卐

[૧૮૩] विषयेषु गुणेषु च द्विधा, भुवि वैराग्यमिदं प्रवर्तते ।
अपरं प्रथमं प्रकीर्तितं, परमध्यात्मबुधैर्द्वितीयकम् ॥१॥

આ વિશ્વમાં વિષયના ભેદથી વૈરાગ્ય બે પ્રકારના છે.

(૧) પંચેન્દ્રિયના વિષયોથી વૈરાગ્ય : વિષયવિરાગ.

(૨) તપ-સંયમની સાધનાથી ઉત્પન્ન થયેલો લબ્ધિ-(ગુણો)નો વૈરાગ્ય. : ગુણવિરાગ. અધ્યાત્મ શાસ્ત્રના જાણકારોએ પહેલા વિષય વૈરાગ્યને અપર (નીચલી કક્ષાનો) વૈરાગ્ય કહ્યો છે. જ્યારે બીજા ગુણ-વૈરાગ્યને પર (ઉત્કૃષ્ટ કક્ષાનો) વૈરાગ્ય કહ્યો છે.[૫૬]

[૧૮૪] विषया उपलम्भगोचरा अपि चानुश्रविका विकारिणः ।
न भवन्ति विरक्तचेतसां, विषधारेव सुधासु मज्जताम् ॥२॥

**વિષય-વૈરાગ્ય :**-(૧) ઈન્દ્રિયોના પ્રત્યક્ષ અનુભવમાં આવી શકતા શબ્દાદિ વિષયો અને (૨) શાસ્ત્ર (અનુશ્રવ) વચનથી જણાતા દેવગતિ વિગેરેના વિષયો-આ બેય આત્મા ઉપર વિકાર કરનારા છે. તેમ છતાં વિરાગભર્યા ચિત્તને તો આ વિષયો વિકારની એકાદ છાંટ પણ આપી શકતા નથી.

---

૫૬. વૈરાગ્ય કલ્પલતા. ૨-૨૫૭, ૨૬૧, ૨૬૨.

અમૃતના હોજમાં ગળાબૂડ ડુબેલાને વિષની ધારા બિચારી શું કરી શકે?[૫૭]

[૧૮૫] सुविशालरसालमञ्जरी – विचरत्कोकिलकाकलीभरैः ।
किमु माद्यति योगिनां मनो, निभृतानाहतनादसारमम् ॥३॥

કર્ણેન્દ્રિય–વિષય :–

વિરાટકાય આંબાની મંજરીઓ ઉપર મોજ માણતી કોયલની કાકલીઓનું વણથંભ્યું સંગીત, શું યોગીઓના દિલને મદમસ્ત કરી શકે ખરું? ના રે ના. એમના મન તો અનાહત નાદના મધમધુર ધ્વનિમાં જ રસતરબોળ થઈ ગયા છે.[૫૮]

[૧૮૬] रमणीमृदुपाणिकङ्कण–क्वणनाकर्णनपूर्णघूर्णनाः ।
अनुभूतिनटीस्फुटीकृत–प्रियसङ्गीतरता न योगिनः ॥४॥

સંસારનો રંગીલો યુવાન, નવોઢાના કોમળ કરના કંકણોના મધુર રણકાર સુણીને ઘેલો બની જઈ એકદમ માથું ડોલાવવા લાગી જાય; પરન્તુ અનુભૂતિ (અનુભવ જ્ઞાન)રૂપ નર્તકીના પાયલના રણકારથી પ્રગટેલા પ્રિય સંગીતમાં ડોલી ઊઠેલા યોગીઓને તો એ કંકણનો રણકારો શું જરાય હલાવી શકશે?

---

૫૭. પાતઞ્જલ યોગદર્શન. સૂ. ૧–૧૫, ૧૬.
૫૮. (૧) જ્ઞાનસાર ૭મું અષ્ટક. (૩) યોગશાસ્ત્ર ૪–૨૪થી ૩૪.
(૨) અધ્યાત્મ કલ્પદ્રુમ પૃ. ૨૭૭. (૪) પ્રશમરતિપ્રક. શ્લોક ૧૦૩થી ૧૧૧.

[१८७] स्खलनाय न शुद्धचेतसां, ललनापञ्चमचारुघोलना ।
यदियं समतापदावली—मधुरालापरतेन रोचते ॥ ५ ॥

સમાધિ પદોના એક પછી એક નીકળતા મધુર આલાપોમાં જેનું દિલ એકતાન થઈ ગયું છે એને તો યુવતીના પંચમસ્વરની સિદ્ધ હલક પણ શે' રૂચે? વિશુદ્ધચિત્તના સ્વામીઓને એ કોકિલ કણ્ઠ લગીરે બહેકાવી શકતો નથી.

[१८८] सततं क्षयि शुक्रशोणित—प्रभवं रूपमपि प्रियं न हि ।
अविनाशिनिसर्गनिर्मल— प्रथमानस्वकरूपदर्शिनः ॥ ६ ॥

(૨) ચક્ષુરિન્દ્રિય–વિષય :–

કદી વિનાશ ન પામતાં, સ્વભાવથી જ નિર્મળ, અને વિસ્તાર પામતા પોતાના આન્તરરૂપને નીહાળતા યોગી–મહાત્માઓને લલનાનું રૂપ પણ શે' ગમે?

કે, જે પ્રતિક્ષણ વિનાશ પામી રહ્યું હોય અને....

લોહી તથા વીર્ય જેવી ગંદી ધાતુઓમાંથી ઉત્પન્ન થયું હોય!

[१८९] परदृश्यमपायसङ्कुलं विषयो यत्खलु चर्मचक्षुषः ।
न हि रूपमिदं मुदे यथा निरपायानुभवैकगोचरः ॥ ७ ॥

જે બીજાઓથી પણ જોઈ શકાય છે–જેને જોવા દ્વારા, બધા ભોગવી શકે છે;

જે અનેક આપત્તિઓની સંભાવનાથી પલોટાએલું છે;

જે ચામડે મઢેલી આંખોથી જ દેખાય છે તે........

રૂપનું દર્શન તેવો આનંદ તો ન જ આપી શકે જેવો પેલું અપાયમુક્ત અને માત્ર સ્વાનુભવથી ભોગવી શકાય તેવું આત્મસ્વરૂપ (દર્શન) આનંદ આપે !

[१९०] गतिविभ्रमहास्यचेष्टितै–र्ललनानामिह मोदतेऽबुधः ।
सुकृताद्रिपविष्वमीषु नो, विरतानां प्रसरन्ति दृष्टयः ॥८॥

રે ! અંગનાના ગતિવિભ્રમ, એની હાસ્યાદિ ચેષ્ટાઓ તો પાગલને આનંદ આપી શકે;

જન્મ–જન્માન્તરોના એકઠા થએલા સુકૃતોના પહાડને તોડી પાડનાર વજ્રશા એ અભિનયો તરફ વિરક્ત આત્માઓની તો નજર પણ પડતી નથી.

[१९१] न मुदे मृगनाभिमल्लिका–लवलीचन्दनचन्द्रसौरभम् ।
विदुषां निरूपाधिबाधित–स्मरशीलेन सुगन्धिवर्ष्मणाम् ॥९॥

(૩) ઘ્રાણેન્દ્રિય–વિષય :–

કામના પ્રચારને જેના વડે બાધિત કરી દેવામાં આવ્યો છે તે નિરૂપાધિકભાવના સ્વભાવથી સુગંધિત બનેલા શરીરવાળા પંડિત પુરૂષોને કસ્તુરી, માલતી પુષ્પ, એલચી, ચન્દન કે કપૂરની સુગંધી પણ કશું આકર્ષણ કરી શકતી નથી.

[१९२] उपयोगमुपैति यच्चिरं, हरते यन्न विभावमारुतः ।
न ततः खलु शीलसौरभा–दपरस्मिन्निह युज्यते रतिः ॥१०॥

ઘણા લાંબા સમય સુધી જે ઉપયોગમાં આવે છે,
વિભાવપવન પણ જેનો નાશ કરી શકતો નથી........

તેવી શીલ સુગંધિ મૂકીને, આ લોકમાં બીજી કોઈ પણ સુગંધમાં રાગ કરવો એ તો બિલકુલ ઉચિત નથી.

[१९३] मधुरैर्न रसैरधीरता, क्वचनाध्यात्मसुधालिहां सताम् ।
अरसैः कुसुमैरिवालिनां, प्रसरत्पद्मपरागमोदिनाम् ॥११॥

(૪) રસનેન્દ્રિય–વિષય :–

અધ્યાત્મની સુધાનું આચમન કરતા સજ્જનો, સંસારના કહેવાતા મધુર રસોમાં અધીરા કેમ બની જાય?

ચોમેર ફેલાતી કમળની પરાગમાં લખલૂટ આનંદ માણતા ભ્રમરો, નીરસ પુષ્પો તરફ દોડી જવા કદી અધીરા બનશે?

[१९४] विषमायतिभिर्नु किं रसैः, स्फुटमापातसुखैर्विकारिभिः ।
नवमेऽनवमे रसे मनो, यदि मग्नं सतताऽविकारिणी ॥१२॥

રે! સદૈવ નિર્ભેળ એવા વિપુલ સમાધિ રસમાં જો મન મસ્તાન બની જતું હોય તો........

પેલા, પહેલાં તો આનંદ આનંદ દેખાડી દઈને પછી ભયંકર સીતમ ગુજારતા વિકારી (ભેળસેળવાળા) રસોથી આપણને શી નિસ્બત!

[१९५] मधुरं रसमाप्य निष्पते–द्रसनातो रसलोभिनां जलम् ।
परिभाव्य विपाकसाध्वसं, विरतानां तु ततो दृशोर्जलम् ॥१३॥

મધુર રસને પામે છે તો બે ય–રાગી અને વિરાગી!
બેયને પાણી છૂટે છે!
રસરાગીને જીભમાંથી પાણી ચાલ્યું જાય છે!
રસ વિરાગીને આંખોમાંથી પાણી વહ્યું જાય છે!

એ વિચારે છે, રસ રાગના તે કેવા કેવા કરૂણ અંજામો !

[૧૯૬] इह ये गुणपुष्पपूरिते, धृतिपत्नीमुपगुह्य शेरते।
विमले सुविकल्पतल्पके, क्व बहिःस्पर्शरता भवन्तु ते ॥१४॥

(૫) **સ્પર્શેન્દ્રિય-વિષય** :–વિશ્વના પામર જન્તુઓને મન આ એક સમસ્યા બની ચૂકી છે કે હરિહર પુરન્દરને ય મહાત કરનાર લલનાના કોમળ સ્પર્શમાં યોગીઓને કેમ મૂંઝારો નહિ થતો હોય !

પણ એમને એ વાતની તો ખબર જ નથી કે,

આ યોગીઓ શુભ વિકલ્પોના પલંગમાં ગુણ પુષ્પોના ઢગલા પાથરી દઈને, તેની બનેલી તે કોમળ પથારીમાં, ધૃતિ નામની પોતાની પ્રિયતમાને આલિંગન દઈને આરામથી પોઢી ગયા છે !

હવે એમને બાહ્ય જગતની લલનાઓના સ્પર્શમાં કયી રીતે મૂંઝવણ થાય ?

[૧૯૭] हृदि निर्वृतिमेव बिभ्रतां, न मुदे चन्दनलेपनाविधिः।
विमलत्वमुपेयुषां सदा, सलिलस्नानकलाऽपि निष्फला ॥१५॥

હૃદયમાં અફાટ આનંદને ધારણ કરતા યોગીના શરીરે કોઈ બાવનાચન્દનના શીતલ લેપ કરી જાય, તો તેથી તેને આનંદ થઈ જતો નથી.

અને જેઓ સદૈવ નિર્મળ જ છે તેમને વળી પાણીનાં થોડાં ય સ્નાન પણ શા કામના ?

[१९८] गणयन्ति जनुः स्वमर्थव–त्सुरतोल्लाससुखेन भोगिनः।
मदनाहिविषोग्रमूर्च्छना–मयतुल्यं तु तदेव योगिनः ॥१६॥

રે! દૃષ્ટિ દૃષ્ટિમાં કેટલું અંતર!

એક ભોગી જીવડો! કામના વધતા જતા સુખાનુભવથી પોતાના જન્મારાને સફળ માને છે!

અને યોગી! એ તો કહે છે, 'અહો! કામ–સર્પના જીવલેણ–ઝેરી ડંખથી તો ભોગીના જીવન મૂર્ચ્છિતપ્રાયઃ થઇ જાય! આવી મૃત્યુદાયિની મૂર્ચ્છામાં તે જન્મારાની સફળતાની કલ્પના! અસંભવ!'

[१९९] तदिमे विषयाः किलैहिका, न मुदे केऽपि विरक्तचेतसाम्।
परलोकसुखेऽपि निःस्पृहाः, परमानन्दरसालसा अमी ॥१७॥

આમ પાંચેય ઇન્દ્રિયોના ઇહલૌકિક વિષયો તો વિરાગી આત્માઓને આનંદનો લેશ પણ આસ્વાદ ચખાડી શકતા નથી.

આ વિરાગી મહાત્માઓ તો પરમાનંદના રસમાં મસ્તાન બન્યા છે.

એઓ તો પરલોકના સ્વર્ગાદિ સુખોને પણ 'થૂ' કરે છે.

[२००] मदमोहविषादमत्सर–ज्वरबाधाविधुराः सुरा अपि।
विषमिश्रितपायसान्नवत्, सुखमेतेष्वपि नेति रम्यताम् ॥१८॥

**આનુશ્રવિક વિષયો :–**

પ્ર.–શું પાંચ ઇન્દ્રિયોના દૈવી–વિષયો પણ આનંદ આપી શકતા નથી?

ઉ.–રે! દેવો પણ અભિમાન, મોહ, વિષાદ, ઈર્ષ્યાદિ અનેક પ્રકારના તાવની પીડાથી સંતપ્ત રહ્યા કરે છે, પછી એમના વિષય–સુખ પણ શે' મનોહર બની શકે?

બેશક, સ્વરૂપતઃ એ સુખ કહેવાતું હશે પણ એની વિપાક–કટૂતા કેટલી ભયાનક હોય છે!

માટે જ એ સુખો ય તાલપુટવિષના કણિયાથી મિશ્રિત દૂધપાકની જેમ (યોગીઓને) અપ્રિય થઈ પડે છે.[૫૯]

[૨૦૧] रमणीविरहेण वह्निना, बहुबाष्पानिलदीपितेन यत् ।
त्रिदशैर्दिवि दुःखमाप्यते, घटते तत्र कथं सुखस्थितिः ॥१९॥

અનેક નીસાસાઓના વાયુથી વધુને વધુ પ્રજવળતા જતા દેવીના વિરહાગ્નિથી તો દેવલોકમાં ય દેવો કારમો સન્તાપ અનુભવે છે.!

ત્યાં સુખની કલ્પના પણ શે' કરવી!

[૨૦૨] प्रथमानविमानसम्पदां, च्यवनस्यापि दिवो विचिन्तनात् ।
हृदयं न हि यद्विदीर्यते, द्युसदां तत्कुलिशाणुनिर्मितम् ॥२०॥

દૈવી વિમાનની અઢળક સંપત્તિના ભોગ માણતા દેવોનું હૃદય તે શું વજ્રનું બનેલું હશે!

કે, એવા પણ સ્વર્ગમાંથી ચ્યવી જવાની પળનો વિચાર કરવા છતાં તેમનું હૃદય કટકે કટકા થઈને તૂટી પડતું નથી![૬૦]

૫૯. શાસ્ત્રવાર્તાસમુચ્ચય–૯-૧૨ની ટીકા.

૬૦. શાસ્ત્રવાર્તા સમુ.–૯. ૧૨ ની ટીકા.

[२०३] विषयेषु रतिः शिवार्थिनो, न गतिष्वस्ति किलाऽखिलास्वपि।
घननन्दनचन्दनार्थिनो, गिरिभूमिष्वपरद्रुमेष्विव ॥२१॥

મુક્તિના સુખની જેને રઢણ લાગી છે તે વિરાગી મહાત્માને કોઈ પણ ગતિના વિષય સુખમાં રાગ થતો નથી.

ગાઢ નંદન વનના બાવનાચન્દનના વૃક્ષોની જ જેને લાલસા જાગી છે તેને બીજા બધાય વૃક્ષોથી ખીચોખીચ ભરેલી ગિરિકન્દરાઓમાં કોઈ આકર્ષણ જાગે ખરૂં ?

[२०४] इति शुद्धमतिस्थिरीकृताऽ–परवैराग्यरसस्य योगिनः ।
स्वगुणेषु वितृष्णतावहं, परवैराग्यमपि प्रवर्तते ॥२२॥

આ રીતે, જે યોગીઓ વિશુદ્ધ પ્રજ્ઞાથી અપર–(નીચલી) કોટિના વિષય વિરાગથી ભાવિત બન્યા છે તેમને (જ) સાધનાના બળથી આત્મામાં ઉત્પન્ન થયેલી લબ્ધિ (ગુણ) પ્રત્યે રાગ ન થવા રૂપ પર (ઉચ્ચ) કક્ષાનો ગુણ–વૈરાગ્ય પણ પ્રાપ્ત થાય છે.

[२०५] विपुलर्द्धिपुलाकचारण—प्रबलाशीविषमुख्यलब्धयः ।
न मदाय विरक्तचेतसा–मनुषङ्गोपनताः पलालवत् ॥२३॥

વિપુલઋદ્ધિ સ્વરૂપ પુલાક–લબ્ધિ, ચારણ લબ્ધિ, પ્રબળ આશીવિષ લબ્ધિ, વિગેરે વિગેરે પ્રાપ્ત થવા છતાં વિરાગી આત્માઓને તેનું અભિમાન થતું નથી.

દાણા મેળવવાના લક્ષથી ખેતી કરતા ખેડૂતને સાથે સાથે ઘાસ પ્રાપ્ત થઈ જાય તેનું ખેડૂતને કાંઈ અભિમાન હોતું નથી.

મોક્ષના લક્ષ્યથી સાધના કરતા યોગીઓને પ્રાપ્ત થતી લબ્ધિનું પણ કોઈ ગુમાન સંભવતું નથી.

[૨૦૬] कलितातिशयोऽपि कोऽपि नो, विभुवानां मदकृद्गुणव्रजः ।
अधिकं न विदन्त्यमी यतो, निजभावे समुदञ्चति स्वतः ॥२४॥

વિરાગીઓને પ્રાપ્ત થયેલો લબ્ધિ( ગુણ )ભંડાર અનેક વિશિષ્ટતાઓથી ભરપૂર હોવા છતાં તેમને અભિમાન કરાવી શકતો નથી. એનું રહસ્ય એ છે કે એ મહાત્માઓ સદૈવ આત્મરમણતામાં સ્વયં લયલીન રહે છે. તેઓ આથી અધિક બીજું કાંઈ જાણવાથી કે જોવાથી લાપરવા જ રહેતા હોય છે.

[૨૦૭] हृदये न शिवेऽपि लुब्धता, सदनुष्ठानमसङ्गमङ्गति ।
पुरुषस्य दशेयमिष्यते, सहजानन्दतरङ्गसङ्गता ॥२५॥

અને જ્યારે એ મહાત્માઓનું સદનુષ્ઠાન (વચનાનુષ્ઠાન), અસંગાનુષ્ઠાનમાં પરિણામ પામે છે ત્યારે તો તેમના હૃદયમાં મુક્તિ સુખની પણ કામના ઉભી રહેતી નથી.

સહજાનન્દના તરઙ્ગોનો સંગ પામતી આ દશા જ, મુમુક્ષુ પુરૂષને ઇચ્છવા જેવી છે.

[૨૦૮] इति-यस्य महामतेर्भवे-दिह वैराग्यविलासभृन्मनः ।
उपयन्ति वरीतुमुच्चकै-स्तमुदारप्रकृतिं यशःश्रियः ॥२६॥

આમ જે મહાત્માનું મન, વૈરાગ્યના વિલાસોથી ભરપૂર બને છે, તે ઉદાર ચરિત સાધુરાજને કણ્ઠે વરમાળા આરોપવા યશલક્ષ્મી રૂમઝુમ કરતી એકદમ ચાલી આવે છે.

# મમત્વ – ત્યાગ

૮

વિરાગની ઝબૂકતી બાળ જ્યોત મમત્વભાવના પવનના સપાટે ચડી જાય તો પળ બે પળમાં જ નિર્વાણ પામી જાય !

માટે વિરક્ત આત્માએ તો એ જ્યોતમાંથી મહાનલ પ્રગટાવવા માટે મમત્વભાવના પવનના ભયાનક સૂસવાટાથી સદા આઘાને આઘા જ રહેવું જોઈએ.

મમત્વ ભાવનો ભુક્કો બોલાવી દેવાની પ્રચણ્ડ તાકાત છે, તત્ત્વજિજ્ઞાસામાં અને વિવેક જ્ઞાનમાં !

અધ્યાત્મભાવનો શત્રુ મમત્વભાવ; અને એના શત્રુ આ બે–જિજ્ઞાસા અને વિવેક !

આપણા શત્રુનો શત્રુ, તે આપણો મિત્ર !

તો, સદા સેવીએ તત્ત્વજિજ્ઞાસાને અને વિવેક જ્ઞાનને !

## 卐 મમત્વ-ત્યાગ 卐

[૨૦૯] निर्ममस्यैव वैराग्यं स्थिरत्वमवगाहते ।
परित्यजेत्ततः प्राज्ञो ममतामत्यनर्थदाम् ॥ १ ॥

પૂર્વોક્ત વૈરાગ્ય નિર્મમ આત્મામાં જ સ્થિરતા પ્રાપ્ત કરી શકે છે, માટે અત્યન્ત અનર્થકારિણી મમતાને પ્રાજ્ઞ-પુરૂષોએ ત્યજી દેવી જોઈએ.

[૨૧૦] विषयैः किं परित्यक्तैर्जागर्ति ममता यदि ।
त्यागात्कञ्चुकमात्रस्य भुजङ्गो न हि निर्विषः ॥२॥

જો અંતરમાં મમતા જીવતી બેઠી છે તો બાહ્ય-વિષયોનો ત્યાગ માત્ર કરી દેવાથી કશું વળવાનું નથી.

કાંચળીનો ત્યાગ કરી દેવા માત્રથી સર્પ નિર્વિષ થઈ જતો નથી.

[૨૧૧] कष्टेन हि गुणग्रामं, प्रगुणीकुरुते मुनिः ।
ममताराक्षसी सर्वं, भक्षयत्येकहेलया ॥ ३ ॥

અહા ! કેવી ઘોર સાધનાઓના કષ્ટ વેઠીને મુનિ પોતાના ગુણોનો સમૂહ પુષ્ટ કરતો જાય છે ! અને....

એક જ સપાટે મમતા-રાક્ષસી આ બધાયનો કોળીયો કરી જાય છે !

[२१२] जन्तुकान्तं, पशूकृत्य, द्रागविद्यौषधिबलात् ।
उपायैर्बहुभिः पत्नी, ममता क्रीडयत्यहो ॥ ४ ॥

આ મમતાપત્ની તો પોતાના પતિને અવિદ્યારૂપી ઔષધિ ખવડાવી દઈને તરત જ બળદીઓ બનાવી દે છે, અને પછી અનેક ઉપાયોથી એ વિવિધ ક્રીડાઓ કરે છે.

[२१३] एकः परभवे याति, जायते चैक एव हि ।
ममतोद्रेकतः सर्वं, सम्बन्धं कल्पयत्यथ ॥ ५ ॥

**એકત્વ–ભાવના**

બિચારો જીવ ! એકલો જ પરભવમાં જાય છે, એકલો જ જન્મ પામે છે, તેમ છતાં જન્મ મરણ વચ્ચે ઝોલાં ખાતા એ જીવનમાં મમતાના આવેગોથી અનેક સંબંધો ઉભા કરે છે.

[२१४] व्याप्नोति महतीं भूमिं, वटबीजाद्यथा वटः ।
तथैकममताबीजा – त्प्रपञ्चस्यापि कल्पना ॥ ६ ॥

વડલાના એક જ બીજથી ઉભો થતો વડલો વિશાળ ભૂમિમાં પથરાઈ જાય છે, તેમ મમતાના બીજથી જીવનો સંસાર ખૂબ લાંબો પહોળો થઈ જાય છે.

[२१५] माता पिता मे भ्राता मे, भगिनी वल्लभा च मे ।
पुत्राः सुता मे मित्राणि, ज्ञातयः संस्तुताश्च मे ॥७॥

[२१६] इत्येवं ममताव्याधिं, वर्द्धमानं प्रतिक्षणम् ।
जनः शक्नोति नोच्छेत्तुं, विना ज्ञानमहौषधम् ॥ ८ ॥

**સ્વજન-મમત્વ**

'મારી મા, મારા બાપ, મારો ભાઈ, મારી બહેન, મારી પત્ની, મારાં છોકરાં, મારા મિત્રો, મારી જ્ઞાતિ, મારો સ્નેહી વર્ગ'....આવો આવો લવારો, એ છે મમતાનો વ્યાધિ. પળે પળે વધતો જ રહે છે!

હશે કોઈ એનું ઓસડ! હા, તે છે જ્ઞાન ઔષધ! એના વિના તો કોઈ પણ રીતે કોઈ પણ માણસ આ વ્યાધિનો વિનાશ કરી શકે તેમ નથી.

[૨૧૭] ममत्वेनैव निःशङ्क–मारम्भादौ प्रवर्तते ।
कालाकालसमुत्थायी, धनलोभेन धावति ॥ ९ ॥

**ધન-મમત્વ**

માતા પિતા પત્ની આદિ ઉપરની મમતાના પાપે જ આ જીવ કશાય ડર વિના ઘોરહિંસાના આરંભ-સમારંભ ઉભા કરે છે. ધન ઉપરની મમતાના પાપે કાળ કે અકાળ કશુંય જોયા વિના ચારે બાજુ દોડાદોડ કરી મૂકે છે.

[૨૧૮] स्वयं येषां च पोषाय, खिद्यते ममतावशः ।
इहामुत्र च ते न स्युस्त्राणाय शरणाय वा ॥१०॥

**અશરણ-ભાવના**

રે! મમતાના કારણે જે સ્વજનાદિના પોષણ માટે જીવ ભારે કષ્ટો વેઠે છે, તીવ્ર સંતાપ પામે છે; તે સ્વજનો નથી તો અહીં તેની વૃદ્ધાવસ્થામાંથી તેને બચાવી શકતા કે નથી તો રોગાદિ આપત્તિમાંથી તેને ઉગારતા!

નિર્ભયતાપૂર્વક જીવાડે દે તેવું કોઈ શરણ પણ બની શકતું નથી.

એટલું જ નહિ પણ પરલોકમાં ય એ સ્વજનો તેના પ્રાણભૂત કે શરણભૂત બની શકતા નથી.

[२१९] ममत्वेन बहून् लोकान्, पुष्णात्येकोऽर्जितैर्धनैः ।
सोढा नरकदुःखानां तीव्राणामेक एव तु ॥११॥

આપ કમાઈથી મેળવેલી અઢળક સંપત્તિથી સ્નેહી સ્વજનોનું પોષણ કરવા માટે જીવ તત્પર બનતો હોય તો તેમાં તેની મમતા જ કારણ છે. પણ જ્યારે એ મમતાના પાપે રૌરવ નારકના ભીષણ દુઃખો એના લમણે ઝીંકાય છે ત્યારે તો તે તીવ્ર દુઃખો ભોગવવાનું કમભાગ્ય તેને એકલાને જ પ્રાપ્ત થાય છે હોં !

[२२०] ममतान्धो हि यन्नास्ति, तत्पश्यति, न पश्यति ।
जात्यन्धस्तु यदस्त्येत-द्भेद इत्यनयोर्महान् ॥१२॥

જાતિથી અંધો અને મમતાથી અંધો—એ બેમાં કેટલું મોટું અંતર છે!

જાત્યન્ધ તો આ વિશ્વમાં જે છે તેને જોઈ શકતો નથી અને મમતાન્ધ તો જે નથી તેને જુવે છે. (સ્વજનો વિગેરે પોતાના નથી છતાં તેમને પોતાના તરીકે જુવે છે.)[૬૧]

૬૧. આચારાંગસૂત્ર–૨જું અધ્યયન, ૧લો ઉદ્દેશો–નિર્યુક્તિ શ્લો. ૧૭૬ની ટીકા.

[૨૨૧] प्राणानभिन्नताध्यानात्, प्रेमभूम्ना ततोऽधिकाम् ।
प्राणापहां प्रियां मत्वा, मोदते ममतावशः ॥१३॥

**સ્ત્રીમમત્વઃ—**

મમત્વના આવેગથી જીવ પોતાની પ્રિયતમાને પોતાનાથી અભિન્ન તરીકે માને છે. અને તેથી તેની ઉપરનો તેનો પ્રેમ પુષ્કળ વધતો જાય છે, અને છેવટે તો તેને પ્રાણથી પણ અધિક માનવા લાગે છે!

જે સ્ત્રી (સૂર્યકાન્તા વિગેરે) ક્યારેક તેના જ પ્રાણ હરી લેવા શક્તિમાન બનનારી છે તેની ઉપર મમતાન્ધ પતિને અઢળક પ્રેમ ઉભરાઈ જાય છે!

[૨૨૨] कुदान्यस्थीनि दशनान्, मुखं श्लेष्मगृहं विधुम् ।
मांसग्रन्थी कुचौ कुम्भौ, हेम्नो वेत्ति ममत्ववान् ॥१४॥

ઓરે! આ મમતાનું કામણ તો કેવું છે!

મમત્વવાળો જીવ પ્રિયતમાના દાંત કે જે નર્યાં હાડકાં જ છે તેને મચકુંદ પુષ્પની કળીઓ કહે છે!

કે, જેનું મુખ શ્લેષ્મનું જ ઘર છે તેને ચન્દ્ર કહે છે! (ચન્દ્રમુખી)

કે, જે બે સ્તનો માંસના લટકતા લોચા છે તેને સુવર્ણના બે કુંભ કહે છે![૬૨]

૬૨. આચારાંગસૂત્ર-૨જું અધ્યયન, ૧લો ઉદ્દેશો-નિર્યુક્તિ શ્લો. ૧૭૬ની ટીકા.

[૨૨૩] मनस्यन्यद्वचस्यन्यत्, क्रियायामन्यदेव च ।
यस्यास्तामपि लोलाक्षीं साध्वीं वेत्ति ममत्ववान् ॥१५॥

જેના મનમાં જૂદું, વાણીમાં જૂદું, અને ક્રિયામાં વળી કાંઇક 'ઔર' જ હોય તેવી–ગમે ત્યાં આંખોના ડોળા ભમાવતી–સ્ત્રીને મમત્વાન્ધ જીવ સાધ્વી સ્ત્રી તરીકે બીરદાવે છે!

[૨૨૪] या रोपयत्यकार्येऽपि, रागिणं प्राणसंशये ।
दुर्वृत्तां स्त्रीं ममत्वान्ध–स्तां मुग्धामेव मन्यते ॥१६॥

અરે! અરે! મમત્વાન્ધની આ મહામૂર્ખતા તો જુઓ! જે દુરાચારિણી સ્ત્રી પોતાના ઉપરના આંધળા રાગવાળા પતિને એવા અકાર્યના ખાડામાં ધક્કો મારી દે કે જ્યાં તે જીવતો રહેશે કે કેમ એય એક ભારે સમસ્યા થઈ પડે! તો પણ........

તે સ્ત્રીને પેલો મમત્વાન્ધ ભોળી–ગભરૂ અબળા તરીકે જ જોયા કરે!

[૨૨૫] चर्माच्छादितमांसास्थि – विण्मुत्रपिठरीष्वपि ।
वनितासु प्रियत्वं य–त्तन्ममत्वविजृम्भितम् ॥१७॥

ચામડાથી ઢંકાએલી હાડ, માંસ, મળ અને મૂત્રની પેટી સમી સ્ત્રીને પોતાની પ્રિયતમા મનાવવી એ તો સાચે આ મમત્વભાવનો જ મહિમા છે.

[૨૨૬] लालयन् बालकं ताते–त्येवं ब्रूते ममत्ववान् ।
वेत्ति च श्लेष्मणा पूर्णा–मङ्गुलीममृताश्रिताम् ॥१८॥

**અપત્ય-મમત્વ**

કેવી નવાઈની વાત છે કે મમત્વવાળા જીવો પોતાના છોકરાને જ રમાડતા રમાડતા 'તાત' કહીને બોલાવે છે; એ ગંદા-ગોબરા છોકરાની લીંટ ખરડી આંગળીને અમૃતથી ચર્ચિત માને છે!

[૧૨૭] पङ्कार्द्रमपि निःशङ्का, सुतमङ्कान्न मुञ्चति ।
तदमेध्येऽपि मेध्यत्वं, जानात्यम्बा ममत्वतः ॥१९॥

રે! આ મમત્વભાવની તે કેવી લીલા!

મમતાની લાગણીથી તો માતા, કાદવથી ખરડાઈ ગએલા બાળકને ખોળામાંથી નીચે મૂકી દેવાનું કલ્પી પણ શકતી નથી. એની ઉપર એને કોઈ ઘૃણા પણ થતી નથી!

એટલું જ નહિ પણ તે મમતાના પાપે બાળકની વિષ્ઠામાંય કોણ જાણે અનોખું પાવિત્ર્ય જુએ છે!

[૨૨૮] मातापित्रादिसम्बन्धोऽ-नियतोऽपि ममत्वतः ।
दृढभूमीभ्रमवतां, नैयत्येनावभासते ॥२०॥

માતાપિતા વિગેરેનો સંબંધ જે તદ્દન અનિયત છે તે પણ મમતાના દોષને લીધે નિયત (શાશ્વત) દેખાવા લાગે છે.

બીજું થાય પણ શું? અનિયતમાં નિયતતાનો જે ભ્રમ-દીર્ઘકાળ સુધી, કોઈ પણ અંતર પાડ્યા વિના સતત અને અત્યન્ત પ્રેમથી સેવ્યો હોય-તે તો દૃઢભૂમિ જ થાય ને?

[૨૨૯] भिन्नाः प्रत्येकमात्मानो, विभिन्नाः पुद्गला अपि ।
शून्यः संसर्ग इत्येवं, यः पश्यति स पश्यति ॥२१॥

'દરેકનો આત્મા જુદો છે. પુદ્ગલો પણ દરેકના જુદા છે. કોઈ કોઈને કશો સંબંધ નથી.' આવું જે જુએ છે તે જ તેનું સાચું દર્શન છે.

[૨૩૦] अहन्ताममते स्वत्वस्वीयत्वभ्रमहेतुके ।
भेदज्ञानात्पलायेते, रज्जुज्ञानादिवाहिभीः ॥२२॥

અહંકારની વૃત્તિથી સ્વત્વનો (હુંપણાનો) અને મમતાની વૃત્તિથી સ્વીયત્વનો (મારાપણાનો) ભ્રમ થાય છે. પણ જો દેહ આત્માના ભેદનું જ્ઞાન (વિવેક જ્ઞાન) થઈ જાય તો તે ભ્રમ અવશ્ય ટળી જાય.

દોરડામાં સર્પનો ભ્રમ થઈ જાય તો ભય ઉત્પન્ન થાય પરન્તુ દોરડામાં દોરડાનું જ્ઞાન થઈ જતાં તો તે ભય દૂર જ થઈ જાય ને?

[૨૩૧] किमेतदिति जिज्ञासा, तत्त्वान्तर्ज्ञानसन्मुखी ।
व्यासङ्गमेव नोत्थातुं, दत्त क्व ममतास्थितिः ॥२३॥

જડ ચેતનમય આ જગત શું છે? એવી જે તત્ત્વ-જિજ્ઞાસા તે, તત્ત્વની બાબતના આન્તર્જ્ઞાનની સન્મુખ કરનારી છે. (જિજ્ઞાસુને અન્તર્મુખ બનાવનારી છે.) આવી જિજ્ઞાસા એક વાર જાગી જાય, પછી તો તે આછાપાતળા રાગ ભાવને

ય આત્મામાં સળવળવા દેતી નથી તો પછી રાગનિમિત્તે જન્મતી મમતા તો એના સદ્ભાવમાં જાગે જ ક્યાંથી ?

[૨૩૨] प्रियार्थिनः प्रियाप्राप्तिं, विना क्वाऽपि यथा रतिः ।
न तथा तत्त्वजिज्ञासो–स्तत्त्वप्राप्तिं विना क्वचित् ॥२४॥

જેમ પ્રિયતમાના પ્રેમીને, પ્રિયતમાની પ્રાપ્તિ વિના કશું ય ગમતું નથી, તેમ તત્વપ્રાપ્તિ (જગતના સ્વરૂપનું ભાન) થયા વિના તત્વના જિજ્ઞાસુને કશું ય ગમતું નથી.

[૨૩૩] अत एव हि जिज्ञासां, विष्टम्भति ममत्वधीः ।
विचित्राभिनयाक्रान्तः सम्भ्रान्त इव लक्ष्यते ॥२५॥

મમત્વની લાગણીઓ તત્વ જિજ્ઞાસાને જાગવા જ દેતી નથી. આથી જ મમત્વાન્ધ જીવ માતા પત્ની આદિ પ્રતિના ચિત્ર વિચિત્ર ચેનચાળાઓથી ભરપૂર બનેલો હાંફળોફાંફળો દેખાયા કરે છે.

[૨૩૪] धृतो योगो, न ममता हता, न समताऽऽदृता ।
न च जिज्ञासितं तत्त्वं, गतं जन्म निरर्थकम् ॥२६॥

રે ! જેણે સર્વસંગ ત્યાગનો યોગ ધારણ કર્યો પણ મમત્વ ભાવને ગળે ટૂંપો દીધો નહિ; સમતાને જેણે દિલથી ચાહી નહિ; તત્વને જાણવાની ઈચ્છા પણ ન કરી તો....

ભલે ને તેણે સાધુ વેષ ધારણ કર્યો હોય ! તોય એનો જન્મારો પાણીમાં ગયો !

[૨૩૫] जिज्ञासा च विवेकश्च, ममतानाशकावुभौ ।
अतस्ताभ्यां निगृह्णीया–देनामध्यात्मवैरिणीम् ॥२७॥

મમત્વનો નાશ કરે છે તત્વની જિજ્ઞાસા અને દેહ તથા આત્મા વચ્ચેના ભેદનું જ્ઞાન. માટે અધ્યાત્મભાવની વૈરિણી આ મમતાનો જિજ્ઞાસા અને વિવેકની શસ્ત્ર બેલડીથી નિગ્રહ કરી લેવો જોઈએ.

# સમતા

૯

મમત્વ જાય એટલે સમત્વ આવે.

ન ક્યાં ય રાગ; ન ક્યાં ય રીસ; એનું નામ સમતા. રાગ રોષ તો મનના તરંગી તત્વો છે : જીવને દુઃખી કરનારા છે. સમતા જ ચિત્તની સમતુલા છે. જીવની સ્વભાવ દશા છે.

ત્યાગ્યો સંસાર; તપ્યો તપ અને જપ્યો જપ; પણ જો સમતાને અવગણીને ! તો ધૂળ પડી એ તપ-જપમાં !

ધર્મના બે પરોક્ષફળ સ્વર્ગ અને મોક્ષઃ પણ પ્રત્યક્ષફળ તો આ જ છે : ચિત્તની અપૂર્વ શાન્તિ. હજી કદાચ મુનિ વેષ વિના સિદ્ધપદ પામી શકાશે પણ સમત્વ વિના સિદ્ધિપદ ! કદાપિ શક્ય નથી.

## 卐 સમતા 卐

[૨૩૬] त्यक्तायां ममतायां च समता प्रथते स्वतः ।
स्फटिके गलितोपाधौ यथा निर्मलतागुणः ॥१॥

મમતા ટળે કે સમતા આપોઆપ પ્રગટે. સ્ફટિકને લાલરંગનું દેખાડનાર જપાનું પુષ્પ (ઉપાધિ) ખસેડી લેવામાં આવે કે સ્ફટિકની નિર્મળતા આપોઆપ પ્રગટ થાય.

[૨૩૭] प्रियाप्रियत्वयोर्यार्थै–र्व्यवहारस्य कल्पना ।
निश्चयात्तद्व्युदासेन स्तैमित्यं समतोच्यते ॥२॥

કુસુમ કણ્ટકાદિ પદાર્થોમાં જે પ્રિય અપ્રિયની વ્યવહાર નયની કલ્પના છે તે કલ્પનાને, નિશ્ચય–નયની દૃષ્ટિ રાખીને જ્યારે દૂર કરી દેવામાં આવે ત્યારે ચિત્તમાં જે સ્થિરતા ઉત્પન્ન થાય તે જ સમતા છે.[૬૩]

[૨૩૮] तेष्वेव द्विषतः पुंस–स्तेष्वेवार्थेषु रज्यतः ।
निश्चयात्किञ्चिदिष्टं वाऽनिष्टं वा नैव विद्यते ॥३॥

એક માણુસ જે વસ્તુઓમાં દ્વેષ કરે છે તે જ વસ્તુઓ પ્રત્યે ક્યારેક રાગ પણ કરતો હોય છે. એટલે....

નિશ્ચયનયથી તો કોઈને પણ અમુક વસ્તુ હંમેશ

૬૩. જ્ઞાનસાર માધ્યસ્થ્ય અષ્ટક.

માટે ઇષ્ટ જ હોય અને અમુક વસ્તુ અનિષ્ટ જ હોય એવું કાંઈ નથી.[૬૪].

[૨૩૯] एकस्य विषयो यः स्या—त्स्वाभिप्रायेण पुष्टिकृत् ।
अन्यस्य द्वेष्यतामेति, स एव मतिभेदतः ॥४॥

[૨૪૦] विकल्पकल्पितं तस्माद्—द्वयमेतन्न तात्त्विकम् ।
विकल्पोपरमे तस्य द्वित्वादिवदुपक्षयः ॥५॥

એક માણસને જે (અમુક) વિષય પોતાના ચિત્તના અભિપ્રાયથી (અમુક વલણથી) રાગ કરાવતો હોય છે, તે જ વિષય બીજાને પોતાની અમુક જાતની માન્યતાને લીધે દ્વેષ કરાવનારો પણ બને છે.

એટલે તાત્પર્ય એ છે કે, મનની પદાર્થ તરફ જે રાગ રોષની પ્રક્રિયા થાય છે તે તેના પોતાના વિકલ્પો ઉપર જ અવલંબતી હોય છે.

જ્યારે રાગાદિને જન્માવનારા વિકલ્પનો નાશ થઈ જાય છે ત્યારે તે રાગાદિનો પણ નાશ થઈ જાય છે.

દા. ત. સામે બે પુસ્તકો પડ્યા છે. તે વખતે અપેક્ષા બુદ્ધિથી (નૈયાયિક મતે) બે ય પુસ્તકમાં દ્વિત્વ નામનો ગુણ ઉત્પન્ન થાય છે. જ્યારે બે પુસ્તક તરીકે જોવાની અપેક્ષાનો નાશ થાય છે ત્યારે તે બે ય પુસ્તકમાં ઉત્પન્ન થયેલા દ્વિત્વનો પણ નાશ થાય છે.

---

૬૪. પ્રશમરતિ પ્રકરણ શ્લોક ૫૨ મો.

ટૂંકમાં વિકલ્પના જન્મે રાગાદિનો જન્મ થાય છે.

વિકલ્પના નાશે રાગાદિનો નાશ થાય છે. એટલે રાગ રોષમાંથી એકે ય વસ્તુ તાત્વિક નથી એ વાત નિશ્ચિત થાય છે.

[૨૪૧] स्वप्रयोजनसंसिद्धिः स्वायत्ता भासते यदा ।
बहिरर्थेषु सङ्कल्पसमुत्थानं तदा हतम् ॥६॥

જ્યાં સુધી 'પોતાના પ્રયોજનની સિદ્ધિ બાહ્ય પદાર્થોના ઉપર અવલંબે છે,' એવું જીવને લાગ્યા કરે છે ત્યાં સુધી તે આત્મા બહાર જ દોડયા કરતો હોય છે. પરન્તુ જ્યારે તેને એમ લાગે છે કે સ્વપ્રયોજનની સિદ્ધિ સ્વાધીન છે તેમાં બાહ્ય પદાર્થને કાંઈ જ લાગતું નથી ત્યારે બાહ્ય અર્થોને લીધે મનમાં ઊઠતા તે સંકલ્પો નાશ પામી જાય છે.

[૨૪૨] लब्धे स्वभावे कण्ठस्थ-स्वर्णन्यायाद्भ्रमक्षये ।
रागद्वेषानुपस्थानात्, समता स्यादनाहता ॥७॥

સુવર્ણનું આભૂષણ ગળામાં જ હોવા જતાં જ્યારે તેના 'હોવાના' વિષયમાં (અસ્તિત્વની બાબતમાં) ભ્રમ થઈ જાય છે ત્યારે જીવ અકળાઈ જાય છે, પણ જ્યારે 'તે આભૂષણ તો ગળામાં જ રહેલું છે' એવો ખ્યાલ આવી જાય છે, ત્યારે તે ભ્રમ ભાંગી જતા ફરી જીવ સ્વભાવમાં આવી જાય છે. અહીં વસ્તુતઃ આભૂષણ ગયું જ ન હતું છતાં ખોવાયાના ભ્રમનો ક્ષય થતા તે અરતિ ટળી ગઈ અને સ્વભાવની પ્રાપ્તિ થઈ.

આ જ રીતે બાહ્ય પદાર્થમાં ઈષ્ટાનિષ્ટની ભ્રાન્તિનો જ્યારે ક્ષય થઈ જાય છે ત્યાર પછી રાગ રોષના તોફાનો જાગતા નથી. ત્યાં અપ્રતિહત (અબાધિત) સમતાની અનુભૂતિ થાય છે.

[૨૪૩] जगज्जीवेषु नो भाति, द्वैविध्यं कर्मनिर्मितम् ।
यदा शुद्धनयस्थित्या, तदा साम्यमनाहतम् ॥८॥

સામાન્યતઃ જીવને સંસારના જીવોમાં, કર્મે સર્જેલા ઉચ્ચ–નીચપણાનાં સારા–નરસાપણાના એવા અનેક દ્વૈવિધ્ય ભાસતા હોય છે પરન્તુ જ્યારે શુદ્ધનિશ્ચય દૃષ્ટિથી દરેક જીવ તેને શુદ્ધાત્મસ્વરૂપ દેખાવા લાગે છે, ત્યારે એ દ્વૈવિધ્યનું ભાન રહેતું નથી અને એ વખતે તે જીવને અબાધિત સમતાની પ્રાપ્તિ થાય છે.

[૨૪૪] स्वगुणेभ्योऽपि कौटस्थ्यादेकत्वाध्यवसायतः ।
आत्मारामं मनो यस्य, तस्य साम्यमनुत्तरम् ॥९॥

એક આત્મા નિત્ય છે, અને બીજા આત્માઓથી સદા ભિન્ન તો છે જ પણ તે પોતાના જ્ઞાનાદિ ગુણોથી પણ અલિપ્ત છે, તદ્દન શુદ્ધ છે, એક જ એ આત્મદ્રવ્ય (કૂટસ્થ નિત્ય) છે આવા સ્વરૂપે થતા આત્મા અંગેના ચિંતનથી જેનું મન આત્મરમણ બન્યું હોય તેની સમતા સાચે જ પરાકાષ્ટાને પામેલી છે.[૬૫]

૬૫. अप्रच्यूतानुत्पन्नस्थिरैकस्वभावः कूटस्थः ।

[૨૪૫] समतापरिपाके स्याद्विषयग्रहशून्यता ।
यया विशदयोगानां वासीचन्दनतुल्यता ॥१०॥

જ્યારે સમત્વ ભાવનો પરિપાક થઈ જાય છે ત્યારે વિષયોમાં થતી ઇષ્ટાનિષ્ટતાનું જ્ઞાન નાશ પામી જાય છે.

તે પછી વિશદયોગવાળા તે મહાત્માઓને વાંસલાથી (શસ્ત્રવિશેષથી) ચામડીના છેદ કરાય કે ચંદનના લેપ કરાય, ક્યાંય....કોઈ ફરક જણાતો નથી.[૬૬].

[૨૪૬] किं स्तुमः समतां साधो–र्या स्वार्थप्रगुणीकृता ।
वैराणि नित्यवैराणा–मपि हन्त्युपतस्थुषाम् ॥११॥

પોતાના જ હિત માટે જેને વધુને વધુ પુષ્ટ કરવામાં આવે છે તે સમતાની તો શી વાતો કરવી? એવા મુનિની પાસે ઉપસ્થિત થયેલા નિત્યવૈરી પ્રાણીઓના વૈરને પણ તે દૂર કરી દે છે. (સ્વ માટે કરાતી સાધના પરના વૈરનો નાશ કરી દેવા સમર્થ બને છે!)[૬૭].

[૨૪૭] किं दानेन तपोभिर्वा, यमैश्च नियमैश्च किम् ।
एकैव समता सेव्या, तरिः संसारवारिधौ ॥१२॥

રે! શી જરૂર છે દાનની?
શાને ખપ પડે છે તપનો!

૬૬. યોગશતક ગાથા ૨૦ મી.

૬૭. (૧) પાતંજલયોગ દર્શન સૂત્ર ૨–૩૫.
(૨) યોગશાસ્ત્ર ૪–૫૪.

યમ અને નિયમ પણ શા ઉપયોગના ?
એક માત્ર સમતા–નાવડીને જ પકડી લ્યો !
એકલી તે, ભવ સમુદ્રને આબાદ, પાર ઉતારી દેશે.

[૨૪૮] दूरे स्वर्गसुखं मुक्ति–पदवी सा दवीयसी ।
मनःसंनिहितं दृष्टं, स्पष्टं तु समतासुखम् ॥१३॥

દૂર છે સ્વર્ગના સુખ,
મુક્તિ સુખ તો વળી એથી ય દૂર છે,
પણ મનમાં રહેલું સમતાનું સુખ તો આ રહ્યું : તદ્દન પ્રત્યક્ષ જ છે.[૬૮]

[૨૪૯] दृशो स्मरविषं शुष्येत्, क्रोधतापः क्षयं व्रजेत् ।
औद्धत्यमलनाशः स्यात्, समतामृतमज्जनात् ॥१४॥

સમતાના અમૃત હોજમાં એકાદ ડૂબકી તો લગાવો ! તરત....દૃષ્ટિનું કામ–વિષ ધોવાઈ જશે !
કષાયના તાપ શમી જશે !
ઉદ્ધતાઈનો મેલ ઉતરી જશે !

[૨૫૦] जरामरणदावाग्नि–ज्वलिते भवकानने ।
सुखाय समतैकैव, पीयूषघनवृष्टिवत् ॥१५॥

જરા અને મૃત્યુના દાવાનળથી ભડભડ બળતા ભવરાનમાં પણ અમૃતની મૂશળધાર વર્ષાની જેમ સમતા જ સુખદ બની શકે છે.

---

૬૮. (૧) પ્રશમરતિ પ્રકરણ શ્લોક–૨૩૭.
(૨) વૈરાગ્ય કલ્પલતા ૧–૨૩૫.

[२५१] आश्रित्य समतामेकां निर्वृता भरतादयः ।
न हि कष्टमनुष्ठान–मभूत्तेषां तु किञ्चन ॥१६॥

સમતાને એકલીને અવલંબીને જ ભરત વિગેરે નિર્વાણ પદ પામી ગયા !

ભારે કષ્ટ દેતા કોઈ જ બાહ્ય તપાદિના અનુષ્ઠાન આરાધનાની, તેમને જરૂર જ ઉભી ન થઈ !

[२५२] अर्गला नरकद्वारे मोक्षमार्गस्य दीपिका ।
समता गुणरत्नानां सङ्ग्रहे रोहणावनिः ॥१७॥

સમતા એટલે....
નારક–દ્વારે વજ્રની અર્ગલા !
મુક્તિ માર્ગે ટમટમતી દીપિકા !
ગુણ–રત્નોનો સંચય કરતો મેરૂ પર્વત !

[२५३] मोहाच्छादितनेत्राणा–मात्मरूपमपश्यताम् ।
दिव्याञ्जनशलाकेव, समता दोषनाशकृत् ॥१८॥

શું તમારા નેત્રો મોહના પડળથી ઢંકાઈ ગયા છે ? તેથી શું તમે સ્વરૂપનો સાક્ષાત્કાર નથી કરી શકતા ?

તો હમણાં જ દિવ્યાંજનની શલાકારૂપી સમતા હાથમા લો ! તમારા સઘળા ય નેત્ર–દોષનો એ નાશ કરી નાંખશે.

[२५४] क्षणं चेतः समाकृष्य, समता यदि सेव्यते ।
स्यात्तदा सुखमन्यस्य, यद्वक्तुं नैव पार्यते ॥१९॥

એક પળભર પણ ચિત્તને રાગ રોષથી પાછું ખેંચી

લઈને સમતાનું સેવન કરવામાં આવે તો આંતર સુખનો એવો કોઈ ચમકારો અનુભવવા મળે કે જેનું વર્ણન બીજાને કરી ન શકાય !

[૨૫૫] कुमारी न यथा वेत्ति, सुखं दयितभोगजम् ।
न जानाति तथा लोको, योगिनां समतासुखम् ॥२०॥

પતિ સાથેના ભોગ સુખની કુમારિકાને શી ખબર પડે ?

યોગિઓના સમત્વ ભાવના અફાટ સુખની સંસારી જીવોને ગંધ પણ કયાંથી આવે ?

[૨૫૬] नतिस्तुत्यादिकाशंसा—शरस्तीव्रः स्वमर्मभित् ।
समतावर्मगुप्तानां, नार्तिकृत्सोऽपि जायते ॥२१॥

લોકોના નમન સ્તવન વિગેરેની ઇચ્છા એ તો તીક્ષ્ણ બાણ છે ! અંતરના મર્મ સ્થાનને ભેદીને જ જંપે ! પણ જેણે સમતાના બખ્તર ચડાવી દીધા છે તેને તો તે બાણ લગીરે પીડા ન કરી શકે !

[૨૫૭] प्रचितान्यपि कर्म्माणि, जन्मनां कोटिकोटिभिः ।
तमांसीव प्रभा भानोः, क्षिणोति समता क्षणात् ॥२२॥

કોટાનકોટિ જન્મારાઓથી આત્મામાં ધરબાએલા કાળા કર્મોનો સમતાના અનુભવના એક જ ચમકારે ખાત્મો બોલાઈ જાય !

વિશ્વમાં ખીચોખીચ ભરાએલા રાત્રિના અંધકારનો, દિનકરના એક જ કિરણે સર્વનાશ ![૬૯]

---

૬૯ યોગશાસ્ત્ર ૧-૭

[૨૫૮] अन्यलिङ्गादिसिद्धाना–माधारः समतैव हि ।
रत्नत्रयफलप्राप्ते-र्यया स्याद् भावजैनता ॥२३॥

જે સમતાથી રત્નત્રયના ફલ (સિદ્ધાવસ્થા) ની પ્રાપ્તિ થાય છે અને તે પ્રાપ્તિ ભાવીમાં થવાને કારણે જ જે (અન્ય લિંગિ) માં ભાવ જૈનત્વ આવે તે સમતા જ અન્યલિંગ– ગૃહિલિંગથી સિદ્ધ થનારા મહાત્માઓનો આધાર બને છે.

[૨૫૯] ज्ञानस्य फलमेषैव, नयस्थानावतारिणः ।
चन्दनं वह्निनेव स्यात्, कुग्रहेण तु भस्म तत् ॥२४॥

સાત નયોમાં અવતાર પામતા જ્ઞાનનું ફળ સમત્વ ભાવની સિદ્ધિ જ છે. જો સમતાના અભાવે એકાદ નયમાં કદાગ્રહ (મમત્વ) થઈ જાય તો તે સુંદર જ્ઞાન પણ રાખ જેવું નકામું બની જાય.

ચંદન શીતલતા અર્પે, પણ અગ્નિના સંબંધથી તો (બળીને) રાખ જ થઈ જાય.

જ્ઞાન છે ચંદન સમું અને કદાગ્રહ છે અગ્નિ !

[૨૬૦] चारित्रपुरुषप्राणाः, समताख्या गता यदि ।
जनानुधावनावेश–स्तदा तन्मरणोत्सवः ॥२५॥

જ્યારે ચારિત્ર પુરૂષના સમતા નામના પ્રાણ ચાલી જાય છે, ત્યાર પછી લોકો દોડતા આવે છે, તે રખે સમજતા કે તેમને વંદના કરવા માટે આવે છે ! એ તો એમના પ્રાણ વિહોણા કલેવરનો મરણોત્સવ કરવા માટે આવેલા હોય છે.

[૨૬૧] सन्त्यज्य समतामेकां, स्याद्यत्कष्टमनुष्ठितम् ।
तदीप्सितकरं नैव, बीजमुप्तमिवोषरे ॥२६॥

બધું ય કષ્ટ કર્યું, પણ જો સમતાને અભરાઈએ મૂકીને કર્યું; તો તે બધું ય કષ્ટ જરા ય આવકારદાયક ન કહેવાય. ઉખરભૂમિમાં કોઈ બીજ વાવે તેને સારૂં કેમ કહેવાય?

[૨૬૨] उपायः समतैवैका, मुक्तेरन्यः क्रियाभरः ।
तत्तत्पुरुषभेदेन, तस्या एव प्रसिद्धये ॥२७॥

મુક્તિનો ઉપાય તો એકલી સમતા જ છે. એટલે તે તે પુરૂષભેદે બીજી અનેક ક્રિયાઓ કરવાનું જે કહેવામાં આવ્યું છે, તે તો આ સમતાની સિદ્ધિ માટે જ છે.

[૨૬૩] दिङ्मात्रदर्शने शास्त्र–व्यापारः स्यान्न दूरगः ।
अस्याः स्वानुभवः पारं, सामर्थ्याख्योऽवगाहते ॥२८॥

શાસ્ત્રની પ્રવૃત્તિ તો માત્ર દિશાસૂચન કરી દે–આંગળી ચીંધીને રસ્તો બતાડી દે–તેથી આગળ તે ન વધે. પછી સિદ્ધિ પદ તો સમતાનો સ્વાનુભવરૂપ સામર્થ્યયોગ જ પ્રાપ્ત કરી આપે.

[૨૬૪] परस्मात्परमेषा य–न्निगूढं तत्त्वमात्मनः ।
तदध्यात्मप्रसादेन, कार्योऽस्यामेव निर्भरः ॥२९॥

આત્માનું જે નિગૂઢ તત્વ કે જે પરથી પણ પર છે તે આ સમતા જ છે. માટે અધ્યાત્મબોધની કૃપાથી સમતાને પ્રાપ્ત કરવામાં જ પરિપૂર્ણ યત્ન કરવો જોઈએ....

卐

# સદનુષ્ઠાન

## ૧૦

કેવું જાદુ છે સમતાનું કે એના પુનિત સ્પર્શમાત્રથી મેલાઘેલાં પણ અનુષ્ઠાનો એકદમ શુદ્ધ બની જાય !

ગુરુસેવાદિ અનુષ્ઠાન પાંચ પ્રકારના છે.

(૧) વિષ (૨) ગર (૩) અનનુષ્ઠાન (૪) તદ્ધેતુ (૫) અમૃત.

**વિષનુષ્ઠાન :**–આલોકની કોઈ કામનાથી કરાતા ગુરુસેવાદિ વિષની જેમ તત્કાળ શુભ–ચિત્તની હત્યા કરે.

**ગરાનુષ્ઠાન :**–પરલોકની કોઈ કામનાથી કરાત ગુરુસેવાદિ ગરની જેમ કાલાન્તરે શુભ–ચિત્તનો નાશ કરે.

અનનુષ્ઠાન :–સંમચ્છિંમ જીવન કર્મ જેવા પ્રાયઃ દેખાદેખીથી થતા શાસ્ત્રનિરપેક્ષ ગુરુસેવાદિ.

તદ્ધેતુ અનુષ્ઠાન :–અમૃતાનુષ્ઠાનના હેતુ બનતા સુંદર ગુરુસેવાદિ.

૫. અમૃતાનુષ્ઠાનઃ સહજ સુંદર ભાવપૂર્વકના જિનાજ્ઞાગર્ભિત ગુરુસેવાદિ.

આમાના પહેલા ત્રણ હેય છે. છેલ્લા બે ઉત્તરોત્તર વધુ ઉપાદેય છે.

## ॥ સદનુષ્ઠાન ॥

[૨૬૫] परिशुद्धमनुष्ठानं जायते समतान्वयात् ।
कतकक्षोदसङ्क्रान्तेः कलुषं सलिलं यथा ॥ १ ॥

મેલું-ઘેલું પણ ધર્માનુષ્ઠાન સમતાભાવના સંબંધથી શુદ્ધ બની જાય છે. પાણી મેલું છે.... કતકનું ચૂર્ણ તેમાં નાંખતાની સાથે જ, તે ચોખ્ખું બની જાય છે ને?

[૨૬૬] विषं गरोऽननुष्ठानं तद्धेतुरमृतं परम् ।
गुरुसेवाद्यनुष्ठान-मिति पञ्चविधं जगुः ॥ २ ॥

ગુરુસેવાદિ સ્વરૂપ અનુષ્ઠાનોના પાંચ પ્રકાર છે. અર્થાત્ ગુરુસેવાદિ એક જ અનુષ્ઠાન ઇહલોક સુખ, પરલોક સુખ-વિગેરેના આશયભેદથી પાંચ પ્રકારના બને છે. તેમના નામ આ પ્રમાણે છે.

૧. વિષ. ૨. ગર. ૩. અનનુષ્ઠાન. ૪. તદ્ધેતુ. ૫. અમૃત[૭૦].

[૨૬૭] आहारोपधिपूजर्द्धि-प्रभृत्याशंसया कृतम् ।
शीघ्रं सच्चित्तहन्तृत्वा-द्विषानुष्ठानमुच्यते ॥ ३ ॥

**(૧) વિષાનુષ્ઠાન સ્વરૂપ :-**

આહાર, ઉપધિ, પૂજા, સમૃદ્ધિ આદિની આ લોકની

૭૦. (૧) યોગબિન્દુ શ્લો. ૧૫૧ થી ૧૬૧. (૨) દ્વા. દ્વા. ૧૩-૯.

આશંસાથી કરાતા ગુરુસેવા વિગેરે સ્વરૂપ અનુષ્ઠાનો ચિત્તની શુદ્ધિને તત્કાળ હણી નાંખે છે. માટે જ તેમને વિષાનુષ્ઠાન (વિષ જેવા અનુષ્ઠાન) કહેવાય છે.

[૨૬૮] स्थावरं जङ्गमं चापि, तत्क्षणं भक्षितं विषम् ।
यथा हन्ति तथेदं सच्चित्तमैहिकभोगतः ॥ ४ ॥

જેમ સોમલ વિગેરે સ્થાવર વિષ કે સર્પાદિનું જંગમ વિષ–તેમાંનું કોઈપણ–ખાતાની સાથે જ પ્રાણ હણે છે તેમ પૂર્વોક્ત ઐહિકભોગોની ઈચ્છાથી કરાતું ગુરુસેવાદિ અનુષ્ઠાન ચિત્ત શુદ્ધિને તરત જ હણી નાંખે છે.

[૨૬૯] दिव्यभोगाभिलाषेण कालान्तरपरिक्षयात् ।
स्वादृष्टफलसम्पूर्ते-र्गरानुष्ठानमुच्यते ॥ ५ ॥

**(૨) ગરાનુષ્ઠાન સ્વરૂપ :—**

પરલોક સંબંધી દૈવીભોગોની અભિલાષાની સાથે જે ગુરુસેવાદિ અનુષ્ઠાન કરવામાં આવે તે ગરાનુષ્ઠાન કહેવાય. તે અનુષ્ઠાન (સ્વ)થી ઉત્પન્ન થયેલ જે શુભકર્મ (ફળ), તેના ભોગવટાની પ્રાપ્તિના કાળ (દેવાદિભવ)માં ચિત્તની શુદ્ધિનો ક્ષય કરી દે છે માટે આ અનુષ્ઠાનને ગરાનુષ્ઠાન કહેવાય છે.

વિષાનુષ્ઠાન વિષ જેવું કહ્યું કેમકે તે તો અનુષ્ઠાન કરવાના સમયે જ ચિત્ત શુદ્ધિને હણી નાંખે છે. જ્યારે દેવાદિભવોના સુખની અભિલાષાથી કરાતું અનુષ્ઠાન ગરાનુષ્ઠાન કહ્યું કેમકે એ અનુષ્ઠાન આચરતી વખતે જ ચિત્તની શુદ્ધિ

હણાઇ જતી નથી કિન્તુ એ અનુષ્ઠાનના ફળરૂપે જે દેવાદિભવનું (કાલાન્તરે) સુખ મળે છે તે વખતે ચિત્તની શુદ્ધિનો નાશ થઈ જાય છે.

[૨૭૦] यथा कुद्रव्यसंयोग–जनितं गरसंज्ञितम् ।
विषं कालान्तरे हन्ति, तथेदमपि तत्त्वतः ॥ ६ ॥

જેમ કાચના કટકા વિગેરે કુદ્રવ્યના મિશ્રણથી તૈયાર કરેલું દ્રવ્ય તે ગર નામનું વિષ કહેવાય. જે ખાનારને ૨–૪ કે ૧૨ માસે હણે છે. તેમ દિવ્યભોગાદિની પ્રાપ્તિના નિયાણા પૂર્વકનું અનુષ્ઠાન પણ વસ્તુતઃ કાલાન્તરે ચિત્ત શુદ્ધિને હણે છે માટે તે અનુષ્ઠાનને ગરાનુષ્ઠાન કહેવાય છે.

[૨૭૧] निषेधायानयोरेव विचित्रानर्थदायिनोः ।
सर्वत्रैवानिदानत्वं जिनेन्द्रैः प्रतिपादितम् ॥ ७ ॥

ભાતભાતના અનર્થોને ઉત્પન્ન કરનારા આ બે ય અનુષ્ઠાનો છે, માટે જ તેમનો નિષેધ કરવા માટે શ્રી જિનેશ્વર–ભગવંતોએ સર્વત્ર ધર્માનુષ્ઠાનમાં અનિદાન અનાશંસા (અનિયાણું, નિરાશંસભાવ) રાખવાનું ફરમાવ્યું છે.[૭૧]

[૨૭૨] प्रणिधानाद्यभावेन कर्माऽनध्यवसायिनः ।
संमूर्च्छिमप्रवृत्त्याभमननुष्ठानमुच्यते ॥ ८ ॥

(૩) **અનનુષ્ઠાન સ્વરૂપ :—**

(૧) અધ્યવસાયશૂન્ય આત્માનું (૨) પ્રણિધાન (ચિત્તની

૭૧. દશવૈકાલિક સૂત્ર–હરિભદ્રીયા ટીકા ૯મું અધ્ય. ૪થો ઉદ્દેશો.

એકાગ્રતા) આદિ ભાવો વિનાનું અને (૩) સંમૂર્ચ્છિમ જીવોના કર્મ જેવું જે કર્મ તે અનનુષ્ઠાન કહેવાય.[૭૨]

[૨૭૩] ओघसंज्ञाऽत्र सामान्य–ज्ञानरूपा निबन्धनम् ।
लोकसंज्ञा च निर्दोष–सूत्रमार्गानपेक्षिणी ॥ ९ ॥

આવા અનનુષ્ઠાન કર્મમાં પ્રવૃત્તિ થવામાં બે સંજ્ઞાઓ કારણ બને છે.

ઓઘસંજ્ઞા અને લોકસંજ્ઞા.

સામાન્યજ્ઞાન એ ઓઘસંજ્ઞા છે.

શુદ્ધ શાસ્ત્રમાર્ગની અપેક્ષાને નજરમાં ન લેતી લોકસંજ્ઞા છે.

[૨૭૪] न लोकं नापि सूत्रं नो गुरुवाचमपेक्षते ।
अनध्यवसितं किञ्चित्कुरुते चौघसंज्ञया ॥१०॥

**ઓઘસંજ્ઞાનું સ્વરૂપ**

ચિત્તની શૂન્યતા સાથે, ઓઘસંજ્ઞાથી જીવ જે કાંઈ કરે છે તેમાં નથી તો તે જીવને લોકની અપેક્ષા; નથી તો સૂત્રવચનની અપેક્ષા; અને નથી તો ગુરુવચનની અપેક્ષા.....

આ બધાથી નિરપેક્ષ બનીને સાવ શૂન્યચિત્તથી જે કાંઈ આવશ્યકાદિ અનુષ્ઠાન કરવામાં આવે તે ઓઘસંજ્ઞાનો મહિમા છે.

---

૭૨. ષોડશક પ્રકરણ :—૩-૬

[૨૭૫] शुद्धस्यान्वेषणे तीर्थोच्छेदः स्यादिति वादिनाम्।
लोकाचारादरश्रद्धा लोकसंज्ञेति गीयते ॥११॥

લોકસંજ્ઞા સ્વરૂપ :-

કેટલાક જીવો કહે છે કે, 'શુદ્ધ અનુષ્ઠાનને જ જોવા જશો-તેને જ કરવાનો આગ્રહ રાખશો-તો તો તીર્થનો જ ઉચ્છેદ થઈ જશે કેમકે એકદમ શુદ્ધ અનુષ્ઠાન શક્ય જ નથી. માટે લોકો જે રીતે અવિધિવાળું અશુદ્ધ અનુષ્ઠાન કરતા હોય તે રીતે જ કર્યા કરવું."

ગ્રન્થકાર પરમર્ષિ કહે છે કે લોકના ગોટાળાવાળા અનુષ્ઠાનો (આચાર) ઉપર આવી જાતનો જે આદર અને એવા આચાર ઉપરની જે શ્રદ્ધા તે લોકસંજ્ઞા કહેવાય.

આવી લોકસંજ્ઞાથી કરાતું આવશ્યકાદિ કર્મ તે અનનુષ્ઠાન કહેવાય.

[૨૭૬] शिक्षितादिपदोपेत-मप्यावश्यकमुच्यते ।
द्रव्यतो भावनिर्मुक्त-मशुद्धस्य तु का कथा ॥१२॥

પૂર્વના શ્લોકમાંથી અનનુષ્ઠાન કર્મ કરનારાઓએ પોતાના પક્ષના સમર્થનમાં ત્રણ વાત રજુ કરી કે (૧) અશુદ્ધ પણ કરી શકાય, (૨) શુદ્ધનો જ આગ્રહ રાખશો તો તીર્થોચ્છેદ થઈ જશે; (૩) માટે ઘણા લોકો કરે તે કરવું એ જ બરોબર છે. હવે આ ત્રણેય વાતોનું ખંડન ત્રણ શ્લોકથી ગ્રન્થકાર પરમર્ષિ કરે છે.

શિક્ષિત-અસ્ખલિત વગેરે જે શ્રુતગુણો કહ્યા છે તે બરોબર જાળવીને જે આવશ્યક ક્રિયામાં સૂત્રોનો શુદ્ધ પાઠ

થાય, તેવી શુદ્ધ આવશ્યક ક્રિયા પણ જો ભાવવિહોણી હોય તો દ્રવ્યાવસ્યક જ કહેવાય છે. તો પછી જે આવસ્યક ક્રિયા પાઠોચ્ચારાદિમાં પણ અશુદ્ધ જ છે તેની તો શી વાત કરવી? અર્થાત્ એને તો દ્રવ્યાવશ્યક પણ ન કહેવાય.[૭૩]

[૨૭૭] तीर्थोच्छेदभिया हन्ता-विशुद्धस्यैव चादरे ।
सूत्रक्रियाविलोपः स्याद्-गतानुगतिकत्वतः ॥१३॥

વળી, શુદ્ધ ક્રિયાનો આગ્રહ કરવા જતાં, તેવી ક્રિયા કોઈ કરી જ ન શકે એટલે તીર્થોચ્છેદ થઈ જાય' એમ કહીને અશુદ્ધ એવી પણ ક્રિયાનો આદર કરવાનું જે કહ્યું તે અત્યન્ત અસંબદ્ધ વચન છે. કેમકે એ રીતે અશુદ્ધ ક્રિયા અને અશુદ્ધ પાઠ એક આત્મા કરે, તેને જોઈ-સાંભળીને બીજો પણ તેમ જ કરે, ત્રીજો પણ તેમ જ કરે એમ ગતાનુગતિકતાથી અશુદ્ધક્રિયા અને અશુદ્ધ પાઠ જ ચાલવા લાગતાં તે જ પ્રસિદ્ધ થઈ જાય અને તેથી શુદ્ધક્રિયા પાઠનો તો લોપ જ થઇ જાય! એટલે વસ્તુતઃ તો અશુદ્ધના આદરમાં જ સૂત્રક્રિયા દ્વારા તીર્થોચ્છેદની સંભાવના છે.[૭૪]

[૨૭૮] धर्मोद्यतेन कर्त्तव्यं कृतं बहुभिरेव चेत् ।
तदा मिथ्यादृशां धर्मो न त्याज्यः स्यात्कदाचन ॥१४॥

વળી 'ઘણા લોકોએ જે રીતે કર્યું' તે રીતે જ ધર્મો-

૭૩. અનુયોગદ્વાર-મલધારીયા ટીકા:—સૂત્ર ૧૩મું સટીક.

૭૪. (૧) લલિતવિસ્તરા પંજિકાયુક્ત પૃ. ૬અ.
(૨) યોગવિંશિકા ગા. ૧૪, ૧૫, ૧૬ સટીક.

ધત આત્માએ કરવું ’’ એ વાત પણ બરોબર નથી. કેમકે તેમ માનવાથી તો મિથ્યાદષ્ટિઓનો ક્રિયાકાણ્ડ ધર્મ જ સદૈવ સેવવો પડશે. તમે તેનો ત્યાગ નહિ કરી શકો, કેમકે એ ધર્મને ઘણા લોકો સેવી રહ્યા છે. જૈન ધર્મને તો ઘણા થોડા જ લોકો માને છે.[૭૫]

[૨૭૯] तस्माद्गतानुगत्या यत्क्रियते सूत्रवर्जितम् ।
ओघतो लोकतो वा, तदननुष्ठानमेव हि ॥१५॥

એટલે સૂત્રની અપેક્ષા વિનાનું, ગતાનુગતિકતાથી (દેખાદેખીથી) જ જે કર્મ કરવામાં આવે–ઓઘસંજ્ઞાથી કે લોકસંજ્ઞાથી–તે બધું ય અનનુષ્ઠાન જ કહેવાય.

[૨૮૦] अकामनिर्जराङ्गत्वं कायक्लेशादिहोदितम् ।
सकामनिर्जरा तु स्यात् सोपयोगप्रवृत्तितः ॥१६॥

**અનનુષ્ઠાનનું ફળ :—**

આ અનનુષ્ઠાન કર્મ માત્ર કાયકષ્ટરૂપ છે કેમકે અહીં ઉપયોગપૂર્વકની પ્રવૃત્તિ નથી. માટે આવા કર્મથી માત્ર અકામનિર્જરા થાય.

સકામનિર્જરા તો મોક્ષાશયપૂર્વકની ઉપયોગયુક્ત પ્રવૃત્તિથી જ થાય છે.

[૨૮૧] सदनुष्ठानरागेण तद्धेतुर्मार्गगामिनाम् ।
एतच्च चरमावर्तेऽनाभोगादेर्विना भवेत् ॥१७॥

૭૫. વિંશતિવિંશિકા : ૧૮-૧૪, ૧૫.

**તદ્ધેતુ-અનુષ્ઠાન :—**

(૧) માર્ગગામી આત્માઓને (૨) સદનુષ્ઠાન પ્રત્યેના રાગને લીધે ઉત્પન્ન થતું, (૩) અનુપયોગ સહસાકાર વિગેરે દોષોથી મુક્ત એવું તદ્ધેતુ નામનું સદનુષ્ઠાન હોય. આ અનુષ્ઠાન ચરમાવર્તમાં પ્રવેશેલા જીવને જ હોય.

[૨૮૨] धर्मयौवनकालोऽयं भवबालदशाऽपरा ।
अत्र स्यात्क्रियारागोऽन्यत्र चासत्क्रियादरः ।१८॥

ચરમાવર્તના કાળમાં પ્રવેશ્યા પછી જ સત્ક્રિયાનો રાગ જીવને ઉત્પન્ન થાય. કેમકે આ ચરમાવર્તકાળ જ ધર્મનો યૌવન કાળ છે.

અચરમાવર્તકાળ તો ભવની બાલ-દશા છે. ત્યાં તો અસત્ક્રિયા પ્રત્યે જ આદર હોય.[૭૬]

[૨૮૩] भोगरागाद्यथा यूनो, बालक्रीडाऽखिला ह्रिये ।
धर्म्मे यूनस्तथा धर्मरागेणासत्क्रिया ह्रिये ॥१९॥

'ચરમાવર્તકાળમાં જ સત્ક્રિયા (સદનુષ્ઠાન) પ્રત્યે રાગ હોઈ શકે' એ વિધાનની પુષ્ટિમાં ગ્રન્થકાર પરમર્ષિ અહીં કહે છે કે 'જેમ યુવાન પુરુષને ભોગરાગ ઉત્પન્ન થતાં પૂર્વની ધૂલિક્રીડા વિગેરે બાળ-ક્રીડાઓ શરમાવા જેવી (હોય) લાગે છે તેમ ધર્મના યૌવનકાળમાં પ્રવેશેલા આત્માને ધર્મ-

૭૬. (૧) વિં. વિં. : ૪ થી ૧૯, ૨૦.
(૨) વિં. વિં. : ૫-૧૬ થી ૧૯.

રાગ ઉત્પન્ન થતાં પૂર્વે કરેલી અસત્ક્રિયાઓ હવે શરમભરી (હેય) જણાય છે.[૭૭]

[૨૮૪] चतुर्थं चरमावर्त्ते तस्माद्धर्मानुरागतः ।
अनुष्ठानं विनिर्दिष्टं बीजादिक्रमसङ्गतम् ॥२०॥

એટલે હવે એ વાત નિશ્ચિત થાય છે કે સત્ક્રિયારાગ ચરમાવર્તકાળમાં જ હોય. અને તેથી સત્ક્રિયા (સદ્ધર્મ) રાગથી ઉત્પન્ન થતું ચોથું તદ્ધેતુ નામનું અનુષ્ઠાન પણ ચરમાવર્તકાળમાં જ હોય.

આ અનુષ્ઠાન બીજઅંકુર યાવત્ ફલયુક્ત છે. આગળ આવતા ચાર શ્લોકમાં તદ્ધેતુ અનુષ્ઠાનમાં બીજ વિગેરેના સ્થાને કોણ કોણ આવે? તે વાત જણાવાશે.[૭૮]

[૨૮૫] बीजं चेह जनान् दृष्ट्वा, शुद्धानुष्ठानकारिणः ।
बहुमानप्रशंसाभ्यां, चिकीर्षा शुद्धगोचरा ॥२१॥

**બીજ :** શુદ્ધ અનુષ્ઠાન કરતા ભવ્યાત્માઓને જોઈને તેમના પ્રત્યેના અંતરના બહુમાન સાથે અને વાણીથી તેમની મુક્તકણ્ઠે પ્રશંસા કરવા સાથે, 'તેવું શુદ્ધાનુષ્ઠાન હું પણ કરું' એવી જે ઇચ્છા એ બીજસ્વરૂપ તદ્ધેતુ અનુષ્ઠાન છે.[૭૯]

[૨૮૬] तस्या एवानुबन्धश्चा–कलङ्कः कीर्त्यतेऽङ्कुरः ।
तद्धेत्वन्वेषणा चित्रा, स्कंधकल्पा च वर्णिता ॥२२॥

---

૭૭. દ્વા : દ્વા : ૨૪-૩ સટીક

૭૮. લલિતવિસ્તરા પંજિકાયુતા. પૃ. ૧૧અ.

૭૯. (૧) વિં. વિં :- ૫- ૧ થી ૫.
(૨) વૈરાગ્ય કલ્પલતા. ૧- ૪૪ થી ૫૪

**અંકુરઃ**–નિર્મલભાવથી તે ઇચ્છા પુનઃ પુનઃ થયા કરવી તે અંકુરસ્થાનીય તદ્ધેતુ અનુષ્ઠાન છે.

**સ્કન્ધઃ**–'કયા ઉપાયોથી શુદ્ધક્રિયા થઈ શકે?' એ વિચારીને તે તે હેતુઓની વિવિધ રીતે તપાસ કરવી તે, તદ્ધેતુઅનુષ્ઠાન–વૃક્ષનો સ્કન્ધ છે.

[૨૮૭] प्रवृत्तिस्तेषु चित्रा च, पत्रादिसदृशी मता ।
पुष्पं च गुरुयोगादि–हेतुसम्पत्तिलक्षणम् ॥२३॥

**પત્રાદિઃ**–શુદ્ધ ક્રિયા પ્રાપ્ત કરવાના જે જે સદ્ગુરુયોગાદિ ઉપાયો જાણવા મળ્યા, તે ઉપાયો પ્રાપ્ત કરવા માટે વિવિધ રીતે પ્રવૃત્તિ કરવી તે પત્રાદિસ્થાનીય તદ્ધેતુ અનુષ્ઠાન કહેવાય.

**પુષ્પઃ**–તે સદ્ગુરુયોગાદિ ઉપાયોને પ્રાપ્ત કરવા એ આ વૃક્ષનું પુષ્પ છે.

[૨૮૮] भावधर्म्मस्य सम्पत्ति–र्या च सद्देशनादिना ।
फलं तदत्र विज्ञेयं, नियमान्मोक्षसाधकम् ॥२४॥

**ફલઃ**–સદ્ગુરુનો યોગ થતા તેમના શ્રીમુખેથી સદ્ધર્મની દેશના સાંભળવા મળે; એ દેશનાના શ્રવણથી મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમાદિ થાય. અને તેથી સમ્યક્ત્વાદિ ભાવધર્મની જે પ્રાપ્તિ થાય તે તદ્ધેતુ અનુષ્ઠાનનું ફળ છે, જે અવશ્યમેવ મોક્ષને આપનારૂં છે.

[૨૮૯] सहजो भावधर्मो हि, शुद्धश्चन्दनगन्धवत् ।
एतद्गर्भमनुष्ठान–ममृतं सम्प्रचक्षते ॥२५॥

**અમૃતાનુષ્ઠાન સ્વરૂપઃ-**

પૂર્વોક્ત ભાવધર્મ એ આત્માનો (પોતાનો) સહજ ગુણ છે. ગન્ધ એ શુદ્ધ ચન્દનનો સહજ ગુણ છે. આવા ભાવ-ધર્મવાળું જે અનુષ્ઠાન બને છે તે અમૃતાનુષ્ઠાન કહેવાય છે.

આમ તદ્ધેતુ અનુષ્ઠાનનું ફળ અમૃતાનુષ્ઠાનમાં પરિણામ પામે છે.

[૨૯૦] जैनीमाज्ञां पुरस्कृत्य, प्रवृत्तं चित्तशुद्धितः ।
सम्वेगगर्भमत्यन्त–ममृतं तद्विदो विदुः ॥२६॥

**અમૃતાનુષ્ઠાનનું ૧લું લક્ષણઃ-**

અમૃતાનુષ્ઠાનના અનુભવી મહાત્માઓ કહે છે કે, 'અમૃતાનુષ્ઠાન તેને કહેવાય, જેમાં (૧) જિનાજ્ઞા જ સર્વત્ર આગળ કરવામાં આવતી હોય, (૨) ચિત્તની શુદ્ધિથી જેમાં પ્રવૃત્તિ થતી હોય (૩) અને જે અત્યન્ત સંવેગ–વિરાગથી ભરપૂર હોય.'

[૨૯૧] शास्त्रार्थालोचनं सम्यक्, प्रणिधानं च कर्म्मणि ।
कालाद्यङ्गाविपर्यासोऽ–मृतानुष्ठानलक्षणम् ॥२७॥

**અમૃતાનુષ્ઠાનનું ૨જું લક્ષણઃ-**

(૧) જ્યાં શાસ્ત્રીય પદાર્થનું નિપુણ આલોચન (અનુપ્રેક્ષા સ્વાધ્યાયનું) હોય (૨) જ્યાં ક્રિયામાં અપ્રમત્તતા હોય અને (૩) તે તે ક્રિયા તે તે વિહિતકાલે, વિનયાદિપૂર્વક જ જ્યાં કરાતી હોય અર્થાત્ તેમાંના કોઈ પણ આચારનો વિપર્યાસ (અન્યથા આચરણ) કરવામાં ન આવતો હોય તેને અમૃતાનુષ્ઠાન કહેવાય.

[૨૯૨] द्वयं हि सदनुष्ठानं, त्रयमत्रासदेव च ।
तत्रापि चरमं श्रेष्ठं, मोहोग्रविषनाशनात् ॥२८॥

ઉપર જે પાંચ અનુષ્ઠાન કહ્યા તેમાંના છેલ્લા બે–તદ્ધેતુ અને અમૃત–સદનુષ્ઠાન છે જ્યારે પહેલા ત્રણ અસદનુષ્ઠાન છે.

છેલ્લા બે સદનુષ્ઠાનમાં પણ છેલ્લું અમૃતાનુષ્ઠાન તો શ્રેષ્ઠ છે કેમકે મોહનીય કર્મના જડમૂળ ઘર કરી ગએલા સંસ્કાર વિષની મૂળથી જ સંપૂર્ણ સાફસૂફી કરી નાંખે છે.

[૨૯૩] आदरः, करणे प्रीति–रविघ्नः सम्पदागमः ।
जिज्ञासा तज्ज्ञसेवा च, सदनुष्ठानलक्षणम् ॥२९॥

તદ્ધેતુ અનુષ્ઠાન અને અમૃતાનુષ્ઠાન એ બેય સદનુષ્ઠાન છે. બેયના પૃથક્ લક્ષણો કહ્યા.

હવે તે સદનુષ્ઠાનનું લક્ષણ બતાવે છે. સદનુષ્ઠાનના સ્વામી આત્માના આ લક્ષણો છે:–

(૧) મુમુક્ષુને મોક્ષ એ જ ઇષ્ટ વસ્તુ છે. એ ઇષ્ટની પ્રાપ્તિ માટેની ક્રિયામાં યત્નાતિશયરૂપ આદર હોવો.

(૨) ક્રિયા કરવામાં પ્રીતિ હોવી.

(૩) શુભ પુણ્યકર્મના સામર્થ્યથી એ ક્રિયા કરવામાં કોઈ વિઘ્નનું આગમન ન થવું. (૪) શુભ ભાવજન્ય પુણ્યથી, અલૌલ્ય, અનિષ્ઠુરતા વિગેરે સ્વરૂપ યોગસમ્પત્તિનું આગમન થવું. (૫) મોક્ષાત્મક ઇષ્ટનું સ્વરૂપ જાણવાની ઇચ્છા થવી. (૬) મોક્ષાત્મક ઇષ્ટના જ્ઞાતાઃ જ્ઞાની ભગવંતોઃ ની સેવા કરવી. અને તેમની કૃપા મેળવવી.

આ ૬ ય સદનુષ્ઠાનના લક્ષણો છે. સદનુષ્ઠાનના સ્વામી મહાત્મામાં આ બધી વાતો હોય.[૮૦]

**[૨૯૪] भेदैर्भिन्नं भवेदिच्छा–प्रवृत्तिस्थिरसिद्धिभिः ।**
**चतुर्विधमिदं मोक्ष–योजनाद्योगसंज्ञितम् ॥३०॥**

સદનુષ્ઠાન યોગસ્વરૂપ છે કેમ કે તે મોક્ષ સાથે આત્માનો યોગ કરી આપે છે.

આ યોગસ્વરૂપ સદનુષ્ઠાન ઇચ્છા વિગેરે ભેદોથી ચાર પ્રકારનું બને છે.

(૧) ઇચ્છાયોગ (સ્વરૂપ) સદનુષ્ઠાન.

(૨) પ્રવૃત્તિયોગ સદનુષ્ઠાન.

(૩) સ્થિરયોગ સદનુષ્ઠાન. (૪) સિદ્ધિયોગ સદનુષ્ઠાન.[૮૧]

**[૨૯૫] इच्छा तद्वत्कथा प्रीति–युक्ता,ऽविपरिणामिनी ।**
**प्रवृत्तिः पालनं सम्यक्, सर्वत्रोपशमान्वितम् ॥३१॥**

આ શ્લોકમાં ઇચ્છાદિ ચાર યમ (યોગ)નું સ્વરૂપ બતાવે છે. અહીં એક વાત ખ્યાલમાં રાખવી કે ઇચ્છાદિ પ્રત્યેક યોગના પણ પાંચ પાંચ પ્રકાર બને છે. તે પાંચ પ્રકારના નામ આ છે: સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને એકાગ્રતા.

એક ઇચ્છાયોગઃ સ્થાન ઇચ્છાયોગ, વર્ણેચ્છાયોગ, અર્થેચ્છાયોગ, આલંબન ઇચ્છાયોગ અને એકાગ્રતા ઇચ્છાયોગઃ એમ પાંચ પ્રકારનો થાય.

---

૮૦. દ્વા. દ્વા. :– ૨૩ મી શ્લોક–૨૪. સટીક.

૮૧. વિં. વિં. :– ૧૭–૪ થી ૭.

એ જ રીતે પ્રવૃત્તિ યોગ પણ સ્થાનાદિ પાંચ ભેદથી પાંચ પ્રકારને। થાય. એ જ રીતે સ્થૈર્યયોગ અને સિદ્ધિયોગ પણ સ્થાનાદિભેદથી પાંચ પાંચ પ્રકારને। થાય. આમ સદનુષ્ઠાનના ૨૦ ભેદ થયા.

આ શ્લોકમાં ઇચ્છા વિગેરેનું સ્વરૂપ બતાવે છે.

**ઇચ્છાયમ** : (ઇચ્છાયોગ) પૂર્વોક્ત સ્થાનાદિયોગ યુક્ત મહાત્માઓની કથા સાંભળતા હર્ષ ઉત્પન્ન થાય. એ હર્ષથી યુક્ત જે ઇચ્છા તે ઇચ્છાયોગ છે.

વળી આ ઇચ્છા, વિધિ કરનાર ઉપરના બહુમાનભાવ પૂર્વક પોતાના ઉલ્લાસથી, થોડા પણ અભ્યાસદશાના વિચિત્ર શુભ પરિણામને ધારણ કરતી હોય.

અહીં દ્રવ્યક્ષેત્રાદિ સામગ્રીની પરિપૂર્ણતા ન હોવા છતાં શાસ્ત્રવિહિત ક્રિયાને ચુસ્ત રીતે કરવાની ઇચ્છાપૂર્વક, યથાશક્તિ સ્થાનાદિ યોગો આચરવામાં આવે છે માટે તે સ્થાનાદિ પાંચે ય ઇચ્છાયોગ રૂપ કહેવાય.

**પ્રવૃત્તિ યમ (પ્રવૃત્તિ યોગ)** :—સઘળી અવસ્થામાં ઉપશમપ્રધાન બનીને શાસ્ત્રવિધિ મુજબ સ્થાનાદિ યોગોનું પાલન કરવું, ઉલ્લાસના અતિશયને લીધે સઘળા અંગોને મેળવીને કરાતા જે સ્થાનાદિ તે પ્રવૃત્તિયમ કહેવાય.[૮૨]

**[૨૯૬] सत्क्षयोपशमोत्कर्षा—दतिचारादिचिन्तया ।**
**रहितं तु स्थिरं, सिद्धिः परेषामर्थसाधकम् ॥३२॥**

૮૨. (૧) દ્વા, દ્વા.:–૧૯–૨૬ થી ૨૮. (૨) યોગવિંશિકા શ્લો ૫,૬. સટીક.

**૩. સ્થૈર્યયમ** :–સ્થાનાદિ જ્યારે પ્રવૃત્તિયમ રૂપ હોય છે ત્યારે તે અતિચાર સહિત હોવાથી બાધકચિન્તા સહિત હોય છે પણ જ્યારે તેમાં ખૂબ સારો અભ્યાસ થઈ જાય છે ત્યારે અતિચાર દોષ લાગવાની ચિન્તા રહેતી નથી એટલે તેવી બાધક ચિન્તાથી મુક્ત બની જતા તે જ સ્થાનાદિ સ્થૈર્યયમ કહેવાય છે.

**૪. સિદ્ધિ યમ**:–પોતાના અંતરમાં ઉપશમ આદિના ફળને ઉત્પન્ન કરતાં તે સઘળા સ્થાનાદિ, પોતાના સાન્નિધ્યમાં આવતાં, યોગશુદ્ધિ વિનાના આત્માઓમાં પણ પોતે સિદ્ધ કરેલા ઉપશમ સદૃશ ફળને ઉત્પન્ન કરી દે છે, ત્યારે તે સ્થાનાદિને સિદ્ધિયમ કહેવાય છે.

(આ જ કારણથી જેમ અઠંગ સત્યવાદી પાસે અસત્ય પ્રિય માણસ પણ અસત્ય બોલી શકતો નથી તેમ પૂર્વોક્ત અહિંસા ભાવયુક્ત યોગી પાસે, હિંસા કરવાના સ્વભાવવાળા નિત્યવૈરી જીવો પણ ત્યાં અહિંસા ભાવયુકત બનીને શાન્ત બેસી જાય છે.)

**[૨૧૭] भेदा इमे विचित्राः स्युः, क्षयोपशमभेदतः ।**
**श्रद्धाप्रीत्यादियोगेन, भव्यानां मार्गगामिनाम् ॥२१॥**

**ઇચ્છાયોગની સંખ્યા** : ઇચ્છાદિ ૪ ય યોગ જુદા જુદા છે પણ સ્વસ્વસ્થાને તેમના (પ્રત્યેકના) અસંખ્ય ભેદો પડે છે.

સ્થાનાદિયોગ ઉપરની શ્રદ્ધા (આ આમ જ છે.) સ્થા-

નાદિયોગની પ્રીતિ (તેના આચરનાર ઉપર હર્ષાતિરેક) તથા ધૃતિ ધારણા વિગેરેના યોગથી તે તે જીવોને તેવો તેવો ક્ષયોપશમ પ્રાપ્ત થાય છે અને તે ક્ષયોપશમથી તેવો તેવો ઈચ્છાદિયોગ પ્રાપ્ત થાય છે. મન્દશ્રદ્ધા વિગેરે હોય તો મન્દક્ષયોપશમ પ્રાપ્ત થાય અને તેથી મન્દકોટિનો ઈચ્છાદિયોગ પ્રાપ્ત થાય, મધ્યમ શ્રદ્ધાદિવાળાને મધ્યમકોટિનો અને ઉત્કૃષ્ટશ્રદ્ધાદિ વાળાને ઉત્કૃષ્ટ કોટિનો ઈચ્છાદિયોગ પ્રાપ્ત થાય. આ શ્રદ્ધાદિના મન્દતાદિ પણ અસંખ્ય પ્રકારના હોય છે માટે તેનાથી થતા ક્ષયોપશમ પણ અસંખ્ય પ્રકારના જ થાય. અને તેથી તે ક્ષયોપશમથી પ્રાપ્ત થતા ઈચ્છાદિયોગો પણ અસંખ્ય પ્રકારના જ થાય.

ટૂંકમાં અસંખ્ય શ્રદ્ધાદિયોગો છે, માટે અસંખ્ય ક્ષયોપશમ છે, માટે જ અસંખ્ય ઈચ્છાદિયોગો છે.

આ રીતે ઈચ્છાદિયોગને પ્રાપ્ત કરીને જે જીવો માર્ગમાં પ્રવર્ત્યા છે તેમને સૂક્ષ્મ બોધનો અભાવ હોય તો પણ તેમની માર્ગાનુસારિતાને કોઈ બાધ પહોંચતો નથી.

[૨૧૮] अनुकम्पा च निर्वेदः, संवेगः प्रशमस्तथा ।
एतेषामनुभावाः स्यु–रिच्छादीनां यथाक्रमम् ॥३४॥

**ઈચ્છાદિ ૪ યોગના અનુભાવો (કાર્યો)**

ઈચ્છાદિ યોગથી અનુક્રમે અનુકમ્પા[૧], નિર્વેદ[૨], સંવેગ[૩] અને પ્રશમ[૪] ઉત્પન્ન થાય છે.

(૧) અનુકમ્પા :–દ્રવ્યથી, ભાવથી યથાશક્તિ દુઃખિત–દુઃખ પ્રહાણેચ્છા.

૮૩. યોગવિંશિકા. શ્લો. ૭ માની ટીકા.

(૨) નિર્વેદ :–સંસારની નિર્ગુણતાના જ્ઞાનથી ઉત્પન્ન થતી સંસાર વિરક્તતા.

(૩) સંવેગ :–મોક્ષાભિલાષ.

(૪) પ્રશમ :–તૃષ્ણાનો ઉપશમ.

પ્રશ્ન–આ અનુકમ્પાદિ તો સમ્યકત્વના પાંચ કાર્યોમાંના આસ્તિકય સિવાયના ચાર કાર્યો છે. એમને જ વળી ઇચ્છાદિ યોગના કાર્યો કહ્યા ?

ઉ. હા, તેવા યોગાનુભાવથી ઇચ્છાદિયોગોના પણ તે જ કાર્યો બને છે. એટલું ખરું કે ઇચ્છાદિયોગના કાર્યરૂપ અનુકમ્પાદિભાવોમાં અને સમ્યકત્વના ફળરૂપ અનુકમ્પાદિભાવોમાં તારતમ્ય તો હોય જ. વસ્તુતઃ તો કેવળ સમ્યકત્વની પ્રાપ્તિ થતાં પણ તેના કાર્યરૂપ અનુકમ્પાદિભાવો ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે તે જીવ ઇચ્છાદિયોગમાં પ્રવૃત્ત થાય. અર્થાત્ સમ્યકત્વની પ્રાપ્તિ અને ઇચ્છાદિયોગમાં પ્રવૃત્તિ એ બે ય કારણો મળે પછી જ અનુકમ્પાદિ કાર્યની સિદ્ધિ થાય. આમ હવે સમ્યકત્વ અને ઇચ્છાદિયોગ; એ બેયના કાર્ય તરીકે અનુકમ્પાદિને માનવાથી કોઈ આપત્તિ રહેતી નથી.

પ્રશ્ન–જો આ રીતે અનુકમ્પાદિના બે હેતુ હોય તો માર્ગાનુસારી જીવોને એક હેતુરૂપ સમ્યકત્વ વિના માત્ર ઇચ્છાદિયોગથી અનુકમ્પાદિ પ્રાપ્ત થાય છે તો ત્યાં દોષ આવશે ને ?

ઉ.–અમે આ દોષ ટાળવા એમ કહીશું કે આસ્તિકય

વિનાના અનુકમ્પાદિ કાર્યો પ્રતિ સમ્યકત્વ વિનાના ઇચ્છાદિયોગો કારણ છે અને આસ્તિકય સહિતના અનુકમ્પાદિ કાર્યો પ્રતિ સમ્યકત્વસહિત ઇચ્છાદિયોગો કારણ છે. સમ્યગ્દૃષ્ટિ આત્માને સમ્યકત્વના પાંચ કાર્ય લિંગોનો લાભ (પ્રાપ્તિ) પશ્ચાનુપૂર્વીએ કહ્યો છે એટલે શમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા અને આસ્તિકયમાં સર્વ પ્રથમ તો સમ્યકત્વીને આસ્તિકય જ પ્રાપ્ત થાય છે. જો આસ્તિકય વિના અનુકમ્પાદિ ભાવો પ્રાપ્ત થાય તો તેવું સમ્યકત્વીને ન જ સંભવે. ત્યાં કેવળ ઇચ્છાદિયોગથી માર્ગાનુસારી જીવને જ તે અનુકમ્પાદિ ભાવો પ્રાપ્ત થયા છે એમ જ કહેવું જોઈએ.

આમ અનુકમ્પાદિ કાર્યો સમ્યકત્વીના અને માર્ગાનુસારીના જુદા જુદા પડી જાય છે માટે કોઇ દોષ રહેતો નથી.[૮૪]

[૨૯૯] कायोत्सर्गादिसूत्राणां, श्रद्धामेधादिभावतः ।
इच्छादियोगे, साफल्यं, देशसर्वव्रतस्पृशाम् ॥३५॥

દેશવિરત કે સર્વવિરત આત્માઓના ઇચ્છાદિયોગમાં સફળતા ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે કાયોત્સર્ગાદિસૂત્રોમાં તેમને શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા વિગેરે ભાવો હોય છે.

કહેવાનો ભાવ એ છે કે શ્રદ્ધાદિ ભાવો મન્દતીવ્રભાવ–વાળા અનેકધા હોય છે. જે અનુષ્ઠાનકર્મમાં, અનુષ્ઠાન ઉપર આદર–પ્રીતિ વિગેરે જણાય તે અનુષ્ઠાન કરનારના અંતરમાં શ્રદ્ધાદિભાવો છે એમ જરૂર કહી શકાય. અર્થાત્ અનુષ્ઠાન

૮૪. (૧) વિં. વિં. :—૧૯–૮.
(૨) યોગવિંશિકા :—શ્લોક ૮માની ઉપા. જીની ટીકા.

ઉપરનો ભારે આદરભાવ વિગેરે અંતરના શ્રદ્ધાદિભાવોને જણાવનાર છે. જેના અંતરમાં અશ્રદ્ધાદિ ભાવો છે તેને બાહ્યતઃ અનુષ્ઠાન પ્રત્યે આદરાદિ જોવા મળશે જ નહિ, એટલે જો ચલચિત્તતાદિ કારણોને લીધે સ્થાનાદિ યોગોમાં ઉપયોગ ન પણ રહે છતાં જો તેના પ્રત્યેનો આદરાદિભાવ સ્પષ્ટ દેખાતો હોય તો તે આત્મામાં અનુષ્ઠાનો પ્રત્યે શ્રદ્ધાદિ–ભાવો છે એમ જરૂર કહી શકાય. અને જ્યાં એ શ્રદ્ધાદિ-ભાવો છે ત્યાં દેશવિરત્યાદિના તે અનુષ્ઠાનોના ઇચ્છાદિયોગ સફળ બને છે.[૮૫]

[૩૦૦] गुडखण्डादिमाधुर्य–भेदवत्पुरुषान्तरे ।
भेदेऽपीच्छादिभावानां दोषो नार्थान्वियादिह ॥३६॥

પ્રશ્ન–અત્યન્ત મન્દ કોટિના ઇચ્છાદિયોગ જ્યાં હોય ત્યાં પણ તે આત્મા ઇચ્છાદિયોગવાળો કહી શકાય?

ઉત્તર–હા, ગોળ સાકર વિગેરેની મધુરતામાં ભેદ હોવા છતાં તે બધાયમાં જેમ મધુરતા તો છે જ તેવી જ રીતે ભિન્ન ભિન્ન પુરૂષોમાં ઇચ્છાદિયોગ પણ ભિન્ન ભિન્ન હોવા છતાં તેમનામાં બધાયમાં યોગ તો છે જ. (ભલે પછી તે અત્યન્ત અલ્પ પણ હોય) કહેવાનો આશય એ છે કે સાકર ખાંડ, ગોળ, રસ અને શેરડી એ પાંચ તુલ્ય શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા અને અનુપ્રેક્ષા એ પાંચ ભાવો અનુક્રમે છે. હવે આ શ્રદ્ધાદિભાવો એવો આંતર પરિણામ છે કે જે, અનુષ્ઠાન પ્રત્યેના આદરાદિ બાહ્ય લિંગોથી વ્યક્ત થાય છે. કોઈ આત્માને

૮૫. अरिहंतचेइयाणं...सद्धाए, मेहाए ઇત્યાદિ.

શ્રદ્ધાદિ અને આદરાદિ પ્રકૃષ્ટ હોય તો કોઈને વળી અત્યન્ત મન્દ પણ હોય. એટલે ગોળ ખાંડ વિગેરેની મધુરતા જેમ ઓછી વત્તી હોય તેમ શ્રદ્ધાદિભાવો પણ ઓછાવત્તા હોઈ શકે છે. છતાં જેમ ગોળ ખાંડ વિગેરેમાં બધે ય મધુરતા તો છે જ, મધુરતાનો સંપૂર્ણ ઇન્કાર તો તેમાં કયાં ય ન થઈ શકે, તેમ શ્રદ્ધાદિની અલ્પતાથી પ્રાપ્ત થયેલ અલ્પ પણ ઇચ્છાદિયોગ કોઈ અન્ય પુરૂષમાં હોય તો ત્યાં ઇચ્છાદિયોગનો સર્વથા અભાવ તો ન જ કહેવાય.

ટૂંકમાં, ઇચ્છાદિયોગની અલ્પતા કે અધિકતા ભિન્ન ભિન્ન સ્થાનોમાં હોવા છતાં ઇચ્છાદિયોગ તો બધે છે એમ જ કહેવું જોઈએ કેમકે બધે ય યોગનો સંબંધ તો છે જ. એટલે અલ્પતમ શ્રદ્ધાદિજનિત ઇચ્છાદિયોગ જ્યાં હોય ત્યાં ઇચ્છાદિયોગ પણ અલ્પતમ હોવા છતાં કોઈ દોષ આવી શકતો નથી.[૮૬]

[૩૦૧] येषां नेच्छादिलेशोऽपि, तेषां त्वेतत्समर्पणे ।
स्फुटो महामृषावाद इत्याचार्याः प्रचक्षते ॥३७॥

હા, જેનામાં સ્થાનાદિ સ્વરૂપ ઇચ્છાદિયોગનો લેશ પણ સંભવ ન હોય તે સંમૂર્ચ્છિમ જીવ જેવી કાયચેષ્ટા કરનારાઓને તો આ કાયોત્સર્ગાદિ અનુષ્ઠાન આપવું એ મહામૃષાવાદ બની જાય છે. એનું કારણ એ છે કે 'झाणेणं मोणेणं इत्यादि પ્રતિજ્ઞાપાઠપૂર્વક કરેલા કાયોત્સર્ગાદિનાં સ્થાનાદિયોગનો તે આત્મા ભંગ કરે છે. પ્રતિજ્ઞાનો ભંગ કરવો એ મહામૃષાવાદ

૮૬. લલિત વિસ્તરા પંજિકાયુતા. પૃ. ૩૮અ

જ કહેવાય ને ? વળી જેઓ સ્થાનાદિ શુદ્ધ અનુષ્ઠાન પણ કરે કિન્તુ તેની પાછળ આલોકાદિના યશ વિગેરેની ઇચ્છા રાખે તેમને પણ, મોક્ષની ઇચ્છાથી જ કરવાની પ્રતિજ્ઞાપૂર્વકના આ અનુષ્ઠાનો વિપરીત પ્રયોજનવાળા બની જઈને વિષાદ્યનુષ્ઠાન બનતાં મહામૃષાવાદનો અનુબંધ કરે છે માટે પણ મહામૃષાવાદરૂપ છે. એમ ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજા કહે છે. ૮૭

[૩૦૨] उन्मार्गोत्थापनं बाढ–मसमञ्जसकारणे ।
भावनीयमिदं तत्त्वं जानानैर्योगविंशिकाम् ॥३८॥

ઇચ્છાદિયોગના લેશ પણ સદ્ભાવ વિનાના અભવ્યાદિ જીવોને ઢંગધડા વિનાની (આદરાદિભાવરહિત) કાયોત્સર્ગાદિ ક્રિયા કરાવવાથી તો ઉન્માર્ગ (અશુદ્ધક્રિયારૂપ)ને જાગૃત કરવાનું બને છે. એ રીતે તો સૂત્ર અને ક્રિયાનો નાશ થઈ જાય છે. યોગવિંશિકાને જાણતા મહાત્માઓએ આ વાત ખૂબ સારી રીતે અંતરમાં ભાવિત કરવી.૮૮

[૩૦૩] त्रिधा तत्सदनुष्ठान–मादेयं शुद्धचेतसा ।
ज्ञात्वा समयसद्भावं लोकसंज्ञां विहाय च ॥३९॥

સિદ્ધાન્તનો ઐદમ્પર્યાર્થ જાણીને, લોકસંજ્ઞાને વેગળી મૂકીને શુદ્ધચિત્તવાળા મહાત્માએ મન, વચન અને કાયાથી, તે સદનુષ્ઠાનનો ખૂબ આદર કરવો.

---

૮૭. (૧) લલિત વિસ્તરા પૃ. ૮૨
(૨) યોગવિંશિકા શ્લોક ૧૨માની ઉપા. જી ટીકા.
૮૮. વિં. વિં. :–૧૯–૧૪.

# મન:શુદ્ધિ

## ૧૧

તમારે સફળ સદાચાર સેવવો છે? તો પ્રથમ ચિત્તની ભૂમિકાને સાફ કરો...

શરીરમાં પુષ્ટિ મેળવવા રસાયન લેવું હોય તો પ્રથમ આંતરડાં સાફ કરવામાં આવે છે ને?

સાચે જ, પજવે છે મનના તરંગો, જીવનને! બહારના કોઈ તત્વમાં નથી તો રીઝવવાની તાકાત, નથી તો રીસાવવાની તાકાત!

તમે તમારામાં જ સમાઈ જાઓ. બહાર દોડતા મનને પાછું બોલાવી લો. પહેલા તો શુભ વિકલ્પો સેવીને અશુભ-વિકલ્પોનો નાશ કરો. પણ યાદ રાખો કે વિચાર માત્ર વિકાર છે એટલે પછી એ શુભ વિચારોથી પણ નિવૃત્ત થાઓ.

પછી નિર્વિકલ્પકદશાના આનંદઘનનો રસ લૂટે જ રાખજો. એ રસરાજની મસ્તી જગતના જીવોની પણ સુસ્તી ઉડાડી દેશે અને તમને...

અનંતની દેન કરશે.

# 卐 મનઃશુદ્ધિ 卐

[૩૦૪] उचितमाचरणं शुभमिच्छतां,
प्रथमतो मनसः खलु शोधनम् ।
गदवतां ह्यकृते मलशोधने,
कमुपयोगमुपैतु रसायनम् ॥१॥

મુમુક્ષુને ઉચિત અને શુભ આચારની ઈચ્છા તો હોય જ. તે માટે તેણે સર્વ પ્રથમ તો ચિત્તની શુદ્ધિ કરવી જોઈએ.

મળ શુદ્ધિ કર્યા વિના, રોગી માણસને કયું રસાયન હિતકર બની શકે?

[૩૦૫] परजने प्रसभं किमु रज्यति,
द्विषति वा स्वमनो यदि निर्मलम् ।
विरहिणामरतेर्जगतो रते–
रपि च का विकृतिर्विमले विधौ ॥२॥

એક માણુસ અત્યન્ત રાગ કરે અને બીજો રોષ કરે પણ જો પોતાનું મન નિર્મળ હોય તો મનમાં હર્ષનો કે શોકનો કોઇ વિકાર જન્મી શકતો નથી.

વિરહી જનની અરતિથી કે જગતના (અવિરહી) જીવોની રતિથી ચન્દ્રના બિમ્બની અંદર કોઇ જ વિકૃતિ આવી જતી નથી.

[૩૦૬] रुचितमाकलयन्ननुपस्थितं,
स्वमनसैव हि शोचति मानवः ।
उपनते स्मयमानमुखः पुनर्—,
भवति तत्र परस्य किमुच्यताम् ॥३॥

એક વસ્તુ પોતાને રૂચિકર છે એવું પોતે જ પોતાના મનમાં ધારી લેતો જીવ જ્યારે તે વસ્તુ પોતાની પાસે ઉપસ્થિત નથી થતી ત્યારે શોક કરવા લાગે છે અને જો તે વસ્તુ પાસે આવી ગઈ તો વળી મલકતા મુખવાળો બની જાય છે. હવે આવી સ્થિતિઓ સર્જવામાં મન જ કારણ છે ને?

કહો જોઉં, આ શોકમાં (મન સિવાય) બીજું કોણ નિમિત્ત બને છે?

[૩૦૭] चरणयोगघटान्प्रविलोठयन्,
शमरसं सकलं विकिरत्यधः ।
चपल एष मनःकपिरुच्चकैः,
रसवणिग् विदधातु मुनिस्तु किम् ॥४॥

રસનો વેપારી વણિગ્ મુનિ બિચારો શું કરે?

ચારિત્ર્ય યોગરૂપી એના ઘડાઓને ઉંધા પાડી દઈને એમાં ભરેલો બધોય શમરસ ચંચળ પેલો મન મર્કટ ધરતી ઉપર એકદમ ઢોળી નાંખે છે!

[૩૦૮] सततकुट्टितसंयमभूतलो—
त्थितरजोनिकरैः प्रथयन्स्तमः ।

अतिदृढैश्च मनस्तुरगो गुणै–
रपि, नियन्त्रित एष न तिष्ठति ॥५॥

આ મન ઘોડાની તે શી વાત કરવી ?

એકધારો શ્રમ કરીને કૂટી કૂટીને પત્થર જેવી બનાવી દીધી સંયમરૂપી ધરતીને મુમુક્ષુ મહાત્માએ !

પણ....પુરપાટ દોડ્યા જતા આ ઘોડાએ પોતાની એડીના એકધારા આઘાતો કરીને, એ ધરતીની દબાએલી–ટીપાએલી ધૂળ ઉડાડી. ચોમેર ધૂળના ગોટે ગોટા ઉડ્યા. અને સર્વત્ર અંધકાર છાઈ ગયો !

પછી તો, એની ઉપર સ્વાર થયેલા મુમુક્ષુએ એને કાબુમાં લેવા માટે ગુણોની અતિ મજબૂત લગામ વડે ઘણી મથામણ કરી પણ અફસોસ ! બધું નિષ્ફળ ગયું !

[૩૦૯] जिनवचोघनसारमलिम्लुचः,
कुसुमसायकपावकदीपकः ।
अहह कोऽपि मनःपवनो बली,
शुभमतिद्रुमसन्ततिभङ्गकृत् ॥६॥

આ મન પવન તો કોઈ અપૂર્વ તાકાત ધરાવતો લાગે છે !

જિન વચનરૂપી કર્પૂરને તો બગલમાં મારીને ક્યાંય ઉઠાવી જાય છે !

કામાગ્નિને તો ભડકે બાળે છે !

સુમતિના વૃક્ષોની વાડીઓનો તો ભાંગીને ભુક્કો જ બોલાવી દે છે!

[३१०] चरणगोपुरभङ्गपरः स्फुरत्
समयबोधतरूनपि पातयन् ॥
भ्रमति यद्यतिमत्तमनोगजः,
क्व कुशलं शिवराजपथे तदा ॥७॥

મુનિવરને લોકો પૂછે છે કે, 'મોક્ષ નગરના રાજમાર્ગે તમને કુશળતા છે ને?' પણ કુશળતાની તો શી વાત કરવી? આ મનરૂપી ગજરાજ હવે ગાંડોતૂર બન્યો છે.

રે! ચારિત્ર્યરૂપી કિલ્લાના દરવાજા તોડી નાંખવા એ કટિબદ્ધ બન્યો છે! શાસ્ત્ર બોધરૂપી વૃક્ષોને જડમૂળથી ઉખેડી દઈને ધરતી ઉપર ઢાળી રહ્યો છે!

[३११] व्रततरून् प्रगुणीकुरूते जनो,
दहति दुष्टमनोदहनः पुनः ।
ननु परिश्रम एष विशेषवान् ,
क्व भविता सुगुणोपवनोदयः ॥८॥

એક બાજુ મુનિરાજ, વ્રત વૃક્ષોને સીંચીને વિશાળ બનાવતા જાય છે, ત્યારે બીજી બાજુ દુષ્ટ એવો મનરૂપી અગ્નિ એમને બાળીને ખાખ કરતો જાય છે. પછી સદ્‌ગુણ ઉપવનનો વિકાસ ક્યાંથી થાય?

[૩૧૨] अनिगृहीतमना विदधत्परां,
न वपुषा वचसा च शुभक्रियाम् ।
गुणमुपैति विराधनयाऽनया,
बत दुरन्तभवभ्रममञ्चति ॥९॥

જે મુમુક્ષુ પોતાના મનનો નિગ્રહ કરતો નથી તે ગમે તેટલી ક્રિયાઓ–વાણીથી કે કાયાથી–ભલેને કરતો રહે તો પણ તેને કોઈ લાભ તો ન જ થાય પરન્તુ, 'મનનો નિગ્રહ ન કરવા' સ્વરૂપ વિરાધના કરવાથી એને વિરાટ આ ભવ–રાનમાં ભટકયા જ કરવું પડે. ૮૯

[૩૧૩] अनिगृहीतमनाः कुविकल्पतो,
नरकमृच्छति तन्दुलमत्स्यवत् ।
इयमभक्षणजा तदजीर्णताऽ,—
नुपनतार्थविकल्पकदर्थना ॥१०॥

મનનો નિગ્રહ ન કરતો મુમુક્ષુ તન્દુલીયા મત્સ્યની જેમ કુવિકલ્પો કરવાના પાપે નરકના ઘોર દુઃખોને પામે છે.

માત્ર મનથી જ તે વિષયોને વિચાર્યા! કાયાથી ભોગવી તો ન જ શકયો! છતાં આ કેવો ઉલ્કાપાત મચી જાય છે!

આ તો વગર ખાધાનું અજીર્ણ થયું કહેવાય!

---

૮૯. યોગશાસ્ત્ર: ૪–૩૪, ૪૩.

[૩૧૪] मनसि लोलतरे विपरीततां,
वचननेत्रकरेङ्गितगोपना ।
व्रजति धूर्ततया ह्यनयाऽखिलं,
निविडदम्भपरैर्मुषितं जगत् ॥११॥

જ્યારે મન વધુ ચંચળ (અસ્થિર) બને છે ત્યારે એ આત્મા વાણીમાં જે ગુપ્તિ રાખે છે, નેત્રમાં જે નિર્વિકારિતા જાળવે છે અને હાથની ચેષ્ટામાં પણ જે યતના જાળવે છે, તે બધુંય તેને તો સદ્‌ગતિનું ફળ આપવાને બદલે દુર્ગતિના ફળ ચખાડવા દ્વારા ઊંધુ જ પડે છે.

અહો! આમ પોતાનો આત્મા તો ઠગાયો પણ આ ધૂર્તતાથી તો આ ભયંકર દાંભિકોએ આખા જગતને ય ઠગ્યું! [૯૦]

[૩૧૫] मनस एव ततः परिशोधनं,
नियमतो विदधीत महामतिः ।
इदमभेषजसंवननं मुनेः,
परपुमर्थरतस्य शिवश्रियः ॥१२॥

તેથી મહામતિવાળા મુમુક્ષુએ નિયમતઃ મનનું જ શોધન કરવું જોઇએ. પ્રકૃષ્ટ એવા મોક્ષ પુરુષાર્થમાં તત્પર બનેલા મુનિને માટે તો આ મનઃશોધન, શિવ-સુન્દરીને વશ કરવા માટેનું ઔષધિ વિનાનું વશીકરણ છે. [૯૧]

---

૯૦. ભગવદ્‌ગીતા ૩-૬.

૯૧. યોગશાસ્ત્ર ૧-૫.

[૩૧૬] प्रवचनाब्जविलासरविप्रभा,
प्रशमनीरतरङ्गतरङ्गिणी ।
हृदयशुद्धिरुदीर्णमदज्वर—
प्रसरनाशविधौ परमौषधम् ॥१३॥

આ ચિત્ત શુદ્ધિની તો શી વાત કરવી ?
એ છે, પ્રવચન–કમલ ઉપર વિકાસ કરતી સૂર્યની પ્રભા !
એ છે, પ્રશમ–નીરના તરંગોની સરિતા !

એ છે, અત્યન્ત ત્રાસદાયી મદ- મહાજ્વરનો નાશ કરતી રામબાણ ઔષધિ !

[૩૧૭] अनुभवामृतकुण्डमनुत्तर,—
व्रतमरालविलासपयोजिनी ।
सकलकर्मकलङ्कविनाशिनी,
मनस एव हि शुद्धिरुदाहृता ॥१४॥

ચિત્ત શુદ્ધિને તો મહાપુરૂષોએ કેવી રીતે બીરદાવી છે ?
એને અનુભવ અમૃતનો કુણ્ડ કહ્યો;
મહાવ્રતોરૂપી હંસલાને વિલાસ કરવા માટેનું સરોવર કહ્યું;
સર્વ કલંકની વિનાશિકા કહી !

[૩૧૮] प्रथमतो व्यवहारनयस्थितोऽ,—
शुभविकल्पनिवृत्तिपरो भवेत् ।
शुभविकल्पमयव्रतसेवया,
हरति कण्टक एव हि कण्टकम् ॥१५॥

**ચિત્ત શુદ્ધિનો ઉપાય :–**

હવે, જેને ચિત્ત શુદ્ધિ કરવી હોય તેણે સર્વ પ્રથમ તો વ્યવહાર નયના માર્ગે રહીને શુભ વિકલ્પમય વ્રતોની ઉપાસના દ્વારા જ અશુભ વિકલ્પોને ટાળવા માટે તત્પર બનવું જોઇએ.

કાંટાને તો કાંટો જ કાઢે ને ?

[૩૧૯] विषमधीत्य पदानि शनैं शनैं–
हरति मंत्रपदावधि मान्त्रिकः ।
भवति देशनिवृत्तिरपि स्फुटा,
गुणकरी प्रथमं मनसस्तथा ॥१६॥

મન્ત્ર પદોનો પાઠ કરતો માન્ત્રિક જેમ ધીરે ધીરે વિષને, મન્ત્રના પદે (શરીરનાં ડંખ લાગેલા સ્થાને) લાવીને મૂકી દે છે. તે વખતે ભલે તે ડંખ લાગેલા સ્થાને હજી વિષ તો છે જ, પણ બાકીના આખા શરીરમાંથી તો તે વિષની નિવૃત્તિ થઈ જ છે. આટલી વિષ નિવૃત્તિ પણ જેમ ગુણ કરનારી છે, તે જ રીતે શુભ વિકલ્પના સેવન દ્વારા મનના અશુભ વિકલ્પોને દૂર કરવા રૂપ અશુભ વિકલ્પ નિવૃત્તિ પણ ગુણ કરનારી બને છે. ભલે હજી શુભ વિકલ્પની નિવૃત્તિ નથી થઇ. [૯૨]

૯૨. (૧) શાસ્ત્રવાર્તા સમુચ્ચય–સ્યાદ્વાદ કલ્પલતા ટીકામાં પૃ. ૩૩૭.

(૨) હારિભદ્રી આવશ્યક–૪ થું પ્રતિ. ધ્યાન શતક શ્લોક. ૭૧.

[३२०] च्युतमसद्विषयव्यवसायतो,
लगति यत्र मनोऽधिकसौष्ठवात् ।
प्रतिकृतिः पदमात्मवदेव वा,
तदवलम्बनमत्र शुभं मतम् ॥१७॥

અશુભ વિષયના વ્યાપારોથી ખસી ગએલું મન ખૂબ સારી રીતે જ્યાં લાગે–પછી તે પરમાત્માની પ્રતિમા હોય કે પછી આત્મ સમ્બદ્ધ પદ (તાત્પર્ય, શ્રુત સાગરગત કોઇ પદ) જ હોય (અથવા સુંદર–શુદ્ધ–આત્મસંબંધી કોઇ પદ હોય) તે અવલમ્બન શુભ કહેવાય છે. અહીં ઉપલક્ષણથી પિણ્ડસ્થ વિગેરે ધ્યાનના અવલમ્બનો પણ સમજી લેવા.[૯૩]

[३२१] तदनु काचन निश्चयकल्पना,
विगलितव्यवहारपदावधिः ।
न किमपीति विवेचनसन्मुखी,
भवति सर्वनिवृत्तिसमाधये ॥१८॥

આ રીતે અશુભ વિકલ્પોને, શુભ વિકલ્પોથી દૂર કર્યા, પણ હજી શુભ વિકલ્પવાળો એ વ્યવહાર તો જીવનમાં ઊભો જ હતો. એટલે ત્યાર પછી તે વ્યવહાર માર્ગના સ્થાનોની મર્યાદાને ઉલ્લંઘી જતી અપૂર્વ કોટિની નિશ્ચય દશાની કલ્પના ઉત્પન્ન થાય છે. અહીં હવે શુભ વિકલ્પ પણ રહેતા નથી. એ નિશ્ચય કલ્પના આત્માના વિવેચનની સન્મુખ બને છે. આ કલ્પના, સર્વ નિવૃત્તિથી પ્રાપ્ય સમાધિને મેળવી આપનારી બને છે.

૯૩. યોગશાસ્ત્ર ૭–૮, ૮–૭૮, ૧૦–૧૦,૧.

[૩૨૨] इह हि सर्वबहिर्विषयच्युतं,
हृदयमात्मनि केवलमागतम् ।
चरणदर्शनबोधपरम्परा–
परिचितं प्रसरत्यविकल्पकम् ॥१९॥

આ વખતે સઘળા બાહ્ય વિષયોથી મુક્ત થએલું, કેવળ આત્મામાં સ્થિર થયેલું, દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યના પર્યાયોની પરંપરાથી વાસિત થએલું એવું અશુભ અને શુભઃ બેય પ્રકારના વિકલ્પો વિનાનું (નિર્વિકલ્પક) મન (હૃદય) તૈયાર થાય છે.

[૩૨૩] तदिदमन्यदुपैत्यधुनापि नो,
नियतदत्तु विलास्यपि निश्चयात् ।
क्षणमसङ्गमुदीतनिसर्गधी,–
हृतबहिर्ग्रहमन्तरुदाहृतम् ॥२०॥

આ રીતે એક વાર પણ વિશટ સ્વરૂપ આત્મામાં મન જ્યારે વિલાસી બની જાય છે પછી તે મન (અન્તર) અન્ય બાહ્ય પદાર્થની પાસે જતું જ નથી.

આવું મન વારંવાર અન્તમુહૂર્ત્ત સુધી અસઙ્ગ દશાને પામતું હોય છે અને સ્વભાવ રમણતાની બુદ્ધિનો ઉદય થઈ જવાથી બાહ્ય પદાર્થના જ્ઞાન વિનાનું બની જાય છે એમ મહાપુરૂષોએ કહ્યું છે.

[૩૨૪] कृतकषायजयः सगभीरिम,
प्रकृतिशान्तमुदात्तमुदारधीः ।

समनुगृह्य मनोऽनुभवन्त्यहो,
गलितमोहतमः परमं महः ॥२१॥

જે મહાત્માએ કષાયો ઉપર વિજય મેળવ્યો છે અને જેઓ ઉદાર બુદ્ધિવાળા છે તેઓ મનનો નિગ્રહ કરી લઈને (૧) ગાંભીર્ય પરિપૂર્ણ, (૨) કષાયોથી કદી બાધા ન પામતી એવી સ્વભાવથી જ શાન્ત, (૩) અતિશય ઉદાત્ત અને (૪) મોહાન્ધકારથી મુક્ત એવી, પરમ જ્યોતિનો અનુભવ કરે છે.[૯૪]

[૩૨૫] गलितदुष्टविकल्पपरम्परं,
धृतविशुद्धि मनो भवतीदृशम् ।
धृतिमुपेत्य ततश्च महामतिः,
समधिगच्छति शुभ्रयशःश्रियम् ॥२२॥

જ્યારે મન અશુભ (દુષ્ટ) વિકલ્પોની પરંપરાથી મુક્ત બને છે અને જ્યારે તે વિશુદ્ધિવાળું બને છે ત્યારે મહામતિવાળા મહાત્મા ધૃતિભાવ પ્રાપ્ત કરીને ઉજ્વળ યશ લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

૯૪. યોગશાસ્ત્ર ૮–૭૩.

# સમ્યક્ત્વ

## ૧૨

સાચી ચિત્તશુદ્ધિ, સમ્યકત્વ વિના સંભવતી નથી.

દાનાદિ ધર્મો પણ સમ્યકત્વનો સહકાર પામીને જ મુક્તિ પદને પમાડી શકે છે.

કીકી વિનાના નયનોની કલ્પના તો કરો! સમ્યકત્વ વિનાના દાનાદિ ધર્મો પણ એવા જ અર્થહીન!

સમ્યકત્વ એટલે તત્વ શ્રદ્ધાન...

તત્વ એટલે શુદ્ધ અહિંસા...

અહિંસાનું પ્રતિપાદન કદાચ બધા ધર્મોમાં મળે પણ શુદ્ધ અહિંસાનું પ્રતિપાદન તો માત્ર શ્રી જિનધર્મમાં મળે. કેમકે સ્યાદ્વાદ શૈલિ વિના આત્મા વિગેરે પદાર્થનું તાત્ત્વિક નિરૂપણ જ અશક્ય છે તો તે આત્માદિની હિંસા અહિંસાની તો વાત જ ક્યાં રહી!

શુદ્ધ અહિંસા પ્રતિપાદક 'શ્રી જિનાગમ જ પ્રમાણ' આવો અંતરનો ભાવ એ જ સમ્યકત્વ...

પછી ત્યાં શમ–સંવેગ–નિર્વેદ અને અનુકમ્પા સ્વરૂપ આભુષણો ય ગોઠવાતા જાય.

અનંતશઃ વંદન હો! સંસાર સુખથી વિરાગ જન્માવતા એ સમ્યકત્વને!

## 卐 સમ્યક્ત્વ 卐

[૩૨૬] मनःशुद्धिश्च सम्यक्त्वे, सत्येव परमार्थतः ।
तद्विना मोहगर्भा सा, प्रत्यपायानुबन्धिनी ॥१॥

નિશ્ચયનયની દૃષ્ટિએ, પૂર્વોક્ત મન શુદ્ધિ સમ્યગ્દર્શનની હાજરીમાં જ હોઈ શકે છે. તેની ગેરહાજરીમાં જે મન શુદ્ધિ જણાય છે તે તો મોહ (અજ્ઞાન) ગર્ભિત હોય છે. જેનાથી અનેક આપત્તિઓની પરંપરાનું સર્જન થાય છે.[૯૫]

[૩૨૭] सम्यक्त्वसहिता एव शुद्धा दानादिकाः क्रियाः ।
तासां मोक्षफले प्रोक्ता, यदस्य सहकारिता ॥२॥

દાનાદિ ક્રિયાઓ પણ ત્યારે જ શુદ્ધ બને જ્યારે તે સમ્યક્ત્વના પરિણામ સહિત હોય. કેમકે મોક્ષનું ફળ મેળવવામાં દાનાદિ ક્રિયાઓને સહકાર આપનાર તરીકે સમ્યક્ત્વ કહ્યું છે. માટે સમ્યક્ત્વ વિનાની દાનાદિ ક્રિયાથી તો મોક્ષ પ્રાપ્તિ થઈ શકે જ નહિ.[૯૬]

[૩૨૮] कुर्वाणोऽपि क्रियां ज्ञाति–धनभोगाँस्त्यजन्नपि ।
दुःखस्योरो ददानोऽपि, नान्धो जयति वैरिणम् ॥३॥

ભલેને સ્વજનોને ત્યાગી દે; ભલે ને સંપત્તિના ભોગ

૯૫. (૧) भिन्नग्रन्थेस्तु यत्प्रायो मोक्षे चित्तं भवे तनुः । ઇત્યાદિ.
(૨) ૧૫ મી દ્વા. દ્વા. સંપૂર્ણ.

૯૬. વિં. વિં. : ૬–૨૦

ફેંકી દે; અને ભલેને યુધ્ધે પણ ચડે; રે! સામી છાતીએ આપત્તિઓનો મુકાબલો કરવા ધસી પણ જાય; પણ તેથી કાંઈ તે યોદ્ધો શત્રુને થોડો જ જીતી જાય? જો અંધ જ હોય તો?

[૩૨૯] कुर्वन्निवृत्तिमप्येवं, कामभोगाँस्त्यजन्नपि ।
दुःखस्योरो ददानोऽपि, मिथ्यादृष्टिर्न सिद्धयति ॥४॥

એ જ રીતે એક આત્મા કામભોગોને ત્યજી પણ દે નિવૃત્તિના માર્ગે ચાલવા પણ સજ્જ બને અને સામે આવતા કષ્ટોનો મુકાબલો પણ કરે પણ તેથી કાંઈ તે આત્મા મુક્ત ન બની શકે જો મિથ્યાદૃષ્ટિ હોય તો.[૯૭]

[૩૩૦] कनीनिकेव नेत्रस्य, कुसुमस्येव सौरभम् ।
सम्यक्त्वमुच्यते सारः, सर्वेषां धर्मकर्म्मणाम् ॥५॥

નયનોમાં જે સ્થાન કીકીનું છે; પુષ્પમાં જે સ્થાન સુગંધિનું છે તેવું સ્થાન સર્વ ધર્મોમાં સમ્યકત્વનું છે.

આ કનીનિકા, સુગન્ધ અને સમ્યક્ત્વ પોતપોતાના સ્થાને પ્રાણભૂત તત્વો છે.

[૩૩૧] तत्त्वश्रद्धानमेतच्च, गदितं जिनशासने ।
सर्वे जीवा न हन्तव्याः, सूत्रे तत्त्वमितीष्यते ॥६॥

***સમ્યક્ત્વનાં ૩ લક્ષણોમાં ૧ લું લક્ષણ (બે શ્લોકથી)***

શ્રી જિનેશ્વરદેવના શાસનમાં 'તત્વનું શ્રદ્ધાન' એ

૯૭. આચારાંગ સૂત્ર ૪થું અધ્ય. ૧લો ઉદ્દેશો, નિર્યુક્તિ ગાથા ૨૨૦, ૨૨૧.

સમ્યક્ત્વ કહ્યું છે. અહીં તત્વ શું ? એના ઉત્તરમાં કહે છે કે 'સર્વ જીવો (કોઈ પણ જીવ) હણવા યોગ્ય નથી' એવું જે જ્ઞાન તેને સૂત્રમાં તત્ત્વશ્રદ્ધાન કહે છે. તે જ્ઞાન ઉપરની શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે.[૯૮]

[૩૩૨] शुद्धो धर्मोऽयमित्येत–द्धर्मरुच्यात्मकं स्थितम् ।
शुद्धानामिदमन्यासां, रुचीनामुपलक्षणम् ॥७॥

આ (પૂર્વોક્ત) અહિંસા ધર્મ એ શુદ્ધ ધર્મ છે એવી જે ધર્મરુચિ તે ધર્મરુચિ સમ્યક્ત્વ કહેવાય. (શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ધર્મરુચિ સમ્યક્ત્વનું સ્વરૂપ પ્રકારાન્તરથી જણાવ્યું છે.)

પ્રશ્ન–નિસર્ગરુચિ વગેરે બીજી ૯ પ્રકારની રુચિ પણ સમ્યક્ત્વ સ્વરૂપ છે તો માત્ર ધર્મરુચિ સમ્યક્ત્વનું જ આ લક્ષણ કેમ બનાવ્યું ?

ઉ–બાકીની નવેય પ્રકારની શુદ્ધ રુચિઓને પણ અહીં ઉપલક્ષણથી સમજી જ લેવી. એટલે દસેય પ્રકારની શુદ્ધરુચિ એ સમ્યક્ત્વનું સ્વરૂપ છે.[૯૯]

[૩૩૩] अथवेदं यथा तत्व–माज्ञयैव, तथाऽखिलम् ।
नवानामपि तत्त्वाना–मिति श्रद्धोदितार्थत: ॥८॥

**સમ્યક્ત્વનું બીજું લક્ષણ :–**

અથવા, "સર્વ જીવો હણવા ન જોઈએ. શા માટે ?

૯૮. આચારાંગ સૂત્ર. ૪ થું અધ્ય. ૧ લો ઉ. સૂ. ૧૨૬.
૯૯. ઉત્તરાધ્યયન સૂત્ર: ૨૮–૧૬.

જિનાજ્ઞા તેવી છે માટે"...એ રીતે જેમ આ અહિંસા અને અહિંસાનાં વિધેય તરીકે બનતું જીવ તત્વ–તેવી જિનાજ્ઞા છે માટે જ તે તત્વ બને છે તેમ સઘળા (નવે ય) તત્વ આજ્ઞાથી તત્વ બને છે. અને તેની ઉપરનું શ્રદ્ધાન એ સમ્યકૃત્વ કહેવાય છે એટલે હવે માત્ર, 'જીવ–તત્વનું શ્રદ્ધાન તે સમ્યકૃત્વ' એમ નહિ કિન્તુ જીવાદિ નવે ય તત્વનું શ્રદ્ધાન તે સમ્યકૃત્વ એમ અર્થથી 'સમ્યકૃત્વ'નું આ લક્ષણ ફલિત થાય છે.

[૨૩૪] इहैव प्रोच्यते शुद्धाऽ–हिंसा वा तत्त्वमित्यतः ।
सम्यक्त्वं दर्शितं सूत्र–प्रामाण्योपगमात्मकम् ॥९॥

**સમ્યકૃત્વનું ત્રીજું લક્ષણ :**

આ જિનશાસનમાં જ શુદ્ધ અહિંસાનું અવિરોધી પ્રતિપાદન કરવામાં આવ્યું છે માટે આવું શાસ્ત્ર પ્રમાણભૂત જ હોય. અર્થાત્ આ શાસ્ત્રમાં જે કાંઈ કહ્યું હોય તે પ્રમાણભૂત જ હોય. આવા પ્રકારના સૂત્રમાં પ્રામાણ્યનો જે સ્વીકાર તે જ સમ્યકૃત્વ છે. ટૂંકમાં જ્યાં શુદ્ધ અહિંસાનું પ્રતિપાદન છે ત્યાં જ (સૂત્ર) પ્રામાણ્ય છે.[૧૦૦]

[૨૩૫] शुद्धाऽहिंसोक्तितः सूत्र–प्रामाण्यं, तत एव च ।
अहिंसा शुद्धधीरेव–मन्योन्याश्रयभीर्ननु ॥१०॥

પ્રશ્ન–અહીં તો અન્યોન્યાશ્રય દોષ આવે છે. (અન્યોન્યાશ્રય દોષનું દૃષ્ટાન્ત–ચાવી ઓરડામાં રહી ગઈ અને બહાર નીકળીને તાળું દાબી દીધું...બંધ થઈ ગયું...હવે

૧૦૦. આચારાંગ સૂ. ૫મું અધ્ય. ૫મો ઉદ્દેશો ૧૬૨મું સૂત્ર.

અહીં અન્યોન્યાશ્રય આવે છે કે જો ચાવી મળે તો તાળું ખૂલે, જો તાળું ખૂલે તો ચાવી મળે...ચાવી તો અંદર રહી ગઇ છે એટલે તાળું ખૂલી શકે તેમ નથી. અને તાળું ન ખૂલે તો ચાવી નીકળી શકે તેમ નથી).

જો સૂત્રમાં શુદ્ધ અહિંસા કહેવામાં આવી હોય તો તે સૂત્રમાં પ્રામાણ્યનો સ્વીકાર થાય પણ જો સૂત્રમાં પ્રામાણ્યનો (આ સૂત્ર પ્રમાણભૂત છે એવો) સ્વીકાર થાય, તો તેમાં કહેલી અહિંસા શુદ્ધ છે એમ કહેવાય. હવે સૂત્ર પ્રમાણભૂત છે એ વાત ત્યારે જ સિદ્ધ થશે જ્યારે એ સૂત્રમાં કહેલી અહિંસા શુદ્ધ સાબિત થશે. અને સૂત્રોક્ત અહિંસા શુદ્ધ જ કહી છે એ સાબિતી ત્યારે જ થઇ શકશે જ્યારે તે સૂત્ર પ્રમાણભૂત છે એવું નક્કી થશે.

આમ સૂત્ર પ્રામાણ્યના સ્વીકાર વિના સૂત્રોક્ત અહિંસા શુદ્ધ છે એવી પ્રતીતિ નહિ થાય, અને શુદ્ધ અહિંસાની પ્રતીતિ વિના સૂત્ર પ્રામાણ્યનું જ્ઞાન ન થાય, એટલે અન્યોન્યાશ્રય દોષનો ભય ઊભો થયો.

[૨૩૬] नैवं, यस्मादहिंसायां, सर्वेषामेकवाक्यता ।
तच्छुद्धतावबोधश्च, सम्भवादिविचारणात् ॥११॥

ઉત્તર—આ વાત બરોબર નથી. 'અહિંસા એ ધર્મ છે' એ વાતમાં તો સર્વ ધર્મોની એકમતી છે. પરન્તુ તે તે ધર્મોએ અહિંસા ધર્મનાં સ્વરૂપનું જે પ્રતિપાદન કર્યું છે તે પ્રતિપાદન તેમણે કહેલી અહિંસામાં શુદ્ધતાની સિદ્ધિ કરી આપનારું બને છે કે નહિ? તે જ નક્કી કરવાનું રહે

છે. જે ધર્મસૂત્રમાં શુદ્ધ અહિંસાનું પ્રતિપાદન કર્યું હોય તે સૂત્રને પ્રમાણભૂત માનવું જ જોઇએ. હવે આ વિધાનમાં અન્યોન્યાશ્રય દોષ સંભવતો નથી, કેમકે અહિંસામાં શુદ્ધતાનું ભાન અહિંસાપ્રતિપાદકસૂત્રના પ્રામાણ્ય સ્વીકારથી નથી કિન્તુ આગળ ઉપર જણાવવામાં આવનાર 'સંભવ' વિગેરે વિચારણાથી છે. એટલે જે શાસ્ત્રમાં કહેલી અહિંસા, સંભવાદિ વિચારણાથી શુદ્ધ સિદ્ધ થાય તે સૂત્ર પ્રમાણભૂત બને. આમ થતાં અન્યોન્યાશ્રય દોષનો ભય રહેતો નથી.

ગ્રન્થકાર પરમર્ષિએ જણાવ્યું કે, 'અહિંસા અંગે તો સર્વધર્મોમાં એકમતી પ્રવર્તે છે' તે વાતનું હવે સમર્થન કરવા જુદા જુદા ધર્મોમાં અહિંસાનું તે વિધાન નવ શ્લોકથી બતાવે છે.

**[૩૩૭] यथाऽहिंसादयः पञ्च, व्रतधर्मयमादिभिः ।**
**पदैः कुशलधर्माद्यैः कथ्यन्ते स्वस्वदर्शने ॥१२॥**

અહિંસાદિ પાંચને તે તે દર્શન ગ્રન્થોમાં જુદા જુદા નામોથી સંબોધવામાં આવ્યા છે. ભાગવતમાં વ્રતપદથી, સાંખ્યમાં યમાદિપદથી, અને બૌદ્ધ ધર્મમાં કુશલ ધર્મ રૂપે કહ્યા છે.

અહીં યમાદિ કહ્યું છે ત્યાં આદિ પદથી બ્રહ્મ પદ લેવું. અહિંસાદિને વૈદિકો બ્રહ્મપદથી સુચવે છે. (એ વાત આગળ આવશે.[૧૦૧]

૧૦૧. દ્વા : દ્વા : ૮-૯ સટીક.

[૩૩૮] आहुर्भागवतास्तत्र, व्रतोपव्रतपञ्चकम् ।
यमाँश्च नियमान् पाशु–पता धर्मान् दशाऽभ्यधुः ॥१३॥

**ભાગવત** :–( પૌરાણિક ) અહિંસાદિ પાંચ યમો અને સંતોષાદિ પાંચ નિયમોને ક્રમશઃ વ્રત અને ઉપવ્રત કહે છે.

**પાશુપત** :–( નૈયાયિક ) અહિંસાદિ પાંચને યમ ધર્મો તરીકે અને અક્રોધાદિ પાંચને નિયમ ધર્મો તરીકે એમ કુલ દસ ધર્મોનું નિરૂપણ કરે છે.

[૩૩૯] अहिंसा सत्यवचन–मस्तैन्यं चाऽप्यकल्पना ।
ब्रह्मचर्यं तथाऽक्रोधो, ह्यार्जवं शौचमेव च ॥१४॥

[૩૪૦] सन्तोषो गुरुशुश्रुषा इत्येते दश कीर्तिताः ।
निगद्यन्ते यमाः सांख्यैरपि व्यासानुसारिभिः ॥१५॥

તે અહિંસાદિ પાંચ અને અક્રોધાદિ પાંચના નામો આ પ્રમાણે છે.

૧. અહિંસા. ૨. સત્ય. ૩. અચૌર્ય. ૪. અપરિગ્રહ ( અકલ્પના ) ૫. બ્રહ્મચર્ય.

૧. અક્રોધ. ૨. ઋજુતા. ૩. શૌચ. ૪. સન્તોષ. ૫. ગુરુશુશ્રુષા.

[૩૪૧] अहिंसा सत्यमस्तैन्यं ब्रह्मचर्यं तुरीयकम् ।
पञ्चमोऽव्यवहारश्चे–त्येते पञ्च यमाः स्मृताः ॥१६॥

[૩૪૨] अक्रोधो गुरुशुश्रुषा, शौचमाहारलाघवम् ।
अप्रमादश्च पञ्चैते नियमाः परिकीर्त्तिताः ॥१७॥

**વ્યાસાનુસારી સાંખ્ય** :–વ્યાસાનુસારી સાંખ્યો પણ આ રીતે યમ નિયમો કહે છે. તે આ પ્રમાણે :–અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અવ્યવહાર એ પાંચને તેઓ યમ કહે છે.

જ્યારે અક્રોધ, ગુરુશુશ્રુષા, શૌચ, આહારલઘુતા (ઉનોદરિકા) અને અપ્રમત્તતા એ પાંચને નિયમ કહે છે.

[૩૪૩] **बौद्धैः कुशलधर्माश्च दशेष्यन्ते यदुच्यते ।**
**हिंसास्तेयान्यथाकामं पैशुन्यं परुषानृतम् ॥१८॥**

[૩૪૪] **सम्भिन्नालापव्यापाद–मभिध्यादृग्विपर्ययम् ।**
**पापकर्मेति दशधा कायवाङ्मानसैस्त्यजेत् ॥१९॥**

**બૌદ્ધ** :– બૌદ્ધો ૧૦ કુશલધર્મોનું નિરૂપણ કરે છે. તેઓ કહે છે કે, (૧) હિંસા, (૨) ચૌર્ય, (૩) પરદારાગમન ( અન્યથા કામ ) (૪) પૈશુન્ય ( નારદવેડા–દુર્જનતા ) (૫) કઠોર અસત્ય (૬) અસંબદ્ધ ભાષણ (૭) પરદ્રોહચિન્તન (વ્યાપાદ) (૮) ધનાદિમાં અસંતોષવૃત્તિ ( અભિધ્યા ) (૯) મિથ્યા અભિનિવેશ અને (૧૦) પાપકર્મ. આ દસેયનો મન, વચન, કાયાથી ત્યાગ કરવો જોઈએ. તેમના ત્યાગરૂપે ૧૦ કુશળધર્મો છે.

[૩૪૫] **ब्रह्मादिपदवाच्यानि तान्याहुर्वैदिकादयः ।**
**अतः सर्वैकवाक्यत्वा–द्धर्मशास्त्रमदोऽर्थकम् ॥२०॥**

**વૈદિક** :—તે જ અહિંસાદિને બ્રહ્મ આદિ પદોથી વૈદિકો કહે છે. આમ બધાય શાસ્ત્રોની અહિંસાને માનવામાં તો એકવાક્યતા છે જ. માટે જે કોઈ ધર્મશાસ્ત્ર હોય તે આ અહિંસાદિ પદાર્થનું નિરૂપક જ હોય એ વાત તો નિશ્ચિત થઈ જ જાય છે.

[૩૪૬] **क्व चैतत्संभवो युक्त इति चिन्त्यं महात्मना ।**
**शास्त्रं परीक्षमाणेना–व्याकुलेनान्तरात्मना ॥२१॥**

હવે સ્વસ્થચિત્તે શાસ્ત્રોની પરીક્ષા કરતા મહાત્માએ, એ શોધી કાઢવું જોઈએ કે તે બધા ધર્મગ્રન્થોમાં શુદ્ધ એવી અહિંસાના નિરૂપણનો સંભવ ક્યાં છે?[૧૦૨]

[૩૪૭] **प्रमाणलक्षणादेस्तु नोपयोगोऽत्र कश्चन ।**
**तन्निश्चयेऽनवस्थानादन्यथार्थस्थितेर्यतः ॥२२॥**

ગ્રન્થકાર પરમર્ષિએ પૂર્વશ્લોકમાં જણાવ્યું કે, શાસ્ત્ર-પરીક્ષા કરતા મહાત્માએ શુદ્ધ એવી અહિંસા ક્યાં સંભવે છે?' તેનો નિર્ણય કરવો જોઈએ. 'આવો નિર્ણય કરવામાં પ્રમાણના લક્ષણો વિગેરેની કશી જરૂર નથી.' એ વાત અહીં તેઓ સ્પષ્ટ કરે છે.

પ્રત્યક્ષ–અનુમાન વિગેરે પ્રમાણો કહેવાય છે. તેના લક્ષણો જુદા જુદા કહેવામાં આવ્યા છે પણ આ પ્રમાણ-લક્ષણોનો અહીં કોઈ ઉપયોગ નથી.

---

૧૦૨. (૧) દ્વા : દ્વા : ૮–૧૦
(૨) હારિ. અષ્ટક : ૧૩–૩.

પ્ર.–પ્રમાણ એ અર્થગ્રાહક જરૂર બને છે. તે પ્રમાણ પ્રમાણલક્ષણોથી નિશ્ચિત થઈને જ અર્થગ્રાહક બને છે માટે પ્રમાણલક્ષણનો ઉપયોગ તો છે જ ને?

ઉ.–અહીં અમે બે વિકલ્પ તમારી સામે મૂકીશું કે જો પ્રમાણલક્ષણથી નિશ્ચિત થયેલું જ પ્રમાણ અર્થગ્રાહક બનવામાં ઉપયોગી બને છે તો તે પ્રમાણલક્ષણ નિશ્ચિત છે કે અનિશ્ચિત? અર્થાત્ તે પ્રમાણલક્ષણનો નિશ્ચય થયેલો છે કે નહિ? જો 'પ્રમાણ નિશ્ચય કરનાર પ્રમાણલક્ષણનો પણ નિશ્ચય કરવાનો' છે તો તે નિશ્ચય બીજા કોઈ પ્રમાણથી જ કરવો પડશે. વળી તે બીજા કોઈ પ્રમાણનો નિશ્ચય પણ વળી કોઈ ત્રીજા પ્રમાણથી કરવો પડશે. આમ પ્રમાણલક્ષણનો નિશ્ચય કરવામાં તો અનવસ્થા દોષ આવશે. અને જો તમે બીજો વિકલ્પ સ્વીકારીને એમ કહો કે, 'નિશ્ચય કર્યા વિનાના જ પ્રમાણલક્ષણથી પ્રમાણનો નિશ્ચય થાય છે અને તેથી જ તે નિશ્ચિત બનેલું પ્રમાણ અર્થગ્રહણમાં ઉપયોગી બને છે.' તો તે વાત તો બરોબર નથી. કેમકે જો અનિશ્ચિત પ્રમાણ-લક્ષણથી પ્રમાણ નિશ્ચિત થતું હોય તો અનિશ્ચિત એવા જ પ્રમાણથી અર્થગ્રહણ કેમ ન થઈ જાય? શા માટે પછી પ્રમાણને નિશ્ચિત કરવા માટે પ્રમાણલક્ષણની જરૂર રહે? આમ જો અનિશ્ચિત પ્રમાણલક્ષણથી નિશ્ચિત થતું પ્રમાણ અર્થગ્રહણમાં ઉપયોગી બને તેમ કહો તો તો પછી પ્રમાણ લક્ષણની જરૂર જ શી છે? પ્રમાણ લક્ષણ વિના જ અર્થસિદ્ધિ (સ્થિતિ = સિદ્ધિ) કેમ થઈ ન જાય?

કેમકે (યતઃ) આ વાત સિદ્ધસેન દિવાકરસૂરિજીએ

કહી છે. આમ બેય રીતે અર્થગ્રહણમાં પ્રમાણલક્ષણનો કોઈ ઉપયોગ સિદ્ધ થતો નથી.[૧૦૩]

[૩૪૮] प्रसिद्धानि प्रमाणानि व्यवहारश्च तत्कृतः ।
प्रमाणलक्षणस्योक्तौ ज्ञायते न प्रयोजनम् ॥२३॥

સિદ્ધસેન દિવાકરસૂરિજીએ કહ્યું (પૂર્વ શ્લોકના 'યતઃ' શબ્દના અનુસંધાનમાં) છે કે પ્રમાણો તો લોકોમાં સ્વતઃ જ રૂઢ (પ્રસિદ્ધ) છે એ કાંઈ પ્રમાણના લક્ષણોના પ્રણેતાઓના વચનથી સાધ્ય નથી. વળી તે પ્રમાણથી કરાતો સ્નાન પાન વગેરેનો વ્યવહાર તો પ્રમાણના લક્ષણોને નહિ જાણનારા ગોવાળીયામાં ય પ્રસિદ્ધ છે એટલે જ હવે અમને સમજાતું નથી કે શા માટે પ્રમાણના લક્ષણો બનાવવામાં આવ્યા છે?[૧૦૪]

[૩૪૯] तत्रात्मा नित्य एवेति येषामेकान्तदर्शनम् ।
हिंसादयः कथं तेषां, कथमप्यात्मनोऽव्ययात् ॥२४॥

હવે ગ્રન્થકાર પરમર્ષિ સાંખ્યાદિ એકેક દર્શનને લઈને તેમની માનેલી અહિંસામાં શુદ્ધિનો સંભવ નથી એ વાત સાબિત કરે છે. સાંખ્યો માને છે કે, 'આત્મા નિત્ય જ છે.' આ એમનું એકાન્ત પ્રતિપાદક દર્શન છે. હવે આ હિંસાએ

---

૧૦૩. (૧) દ્વા. દ્વા :—૮-૧૧.
(૨) હારિ. અષ્ટક :–૧૩–૫.
(૩) ,, ,, ૧૩મું ચોથા શ્લોકની ટીકામાં.

૧૦૪. (૧) હારિ. અષ્ટક : ૧૩–૭. (૨) દ્વા. દ્વા. : ૮–૧૨.

તો એમના મતે હિંસા સંભવી જ શકતી નથી કેમકે એકાન્ત નિત્ય આત્માનો કદાપિ નાશ શકય જ નથી. સર્વદા એ અવિનાશી (અવ્યય) જ હોય. હવે જો હિંસા જ નથી તો અહિંસા ધર્મ પાળવાની વાત કરવાની જ કોને?[१०५]

[३५०] मनोयोगविशेषस्य ध्वंसो मरणमात्मनः ।
हिंसा, तच्चेन्न, तत्त्वस्य सिद्धेरर्थसमाजतः ॥२५॥

સાંખ્ય :–બેશક આત્મા તો એકાન્ત નિત્ય છે. એની હિંસા તો શકય જ નથી પરન્તુ જેને લોકમાં વ્યકિતનું મૃત્યુ થયું કહેવાય છે. એ વ્યકિતનો જે ચરમ આત્મ મનઃ સંયોગ છે કે ચરમ ઇન્દ્રિય મનઃસંયોગ છે તેનો જે નાશ (ધ્વંસ) થઈ જાય છે. તે ધ્વંસ જ હિંસા. આ હિંસાને લોકો આત્માની હિંસા કહે છે. હિંસા કરનાર હિંસક કહેવાય છે. આમ આ કલ્પનામાં નથી તો આત્માની વસ્તુતઃ હિંસા થતી છતાં હિંસા પદાર્થ ઉપપન્ન થઈ જાય છે અને તેથી તેવી હિંસા ન કરવારૂપ અહિંસા ધર્મ પણ અમારા મતે ઘટી જાય છે.

ઉત્તર–આ વાત પણ બરોબર નથી. કેમકે તમે ચરમ-મનઃ સંયોગનો જે ધ્વંસ તેને હિંસા કહી પણ આ હિંસા તો બીજી સામગ્રીથી જ સિદ્ધ થાય છે. એટલે કે એ ચરમ મનઃસંયોગથી જ્ઞાન ઉત્પન્ન થવા છતાં તેના સંસ્કારોથી ભાવીમાં સ્મરણ થતું નથી તેનું કારણ તો ઉદ્બોધકનો અભાવ છે અને એ મનઃસંયોગનો જે ધ્વંસ થયો તે પણ

૧૦૫, હારિ. અષ્ટક : ૧૪–૧.

બીજા સંયોગોની જેમ સ્વતઃ બીજી ક્ષણે નાશ પામી જ જાય છે. એટલે આવા ધ્વંસરૂપ જો હિંસા ગણાતી હોય તો આવી હિંસા ઉક્ત અર્થ સમાજથી સિદ્ધ હોવાથી કોઈ અન્ય વ્યક્તિ તો હિંસા કરનાર નહિ જ બને. એટલે કોઈ હિંસક જ નહિ કહેવાય. આમ જો હિંસા જ ન રહે તો અહિંસા–ધર્મ કહેવાની જરૂર જ ક્યાંથી રહેશે? ટૂંકમાં કોઈ અન્ય વ્યક્તિ વિના જ–આપોઆપ–પરિસ્થિતિ જ એવી ઉપસ્થિત થવાથી (અર્થસમાજથી) ચરમમનઃ સંયોગના ધ્વંસ (તત્ત્વ) રૂપ હિંસાની સિદ્ધિ થઇ જાય છે, પછી તેવો ધ્વંસ કરનાર ખાસ કોઈ વ્યક્તિ સિદ્ધ થતી જ નથી.[૧૦૬]

[૩૫૧] **नेति बुद्धिगता दुःखोत्पादरूपेयमौचितीम् ।**
**पुंसि भेदाऽग्रहात्तस्याः परमार्थाऽव्यवस्थितेः ॥२६॥**

સાંખ્ય :–સારું, મનોયોગવિશેષના ધ્વંસને હિંસા ન કહેતાં હવે અમે એમ કહીશું કે પચ્ચીસ તત્વમાં બુદ્ધિ નામનું જે જડતત્વ છે તે બુદ્ધિમાં દુઃખનો ઉત્પાદ કરવો એ જ હિંસા પદાર્થ છે.

ઉ.–નહિ. તેમ કહેવું પણ ઉચિત નથી કેમકે તમારા મતે પુરુષમાં બુદ્ધિનું પ્રતિબિંબ પડે છે અને તેથી પુરુષ એમ માને છે કે, 'હું અને બુદ્ધિ એક જ છીએ.' આમ થતાં બુદ્ધિમાં જે દુઃખોત્પાદ થયો તે પુરુષને પોતાનામાં ભાસે છે. આ રીતે પુરુષમાં દુઃખોત્પાદરૂપ હિંસા સીધી તો ઘટતી જ નથી કિન્તુ બુદ્ધિના પ્રતિબિંબોદયને લીધે થતા

---

૧૦૬. હા. હા. :–૧–૮૭.

ભેદના અગ્રહરૂપ ભ્રમને કારણે જ દુઃખોત્પાદરૂપ બુદ્ધિનો હિંસાપર્યાય પુરુષમાં જણાય છે. એટલે પરમાર્થતઃ (વસ્તુતઃ) તો તે હિંસા પુરુષની છે એમ તો સિદ્ધ થયું જ નહિ. અને પુરુષમાં બુદ્ધિગત દુઃખોત્પાદાત્મક હિંસાનો જે ઉપચાર કર્યો એ ઉપચાર કાંઈ હિંસાના વસ્તુસ્વરૂપના નિર્ણયમાં ઉપયોગી ન જ હોઈ શકે.[૧૦૭]

[૩૫૨] न च हिंसापदं नाशपर्यायं कथमप्यहो ।
जीवस्यैकान्तनित्यत्वेऽनुभवाबाधकं भवेत् ॥२७॥

વળી હિંસા પદ તો 'નાશ' સ્વરૂપ પર્યાયનું વાચક પદ છે. હવે જો આત્મા એકાન્ત નિત્ય જ હોય તો તેમાં કોઈપણ હિંસાએ તેનો નાશપર્યાય ઉત્પન્ન થઈ શકવાનો જ નથી તો પછી આત્માની હિંસા ઘટી શકે તેમજ નથી. છતાં તમે એકાન્તનિત્ય આત્મામાં નાશવાચક હિંસાપદનો પ્રયોગ કરો તો તે અનુભવથી તદ્દન વિરૂદ્ધ જાય છે. એકાન્તનિત્યનો નાશ સંભવી શકે જ નહિ.

[૩૫૩] शरीरेणापि सम्बन्धो, नित्यत्वेऽस्य न सम्भवी ।
विभुत्वे न च संसारः, कल्पितः स्यादसंशयम् ॥२८॥

વળી બીજા પણ કેટલાક દુષણો અહીં આવે છે. જો આત્માને એકાન્ત નિત્ય માનવામાં ન આવે તો ધન–કુટુંબાદિ સાથે તેનો સંબંધ થવાની વાત તો દૂર રહી કિન્તુ શરીર સાથે પણ તે એકાન્તનિત્ય આત્માનો સંબંધ થઈ શકશે જ

૧૦૭. દ્વા. દ્વા. : ૮–૧૫ની ટીકા.

નહિ. કેમકે જો શરીર સાથે એકાન્તનિત્ય આત્માનો સંબંધ થઈ શકતો હોય તો કાં તો એકાન્તનિત્ય આત્મા પોતાના પૂર્વરૂપનો ત્યાગ કરીને સંબંધ કરે અથવા એ પૂર્વરૂપનો ત્યાગ કર્યા વિના જ સંબંધ કરે.

હવે આ બે વિકલ્પમાં જો પહેલો વિકલ્પ પસંદ કરીએ તો આત્મામાં એકાન્તનિત્યતા નહિ રહી શકે કેમકે જો આત્મા પૂર્વરૂપનો ત્યાગ કરવાની ક્રિયા કરી શકે છે તો તે એકાન્ત નિત્ય કેમ રહે? એકાન્તનિત્યમાં તો કોઈ ક્રિયા સંભવી શકતી જ નથી.

હવે જો બીજો વિકલ્પ પસંદ કરીએ કે પૂર્વરૂપનો ત્યાગ કર્યા વિના જ શરીર સાથે સંબંધ થાય છે તો તે ય બરોબર નથી કેમકે પૂર્વના સ્વભાવ સાથે વિરોધ આવવાથી શરીર સાથે સમ્બન્ધ થઈ શકે જ નહિ. બે વિરોધી સ્વભાવ એક જ આત્મામાં ન જ સંભવે.

આમ આત્માને એકાન્તનિત્ય માનવાથી શરીર સાથે તેનો સંબંધ જ ઉપપન્ન થઈ શકતો નથી.

સાંખ્ય :–આત્મા જેમ એકાન્તનિત્ય છે તેમ વિભુ (સર્વ-વ્યાપી) પણ છે જ. જે સર્વત્ર વ્યાપ્ત હોય તેને અમુક સ્થાનેથી છૂટીને અન્ય સ્થાને સંબંધ કરવાનો પ્રશ્ન જ ક્યાં રહે છે? આમ ક્રિયા વિના જ આત્માનો શરીરસંબંધ થઈ શકે છે.

ઉ.–જો આ રીતે એકાન્તનિત્ય આત્માને વિભુ માનશો

તો (વિભુત્વે) આ સંસાર જ ઊભો નહિ રહે. જો આત્મા સર્વગત હોય તો તેને પરલોકગમન કરવાનું ક્યાં રહ્યું? પરલોકગમન (પરલોકમાં સંસરણ) એ જ તો 'સંસાર' પદાર્થ છે. તે ન રહે તો સંસાર ક્યાંથી ઊભો રહેશે? છતાં જો તમે ચાતુર્ગતિક સંસાર માનશો તો તે કલ્પિત (ઉપચરિત) જ સંસાર માનવો પડશે. એટલે નિરૂપચરિત સંસારની સિદ્ધિ તો નહિ જ થાય.

આમ અનેક આપત્તિઓ આવવાને કારણે આત્માને એકાન્તનિત્ય અને વિભુ માનવાનું બિલકુલ યુક્તિસંગત નથી.[૧૦૮]

[૩૫૪] अदृष्टाद्देहसंयोगः स्यादन्यतरकर्म्मजः ।
इत्थं जन्मोपपत्तिश्चे—न्न, तद्योगाविवेचनात् ॥२९॥

નિત્ય–વિભુ–આત્મવાદી :–પૂર્વના (૩૫૩માં) શ્લોકમાં તમે અમને કહ્યું કે આત્મા જો (૧) એકાન્ત નિત્ય અક્રિય હોય તો તેનો શરીર સાથે સંબંધ અનુપપન્ન થાય છે, (૨) જો વિભુ હોય તો દેવાદિગતિમાં જન્માદિરૂપ સંસાર અનુપપન્ન થાય છે. આ બેય આપત્તિઓ અમે આ રીતે દૂર કરીશું.

(૧) ભલે આત્મા કૂટસ્થ નિત્ય હોવાથી તેનામાં કોઈ ક્રિયા થતી નથી પણ દરેક આત્મામાં અદૃષ્ટ વિશેષ તો છે જ, એ અદૃષ્ટ વિશેષથી તે તે પરમાણુઓમાં ક્રિયા તો

૧૦૮. (૧) દ્વા. દ્વા. :—૮–૧૭. (૨) હારિ. અષ્ટક :—૧૪, ૫, ૬.

થઈ શકે છે ને? જે પરમાણુઓનું શરીર તે તે આત્માને સુખાદિ ભોગ માટે લેવાનું છે તે પરમાણુઓમાં કર્મ (ક્રિયા) ઉત્પન્ન થાય છે અને તેથી તે પરમાણુઓ તે તે આત્મા સાથે જોડાઈને તેનું શરીર બની જાય છે. આમ આત્મામાં ક્રિયા ન થવા છતાં પરમાણુમાં (અન્યતરમાં) ક્રિયા થવાથી શરીર સાથે આત્માનો સંબંધ ઉપપન્ન થઈ જાય છે.

(૨) આમ થવાથી જ (ઇત્થં) ચાતુર્ગતિક સંસારમાં તે તે જન્મની ઉપપત્તિ પણ થઈ જશે. ભલે આત્મા વિભુ છે તેથી ઊર્ધ્વલોકાદિમાં સર્વત્ર વ્યાપ્ત છે પણ ત્યાં અદૃષ્ટ વિશેષથી દેવાદિના શરીરને યોગ્ય અણુઓનો સંયોગ થઇ જાય છે એટલે એમ કહેવાય કે એ આત્મા દેવ તરીકે જન્મ પામ્યો, એ જ રીતે માનવ શરીરારંભક અણુઓ, વિભુ આત્માથી છુટા પડી જાય ત્યારે એમ કહેવાય કે એ આત્મા માનવ તરીકે મૃત્યુ પામ્યો. આમ આત્માનું વિભુત્વ અબાધિત રહે છે અને જન્માદિની ઉપપત્તિ પણ થઈ જાય છે.

તાત્પર્ય એ આવ્યું કે આત્મામાં એકાન્તનિત્યત્વ અને વિભુત્વ અબાધિત રાખીને પણ દેહસંયોગ અને જન્માદિની વ્યવસ્થા ઉપપન્ન થઈ જાય છે.

ઉત્તર–નહિ, તમે આત્મા સાથે દેહનો જે સંયોગ થવાનું કહો છો તે સંયોગ (યોગ)નું વિવેચન થઈ શકે તેમ નથી. અમે તમને પૂછીએ છીએ કે તે દેહાત્મ-સંયોગ દેહાત્માથી ભિન્ન છે કે અભિન્ન? જો ભિન્ન હોય તો તે ભિન્ન એવો સંયોગ કયા સંબંધથી શરીરાત્મામાં રહ્યો?

જે સંબંધથી રહ્યો તે સંબંધ ભિન્ન છે કે અભિન્ન? જો ભિન્ન હોય તો તે સંબંધને રહેવા માટે વળી કોઈ સંબંધ કહેવો પડશે. આમ અનવસ્થા દોષ આવે છે. હવે જો એમ કહો કે, તે સંયોગ દેહાત્માથી અભિન્ન છે તો તો તે સંયોગ દેહસ્વરૂપ કે આત્મસ્વરૂપ જ બની ગયો. પછી સંયોગ જેવી પૃથક્ ચીજ જ ક્યાં રહી? તો પછી તેનું વિવેચન કરવાનું ય ક્યાં રહ્યું? આમ દેહાત્મસંયોગનું વિવેચન જ શક્ય નથી માટે આ બધી કલ્પના અસંગત છે.[૧૦૯]

[૩૫૫] आत्मक्रियां विना च स्यान्मिताणुग्रहणं कथम् ।
कथं संयोगभेदादि–कल्पना चापि युज्यते ॥२०॥

વળી તમે આત્મા એકાન્ત નિત્ય (અક્રિય) માન્યો એટલે તે આત્મામાં ક્રિયા તો સંભવે જ નહિ અન્યથા તે એકાન્ત નિત્ય રહે નહિ. હવે જો આ રીતે આત્મામાં ક્રિયા નહિ માનો તો અમુક શરીરને ઉત્પન્ન કરનારા અમુક જ અણુઓનું ગ્રહણ કરવાની ક્રિયા તે શી રીતે કરશે? વળી તે આત્માને તમે વિભુ પણ માન્યો છે એટલે સર્વ અણુઓ સાથે તેનો સંબંધ છે પછી શા માટે અમુક જ સંબદ્ધ અણુનું ગ્રહણ કરે? બાકીના સંબદ્ધ અણુનું ગ્રહણ ન કરે? વસ્તુતઃ કાં તો તેણે તમામ અણુઓનું ગ્રહણ કરવું જોઈએ અથવા કોઈનું પણ ગ્રહણ કરવું ન જોઈએ. હવે જો તે તમામ અણુનું ગ્રહણ કરે તો તેનાથી બનતાં તમામ શરીરોનો ઉપભોગ દરેક સંસારવર્તી આત્મા કરવા લાગશે. આ તો ભારે આપત્તિ આવી.

---

૧૦૯. દ્વા. દ્વા. ૯–૧૮

સાંખ્ય :–તે તે આત્મા અદૃષ્ટ વિશેષને લીધે તે તે અમુક જ અણુઓ સાથે સંબંધ કરે છે અને તે અણુઓના બનેલા તે એક જ શરીરનો ઉપભોગ કરે છે. આમ એક આત્મા અમુક આણુઓ સાથે જ સંયોગ કરે છે કે અમુક આણુઓનો જ ભેદ કરે ( આણુઓ છૂટા પડતાં ) છે. એટલે હવે તમામ શરીર ભોગની આપત્તિ રહેતી નથી.

ઉ–નહિ, આમ માનવામાં તો અનંત અણુ સાથે અનંત સંયોગ અને અનંત ભેદની કલ્પનાનું ગૌરવ આવી પડે છે જે ઉચિત નથી. આ બધી આપત્તિ દૂર કરવા આત્માને ક્રિયાવાન્ ( મૂર્ત્ત ) માન્યા વિના છૂટકો જ નથી.[110]

[૩૫૬] कथञ्चिन्मूर्त्ततापत्ति विना वपुरसंक्रमात् ।
व्यापारायोगतश्चैव यत्किञ्चित्तदिदं जगुः ॥३१॥

પૂર્વશ્લોકથી એ વાત નક્કી થઇ કે આત્મા ( સક્રિય= અકૂટસ્થ નિત્ય )માં ક્રિયા માનવામાં આવે તો જ તે આત્મા પ્રતિનિયત શરીરારંભક પરમાણુ ગ્રહણ કરી શકે અને તેને અવિભુ માનવામાં આવે તો જ ઉક્ત સંયોગ–ભેદાદિ કલ્પના ઉપપન્ન થઈ શકે.

તાત્પર્ય એ કે આત્માને સક્રિય અને અવિભુ માનવો એટલે આત્માને મૂર્ત્ત માનવો. કેમકે મૂર્ત્તત્વના બે લક્ષણ છે ક્રિયાવદ્ દ્રવ્ય મૂર્ત્ત કહેવાય છે અને પરિચ્છિન્ન પરિમાણવદ્ દ્રવ્ય મૂર્ત્ત કહેવાય છે. એટલે જ આ બેય વાતનો સંગ્રહ

૧૧૦. દ્વા. દ્વા. ૮–૧૯.

કરી લેવા માટે આત્મામાં મૂર્ત્તતા માનવી જોઈએ. હવે જો આ રીતે આત્મામાં કથંચિત્ મૂર્ત્તતાનો સ્વીકાર કરવામાં ન આવે અને આત્માને કૂટસ્થ નિત્ય-અક્રિય જ માનવામાં આવે તો શરીરમાં આત્માનો અસંક્રમ થવાની આપત્તિ આવે અને વિભુ માનવાથી પૂર્વોક્ત સંયોગ ભેદાદિ વ્યાપારનો અયોગ થઈ જવાની આપત્તિ આવે. માટે જ આત્માને 'કૂટસ્થ નિત્ય અને વિભુ' કહ્યો તે બરોબર નથી.

[૩૫૭] निष्क्रियोऽसौ ततो हन्ति, हन्यते वा न जातुचित् ।
कश्चित्केनचिदित्येवं, न हिंसाऽस्योपपद्यते ॥३२॥

આત્માને એકાન્ત નિત્ય માનનારાનો આ મત છે કે આત્મા નિષ્ક્રિય છે માટે જ તે કોઈને હણવાની ક્રિયા કરતો ( હણતો ) નથી તથા તે કોઈથી કયારે પણ હણાતો નથી. આમ આત્માની હિંસા ઘટતી જ નથી.

હવે જો આ રીતે તમારા જ મતે આત્માની હિંસા ઉપપન્ન થતી ન હોય તો તમારે ત્યાં જે 'અહિંસા' કહી છે એ ય શી રીતે ઘટે ? અર્થાત્ એ શાસ્ત્રોક્ત અહિંસા, શુદ્ધ અહિંસા જ નથી. આમ એકાન્ત નિત્ય આત્મવાદ પક્ષે તો શુદ્ધ અહિંસાનો સંભવ જ નથી.[૧૧૧]

[૩૫૮] अनित्यैकान्तपक्षेऽपि, हिंसादीनामसम्भवः ।
नाशहेतोरयोगेन, क्षणिकत्वस्य साधनात् ॥३३॥

૧૧૧. (૧) હારિ. અષ્ટક : ૧૪-૨.
(૨) ભગ. ગીતા :-૨-૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૦.

**એકાન્ત અનિત્યાત્મવાદ :–**

વસ્તુ માત્રને એકાન્તે અનિત્ય માનનારા બુદ્ધમતમાં પણ આત્માની હિંસા સંભવતી નથી.

ક્ષણિકવાદી પોતાના મતની પુષ્ટિમાં કહે છે કે કોઇ બીજી વસ્તુથી એક વસ્તુનો નાશ થાય છે તે મન્તવ્ય બરોબર નથી. ઘટનો નાશ દણ્ડથી થાય છે એમ કહેનારને તેઓ પૂછે છે કે તે ઘટનાશ ઘટથી ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન હોય તો ઘટ તો તેમનો તેમ જ રહે. કેમકે ઘટ જુદો અને ઘટનાશ જુદો છે. અને જો ઘટથી ઘટનાશ અભિન્ન હોય તો તે ઘટનાશ ઘટસ્વરૂપ જ બની ગયો. આમ બે ય રીતે દણ્ડથી ઘટનાશ થવાનું કયારે પણ સંભવિત નથી. એટલે જ ઘટાદિ ભાવો સ્વભાવતઃ ઉત્પન્ન થાય છે અને ઉત્પત્તિ પામીને તરત જ નાશ પામે છે. આમ પ્રતિક્ષણ નાશોત્પાદની ધારા ચાલે છે એમ માનવું જોઈએ.

હવે એકાન્ત અનિત્યવાદનું જો આવું જ મન્તવ્ય છે તો તેમના મતમાં હિંસા જેવો પદાર્થ જ કયાં રહ્યો ? કેમ કે કોઈ કોઈનો નાશ કરી શકતું જ નથી. વસ્તુ સ્વયં વિનાશ પામી જવાના સ્વભાવવાળી છે.[૧૧૨]

[૩૫૧] न च सन्तानभेदस्य, जनको हिंसको भवेत् ।
सांवृतत्वादजन्यत्वाद्, भावत्वनियतं हि तत् ॥३४॥

બૌદ્ધ:–દ્રવ્ય માત્ર સ્વયં સતત ઉત્પાદ–વિનાશ શાલી છે

૧૧૨. (૧) દ્વા. દ્વા. ૮–૨૦.
(૨) હારિ. અષ્ટક ૧૫–૧, ૨.

એટલે પ્રતિક્ષણુ તે દ્રવ્યનો ઉત્પાદ નાશ થયા જ કરે છે, અને એ રીતે ઘટાદિ દ્રવ્યની સજાતીય વસ્તુમાં ઘટ-ઘટ-ઘટ જ્ઞાન કરાવતી ધારા ચાલે છે. પણ જ્યારે દણ્ડાદિનો તેને આઘાત થાય છે ત્યારે તે ઘટ-ઘટ-ઘટની સજાતીય ધારા તૂટી જઈને ઘટથી વિજાતીય ઠીકરાં-ઠીકરાં-ઠીકરાં એવી ધારા ચાલે છે. આવી વિજાતીય ધારા (વિજાતીય સન્તાન) વિશેષને જે ઉત્પન્ન કરે તેને અમે હિંસક કહીએ છીએ. ટૂંકમાં સદૃશ ધારાનો ભેદક અને વિસદૃશ ધારાનો જનક એ જ હિંસક કહેવાય. એવી વિજાતીય ધારાનો ઉત્પાદ એ હિંસા કહેવાય.

ઉત્તર-આ વાત બરોબર નથી. કેમકે (૧) એ સન્તાન ભેદની વાતો માત્ર કાલ્પનિક (સાંવૃત) છે. (૨) વળી એક શિકારી ભૂંડની હિંસા કરે છે અને તે ભૂંડ મરીને મનુષ્ય થાય છે ત્યારે તમારા મતે એમ કહેવાશે કે શિકારીએ ભૂંડની સજાતીય ધારાનો ભેદ કરીને મનુષ્યની વિજાતીય ધારા ઉત્પન્ન કરી માટે તે શિકારી હિંસક બન્યો. પરન્તુ શિકારી (લુબ્ધક) વગેરે ભૂંડની ધારા તોડીને મનુષ્યની વિજાતીય ધારા ઉત્પન્ન કરી શકતો નથી. કેમકે ભાવાત્મક વસ્તુ હોય તે જ ઉત્પન્ન (જન્ય) થાય. સંતાન તો કાલ્પનિક છે માટે શશશૃઙ્ગવત્ અસત્ છે એ શી રીતે ઉત્પન્ન થાય?

ટૂંકમાં જે કાલ્પનિક (સાંવૃત) હોય તે જન્ય ન બને કેમકે જન્ય તો ભાવાત્મક વસ્તુ જ બને. [૧૧૩]

---

૧૧૩. (૧) દ્વા. દ્વા. ૮-૨૧.
(૨) હારિ. અષ્ટક : ૧૫-૪.

[૩૬૦] नरादिक्षणहेतुश्च, सूकरादेर्न हिंसकः ।
सूकरान्त्यक्षणेनैव, व्यभिचारप्रसङ्गतः ॥३५॥

વળી ભૂંડ મરીને મનુષ્યાદિરૂપે ઉત્પન્ન થાય તે વખતે ભૂંડ–ભૂંડ–ભૂંડની સજાતીય ધારાને તોડીને નર–નર–નર રૂપ વિજાતીય ધારાને શિકારીએ ઉત્પન્ન કરી માટે તે શિકારી હિંસક કહેવાય એમ કહો તો તેનો અર્થ એ થયો કે સૂકરાદિનો હિંસક તે કહેવાય જે નરાદિક્ષણ (પદાર્થ) નો હેતુ બને. હવે આ રીતે તો સૂકરની જે છેલ્લી ક્ષણ છે તે પણ નરાદિની ભાવિ પ્રથમ ક્ષણનો હેતુ છે તો તે પણ હિંસક બની જવાની આપત્તિ આવે. અર્થાત્ હિંસકત્વનો સૂકરાન્ત્યક્ષણમાં અનૈકાન્તિક દોષ આવે. આમ થતાં નરાદિરૂપ સ્વનો, સૂકરાદિરૂપ સ્વ જ હિંસક બની જવાની આપત્તિ આવી. માટે હવે નરાદિક્ષણ (પદાર્થ) નો હેતુ શિકારી હિંસક નહિ કહેવાય.[૧૧૪]

[૩૬૧] अनन्तरक्षणोत्पादे, बुद्धलुब्धकयोस्तुला ।
नैवं तद्विरतिः क्वापि, ततः शास्त्राद्यसङ्गतिः ॥३६॥

બૌદ્ધ:–ભલેને સૂકરની અન્ત્ય ક્ષણ નરાદિક્ષણહેતુ બને અને તેથી તેમાં પણ હિંસકત્વ આવી જતાં સ્વ સ્વનો હિંસક બને, અહીં અમને ઇષ્ટાપત્તિ જ છે. એટલે હવે નરાદિક્ષણહેતુ શિકારી પણ હિંસક તરીકે તો સિદ્ધ થઇ જ ગયો ને ? અમારે તો એટલું જ જોઈએ છે.

---

૧૧૪. (૧) દ્વા. દ્વા. ૮–૨૨.
(૨) હારિ. અષ્ટક : ૧૫–૫

ઉત્તર—જો તેમ કહેશો તો તો તમારા ભગવાન બુદ્ધ પણ હવે તો ભૂંડના હિંસક બની જવાની આપત્તિ આવશે. કેમકે સૂકરની વિજાતીય ધારા રૂપ નરાદિક્ષણને ઉત્પન્ન કરવામાં જેમ તે ક્ષણની પૂર્વમાં શિકારી છે માટે તે હેતુ બન્યો તેમ તે ક્ષણની પૂર્વમાં ભગવાન બુદ્ધ પણ છે જ. બે યમાં કોઈ વિશેષ નથી. આમ તેઓ પણ સૂકરના હિંસક બની જશે. આ તો તમને ઇષ્ટ નથી જ, એટલે તમે કોઈ રીતે હિંસા પદાર્થ નિશ્ચિત કરી શકતા નથી. જ્યારે 'હિંસા' સિદ્ધ ન થાય ત્યારે હિંસાની વિરતિરૂપ અહિંસા પણ તમે સિદ્ધ કરી શકો તેમ નથી. અને તમે તો તમારા ધર્મ શાસ્ત્રમાં કહ્યું છે કે 'सत्वेऽस्य संति दण्डानां सव्वेसिं जीवितं प्रियं, अत्तानं उपमं कत्ता नेव हन्ने न घातये'। આ શાસ્ત્રની પણ અસંગતિ થઈ જશે.

એટલે એકાન્ત અનિત્યવાદમાં પણ હિંસા સંભવતી નથી. જ્યારે હિંસા જ સંભવતી નથી તો અહિંસા પણ ક્યાંથી સંભવે ?[115]

[३६२] घटन्ते न विनाऽहिंसां, सत्यादीन्यपि तत्त्वतः ।
एतस्या वृत्तिभूतानि, तानि यद्भगवान् जगौ ॥३७॥

આમ જ્યારે અહિંસા (હિંસાવિરતિ) નહિ ઘટે ત્યારે બાકીના સત્યાદિ વ્રતો પણ ઊડી જશે, કેમકે એ બધા તો આ અહિંસાના છોડની વાડસમા છે. એમ ભગવંતે કહ્યું છે.[116]

---

૧૧૫. (૧) દ્વા. દ્વા. : ૮–૨૩. (૨) હારિ અષ્ટક : ૧૫–૬.
૧૧૬. (૧) દ્વા. દ્વા. ૮–૨૪. (૨) હારિ. અષ્ટક. : ૧૫–૮

[૩૬૩] मौनीन्द्रे च प्रवचने, युज्यते सर्वमेत्र हि ।
नित्यानित्ये स्फुटं देहा–द्भिन्नाभिन्ने तथात्मनि ॥३८॥

આમ એકાન્તનિત્યવાદમાં કે એકાંત અનિત્યવાદમાં અહિંસાદિ ઘટી શકતા જ નથી, એ બધું ય શ્રી જિનેશ્વર–દેવના શાસનમાં જ ઘટે છે, કેમકે ત્યાં જ સ્પષ્ટ રીતે આત્માને નિત્યાનિત્ય માન્યો છે તથા દેહથી ભિન્નાભિન્ન માન્યો છે.[૧૧૭]

[૩૬૪] आत्मा द्रव्यार्थतो नित्यः, पर्यायार्थाद्विनश्वरः ।
हिनस्ति हन्यते तत्त–त्फलान्यप्यधिगच्छति ॥३९॥

પ્રશ્ન–એક જ આત્મા નિત્ય પણ હોય અને અનિત્ય પણ હોય ? બે વિરોધી ધર્મ એક જ વસ્તુમાં કેમ ઘટે ?

ઉ–બે વિરોધી ધર્મ એક જ વસ્તુમાં એક જ અપેક્ષાએ બેશક ન ઘટે પણ ભિન્ન ભિન્ન અપેક્ષાએ જરૂર ઘટી શકે. આત્મા દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય છે. આત્મામાં તે તે મનુષ્યાદિ પર્યાયો ઉત્પન્ન થાય છે માટે તે તે મનુષ્યાદિપર્યાયસ્વરૂપ આત્મા નાશ પામે છે માટે આત્મા અનિત્ય છે. પરન્તુ તે વખતે ય શુદ્ધ આત્મદ્રવ્ય તો નાશ પામતું જ નથી માટે આત્મા નિત્ય પણ છે. એટલે હવે આત્મામાં કોઈને હણવાની ક્રિયાનો પર્યાય ઉત્પન્ન થઈ શકે છે અને કોઈથી હણાવવા દ્વારા નાશ પર્યાય પણ ઉત્પન્ન થઈ શકે છે. વળી એ અનિત્ય

૧૧૭. (૧) હારિ અષ્ટક : ૧૬–૧.
(૨) દ્વા. દ્વા. ૮–૨૫.

આત્મા એ હિંસાદિને લીધે તેના ફળરૂપ નારકાદિગતિમાં ગમનક્રિયાવાળો પણ બની શકે છે.[૧૧૮]

[३६५] इह चानुभवः साक्षी, व्यावृत्त्यन्वयगोचरः ।
एकान्तपक्षपातिन्यो, युक्तयस्तु मिथो हताः ॥४०॥

આ વિષયમાં સ્વાનુભવ જ સાક્ષી છે, કેમકે પ્રત્યક્ષથી જ એવું જોવા મળે છે કે જે એક આત્મા કાલે બાળ પર્યાયમાં હતો તે આજે બાળ પર્યાયથી મુક્ત બની (વ્યાવૃત્તિ) યુવા-પર્યાયવાળો થયો. આમ અહીં બાળપર્યાયવાળા આત્માનો નાશ દેખાય છે છતાં બેય અવસ્થામાં આત્મ દ્રવ્ય તો છે જ. (અન્વય) એટલે આત્માનો તો નાશ દેખાતો નથી જ.

આ રીતે એકાન્તનિત્યવાદની અને એકાન્તઅનિત્યવાદની યુક્તિઓ પૂર્વોક્ત રીતે પરસ્પર જ અસંગત બનીને હણાઈ જાય છે.

[३६६] पीडाकर्तृत्वतो देह–व्यापत्त्या दुष्टभावतः ।
त्रिधा–हिंसागमे प्रोक्ता, नहीत्थमपहेतुका ॥४१॥

પ્રશ્ન–જૈનદર્શનમાં પણ આત્માનો સર્વથા નાશ તો છે જ નહિ પછી વાસ્તવિક 'હિંસા' શી રીતે સંભવશે?

ઉ.–જૈનાગમોમાં ૩ પ્રકારની હિંસા કહી છે.

(૧) પીડા કરવાથી. (૨) દેહનો નાશ કરવાથી અને (૩) 'હું બીજાને હણું' ઈત્યાદિ દુષ્ટભાવથી.

---

૧૧૮. દ્વા. દ્વા. ૮–૨૫.ની ટીકા.

આત્માનું સ્વરૂપ પૂર્વોક્ત હોવાથી (ઇત્થં) આ હિંસા કાલ્પનિક નથી કિન્તુ સહેતુક છે.[૧૧૯]

[३६७] हन्तुर्जायते को दोषो, हिंसनीयस्य कर्म्मणि ।
प्रसक्तिस्तदभावे चान्यत्रापीति मुधा वचः ॥४२॥

પ્રશ્ન:—અરે ભાઈ! મરનારનું જ કર્મ રૂઠયું હોય છે તેથી જ તે મરી જાય છે તેમાં મારનારને હિંસાનું પાપ કેમ લાગે! કેમકે તે તો પેલાના કર્મથી પ્રેરાએલો હોવાથી પરાધીન છે. અને જો મરનારના કર્મોદય વિના પણ એક માણસ મરી જતો હોય અને તેની હિંસા બીજાને લાગતી હોય તો તો બાજા બધા ય અહિંસનીય જીવોની હિંસાનું પાપ તેને કેમ ન લાગે? અને જો આમ થાય તો હિંસાની અસંભાવના ક્યાંય નહિ રહે! તો પછી હિંસાની અસંભાવનાનું પ્રતિપાદક વચન નિરર્થક બની જશે.[૧૨૦]

[३६८] हिंस्यकर्मविपाके, यद्दुष्टाशयनिमित्तता ।
हिंसकत्वं न तेनेदं, वैद्यस्य स्याद्रिपोरिव ॥४३॥

જ્યારે મરનારના આયુકર્મના છેલ્લા દલિકોનો ઉદય થવાનો છે ત્યારે મારનારના મનમાં, 'હું આને હણી નાખું' એવો દુષ્ટાશય ઉત્પન્ન થાય છે અને તેથી તેની હિંસા

૧૧૯. (૧) દ્વા. દ્વા. ૮–૨૬
(૨) હારિ. અષ્ટક : ૧૬–૨, ની અવતરણિકા.
૧૨૦. (૧) હારિ. અષ્ટક : ૧૬–૧૨, ૩.
(૨) દ્વા. દ્વા. ૮–૨૬, ૨૭.

કરે છે. આ હિંસામાં (નાશમાં) ભલે પ્રધાન કારણ મરનાર વ્યકિતનો કર્મોદય છે, પણ તે હિંસામાં મારનાર વ્યકિત દુષ્ટાશય દ્વારા નિમિત્ત તો જરૂર બને છે. આ હિંસા પ્રત્યેનો જે નિમિત્તભાવ તે જ હિંસકતા છે. એટલે મારવામાં નિમિત્ત બનતી વ્યકિત હિંસક કહેવાય છે. આમ જ્યારે દુષ્ટાશય દ્વારા થતી હિંસામાં નિમિત્ત બનનાર હિંસક કહેવાય છે માટે જ શત્રુ હિંસક કહેવાય છે પણ તેની જેમ વૈદ્ય હિંસક કહેવાતો નથી, ભલે તે વૈદ્યથી એક માણસની હિંસા થઈ પણ જતી હોય, કેમકે વૈદ્યના અંતરમાં તે વ્યક્તિની હિંસા કરવાનો દુષ્ટાશય નથી. એટલે દુષ્ટાશય દ્વારા તે હિંસામાં નિમિત્ત બનતો નથી.[121]

[૩૬૯] इत्थं सदुपदेशादे–स्तन्निवृत्तिरपि स्फुटा ।
सोपक्रमस्य पापस्य, नाशात्स्वाशयवृद्धितः ॥४४॥

પૂર્વના શ્લોકોમાં બતાવ્યું કે શ્રીજિનશાસનમાં જ 'હિંસા' પદાર્થ ઘટી શકે છે. હવે અહીં 'અહિંસા'ની સિદ્ધિ કરે છે. આત્મા પરિણામી છે માટે તેની 'હિંસા' ઉપપન્ન થઈ તેમ (૧) હિંસા–અહિંસાના હેતુઓના, સ્વરૂપના અને ફળના સદુપદેશાદિથી, (૨) અપવર્તનીય એવા ચારિત્રમોહનીય પાપ કર્મનો નાશ કરવાથી, (૩) અને, 'હું કોઈને ન હણું' એવા શુભાશયની વૃદ્ધિ થવાથી–એમ ૩ રીતે હિંસાથી

૧૨૧. (૧) દ્વા. દ્વા. ૮–૨૮.
(૨) હારિ. અષ્ટક : ૧૬–૩.

નિવૃત્તિ પણ થઈ શકે છે. આ હિંસાનિવૃત્તિ (વિરતી) એ જ અહિંસા છે.[૧૨૨]

[३७०] अपवर्गतरोर्बीजं, मुख्याऽहिंसेयमुच्यते ।
सत्यादीनि व्रतान्यत्र, जायन्ते पल्लवा नवाः ॥४५॥

મોક્ષ વૃક્ષનું બીજ આ અહિંસા છે માટે જ તે નિરૂપચરિત (મુખ્ય) ધર્મ છે. તે બીજથી ઉત્પન્ન થએલા વૃક્ષમાં સત્યાદિ શેષ વ્રતોના અભિનવ પાંદડા ફૂટે છે.[૧૨૩]

[३७१] अहिंसा सम्भवश्चेत्थं दृश्यतेऽत्रैव शासने ।
अनुबन्धादिसंशुद्धि-रप्यत्रैवास्ति वास्तवी ॥४६॥

'દરેક ધર્મમાં અહિંસાનું વિધાન હોવા છતાં કયા ધર્મમાં શુદ્ધ અહિંસા છે? તે વાતનો નિર્ણય સંભવાદિ વિચારણાથી કરવો જોઈએ' એમ પ્રકૃત અધિકારના ૨૧ મા (ક્રમાંક ૩૪૬મા) શ્લોકમાં ગ્રન્થકાર પરમર્ષિએ કહ્યું હતું. ત્યાર પછી એકાન્તનિત્ય આત્મવાદી અને એકાન્ત અનિત્ય આત્મવાદી મતમાં શુદ્ધ અહિંસાનો અસંભવ બતાવીને શ્રી જિનશાસનમાં જ શુદ્ધ અહિંસા સંભવે છે તે વાત સિદ્ધ કરી. એ વાતનો અહીં ઉપસંહાર કર્યો. હવે 'સંભવાદિમાં'

---

૧૨૨. (૧) હારિ. અષ્ટક : ૧૬-૪.
(૨) દ્વા. દ્વા. ૮-૨૯.

૧૨૩. (૧) દ્વા. દ્વા. ૭-૨૮.
(૨) હારિ. અષ્ટક. ૧૬-૫.
(૩) ઓઘનિર્યુક્તિ ગાથા ૭૫૪ ટીકા સાથે.

આદિ પદથી અનુબન્ધ વિગેરે લેવાના છે. તેનો વિચાર રજુ કરે છે. આ શ્લોકના ઉત્તરાર્ધમાં તેઓશ્રી કહે છે કે, 'એ અહિંસાની અનુબંધ શુદ્ધિ વિગેરે પણ અહીં જ–શ્રીજિનશાસનમાં–વાસ્તવિક રીતે ઘટે છે.[૧૨૪]

[૩૭૨] हिंसाया ज्ञानयोगेन सम्यग्दृष्टेर्महात्मनः ।
तप्तलोहपदन्यास–तुल्याया नानुबन्धनम् ॥४७॥

પ્રશ્નઃ–(૧) જૈન શ્રાવકો ઘર બાંધવા વિગેરેની જે અસુંદર પ્રવૃત્તિ કરે છે તેમાં તેમને હિંસા ન લાગે? અને (૨) જે શ્રાવકો સુંદર જિનચૈત્ય બનાવે છે તેમાં તથા (૩) મુનિઓ નદી ઊતરે છે તેમાં તેમને હિંસા લાગે કે નહિ?

આ ત્રણ પ્રશ્નનો ઉત્તર પાંચ શ્લોકથી ગ્રન્થકારશ્રી આપે છે. પ્રસ્તુત શ્લોકમાં પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપતા તેઓ કહે છે કે જે સમ્યગ્દૃષ્ટિ શ્રાવકો વિશિષ્ટ જ્ઞાનવાળા છે તેઓ સંસારમાં જે કાંઈ ઘર બાંધવા વિગેરે પ્રવૃત્તિ કરે છે તે બધી પ્રવૃત્તિ ખૂબ જ દુભાતા હૃદયે, જરા પણ ઠરીઠામ થયા વિના વેઠ ઉતારવાની જેમ તેની પતાવટ કરતા હોય છે. તપેલા લોઢાના પટ્ટા ઉપર જેમ તેની બહુ જ આવશ્યકતા પડે ત્યારે જ પગ મુકાય તે પણ અંતરની જરા ય ઈચ્છા વિના પરાણે જ મુકાય. સમ્યગ્દૃષ્ટિની વધુ નિર્મળ અવસ્થાને પામેલા જીવોની હિંસા પણ આવી જ હોય છે. તેમને પ્રાપ્ત થએલો

---

૧૨૪. (૧) ઉપદેશ રહસ્ય ગાથા ૪ સટીક.
(૨) ૧૫૦ ગાથાનું સ્તવન ૪ થી ઢાળ. ૧૯ થી ૨૨.
(૩) ૩૫૦ ,, ,, ૮ મી ,,

જ્ઞાનયોગ તેમના અંતરને એ હિંસકભાવથી અલિપ્ત રાખે છે. આથી જ એમની એ હિંસાનો અનુબન્ધ (અશુભકર્મ બન્ધની પરંપરા) પડતો નથી. અહીં પરજીવને પીડાકરણ તથા પરદહે-નાશરૂપ બે હિંસા છે પણ ત્રીજા પ્રકારની દુષ્ટાશયરૂપ હિંસા નથી માટે તેનો અનુબન્ધ પડતો નથી. આવા આત્માઓ કાયપાતી હોય છે પરન્તુ ચિત્તપાતી હોતા નથી.[૧૨૫]

[૩૭૩] सतामस्याश्च कस्याश्चिद्—यतनाभक्तिशालिनाम् ।
अनुबन्धो ह्यहिंसाया जिनपूजादिकर्म्मणि ॥४८॥

(૨) જીવોની આ યતનાવાળા તથા વીતરાગદેવ પ્રત્યેની ભક્તિવાળા સમ્યગ્દષ્ટિ જ્ઞાની મહાત્માઓના જિનપૂજાદિ કર્મના વિષયમાં જે કેટલીક હિંસા થાય છે તે હિંસા, તેમની ગૃહા-રંભાદિની હિંસાની જેમ માત્ર નિરનુબન્ધ નથી બનતી કિન્તુ અહિંસાના અનુબન્ધસ્વરૂપ શુભકર્મની પરંપરાને ઉત્પન્ન કરી આપે છે. ટૂંકમાં, આ હિંસાથી પણ અહિંસાનું ફળ મળે છે.[૧૨૬]

[૩૭૪] हिंसानुबन्धिनी हिंसा मिथ्यादृष्टेस्तु दुर्मतेः ।
अज्ञानशक्तियोगेन तस्याऽहिंसाऽपि तादृशी ॥४९॥

પણ દુષ્ટમતિવાળા (એકાન્ત મતિવાળા) મિથ્યાદૃષ્ટિની હિંસા જેમ હિંસાનો અનુબંધ કરનારી છે તેમ તેની અહિંસા પણ હિંસાનો જ અનુબંધ (અશુભકર્મબંધની પરંપરા) પાડ-

૧૨૫. (૧) વંદિત્તાસૂત્ર...સમ્મદિટ્ઠી જીવો...ગાથા.
(૨) દ્વા. દ્વા. ૧૫-૧૧.
૧૨૬. ઉપદેશ રહસ્ય—ગા. ૧૨૭.

નારી બને છે કેમકે તેનામાં અજ્ઞાનનું (વિપરીત જ્ઞાનનું) બળ ખીચોખીચ ભરેલું છે.

[૩૭૫] येन स्यान्निह्नवादीनां दिविषद्दुर्गतिः क्रमात् ।
हिंसैव महती तिर्यङ्–नरकादिर्भवान्तरे ॥५०॥

કેમકે નિહ્નવો અને અભવ્યોના સાધુ જીવનની જે અહિંસા છે તે પણ દેવલોકમાં કિલ્બિષીયા વગેરેના જીવનની દુઃખદાયિની ગતિ આપે છે અને પછીના ભવોમાં તિર્યગ્ ગતિ આદિ દુર્ગતિ આપે છે. આ બધા અશુભ ગતિના અનુબંધ તેમની અહિંસાથી પ્રાપ્ત થયા. અશુભ અનુબંધ પાડે તે અહિંસા, અહિંસા જ નથી એ તો મહા હિંસા જ છે.

[૩૭૬] साधूनामप्रमत्तानां, सा चाऽहिंसानुबन्धिनी ।
हिंसानुबन्धविच्छेदाद्–गुणोत्कर्षो यतस्ततः ॥५१॥

(૩) અપ્રમત્તમુનિઓની નદી ઉતરવા વિગેરેની ક્રિયામાં જે હિંસા છે તે અહિંસાનો જ અનુબન્ધ કરાવે છે. તેમની તે હિંસાથી હિંસાનો અનુબન્ધ પડતો જ નથી. કેમ કે તે હિંસાથી તો ગુણનો જ ઉત્કર્ષ પ્રાપ્ત થાય છે.

[૩૭૭] मुग्धानामियमज्ञत्वात्, सानुबन्धा न कर्हिचित् ।
ज्ञानोद्रेकाप्रमादाभ्या–मस्या यदनुबन्धनम् ॥५२॥

હિંસા પણ અહિંસાના અનુબંધવાળી ત્યારે જ બને જ્યારે તે હિંસા સાથે વિશિષ્ટકોટિનું જ્ઞાન અને અપ્રમત્ત ભાવ ભળ્યાં હોય.

જે મુગ્ધ પુરૂષો છે તેઓ અજ્ઞાની છે માટે તેમની હિંસા ક્યારે પણ અહિંસાના અનુબન્ધવાળી બની શકતી નથી.[૧૨૭]

[૩૭૮] एकस्यामपि हिंसाया–मुक्तं सुमहदन्तरम् ।
भाववीर्यादिवैचित्र्या–दहिंसायां च तत्तथा ॥५३॥

આ ઉપરથી એ વાત પણ ફલિત થાય છે કે એક જ પ્રકારની જીવ હિંસા અનેક માણસો કરે છતાં તે બધી હિંસાથી થતા કર્મબંધ અને તેનાથી નીપજનારા ફળમાં ઘણું મોટું અંતર પડી જાય છે, કેમકે ત્યાં ચિત્તના દુષ્ટ સંક્લેશના અસંખ્ય ભેદો તથા વીર્ય વગેરેનું અલ્પાધિક બળ, તીવ્રતા–મન્દતા, જાણપણું અજાણપણું વિગેરે અનેક હેતુઓ સંભવે છે. અહિંસામાં પણ આ જ અનેક ભેદ પડે છે.[૧૨૮]

[૩૭૯] सद्यः कालान्तरे चैत–द्विपाकेनापि भिन्नता ।
प्रतिपक्षान्तरालेन, तथा शक्तिनियोगतः ॥५४॥

જેમ એક જ પ્રકારની અહિંસાના બંધમાં જેમ ભાવ કે વીર્યાદિની વિચિત્રતાથી ભેદ પડી જાય છે તેમ તેના વિપાકની પ્રાપ્તિથી પણ ભેદ પડે છે. કોઈને તરત જ તેનું ફળ મળે છે તો કોઈને કાલાન્તરે મળે છે. આમ થવાનું એક કારણ એ છે કે હિંસાજનિત કર્મબન્ધ થયા પછી અહિંસા પાળવામાં આવે અને તેનું ફળ પણ ઉદયમાં આવી

---

૧૨૭. જ્ઞાનબિન્દુ પૃ. ૧૩૭अ.

૧૨૮. (૧) તત્ત્વાર્થ સૂત્ર : ૬–૭ (૨) ઓઘનિર્યુક્તિ શ્લોક ૫૨.

જાય અને ત્યાર પછી પૂર્વની હિંસાનું ફળ ઉદયમાં આવે. આમ બને ત્યારે હિંસાનું ફળ કાલાન્તરે આવ્યું. અહીં જો પ્રતિપક્ષીનું વચ્ચે વ્યવધાન ન થાય તો તે હિંસાનું ફળ વહેલું પણ આવી જાય. આ જ વાત અહિંસામાં પણ સમજવી. બીજું કારણ છે હિંસાદિ કર્મબન્ધ વખતે બંધાતો રસ. જો તે અત્યુગ્રરસ (શક્તિ) હોય તો તરત જ ફળ આપે અને અત્યુગ્ર રસ ન હોય તો કાલાન્તરે ફળ આપે.

આમ હિંસા અહિંસાના વિવિધ પ્રકારના બંધથી જેમ ભેદ પડે તેમ તેના વિપાકથી પણ તેમનામાં ભેદ પડે.

[૩૮૦] हिंसाऽप्युत्तरकालीन–विशिष्टगुणसङ्क्रमात् ।
त्यक्ताविध्यनुबन्धत्वा–दहिंसैवातिभक्तितः ॥५५॥

જિનપૂજાદિ ક્રિયાને કારણે થતી જે પુષ્પાદિ જીવ-હિંસા છે તે સ્વરૂપતઃ જીવ હિંસા હોવા છતાં વસ્તુતઃ તો અહિંસા જ છે. કેમકે એ અહિંસા બાદ અતિભક્તિથી જિનેશ્વરદેવની જે અપૂર્વ પૂજા થાય છે તેને કારણે ભક્તિના ઉછાળામાં થઈ જતી અવિધિ પણ નિરનુબન્ધ (અશુભકર્મ બંધને ઉત્પન્ન ન કરતી) બની જાય છે. અને તેથી તે ભક્ત આત્મામાં સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણોનો સંક્રમ થાય છે.[૧૨૯]

[૩૮૧] इदग्भङ्गशतोपेता–ऽहिंसा यत्रोपवर्ण्यते ।
सर्वांशपरिशुद्धं त–त्प्रमाणं जिनशासनम् ॥५६॥

---

૧૨૮. જૈનતર્કપરિભાષા-નિક્ષેપપરિચ્છેદ. भक्त्याऽविधिनाऽपि...

આ રીતે અહિંસાના સેંકડો ભેદો પડે છે. એ ભેદો પૂર્વકની અહિંસાદિનું તથા તેના અનુબંધ વિગેરેનું જે જિનશાસનમાં સુંદર વર્ણન કરવામાં આવ્યું છે તે સર્વ પ્રકારે પરિશુદ્ધ જિનશાસન જ પ્રમાણભૂત છે.

આ રીતે સંભવ, અનુબંધાદિ વિચારણાથી શુદ્ધ અહિંસા જણાવી અને તે શુદ્ધ અહિંસા જિનાગમમાં જ છે માટે તે જિનાગમ પ્રમાણભૂત છે એમ સાબિત કરીને પ્રકૃત અધિકારના ૧૦ મા શ્લોક (ક્રમાંક ૩૩૫) માં જે અન્યોન્યાશ્રય દોષનો ભય ઉપસ્થિત કર્યો હતો તેને દૂર કર્યો. અને 'શ્રી જિનશાસનમાં પ્રામાણ્યનો સ્વીકાર એ જ સમ્યકત્વ' એ વાત સ્થિર કરી દીધી.

[૩૮૨] अर्थोऽयमपरोऽनर्थ, इति निर्द्धारणं हृदि ।
आस्तिक्यं परमं चिह्नं सम्यक्त्वस्य जगुर्जिनाः ॥५७॥

આ શુદ્ધ અહિંસા એ જ તત્વ છે (જુઓ ક્રમાંક શ્લોક ૩૩૧) એનું શ્રદ્ધાન એ જ સમ્યકત્વ છે. આ સમ્યકત્વનું મુખ્ય લક્ષણ આસ્તિકય છે.

આસ્તિકય એટલે જિનોક્ત વચન એ જ અર્થ છે, એ જ પરમાર્થ છે બાકીનું બધું અનર્થરૂપ છે એવો સચોટ અંતરનો નિર્ધાર=વિશ્વાસ=નિશ્ચય.[૧૩૦]

---

૧૩૦. (૧) एस अट्ठे, एस परमट्ठे सेसे अनट्ठे.
(૨) શાસ્ત્રવાર્તા સમુચ્ચય શ્લોક ૭ માની ટીકામાં.

[३८३] शमसम्वेगनिर्वेदा–नुकम्पाभिः परिष्कृतम् ।
दधतामेतदच्छिन्नं, सम्यक्त्वं स्थिरतां व्रजेत् ॥५८॥

શમ સંવેગ નિર્વેદ અને અનુકમ્પારૂપ કાર્યોથી અત્યન્ત નિર્મળ બનતું આ સમ્યકત્વ સતત ધારણ કરવામાં આવે તો જ જીવોમાં તે સ્થિર ભાવ પામે છે.

# મિથ્યાત્વ–ત્યાગ

## ૧૩

જ્યાં સુધી આત્મા મિથ્યાત્વભાવને જલાંજલિ ન આપે ત્યાં સુધી તેનામાં સમ્યક્ત્વભાવ પ્રગટ થાય નહિ.

**મિથ્યાવભાત્વના ૬ સ્વરૂપો છે :**

(૧) આત્મા જેવું દેહથી ભિન્ન સ્વતંત્ર કોઈ તત્વ નથી.

(૨) આત્મા છે પણ તે નિત્ય નથી.

(૩) આત્મા છે, તે નિત્ય પણ છે પરન્તુ કર્મનો કર્તા નથી.

(૪) આત્મા છે, તે નિત્ય છે, કર્મનો કર્તા પણ છે, કર્મનો ભોક્તા નથી.

(૫) આત્માનો મોક્ષ નથી.

(૬) મોક્ષ છે પણ તેના ઉપાયો નથી.

આ છે છ મિથ્યાત્વના સ્થાનો. આ સ્થાનોને ઉલટાવી દઈએ : આત્મા છે, તે નિત્ય છે ઈત્યાદિ સ્વરૂપે પલટી નાખીએ : તો આ ૬ ય સમ્યક્ત્વના સ્થાનો બની જાય.

સદા ભાવિત કરતો રાખીએ આત્માને સમ્યક્ત્વના ષટ્સ્થાનની ભાવનાથી;

## 卐 મિથ્યાત્વ–ત્યાગ 卐

[૩૮૪] मिथ्यात्वत्यागतः शुद्धं, सम्यक्त्वं जायतेऽङ्गिनाम् ।
अतस्तत्परिहाराय, यतितव्यं महात्मना ॥ १ ॥

મિથ્યાત્વભાવનો ત્યાગ થયા પછી આત્માને શુદ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય.

એટલે પહેલા મિથ્યાત્વના ત્યાગ માટે મહાત્મા પુરુષે પ્રયત્ન કરવો જોઈએ.

[૩૮૫] नास्ति[१], नित्यो न[२], कर्ता च न[३], भोक्तात्मा[४] न निर्वृतः[५] ।
तदुपायश्च नेत्याहु[६]–र्मिथ्यात्वस्य पदानि षट् ॥ २ ॥

મિથ્યાત્વના ૬ સ્થાનો છે :– ( મિથ્યાત્વના અધ્યવસાયના ૬ સ્વરૂપો છે. )

૧. **આત્મા એકાન્તે નથી.**

પંચભૂતથી વ્યતિરિક્ત–ભવાન્તરમાં જનારો–કોઇ સ્વતન્ત્ર આત્મા નથી. ચાર્વાકમત

૨. આત્મા તો છે, પણ તે **નિત્ય નથીઃ** ક્ષણિક છે : બૌદ્ધમત

૩. આત્મા નિત્ય પણ છે, પરંપરયા ભોક્તા છે કિન્તુ **કર્તા નથી.** સાંખ્યમત

૪. નિત્યાત્મા કર્તા તો નથી કિન્તુ **ભોક્તા** પણ **નથી** :

પ્રકૃતિની જેમ આત્મા કર્તા–ભોક્તા હોઈ શકે નહિ. સાંખ્યમત

અથવા નિત્યાત્મા કર્તા છે પણ **ભોક્તા નથી** : કેમકે કાર્ય કરીને બીજી જ ક્ષણે નાશ પામી જાય છે. બૌદ્ધમત

૫. **મોક્ષ નથી.**

આત્મા કર્મથી બંધાતો જ નથી પછી કર્મના મોક્ષની વાત જ ક્યાં રહી? અથવા રાગાદિ સ્વરૂપ આત્મા છે. આત્મા નિત્ય છે માટે રાગાદિ પણ નિત્ય જ થયા. એટલે રાગાદિથી આત્માનો મોક્ષ નથી. યાજ્ઞિકમત

૬. મોક્ષ તો છે પણ **મોક્ષના ઉપાય નથી.** કશા ય હેતુ વિના જ અકસ્માત્ મોક્ષ થઈ જાય છે.[૧૩૨] માણ્ડલિકમત

[૩૮૬] एतैर्यस्माद्भवेच्छुद्ध – व्यवहारविलङ्घनम् ।
अयमेव च मिथ्यात्व–ध्वंसी सदुपदेशतः ॥ ३ ॥

'આત્મા નથી' વિગેરે પૂર્વોક્ત પદો, દાનાદિના તથા ઉપદેશાદિના શુદ્ધ (શુભ) વ્યવહારનું ઉલ્લંઘન કરે છે, કેમ કે જો આત્મા જ ન હોય તો દાનાદિ ધર્મો શા માટે? ઉપદેશ શા માટે?

જો પૂર્વશ્લોકોક્ત આત્મા વિગેરેની બાબતો સત્ છે એવો ઉપદેશ આપીએ (સદુપદેશતઃ) અર્થાત્ આત્મા છે, તે નિત્ય પણ છે....વિગેરે પદોની યોજના કરીએ તો જ આ દાન ઉપદેશાદિ શુદ્ધ વ્યવહારો યોગ્ય ઠરે. તેથી જીવો તેનું પાલન કરે અને તેથી તેમના મિથ્યાત્વનો ધ્વંસ થાય.

૧૩૨. સમ્મતિ તર્ક : ૩–૫૪.

ટૂંકમાં દાનાદિ વ્યવહારોનો નાશ કરતા 'આત્મા નથી' વિગેરે પદો મિથ્યાત્વભાવથી વાસિત છે; અને દાનાદિ વ્યવહારોને ઉપપન્ન કરતા (યુક્તિયુક્ત ઠરાવતા) 'આત્મા છે' વિગેરે પદો એ મિથ્યાત્વભાવના નાશક છે એમ કહેવું જોઈએ.

[૩૮૭] नास्तित्वादिग्रहे नवो–पदेशो नोपदेशकः ।
तत: कस्योपकार: स्या–त्सन्देहादिव्युदासतः ॥४॥

પૂર્વોક્ત શુદ્ધ વ્યવહારલોપની વાત અહીં સ્પષ્ટ કરતા ગ્રન્થકારશ્રી કહે છે કે જો 'આત્મા એકાન્તે નથી' વિગેરે વાતોનો જ આગ્રહ હોય તો ધર્મનો ઉપદેશ શું ? ઉપદેશક કોણ ? ધર્મના ઉપદેશ વિના ભવ ભ્રમણ કરતા જીવો ઉપર ઉપકાર શી રીતે સંભવે ? કેમકે ઉપકાર તો તે જીવોના આત્માદિ સંબંધિત સંશયોને દૂર કરવાના ઉપદેશ દ્વારા થાય છે.

[૩૮૮] येषां निश्चय एवेष्टो, व्यवहारस्तु सङ्गतः ।
विप्राणां म्लेच्छभाषेव, स्वार्थमात्रोपदेशनात् ॥५॥

[૩૮૯] यथा केवलमात्मानं जानानः श्रुतकेवली ।
श्रुतेन, निश्चयात्सर्वं श्रुतं च व्यवहारतः ॥६॥

[૩૯૦] निश्चयार्थोऽत्र नो साक्षाद्वक्तुं केनापि पार्यते ।
व्यवहारो गुणद्वारा तदर्थावगमक्षमः ॥७॥

[૩૯૧] प्राधान्यं व्यवहारे चेत्, तत्तेषां निश्चये कथम् ।
परार्थस्वार्थते तुल्ये शब्दज्ञानात्मनोर्द्वयोः ॥८॥

પ્રકૃત ચાર શ્લોકમાં નિશ્ચયનયવાદીનો અભિપ્રાય રજૂ કરવામાં આવ્યો છે અને ચોથા શ્લોકના બીજા ચરણથી નિશ્ચયનયવાદીના અભિપ્રાયનું ખંડન કરીને વ્યવહારનયનું સમર્થન કરવામાં આવ્યું છે.

પૂર્વના શ્લોકોમાં ગ્રન્થકારશ્રીએ 'શુદ્ધ વ્યવહાર જ મિથ્યાત્વનો ધ્વંસ કરે છે' એ વાત કરી.

હવે એની સામે વ્યવહારને જ નહિ માનતો એકાન્ત નિશ્ચયનયવાદી અહીં કહે છે કે, "અમને તો નિશ્ચયનય જ ઇષ્ટ છે. વ્યવહાર તો નિશ્ચયના અર્થનો ઉપદેશ કરવા પૂરતો જ હજી કદાચ ઉપયોગી (સંગત) ગણાય. તે આ રીતે :–'ब्राह्मणो न म्लेच्छितव्यः' એ વચનથી નક્કી થાય છે કે બ્રાહ્મણ મ્લેચ્છભાષા બોલે જ નહિ. પણ જ્યારે સ્વભાષા (સંસ્કૃત) થી સામી મ્લેચ્છ વ્યક્તિને પોતાના અંતરનો અભિપ્રાય તે સમજાવી શકે તેમ જ ન હોય ત્યારે પોતાના અંતરની વાત જણાવવા માટે જ તે મ્લેચ્છભાષાનો ઉપયોગ કરે. આમ વ્યવહાર નય નિશ્ચયાર્થ સમજાવવા પૂરતો ઉપયોગી બને." આગળ વધતાં પોતાની વાતના સમર્થનમાં નિશ્ચય-નયવાદી એક દૃષ્ટાન્ત આપીને કહે છે કે શ્રુતકેવલી કોને કહેવાય ? અર્થાત્ શ્રુતકેવલિત્વ એ શું પદાર્થ છે ? એવો પ્રશ્ન થાય તો નિશ્ચયનય તો એમ જ કહે કે, 'શ્રુતજ્ઞાનના બળથી જે આત્મા સમ્પૂર્ણ (કેવળ) આત્માને જાણે તે શ્રુતકેવલી કહેવાય.' હવે શ્રુતકેવલી પદાર્થનું આ જે શુદ્ધ સ્વરૂપ છે તેનું પ્રતિપાદન કરવાનું તો શક્ય જ નથી કેમકે

સમ્પૂર્ણ-એક-આત્માને અમુક આત્માએ જાણ્યો એ શી રીતે કહી શકાય? એટલે આત્માથી તેના ગુણસ્વરૂપ શ્રુત-જ્ઞાનનો ભેદ પાડીને વ્યવહારનય એમ કહે કે જે આત્મા સર્વશ્રુત-ચતુર્દશપૂર્વ-ને જાણે તે શ્રુતકેવલી કહેવાય.' હવે આ ભેદપરક પ્રતિપાદન તો શકય છે. એટલે આ રીતે નિશ્ચયાર્થ-શ્રુતકેવલિત્વનો પ્રતિપાદક વ્યવહાર બની શકે છે માટે આટલી અપેક્ષાએ વ્યવહારનયમાં પ્રાધાન્ય માની શકાય, પણ હજી આગળ વધીને નિશ્ચયનય કહે છે કે વસ્તુતઃ તો શ્રુતજ્ઞાનનો ભેદ પાડીને તે શ્રુતજ્ઞાન ગુણ-દ્વારા તે વ્યવહાર નય, નિશ્ચયાર્થનું ભલે પ્રતિપાદન કરે પણ તે શ્રુતજ્ઞાન પણ વીચારીએ તો વસ્તુતઃ આત્મા જ છે. કેમકે ગુણ એ ગુણી સ્વરૂપ જ છે. એટલે વળી એ પ્રતિપાદન નિશ્ચયમાં જ પર્યવસાન પામી જાય છે. માટે છેવટે તો વ્યવહારનયની બિલકુલ ઉપયોગિતા જ નથી એમ અમે (એકાન્ત નિશ્ચયવાદી) માનીએ છીએ."

આના ઉત્તરમાં વ્યવહારનયવાદી કહે છે કે જો આ રીતે વ્યવહારનયને બિલકુલ-ગૌણભાવે પણ-નહિ માનો તો તમારા માનેલા નિશ્ચયનયમાં પ્રાધાન્ય શી રીતે આવશે? કેમકે પ્રાધાન્યભાવ એ ગૌણભાવને સાપેક્ષ વસ્તુ છે. કોઈ ગૌણ હોય તો જ તેની અપેક્ષાએ અમુક પ્રધાન કહેવાય. જો વ્યવહાર ગૌણ પણ ન હોય તો નિશ્ચય કોની અપેક્ષાએ પ્રધાન કહેવાશે?

વળી નિશ્ચય (જ્ઞાનાત્મા=જ્ઞાનસ્વરૂપ) નયના જેટલા સ્વાર્થ છે એ બધા વ્યવહાર (શબ્દાત્મા=શબ્દસ્વરૂપ) નયના

પરાર્થ છે, અને એ જ રીતે વ્યવહારનયના જેટલા સ્વાર્થ છે એ બધા ય નિશ્ચયનના પરાર્થ છે. આમ પ્રત્યેકના સ્વાર્થ અને પરાર્થ તુલ્ય બની જાય છે. એટલે હવે તો જેમ નિશ્ચય નય તેના સ્થાનમાં પ્રધાન બને અને વ્યવહારનય ગૌણ બને, તેમ વ્યવહાર નય પણ પોતાના સ્થાનમાં (નિશ્ચયના સ્વાર્થ જેટલા સ્વાર્થવાળો હોવાથી) પ્રધાન બને અને ત્યાં નિશ્ચય ગૌણ બની જાય. આમ બે ય સ્વસ્થાને અતુલબલી છે, પરસ્થાને તદ્દન નિર્બલ બને છે. માટે ' નિશ્ચય જ છે, વ્યવહાર છે જ નહિ; નિશ્ચય જ સર્વથા પ્રધાન છે વ્યવહાર સર્વથા હેય છે ' એવા વિધાનો ખોટા છે એમ કહેવું જ જોઈએ.[133]

[૩૯૨] प्राधान्याद् व्यवहारस्य, ततस्तच्छेदकारिणाम् ।
मिथ्यात्वरूपतैतेषां, पदानां परिकीर्तिता ॥ ९ ॥

આમ જ્યારે દાનાદિ શુદ્ધ વ્યવહારનું પણ તેના સ્થાનમાં પ્રાધાન્ય છે એ વાત સ્થિર થઈ, ત્યારે તે દાનાદિ વ્યવહારનો જ છેદ કરી નાંખતા પૂર્વોક્ત–'આત્મા એકાન્તે નથી' વિગેરે –૬ ય પદો મિથ્યા સ્વરૂપ બની જાય છે.

---

૧૩૩. (૧) ગુરૂતત્વ વિનિશ્ચય–૨૦ મી ગાથાની ટીકા.
(૨) પ્રવચનસાર જ્ઞાન–તત્વાધિકાર ૩૩ મો શ્લોક.
(૩) સમયસાર શ્લોક ૯, ૧૦ વિગેરે.
(૪) આચારાંગ વૃત્તિ ૫ મું અધ્યયન, ૫ મો ઉદ્દેશો. ૧૬૫ મું સૂત્ર.
(૫) ગુરૂતત્વવિનિ. ૩૬ મી ગાથાની ટીકા.

[૩૯૩] नास्त्येवात्मेति चार्वाकः, प्रत्यक्षानुपलम्भतः ।
अहंताव्यपदेशस्य, शरीरेणोपपत्तितः ॥१०॥

હવે ગ્રન્થકારશ્રી 'આત્મા એકાન્તે નથી' એવું મન્તવ્ય ધરાવતા ચાર્વાક મતનું પ્રતિપાદન અને તેનું ખંડન ૨૧ શ્લોકમાં રજુ કરે છે.

## (૧) સ્વતન્ત્ર આત્મા (એકાન્તે) નથી :-

**ચાર્વાક મત પ્રતિપાદનઃ**—આત્મા જેવી કોઈ વસ્તુ જ નથી. જો હોત તો તે પ્રત્યક્ષ દેખાત. પ્રત્યક્ષથી આત્મા દેખાતો નથી માટે તે નથી.

જૈન—अहं सुखी, अहं दुःखी ઈત્યાદિ જે અનુભવ થાય છે તેમાં 'अहं' થી વાચ્ય પદાર્થ કોણ લેવો? અમે તો કહીએ છીએ કે તે 'अहं' એ જ આત્મા પદાર્થ.

ચાર્વાકઃ—નહિ, 'अहं' થી શરીર જ લઈ શકાય. 'अहं सुखी' એટલે હું જે શરીર તે સુખી..

[૩૯૪] मद्याङ्गेभ्यो मदव्यक्तिः, प्रत्येकमसती यथा ।
मिलितेभ्यो हि भूतेभ्यो, ज्ञानव्यक्तिस्तथा मता ॥११॥

જેમાંથી દારૂ બને છે તે ધાતકીપુષ્પ, ગોળ, પાણી વિગેરે વસ્તુઓને જુદી જુદી ખાવામાં આવે તો તેમાંથી નશો ઉત્પન્ન થતો નથી, પણ તે બધા ય ભેગા કરીને ખાવામાં આવે તો બેશક મદ ઉત્પન્ન થઈ જાય છે. આ જ રીતે પૃથ્વ્યાદિ પાંચ ભૂતમાંથી કોઈ પણ એકમાં 'अहं सुखी' ઈત્યાદિ જ્ઞાન (ચૈતન્ય) ન હોવા છતાં તે પાંચેયનું ઉચિત

મિલાન થતા-તેના બનેલા પિણ્ડરૂપ શરીરમાં 'अहं सुखी' વિગેરે જ્ઞાનાત્મક ચૈતન્ય ઉત્પન્ન થઈ જાય છે. આમ પાંચ ભૂતોના સમૂહમાં જ ચૈતન્ય છે એ પંચભૂત એ જ આત્મા (ચેતન) છે એનાથી અતિરિક્ત આત્મા સિદ્ધ થતો નથી.[૧૩૪]

[૩૯૫] राजरङ्कादिवैचित्र्यमपि नाऽऽत्मबलाहितम् ।
स्वाभाविकस्य भेदस्य, ग्रावादिष्वपि दर्शनात् ॥१२॥

જૈન-જો તમે પાંચભૂતમાં ચૈતન્ય માનશો અને તેમ-નાથી તદ્દન સ્વતન્ત્ર એવી આત્મા જેવી કોઈ વસ્તુને નહિ માનો તો તે આત્મા ઉપર અમારા મતે જે કર્મ ચોંટે છે તે પણ તમે નહિ જ માનો ને? હવે જો 'કર્મ' જેવી ચીજ ન હોય તો અમે તમને પૂછીએ છીએ કે કોઈ રાજા, કોઈ રંક વિગેરે વિચિત્રતા કોના કારણે છે?

ચાર્વાકઃ-રંક, રાજા આદિમાં જે વૈચિત્ર્ય છે તે તેવા તેવા કર્મવાળા આત્માને કારણે છે જ નહિ. એ તો જેમ પાષાણમાં કોઈ લીસ્સો મજાનો છે, કોઈ ખરબચડો-જોવો ય ન ગમે તેવો-છે, આ બધું વૈચિત્ર્ય જેમ કુદરતી છે, ત્યાં જેમ કર્મ જેવું કોઈ કારણ કામ કરતું નથી તેમ આ રંક, રાજાની વિચિત્રતાઓ પણ તદ્દન સ્વાભાવિક છે. એમાં કર્મ જેવું કોઈ કારણ માનવાની જરૂર નથી. અને તેથી તે કર્મવાળા સ્વતન્ત્ર (દેહથી ભિન્ન) આત્માને માનવાની પણ કશી જરૂર નથી.

---

૧૩૪. (૧) વિ. આવ. ભાષ્ય-૧૬૫૧.
(૨) ષડ્દર્શન સમુચ્ચય ગુણરત્નસૂરિ ટીકા-૮૪.

આમ જેમ પ્રત્યક્ષથી આત્મા સિદ્ધ નથી તેમ જગતની વિચિત્રતાઓથી કર્મનું; અને તે કર્મથી આત્માનું અનુમાન પણ થઈ શકતું નથી...એટલે કે, અનુમાન પ્રમાણથી પણ આત્મા સિદ્ધ થતો નથી.

[३९६] वाक्यैर्न गम्यते चात्मा, परस्परविरोधिभिः ।
दृष्टवान्न च कोऽप्येनं, प्रमाणं यद्वचो भवेत् ॥१३॥

વળી આગમ પ્રમાણથી પણ આત્મા સિદ્ધ થતો નથી. કેમકે આત્મા અંગે જુદા જુદા શાસ્ત્રોમાં પરસ્પર વિરોધી વાતો કરી છે. જુઓ, ભટ્ટ કહે છે કે, "પાણીના પરપોટા જેવો આત્મા ભૂતમાંથી ઉત્પન્ન થયો છે અને તેમાં જ મળી જવાનો છે, પરલોક જેવું કાંઈ છે જ નહિ." વેદમાં કહ્યું છે કે, 'આત્મા નિત્ય છે, તે સ્વર્ગાદિ પરલોકમાં જાય છે; માટે સ્વર્ગાદિના અભિલાષુકે અગ્નિહોત્ર યજ્ઞ કરવો.' હવે આમાં શું માનવું? આવા વિરૂદ્ધાર્થનું પ્રતિપાદન કરતા જુદા જુદા આગમોને પ્રમાણભૂત કેમ મનાય?

વળી આવા આત્માને કોઈ આગમ પ્રણેતાએ જોયો તો છે જ નહિ. હા...જો જોયો હોત તો તેમનું વચન પ્રમાણભૂત બની શકત.[૧૩૫]

[३९७] आत्मानं परलोकं च, क्रियां च विविधां वदन् ।
भोगेभ्यो भ्रंशयत्युच्चैर्लोकचित्तं प्रतारकः ॥१४॥

સ્વતન્ત્ર આત્માની વાતો કરનારા ઠગારા માણસો! રે!

૧૩૫. વિ. આવ. ભાષ્ય–૧૫૫૩.

લોકોના ચિત્તને ભોગોથી સર્વથા ભ્રષ્ટ કરી દે છે, કેમકે તેઓ સ્વતન્ત્ર આત્માની વાતો કરે છે, અને એ આત્માના સ્વર્ગ નારકાદિ પરલોકની પણ વાતો કરે છે અને પછી એ પરલોકમાં સુખી થવા માટે ત્યાગ, તપ વિગેરે ધર્મો કરવાનું કહે છે![૧૩૬]

[૩૯૮] त्याज्यास्तन्नैहिकाः कामाः, कार्या नानागतस्पृहाः।
भस्मीभूतेषु भूतेषु, वृथा प्रत्यागतिस्पृहा ॥१५॥

એટલે અમારો તો એ સ્પષ્ટ અભિપ્રાય છે કે 'આત્મા, પરલોક જેવું કશું છે જ નહિ માટે કોઈએ ઐહિક સુખોને છોડવા નહિ, પરલોકના ભાવી સુખોની ભ્રાન્ત કલ્પનાઓમાં રાચવું માચવું નહિ. પાંચભૂતોની ભસ્મ થઈ જતાં તત્સ્વરૂપ આત્મા પણ ભસ્મ જ બની જવાનો છે, પછી ફરી મનુષ્યાદિ સદ્ગતિ પ્રાપ્ત કરવાની આશા રાખવી એ તો નરી મૂર્ખતા છે!'[૧૩૭]

[૩૯૯] तदेतद्दर्शनं मिथ्या, जीवः प्रत्यक्ष एव यत्।
गुणानां संशयादीनां, प्रत्यक्षाणामभेदतः ॥१६॥

**ચાર્વાકમત ખંડન:-**

જૈન:-આ ચાર્વાક દર્શનની બધી જ વાતો ખોટી છે.

અમે કહીએ છીએ કે આત્મા છે અને તે પ્રત્યક્ષાદિ તમામ પ્રમાણોથી સારી રીતે સાબિત થાય છે.

---

૧૩૬. ષડ્દર્શનસમુચ્ચય ગુણરત્નસૂરિ ટીકા-૮૫.

૧૩૭. ષડ્દર્શનસમુચ્ચય-૮૨.

જુઓ, આત્મા પ્રત્યક્ષ છે કેમકે તેના જે સંશયાદિજ્ઞાન સ્વરૂપ ગુણો છે તે પ્રત્યક્ષ જ છે. ગુણનો ગુણીથી કથંચિત્ અભેદ હોય છે. માટે જો આત્માનો જ્ઞાનગુણ પ્રત્યક્ષ છે તો ગુણી એવો આત્મા પણ કથંચિત્ પ્રત્યક્ષ છે જ.

પ્રશ્ન–એ જ્ઞાન ગુણ દેહાદિનો જ માની લેવામાં શું વાંધો છે?

ઉ–દેહાદિ અજીવમાં જ્ઞાનાદિ ગુણો રહી શકે જ નહિ. જો તેમ થાય તો નિર્જીવ મડદાને પણ જ્ઞાન હોવાની આપત્તિ આવે. શું મડદામાં કોઈ દી' 'કોઈએ જ્ઞાન જોયું છે ખરૂં ?' માટે જ્ઞાનને તો દેહથી ભિન્ન એવા આત્મ દ્રવ્યનો જ ગુણ માનવો જોઈશે.[138]

[૪૦૦] न चाहम्प्रत्ययादीनां, शरीरस्यैव धर्मता ।
नेत्रादिग्राह्यतापत्तेर्नियतं गौरतादिवत् ॥१७॥

વળી તમે ચાર્વાકોએ કહ્યું કે 'अहं' પદથી શરીરને જ લેવાનુ" તે વાત પણ બરોબર નથી. જો આ રીતે अहं એ શરીર હોય અને તેથી અહંતા એ શરીરનો ધર્મ માનો તો તેનું નેત્રાદિ ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ થવાની આપત્તિ આવે. ગુરૂતા, લઘુતા, ગૌરતા વિગેરે શરીરના ધર્મો છે. જે શરીરના ધર્મો છે તે બધા નેત્રાદિ ઈન્દ્રિયોથી અનુભવાય છે (પ્રત્યક્ષ થાય છે.) હવે જો અહંતા પણ શરીરનો ધર્મ હોય તો તે પણ નેત્રાદિ ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ થવો

૧૩૮. વિ. આવ. ભાષ્ય–૧૫૫૪.

જોઈએ. પણ તેમ તો થતું નથી. માટે અહંતા એ શરીર ધર્મ માની શકાય નહિ, એટલે કે 'अहं सुखी' એવા વાક્યમાં જે अहं પદ છે તે શરીરનું વાચક ન મનાય માટે શરીરથી અતિરિક્ત કોઈ દ્રવ્યને જ 'અહં' પદનું વાચ્ય માનવું જોઈશે. એ દ્રવ્ય તે જ આત્મા છે.

[૪૦૧] शरीरस्यैव चाऽऽत्मत्वे, नाऽऽनुभूतस्मृतिर्भवेत् ।
बालत्वादिदशाभेदा – त्तस्यैकस्याऽनवस्थितेः ॥१८॥

વળી જો શરીરને જ આત્મા માનશો તો બાલ્યકાળમાં જે વસ્તુને જોવા વિગેરેનો બાળકે અનુભવ કર્યો તે અનુભવનું સ્મરણ તેને યુવાવસ્થામાં નહિ થવાની આપત્તિ આવશે. કેમ કે એવો નિયમ છે કે જે અનુભવે તે જ તેનું સ્મરણ કરે.

પ્રઃ-આવો નિયમ શા માટે માનવો જોઈએ?

ઉઃ-આ નિયમ ન માનો તો યજ્ઞદત્તે કેરીના રસનો આસ્વાદ અનુભવ્યો અને મિત્રદત્તને તે રસના અનુભવનું સ્મરણ થવાની આપત્તિ આવે. એટલે આ નિયમ તો માનવો જ જોઈએ કે જે જેને અનુભવે તે જ તેનું સ્મરણ કરે.

હવે બાલ્યાવસ્થાનું જે શરીર છે તે તો યુવાવસ્થામાં નથી જ; કેમકે શરીરમાં તો પ્રતિક્ષણ કેટલાક પુદ્ગલોનો નાશ અને નવા કેટલાક પુદ્ગલોનું મિલાન થયા જ કરે છે. એટલે બાલ્યાવસ્થાના શરીરસ્વરૂપ તમે માનેલો આત્મા જુદો છે અને યુવાવસ્થાના શરીરરૂપ આત્મા જુદો જ છે. હવે બાલ્યશરીરાત્માએ જે અનુભવ કર્યો તેનું સ્મરણ

યુવાશરીરાત્મા તો ન જ કરી શકે ને? આ આપત્તિ દૂર કરવા માટે બાલ્યશરીર અને યુવાશરીર–બેયથી ભિન્ન–અને બેયમાં રહેનારો–એક જ સ્વતન્ત્ર આત્મા તમારે માનવો જ પડશે. એ આત્માએ જ બાલ્યશરીરમાં રહીને એક વસ્તુનો અનુભવ કર્યો છે અને એ જ આત્મા યુવાશરીરમાં રહીને એ વસ્તુનું સ્મરણ કરે છે.

[૪૦૨] नात्माङ्गं, विगमेऽप्यस्य तल्लब्धानुस्मृतिर्यतः ।
व्यये गृहगवाक्षस्य, तल्लब्धार्थाधिगन्तृवत् ॥१०॥

પ્રશ્ન–શરીર ભલે આત્મા ન હોય પણ શરીરનું ચક્ષુરાદિ ઈન્દ્રિયરૂપ એકાદ અંગ આત્મા છે એવું અમારું મન્તવ્ય હોય તો કેમ?

જૈન–નહિ શરીરનું ચક્ષુરાદિ અંગ પણ આત્મા પદાર્થ ન કહી શકાય. કેમકે તે અંગનો નાશ થઈ ગયા પછી પણ તે વ્યક્તિને તે અંગથી અનુભવેલી વસ્તુનું સ્મરણ થાય જ છે. જેમ એક મહેલના પાંચ ઝરૂખા છે. તેમાંના એક ઝરૂખે બેસીને રાજા અમુક વસ્તુ જુવે છે. ત્યારબાદ અકસ્માત્ તે ઝરૂખો તૂટી પડે છે. કિન્તુ તે પછી પણ તે ઝરૂખાથી જે દૃશ્યને ચક્ષુથી જોવારૂપે અનુભવ્યું હતું તેનું સ્મરણ તે રાજાને થાય જ છે. આ જ રીતે પ્રસ્તુતમાં પણ બને છે. હવે જો ચક્ષુરાદિ ઈન્દ્રિયાત્મક અંગ જ આત્મા હોત તો તેનો નાશ થઈ ગયા પછી તે ઈન્દ્રિયે અનુભવેલાનું સ્મરણ થઈ શકત જ નહિ. પરન્તુ સ્મરણ તો થાય છે માટે તે

ચક્ષુરાદિ અંગ એ પણ આત્મા નથી. એટલે આત્મા તો તેનાથી અતિરિક્ત સ્વતન્ત્ર દ્રવ્ય છે એમ જ માનવું જોઈએ.[૧૩૯]

[૪૦૩] न दोषः कारणात्कार्ये वासनासङ्क्रमाच्च, न ।
भ्रूणस्य स्मरणापत्ते-रम्बानुभवसङ्क्रमात् ॥२०॥

પૂર્વપક્ષ :–આ દોષ નહિ આવે. અમે કહીશું કે ભલે ચક્ષુ, હસ્ત વિગેરે અંગ નષ્ટ થઈ ગયું પણ તેણે જે અનુભવ્યું હતું, તેની જે વાસના તેનામાં પડી હતી તે વાસનાનો દેહમાં સંક્રમ થઈ જાય છે અને તેથી દેહસ્વરૂપ આત્માને ઈન્દ્રિયાદિએ અનુભવેલા પદાર્થનું સ્મરણ થઇ શકે છે. કારણની વાસનાનો કાર્યમાં સંક્રમ જરૂર થઈ શકે છે. કારણ છે હસ્તાદિ અંગ, અને કાર્ય છે અંગી શરીર (પંચભૂતસમુદાય).

જૈન–તેમ કહેશો તો તો કારણ છે માતા, અને કાર્ય છે ગર્ભસ્થ બાળક. હવે માતાએ ચક્ષુરાદિથી જે અનુભવ્યું તેની વાસના (સંસ્કાર) તે માતાના શરીરમાં પડી. અને તે વાસનાનો, કાર્ય સ્વરૂપ બાળકમાં સંક્રમ થઇ જશે. જો આમ થાય તો માતાએ અનુભવેલી વસ્તુનું સ્મરણ ગર્ભસ્થ બાળકને થઈ જવાની આપત્તિ આવશે. માટે વાસનાસંક્રમની વાતો કરીને તમે ઉક્ત દોષનું નીવારણ કરી શકતા નથી.

[૪૦૪] नोपादानादुपादेय-वासना, स्थैर्यदर्शने ।
करादेरतथात्वेनायोग्यत्वाप्तेरणुस्थितौ ॥२१॥

ભૂતચૈતન્યવાદી :–માતાએ અનુભવેલાની વાસનાનો સંક્રમ

૧૩૯. વિ. આવ. ભાષ્ય શ્લો. ૧૫૬૨ની ટીકા.

પુત્રમાં થવાની આપત્તિ તો નહિ આવે કેમકે ઉપાદાન-ઉપાદેય ભાવનિયામક છે. કહેવાનો આશય એ છે કે માત્ર કાર્ય-કારણભાવ જ્યાં હોય ત્યાં વાસનાસંક્રમ થાય એમ અમે કહેતા નથી, કિન્તુ જ્યાં કારણ ઉપાદાન તરીકે હોય અને કાર્ય ઉપાદેય તરીકે હોય ત્યાં જ વાસનાસંક્રમ થાય. માતા–બાળક વચ્ચે કાર્યકારણભાવ હોવા છતાં ઉપાદાન ઉપાદેય-ભાવ નથી.

ઉ.–ક્ષણિકતાના દર્શનમાં તો પૂર્વપરમાણુપુંજમાંથી ઉત્તરપરમાણુપુંજની ઉત્પત્તિ થાય એટલે ત્યાં તો તેના ઉપાદાનની વાસનાનો તેના ઉપાદેયમાં સંક્રમ થઈ શકે પણ આપણા સ્થિર પરમાણુવાદ પક્ષમાં આ વાત ઘટે નહિ. કહેવાનો ભાવ એ છે કે પરમાણુઓને જ તત્ત્વ માની લેવાય–અવયવી જેવી કોઈ વસ્તુ માનવામાં ન આવે–અને ઉપાદાન સ્વરૂપ પૂર્વપરમાણુપુંજનો ઉપાદેય, ઉત્તરપરમાણુપુંજ માની લેવામાં આવે અને પછી એમ કહેવાય કે હવે પૂર્વોત્તર-પરમાણુભાવ માતા–બાળકમાં નથી માટે ત્યાં વાસનાસંક્રમની આપત્તિ નથી....' તો તે બરોબર નથી કેમકે સ્થિરપક્ષમાં પરમાણુ તો નિત્ય છે. ત્યાં વળી પરમાણુમાં ઉપાદેયત્વ (ઉપાદાનમાં જન્યત્વ) શી રીતે ઘટે ? જે નિત્ય છે તે ઉપાદેય (જન્ય) શી રીતે બને ?

પૂ. પક્ષ :–ભલે ત્યારે અમે એમ કહીશું કે જ્યાં અવયવ–અવયવીભાવ હોય ત્યાં ઉપાદાન–ઉપાદેયભાવ લેવો અને ત્યાં જ વાસના–સંક્રમ કહેવો. માતા–બાળક વચ્ચે અવયવ–અવયવીભાવ નથી માટે વાસનાસંક્રમની આપત્તિ નહિ આવે.

ઉ.–ભલે, પણ જે કપાઈ ગએલા હસ્ત વિગેરે છે ત્યાં તે હસ્તાદિ એ શરીરનું ઉપાદાન નથી. આમ ત્યાં ઉપાદાન ઉપાદેયભાવ નથી છતાં વિચ્છિન્ન કરાદિએ અનુભવેલાનું ખંડાવયવી–શરીરમાં સ્મરણ થાય જ છે. જ્યાં અવયવ–અવયવી-ભાવ હોય ત્યાંના જ ઉપાદાન ઉપાદેયભાવમાં જો વાસનાસંક્રમનો નિયમ કરો તો અહીં શરીરને વિચ્છિન્નકરાનુભૂતનું અસ્મરણ (સ્મરણ નહિ) થવાની આપત્તિ આવે.

ટૂંકમાં નિત્ય પરમાણુઓ તરીકે જેમની સ્થિતિ છે ત્યાં ઉપાદેયત્વ (ઉપાદાનઉપાદેયભાવ)ની જ અયોગ્યતા છે, અને વિચ્છિન્નકરાદિમાં ખંડ–શરીરનું ઉપાદાનત્વ ન હોવાથી ઉપાદાન–ઉપાદેયભાવ જ નથી. એટલે ત્યાં અસ્મરણાપત્તિ આવે. માટે સ્થૈર્યદર્શનમાં ઉપાદાન–ઉપાદેયભાવને વાસનાસંક્રમનો નિયામક કહી શકાય નહિ. એમ થતાં ફરી માતાના અનુભવની વાસનાનો બાળકમાં સંક્રમ થતાં તેને સ્મરણાપત્તિ આવીને ઊભી જ રહે છે.[૧૪૦]

[૪૦૫] मद्याङ्गेभ्यो मदव्यक्ति–रपि नो मेलकं विना ।
ज्ञानव्यक्तिस्तथा भाव्याऽन्यथा सा सर्वदा भवेत् ॥२२॥

વળી 'મદ્યાંગના સમુદાયમાં મદશક્તિની જેમ પંચભૂતના સમુદાયમાં ચૈતન્યની' તમે જે વાત કરી તે તો બરોબર છે પણ મદિરાના ઉપાદાનરૂપ અંગોના હોવા માત્રથી તેમાં મદ ઉત્પન્ન થઈ જતો નથી અન્યથા હંમેશ કેમ મદ

૧૪૦. ન્યાયકુસુમાંજલિ કારિકા ૧૫મી.

ઉત્પન્ન ન થયા કરે? માટે ત્યાં પણ એ અંગોને મીલાવનાર કોઈ પુરુષની જરૂર તો રહે છે જ. તે જ રીતે પાંચભૂતોને એકઠા કરનાર કોઈ જ્ઞાન (ચેતન) વ્યક્તિની જરૂર રહે જ છે. તે વ્યક્તિ તે જ આત્મા. આમ તમારા જ દૃષ્ટાન્તથી ઉલટી, સ્વતન્ત્ર આત્માની સિદ્ધિ થઈ જાય છે.

[૪૦૬] राजरङ्कादिवैचित्र्य — मप्यात्मकृतकर्मजम् ।
सुखदुःखादिसंवित्ति–विशेषो नान्यथा भवेत् ॥२३॥

વળી તમે 'રાજા રંક વિગેરે વૈચિત્ર્યને સ્વાભાવિક કહ્યું' તે ય બરોબર નથી. કેમકે જો આ વિચિત્રતા પાછળ કોઈ હેતુ જ ન હોય તો જગતના સઘળા ય માણસો રાજા કેમ ન હોય? અથવા બધાય રંક કેમ ન હોય? આવું તો છે નહિ. માટે જ વિચિત્રકાર્યનું વિચિત્ર કારણ માનવું જ જોઈએ. એ કારણ તે જ કર્મ....જેવું જેનું કર્મ, તેવું તેનું ફળ.

હવે આ કર્મ તો પૂર્વે જણાવ્યા મુજબ શરીરમાં સંભવી શકતું નથી, માટે તેના આધાર તરીકે શરીરથી ભિન્ન આત્માને માનવો જ પડશે.

જો આમ ન માનીએ તો ભિન્ન ભિન્ન જીવોને જે સુખદુઃખાદિની ચિત્રવિચિત્ર અનુભૂતિઓ થાય છે તે ઘટી શકશે નહિ. માટે સુખાદિની વિચિત્ર અનુભૂતિથી કર્મનું અનુમાન કરવું જોઈએ અને તે કર્મના આધાર તરીકે આત્મા સિદ્ધ થઈ જ જાય છે.[૧૪૧]

---

૧૪૧. વિ. આવ. ભાષ્ય શ્લો. ૧૬૧૨, ૧૬૧૩.

[૪૦૭] आगमाद्गम्यते चात्मा, दृष्टेष्टार्थाऽविरोधिनः ।
तद्वक्ता सर्वविच्चैन दृष्टवान्वीतकश्मलः ॥२४॥

વળી, 'આગમોમાં પરસ્પર વિરોધ જણાવીને આગમ પ્રમાણથી આત્મા સિદ્ધ થતો નથી' એમ જે કહ્યું તે પણ ખરેખર નથી. કેમકે જિનોક્ત આગમવચન દૃષ્ટાર્થ અને ઇષ્ટાર્થથી અવિરુદ્ધ છે. સઘળા દૃષ્ટ અર્થ એટલે પ્રત્યક્ષાદિ સર્વપ્રમાણોથી પ્રાપ્ય અર્થ. આગમવચનથી પણ એ જ રીતે એ અર્થ કહ્યો હોય તો તે ઇષ્ટાર્થ પણ કહેવાય. જે વસ્તુ જેવી દેખાય તે વસ્તુ તેવી જ શાસ્ત્રોક્ત હોય તો તે વસ્તુ (અર્થ) દૃષ્ટ અને ઇષ્ટ કહેવાય.

દૃષ્ટાર્થ અને ઇષ્ટાર્થના અવિરોધી આગમના વક્તા સર્વજ્ઞ છે. અને એ વીતરાગ પરમાત્માએ આત્માને પ્રત્યક્ષથી જોયો પણ છે. આમ અવિરુદ્ધ એવા જિનાગમ પ્રમાણથી પણ આત્મા સિદ્ધ થઈ જાય છે.[૧૪૨]

[૪૦૮] अभ्रान्तानां च विफला नामुष्मिक्यः प्रवृत्तयः ।
परवञ्चनहेतोः कः स्वात्मानमवसादयेत् ॥२५॥

વળી તમે કહ્યું કે, 'આત્મા વિગેરેની વાતો કરનારા ધૂર્ત છે' આ વાત પણ તદ્દન પાયા વિનાની છે. એ વાતો કહેનારા તો સર્વજ્ઞ હતા અને વીતરાગ હતા. એટલે તેમને પ્રાપ્ત થયેલા જ્ઞાનમાં તેઓ કોઈ પણ ભ્રાન્તિ વિનાના હતા. આવા પરમાત્મા સ્વર્ગ-મોક્ષની સાધક એવી પરલોક સંબં-

૧૪૨. લલિતવિસ્તરા પંજિકાયુતા પૃ. ૬૭અ, ૬૯.

ધિત પ્રવૃત્તિ કરવાનું કહે તે કદી પણ નિષ્ફળ હોય નહિ. વળી જે વીતરાગ હોય તે બીજાઓને ઠગવા માટે કોઈ પ્રયત્ન કરે તે તદ્દન અસંભવિત છે. એવી ઠગબાજીથી કયો આત્મા પોતાને જ ભારે કષ્ટક્રિયાઓમાં ઉતારે!

[૪૦૧] सिद्धिः स्थाण्वादिवद् व्यक्ता, संशयादेव चात्मनः।
असौ खरविषाणादौ, व्यस्तार्थविषयः पुनः ॥२६॥

**જીવના સંદેહથી જીવસિદ્ધિ**:–એવો નિયમ છે કે જેનો સંશય પડે તે વસ્તુ જગતમાં ક્યાંક પણ વિદ્યમાન હોય જ. દૂર રહેલા ઝાડના ઠૂંઠામાં પુરુષનો સંદેહ પડે છે તે જ વાત સાબિત કરે છે કે પુરુષ જેવી વસ્તુ જગતમાં જરૂર વિદ્યમાન છે. જો પુરુષ જેવું દ્રવ્ય ક્યાંય વિદ્યમાન ન હોત તો ઝાડમાં પુરુષનો સંદેહ પડત જ નહિ. એ જ રીતે 'આત્મા છે કે નહિ?' એવો સંદેહ પડે છે, એ જ બતાવી આપે છે કે આત્મા જેવી વસ્તુ સ્વતન્ત્ર રીતે ક્યાંક જરૂર છે.

પ્રશ્ન–તો તો પછી જગતમાં 'ગધેડાનું શિંગડું છે કે નહિ?' એવો સંશય પડે છે એટલે શું હવે એ સંદેહનો વિષય ગધેડાનું શિંગડું, જગતમાં અસ્તિત્વ ધરાવે છે એમ સિદ્ધ થઈ ગયું? ઉ–ના, આ સંદેહનો વિષય ગધેડાનું શિંગડું નથી પરન્તુ (ગધેડાના માથે) શિંગડાનો સમવાય છે. કેમકે ગધેડાને શિંગડું છે કે નહિ? એ પ્રશ્નનો આકાર એ જ થાય છે કે (ગધેડાના માથે) શિંગડાનો સમવાય છે કે નહિ? આમ અહીં શિંગડાના સમવાયનો સંદેહ છે. આ સંદેહનો વિષય શિંગડાનો સમવાય જગતમાં ગાય વિગેરેના

માથે પ્રસિદ્ધ જ છે. खरविषाण છે કે નહિ ? એવા સંદેહના વિષયમાં खर અને विषाण એ બે સમસ્ત પદો છે. અને એ બેને જોડનાર સમવાય એ વ્યસ્તપદ છે કેમકે સમવાયપદ ઉક્ત સમાસના પદ તરીકે જણાતું નથી. આ વ્યસ્તસમવાય પદનો અર્થ સમવાયસંબંધ છે. એટલે અહીં વ્યસ્તાર્થ-વિષાણુ સમવાયસંબંધ-નો સંશય છે માટે આ સંશય વ્યસ્તાર્થ વિષયક સંશય કહેવાય.[૧૪૩]

[૪૧૦] अजीव इति शब्दश्च जीवसत्तानियन्त्रितः ।
असतो न निषेधो यत् संयोगादिनिषेधनात् ॥२७॥

## જીવના નિષેધથી જીવસિદ્ધિ :-

'અજીવ' શબ્દ પણ જીવના અસ્તિત્વને સાબિત કરી આપે છે. જો જીવ અસત્ જ હોત તો તેનો નિષેધ 'અજીવ' એવા પદથી સુચિત કરી શકાત જ નહિ. કોઈ એમ કદી નહિ કહે કે ગધેડાનું શીંગડું દેખાતું નથી' કેમકે ગધેડાનું શીંગડું જ અસત્ છે. અસત્નો નિષેધ હોય નહિ. અર્થાત્ અવિદ્યમાન વસ્તુનો નિષેધ હોઈ શકતો નથી.

પ્રશ્ન-'ખરવિષાણુ નથી' એમ કહીને, આ નિષેધનો વિષય ખરવિષાણુ જગતમાં હસ્તિ ધરાવે છે એમ શું સાબિત થઈ જાય ખરૂં ?

ઉત્તર-'ખરવિષાણુ નથી' એનો અર્થ જ એ છે કે ખરના માથે વિષાણુનો સમવાય સંબંધ નથી. આમ આ

૧૪૩. વિ. આવ. ભાષ્ય : શ્લો. ૧૫૭૧ ૧૫૭૨.

નિષેધનો વિષય 'વિષાણસમવાય બને છે અને તે તો ગાય વિગેરેના માથે હસ્તિ ધરાવે છે જ.

આમ આ શ્લોકમાં બે વાત નક્કી થઈ કે (૧) સત્‌નો જ નિષેધ થાય. જીવ સત્ છે માટે જ 'જીવ નથી' એમ બોલી શકાય છે. (૨) અસત્‌નો નિષેધ થતો નથી. ત્યાં તો સંયોગાદિ સંબંધનો જ નિષેધ થાય છે. ખરવિષાણ નથી એટલે ખરના માથે વિષાણનો સમવાયસંબંધ નથી.

હવે આગામી શ્લોકમાં ગ્રન્થકાર એ વાત બતાવે છે કે સત્‌નો પણ જે નિષેધ થાય છે તે ય વસ્તુતઃ તો ત્યાં સંભવિત સંયોગાદિ સંબંધનો જ નિષેધ થાય છે.

**[૪૧૧] संयोगः समवायश्च सामान्यं च विशिष्टता ।**
**निषिद्ध्यते पदार्थानां त एव न तु सर्वथा ॥२८॥**

વસ્તુતઃ વિદ્યમાન પણ વસ્તુનો સર્વથા નિષેધ થતો નથી કિન્તુ તે વસ્તુના સંયોગ સમવાય, સામાન્ય કે વિશેષનો જ નિષેધ થાય છે.

**સંયોગઃ**—શરીરમાં જીવ નથી એનો અર્થ એ નથી કે જીવનો સર્વથા નિષેધ છે—વિશ્વમાં ક્યાં ય પણ જીવ નથી. 'શરીરમાં જીવનો સંયોગ સંબંધ નથી' એટલો જ એનો અર્થ છે. એથી જ સાબિત થાય છે કે (અભ્યુપગમ-ન્યાયથી) શરીર સિવાય બીજે જીવ જરૂર છે.

**સમવાયઃ**—એ જ રીતે કપાલમાં ઘટ નથી ત્યાં પણ કપાલમાં ઘટનો સમવાય (સંબંધ) નથી એ જ અર્થ થાય

છે. આમ અહીં પણ ઘટનો સર્વથા નિષેધ નથી કિન્તુ ઘટસમવાયનો જ કપાલમાં નિષેધ થયો છે.

**સામાન્ય:**-બીજો ચન્દ્ર આકાશમાં નથી. આ ઉક્તિમાં વિદ્યમાન ચન્દ્ર સિવાયના બધા ચન્દ્રસામાન્યનો નિષેધ કરાય છે, નહિ કે તમામ ચન્દ્રનો સર્વથા નિષેધ થાય છે.

**વિશેષ:**-ઘડા જેવડા મોતી હોતા નથી. અહીં ઘડા કે મોતીનો નિષેધ કરવામાં નથી આવ્યો કિન્તુ મોતીમાં ઘટ જેટલી પ્રમાણુતારૂપ વિશેષનો જ નિષેધ કરાયો છે.

ટૂંકમાં, પદાર્થનો નિષેધ વસ્તુતઃ પદાર્થના સર્વથા નિષેધરૂપ નથી કિન્તુ પદાર્થના તે તે સંયોગાદિનો નિષેધમાં જ પરિણમતો હોય છે.

એટલે દેહમાં આત્મા નથી એ વાકય પણ આત્માનો નિષેધ સાબિત ન કરતાં દેહમાં આત્મસંયોગનો જ નિષેધ કરે છે. અને તેથી (ભલેને હાલ દેહ સિવાય અન્યત્ર) કયાંક તો આત્માનું અસ્તિત્વ સિદ્ધ થઈ જ જાય છે.[૧૪૪]

[૪૧૨] **शुद्धं व्युत्पत्तिमज्जीवपदं सार्थं घटादिवत् ।**
**तदर्थश्च शरीरं नो पर्यायपदभेदतः ॥२९॥**

**જીવપદથી જીવસિદ્ધિ:**-વળી એવો એક નિયમ છે કે કોઈપણ એક પદ જો શુદ્ધ હોય અને વ્યુત્પત્તિવાળું હોય તો તે પદનો અર્થ જગતમાં અવશ્ય હોય. જેમકે ઘટ એ શુદ્ધ પદ છે. સામાસિકપદ અશુદ્ધ કહેવાય છે. સમાસમાં

૧૪૪. વિ. આવ. ભાષ્ય-૧૫૭૪

ન હોય તેવું પદ શુદ્ધ કહેવાય છે. વળી આ ઘટપદ વ્યુત્પત્તિવાળું પણ છે. घटते चेष्टते जलाहरणादिकार्येषु इति घटः એવી તેની વ્યુત્પત્તિ પ્રસિદ્ધ છે. માટે ઘટ પદથી વાચ્ય અર્થ જે ઘટ, તે જગતમાં જરૂર વિદ્યમાન છે,

આ જ રીતે જીવપદ પણ સામાસિકપદ ન હોવાથી શુદ્ધપદ છે અને 'अजीवत् जीवति जीविष्यति' એવી તેની વ્યુત્પત્તિ પણ થાય છે. માટે જીવપદથી વાચ્ય અર્થ જીવ, જગતમાં અવશ્ય છે.

ડિત્થ–ડવિત્થ વગેરે પદો સામાસિકપદ ન હોવાથી ભલે શુદ્ધ છે પરન્તુ તેમની કોઈ વ્યુત્પત્તિ થતી નથી. આ યાદ-ચ્છિક પદો કહેવાય છે. માટે ડિત્થાદિ પદથી વાચ્ય કોઈ અર્થ જગતમાં ન મળે.

શશશૃઙ્ગ પદ વ્યુત્પત્તિવાળું હોવા છતાં સામાસિક હોવાથી શુદ્ધ નથી એટલે તેનાથી વાચ્ય ગધેડાનું શીંગડું પણ જગતમાં ન મળે. જે શુદ્ધ અને વ્યુત્પત્તિમત્ પદ હોય તેનો જ અર્થ જગતમાં વિદ્યમાન હોય. જીવ પદ તેવું જ છે. માટે તેનાથી વાચ્ય અર્થનું જગતમાં અસ્તિત્વ સિદ્ધ થઈ જાય છે.

## દેહ–આત્માના પર્યાયભેદે સ્વતન્ત્ર આત્મસિદ્ધિ :–

પ્ર.–આત્માના હોવામાં તો વાંધો જ નથી પણ તે આત્માથી વાચ્ય જે અર્થ તે શરીર જ છે. તે સિવાય બીજું કોઈ નથી.

ઉ.-નહિ. જો શરીર જ આત્મા હોય તો અભિધાનકોશ વિગેરેમાં શરીર અને આત્મા એ ય પર્યાયવાચી શબ્દો જ કહ્યા હોત. પણ તેમ તો છે નહિ. શરીરના પર્યાયવાચી શબ્દો જુદા છે તેમાં આત્મા કહ્યો નથી. આત્માના પર્યાયવાચી શબ્દોમાં શરીર કહેલ નથી.[૧૪૫]

[૪૧૩] आत्मव्यवस्थितेस्त्याज्यं ततश्चार्वाकदर्शनम् ।
पापाः किलैतदालापाः सद्व्यापारविरोधिनः ॥३०॥

આ રીતે જ્યારે શરીરથી કથંચિત્ભિન્ન સ્વરૂપ-સ્વતન્ત્ર આત્માનું અસ્તિત્વ સિદ્ધ થઈ જાય છે ત્યારે તેનો અપલાપ કરતું ચાર્વાકદર્શન ત્યાજ્ય બની જાય છે.

મોક્ષસાધક સદનુષ્ઠાનોના વિરોધી એ દર્શનના કથનો સ્વરૂપતઃ પાપ છે. એ કથનોને સાંભળવા એ ય પાપ છે. કેમકે એનું ફળ દુર્ગતિના પાપાનુબંધો જ છે.

[૪૧૪] ज्ञानक्षणावलीरूपो, नित्यो नात्मेति सौगताः ।
क्रमाक्रमाभ्यां नित्यत्वे, युज्यतेऽर्थक्रिया नहि ॥३१॥

[૪૧૫] स्वभावहानितोऽध्रौव्यं क्रमेणार्थक्रियाकृतौ ।
अक्रमेण च तद्भावे, युगपत्सर्वसम्भवः ॥३२॥

## (૨) આત્મા નિત્ય નથી :-બૌદ્ધમત પ્રતિપાદન

બૌદ્ધ :-આત્મા દેહથી સ્વતન્ત્ર પદાર્થ છે એ વાત તો

૧૪૫. (૧) વિ. આવ. ભાષ્ય-૧૫૭૫. ૧૫૭૬. (૨) અભિધાન ચિંતામણિ કોષ ૫૬૩, ૫૬૪, ૧૩૬૬.

અમે અવશ્ય માનીએ છીએ પરન્તુ તે આત્માને નિત્ય માનતા નથી. આત્મા તો જ્ઞાનક્ષણાવલિ સ્વરૂપ છે. એટલે કે જ્ઞાન ક્ષણ (પદાર્થ)ની ધારા (સંતાન) સ્વરૂપ આત્મા છે. જે ક્ષણે આ આત્મા ઉત્પન્ન થાય છે તે જ ક્ષણે તેની સ્થિતિ છે બીજી ક્ષણે તો તેનો સંપૂર્ણ નાશ થઈ જાય છે. આમ પ્રતિક્ષણ નવું નવું જ્ઞાન ઉત્પન્ન થતું રહે છે. આવી જે જ્ઞાનક્ષણોની ધારા તે જ આત્મા છે.

આત્માને નિત્ય માનનારાઓને અમે બૌદ્ધો પૂછીએ છીએ કે, 'કહો તમારો નિત્ય આત્મા જે કાર્ય (અર્થક્રિયા) કરે છે તે ક્રમથી કરે છે કે યુગપત્ (અક્રમથી)? જો તમે કહેશો કે ક્રમથી કાર્ય કરે છે તો તો એમ જ થયું ને કે પહેલી ક્ષણે તેનો અમુક કાર્ય કરવાનો જે સ્વભાવ હતો તે નષ્ટ થયો અને બીજી ક્ષણે બીજું કાર્ય કરવાનો સ્વભાવ ઉત્પન્ન થયો. તે પણ પછી નષ્ટ થયો અને ત્રીજી ક્ષણે ત્રીજું કાર્ય કરવાનો સ્વભાવ ઉત્પન્ન થયો. હવે જો આ રીતે પ્રતિપળ સ્વભાવની હાનિ થયા કરે તો આત્મા આપોઆપ ક્ષણિક જ સિદ્ધ થઈ જાય છે. સ્વભાવ નાશ એટલે આત્માનો જ નાશ છે. કેમકે સ્વભાવ વિના વસ્તુનો સદ્ભાવ હોઈ શકતો નથી અને જો નિત્ય આત્મા યુગપત્ કાર્ય કરે જ છે એમ તમે કહો, તો તો પહેલી જ ક્ષણે એક સાથે પૂર્વોક્ત ક્રમા ય ક્રમ વિના–આગળની બધી ક્ષણોના–કાર્ય (અર્થક્રિયા) ત્યાં જ થઈ જવાની આપત્તિ આવે.

આમ ક્રમથી કે અક્રમથી પણ નિત્યાત્મામાં અર્થક્રિયા-

કારિત્વ (કાર્યકારિત્વ) ઘટતું જ નથી. માટે જ આત્માને ક્ષણિક માનવો જોઈએ.[૧૪૬]

[૪૧૬] क्षणिके तु न दोषोऽस्मिन्, कुर्वद्रूपविशेषिते ।
ध्रुवेक्षणोत्थतृष्णाया, निवृत्तेश्च गुणो महान् ॥२३॥

આમ અમે તો આત્માને એકાન્ત ક્ષણિક માનીએ છીએ એટલે અમારે તો પૂર્વોક્ત કોઈ દોષનો સંભવ જ નથી.

પ્ર-શું ક્ષણિક આત્મા પ્રત્યેક પળે કાર્ય કરવાના સ્વભાવવાળો છે?

ઉ-ના. આત્મા કૂર્વદ્રૂપથી વિશિષ્ટ જ્યારે બને ત્યારે જ તે કાર્યોત્પાદ કરે, અન્યથા નહિ. કુર્વદ્રૂપ એટલે કાર્ય કરવાની શક્તિ (અર્થક્રિયા કારિત્વ). જે ક્ષણે અર્થક્રિયા (કાર્ય) થાય તેની પૂર્વક્ષણે (આત્મા) કુર્વદ્રૂપથી વિશિષ્ટ હોય.

વળી આત્માને જેઓ ક્ષણિક નથી માનતા તેમને તો 'હું છું' (अहमस्मि) એવું ધ્રુવ નિરીક્ષણ સ્વરૂપ આત્મદર્શન થવાનું જ. એટલે તેના પુનર્જન્મના હેતુભૂત તૃષ્ણા પણ થવાની. અર્થાત્ તેને આત્મા ઉપર સ્નેહ થવાનો જ. અને તેથી તે આત્મા સુખના સાધનો તરફ દોટ પણ મૂકવાનો.

જો આત્માને ક્ષણિક માનીએ તો 'હું છું' એવું આત્મદર્શન થશે નહિ. તેથી તેની ઉપર સ્નેહ નહિ થાય; તેથી સુખસાધનો પ્રતિ દોટ પણ નહિ મુકાય. આમ નિત્ય આત્મદર્શન, વિરાગનું વિરોધી બને છે. જ્યારે ક્ષણિક

૧૪૬. (૧) દ્વા. દ્વા. ૨૫-૪, ૫. (૨) ષટ્સ્થાન ચોપાઈ-૧૯.

રૂપે આત્માનું દર્શન તો તૃષ્ણાની નિવૃત્તિનો મહાન ગુણ પ્રાપ્ત કરી આપે છે.

[૪૧૭] मिथ्यात्ववृद्धिकृन्नूनं, तदेतदपि दर्शनम् ।
क्षणिके कृतहानिर्य–त्तथात्मन्यकृतागमः ॥३४॥

**બૌદ્ધમત ખંડન :—**

જૈનઃ–બૌદ્ધમતનું આવું પ્રતિપાદન મિથ્યાત્વની વૃદ્ધિ કરવા સિવાય કશું જ કરતું નથી. જો આત્મા એકાન્તે ક્ષણિક હોય તો અમુક ક્ષણે તેણે જે પુણ્યાદિ કર્યાં તેના ફળની હાનિ થઈ જશે, કેમકે જે આગામી ક્ષણોમાં ફળ મળવાનું છે તે ક્ષણમાં તો એ આત્મા રહ્યો જ નથી.

વળી અનંતર ક્ષણોમાં જે નવો આત્મા ઉત્પન્ન થયો તેણે તો ધર્માદિ કર્યાં નથી છતાં તેને સુખાદિની પ્રાપ્તિ થઈ જશે.

આમ પહેલી ક્ષણનો આત્મા કે જેણે ધર્માદિ કર્યાં તેનું તેને ફળ મળશે નહિ અને પછીની ક્ષણનો નવો આત્મા કે જેણે ધર્માદિ કાર્ય કર્યાં નથી તેને સુખાદિ ભોગવવા મળશે. એટલે કરેલા ધર્માદિ (કૃત)ના ફળનો નાશ અને ધર્માદિ નહિ કરવા છતાં તે ( અકૃત )ના ફળરૂપ સુખાદિનો આગમ એમ બે દોષ આવશે.

[૪૧૮] एकद्रव्यान्वयाऽभावा–द्वासनासंक्रमश्च न ।
पौर्वापर्य हि भावानां, सर्वत्रातिप्रसक्तिमत् ॥३५॥

બૌદ્ધ :–અમારા ક્ષણિક આત્મવાદમાં કૃતનાશ અને અકૃતાગમ દોષો આવી શકતા જ નથી કેમકે અમે વાસના સંક્રમ માનીએ છીએ. ભલે આત્મા એકાન્ત ક્ષણિક હોવાથી પ્રત્યેક ક્ષણે નષ્ટ થઈ જાય છે પરંતુ તે તે જ્ઞાનક્ષણરૂપ આત્મા પોતાનામાં રહેલી વાસનાઓનો ઉત્તરોત્તર ક્ષણમાં સંક્રમ કરતો જાય છે. એટલે હવે ઉત્તરક્ષણના નવા આત્મામાં પૂર્વક્ષણીય ધર્માદિવાસના રૂપ કારણ આવી જતાં તેનું સુખાદિ ફળ તે જરૂર ભોગવે. હવે કૃતનાશાદિ દોષો ક્યાં રહ્યા ?

જૈન :–આ વાત બરોબર નથી. તમારા મતે તો દરેક ક્ષણના દરેક આત્માનો સર્વથા નાશ (નિરન્વય નાશ) થઈ જાય છે. હવે જ્યારે પ્રથમ ક્ષણીય આત્મા સંપૂર્ણ નષ્ટ થઈ ગયો ત્યારે તે આત્માની વાસના શી રીતે બીજી ક્ષણના નવા આત્મામાં સંક્રમ પામશે ? હા, જો પ્રત્યેક આત્માનો સંપૂર્ણ (નિરન્વય) નાશ થતો ન હોત તો જરૂર બે આત્મા વચ્ચે કાંઈક સંબંધ (અન્વય–કડી) રહેત. અને તેથી તેના દ્વારા વાસના સંક્રમ પણ થાત. પરન્તુ એવો કોઈ એક દ્રવ્યનો અન્વય તો છે નહિ માટે વાસના સંક્રમ સંભવી શકતો જ નથી.

વળી એક પૂર્વક્ષણ આત્મા છે અને બીજો ઉત્તરક્ષણ આત્મા છે એવું જો આત્માદિભાવોનું તમે પૌર્વાપર્ય કહો તો તેથી કાંઈ વાસનાસંક્રમ ઉપપન્ન નહિ થાય. કેમકે અમુક क આત્માની ઉત્તરક્ષણમાં તે क આત્માનો સજાતીય આત્મા છે તેમ બીજા ख વિગેરે આત્માઓ પણ ક્યાં નથી ?

એમ થતાં क આત્મા અને ख આત્મા વચ્ચે પણ પૌર્વા-પર્યભાવ બની જતાં क આત્માની વાસનાનો ઉત્તરક્ષણીય ख આત્મામાં સંક્રમ થઈ જવાની (અતિપ્રસક્તિ થવાની) આપત્તિ આવી જાય.

આમ ગમે તે ઉત્તર આત્મક્ષણમાં ગમે તે પૂર્વક્ષણીય આત્મક્ષણની વાસનાના સંક્રમની અતિપ્રસક્તિ થઇ જવાની આપત્તિ આવી જાય.

[૪૧૯] कुर्वद्रूपविशेषे च, न प्रवृत्तिर्न वाऽनुमा ।
अनिश्चयान्न वाऽध्यक्षं, तथा चोदयनो जगौ ॥३६॥

બૌદ્ધ :—જે પૂર્વક્ષણીય આત્મામાં ઉત્તરક્ષણીય આત્માનું સ્મરણાનુકૂલ કુર્વદ્રૂપવિશેષ હોય તે પૂર્વક્ષણીય આત્માની વાસનાનો જ તદુત્તરક્ષણીયતદાત્મામાં સંક્રમ થાય એમ અમે કહીશું. કુસુલસ્થ બીજમાં અંકુરોત્પાદનાનુકૂળ કુર્વદ્રૂપવિશેષ નથી જ્યારે ક્ષેત્રસ્થ બીજમાં તેવું કુર્વદ્રૂપવિશેષ છે માટે તેમાંથી જ અંકુરોત્પાદ થશે.

આમ કુર્વદ્રૂપવિશેષવાળો તે તેપૂર્વક્ષણીય ક્ષણિકપદાર્થ માનવાથી ગમે તે પૂર્વક્ષણીય આત્માનુભવની વાસનાનો ગમે તે ઉત્તરક્ષણાત્મામાં સંક્રમ થવાની આપત્તિ નહિ આવે.

ઉત્તરપક્ષ—નહિ, (૧) કુર્વદ્રૂપવિશેષવાળા ક્ષણિક પદાર્થમાં (અહીં 'કુર્વદ્રૂપવિશેષે' પદનો બહુવ્રીહિસમાસથી વિગ્રહ કરવો ઠીક લાગે છે. કુર્વદ્રૂપવિશેષ છે જેમાં તેવો જે ક્ષણિક પદાર્થ, તે ક્ષણિક પદાર્થ પણ કુર્વદ્રૂપવિશેષ કહેવાય) કોઇ પ્રવૃત્તિ

કરતું નથી. "આ ક્ષણિક બીજ કુર્વદ્રૂપવિશેષવાળું છે માટે લાવ, તેમાં અંકુરોદ્દેશથી પ્રવૃત્તિ કરું"—એવું કોઈને થતું નથી.

(૨) હવે જેમ કુર્વદ્રૂપવિશેષવાળા ક્ષણિકપદાર્થમાં પ્રવૃત્તિ થતી નથી તેમ ક્ષણિક પદાર્થનું (ક્ષણિકત્વનું) અનુમાન પણ થઈ શકતું નથી. (આ વાત આગામી શ્લોકમાં સમજાવી છે. અને (૩) ક્ષણિકત્વના નિશ્ચય (સવિકલ્પકજ્ઞાન) વિના તેનું નિર્વિકલ્પક પ્રત્યક્ષ (અધ્યક્ષ) પણ થઈ શકતું નથી.

આમ તત્ક્ષણિકમાં પ્રવૃત્ત્યભાવ, અનુમિત્યભાવ અને પ્રત્યક્ષાભાવ છે માટે કોઈ રીતે પદાર્થમાં ક્ષણિકત્વની જ સિદ્ધિ થઈ શકતી નથી. ઉદયનાચાર્યે કુસુમાંજલિ ગ્રન્થના પહેલા સ્તબકની સોળમી કારિકામાં જે શ્લોક મૂક્યો છે તે જ શ્લોક ઉપાધ્યાયજી મહારાજા સાહેબ હવે ઉક્તવિચારની સાક્ષી તરીકે રજુ કરે છે.[૧૪૭]

[૪૨૦] न वैजात्यं विना तत् स्या–न्न तस्मिन्ननुमा भवेत् ।
विना तेन न तत्सिद्धि–र्नाध्यक्षं निश्चयं विना ॥३७॥

બૌદ્ધ :—કોઠારમાં પડેલા બીજમાંથી અંકુરો ઉત્પન્ન નથી થતો અને તે બીજ ખેતરમાં પડયું ત્યારે તેમાંથી અંકુરો ઉત્પન્ન થાય છે તેનું કારણ શું?

નૈયાયિક :—ધરણિ, સલિલ, સૂર્યકિરણ વગેરે સહકારી કારણો ખેતરમાં મળ્યા તે કારણો કોઠારમાં હાજર ન હતાં

૧૪૭ ન્યાયકુસુમાંજલિ : પહેલો સ્તબક કારિકા ૧૬ મી, પૃ. ૧૮૩

માટે ખેતરમાં તે બીજ પડ્યા પછી જ તેમાંથી અંકુરો ફૂટ્યો. કોઠારમાં નહિ.

બૌદ્ધ :—જો કોઠારનું બીજ અને ખેતરનું બીજ એકજ હોય તો તે બીજ ખેતરમાં ગયા પછી જ કેમ અંકુર કાર્ય ઉત્પન્ન કરે? જો તેનામાં અંકુર ઉત્પન્ન કરવાનો સ્વભાવ હોય તો પહેલેથી જ કોઠારમાં તે બીજ હતું ત્યારે જ અંકુર કેમ ઉત્પન્ન ન કરે? માટે માનવું જોઈએ કે બીજ સ્થિર (એક) નથી. કોઠારનું જે બીજ છે એ જ બીજ ખેતરમાં નથી, કિન્તુ બેય બીજ તદ્દન જુદા છે. બેયમાં એકતાનું જે જ્ઞાન થાય છે તે ભ્રમ છે.

પદાર્થ માત્ર ક્ષણિક છે. તે પહેલી ક્ષણે ઉત્પન્ન થઈને બીજી ક્ષણે સંપૂર્ણ નાશ પામી જાય છે.

નૈયાયિક :—જો આમ જ હોય તો હવે તમે જ કહો કે કોઠારમાં રહેલા ક્ષણિક બીજમાંથી અંકુર કાર્ય કેમ ન થયું? અમે તો કહીશું કે ત્યાં ધરણિ, સલિલસંયોગાદિ સહકારી કારણોનો અભાવ હતો.

બૌદ્ધ :—કોઠારના બીજમાં કુર્વદ્રૂપ નામનો અતિશય (વૈજાત્ય) ન હતો તેથી તેમાંથી અંકુરકાર્ય ન થયું. ખેતરના બીજમાં તે અતિશય હતો માટે તેમાંથી અંકુરકાર્ય થયું.

આની સામે નૈયાયિકો કહે છે કે જો બૌદ્ધો આ વૈજાત્ય (અતિશયવિશેષ)ને ન માને તો તેમણે વસ્તુને સ્થિર માનવી જ પડે અને સહકારીના અભાવે જ કોઠારના બીજથી

અંકુરકાર્ય ન થયું એમ સ્વીકારવું જ પડે. પણ તેઓ તો વસ્તુમાત્રને ક્ષણિક માનવા તૈયાર થયા છે એટલે પૂર્વોક્ત આપત્તિ દૂર કરવા વસ્તુમાં વૈજાત્ય માન્યા વિના છૂટકો જ નથી.

પણ આથી જ તેઓ ભારે મુશીબતમાં મુકાય છે. વૈજાત્યને માનીને વસ્તુમાત્રમાં ક્ષણિકત્વ સિદ્ધ કરવા ગયા પણ વૈજાત્યને માનવાથી જ ક્ષણિકત્વ સિદ્ધ થઈ શકતું નથી. તે આ રીતે—જેમ ધૂમ બીજ વગેરે કારણમાં તેમણે વૈજાત્ય માન્યું છે તેમ વહ્નિ અંકુર વગેરે કાર્યમાં પણ તેમણે વૈજાત્ય માનવું જ પડશે. કેમકે વિજાતીય ધૂમાદિથી ગમે તે અગ્નિ (અગ્નિ સામાન્ય) ઉત્પન્ન ન થાય કિન્તુ વિજાતીય વહ્નિ જ ઉત્પન્ન થાય. ટૂંકમાં, કારણવિશેષથી કાર્ય વિશેષ જ ઉત્પન્ન થાય (કાર્ય સામાન્ય નહિ.) એમ માનવું જ પડશે. આમ કારણવિશેષથી કાર્યવિશેષનું જ અનુમાન થાય એ વાત નક્કી થઈ.

એટલે કારણસામાન્યથી કાર્યસામાન્યના અનુમાનનો તો ઉચ્છેદ જ થઈ ગયો. તો હવે પ્રશ્ન થાય છે કે ક્ષણિકત્વની સિદ્ધિ શી રીતે કરવી? 'યત્ સત્ તત્ ક્ષણિક'નું એ અનુમાન સામાન્ય તો હવે તેમનાથી થાય તેમ નથી. આમ જે વૈજાત્યને માન્યા વિના (न वैजात्यं विना) પદાર્થમાં ક્ષણિકત્વ (तत्) મનાય તેમ નથી તે જ વૈજાત્યને માનવા જતાં (तस्मिन्) અનુમાનોચ્છેદ (नानुमा भवेत्) થઈ ગયો. એટલે હવે અનુમાનસામાન્ય વિના ક્ષણિકત્વનું પદાર્થમાં અનુમાન પણ નહિ થાય. (विना तेन न तत्सिद्धिः)

બૌદ્ધ :–ભલે અનુમાનથી પદાર્થમાં ક્ષણિકત્વની સિદ્ધિ ન થાય પરંતુ નિર્વિકલ્પક પ્રત્યક્ષથી તો ક્ષણિકત્વની સિદ્ધિ થઈ શકે છે ને ? નિર્વિકલ્પક પ્રત્યક્ષને તો અમે પ્રમાણભૂત માનીએ છીએ.

નૈયાયિક :–નહિ. વિકલ્પ (નિશ્ચય) વિના તો નિર્વિકલ્પક અધ્યક્ષ=પ્રત્યક્ષ) પ્રમાણભૂત બની શકે જ નહિ અને ક્ષણિકત્વનો વિકલ્પ (નિશ્ચય) તો થતો જ નથી.

માટે નિર્વિકલ્પક પ્રત્યક્ષથી પદાર્થમાં ક્ષણિકત્વ સિદ્ધિ થઈ શકતી નથી, અનુમાનથી પણ પદાર્થમાત્રમાં ક્ષણિકત્વ સિદ્ધિ થઈ શકતી નથી એટલે તમારો એકાંત ક્ષણિકવાદ મિથ્યા ઠરે છે.[૧૪૮]

[૪૨૧] एकताप्रत्यभिज्ञानं, क्षणिकत्वं च बाधते ।
योऽहमन्वभवं सोऽहं, स्मरामीत्यवधारणात् ॥३८॥

વળી આત્મા એવું અવધારણ કરે છે કે, 'જે હું ગઈ કાલનો અનુભવનાર હતો તે જ હું, આજે તે વસ્તુનું સ્મરણ કરનારો છું.' અહીં ગઈ કાલના અને આજના આત્મામાં એકતા (અભેદ)નો જે નિશ્ચય થાય છે તે જ બતાવે છે કે આત્મા પ્રતિપળ વિનાશી (ક્ષણિક) ન જ હોઈ શકે. જો તેમ હોય તો અનુભવનાર અને સ્મરણ કરનાર બે એક જ છે તેવું અવધારણ થઈ શકે જ નહિ.

૧૪૮. ન્યાયકુસુમાંજલિ ૧લો સ્તબક, કારિકા ૧૬ માં પૃ. ૧૮૭

[૪૨૨] नास्मिन्विषयबाधो यत्, क्षणिकेऽपि यथैकता ।
नानाज्ञानान्वये तद्वत्, स्थिरे नानाक्षणान्वये ॥३९॥

બૌદ્ધ :-તમે કહ્યું કે આત્મામાં એકતાનું પ્રત્યભિજ્ઞાન થાય છે માટે આત્મામાં ક્ષણિકત્વ સંભવી શકે નહિ. પણ અમે તમને કહીશું કે આત્મામાં એકતાના વિષયનો જ બાધ છે પછી શા માટે ક્ષણિકત્વ ન સંભવે ?

ઉ :-નહિ, આત્મામાં એકતાના વિષયનો બાધ (અસંભવ) નથી જ, કેમકે જેમ તમારા મતે જ્ઞાન ક્ષણિક હોવા છતાં એ અનેક જ્ઞાનોની સંતતિમાં (અન્વયમાં) જેમ એકતાનું ભાન બાધિત નથી તેમ (સ્થિરાત્મવાદમાં પણ) અનેક જ્ઞાનોના (ક્ષણોના) અન્વય (સંબંધ)વાળા સ્થિર એવા આત્મામાં એકતા કેમ ન ઘટી શકે ? રે! સુતરાં ઘટી શકે. આમ જ્યારે આત્મામાં એકતાનું પ્રત્યભિજ્ઞાન સિદ્ધ થયું એટલે હવે ત્યાં ક્ષણિકત્વ સંભવી શકતું નથી.

[૪૨૩] नानाकार्यैकृयकरण-स्वाभाव्ये च विरुद्ध्यते ।
स्याद्वादसन्निवेशेन, नित्यत्वेऽर्थक्रिया न हि ॥४०॥

પૂર્વે તમે બૌદ્ધોએ કહ્યું હતું કે, નિત્યાત્મવાદમાં અર્થક્રિયા ઘટી શકે જ નહિ' પણ એ વાત બરોબર નથી, સ્યાદ્વાદનો આશ્રય લેવાથી અમે એમ કહી શકીએ છીએ કે અનેક કાર્યો કરવાનો જ (एक = માત્ર) આત્માનો સ્વભાવ છે. આત્માના સ્વભાવો એવા છે કે તે અનેક કાર્યો (ક્રમથી) કરે જ. આમ હવે નિત્યાત્મામાં અર્થક્રિયાકારિત્વ (કાર્યજનકત્વ)નો વિરોધ રહેતો નથી.

[૪૨૪] नीलादावप्यतद्‌भेद–शक्तयः सुवचाः कथम् ।
परेणापि हि नानेक–स्वभावोपगमं विना ॥४१॥

વળી અમે નિત્યાત્મવાદી તમને બૌદ્ધોને પૂછીએ છીએ કે જો એકમાં અનેક સ્વભાવનો સ્વીકાર નહિ કરો તો તમને જ આપત્તિ આવશે. નીલમાં–નીલથી ભિન્ન જે પીતાદિ (તદ્=નીલ, અતદ્=પીતાદિ) છે, તે અનેક પીતાદિના અનેક ભેદ નીલમાં છે. આ અનેક ભેદશક્તિઓ (સ્વભાવો) નીલમાં શી રીતે તમે સ્પષ્ટ કહી શકશો ? માટે જ એકમાં અનેક સ્વભાવો તમારે પણ માનવા જ જોઈએ.

[૪૨૫] ध्रुवेक्षणेऽपि न प्रेम, निवृत्तमनुपप्लवात् ।
ग्राह्याकार इव ज्ञाने, गुणस्तन्नात्र दर्शने ॥४२॥

તમે બૌદ્ધોએ કહ્યું કે, 'આત્મામાં ધ્રુવતાનું દર્શન (નિત્યતાનું દર્શન) કરવાથી તો તેની ઉપર રાગ (મમત્વ) થાય છે અને ક્ષણિકતાનું દર્શન કરવાથી તે રાગની નિવૃત્તિ થવા રૂપ મહાન ગુણ પ્રાપ્ત થાય છે' પણ આ વાત બરો-બર નથી. આત્મામાં નિત્યતા માનીએ તો પણ તેની ઉપર પ્રેમ (અપ્રશસ્ત મમત્વ) સંભવી શકતો નથી બલ્કે સંકલેશનો અભાવ થતા ઉત્પન્ન થતી વૈરાગ્યની ભાવનાથી (અનુપપ્લવથી) એ પ્રેમ દૂર થઈ જાય છે.

એવો કોઈ નિયમ નથી કે એક વાર આવેલી વસ્તુ પાછી જઈ શકે જ નહિ. તમે તમારી જ વાત કરો ને? તમે જ્ઞાનસન્તતિ (જ્ઞાનપદની જ્ઞાનસન્તતિમાં લક્ષણા કરવી)માં જુદા જુદા વિષયોના આકાર ગ્રાહ્ય બને છે તેમ માનો છો

ને? અને તે ગ્રાહ્યાકારો નિવૃત્ત પણ થઈ જ જાય છે ને? તો જેમ જ્ઞાનસન્તતિમાં આવતા ગ્રાહ્યવિષયોના આકારો નિવૃત્ત થાય છે તેમ ધ્રુવ આત્મામાંથી પ્રેમ પણ નિવૃત્ત થઈ જ શકે છે. એટલે 'આ ક્ષણિકવાદમાં તો પ્રેમનિવૃત્તિનો ગુણ છે' તે વાત બિલકુલ બરોબર નથી.[૧૪૯]

[૪૨૬] प्रत्युतानित्यभावे हि, स्वतः क्षणजनुर्द्धिया ।
हेत्वनादरतः सर्व—क्रियाविफलता भवेत् ॥४३॥

આમ આત્માને નિત્ય માનવાથી તો કોઈ દોષ આવતો નથી ઉલટું, આત્માદિને એકાન્ત અનિત્ય માનવાથી જ ઘણા દોષો ઉપસ્થિત થાય છે. કેમકે અહીં તો લોકો એમ જ માનશે કે, 'આત્મા સ્વતઃ ઉત્પન્ન (जनुः) થાય છે અને સ્વતઃ તરત જ વિનાશ પણ પામી જાય છે. એટલે આપણા મારવાથી કોઈ મરતું નથી; બચાવવાથી કોઈ બચતું નથી; જીવાડવાથી કોઈ જીવતું નથી. વળી શુભકર્મબંધથી સુખ મળે, અશુભથી દુઃખ મળે ઈત્યાદિ માન્યતાઓ પણ ભ્રાન્ત બની જાય છે. શુભાશુભ કર્મ બાંધનાર આત્મા તો તરત જ નષ્ટ થાય છે. પછી સુખાદિ કોણ ભોગવે? હવે જો આમ સુખાદિ પ્રાપ્ત ન થતા હોય તો શુભ કર્મનો બંધ પાડનાર ધર્મક્રિયાઓ પણ કોણ કરે! આમ સુખાદિના હેતુભૂત કર્મનો અનાદર થતાં સર્વક્રિયાઓ નિષ્ફળ જવાની પણ આપત્તિ આવે છે. આ બધી આપત્તિઓ દૂર કરવા માટે હવે એક જ રસ્તો છે કે આત્માને કથંચિત્ નિત્ય માની લેવો.

---

૧૪૯. દ્વા. દ્વા. : ૨૫-૧૧.

[૪૨૭] तस्मादिदमपि त्याज्य–मनित्यत्वस्य दर्शनम् ।
नित्यसत्यचिदानन्द–पदसंसर्गमिच्छता ॥४४॥

એટલે નિત્ય, સત્ય અને ચિદાનન્દ સ્વરૂપ મુક્તાત્મ ભાવના સંસર્ગને ઇચ્છનારા મુમુક્ષુએ તો, આત્માને એકાન્ત અનિત્ય કહેતા એવા બુદ્ધ દર્શનનો ત્યાગ જ કરી દેવા જોઈએ.

[૪૨૮] न कर्ता, नापि भोक्तात्मा, कापिलानां तु दर्शने ।
जन्यधर्माश्रयो नायं, प्रकृतिः परिणामिनी ॥४५॥

## ૩–૪ આત્મા કર્તા નથી ભોક્તા નથી.

**સાંખ્ય મત પ્રતિપાદન :** आत्मा न कर्ता – न भोक्ता.

સાંખ્યો આત્માને પુરુષ પદથી સંબોધે છે. તેઓ પુરુષને શુભાશુભકર્મનો કર્તા નથી માનતા ભોક્તા પણ નથી માનતા. એમના મતે તો પુરુષ કમળના પત્રની જેમ સર્વથા નિર્લેપ છે. તો પછી તે સંસારમાં કેમ રહ્યો છે? એવા પ્રશ્નના ઉત્તરમાં તેઓ કહે છે કે તેનું કારણ જડ એવું પ્રકૃતિનામનું તત્ત્વ છે.

આ પ્રકૃતિ પુરુષથી તદ્દન ભિન્ન છે. છતાં જડ–પ્રકૃતિનું પ્રતિબિંબ ચેતન પુરુષમાં પડવાથી પુરૂષને એવો ભ્રમ થઈ જાય છે કે, 'હું પ્રકૃતિ જ છું', એ જ રીતે પ્રકૃતિને એવો ભ્રમ થાય છે કે, હું પુરુષ જ છું" આમ બેયને તદ્દન ભિન્નતાનું જ્ઞાન ન થવાથી–અભિન્નતાનો ભ્રમ થઇ જવાને લીધે જ–પુરુષનો સંસાર ઉભો રહે છે. જ્યારે આ ભ્રમ ભાંગી જાય છે ત્યારે પ્રકૃતિ અને પુરુષ જુદા પડી જાય છે. આ જ પુરુષની મોક્ષાવસ્થા છે.

આ પુરુષ એકાન્તનિત્ય હોવાથી તદ્દન અક્રિય છે એટલે તેમાં કોઈ પણ જન્યધર્મ ઉત્પન્ન થવાની ક્રિયા થઈ શકતી નથી. જ્ઞાનાદિ તમામ જન્ય ધર્મો પેલી જડ પ્રકૃતિના જ છે કેમકે તે પ્રકૃતિ પરિણામિની છે. પુરુષને જો પરિણામી માનવામાં આવે તો તે અનિત્ય બની જાય. એટલે તેને સર્વથા અપરિણામી માન્યો.

હવે પૂર્વોક્ત રીતે પ્રતિબિંબોદયને લીધે પ્રકૃતિ અને પુરુષને અભેદભ્રમ થાય છે એટલે જ પ્રકૃતિમાં ક્રિયા, સુખાદિ થવા છતાં પુરુષને એમ ભાસે છે કે 'હું ક્રિયા કરું છું.' 'હું સુખી છું,' પ્રકૃતિમાં પુરુષત્વ ન હોવા છતાં અભેદના ભ્રમને લીધે તેને પણ એમ જ થાય છે કે, 'હું ક્રિયા કરું છું.' 'હું સુખી છુ'' ઈત્યાદિ.

ટૂંકમાં બુદ્ધિ અહંકાર વિગેરે જે ધર્મો પ્રકૃતિના છે તે પુરુષને પોતાનામાં ભાસવાનો ભ્રમ થાય છે અને પુરુષમાં જે ચૈતન્ય છે તે જડ પ્રકૃતિને પોતાનામાં ભાસવાનો ભ્રમ થાય છે. આ બધાયના મૂળમાં કારણ છે પુરુષ-પ્રકૃતિનો ભેદાગ્રહ. (ભેદનો અગ્રહ=અજ્ઞાન=ભ્રમ)

**[૪૨૯] प्रथमः परिणामोऽस्या, बुद्धिर्धर्माष्टकान्विता ।**
**ततोऽहङ्कारतन्मात्रे-न्द्रियभूतोदयः क्रमात् ॥४६॥**

**૨૫ તત્ત્વો**—સાંખ્ય મત વિશ્વને જે ૨૫ તત્ત્વમય માને છે તે ૨૫ તત્ત્વો ગ્રન્થકારશ્રી જણાવે છે.

૧. પુરુષ : અપરિણામી નિત્ય(ચેતન=અકર્તા=નિર્ગુણ).

૨. પ્રકૃતિ=પરિણામી નિત્ય( પ્રધાન=અવ્યક્ત ).

૩. બુદ્ધિ :-પ્રકૃતિનો પ્રથમ પરિણામ. ( મહાન-મતિ-સંજ્ઞા).

બુદ્ધિના ૮ ધર્મો :-' ધર્મ - જ્ઞાન - વૈરાગ્ય - ઐશ્વર્ય,
અધર્મ-અજ્ઞાન-અવૈરાગ્ય-અનૈશ્વર્ય.

૪. અહંકાર—બુદ્ધિમાંથી ઉત્પન્ન થતું તત્ત્વ.

૫ થી ૨૦—**ષોડશ ગણુ :**—અહંકારમાંથી ઉત્પન્ન થાય છે.

૫ તન્માત્રા :—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ.
૫ બુદ્ધીન્દ્રિય :—શ્રોત્રાદિ પાંચ ઇન્દ્રિયો.
૫ કર્મેન્દ્રિય :—વાક્, પાણિ, પાદ, પાયૂ, ઉપસ્થ.
૧ મન :—સંકલ્પ સ્વરૂપ.
———
૧૬

૨૧ થી ૨૫—૫ તન્માત્રામાંથી પાંચ પૃથ્વ્યાદિ. અર્થાત્ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધમાંથી ક્રમશઃ આકાશ, વાયુ, તેજ, પાણી, પૃથ્વી ઉત્પન્ન થાય છે.[૧૫૦]

[૪૩૦] चिद्रूपपुरुषो बुद्धेः, सिद्धयै चैतन्यमानतः ।
सिद्धिस्तस्या अविषयाऽ-वच्छेदनियमाच्चितः ॥४७॥

## ' પુરુષ ' તત્ત્વ સિદ્ધિ :—

પ્રશ્ન-જો આમ બધું જ કાર્ય જડ એવી પ્રકૃતિનું જ

૧૫૦. (૧) ષડ્દર્શન સમુચ્ચય-ગુણરત્નસૂરિ ટીકા-શ્લો. ૩૪. ૩૫. ૩૬. ૩૭. ૪૧. (૨) સાંખ્ય તત્ત્વ કૌમુદી. ૨૨ મી ૫૪ મી કારિકા.

હોય અને તેના જ વિસ્તારરૂપ સમગ્ર વિશ્વ હોય તો પછી તદ્દન અક્રિય પુરુષ (ચેતન)ને માનવાની જરૂર જ શી છે?

ઉ—બુદ્ધિને 'હું (ચેતન) જ્ઞાની', 'હું (ચેતન) સુખી' વગેરે જે ભ્રમાત્મક જ્ઞાન થાય છે તે ચેતનને માન્યા વિના ઉપપન્ન થઈ શકે તેમ નથી. જો ચૈતન્ય ક્યાંક સાચે જ વિદ્યમાન હોય તો જ તેનો બુદ્ધિમાં ભ્રમ થઈ શકે. જે વસ્તુ જગતમાં ક્યાં ય વિદ્યમાન ન હોય તેનો ક્યાં ય ભ્રમ થઈ ન શકે. એટલે બુદ્ધિમાં ચૈતન્યનો જે ભ્રમ થાય છે તે ઉપપન્ન કરવા માટે ચેતન તત્ત્વ માનવાનું અનિવાર્ય છે. અહીં 'चैतन्यमानतः' પદમાં રહેલા તસ્ પ્રત્યયનો ષષ્ઠયર્થ કરવો.)

## પ્રકૃતિ (બુદ્ધિ) તત્ત્વની સિદ્ધિ :—

**પ્રશ્ન**—ભલે તેમ રાખો. પણ તો પછી બુદ્ધિના બધા ય જન્યધર્મો સુખાદિને ચેતનમાં જ માની લો ને? પછી બુદ્ધિ માનવાની શી જરૂર છે?

સાંખ્ય—ચેતન તો સર્વથા અક્રિય છે કેમકે તે એકાન્ત નિત્ય છે, એટલે ચેતનમાં બાહ્યવિષયોનું જ્ઞાન વગેરે કરવાની ક્રિયા સંભવતી નથી. અર્થાત્ ચેતન કોઈ વિષયનો અવચ્છેદ તો કરી શકે તેમ છે જ નહિ. (अविषयावच्छेदनियम = विषयानवच्छेदनियम) છતાં તેને વિષયનો અવચ્છેદ (જ્ઞાન) ક્યાંનો ભ્રમ તો થાય જ છે એટલે તે બધું વસ્તુતઃ બુદ્ધિમાં વિદ્યમાન છે એમ માનીએ તો જ તેની સાથેના અભેદ ભ્રમને લીધે ચેતનમાં પણ તે ભાસે. આમ ચેતનને થતો ભ્રમ

ઉપપન્ન કરી શકાય. તે માટે જન્ય-ધર્મોના વાસ્તવિક આશ્રયરૂપે બુદ્ધિ તત્વને પણ માનવું જ રહ્યું.[૧૫૧]

ટૂંકમાં, બુદ્ધિને થતા ચૈતન્યના ભ્રમને ઉપપન્ન કરવા માટે પ્રમાત્મક ચૈતન્ય ક્યાંક માનવું જોઈએ. જ્યાં માનવામાં આવે તે જ પુરુષ.... અને પુરુષમાં થતા વિષય-અવચ્છેદના ભ્રમને ઉપપન્ન કરવા માટે પ્રમાત્મક વિષયાવચ્છેદ ક્યાંક માનવો જોઈએ. જ્યાં માનવામાં આવે તે જ બુદ્ધિ છે.

[૪૩૧] हेतुत्वे पुंस्प्रकृत्यर्थे-न्द्रियाणामत्र निवृत्तिः ।
दृष्टादृष्टविभागश्च, व्यासङ्गश्च न युज्यते ॥४८॥

**બુદ્ધિ તત્વ માનવાની અનિવાર્ય આવશ્યકતા :-**

પ્રશ્ન—વિષયનું જ્ઞાન (અવચ્છેદ) કરવા માટે તમે સાંખ્યો બુદ્ધિ નામનું એક તત્વ માનો છો પણ હજી અમને એમ લાગે છે કે બુદ્ધિ તત્ત્વ માન્યા વિના પણ વિષયનો અવચ્છેદ ઉપપન્ન થઈ શકે છે. તમે (૧) પુરુષને (૨) પ્રકૃતિને (૩) અર્થને કે (૪) ઇન્દ્રિયને જ વિષયનો અવચ્છેદ કરનાર માની લો. પછી વિષયાવચ્છેદ કરવા માટે બુદ્ધિ તત્ત્વ માનવું જ નહિ પડે.

સાંખ્ય :—(૧) જો પુરુષને વિષયાવચ્છેદ કરનાર માનશું તો પુરુષનો કદી મોક્ષ નહિ થવાની આપત્તિ આવશે.

(૨) જો પ્રકૃતિને સદા વિષયાવચ્છેદ કરનારી માનશું તો પુરુષથી તેના વિયોગરૂપ મોક્ષ નહિ થવાની આપત્તિ આવશે.

૧૫૧. શાસ્ત્રવાર્તા-સ્યાદ્વાદકલ્પલતા ટીકા. શ્લોક ૧૦૮ ની ટીકા.

(૩) જો ઘટાદિ અર્થોને વિષયાવચ્છેદમાં હેતુ માનશું તો દૃષ્ટાદૃષ્ટ વિભાગ અનુપપન્ન થઈ જશે.

(૪) જો ઇન્દ્રિયોને વિષયાવચ્છેદમાં હેતુ માનશું તો વ્યાસંગ અનુપપન્ન થઈ જશે. એટલે વિષયાવચ્છેદ કરનાર તત્ત્વ તરીકે બુદ્ધિ તત્ત્વને જ સ્વીકારવું પડશે. આ જ વાતને જરા વિસ્તારથી જોઈએ.

**(૧) વિષયાવચ્છેદમાં પુરુષને હેતુ માની શકાય નહિ :—**

જો નિત્ય એવો પુરુષ વિષયબોધ ક્યાં કરે તો તેનો કદાપિ મોક્ષ જ ન થાય. કેમકે વિષયબોધ કરવાનો પુરુષનો સ્વભાવ બને અને સ્વભાવ કદી નષ્ટ ન થાય.

**(૨) પ્રકૃતિ પણ વિષયાવચ્છેદ કરી ન શકે :—**

જો પ્રકૃતિ વિષયાવચ્છેદ કરવાના સ્વભાવવાળી બને તો પુરુષથી છૂટા પડવારૂપ જે તેનો મોક્ષ છે તે કદાપિ નહિ થવાની આપત્તિ આવે.

પ્રશ્ન—ભલે ત્યારે, આ રીતે પુરુષ કે પ્રકૃતિ બેમાંથી કોઈ પણ વિષયાવચ્છેદ કરવાના, એટલે કે વિષય સમ્બન્ધિત્વ સ્વભાવવાળા ન બને; પણ ઘટાદિ અર્થોમાં જ એ ચૈતન્ય સમ્બન્ધિત્વ સ્વભાવ કલ્પી લઈએ તો? અર્થાત્ ઘટાદિ અર્થોનો જ એવો સ્વભાવ કલ્પીએ કે તેથી અર્થો પુરુષ સાથે સાક્ષાત્ સમ્બન્ધી થઈ જાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જો પુરુષ કે પ્રકૃતિમાં વિષય સાથે સમ્બન્ધ કરવાનો

સ્વભાવ માનવા જતાં તેમના અનિર્મોક્ષની આપત્તિ આવતી હોય તો ભલે તેમાંથી કોઈ પણ વિષય સમ્બન્ધ કરવાના સ્વભાવવાળા ન બને પણ અર્થો જ સાક્ષાત્ ચૈતન્ય સમ્બન્ધ કરવાના સ્વભાવવાળા તો કલ્પી શકાય છે ને? તેથી હવે પેલી અનિર્મોક્ષની આપત્તિ નહિ જ આવે. અને બુદ્ધિ-તત્ત્વને 'વિષયાવચ્છેદ' કરવા માટે સ્વતન્ત્ર માનવું નહિ પડે.

**(૩) ઘટાદિ અર્થો પણ સાક્ષાત્ ચૈતન્યાવચ્છેદ ન કરી શકે:—**

ઉ—ના, જો આ રીતે ઘટાદિ અર્થોનો સ્વભાવ જ તેવો માનીએ કે તેઓ બધા ચૈતન્ય સમ્બન્ધી બની જાય છે તો પછી ઘટ પદાર્થ મને દેખાઈ રહ્યો છે, (દૃષ્ટ છે) અને પટ પદાર્થ મને નથી દેખાતો, (અદૃષ્ટ છે) તેવો જે દૃષ્ટાદૃષ્ટ વિભાગ જગતમાં છે, તે અનુપપન્ન થઈ જશે; કેમકે હવે તો બધા ઘટ પટાદિ અર્થોનો ચૈતન્ય સમ્બન્ધી બની જવાનો સ્વભાવ માન્યો એટલે બધા ચૈતન્ય સમ્બન્ધી બનવાથી બધા ય દૃષ્ટ જ બની જશે....અદૃષ્ટ કોઈ નહિ રહે.

પૂ. પક્ષ:—સારું, ત્યારે એમ કરો. આ આપત્તિને લીધે ઘટાદિ અર્થોને સાક્ષાત્ ચૈતન્ય સમ્બન્ધિત્વ સ્વભાવવાળા ન માનો, પણ ઇન્દ્રિય માત્ર દ્વારા (મન વિના) ચૈતન્ય સમ્બન્ધિત્વ સ્વભાવવાળા માનો. એટલે હવે જે ઘટાદિ અર્થ ઇન્દ્રિય દ્વારા ચૈતન્ય સમ્બન્ધી બનશે તે જ દૃષ્ટ બનશે. બીજા અદૃષ્ટ જ રહેશે. આમ દૃષ્ટાદૃષ્ટ વિભાગ ઉપપન્ન થઈ જશે.

### (૪) માત્ર ઇન્દ્રિયો વિષયાવચ્છેદ ન કરી શકે :—

૩—જો માત્ર ઇન્દ્રિય દ્વારા ઘટાદિમાં ચૈતન્ય સમ્બન્ધિત્વ માનશું તો વ્યાસંગ અનુપપન્ન થઈ જશે. વ્યાસંગ એટલે જ્ઞાનોત્પત્તિમાં વિલંબ. એક ઇન્દ્રિય ઘટ પદાર્થ સાથે સમ્બન્ધ કરે છે તો ય ઘટ પદાર્થનું જ્ઞાન થતું નથી. અર્થાત્ કેટલીક વાર પદાર્થ સાથે ઇન્દ્રિય સંબંધ થવા છતાં પદાર્થના જ્ઞાનની ઉત્પત્તિ થવામાં વિલંબ થાય છે. હવે જો ઇન્દ્રિય દ્વારા ઘટાદિ પદાર્થ ચૈતન્ય સમ્બન્ધી બની જવાના સ્વભાવવાળા હોય તો તરત જ તેને પદાર્થની જ્ઞાનોત્પત્તિ થઈ જાય એટલે આવો જ્ઞાનોત્પત્તિ વિલંબ–વ્યાસંગ–અનુપપન્ન થઈ જવાની આપત્તિ આવે. એટલે આ વ્યાસંગની ઉપપત્તિ કરવા માટે મન પણ માનવું પડે. (અહીંથી, જે અધ્યાહૃત અર્થ છે તે જણાવ્યો છે. શ્લોકમાંથી આ અર્થ મળશે નહિ.) જ્યાં સુધી મનનો સહકાર ન થાય ત્યાં સુધી તે તે પદાર્થના જ્ઞાનની ઉત્પત્તિમાં વિલંબ (વ્યાસંગ) થાય. પણ આ રીતે ઇન્દ્રિય અને મન પદાર્થ માની લઈએ અને બુદ્ધિ નામના પદાર્થને ન માનીએ તો ચાલી શકે તેમ નથી કેમકે સુષુપ્તિમાં ઇન્દ્રિય અને મનનો વ્યાપાર ન હોવા છતાં ત્યાં શ્વાસપ્રશ્વાસાદિ ચાલે છે. તેના નિમિત્ત તરીકે બુદ્ધિ નામનું તત્વ માનવું જ જોઇએ. હવે જ્યારે બુદ્ધિ તત્વ માન્યા વિના ચાલી શકે તેમ નથી તો તે બુદ્ધિ તત્વને જ 'વિષયાવચ્છેદ' કરનાર કેમ માનવું ન જોઇએ?

એટલે આ રીતે બુદ્ધિતત્વની સિદ્ધિ થઈ જાય.

છે. અને પુરુષ, પ્રકૃતિ, અર્થ અને ઇન્દ્રિયને 'વિષયાવચ્છેદ' કરનારા માની શકાય નહિ તે વાત પણ સ્થિર થઈ જાય છે.[૧૫૨]

[૪૩૨] स्वप्ने व्याघ्रादिसङ्कल्पा–न्नरत्वानभिमानतः ।
अहङ्कारश्च नियत–व्यापारः परिकल्प्यते ॥४९॥

**અહંકાર તત્ત્વની સિદ્ધિ:**—સુતેલો માણસ સ્વપ્ન-દશામાં 'વ્યાઘ્ર એવો હું આ વસ્તુ જોઈ રહ્યો છું.' અથવા 'વરાહ એવો હું આ વસ્તુ જોઈ રહ્યો છું' એવું ભાન કરે છે. જે વખતે આમાંનું કોઈ પણ એક ભાન કરે છે તે જ વખતે તેને 'નર એવો હું આ વસ્તુ જોઈ રહ્યો છું' એવું ભાન થતું નથી. હવે અહીં ઇન્દ્રિય અને મનનો વ્યાપાર છે. નરત્વનું સ્વમાં સન્નિધાન પણ છે છતાં તેને 'नरोऽहं... એવું ભાન નથી થતું અને 'व्याघ्रोऽहं' કે 'वरहोऽहं' એવું જ ભાન થાય છે. અહીં 'नरोऽहं' ભાન ન થવા દેવામાં જેના વ્યાપારનો વિરહ કારણ છે તેના વ્યાપારનો સદ્ભાવ જ 'नरोऽहं' ભાન કરાવવામાં કારણ છે એમ માનવું પડે. એથી જ અહંકાર પદાર્થની સિદ્ધિ થાય છે. જો સ્વપ્નદશામાં અહંકાર વ્યાપાર હોત તો 'नरोऽहं' એવું જ નિયત ભાન થાત. અહંકારના અનિયત વ્યાપારો હોવા છતાં એક વખતે

૧૫૨. (૧) ન્યાયકુસુમાંજલિ ૧૩મી કારિકાની ટીકા. પૃ. ૧૭૦
(૨) શાસ્ત્રવાર્તા સમુચ્ચય સ્યા. કલ્પલતા ટીકા : શ્લો. ૧૦૮ની ટીકા (૩) સાંખ્યતત્ત્વપ્રદીપિકા. પૃ. ૧૪૩

એક જ વ્યાપાર નિયત રહે છે. આમ નિયત વ્યાપારવાળા અહંકારપદાર્થની સિદ્ધિ થાય છે. [૧૫૩].

[૪૩૩] तन्मात्रादिक्रमस्तस्मा – त्प्रपञ्चोत्पत्तिहेतवे ।
इत्थं बुद्धिर्जगत्कर्त्री, पुरुषो न विकारभाक् ॥५०॥

**તન્માત્રાદિ ષોડશગણની સિદ્ધિ :—**

પૂર્વોક્ત અહંકાર તત્ત્વમાંથી તન્માત્રાદિ ૧૬ તત્ત્વો પૂર્વે (ક્રમાંક ૪૨૯મા શ્લોકમાં) કહ્યા મુજબ ઉત્પન્ન થાય છે એમ માનવું જ પડે, કેમકે તેમના વિના સંસાર (પ્રપંચ) ની ઉત્પત્તિ ઘટી શકતી નથી. આમ પચ્ચીસે તત્વો અવશ્ય માનવા જોઈએ.

આ રીતે બુદ્ધિ એ જગત્કર્ત્રી તરીકે સિદ્ધ થાય છે. અને પુરુષ એ નિર્વિકારી, અપરિણામી તત્વ તરીકે સિદ્ધ થાય છે.

**નોંધ** :–બુદ્ધિ ઘટાદિજ્ઞાનરૂપે પરિણમતી રહે છે. અને બુદ્ધિસંબદ્ધ વિષય પુરુષના સ્વરૂપનું આચ્છાદન કરી દે છે. આ જ પુરુષની સંસારાવસ્થા છે. જ્યારે બુદ્ધિનો નાશ થઈ જાય છે ત્યારે વિષયાવચ્છેદ થતો નથી એટલે પુરુષ ઉપરનું તે આચ્છાદન ટળી જાય છે. આ જ પુરુષનો મોક્ષ છે.

---

૧૫૩ (૧) ન્યાયકુસુમાંજલિ ૧લો સ્તબક, કારિકા ૧૩ની ટીકા. પૃ. ૧૭૨. (૨) શાસ્ત્રવાર્તા સમુચ્ચય સ્યા. કલ્પલતા ટીકા. શ્લોક ૧૦૮ની ટીકા : (૩) સાંખ્ય તત્વપ્રદીપિકા પૃ. ૧૪૩.

જ્યારે 'હું પ્રકૃતિથી (બુદ્ધિથી) અત્યન્ત ભિન્ન છું. અભિન્નતાનું જ્ઞાન એ તો ભ્રાન્તિ છે' એવું ભાન પુરુષને થાય છે ત્યારે નિત્ય પ્રકૃતિથી નિત્ય પુરુષ છૂટો પડી જાય છે. એ પુરુષ અને પ્રકૃતિની વિયોગાવસ્થા તે જ મોક્ષ છે.

[૪૩૪] पुरुषार्थोपरागौ द्वौ, व्यापारावेश एव च ।
अत्रांशो वेद्म्यहं वस्तु, करोमीति च धीस्तत: ॥५१॥

જેમ, આલોચન કરવાનો વ્યાપાર ઇન્દ્રિયોનો છે;
વિકલ્પ કરવાનો વ્યાપાર મનનો છે;
અભિમાન કરવાનો વ્યાપાર અહંકારનો છે;
તેમ બુદ્ધિનો વ્યાપાર કૃતિનો અધ્યવસાય કરવાનો છે. આ બુદ્ધિના ત્રણ અંશ ( ધર્મો ) છે.

(૧) પુરુષોપરાગ (એકત્વાભિમાન) (૨) અર્થોપરાગ. (૩) વ્યાપારાવેશ. આ વસ્તુ હું જાણું છું. એવું બુદ્ધિને થયા પછી કૃતિનો એવો અધ્યવસાય થાય છે કે मम इदं कर्तव्यम् ।

(૧) मम :–' मम ' **એ પુરુષોપરાગ** છે, જે અતાત્ત્વિક છે. કેમકે પુરુષ (ચેતન) સાથે બુદ્ધિનો વસ્તુતઃ ભેદ હોવા છતાં તેની સાથેના અભેદના ભ્રમને લીધે બુદ્ધિને 'મમ' એવું થાય છે. દર્પણમાં મુખના વાસ્તવિક સંબંધની (ઉપરાગ) જેમ બુદ્ધિરૂપદર્પણમાં પુરુષનો સંબંધ છે. વસ્તુતઃ દર્પણમાં મુખના અભેદનું ભાન ભ્રાન્ત છે તેમ બુદ્ધિને, પુરુષથી પોતે અભિન્ન છે તેવું ભાન ભ્રાન્ત છે. માટે બુદ્ધિનો 'મમ' અંશ અતાત્ત્વિક છે.

(૨) इदं :–**આ વિષયોપરાગ** છે. ઇન્દ્રિય દ્વારા બુદ્ધિ બહાર નીકળીને તે તે ઘટાદિ વિષયસ્વરૂપે પરિણામ પામે છે. આ જ્ઞાનપરિણતિ તાત્ત્વિક છે. દર્પણમાં મુખના નિઃશ્વાસથી જે ડાઘ પડે છે તે જેમ તાત્વિક છે, તેમ આ ડાઘ સદૃશ જ્ઞાનપરિણતિ પણ તાત્ત્વિક છે. બુદ્ધિ એ એવો આરીસો છે જેની બેય બાજુમાંથી વસ્તુનું પ્રતિબિંબ પડે છે. એક બાજુથી પુરુષ પ્રતિબિંબિત થાય છે બીજી બાજુથી વિષયો પરિણમે છે.

(૩) कर्तव्यम् :—'मम અને इदं'–આ બેય અંશ આવતા ત્રીજો 'कर्तव्यम्' અંશ આવી જ જાય છે. આ **વ્યાપારાવેશ છે.** એટલે કે બુદ્ધિની કૃતિનો અધ્યવસાય છે. આ વ્યાપારાવેશ તાત્ત્વિક છે. કેમકે બુદ્ધિમાં કૃતિ ગુણ રહે જ છે. બુદ્ધિમાં વિષયનું જે જ્ઞાન થાય છે તે બુદ્ધિરૂપ દર્પણને લાગેલો મેલ છે. પુરુષ એ દર્પણમાં પ્રતિબિંબિત થયેલો છે એટલે પેલો મેલ પુરુષને જ લાગેલો દેખાય છે. જેમકે આરીસામાં પોતાનું મોં જોનારને આરીસાને લાગેલો ડાઘ પોતાના મોં ઉપર જ લાગે છે. વસ્તુતઃ તો જોનારનું મોઢું તો સાફ જ છે. છતાં આરીસાનો ડાઘ મોંને મેલું દેખાડે છે. માટે એ મુખ ઉપરની મલિનિમા જેમ હકીકતમાં ભ્રાન્ત (અતાત્ત્વિક) છે તેમ વિષયોપરાગ સ્વરૂપ-જ્ઞાન કે જે પુરુષ (મુખસ્થાનીય)માં જણાય છે તે અતાત્ત્વિક છે.[૧૫૪]

---

૧૫૪. ન્યાયકુસુમાંજલિ : ૧–૧૩ (પૃ. ૧૭૩) ચોખમ્બા સિરીઝ.

[૪૩૫] चेतनोऽहं करोमीति, बुद्धेभदाऽग्रहात्स्मय: ।
एतन्नाशेऽनवच्छिन्नं, चैतन्यं मोक्ष इष्यते ।।५२।।

પુરુષને એવો ભ્રમ થયેલો છે કે, 'હું બુદ્ધિથી અભિન્ન છું.' આ બુદ્ધિ સાથેના ભેદના અજ્ઞાન (અગ્રહ)ને લીધે પુરુષ પોતાને જ કૃતિવાળો માની લે છે. આથી 'ચેતન એવો હું કરું છું' એવો તેનો જે કૃતિ અધ્યવસાય છે તે ભ્રાન્ત છે. અહીં ચેતનમાં ચૈતન્ય ગુણ તો છે જ માટે 'ચૈતન્યાંશ' એ તાત્ત્વિક છે પણ 'કૃત્યંશ' અતાત્ત્વિક છે.

આ જ વાક્ય બુદ્ધિ જ્યારે 'या अहं करोमि सा अहं चेतनः ।' બોલે છે ત્યારે અહીં પણ ચેતનથી પોતાનો જે ભેદ છે તેનું અજ્ઞાન જ તેને આવું ભાન થવામાં કારણ છે. અહીં બુદ્ધિ પોતાનામાં કૃત્યંશ માને તેમાં કોઈ ભ્રાન્તિ નથી પરન્તુ પોતાનામાં ચૈતન્યાંશ ન હોવા છતાં તે 'चेतनोऽहं' કહે તો ત્યાં જરૂર તેની ભ્રાન્તિ છે.

એટલે બુદ્ધિ આ વાક્ય ઉચ્ચરે ત્યારે ચૈતન્યાંશ ભ્રાન્ત બને છે અને કૃત્યંશ તાત્ત્વિક બને છે અને પુરુષનો અધ્યવસાય ગણીએ ત્યારે ઉલટું બને છે. જ્યારે આ ભેદનું અજ્ઞાન–અભેદજ્ઞાન નષ્ટ થાય છે અર્થાત્ પુરુષને એમ થાય છે કે હું બુદ્ધિ (પ્રકૃતિ)થી તદ્દન ભિન્ન છું ત્યારે જ વિષયોના કોઈપણ અવચ્છેદ (જ્ઞાન) વિનાનું જે ચૈતન્ય સ્વરૂપ એ જ પુરુષની મોક્ષાવસ્થા છે.[૧૫૫]

૧૫૫. (૧) ષટ્પદ ચોપાઈ. ૪૯
(૨) ન્યાયકુસુમાંજલિ ૧લો સ્તબક ૧૩મી કારિકા.

[૪૩૬] कर्तृबुद्धिगते दुःख–सुखे पुंस्युपचारतः ।
नरनाथे यथा भृत्यगतौ जयपराजयौ ॥५३॥

કૃતિ=ક્રિયા, એ તો બુદ્ધિનો ગુણ છે માટે બુદ્ધિ જ કર્ત્રી છે. તેથી બુદ્ધિમાં જ વસ્તુતઃ સુખાદિ ઉત્પન્ન થાય છે. પરન્તુ તે સુખાદિનો પુરુષમાં ઉપચાર થાય છે.

યુદ્ધમાં જયાપરાજય પામે છે સૈનિકો; છતાં તેનો ઉપચાર થાય છે. રાજામાં : રાજા વિજય પામ્યો.

એટલે વસ્તુતઃ તો પુરુષમાં સુખાદિ છે જ નહિ. છતાં આ રીતે માત્ર ઉપચારથી તેનામાં સુખાદિ માની શકાય.

[૪૩૭] कर्ता भोक्ता च नो तस्मा–दात्मा नित्यो निरञ्जनः ।
अध्यासादन्यथाबुद्धि–स्तथा चोक्तं महात्मना ॥५४॥

[૪૩૮] प्रकृतेः क्रियमाणानि गुणैः कर्म्माणि सर्वथा ।
अहङ्कारविमूढात्मा कर्ताऽहमिति मन्यते ॥५५॥

એટલે અમે સાંખ્યો કહીએ છીએ કે વસ્તુતઃ આત્મા (પુરુષ) નથી તો કશાયનો કર્તા કે નથી તો કોઈનો પણ ભોક્તા. એ તો છે નિત્ય અને રાગાદિ સર્વથી અલિપ્ત. છતાં તેવા પુરુષને એવી મિથ્યાબુદ્ધિ થાય છે કે 'હું સુખી છું' 'હું દુઃખી છું' ઈત્યાદિ. આમાં તેનું બુદ્ધિ સાથેના અભેદનું ભ્રાન્ત જ્ઞાન જ કારણ બને છે.

સાંખ્ય દર્શનના પ્રણેતા મહાત્મા કપિલે કહ્યું છે, 'પ્રકૃતિના સત્વ, રજસ, તમસાદિ ગુણોથી કર્મો થાય છે.

અર્થાત્ તે ગુણો કર્મોના કર્તા છે. પણ અહંકારથી મૂઢ થયેલો પુરુષ એમ માને છે કે, 'તે કર્મોનો કર્તા હું જ છું.'

કહેવાનું તાત્પર્ય એ છે કે વસ્તુતઃ પુરુષ કમલપત્રવત્ નિર્લેપ છે; અકર્તા અને અભોક્તા છે. પરન્તુ બુદ્ધિ સાથેના અભેદના અધ્યાસથી પોતાને જ કર્તા વિગેરે માનવાની મૂઢતા કરે છે.[૧૫૬]

[૪૩૯] विचार्यमाणं नो चारू, तदेतदपि दर्शनम् ।
कृतिचैतन्ययोर्व्यक्तं, सामानाधिकरण्यतः ॥५६॥

**સાંખ્યમત ખંડન :—**

જૈનો કહે છે કે શાન્ત ચિત્તે વિચાર કરીએ તો આ સાંખ્ય મત પણ પૂર્વોક્ત બૌદ્ધમતની જેમ યુક્તિસંગત નથી. કેમકે પહેલી જ વાત તો એ છે કે ચેતનમાં ચૈતન્ય રહે અને કૃતિ વિગેરે ગુણો બુદ્ધિમાં રહે તે વાત જ બરોબર નથી. કેમકે એવો નિયમ છે કે ચૈતન્ય અને કૃતિ એક સ્થાને રહેનારા છે.

[૪૪૦] बुद्धिः कर्त्री च भोक्त्री च, नित्या चेन्नास्ति निर्वृतिः ।
अनित्या चेन्न संसारः, प्राग्धर्मादेरयोगतः ॥५७॥

છતાં જવા દો એ ચૈતન્ય અને કૃતિના સામાનાધિકરણ્યની વાત! અમે તમને પૂછીએ છીએ કે જે જડબુદ્ધિને તમે કર્ત્રી અને ભોકત્રી માની છે તે બુદ્ધિ નિત્ય છે કે અનિત્ય? જો તે બુદ્ધિ નિત્ય જ હોય તો કદાપિ પુરુષનો

૧૫૬. ભગવદ્ગીતા : ૩–૨૭.

મોક્ષ નહિ થવાની આપત્તિ આવશે કેમકે બુદ્ધિના નાશ થાય ત્યારે પુરૂષનો મોક્ષ થાય એવો તમારો સિદ્ધાન્ત છે. અને જો બુદ્ધિનો નાશ માનશો તો પછી બુદ્ધિને નિત્ય માનવાની વાત ઊડી જશે. એટલે બુદ્ધિને તમે નિત્ય તો માની શકો તેમ નથી.

હવે જો બુદ્ધિને અનિત્ય માનશો તો તેનો અર્થ એ થયો કે બુદ્ધિ ઉત્પન્ન થનારી વસ્તુ છે. (अनित्य = जन्य = उत्पत्तिमन ) તો જ્યાં સુધી બુદ્ધિની ઉત્પત્તિ જ થઈ ન હતી ત્યાં સુધી, બુદ્ધિ વિના ઉત્પન્ન નહિ થઈ શકનારા-બુદ્ધિમાં જ રહી શકનારા—ધર્માધર્માદિ પણ ઉત્પન્ન ન જ થઇ શકે. તો પછી તે વખતે પુરુષનો સંસાર જ ક્યાંથી રહે? અર્થાત્ એ વખતે જ પુરુષનો મોક્ષ થઈ ગયો હોય. કેમકે ધર્માધર્મથી જ સંસાર સંભવે છે. અને તે ધર્માધર્માદિ વિનાનો જો પુરુષ કયારેક પણ હતો તો તે વખતે જ તેનો મોક્ષ કેમ ન થઈ ગયો? એ વખતે એને સંસારભાવમાં પકડી રાખનાર કોણ હતું?

[૪૪૧] प्रकृतावेव धर्मादि–स्वीकारे बुद्धिरेव का ।
सुवचश्च घटादौ स्या–दीदृग्धर्मान्वयस्तथा ॥५८॥

સાંખ્ય :–પ્રકૃતિ તો પરિણામી નિત્ય છે ને? તેમાં જ અમે ધર્માધર્માદિ સ્વીકારી લઈશું. હવે નિત્યમાં રહેનારા ધર્માદિ પણ પ્રવાહથી નિત્ય થઈ ગયા એટલે પૂર્વોક્ત આપત્તિ નહિ રહે.

જૈનઃ–જો નિત્ય પ્રકૃતિમાં જ આ ધર્માદિ સ્વીકારશો તો પછી અમારો પ્રશ્ન એ છે કે ધર્માદિ ગુણો વિનાની એવી બુદ્ધિને માનવી જ શા માટે જોઈએ? એ બુદ્ધિતત્ત્વ જ શું વસ્તુ છે?

વળી જો આ રીતે જડ(પ્રકૃતિ)માં પણ ધર્માદિ રહી શકતા હોય તો તો ઘટાદિ જડ પદાર્થોમાં પણ ધર્માદિનો અન્વય (સંબંધ) થઈ શકે છે એમ બહુ મજાથી કહી શકાશે. છે કબૂલ? જો ના, તો પછી હવે બુદ્ધિને અનિત્ય પણ માની શકાય તેમ નથી. તો પછી બુદ્ધિ નામના તત્ત્વનું તમે નિરૂપણ શી રીતે કરશો? અને 'કૃત્યાદિ ગુણો તે બુદ્ધિના છે પુરુષના નથી' એમ પણ શી રીતે કહી શકશો?

[૪૫૨] **कृतिभोगौ च बुद्धे–श्चेद् बन्धो मोक्षश्च नात्मनः ।**
**ततश्चात्मानमुद्दिश्य, कूटमेतद्यदुच्यते ॥५९॥**

વળી જો કૃતિ અને ભોગ (કર્તૃત્વ અને ભોક્તૃત્વ) બુદ્ધિના જ ગુણો તરીકે ગણવામાં આવે અને નિરુપચરિત નયથી આત્માને બંધાવાનું કે મુકાવાનું હોય જ નહિ તો પછી આત્માને જ ઉદ્દેશીને કપિલે જે કહ્યું છે તે મિથ્યા ઠરવાની આપત્તિ આવશે.

[૪૪૩] **पञ्चविंशतितत्त्वज्ञो, यत्र यत्राश्रमे रतः ।**
**जटी मुण्डी शिखी चापि, मुच्यते नात्र संशयः ॥६०॥**

કપિલમુનિએ કહ્યું છે કે પચીસ તત્વને જાણનારો ગમે તે ગૃહસ્થાશ્રમાદિમાં રહેતો હોય; જટાધારી સંન્યાસી હોય કે

જટા વિનાનો મુણ્ડ હોય કે શિખાધારી હોય; ગમે તે હોય પણ તે પુરુષનો અવશ્ય મોક્ષ થાય છે એમાં કોઇ સંદેહ નથી.

આ વિધાન તો પુરુષના મોક્ષની વાત કરે છે, અને જો પુરુષનો મોક્ષ હોય તો તેનો બંધ પણ હોય જ કેમકે બંધાયા વિના મોક્ષ શેનો? અને જો પુરુષ બંધાતો હોય તો તેને કર્મનો કર્તા ભોક્તા માનવો જ રહ્યો.

**[૪૪૪] एतस्य चोपचारत्वे, मोक्षशास्त्रं वृथाऽखिलम् ।**
**अन्यस्य हि विमोक्षार्थे, न कोऽप्यन्यः प्रवर्तते ॥६१॥**

સાંખ્યઃ-પુરુષના બંધ મોક્ષ તો ઉપચારથી કહેવાય. વસ્તુતઃ તો બુદ્ધિ જ બંધાય છે અને મુકાય છે પણ તેનો ઉપચાર પુરુષમાં થાય છે. બાકી પુરુષ તો સદાનો મુક્ત જ છે એને બંધ મોક્ષ છે જ નહિ.

જૈનઃ-જો પુરુષમાં બંધ મોક્ષનો માત્ર ઉપચાર જ થતો હોય તો મોક્ષનું પ્રતિપાદન કરતું તમારું શાસ્ત્ર નકામું સાબિત થઈ જાય છે. કેમકે પોતાનાથી (પુરુષથી) ભિન્ન (બુદ્ધિ) ના નિરુપચરિત મોક્ષ માટે પુરુષ શા માટે યત્ન કરે? યજ્ઞદત્તના મોક્ષ માટે સોમદત્ત ત્યાગ તપાદિ ન જ કરે.

**[૪૪૫] कापिलानां मते तस्मा-दस्मिन्नैवोचिता रतिः ।**
**यत्रानुभवसंसिद्धः कर्ता भोक्ता च लुप्यते ॥६२॥**

એટલે આવા સાંખ્યમતમાં રતિ કરવાનું બિલકુલ ઉચિત નથી કે જ્યાં અનુભવસિદ્ધ આત્માના કર્તૃત્વ ભોક્તૃત્વનો લોપ કરી દેવામાં આવે છે,

[૫૪૬] नास्ति निर्वाणमित्याहु-रात्मनः केऽप्यबन्धतः ।
प्राक्पश्चाद्युगपद्वापि, कर्मबन्धाव्यवस्थितेः ॥६३॥

**(૫) મોક્ષ નથી : યાજ્ઞિક મત પ્રતિપાદન :**

આત્માનો મોક્ષ થતો જ નથી કેમકે જે બંધાતો હોય તેને છૂટવાનું હોય. આત્મા કર્મથી બંધાતો જ નથી તો તેને મોક્ષ તો શેનો હોય?

પ્રશ્ન–આત્મા કર્મથી કેમ બંધાતો નથી?

ઉત્તર–જો આત્મા કર્મથી બંધાતો હોય તો તેની સામે ત્રણ પ્રશ્નો મૂકી શકાય કે,

(૧) શું આત્મા ઉત્પન્ન થાય તે પૂર્વે જ કર્મ ઉત્પન્ન થાય છે? અને તે કર્મથી તે બંધાય છે? જો આ વસ્તુ-સ્થિતિ હોય તો તે તદ્દન અસંગત બીના છે. કેમકે આત્માના કર્તૃત્વને લીધે જ કર્મમાં કર્મત્વ આવે છે. હવે આત્મા જ ન હોય ત્યારે કર્તૃત્વ વિના કર્મ જેવી કોઈ વસ્તુ હસ્તી ધરાવી શકે જ નહિ, અને કર્મ વિના આત્માને બંધ ન હોય....બંધ વિના મોક્ષ પણ ન જ હોય.

(૨) તો શું આત્મા પહેલો ઉત્પન્ન થાય છે અને પછી તેને કર્મ બંધાય છે? આ વાત પણ બરોબર નથી. કેમકે કોઈ હેતુ વિના આત્મા ઉત્પન્ન થાય જ શી રીતે? ઉત્પત્તિનું કારણ તો જોઈએ જ ને?

(૩) તો શું આત્મા અને કર્મ યુગપત્ (એકી સાથે) ઉત્પન્ન થાય છે? આ વાત પણ બરોબર નથી. કેમકે યુગ-

પત્ ઉત્પન્ન થયેલી વસ્તુમાં એક કર્તા અને બીજું તેનું કાર્ય-એમ કર્તૃત્વ કાર્યત્વ ઘટી શકતું નથી. ગાયના બે શિંગડામાં પરસ્પર કર્તૃત્વ-કાર્યત્વ ઘટી શકતું નથી.

આમ આત્માને કર્મનો બંધ કોઈ રીતે ઘટી શકતો નથી માટે આત્માનો મોક્ષ થવાની વાત પણ સંભવતી નથી.[૧૫૭]

[૪૪૭] अनादिर्यदि सम्बन्ध, इष्यते जीवकर्मणोः ।
तदानन्त्यान्न मोक्षः स्या–त्तदात्माकाशयोगवत् ॥६४॥

પૂર્વપક્ષ—રે ! આત્મા કર્મનો સંબંધ તો અનાદિકાળથી છે. પછી પહેલા પછી કે યુગપત્ ઉત્પત્તિનો પ્રશ્ન જ સંભવતો નથી.

ઉત્તર—જો જીવ કર્મનો સંબંધ અનાદિ હોય તો એ સંબંધ અનંત પણ બની જાય છે. જેની આદિ ન હોય તેનો અંત પણ ન હોય. જેમ આત્મા અને આકાશનો સંબંધ અનાદિ છે તો અનંત પણ છે જ.[૧૫૮]

[૪૪૮] तदेतदत्यसम्बद्धं, यन्मिथो हेतुकार्ययोः ।
सन्तानानादिता बीजा–ङ्कुरवत् देहकर्मणोः ॥६५॥

**અમોક્ષવાદ ખંડન :—**

આ બધી વાત તદ્દન અસંગત છે. કેમકે આત્મા એ કારણ છે, કર્મ એ કાર્ય છે. વળી કર્મ એ કારણ અને

૧૫૭. (૧) વિ. આવ. ભાષ્ય :–૧૮૦૪. (૨) સમ્મતિ તર્ક : ૩–૫૪
૧૫૮. વિ. આવ. ભાષ્ય :–૧૮૧૧.

આત્માના વિભિન્નપર્યાયો એ કાર્ય છે. કર્મથી જુદા જુદા સ્વરૂપના ભવો મળે છે અને એ ભવોમાં કર્મ બંધાય છે. ફરી એ કર્મથી ભવો મળે છે. આમ બે ય નો પરસ્પર કાર્ય-કારણભાવ છે. જેમ બીજ અને અંકુરનો કાર્યકારણભાવ પ્રવાહથી અનાદિ છે તેમ આત્મા અને કર્મનો કાર્યકારણભાવ પણ અનાદિ સંતાનરૂપ છે. આ પ્રતિપાદન સામે પૂર્વનો કોઈ વિકલ્પ ટકી શકતો નથી.[૧૫૯]

[૪૪૯] कर्त्ता कर्मान्वितो देहे, जीवः कर्मणि देहयुक् ।
क्रियाफलोपभुक्कुम्भे, दण्डान्वितकुलालवत् ॥६६॥

(૧) કર્મયુક્ત જીવ દેહનો કર્તા બને છે.

(૨) દેહયુક્ત એ જીવ કર્મનો કર્તા બને છે.

અને (૩) દેહથી તથા કર્મથી યુક્ત બનેલો જીવ કરેલા કર્મના સુખાદિફળનો ભોક્તા બને છે.

જેમ દણ્ડથી યુક્ત કુલાલ ઘટનો કર્તા બને છે અને ઘટયુક્ત કુલાલ ઘટના ફળનો ભોક્તા બને છે. આમ જીવ કર્મકર્તા છે અને કર્મફળભોક્તા છે એ વાત સિદ્ધ થાય છે.[૧૬૦]

[૪૫૦] अनादिसन्ततेर्नाशः स्याद्बीजाङ्कुरयोरिव ।
कुक्कुट्यण्डकयोः स्वर्णमलयोरिव वाऽनयोः ॥६७॥

વળી 'અનાદિસંતતિનો અન્ત ન આવે,' એવું જે કહ્યું તે ય બરોબર નથી બીજાંકુરની સંતતિ અનાદિ છતાં

૧૫૯. વિ. આવ. ભાષ્ય :–શ્લોક ૧૮૧૪.

૧૬૦. વિ. આવ. ભાષ્ય :–શ્લોક ૧૮૧૫, ૧૮૧૬.

કે કુકડી ઈંડાની સંતતિ અનાદિ છતાં અથવા તો સુવર્ણ અને તેના મેલનો સંબંધ અનાદિ છતાં વિભિન્ન ઉપાયથી નાશ પામી શકે છે તેમ પ્રસ્તુતમાં પણ જીવ કર્મનો અનાદિ સંબંધ ઉપાયવિશેષથી નાશ પામી શકે છે.[૧૬૧]

[૪૫૧] भव्येषु च व्यवस्थेयं, सम्बन्धो जीवकर्मणोः ।
अनाद्यनन्तोऽभव्यानां,स्यादात्माऽऽकाशयोगवत् ॥६८॥

અનાદિનો નાશ થાય એવી અનાદિ સાન્ત ભંગવાળી પૂર્વોક્ત વ્યવસ્થા ભવ્યજીવોને માટે છે. જ્યારે અભવ્યોને તો અનાદિ જીવ કર્મ સંબંધનો કદી નાશ થતો નથી. એટલે કે તે જીવ કર્મ સંબંધ આકાશ આત્માના અનાદિ અનંત સંબંધ જેવો જ છે.[૧૬૨]

[૪૫૨] द्रव्यभावे समानेऽपि जीवाजीवत्वभेदवत् ।
जीवभावे समानेऽपि भव्याभव्यत्वयोर्भिदा ॥६९॥

પ્રશ્ન :-જીવત્વ તો બે ય જીવમાં સમાન હોવા છતાં એક જીવ ભવ્ય કહેવાય અને બીજો અભવ્ય કહેવાય એનું શું કારણ? ઉ.-જીવ અને અજીવ બે ય દ્રવ્ય છે. છતાં જેમ એક દ્રવ્ય જીવ કહેવાય છે બીજું અજીવ કહેવાય છે. તેમ અહીં પણ સમજી લેવું.[૧૬૩]

૧૬૧. વિ. આવ. ભાષ્ય :-શ્લોક ૧૮૧૮.

૧૬૨. વિ. આવ. ભાષ્ય :-શ્લોક ૧૮૨૦-૧૮૨૧.

૧૬૩. વિ. આવ. ભાષ્ય.-શ્લોક ૧૮૬૩.

[૪૫૩] स्वाभाविकं च भव्यत्वं, कलशप्रागभाववत् ।
नाशकारणसाम्राज्याद्विनश्यन्न विरुद्धयते ॥७०॥

પ્રશ્ન :–જીવનું ભવ્યત્વ (મુક્તિગમન યોગ્યત્વ) સ્વાભાવિક છે તો પછી જીવનો મોક્ષ થતાં તેના ભવ્યત્વનો નાશ તમે માનો છો તે શી રીતે ? સ્વભાવનો નાશ થાય ?

ઉ.–ઘટનો પ્રાગભાવ (અભાવ વિશેષ) સ્વાભાવિક છે છતાં તે અભાવનો નાશ થવાના કારણો દણ્ડ કુલાલ ઘટ વગેરે ઉપસ્થિત થાય તો તે અભાવનો નાશ થઈ જાય છે. તેમ પ્રસ્તુતમાં પણ ભવ્યત્વના નાશના કારણભૂત મુક્તિભાવની પ્રાપ્તિ આવી જતાં ભવ્યત્વનો નાશ થવામાં કશો વિરોધ નથી.

પ્રશ્ન–જીવમાં જીવત્વ પણ છે તો મોક્ષ પ્રાપ્ત થતાં શું જીવત્વનો પણ નાશ થઈ જાય ?

ઉ–ના. જીવત્વ એ ઉપાદાન કારણ છે અને ભવ્યત્વ એ સહકારી કારણ છે. કાર્યોત્પત્તિ થતાં સહકારી કારણ દૂર થઈ શકે છે. ઉપાદાન કારણ તો નહિ જ. જેમ ઘટની ઉત્પત્તિ થઈ જતાં તે ઘટના સહકારી કારણભૂત દણ્ડ વગેરે દૂર થાય છે પરન્તુ ઉપાદાનકારણીભૂત માટી તો સાથે જ રહે છે. ૧૬૪

[૪૫૪] भव्योच्छेदो न चैवं स्याद् गुर्वानन्त्यान्नभोंशवत् ।
प्रतिमादलवत् क्वाऽपि फलाभावेऽपि योग्यता ॥७१॥

પ્ર.–જો ભવ્યજીવોમાં મોક્ષે જવાની યોગ્યતા હોય તો

૧૬૪. વિ. આવ. ભાષ્ય–શ્લોક ૧૮૨૫–૧૮૩૪.

અનંતા કાળ પછી પણ એક એવો કાળ આવશે જ્યારે આ સંસારમાં એક પણ ભવ્ય જીવ રહેશે નહિ. એકલા અભવ્ય જીવોથી જ ભરેલો સંસાર હશે ને?

વળી જો તમે એવું સમાધાન કરો કે કેટલાક ભવ્યો મોક્ષે જશે જ નહિ તો તો પ્રશ્ન થાય કે તો પછી તેમનામાં રહેલા ભવ્યત્વનું ફળ શું તે ભવ્યત્વ નિષ્ફળ જવાની આપત્તિ આવશે.

ઉ.–જેમ આકાશ પ્રદેશો તથા ભાવીકાળના સમયો આઠમા અનંતે હોવાથી એમનો કોઈ અંત જ નથી આવતો; તેમ મોક્ષે જવાની યોગ્યતાવાળા જીવો પણ આઠમા અનંતે છે. એટલે કોઈ કાળે ભવ્યોથી શૂન્ય સંસાર બની જવાની આપત્તિ આવી શકતી નથી. આગામી અનંતકાળમાં જ્યારે પણ કોઈ ભવ્યાત્મા, કેવલી ભગવંતને પૂછશે કે અત્યાર સુધીમાં કેટલા ભવ્યો મોક્ષે ગયા? તેનો એક જ ઉત્તર સદા આપશે કે જેટલા ભવ્યો છે તેમનો અનંતમો ભાગ જ સિદ્ધિપદને પામ્યો છે.

વળી કેટલાક તો એવા ભવ્ય જીવો છે જેમને જાતિ-ભવ્ય (જાતિથી માત્ર ભવ્ય) કહેવાય છે. તેઓમાં ભવ્યત્વ હોવા છતાં તેઓ કદાપિ મોક્ષે જવાના નથી. એટલું જ નહિ પણ તે જીવો પ્રત્યેકપણું જ કદાપિ પામી શકતા નથી પછી મનુષ્ય બનીને સંયમ વ્રત આરાધીને મોક્ષે જવાની તો વાત જ ક્યાં રહી?

પ્ર.–તો પછી તેમનું ભવ્યત્વ નિષ્ફળ જ જાય ને? મોક્ષે કદાપિ ન જાય તો તેમને અભવ્ય જ કેમ ન કહેવાય?

ઉ.–ના, સ્વયંભૂરમણ સમુદ્રના મધ્યના તળિયે રહેલા પાષાણમાં પ્રતિમારૂપે બનવાની યોગ્યતા જરૂર છે. ભલે તેમાંથી કદી પ્રતિમા ન બને પણ તેથી તેની તે યોગ્યતાનો કાંઈ નાશ ન થઈ જાય ! જો જાતિ ભવ્યોને મોક્ષ સાધનારૂપ રત્નત્રયી પ્રાપ્ત થાય તો જરૂર તેઓ મોક્ષે જાય. અભવ્યોમાં આમ બનતું નથી. તેમને બાહ્ય મોક્ષસામગ્રી મળે તો ય મોક્ષ મળી શકતો નથી.

[૪૫૫] नैतद्वयं वदामो यद्भव्यः सर्वोऽपि सिद्धयति ।
यस्तु सिद्धयति सोऽवश्यं भव्य एवेति नो मतम् ॥७२॥

વળી અમે એવું તો કહેતા જ નથી કે, 'જેટલા ભવ્યો હોય તે બધા ય મોક્ષે જાય જ.' અમે તો એટલું જ કહીએ છીએ કે, 'જે મોક્ષે ગયા હોય તે બધા ભવ્ય જ હોય.' એટલે હવે એવા પણ યોગ્યતાથી ઘણા ભવ્યો હોઈ શકે છે જેઓ કદાપિ મોક્ષે જવાના ન હોય.[૧૬૫]

[૪૫૬] ननु मोक्षेऽपि जन्यत्वाद्विनाशिनी भवस्थितिः ।
नैवं, प्रध्वंसवत्तस्याऽनिधनत्वव्यवस्थितेः ॥७३॥

પ્રશ્ન–મોક્ષમાં રહેવારૂપ જે સ્થિતિ છે તે જન્ય છે. માટે તે મોક્ષમાં અવસ્થાનનો એક દિવસ જરૂર વિનાશ થશે કેમકે જે જન્ય હોય તે વિનાશી હોય એવો નિયમ છે. જો મોક્ષનું અવસ્થાન (ભવસ્થિતિ) વિનાશી હોય તો મુક્ત જીવને ફરી સંસારી બનવાની આપત્તિ આવશે.

૧૬૫. વિ. આવ. ભાષ્ય–શ્લોક ૧૮૩૬ની ટીકામાં

ઉ.–નહિ. જેમ ઘટાદિનો ધ્વંસ જન્ય (ઉત્પન્ન થનારો) છે છતાં તે વિનાશી નથી કિન્તુ અનંત છે કેમકે એ ધ્વંસનો નાશ (ધ્વંસ) થઈ શકતો નથી. માટે તેવો નિયમ નથી કે જે કોઈ જન્ય હોય તે વિનાશી હોય. આમ મોક્ષમાં અવસ્થાન જન્ય હોવા છતાં પ્રધ્વંસની જેમ અવિનાશી (અનિધન) છે. માટે મુક્તાત્માને ફરી સંસારાપત્તિ સંભવતી નથી.[૧૬૬]

[૪૫૭] आकाशस्येव वैविकृत्या, मुद्गरादेर्घटक्षये ।
ज्ञानादेः कर्मणो नाशे, नात्मनो जायतेऽधिकम् ॥७४॥

પ્રશ્ન–શું આત્મા કર્મથી મુક્ત થાય ત્યારે તેનામાં કશું અધિક ન થાય ?

ઉ–ના. મુદ્‌ગરથી ઘડો ભાંગી નાખવામાં આવે તો ઘટાત્મક આવરણ ખસી જતાં કાંઈ આકાશ મોટું થઈ જતું નથી. તેમ જ્ઞાનાદિથી કર્મનો નાશ થઈ જતાં–કર્મનું આવરણ હટી જતાં–આત્મામાં કાંઈ જ અધિક થતું નથી. એનું જે અનંતસુખાદિમય સ્વરૂપ છે તે જ પ્રગટ થઈ જાય છે.[૧૬૭]

[૪૫૮] न च कर्माणुसम्बन्धा–न्मुक्तस्यापि न मुक्तता ।
योगानां बन्धहेतूनामपुनर्भवसंभवात् ॥७५॥

પ્રશ્નઃ–તમારા મતે કર્મપુદ્‌ગલ તો ચૌદે રાજલોકમાં સર્વત્ર ઠાંસીને ભર્યાં પડ્યાં છે. તો ચૌદમા રાજલોકના છેડાના ભાગમાં રહેલા સિદ્ધ જીવોને પણ તે કર્મપુદ્‌ગલનો સંબંધ

૧૬૬. વિ. આવ. ભાષ્ય–શ્લોક ૧૮૩૭.
૧૬૭. વિ. આવ. ભાષ્ય–શ્લોક ૧૮૩૯.

થવાનો જ. એટલે તેઓ પણ કર્મથી બદ્ધ બનવાથી મુક્ત તો ન જ કહેવાય ને?

ઉ.–કર્મબંધ થવામાં હેતુ છે રાગાદિભાવો અને મન, વચન, કાયાના યોગો. તેમાનું કાંઈ પણ મુક્તાત્માને પ્રાપ્ત થવાનો સંભવ છે જ નહિ. માટે ફરી કર્મથી બંધાવાનો તેમને કોઈ અવકાશ નથી. કર્મપુદ્‌ગલના સ્પર્શમાત્રથી મુક્ત જીવો અમુક્ત થઈ જતા નથી.[૧૬૮]

**[૪૫૯] सुखस्य तारतम्येन प्रकर्षस्यापि सम्भवात् ।**
**अनन्तसुखसंवित्ति–र्मोक्षः सिद्धयति निर्भयः ॥७६॥**

વળી દુનિયાના સુખી જીવોમાં પણ સુખનું તારતમ્ય દેખાય છે. એક કરતાં બીજો વધુ સુખી, બીજા કરતા ત્રીજો એથી વધુ સુખી. એમ ઉત્તરોત્તર સુખનો પ્રકર્ષ જોવા મળે છે. તો સુખની પરાકાષ્ટા ક્યાંક તો હોવી જ જોઈએ. જ્યાં પરાકાષ્ટાના અનન્તસુખનું સંવેદન હોય તેને જ મોક્ષ કહેવાય.

આમ મોક્ષ તત્ત્વની સિદ્ધિ થઈ જાય છે.

**[૪૬૦] वचनं नास्तिकाभाना–मात्मसत्तानिषेधकम् ।**
**भ्रान्तानां तेन नादेयं परमार्थगवेषिणा ॥७७॥**

માટે જ નાસ્તિકો જેવા ભ્રમપૂર્ણ જીવોનું, મોક્ષસત્તાનો ઈન્કાર કરતું આ વચન, પરમાર્થરૂપ મોક્ષની અભિલાષાવાળા જીવે જરા પણ આવકારવું નહિ.

આત્માનો કર્મબંધ અને મોક્ષ નહિ માનનારાને

૧૬૮. વિ. આવ. ભાષ્ય–શ્લોક ૧૮૪૦

ગ્રન્થકારશ્રી નાસ્તિક ન કહેતા નાસ્તિકાભાસ કહે છે. કેમકે આ જીવો સ્થૂલદૃષ્ટિએ વિચારતાં તો આત્માને માને છે એમ જ દેખાય છે. પણ સાથે જ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારતાં ગ્રન્થકારશ્રીને જણાયું છે કે તેઓ આત્માની સત્તા જ માનતા નથી. કેમકે જેઓ આત્માનો મોક્ષ ન માને તેઓ આત્માને કર્મનો બંધ પણ ન જ માને. એથી આત્માને (કર્મબંધના હેતુભૂત) રાગાદિમય પણ ન જ માને. આમ થતાં રાગાદિમય સંસારી આત્માઓની સત્તાનો જ લોપ કર્યો. વળી વીતરાગ સ્વરૂપ આત્મા પણ તેઓ ન માને કેમકે એ તો આત્માની મોક્ષાવસ્થા છે. આત્માનો મોક્ષ તો તેઓ માનતા જ નથી. આમ ઊભય પ્રકારના આત્માની સત્તાના નિષેધમાં જ મોક્ષ-નિષેધ ફલિત થાય છે. એટલે સૂક્ષ્મદૃષ્ટિથી તો તેઓ (આત્માનું અસ્તિત્વ ન માનનાર) નાસ્તિક જ કહેવાય. જ્યારે સ્થૂલ દૃષ્ટિથી નાસ્તિકાભાસ કહેવાય. (આત્માને તો માને છે માટે.)

[૪૬૧] न मोक्षोपाय इत्याहुरपरे नास્तिकोपमाः ।
कार्यमस्ति न हेतुश्चेत्येषा तेषां कदर्थना ॥७८॥

**(૬) મોક્ષનો ઉપાય નથી :**

**માણ્ડલિક મત પ્રતિપાદન :**—મોક્ષને માનનારા કેટલાક મોક્ષનો ઉપાય માનતા નથી. આ લોકો પણ નાસ્તિક જેવા જ છે. મોક્ષાત્મક કાર્ય માનવું અને તેનો ઉપાય ન માનવો ! આ તે કેવી તેમને વીતેલી મોહની વિડંબના !

આ લોકોનું એવું મન્તવ્ય છે કે ઉપાય વિના જ

મોક્ષ પ્રાપ્ત થાય. નિયતિથી જ મોક્ષ સાધ્ય છે. જો નિયતિ બળવાન ન હોય તો સેંકડો મોક્ષોપાય સાધવાથી કશું ન વળે.

[૪૬૨] अकस्मादेव भवतीत्यलीकं नियतावधेः ।
कादाचित्कस्य दृष्टत्वाद् बभाषे तार्किकोऽप्यदः ॥७९॥

આ મતાનુયાયીનું એવું મન્તવ્ય છે કે, 'જીવની જે મોક્ષે જવા માટેની નિયત અવધિ છે તે પ્રાપ્ત થાય એટલે એકાએક—અકસ્માત્ તે જીવનો મોક્ષ થઈ જાય.'

**માણ્ડલિક મત ખંડન**—આ વાત તદ્દન ખોટી (અલિક) છે. કેમકે જે કાર્યની અવધિ નિયત હોય છે તે બધા ય કાર્યો કદાચિત્ બનનારા હોય છે. અને જે કાર્ય કદાચિત્ બને છે તે હંમેશ હેતુ (ઉપાય) સહિત જ હોય છે આ વાત તાર્કિક ઉદયનાચાર્યે પણ કુસુમાંજલિમાં કહી છે.

[૪૬૩] हेतुभूतिनिषेधो न स्वानुपाख्याविधिर्न च ।
स्वभाववर्णना नैव—मवधेर्नियतत्वत: ॥८०॥

"कार्य (મોક્ષાદિ) અકસ્માત્ થાય છે ?" એનો અર્થ શું ? અર્થાત્ कार्यનું અકસ્માત્ भवन એટલે શું ? अकस्माद्भवनं માં જે नञ् (अ) છે તેનો ક્યાં અન્વય કરશો ?

(૧) જો તમે नञ्નો અન્વય હેતુવાચક किं પદની જોડે કરશો તો अकस्माद्भवनं એટલે हेत्वभावे भवनं (હેતુ વિના જ ભવન) એવો અર્થ થશે. (૨) જો नञ्નો અન્વય ભવન ક્રિયા સાથે કરશો તો अकस्माद् भवनं નો અર્થ हेतुजन्य-**भवनाभाव** થશે. અને જો આ બે ય અર્થ માન્ય ન હોય તો

अकस्माद् भवनं એટલે हेतुभिन्नाद् भवनं એમ તમે કહેવા માંગો છો ? જો તેમ કહેવા માંગતા હો તો અમે તમને પૂછીશું કે હેતુભિન્ન તો કાર્ય હોય અને અલિક (શશશૃંગાદિ) પદાર્થ પણ હોય. તો અહીં हेतुभिन्नाद् कार्याद् भवनं કહેવું છે ? અર્થાત્ (૩) कार्याद् कार्यस्य भवनं કહેવું છે ? કે (૪) अलिकाद् (अनुपाख्याद्) भवनं કહેવું છે ? વળી આ ચારે ય વિકલ્પમાં किं શબ્દ તમારે અસ્વભાવ વાચક લેવો છે ? જો હા, તો अकस्माद् भवनं–अ अस्वभावाद् भवनं અર્થ થાય. અર્થાત્ બે नञ् (अ अ) ભેગા થતાં તે હકારના વાચક બને માટે (૫) स्वभावाद् भवनं અર્થ થાય.

આ પાંચે ય વિકલ્પ તમે લઈ શકો તેમ નથી. તે આ રીતે–ઊભયમતે એ વાત તો સંમત જ છે કે ઘટપટાદિ યાવત્ મોક્ષ કાર્ય કાદાચિત્ક છે : હંમેશનાં નથી. હવે ઉપરના પાંચે ય વિકલ્પને ક્રમશઃ વિચારીએ.

(૧) જો હેત્વભાવે (હેતુ વિના) જ કાર્ય થઈ જતું હોય તો તો સર્વદા કાર્ય થયાં જ કરે. (स्यादेव) તેમ તો થતું નથી કદાચિત જ તે તે કાર્ય થાય છે.

(૨) હેતુજન્ય કાર્યનો ભવનાભાવ હોય તો ક્યારે પણ કાર્ય થવું જ ન જોઈએ. (न स्यादेव) આ વાત પણ ઊભયમતસંમત નથી. કેમકે કાર્ય કદાચિત્ તો થાય જ છે.

(૩) કાર્યથી કાર્યની ઉત્પત્તિનો વિકલ્પ સ્વીકારો તો કાર્યની પૂર્વક્ષણમાં કાર્યે પોતે જ રહેવાની આપત્તિ આવે. એ તો બને જ શી રીતે ? કાર્ય ઉત્પન્ન થયા પહેલાં કાર્ય શી રીતે રહે ?

(૪) અલિક (અનુપાખ્ય=મિથ્યા)થી કાર્ય ઉત્પન્ન થતું હોય તો અલિક પદાર્થ તો હંમેશા છે માટે પૂર્વે જ તે કાર્યો કેમ થયા ન કરે? આમ થતાં કાર્ય સદાતન બની જવાની આપત્તિ આવે. વસ્તુતઃ તો અલિક વસ્તુ કોઈ કાર્યની કદાપિ જનક બની શકતી નથી. કેમકે તેનામાં કાર્યજનકત્વ (અર્થક્રિયાકારિત્વ) જ નથી. સત્માં જ અર્થક્રિયાકારિત્વ (કાર્યકારિત્વ) હોય.

(૫) જો સ્વભાવ(કાર્ય)થી કાર્ય કહો (સ્વ=કાર્ય સ્વભાવથી=કાર્યથી કાર્યનું ભવન) તો વળી ત્રીજા વિકલ્પમાં આવી ગયા. અને જો સ્વભાવ એટલે ધર્મ કહો તો તો ઇષ્ટાપત્તિ જ છે કેમકે કારણતારૂપધર્મથી કાર્ય થાય જ છે.

આમ પાંચેય વિકલ્પોના અર્થ ઘટી શકતા નથી. કેમકે દરેક કાર્ય નિયત અવધિવાળું જ હોય છે. માટે अकस्माद् મોક્ષનું ભવન (ઉત્પન્ન થવાનું) કહેવું એ ઉન્મત્તપ્રલાપરૂપ બની જાય છે.[૧૬૯]

[૪૬૪] न च सार्वत्रिको मोक्षः, संसारस्यापि दर्शनात् ।
न चेदानीं न तद्व्यक्ति-र्व्यञ्जको हेतुरेव यत् ॥८१॥

વળી જો મોક્ષ ગમે ત્યારે (अकस्मात) થઈ જનારો હોત તો તો સર્વત્ર સર્વદા સર્વનો મોક્ષ થઈ જ ગયો હોત. પણ તેમ તો છે નહિ કેમકે કેટલાક જીવોનો સંસાર પણ દેખાય છે.

---

૧૬૯. ન્યાયકુસુમાંજલિ–પહેલો સ્તબક, પાંચમો શ્લોક.

પ્રશ્ન-હમણાં જીવના મોક્ષભાવની અભિવ્યક્તિ તો થતી નથી.

ઉ ના. તેમ નથી. ભલે મોક્ષભાવ સ્વયં અભિવ્યક્ત ન થતો હોય પરન્તુ મોક્ષનો હેતુ (રત્નત્રયી) જ તેનો અભિવ્યંજક છે.

[૪૬૫] मोक्षोपायोऽस्तु किन्त्वस्य, निश्चयो नेति चेन्मतम्।
तन्न, रत्नत्रयस्यैव, तथा भावविनिश्चयात् ॥८२॥

સારું ત્યારે દરેક દર્શન મોક્ષના જુદા જુદા ઉપાયો બતાવે જ છે માટે મોક્ષનો ઉપાય ભલે જગતમાં વિદ્યમાન છે એમ કદાચ માની લઈશું, પણ કયો ઉપાય મોક્ષનો ઉપાય છે તેનો નિશ્ચય તો આજે થતો જ નથી.

ઉ-નહિ. તે વાત બરોબર નથી. સમ્યગ્દર્શન સમ્યગ્-જ્ઞાન અને સમ્યક્ચારિત્ર્યરૂપ રત્નત્રય જ મોક્ષનો ઉપાય છે, કેમકે આપ્તપુરૂષોએ મોક્ષના ઉપાય તરીકે રત્નત્રયીનો ભાવ છે એવો જ વિનિશ્ચય કર્યો છે.

[૪૬૬] भवकारणरागादि–प्रतिपक्षमदः खलु।
तद्विपक्षस्य मोक्षस्य, कारणं घटतेतराम् ॥८३॥

વળી જો સંસાર છે અને તેના કારણ મિથ્યાદર્શનાદિ પણ છે અને જો સંસારનો વિરોધી મોક્ષ પણ છે તો મિથ્યાદર્શનાદિનું વિરોધી મોક્ષ-કારણ હોવું જ જોઇએ. અને તે કારણ તે જ સમ્યગ્દર્શનાદિ રત્નત્રય.

[૪૬૭] अथ रत्नत्रयप्राप्तेः प्राक्कर्मलघुता यथा ।
परतोऽपि तथैव स्या–दिति किं तदपेक्षया ॥૮૪॥

પ્રશ્ન–મોક્ષ એટલે સર્વકર્મનો નાશ. આવા મોક્ષ માટે રત્નત્રયને પણ કારણ માનવાની શી જરૂર છે? કેમકે રત્નત્રયની પ્રાપ્તિ પૂર્વે પણ જીવને પૂર્વસેવાદિ કારણોથી કર્મલઘુતા થતી આવી હતી. તેવી કર્મલઘુતા તો તમે માનો જ છો કેમકે અમુક કર્મલઘુતા થયા વિના રત્નત્રયની પ્રાપ્તિ થાય જ નહિ. તો હવે એ જ પૂર્વસેવાદિ કારણોથી કર્મલઘુતા વધુને વધુ થતી જાય યાવત્ સર્વકર્મનો નાશ થઈ જાય. હવે સર્વકર્મનાશ માટે રત્નત્રયને માનવાની શી જરૂર છે? એ પૂર્વસેવાદિને જ મોક્ષનું કારણ કહો ને?

[૪૬૮] नैवं, यत्पूर्वसेवैव, मृद्वी नो साधनक्रिया ।
सम्यक्त्वादिक्रिया तस्माद्, दृढैव शिवसाधने ॥૮૫॥

માર્ગાનુસારીભાવના ગુણોને પ્રાપ્ત કરી આપતી જે પૂર્વસેવા વિગેરે ક્રિયાઓ છે તે અતિશય કોમળ હોય છે. એવી કોમળ ક્રિયાઓ મોક્ષના સાધનરૂપક્રિયા ન બની શકે. મોક્ષની સાધનામાં તો અત્યન્ત કઠોર ક્રિયા જ જોઇએ અને તેવી તો રત્નત્રયીની આરાધના જ છે માટે પૂર્વસેવાદિ ક્રિયાઓથી જ મોક્ષ પ્રાપ્ત થઈ જવાની વાત ઉચિત નથી. [૧૭૦]

[૪૬૯] गुणाः प्रादुर्भवन्त्युच्चै–रथवा कर्मलाघवात् ।
तथाभव्यतया तेषां, कुतोऽपेक्षानिवारणम् ॥૮૬॥

૧૭૦. ષટ્ સ્થાન ચોપાઈ :–૧૧૩.

અથવા તો તથાભવ્યત્વનો તે તે જીવોને પરિપાક થાય ત્યારે તેનાથી કર્મલઘુતા થાય જ. અને તે કર્મલઘુતા થતાં સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટ થયા વિના રહેતા જ નથી. પછી તે સમ્યગ્દર્શનાદિથી મોક્ષ થાય. હવે જ્યારે આ વસ્તુસ્થિતિ જ છે ત્યારે તમે મોક્ષભાવની પ્રાપ્તિમાં આવશ્યક સમ્યગ્દર્શનાદિની અપેક્ષાને શી રીતે ટાળી શકો ?

**[૪૭૦] तथाभव्यतयाऽऽक्षेपाद् गुणा न च न हेतवः ।**
**अन्योन्यसहकारित्वाद् दण्डचक्रभ्रमादिवत् ॥८७॥**

પ્રશ્ન–ભલે તથાભવ્યત્વના પરિપાક વિગેરે કારણોથી સમ્યગ્દર્શનાદિભાવો ખેંચાઇ આવતા હોય પણ મોક્ષ પ્રત્યે તે સમ્યગ્દર્શનાદિને કારણ માનવાની શી જરૂર છે ? સમ્યગ્દર્શનાદિભાવોને જે ખેંચી લાવે છે તે તથાભવ્યત્વ પરિપાકાદિને જ મોક્ષના હેતુ માની લો ને ? સમ્યગ્દર્શનાદિને મોક્ષ પ્રતિ હેતુ ન માનો.

ઉ.–ના, તથાભવ્યત્વપરિપાક, કર્મલઘુતા તથા સમ્યગ્દર્શનાદિ એ બધાય પરસ્પર સહકારી કારણો બનીને જ મોક્ષ કાર્યને ઉત્પન્ન કરે છે. જેમ દણ્ડ, ચક્ર, ભ્રમી વિગેરે બધા ભેગા મળીને ઘટકાર્યને ઉત્પન્ન કરે છે તેમ.

એટલે ઘટ પ્રતિ જેમ દણ્ડથી ઉત્પન્ન થતી ચક્રભ્રમીની કારણતાનો ઇન્કાર કરી ન શકાય તેમ મોક્ષ પ્રતિ તથાભવ્યત્વાદિથી ઉત્પન્ન થતાં સમ્યગ્દર્શનાદિની કારણતાનો પણ ઇન્કાર કરી શકાય નહિ. [૧૭૧]

---

૧૭૧. ષટ્સ્થાન ચોપાઇ :–દંડાદિક વિણ ઘટ નવિ હોઇ...

[૪૭૧] ज्ञानदर्शनचारित्रा – ण्युपायास्तद्भवक्षये ।
एतन्निषेधकं वाक्यं, त्याज्यं मिथ्यात्ववृद्धिकृत् ॥८८॥

એટલે હવે એ વાત નિશ્ચિત થઈ જાય છે કે મોક્ષ છે, તેના ઉપાય છે અને તે ઉપાય તરીકે જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય જ છે કેમકે તેઓ જ સંસારક્ષય કરી શકે છે. આમ છતાં હજી જો કોઈ આ સત્યનો નિષેધ કરે તો તેનું નિષેધવાકય સદૈવ ત્યાજ્ય છે કેમકે એવું વચન મિથ્યાત્વની વૃદ્ધિ કરનારું હોય છે.

[૪૭૨] मिथ्यात्वस्य पदान्येता–न्युत्सृज्योत्तमधीधनः ।
भावयेत्प्रातिलोम्येन, सम्यक्त्वस्य पदानि षट् ॥८९॥

એટલે ઉત્તમ બુદ્ધિવાળા ભવ્યાત્માએ 'આત્મા નથી' વિગેરે મિથ્યાત્વના ૬ ય પદોનો ત્યાગ કરીને, તે પદોને ઉલટાવવાથી પ્રાપ્ત થતાં 'આત્મા છે' વગેરે સમ્યકત્વના ૬ પદોની હંમેશ અનુપ્રેક્ષા કરવી. [૧૭૨]

૧૭૨. સમ્મતિતર્ક :–૩–૫૫.

# કદાગ્રહ – ત્યાગ

## ૧૪

તમારે સમ્યગ્દર્શન મેળવવું છે? તો...

કોઈ પણ વાતનો સાવ જ જડ આગ્રહ રાખશો નહિ. ગ્રન્થકાર પરમર્ષિ કહે છે કે કદાગ્રહીને સમ્યગ્દર્શન થાય નહિ.

કદાગ્રહીને ધર્મનો બોધ પણ અપાય નહિ.

કદાગ્રહી કાચા ઘડા જેવો છે. તત્વબોધનાં નીર એમાં ન ટકે એ તો સમજ્યા પણ એ બોધના પાણી પેલા કાચા ઘટને ધૂળ ભેગા કરવામાં જ નિમિત્ત બની જાય.

ગીતાર્થ ઉપદેશક તો બદ્ધાગ્રહીનું પણ કલ્યાણ વાંછે અને તેથી જ તેને કશું ય ન કહે. સાવ જ મૌન પકડે.

આ કદાગ્રહે જ જમાલિ, રોહગુપ્ત વિગેરેના બધા ય ધર્મોને નિષ્ફળ બનાવ્યા ને?

## 卐 કદાગ્રહ–ત્યાગ 卐

પ્રબન્ધ ૪ થો                                        અધિકાર ૧૪ મો

[૪૭૩] मिथ्यात्वदावानलनीरवाह–मसद्ग्रहत्यागमुदाहरन्ति।
अतो रतिस्तत्र बुधैर्विधेया, विशुद्धभावैः श्रुतसारवद्भिः ॥१॥

ચિત્તમાંથી કદાગ્રહને દેશવટો દેવાય પછી જ મિથ્યાત્વનો કાળો ભાવ વિદાય પામી શકે છે. એથી જ ગ્રન્થકારશ્રી હવે કદાગ્રહ ત્યાગ અધિકાર કહે છે.

મિથ્યાત્વને જો દાવાનળની ઉપમા આપીએ તો જલ ભર્યાં શ્યામવાદળો સમો અસદ્ગ્રહનો ત્યાગ છે. દાવાનળને એ જ ઠારી શકે. માટે શ્રુતના સારને જાણતાં વિશુદ્ધભાવનાવાળા બુધ પુરુષોએ અસદ્ગ્રહનો ત્યાગ કરવામાં રતિ કરવી.

[૪૭૪] असद्ग्रहाग्निज्वलितं यदन्तः, क्व तत्र तत्त्वव्यवसायवल्लिः।
प्रशान्तपुष्पाणि हितोपदेश–फलानि चान्यत्र गवेषयन्तु ॥२॥

જે અંતઃકરણ કદાગ્રહના અગ્નિથી ભડકે બળી રહ્યું છે, તે અંતઃકરણમાં તત્ત્વના નિશ્ચયની વેલડીઓનો વિકાસ ક્યાંથી જોવા મળે? પ્રશમ–ભાવના પુષ્પોની કે હિતોપદેશરૂપ ફળોની તો ત્યાં અપેક્ષા જ ક્યાંથી રખાય?

હે ભવ્યો! અહીં ક્યાં ભૂલા પડ્યા? જાઓ ક્યાંક બીજે જ્યાં તમને તે બધું ય મળી રહેશે. અહીં તો છે માત્ર અંગારા વરસાવતી વર્ષા!

[૪૭૫] अधीत्य किञ्चिच्च निशम्य किञ्चिदसद्ग्रहात्पण्डितमानिनो ये।
मुखं सुखं चुम्बितमस्तु वाचो, लीलारहस्यं तु न तैर्जगाहे ॥३॥

થોડુંક ભણી લઈને, થોડું ઘણું સાંભળી લઈને કોઈ વાતનો કદાગ્રહ પકડીને જેઓ પોતાની જાતને 'પંડિત' માને છે તેમને વાણીના મુખને ચુંબન કરવાનું સુખ ભલે મળે! પણ વાણીના સંગની લીલાનું રહસ્ય તો તેઓ કદી પણ પામી ન શકે.[૧૭૩]

[૪૭૬] असद्ग्रहोत्सर्पदतुच्छदर्प–र्वैधांशतान्धीकृतमुग्धलोकैः।
विडम्बिता हन्त जडैर्वितण्डापाण्डित्यकण्डूलतया त्रिलोकी ॥

કદાગ્રહથી ઊછળતા ભારોભાર અભિમાનવાળા–અધકચરા જ્ઞાનથી ભોળા જીવોને અંધ કરી દેતા જડ લોકો તો પોતાની વિતંડાપ્રચુર પંડિતાઈની કૌંચા (કંડૂલતા) થી ત્રણે ય લોકને પરેશાન કરી મૂકે છે!

[૪૭૭] विधोर्विवेकस्य न यत्र दृष्टिस्तमोघनं तत्त्वरविर्विलीनः।
अशुक्लपक्षस्थितिरेष नूनमसद्ग्रहः कोऽपि कुहूविलासः ॥५॥

રે! માનવો તમે આટલું તો નક્કી જ કરી રાખજો કે જ્યાં તત્ત્વરવિ અસ્ત પામ્યો છે, જ્યાં ગાઢ અંધકાર છાઈ ગયો છે અને વિવેક–ચન્દ્રનું જ્યાં દર્શન જ થતું નથી ત્યાં કૃષ્ણપક્ષ સમો અસદ્ગ્રહ જ પોતાનો પગદંડો જમાવી બેઠો છે. આ કદાગ્રહનું સામ્રાજ્ય તો રાત્રિનો અપૂર્વ શૃંગાર છે.

૧૭૩ જુઓ ભામિની વિલાસ.

[૪૭૮] कुतर्कदात्रेण लुनाति तत्त्व–वल्लीं रसात्सिञ्चति दोषवृक्षम्।
क्षिपत्यधः स्वादुफलं शमाख्य–मसद्ग्रहच्छन्नमतिर्मनुष्यः।६।

જેની મતિ કદાગ્રહથી ભ્રષ્ટ થઈ ગઈ છે તે મનુષ્ય કુતર્કના દાંતરડા વડે તત્ત્વ–વેલડીને છેદી નાંખે છે;
અંતરના મેલા રસ (ભાવ) થી દોષવૃક્ષને સીંચે છે;
સમતાના મીઠા ફળને ધરતી ઉપર તોડી પાડે છે!

[૪૭૯] असद्ग्रहग्रावमये हि चित्ते, न क्वाऽपि सद्भावरसप्रवेशः।
इहाङ्कुरश्चित्तविशुद्धबोधः, सिद्धान्तवाचां बत कोऽपराधः ॥७॥

કદાગ્રહની પથરાળ ભૂમિશા ચિત્તમાં ક્યાં ય પણ સદ્‌ભાવનું જલ પ્રવેશી શકતું નથી.

એ ચિત્તમાં વિશુદ્ધ બોધના અંકુર પ્રગટી શકતા નથી. તો....

તેમાં આગમ વચનનો શો અપરાધ! એ અપરાધ તો એ ભૂમિનો જ કહેવાય ને?

[૪૮૦] व्रतानि चीर्णानि तपोऽपि तप्तं, कृता प्रयत्नेन च पिण्डशुद्धिः।
अभूत्फलं यत्तु न निह्नवाना मसद्ग्रहस्यैव हि सोऽपराधः ॥८॥

નિહ્નવોએ મહાવ્રતો આદર્યાં, ઘોર તપ પણ તપ્યા, ખૂબ પ્રયત્નપૂર્વક પિણ્ડ–શુદ્ધિ પણ કરી, છતાં....તેનાં મીઠાં ફળ તેમને ન મળ્યાં તેમાં તેમના કદાગ્રહનો જ વાંક છે.

[૪૮૧] स्थालं स्वबुद्धिः सुगुरोश्च दातुरुपस्थिता काचन मोदकाली।
असद्ग्रहः कोऽपि गलेग्रहीता तथापि भोक्तुं न ददाति दुष्टः।९।

સ્વબુદ્ધિનો મોટો થાળ છે, ચિત્તને આનંદ આપનારા ઉપદેશના અપૂર્વ લાડુ પણ તેમાં ગોઠવાઈ ગયા છે પણ.... આ દુષ્ટ કદાગ્રહે એવું ગળું પકડી રાખ્યું છે કે તે પેલા લાડુ ખાવા જ દેતો નથી.

[૪૮૨] गुरुप्रसादीक्रियमाणमर्थं गृह्णाति नासद्ग्रहवाँस्ततः किं ।।
द्राक्षा हि साक्षादुपनीयमानाः क्रमेलकः कण्टकभुङ्‍ न भुङ्क्ते

ગુરુકૃપાથી પ્રાપ્ત થતા અર્થોને કદાગ્રહી માણસ સ્વીકારતો નથી. પણ તેથી શું થઈ ગયું ?

ઊંટની સામે દ્રાક્ષની આખી લૂમ ધરવામાં આવે પણ કાંટા જ ખાવાને ટેવાએલાં ઊંટ દ્રાક્ષને અડે ય નહિ તેમાં દ્રાક્ષનો દોષ થોડો જ કહેવાય ?

[૪૮૩] असद्ग्रहात्पामरसंगतिं ये कुर्वन्ति तेषां न रतिर्बुधेषु ।
विष्टासु पुष्टाः किल वायसा नो मिष्टान्ननिष्ठाः प्रसभं भवन्ति

કદાગ્રહને લીધે જેઓ હલકા માણસોની સોબત કરે છે તેમને જ્ઞાની પુરુષો ઉપર પ્રેમ થતો નથી.

વિષ્ટામાં જ પુષ્ટ થતા કાગડા બલાત્કારે પણ મિષ્ટાન્નની પ્રીતિવાળા થતા નથી.

[૪૮૪] नियोजयत्येव मतिं न युक्तौ, युक्तिं मतौ यः प्रसभं नियुङ्क्ते ।
असद्ग्रहादेव न कस्य हास्योऽजले घटारोपणमादधानः ।।१२।

આવા માણસો કદાગ્રહને લીધે જ શાસ્ત્રયુક્તિની પાંછળ પોતાની મતિને દોરતા નથી કિન્તુ પોતાની મતિમાં

જે બેઠું તે પ્રમાણે જ—મારી મચડીને પણ—શાસ્ત્રયુક્તિને લગાડવા યત્ન કરતા હોય છે.

જ્યાં જલ જ નથી : જ્યાં મૃગજળ છે, ત્યાં પાણી ભરવા ઘડો નાંખતો માણસ કોને હાસ્યાસ્પદ ન બને ?

[૪૮૫] असद्ग्रहो यस्य गतो न नाशं, न दीयमानं श्रुतमस्य शस्यम् ।
न नाम वैकल्यकलङ्कितस्य प्रौढा प्रदातुं घटते नृपश्री: ॥१३॥

જેનો કદાગ્રહ નાશ પામ્યો નથી તેને અપાતું શ્રુત પણ પ્રશસ્ય નથી.

એકાદ અંગની ખોડખાંપણથી કલંકિત થયેલા પુરુષને પ્રૌઢ એવી રાજ્યલક્ષ્મી આપી શકાય ખરી ?

[૪૮૬] आमे घटे वारि धृतं यथा सद्विनाशयत्येत्स्वं च घटं च सद्यः ।
असद्ग्रहग्रस्तमतेस्तथैव श्रुतात्प्रदत्तादुभयोर्विनाशः ॥१४॥

કદાગ્રહથી ગ્રસ્ત બનેલી મતિવાળાને શ્રુતજ્ઞાન આપવામાં આવે તો તે શ્રુતનો નાશ થાય, એટલું જ નહિ પણ તેનો દુરુપયોગ કરવા દ્વારા તે કદાગ્રહી જીવનો ય નાશ થાય છે. (સંસારમાં અનંતવાર મર્યા કરે છે.)

એક તો ઘડો કાચો હોય અને પછી તેમાં પાણી ભર્યું હોય તો શું થાય ? પાણી તો જાય અને સાથે ઘડો પણ જાય !

[૪૮૭] असद्ग्रहग्रस्तमतेः पदत्ते, हितोपदेशं खलु यो विमूढः ।
शुनीशरीरे स महोपकारी कस्तूरिकालेपनमादधाति ॥१५॥

જે મૂઢાત્મા, કદાગ્રહીને હિતોપદેશ આપે છે તે મહોપકારી (!) કૂતરીના શરીરે કસ્તૂરીનો લેપ કરે છે!

[૪૮૮] कष्टेन लब्धं विशदागमार्थं ददाति योऽसद्ग्रहदूषिताय।
स खिद्यते यत्नशतोपनीतं, बीजं वपन्नूषरभूमिदेशे ॥१६॥

જે સાધુ ભારે કષ્ટ વેઠીને પ્રાપ્ત કરેલા આગમ વચનોના વિશદ અર્થો કદાગ્રહીને આપે છે તેને અંતે તો પસ્તાવાનો જ સમય આવી લાગે છે.

સેંકડો યત્નો વડે પ્રાપ્ત થયેલા બીજને ઉખર ભૂમિમાં વાવતા માણસની જેમ.

[૪૮૯] शृणोति शास्त्राणि गुरोस्तदाज्ञां करोति नासद्ग्रहवान्कदाचित्
विवेचकत्वं मनुते त्वसारग्राही भुवि स्वस्य च चालनीवत्।१७।

કદાગ્રહી માણસો શાસ્ત્ર વચન સાંભળવા તરફ લાપરવા હોય છે, ગુર્વાજ્ઞાને તો કદી સ્વીકારતા જ હોતા નથી અને પોતે જ મહાન વિવેચક છે એવું અભિમાન ધારણ કરે છે.

ચાલણી જેવા જ કહેવાય ને જગતના આ લોકો! સાર ભાગ છોડી દઈને અસાર–છોતરાં ફોતરાં–પકડી રાખે!!!

કેવું અપૂર્વ વિવેચન! જગતમાં સાર પકડાવે અને અસાર છોડાવે તે વિવેક કહેવાય. અને આ તો અવળો વિવેક કરતો જબરો વિવેચક બન્યો!

[૪૯૦] दम्भाय चातुर्यमघाय शास्त्रं, प्रतारणाय प्रतिभापटुत्वम्।
गर्वाय धीरत्वमहो गुणानामसद्ग्रहस्थे विपरीतसृष्टिः ॥१८॥

કદાગ્રહીની દુનિયામાં સદ્‌ગુણોના બીજ પણ વિષફળનો જન્મ આપે છે. એનું ચાતુર્ય દંભ માટે, શાસ્ત્રાધ્યયન પાપો કરવા માટે, પ્રતિભા અને પટુતા લોકોને ઠગવા માટે, અને ધૈર્ય, અહંકાર માટે જ બને છે!

કદાગ્રહીની દુનિયામાં ગુણોનું જબરું શીર્ષાસન થાય છે!

[૪૯૧] असद्ग्रस्थेन समं समन्तात्सौहार्दभृद्दुःखमवैति तादृग् ।
उपैति यादृक्कदली कुवृक्षस्फुटत्त्रुटत्कण्टककोटिकीर्णा ॥१९॥

કદાગ્રહીની સાથે મૈત્રી કરનાર તેવું દુઃખ પ્રાપ્ત કરે છે જેવું પેલું કેળનું ઝાડ! કે જે બિચારું કાંટાળા ઝાડની પાસે ઊગીને ભાંગતા, પડતા અને આરપાર ભોંકાઈ જતા અનેક કાંટાઓથી સતત ત્રાસ પામી રહ્યું છે!

[૪૯૨] विद्या विवेको विनयो विशुद्धिः सिद्धान्तवाल्लभ्यमुदारता च
असद्ग्रहाद्यान्ति विनाशमेते गुणास्तृणानीव कणाद्दवाग्नेः ॥

વિદ્યા, વિવેક, વિનય, ચિત્તવિશુદ્ધિ, સિદ્ધાન્તપ્રિયતા, ઉદારતા વગેરે સઘળા ય ગુણો કદાગ્રહને કારણે જ નાશ પામી જાય છે.

દાવાનળના એક કણિયાથી ઘાસની ગંજી ભડભડ બળતી નાશ પામી જાય છે તેમ.

[૪૯૩] स्वार्थः प्रियो नो गुणवाँस्तु कश्चिन्मूढेषु मैत्री न तु तत्त्ववित्सु ।
असद्ग्रहापादितविभ्रमाणां स्थितिः किलासावधमाधमानाम्

કદાગ્રહીને સ્વાર્થ પ્રિય હોય છે ગુણવાન આત્મા નહિ;
એ મૂઢ માણસો સાથે મૈત્રી કરે છે તત્વજ્ઞ પુરુષો સાથે નહિ.

કદાગ્રહને લીધે, જેણે પોતાની સાધનાની ઈતિશ્રી આવી ગયાનું માની લીધું છે તે અધમાધમ જીવોની આવી વિચિત્ર સ્થિતિ હોય છે!

[૪૯૪] इद विदँस्तत्वमुदारबुद्धिरसद्ग्रहं यस्तृणवज्जहाति।
जहाति नैनं कुलजेव योषिद् गुणानुरक्ता दयितं यशःश्रीः॥२२

જે ઉદાર બુદ્ધિવાળા મહાત્મા, કદાગ્રહની આ વિડંબનાઓ જાણી લે છે અને તણખલાંની જેમ એનો ત્યાગ કરી દે છે, તે મહાત્માની ઉપર ગુણોથી ખેંચાયેલી યશ લક્ષ્મી મોહી પડે છે; પછી કુળવાન સ્ત્રીની જેમ પતિતુલ્ય તેમનો કદી ત્યાગ કરતી નથી.

# યોગ સ્વરૂપ

## ૧૫

વિકાસનું ગણિત આ ક્રમે ચાલ્યું જાય છે.

(૧) કદાગ્રહ ત્યાગ.

(૨) મિથ્યાત્વ નાશ.

(૩) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ.

(૪) વિશિષ્ટ અધ્યાત્મ શુદ્ધિ.

(૫) યોગ સાધના...

બદ્ધાત્માને મુક્તાત્મા બનાવે તેવો મનનો કોઈ પણ વિચાર, વાણીનો કોઈ પણ પ્રયોગ કે કાયાની કોઈ પણ ક્રિયા; પ્રવૃત્તિ કે નિવૃત્તિ–એય યોગ કહેવાય...

મુખ્યત્વે જ્યાં નિરવદ્ય પ્રવૃત્તિ છે તે કર્મયોગ.

મુખ્યત્વે જ્યાં નિવૃત્તિ છે તે જ્ઞાનયોગ.

મુક્તિની પ્રાપ્તિમાં મુખ્ય છે જ્ઞાનયોગ...છતાં પ્રથમ છે કર્મયોગ.

ચિત્તના મળોને દૂર કરવા કર્મયોગ એ મગના પાણીની ગરજ સારે છે.

દૂધ જેવો જ્ઞાનયોગ તો ચિત્તની પુષ્ટિ કરનારો છે.

શુદ્ધિ વિના પુષ્ટિ કેવી ?

કર્મયોગ વિના જ્ઞાનયોગ શેનો ?

જ્ઞાનયોગી મહાત્મા ધ્યાનયોગ ઉપર આરૂઢ થાય છે. અને મુક્તિ યોગ પામી જાય છે.

## 卐 યોગ સ્વરૂપ 卐

પ્રબન્ધ ૫ મો. અધિકાર ૧૫ મો

[૪૯૫] असद्ग्रहव्ययाद्वान्त–मिथ्यात्वविषविप्रुषः ।
सम्यक्त्वशालिनोऽध्यात्म–शुद्धेर्योगः प्रसिद्ध्यति ॥ १ ॥

પહેલા અસદ્ગ્રહનો ક્ષય થાય; પછી મિથ્યાત્વના વિષ–કણોનું વમન થાય અને ત્યાર પછી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય.

સમ્યગ્દૃષ્ટિ આત્માનો અધ્યાત્મભાવ વિશુદ્ધ બને પછી એ ભાવ જ એને યોગદશાની ભેટ ધરે.

[૪૯૬] कर्मज्ञानविभेदेन, स द्विधा तत्र चाऽऽदिमः ।
आवश्यकादिविहितक्रियारूपः प्रकीर्तितः ॥ २ ॥

યોગ બે પ્રકારે છે :—

(૧) કર્મયોગ
(૨) જ્ઞાનયોગ.

**કર્મયોગ :**– જિનેશ્વરદેવે વિહિત કરેલી આવશ્યકાદિ ક્રિયારૂપ કર્મયોગ છે.

મોક્ષમાં કારણીભૂત જે કોઈ આત્મવ્યાપાર હોય તે બધો યોગ કહેવાય. અથવા બીજી રીતે એમ કહી શકાય કે સ્થાન, ઉર્ણ, અર્થ, આલંબન અને નિરાલંબન એમ પાંચ પ્રકારના યોગ છે. તેમાંના પહેલા બેનો કર્મયોગમાં અને બાકીના ત્રણનો જ્ઞાનયોગમાં સમાવેશ થાય છે.

**સ્થાનઃ**– પદ્માસનાદિ આસનવિશેષ.

**ઉર્ણ:**– વર્ણોચ્ચાર.

**અર્થ:**– શબ્દાભિધેય–વ્યવસાય.

**આલંબનઃ**– બાહ્ય પ્રતિમાદિનું ધ્યાન.

**નિરાલંબનઃ**– આભ્યન્તર રૂપી દ્રવ્યના આલંબન વિનાનું સમાધિસ્વરૂપ ધ્યાન. ૧૭૪

[૪૯૭] शारीरस्पन्दकर्मात्मा, यदयं पुण्यलक्षणम् ।
कर्माऽऽतनोति सद्रागात्कर्मयोगस्ततः स्मृतः ॥ ३ ॥

**કર્મયોગનું લક્ષણ :–**

દેવગુર્વાદિ તરફના પ્રશસ્ત રાગને લીધે થતું શરીરનું સ્પન્દન વિગેરે કોઈ પણ કર્મ, પુણ્ય કર્મને ઉત્પન્ન કરે. આવું જે પુણ્યકર્મોત્પાદક કર્મ એ જ કર્મયોગ કહેવાય છે.

[૪૯૮] आवश्यकादिरागेण, वात्सल्याद्भगवद्गिराम् ।
प्राप्नोति स्वर्गसौख्यानि, न याति परमं पदम् ॥ ४ ॥

**કર્મયોગનું ફળ :–**

અહીં આવશ્યકાદિ ક્રિયા ઉપર રાગ છે અને ભગવદ્‌વચન ઉપર બહુમાનભાવ છે માટે આ કર્મયોગને સાધનાર આત્મા સ્વર્ગાદિસુખો પ્રાપ્ત કરી શકે પણ પરમપદ પ્રાપ્ત કરી શકે નહિ. કેમકે આવશ્યકાદિ ધર્મ ઉપરનો રાગ, મુખ્યત્વે

---

૧૭૪. (૧) શાસ્ત્ર વાર્તા સમુચ્ચયઃ સ્યાદ્વાદ કલ્પલતા ટીકા–૯ મો સ્તબક શ્લોક ૭માની ટીકા.
(૨) યોગવિંશિકા–શ્લોક ૨જો.

કરીને શુભપુણ્યકર્મનો બંધ કરે છે, નહિ કે વિશિષ્ટ કર્મ નિર્જરા. વિશિષ્ટ નિર્જરા રાગભાવથી ન થાય. સરાગભાવ તો શુભકર્મનો બંધ કરે. અને શુભકર્મબંધ સ્વર્ગાદિ સુખો આપે. [૧૭૫]

[૪૯૯] ज्ञानयोगस्तपः शुद्धमात्मरत्येकलक्षणम् ।
इन्द्रियार्थोन्मनीभावात्स मोक्षसुखसाधकः ॥ ५ ॥

**જ્ઞાનયોગનું સ્વરૂપ અને ફળ :–**

જ્યારે ઈન્દ્રિયોનો વિષયો પ્રત્યે સદ્ભાવ ઊઠી જાય છે અને તેથી આત્મામાં જ રતિસ્વરૂપ જે શુદ્ધ તપની પ્રાપ્તિ થાય છે તે શુદ્ધતપ જ જ્ઞાનયોગ છે. આ જ્ઞાનયોગ પરમપદનો પ્રાપક છે. શુદ્ધતપ તો વિશિષ્ટ નિર્જરા જ કરે. વિશિષ્ટ નિર્જરા મોક્ષ જ આપે. [૧૭૬]

[૫૦૦] न परप्रतिबन्धोऽस्मि–न्नल्पोऽप्येकात्मवेदनात् ।
शुभं कर्माऽपि नैवात्र, व्याक्षेपायोपजायते ॥ ६ ॥

પ્ર.–જ્ઞાનયોગીને આવશ્યકાદિ શુભ ક્રિયા ઉપર રાગ ન હોય? જો હોય તો સરાગદશા આવી ને? તેથી શુભકર્મનો બંધ પણ થયો ને? તો પછી સ્વર્ગાદિની પ્રાપ્તિ પણ થાય ને? તમે તો જ્ઞાનયોગને માત્ર મોક્ષ સાધક કહ્યો છે?

૧૭૫. (૧) પ્રવચનસાર...धम्मेण परिणदप्पा...।

(૨) દ્વા. દ્વા. :– ૨૧–૧૦.

૧૭૬. શાસ્ત્રવાર્તા સમુચ્ચય : ૯–૨૨, ૨૩.

(૨) શાસ્ત્રવાર્તા :–૨૧મો શ્લોક ટીકા સાથે.

ઉ.—જ્ઞાનયોગી મહાત્મા માત્ર આત્મરમણુતામાં લીન હોય છે એટલે એમને આવશ્યકાદિ ક્રિયાઓમાં પણ રાગ રહેતો નથી. વળી તેઓ જે ગોચરી લાવવાનું કે કદાચિત આવશ્યકાદિ કરવાનું શુભ કર્મ કરે છે તે પણ તેની પ્રત્યેના રાગભાવ વિના જ કરે છે માટે શુભકર્મનો બંધ થતો નથી, એટલે તે આવશ્યકાદિ કર્મ મોક્ષના કાર્યમાં બાધા પહોંચાડનારું બની શકતું નથી. [૧૭૭]

[૫૦૧] न ह्यप्रमत्तसाधूनां क्रियाऽप्यावश्यकादिका ।
नियता, ध्यानशुद्धत्वाद्यदन्यैरप्यदः स्मृतम् ॥ ७ ॥

[૫૦૨] यस्त्वात्मरतिरेव स्या–दात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च सन्तुष्टस्तस्य कार्यं न विद्यते ॥ ८ ॥

[૫૦૩] नैवं तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥ ९ ॥

અપ્રમત્તભાવમાં રમણુતા કરતા જ્ઞાનયોગી મહાત્માને આવશ્યકાદિ ક્રિયાઓ નિયત હોતી નથી, કેમકે તેઓ ધ્યાનસ્વરૂપતપથી જ શુદ્ધ હોય છે: અતિચાર મુક્ત હોય છે. એટલે એમને અતિચારશુદ્ધિકરણરૂપ આવશ્યકાદિ ક્રિયાનું નિયત પ્રયોજન હોય નહિ.

બીજાઓ પણ આ જ વાત કહે છે કે જ્યાં સુધી મનુષ્ય પોતાના ચિત્તની અત્યન્ત શુદ્ધિ કરીને સ્થિતપ્રજ્ઞ બનતો નથી ત્યાં સુધી એને જીવનની કૃતાર્થતા લાગતી નથી;

૧૭૭. જુઓ પ્રકૃત અધિકાર શ્લોક ૧૧ મો.

ત્યાં સુધી એને 'કાંઈક' કરવાનું અને 'કાંઈક' ન કરવાનું બાકી લાગ્યા કરે છે. પણ જ્યારે એ સ્થિતપ્રજ્ઞ બને છે ત્યારે એ આત્મરતિવાળા આત્મામાં જ તૃપ્તિ અનુભવતા, આત્મામાં જ સન્તુષ્ટ રહેતા એને કશું ય કાર્ય કરવાનું બાકી રહેતું નથી; એટલે કે કર્મ દ્વારા પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી.

કર્મ કરવાથી કે કર્મ ન કરવાથી એની ચિત્તશુદ્ધિમાં કશો વધારો કે ઘટાડો થતો નથી. વળી એને ભૂતમાત્રમાં જરા ય સ્વાર્થ કે મોહ (વ્યપાશ્રય) હોતો નથી. [૧૭૮]

[૫૦૪] अत्रकाशो निषिद्धोऽस्मिन्नरत्यानन्दयोरपि ।
ध्यानावष्टम्भतः क्वाऽस्तु तत्क्रियाणां विकल्पनम् ॥१०॥

અરે ! જ્ઞાનયોગની આરાધના વખતે એ આત્મા ધર્મ-શુક્લધ્યાનમાં એવો તો તલ્લીન થઈ જાય છે કે તેને પૌદ્‌ગલિક પદાર્થની ગંધ પણ આવતી નથી. આથી જ પદાર્થોમાં રતિ અરતિ થવાનો કોઈ અવકાશ જ સંભવતો નથી.

તો પછી, 'હું અમુક (આવશ્યકાદિ) ક્રિયા કરું' એવો વિકલ્પ તો સંભવે જ ક્યાંથી? [૧૮૦]

[૫૦૫] देहनिर्वाहमात्रार्था याऽपि भिक्षाटनादिका ।
क्रिया, सा ज्ञानिनोऽसङ्गान्नैव ध्यानविघातिनी ॥११॥

પ્રશ્ન–શું તે જ્ઞાનયોગી આત્મા ભિક્ષાટન વગેરે ક્રિયા પણ નથી કરતા? જો તે ક્રિયા કરતા હોય તો તે ક્રિયા

---

૧૭૮. ભગવદ્‌ગીતા : ૩–૧૭, ૧૮.

૧૮૦. આચારાંગ સૂત્ર : ૧૧૭.

કરવાનો તેમને વિકલ્પ થાય ને? એટલે તે વિકલ્પ તેમના ધ્યાનમાં વ્યાઘાત કરે જ ને?

ઉ.–દેહનો નિર્વાહ કરવા પૂરતી ભિક્ષાટનાદિ ક્રિયા તેઓ જરૂર કરે છે પરન્તુ દેહાદિ પ્રત્યેના અસંગભાવને લીધે તે જ્ઞાનયોગીની ક્રિયાઓ તેમના ધ્યાનનો વ્યાઘાત કરી શકતી નથી.

વૃક્ષનું પાંદડું નિશ્ચેષ્ટ હોવા છતાં પણ વાયુના વેગથી ઊડી આકાશમાં ભ્રમણ કરે છે, તેવી રીતે પ્રારબ્ધ કર્મને આધીન થયેલા જ્ઞાનયોગી ભિક્ષાટનાદિ ક્રિયાઓ કરે છે.

[૫૦૬] रत्नशिक्षादृगन्या हि तन्नियोजनदृग् यथा ।
फलभेदात्तथाऽऽचारक्रियाऽप्यस्य विभिद्यते ॥१२॥

પ્ર.–પ્રમત્તદશાની ભિક્ષાટનાદિ ક્રિયા ધ્યાનવ્યાઘાત કરે અને અપ્રમત્ત ભાવની એ જ ભિક્ષાટનાદિ ક્રિયા ધ્યાનવ્યાઘાત ન કરે એમ શાથી?

ઉ.–ઝવેરીનો દીકરો રત્નોના ગુણ દોષ જાણવાની દૃષ્ટિએ રત્નો જુવે છે અને તેનાથી રત્નો સંબંધી જ્ઞાનાર્જનનું ફળ પ્રાપ્ત કરે છે. હવે જ્યારે તે જ છોકરો દુકાને બેસે છે અને તે વખતે રત્નો વેચવા કોઈ માણસ તેની પાસે આવે છે ત્યારે તે રત્નો ખરીદતી વખતે પણ પૂર્વે જે રીતે રત્નો જોતો હતો તે જ રીતે તે છોકરો રત્નો જુવે છે. છતાં પૂર્વની જોવાની દૃષ્ટિમાં અને હમણાંની જોવાની દૃષ્ટિમાં ઘણો ફરક પડે છે. પૂર્વદૃષ્ટિમાં તો રત્નોના ગુણદોષ જાણવાનું ફળ

મેળવીને અટકી જવાનું હતું જ્યારે હવે તેથી પણ આગળ વધીને રત્નોની ખરીદી કરવા વિગેરે દ્વારા ધનાર્જન કરવાનું ફળ મેળવવાનું તેનું લક્ષ છે.

આમ બેય વખત જોવાની ક્રિયા એક સરખી હોવા છતાં ફળના ભેદથી તે ક્રિયામાં ભેદ પડે છે.

આ જ રીતે પ્રમત્તભાવની અભ્યાસદશાની ભિક્ષાટનાદિ ક્રિયા અને અપ્રમત્તભાવની તે જ ભિક્ષાટનાદિ ક્રિયા દેખીતી રીતે એક સરખી હોવા છતાં બેયના ફળ જુદા પડી જાય છે. પ્રમત્તભાવની સરાગ અવસ્થા એ, ઉપરની અપ્રમત્તભાવની વિશિષ્ટ અવસ્થાની અપેક્ષાએ અલ્પનિર્જરા કરાવનારી તથા બહુપુણ્યબંધ કરાવનારી હોવાથી સ્વર્ગાદિ સુખના ફળને આપનારી બને છે. જ્યારે અપ્રમત્તભાવની તે જ ક્રિયા અત્યન્ત પ્રકૃષ્ટ નિર્જરા કરાવનારી બનીને મોક્ષના ફળને આપનારી બને છે.

આમ ફલભેદથી આચાર ક્રિયાનો પણ ભેદ પડી જાય છે. આથી જ પ્રમત્તભાવની ભિક્ષાટનાદિ ક્રિયા ધ્યાનવ્યાઘાત કરી શકે. પરન્તુ અપ્રમત્તભાવની તે જ ક્રિયા ધ્યાનવ્યાઘાત કરી શકે નહિ.[૧૮૧]

**[૫૦૭] ध्यानार्थी हि क्रिया सेयं प्रत्याहृत्य निजं मनः ।**
**प्रारब्धजन्मसङ्कल्पादात्मज्ञानाय कल्पते ॥१३॥**

૧૮૧. (૧) ગુરૂતત્વ વિનિશ્ચય. : ગા. ૫૬ની ટીકા.
(૨) દ્વા. દ્વા. : ૨૪-૨૯.

આ ભિક્ષાટનાદિ ક્રિયા ધ્યાનમાં વિક્ષેપ કરનારી તો નથી જ બનતી, કિન્તુ ધ્યાનની પુષ્ટિ માટે જ બની જાય છે.

એટલું જ નહિ પણ જ્ઞાનયોગી આત્માને એ વાતનો દઢ ખ્યાલ છે કે આ જન્મ નિકાચિત કર્મથી પ્રાપ્ત થએલો છે. આવો સંકલ્પ હોવાથી તે મહાત્મા પોતાના મનને વિષયોથી પાછુ ખેંચી લઈને અસંગભાવે ભિક્ષાટનાદિ તમામ ક્રિયા કરે છે માટે તો એ ક્રિયાઓ આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવી આપનારી બને છે.

[૫૦૮] स्थिरीभूतमपि स्वान्तं रजसा चलतां व्रजेत् ।
प्रत्याहृत्य निगृह्णाति ज्ञानी यदिदमुच्यते ॥१४॥

[૫૦૯] शनैः शनैरुपरमेद् बुद्धया धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किञ्चिदपि चिन्तयेत् ॥१५॥

[૫૧૦] यतो यतो निःसरति मनश्चञ्चलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥१६॥

બેશક, આત્મામાં સ્થિર થઈ ચૂકેલું મન પણ રજોભાવનો ઉદય થતાં ક્યારેક ચલ બની પણ જાય, પરન્તુ એ વખતે જે જ્ઞાની મહાત્મા છે એ તો મનને વિષયોથી પાછું ખેંચી લઈને તેનો નિગ્રહ કરી લે છે. આ રીતે પ્રત્યાહાર કરવાનું બીજાઓ પણ કહે છે કે જ્યારે મન વિષયોમાં જતું રહે ત્યારે તેને પાછું ખેંચી લેવાની એકદમ ઉતાવળ ક્યાં વિના ધીરે ધીરે ધૈર્યયુક્ત બુદ્ધિથી (સ્થિર બુદ્ધિથી) કામ લેવું અને એ રીતે મનને વિષયોમાંથી પાછું ખેંચી લેવું. પછી તેને આત્મામાં સ્થિર કરવું અને બીજું કાંઈ જ વિચારવું નહિ.

એટલે જ્યારે જ્યારે ચંચળ અને અસ્થિર મન બહાર નીકળીને વિષયોમાં ચાલી જાય ત્યારે ત્યારે તેને બુદ્ધિથી કાબુમાં લઈને આત્મામાં જ સ્થિર કરવું.

રાની પશુ જેવી ઇન્દ્રિયોને ઉતાવળે વશ કરવા જતાં તે કદાચ ભયંકર તોફાન મચાવી દે.[182]

[૫૧૧] अत एवादृढस्वान्तः कुर्याच्छास्त्रोदितां क्रियाम् ।
सकलां विषयप्रत्याहरणाय महामतिः ॥१७॥

મનને વશ કરવાની આ સફળ તરકીબ છે માટે જ ચલચિત્તવાળા મહાત્માએ મનને વિષયોથી પાછું ખેંચવા માટે શાસ્ત્રમાં કહેલી તમામ આવશ્યકાદિ ક્રિયાઓ કરવી જોઈએ.

[૫૧૨] श्रुत्वा पैशाचिकीं वार्तां, कुलवध्वाश्च रक्षणम् ।
नित्यं संयमयोगेषु, व्यापृतात्मा भवेद्यतिः ॥१८॥

પિશાચનું કથન અને કુલવધૂના રક્ષણનો પ્રસંગ સાંભળીને યતિએ હંમેશા સંયમયોગોમાં દત્તચિત્ત બની રહેવું જોઈએ.

(૧) શેઠ ઉપર પ્રસન્ન થયેલા પિશાચે શેઠને કહ્યું, 'જે દિવસ કામ નહિ આપો તે દિવસે તમને જ ખાઈ જઈશ.' એક દિવસ કામ ખૂટયું. શેઠ ગભરાયા; પણ શેઠ બુદ્ધિમાન હતા. સીડી લાવીને મૂકી દીધી. ભૂતને કહ્યું, 'બીજું કામ ન સોંપુ ત્યાં સુધી આ સીડી ઉપર ચડ ઉતર કર્યા કર.'

૧૮૨. (૧) ભગવદ્ગીતા : ૬–૨૫, ૨૬.
(૨) પ્રકૃત ગ્રન્થ અધ્યાત્મસાર : ક્રમાંક શ્લોક નં. ૧૩૧

(૨) પતિ બહારગામ ગયો. ઘણા મહિનાઓ પસાર થયા. નવોઢાને કામવાસના જાગી. સસરાને ખબર પડી. ઘરની તમામ દાસીઓને રજા આપીને બધું કામ વહુ ઉપર નાંખ્યું. રાત પડે તો ય કામ પૂરું ન થાય. થાકીને લોથ થઈને સૂઈ જવા લાગી. વાસના ક્યાં ય નાસી ગઈ.

મુનિ પણ આ રીતે જ આવશ્યકાદિ ક્રિયાઓ સ્વરૂપ સંયમ યોગોમાં ઓતપ્રોત રહે.

[૫૧૩] या निश्चयैकलीनानां, क्रिया नाऽतिप्रयोजनाः ।
व्यवहारदशास्थानां, ता एवाऽतिगुणावहाः ॥१९॥

જેઓ નિશ્ચય ધર્મને જ આત્મામાં ભાવિત કરી ચૂકયા છે તેમને જે આવશ્યકાદિ ક્રિયાઓનું ખાસ કોઈ પ્રયોજન નથી તે જ આવશ્યકાદિ ક્રિયાઓ વ્યવહારદશામાં રહેલા માટે તો અત્યન્ત લાભ કરનારી છે.

[૫૧૪] कर्मणोऽपि हि शुद्धस्य, श्रद्धामेधादियोगतः ।
अक्षतं मुक्तिहेतुत्वं, ज्ञानयोगानतिक्रमात् ॥२०॥

પ્ર.–તો શું હવે એમ જ નક્કી થયું ને કે છેવટે તો જ્ઞાનયોગ જ મોક્ષનો હેતુ છે? ક્રિયા તો નહિ જ?

ઉ.–ના, એમ નહિ. શુદ્ધ એવી કાયોત્સર્ગાદિરૂપ ક્રિયા પણ શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા અને અનુપ્રેક્ષાના યોગથી મોક્ષનો હેતુ બરાબર બની શકે છે કેમકે તેવી શુદ્ધ ક્રિયામાં જ્ઞાનયોગનું ઉલ્લંઘન થતું જ નથી. જ્ઞાનયોગ તો ત્યાં ઓતપ્રોત થયેલો જ હોય છે.

[૫૧૫] अभ्यासे सत्क्रियापेक्षा, योगिनां चित्तशुद्धये ।
ज्ञानपाके शमस्यैव, यत्परैरप्यदः स्मृतम् ॥२१॥

[૫૧૬] आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥२२॥

**કર્મયોગ અને જ્ઞાનયોગની મર્યાદા :–**

યોગના અભ્યાસકાળમાં યોગીઓને ચિત્તશુદ્ધિ માટે આવશ્યકાદિ સત્ક્રિયાઓની અપેક્ષા રહે છે. અને જ્યારે એ ક્રિયા કરતાં કરતાં પરિપક્વ જ્ઞાનદશા પ્રાપ્ત થઈ જાય છે ત્યારે તે ક્રિયાની અપેક્ષા રહેતી નથી. માત્ર પ્રાપ્ત થએલા ઇન્દ્રિય અને મનના શમનની જ (સંકલ્પ રહિત કર્મોમાં) અપેક્ષા રહે છે. ભગવદ્‌ગીતામાં વ્યાસમુનિએ પણ કહ્યું છે કે સંકલ્પ સંન્યાસ (ચિત્તશુદ્ધિ) રૂપ યોગ ઉપર ચડવાની ઇચ્છાવાળા સાધક મુનિને માટે ચિત્તશુદ્ધિનો યોગ જરૂરી છે. અને તે માટે સત્ક્રિયા (કર્મ) એ જરૂરી કારણ છે. પણ જ્યારે એ આત્મા યોગારૂઢ (સિદ્ધ) થઈ જાય છે ત્યારે એને કર્મની અપેક્ષા રહેતી નથી. પરન્તુ કર્મયોગથી એને જે શમની પ્રાપ્તિ થઇ છે એ શમની જ અપેક્ષા રહે છે. આ શમભાવ જ એને યોગારૂઢ દશામાં સ્થિર રાખે છે. યોગારૂઢ આત્માના સંકલ્પોનો સર્વથા નાશ થયો હોતો નથી કિન્તુ સર્વ સંકલ્પોનો ઉપશાન્તભાવ થયો હોય છે. (ક્ષીણદોષવાળો તો યોગાતીત કહેવાય.) એટલે આવા યોગારૂઢ–સિદ્ધ–ઉપશાન્ત સંકલ્પ રૂપ સંકલ્પ સંન્યાસી–ને ફરી સંકલ્પોનું ઉત્થાન થઈ

જવાની શક્યતા રહે છે. તેવું ન બને તે માટે તેને શમ-ભાવની જરૂર રહે છે.[૧૮૩]

[૫૧૭] यदा हि नेन्द्रियार्थेषु, न कर्म्मस्वनुषज्यते ।
सर्वसङ्कल्पसन्यासी योगारूढस्तदोच्यते ॥२३॥

**યોગારૂઢ કોને કહેવાય?**

ઇન્દ્રિયોના વિષયો તથા કર્મો (અને તેના ફળો) ને વિષે જે અનાસક્ત બની રહે છે એ સર્વ સંકલ્પનો સંન્યાસી આત્મા યોગારૂઢ કહેવાય છે.[૧૮૪]

[૫૧૮] ज्ञानं क्रियाविहीनं न, क्रिया वा ज्ञानवर्जिता ।
गुणप्रधानभावेन, दशाभेदः किलैनयोः ॥२४॥

પ્રશ્ન—તો શું જ્ઞાનયોગ ક્રિયાશૂન્ય હોય?

ઉત્તર—ના. જ્ઞાન અને ક્રિયા બેય ભેગા મળીને જ મોક્ષ હેતુ બને છે. માત્ર એમની ગૌણતા, પ્રધાનતા હોવાથી જુદી જુદી અવસ્થા બને છે. જ્યાં ક્રિયાની પ્રધાનતા છે અને જ્ઞાનની ગૌણતા છે ત્યાં કર્મયોગ બને છે. જ્યાં જ્ઞાનની પ્રધાનતા છે અને ક્રિયાની ગૌણતા છે ત્યાં જ્ઞાનયોગ બને છે. કર્મ પ્રધાનયોગ તે કર્મયોગ છે; નહિ કે કર્મસ્વરૂપ જ યોગ તે કર્મયોગ. એ જ રીતે જ્ઞાનપ્રધાનયોગ તે જ્ઞાનયોગ; નહિ કે જ્ઞાનમયયોગ તે જ્ઞાનયોગ.

[૫૧૯] ज्ञानिनां कर्मयोगेन, चित्तशुद्धिमुपेयुषाम् ।
निरवद्यप्रवृत्तीनां, ज्ञानयोगौचिती ततः ॥२५॥

---

૧૮૩. ભગ. ગીતા :–૬–૩.

૧૮૪. ભગવદ્‌ગીતા : ૬–૪.

કર્મયોગથી જેઓ ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કરે છે તેવા નિરવદ્ય પ્રવૃત્તિ (કર્મયોગ)વાળા જ્ઞાનીને જ–પછીથી–જ્ઞાનયોગ સાધવાનું ઉચિત છે. તે સિવાય નહિ.

પુષ્ટિની આવશ્યકતાવાળા દર્દીને આંતરડાં મળરહિત અને મજબૂત કરવા માટે પ્રથમ તો મગનું પાણી જ અપાય....પછી દૂધ. દૂધ વિના પુષ્ટિ ન જ આવે તે જેટલું સાચું છે તેટલું જ એ પણ સાચું છે કે દૂધ પચાવવાની તાકાત મગના પાણીના સેવન વિના ન જ આવે. માટે અહીં મુખ્ય દૂધ હોવા છતાં પહેલું તો મગનું પાણી જ.

મગના પાણી જેવો કર્મયોગ છે; દૂધ જેવો જ્ઞાન–યોગ છે.

[૫૨૦] अत एव हि सुश्राद्ध–चरणस्पर्शनोत्तरम् ।
दुःष्पालश्रमणाचारग्रहणं विहितं जिनैः ॥२६॥

પ્રશ્ન—તો શું પ્રથમ કર્મયોગ અને પછી જ જ્ઞાનયોગ ?

ઉત્તર—હા. જરૂર. આમ હોવાથી જ જિનેશ્વર દેવોએ પ્રથમ દેશવિરતિ શ્રાવક ધર્મની સ્પર્શના કર્યા પછી કષ્ટસાધ્ય સાધુ જીવનના આચારનું ગ્રહણ કરવાનું ફરમાવ્યું છે.

દેશવિરતિ જીવન અપેક્ષાએ કર્મપ્રધાન યોગ છે.

મુનિ જીવન અપેક્ષાએ જ્ઞાનપ્રધાન યોગ છે.[૧૮૫]

[૫૨૧] एकोद्देशेन संवृत्तं, कर्म यत्पौर्वभूमिकम् ।
दोषोच्छेदकरं तत्स्याद्, ज्ञानयोगप्रवृद्धये ॥२७॥

૧૮૫. શાસ્ત્રવાર્તા સમુચ્ચય : ૯–૧૫ ની ટીકા.

આ પ્રમાણેનો ક્રમ હોવાનું કારણ એ છે કે દેશવિરતિરૂપ સ્થૂલ પ્રાણાતિપાતાદિ વિરમણના એક ઉદ્દેશથી–પૂર્વ ભૂમિકામાં–જે કર્મ (કર્મયોગ) પ્રવૃત્ત થયું, તે કર્મ આગળ ઉપર સિદ્ધ થનારા જ્ઞાનયોગની પ્રાપ્તિ અને વૃદ્ધિમાં આડા આવી શકનારા બાધક દોષોનો નાશ કરી નાંખવાનું બળ આત્મામાં ઉત્પન્ન કરે છે.

વસ્તુસ્થિતિ જ આવી છે માટે જ્ઞાનયોગની સાધના કરવાની ઇચ્છાવાળા આત્માઓએ પણ બાધક દોષોની સાફસૂફી કરવા માટે પ્રથમ તો કર્મયોગને જ સ્વીકારવો પડશે.

કર્મયોગ દિવેલ છે. જ્ઞાનયોગના દુગ્ધપાનથી ઉત્પન્ન થતી પુષ્ટિમાં બાધક બનતા દોષ મળની સાફસૂફી કરવા પ્રથમ તો દિવેલ જ જરૂરી છે.

[૫૨૨] अज्ञानिनां तु यत्कर्म, न ततश्चित्तशोधनम् ।
यागादेरतथाभावात् म्लेच्छादिकृतकर्मवत् ॥२८॥

અહીં એક વાત બરોબર લક્ષમાં રાખવી કે ગમે તેનો માનેલો કર્મયોગ ચિત્તશોધક બની શકતો નથી. અજ્ઞાનીનો કર્મયોગ ચિત્તશુદ્ધિ કરી શકે જ નહિ. કેમકે તેમના માનેલા યજ્ઞયાગ, સ્નાન, શૌચાદિ કર્મયોગો અત્યન્ત સાવદ્ય સ્વરૂપ હોવાથી ચિત્તશોધન કરીને તે ચિત્તને પ્રશમ પરિણામવાળું બનાવી શકે તેમ નથી.

જંગલી હલકા માણસોનું દેવ–દેવી સમક્ષ થતું પશુવધાદિ કર્મ ચિત્તશોધક ન બની શકે તેમ.

જે કર્મ ચિત્તનું શોધન ન કરે તે કર્મને કર્મયોગ કહી શકાય નહિ.

[૫૨૩] न च तत्कर्मयोगेऽपि फलसङ्कल्पवर्जनात् ।
संन्यासो ब्रह्मबोधाद्वा, सावद्यत्वात्स्वरूपतः ॥२९॥

પ્રશ્ન—યજ્ઞયાગાદિ કર્મયોગમાં (કર્મયોગની આરાધનામાં) પણ ચિત્તના દોષોનો ત્યાગ (સંન્યાસ) થઈ શકે છે કેમકે ત્યાં પણ જો સ્વર્ગાદિ ફળનો સંકલ્પ ન હોય અથવા તો આત્માનું જ્ઞાન થયું હોય તો દોષ ત્યાગ કેમ ન થાય? અને એ રીતે દોષ ત્યાગ થતાં ચિત્તશુદ્ધિ પણ થાય એટલે પછી જ્ઞાનયોગ પણ પ્રાપ્ત થઈ જાય.

ઉત્તર—ના. જે યજ્ઞયાગાદિ કહેવાતો કર્મયોગ છે, તે સ્વરૂપતઃ (હિંસાદિ સ્વરૂપ હોવાથી) સાવદ્ય છે માટે તેનાથી દોષ સંન્યાસ અને ચિત્તશુદ્ધિ થઈ શકે જ નહિ.

જે ચિત્તમાં હિંસક પ્રવૃત્તિ કરવાનો સંકિલષ્ટ પરિણામ છે તે ચિત્તમાં તેવી પ્રવૃત્તિથી શુદ્ધિ ક્યાંથી સંભવે?

[૫૨૪] नो चेदित्थं भवेच्छुद्धिर्गोहिंसादेरपि स्फुटा ।
श्येनाद्वा वेदविहिताद्विशेषानुपलक्षणात् ॥३०॥

અને જો વેદને માનનારાઓનો એવો જ આગ્રહ હોય કે, 'સ્વરૂપતઃ સાવદ્ય એવું પણ યજ્ઞાદિનું કર્મ ચિત્તશુદ્ધિ કરી શકે છે.' તો તો પછી પોતાના ઇષ્ટદેવતા સમક્ષ જંગલી લોકો જે ગોવધ વિગેરે કરે છે તે પણ કેમ ચિત્તશુદ્ધિ ન

કરે ? અને પછી જ્ઞાનયોગની સિદ્ધિ પણ કેમ કરી ન આપે ? ત્યાં તો તમારો પણ નિષેધ છે.

વેદાનુયાયી–ના. એ કર્મ તો વેદવિહિત નથી ને ? જે કર્મ વેદવિહિત હોય પછી તે સ્વરૂપતઃ સાવદ્ય પણ ભલે હોય તો ય તેનાથી અવશ્ય ચિત્તશુદ્ધિ થાય.

ઉ.–સારૂં, તો પછી શ્યેનયાગ વેદવિહિત છે. 'જેને શત્રુવધ કરવો હોય તેણે શ્યેનયાગ કરવો,' તેવું વેદમાં કહ્યું છે. આ શ્યેનયાગ દુર્ગતિના અનુબંધની ભયંકરતાદિને લીધે અતિનિન્દ્ય કર્મ હોવાથી તમારા જ શિષ્ટ પુરૂષોએ તેને હેય કહ્યું છે. તો હવે શું કરશો ? શ્યેનયાગનું કર્મ વેદવિહિત હોવા છતાં ય ચિત્તશુદ્ધિ ન જ કરી શકે ને ? આમ સ્વરૂપતઃ સાવદ્ય કર્મ મ્લેચ્છોની ગોહિંસા છે અને શ્યેનયાગ પણ છે માટે એ દૃષ્ટિએ બે ય સરખા છે. તો બે ય ચિત્ત શોધક બની જવાની આપત્તિ આવશે. જે તમને માન્ય નથી. એટલે જો અગ્નિહોત્રાદિ કર્મો સ્વરૂપતઃ સાવદ્ય છતાં તેમનાથી ચિત્તના દોષનો સંન્યાસ (ત્યાગ) સંભવતો હોય તો ગોહિંસા શ્યેનયાગ વિગેરે કર્મોથી પણ ચિત્તદોષસંન્યાસ કેમ ન થાય ? કેમકે યજ્ઞયાગાદિ અને ગોહિંસાદિ કર્મોમાં સાવદ્યતાની દૃષ્ટિએ કોઈ તફાવત નથી.

એટલે 'સ્વરૂપતઃ સાવદ્ય કર્મથી ચિત્તશુદ્ધિ (દોષ–સંન્યાસ) ન જ થાય,' એમ માનવું જ પડશે અને તેથી અજ્ઞાની માણસના યજ્ઞયાગાદિ કર્મો પણ સ્વરૂપતઃ સાવદ્ય છે માટે તે ચિત્તશોધક બની શકે નહિ એમ સ્વીકારવું જ

જોઈએ. જે કર્મો ચિત્તશોધક ન બને તેમને વસ્તુતઃ કર્મયોગ કહેવાય નહિ. કર્મયોગ તો ચિત્તશુદ્ધિ કરવા દ્વારા જ્ઞાનયોગનો સાધક બને જ.

[૫૨૫] सावद्यं कर्म नो तस्मादादेयं बुद्धिविप्लवात् ।
कर्मोदयागते त्वस्मिन्नसङ्कल्पादबन्धनम् ॥३१॥

એટલે યજ્ઞયાગાદિ જે કોઈ સાવદ્ય કર્મ હોય તેનો આદર થઈ શકે નહિ. કેમકે આવાં કર્મ ચિત્તમાં હિંસક પરિણામ ઉત્પન્ન કરવા દ્વારા બુદ્ધિનો ભ્રંશ કરનારાં હોય છે.

પ્ર.–તો શું સાવદ્ય કર્મનું કદાપિ યોગી સેવન ન કરે ?

ઉ.–અશાતાવેદનીય કર્મના ઉદયથી અસહ્ય રોગાદિનો ઉપદ્રવ જ્યારે આવી પડે ત્યારે કદાચ આધાકર્માદિ સાવદ્ય કર્મનું સેવન કરવાની ફરજ પડે, કિન્તુ તે વખતે પણ તે સાવદ્ય કર્મ સેવવાની મનોવૃત્તિ તો નથી જ. મન વિના જ તે કર્મ સેવવું પડે છે માટે તે સાવદ્ય કર્મના સેવનથી પાપ કર્મનો અનુબન્ધ પડતો નથી. જે કર્મનો અનુબન્ધ અશુભ ન પડે તે કર્મ સાવદ્ય હોવા છતાં વસ્તુતઃ સાવદ્ય ન કહેવાય અશુભ છતાં વસ્તુતઃ અશુભ ન કહેવાય.

[૫૨૬] कर्माण्याचरतो ज्ञातुर्मुक्तिभावो न हीयते ।
तत्र सङ्कल्पजो बन्धो, गीयते यत्परैरपि ॥३२॥

[૫૨૭] कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म्म यः ।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥३३॥

પ્ર.–'હું હણું' એવા અશુભ સંકલ્પ વિનાનું સાવદ્ય કર્મ અશુભકર્મનો બન્ધ કેમ ન કરે?

ઉ.–જે જ્ઞાની છે તેને અપવાદમાર્ગે સાવદ્ય કર્મ આચરવું પડે તો પણ તેનો મુક્તિભાવ બાધિત થતો નથી કેમકે આત્માને કર્મનો બન્ધ હિંસાદિના સંકલ્પ વિગેરેથી પડે છે. ગીતામાં પણ કહ્યું છે કે, 'જે પુરુષ, કર્મ અને અકર્મને બરાબર સમજે છે તે, યોગમુક્ત થયેલા સત્કર્મોમાં બંધન જોતો નથી, માટે તે કર્મને અકર્મ જાણે છે. અને માત્ર નિષ્ક્રિયામાં અજ્ઞાન હોવાથી તેને બંધનકારક કર્મ જ સમજે છે. આવા ડાહ્યા પુરુષને કેમ વર્તવું તે સમજાવવું પડતું નથી. એ તો વિકર્મ ન હોય એવા સર્વકર્મનો (યોગપૂર્વક) કરનારો થાય છે.' [૧૮૬]

[૫૨૮] कर्मण्यकर्म वा कर्म कर्म यस्मिन्नुभेऽपि ।
नोभे वा भङ्गवैचित्र्यादकर्मण्यपि नो मते ॥३४॥

ગ્રન્થકારશ્રી કહે છે કે અમારા જિન મતમાં તો ઉપરોક્ત બે જ ભંગ નહિ કિન્તુ ભંગવૈચિત્ર્યને લીધે ઘણા બધા ભંગ અહીં બને છે. તે આ રીતે :–

(૧) કર્મમાં અકર્મ સ્વરૂપ કર્મયોગ

(૨) કર્મમાં કર્મ સ્વરૂપ કર્મયોગ

(૩) કર્મમાં કર્મ–અકર્મ સ્વરૂપ કર્મયોગ

(૪) કર્મમાં ન કર્મ, ન અકર્મ સ્વરૂપ કર્મયોગ

એ જ રીતે,

૧૮૬. ભગવદ્ગીતા :– ૪–૧૮.

(૫) અકર્મમાં અકર્મ સ્વરૂપ કર્મયોગ
(૬) અકર્મમાં કર્મ સ્વરૂપ કર્મયોગ
(૭) અકર્મમાં કર્મ–અકર્મ સ્વરૂપ કર્મયોગ
(૮) અકર્મમાં ન કર્મ, ન અકર્મ સ્વરૂપ કર્મયોગ

[૫૨૯] कर्मनैष्कर्म्यवैषम्यमुदासीनो विभावयन् ।
ज्ञानी न लिप्यते भोगैः पद्मपत्रमिवाम्भसा ॥३५॥

કર્મ અને અકર્મની (પૂર્વશ્લોકોક્ત) ભંગ વિચિત્રતાઓને (વિષમતાઓને) વિચારતા જ્ઞાની મહાત્મા કદાચ સાંસારિક કર્મો કરે તો પણ તેમાં ઉદાસીન રહે છે. અને તેથી જ ભોગો ભોગવવા છતાં એ પાપકર્મથી લેપાતા નથી.

પાણીથી કમળ પત્ર ન લેપાય તેમ.

[૫૩૦] पापाकरणमात्राद्धि, न मौनं विचिकित्सया ।
अनन्यपरमात्साम्यात्, ज्ञानयोगी भवेन्मुनिः ॥३६॥

પ્રઃ–શું મુનિ સાવદ્ય (પાપ) કર્મ કરે તો પણ તેનામાં મુનિપણું કહેવાય ?

ઉઃ–હા. અપેક્ષાએ તેમ કહી શકાય.

પ્રઃ– 'પાપનું ફળ કદાચ દુર્ગતિ મળી જાય તો ?' એવા સંશયથી કોઈ આત્મા પાપ ન કરે તો શું તેનામાં ય મુનિપણું આવી જાય છે ?

ઉઃ–નહિ જ. ભલે અપવાદ માર્ગે આધાકર્માદિ સાવદ્યકર્મનું સ્વરૂપતઃ પાપ સેવવું પણ પડે છતાં જો તે વખતે ચિત્તમાં કોઇ રાગાદિ સંકલેશ ન હોય, અસાધારણ ઉત્કૃષ્ટ

સમતા ભરી હોય તો તે જ્ઞાનયોગીમાં સાચું મુનિપણું જરૂર કહી શકાય.

પાપના ફળરૂપ દુર્ગતિના ભયમાત્રથી પાપ ન કરનારમાં સાચું મુનિપણું કહી શકાય નહિ.

[૫૩૧] विषयेषु न रागी वा द्वेषी वा मौनमश्नुते ।
समं रूपं विदँस्तेषु ज्ञानयोगी न लिप्यते ॥३७॥

જેને વિષયો પ્રત્યે નથી તો રાગ કે નથી તો રોષ એ જ મુનિપણું છે. ભલે પછી વિષયો કદાચ સેવવા પણ પડતા હોય.

વિષયોના આસેવનરૂપ પાપ ન કરવા માત્રથી મુનિપણું માની લેવું તે નિશ્ચયનયથી ભૂલ ભરેલું મન્તવ્ય છે.

સર્વ પુદ્ગલોમાં ક્યાં ય ઇષ્ટનું જ્ઞાન નહિ, ક્યાંય અનિષ્ટનું પણ ભાન નહિ. આવી જાતનું જે ચિત્તનું સંવેદન તે જ જ્ઞાનયોગ છે. એવા જ્ઞાનયોગવાળા મહાત્મા અપવાદમાર્ગે સ્વરૂપતઃ સાવદ્ય આધાકર્માદિ દોષને સેવે તો ય કર્મથી લેપાય નહિ.

[૫૩૨] सतत्त्वचिन्तया यस्याभिसमन्वागता इमे ।
आत्मवान्[१] ज्ञानवान्[२] वेद[३]धर्म[४]ब्रह्ममयो[५] हि सः ॥३८॥

જેણે વિષયોના ભોગને કેવળ દુઃખના કારણ તરીકે વિચાર્યા છે અને તેથી જેણે તેનો ત્યાગ કરી દીધો છે, તે આત્મા નિશ્ચયતઃ આત્મવાન્ છે; વસ્તુ સ્વરૂપને જાણતો હોવાથી

જ્ઞાનવાન્ છે, આચારાંગાદિ આગમ(વેદ)ગ્રન્થોને જાણતો હોવાથી વેદવાન્ છે; સ્વર્ગ મોક્ષના માર્ગસ્વરૂપ–દુર્ગતિથી બચાવનાર–ધર્મને જાણતો હોવાથી ધર્મવિત્ છે; અને સર્વ-કલંકમુક્ત યોગસુખને જાણતો હોવાથી બ્રહ્મવિત્ છે. આવો આત્મા અપવાદ માર્ગે વિષય સેવે તેટલા માત્રથી તે કર્મથી કેમ લેપાય? [187]

[૫૩૩] वैषम्यबीजमज्ञानं निघ्नन्ति ज्ञानयोगिनः ।
विषयाँस्ते परिज्ञाय लोकं जानन्ति तत्त्वतः ॥३९॥

એક વિષય ઇષ્ટ દેખાય, બીજો એક વિષય અનિષ્ટ દેખાય. આવી ઇષ્ટાનિષ્ટતાનું જે વૈષમ્ય દર્શન થાય છે તેનું કારણ અજ્ઞાન છે. આ અજ્ઞાનને જ જ્ઞાનયોગીઓ દૂર કરી દે છે. એથી પેલું વૈષમ્યદર્શન પણ દૂર થાય છે. આમ થતાં ઇષ્ટાનિષ્ટત્વના ભાન વિનાના વિષયોનાં પારમાર્થિક સ્વરૂપને જાણી લઈને તે મહાત્માઓ સમગ્ર લોક સ્વરૂપના માત્ર જ્ઞાતા બની રહે છે.

[૫૩૪] इतश्चापूर्वविज्ञानाच्चिदानन्दविनोदिनः ।
ज्योतिष्मन्तो भवन्त्येते ज्ञाननिर्धूतकल्मषाः ॥४०॥

આવા અપૂર્વ વિજ્ઞાનથી ચિદાનન્દની મસ્તીમાં મોજ માણતાં, જ્ઞાનબળથી પાપ વાસનાઓને નષ્ટ કરી દેતા મહાત્માઓ છેવટે આત્મ પ્રકાશનો ઝળહળતો પુંજ બની રહે છે.

[૫૩૫] तेजोलेश्याविवृद्धिर्या पर्यायक्रमवृद्धितः ।
भाषिता भगवत्यादौ सेत्थम्भूतस्य युज्यते ॥४१॥

---

૧૮૭. આચારાંગ સૂત્ર. ૧લું અધ્યયન. ૧લો. ઉદ્દેશો સૂ. ૧૦૭.

જેમ જેમ મુનિનો સંયમપર્યાય વૃદ્ધિ પામતો જાય તેમ તેમ તે મુનિ ઉપર ઉપરના દેવલોકની શુદ્ધ, શુદ્ધતર તેજોલેશ્યાથી પ્રાપ્ય ચિત્તના સુખદ સંવેદનોને ટપી જાય તેવી આત્મમસ્તી અનુભવતા જાય છે.

આવું શ્રી ભગવત્યાદિસૂત્રમાં જે કહ્યું છે તે આવા જ્ઞાનયોગી મુનિને જ ઘટે છે.[૧૮૮]

[૫૩૬] **विषमेऽपि समेक्षी यः स ज्ञानी स च पण्डितः ।**
**जीवन्मुक्तः स्थिरं ब्रह्म तथा चोक्तं परैरपि ॥४२॥**

[૫૩૭] **विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि ।**
**शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥४३॥**

વિદ્યા, જાતિ, કુલ વગેરેની વિષમતાવાળા આત્માઓમાં પણ જે સમાનતાનું દર્શન કરે છે તે જ્ઞાની છે; તે જ પણ્ડિત છે; તે જ સંસારમાં રહ્યા છતાં મુક્તાત્મા છે અને તે જ સ્થિર બ્રહ્મ ( આત્મા ) સ્વરૂપ છે.

ભગવદ્ગીતામાં પણ આ જ વાત કહી છે કે જેઓ આત્માના યથાર્થજ્ઞાનને પ્રાપ્ત કરે છે એ આત્મજ્ઞાની, મહાત્મા, વિદ્યા–વિનયવાળા બ્રાહ્મણ કે ક્ષત્રિય, ગાય, હાથી, કૂતરો કે ચાંડાલ–બધાયમાં–સમભાવથી અવસ્થિત બ્રહ્મનો સાક્ષાત્કાર કરે છે.

તાત્પર્ય એ છે કે જ્ઞાની મહાત્માઓ આ રીતે સર્વત્ર અભિન્ન બ્રહ્મનું દર્શન કરનારા બને છે.[૧૮૯]

---

૧૮૮. ઉપદેશ રહસ્ય : શ્લો. ૧૯૨.

૧૮૯. ભગવદ્ગીતા : ૫-૧૮.

[૫૩૮] इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः ॥४४॥

આ રીતે જેમને સર્વત્ર બ્રહ્મનો સાક્ષાત્કાર થયો એમણે તો આ મર્ત્યલોકમાં રહીને જ જન્મમરણને જીતીને અમરપદ પ્રાપ્ત કર્યું.

કેમકે બ્રહ્મ સર્વત્ર સમ છે અને દોષરહિત છે. આ જ્ઞાનયોગીને સર્વત્ર સમત્વનો સાક્ષાત્કાર થાય છે માટે સમત્વ-સ્વરૂપ બ્રહ્મમાં એઓ સદા સ્થિર રહે છે.[૧૯૦]

[૫૩૯] न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद्ब्रह्मणि स्थितः ॥४५॥

જે ઇષ્ટને પ્રાપ્ત કરીને તેમાં લીન થતો નથી; અનિષ્ટને પામીને દીન બનતો નથી એ તો સાચે જ સ્થિર બુદ્ધિ છે; મોહમુક્ત છે; એ જ સાચો બ્રહ્મવિત્ છે. અને તેથી તે બ્રહ્મમાં જ સ્થિર થયેલો છે એમ અવશ્ય કહી શકાય.[૧૯૧]

[૫૪૦] अर्वाग्दशायां दोषाय वैषम्ये साम्यदर्शनम् ।
निरपेक्षमुनीनां तु रागद्वेषक्षयाय तत् ॥४६॥

પ્રશ્ન—જાતિ, કુલ વિગેરેની તે તે આત્મામાં ઉચ્ચ-નીચતાજનિત વિષમતા તો છે જ છતાં તે વિષમતાનું દર્શન ન કરવું અને બધાને 'સમ' જોવા એ શું દોષ નથી?

---

૧૯૦. ભગવદ્ગીતા : ૫–૧૯.
૧૯૧. ભગવદ્ગીતા : ૫–૨૦.

ઉ.–વૈષમ્યમાં સામ્યનું દર્શન એ જરૂર દોષ છે પણ પૂર્વાવસ્થામાં–કર્મયોગની આરાધના સુધી જ. કિન્તુ જેઓ એ દશાની પણ ઉપર ચાલ્યા ગયા છે તે જ્ઞાનયોગી નિઃસ્પૃહી મહાત્માઓને તો વૈષમ્યમાં સામ્યનું દર્શન દોષ માટે તો નથી જ બનતું કિન્તુ રાગદ્વેષનો ક્ષય કરવા દ્વારા ગુણ માટે જ બની જાય છે.

[૫૪૧] रागद्वेषक्षयादेति ज्ञानी विषयशून्यताम् ।
छिद्यते भिद्यते वाऽयं हन्यते वा न जातुचित् ॥४७॥

વૈષમ્યમાં સામ્યનું દર્શન કરતા જ્ઞાનયોગીને રાગદ્વેષનો ક્ષય થાય છે એટલે તે જ્ઞાનીઓના અંતર, વિષયોને ગ્રહણ કરે પરન્તુ ઇષ્ટાનિષ્ટરૂપે તે વિષયોને ગ્રહણ કરવામાં તો તેમના ચિત્ત તદ્દન શૂન્ય બની ગયેલા હોય છે.

પછી તે જ્ઞાનયોગી આત્માના શરીરને કોઈ છેદી નાંખે, ભેદી નાંખે કે હણી નાંખે છતાં તે બધા ય અનિષ્ટને તેનું અંતર ગ્રહણ જ કરતું નથી એટલે ક્યારે પણ તે આત્મા વસ્તુતઃ નથી છેદાતો, નથી ભેદાતો કે નથી હણાતો.

[૫૪૨] अनुस्मरति नातीतं नैव काङ्क्षत्यनागतम् ।
शीतोष्णसुखदुःखेषु समो मानापमानयोः ॥४८॥

**આઠ શ્લોકથી જ્ઞાનયોગીનું સ્વરૂપવર્ણન :—**

(ક્રમાંક ૫૪૨ થી ૫૪૯)

પૂર્વાનુભૂત સુખાદિનું જ્ઞાનયોગી સ્મરણ ન કરે. ભાવી સુખાદિની ઇચ્છા ન કરે. એ તો ટાઢમાં કે તડકામાં, સુખમાં

દુઃખમાં, માનમાં કે અપમાનમાં સદૈવ સમ રહે—મસ્તાન રહે. ક્યાં ય રીઝે નહિ, ક્યાં ય રીસાય નહિ!

[૫૪૩] जितेन्द्रियो जितक्रोधो मानमायानुपद्रुतः ।
लोभसंस्पर्शरहितो, वेदखेदविवर्जितः ॥४९॥

એ મહાત્મા ઇન્દ્રિયોના વિજેતા હોય, ક્રોધ કષાય ઉપરના કાબુવાળા હોય, માન માયાના ઝપાટે ચડી જતા ન હોય, લોભના સ્પર્શથી પણ મુક્ત હોય; સ્ત્રીવેદાદિના ઉદયથી પીડાતા ન હોય; મોક્ષ માર્ગે સડસડાટ ચાલ્યા જતા તેમને થાક કે કંટાળો જોવા ય ન મળે!

[૫૪૪] सन्निरुद्ध्यात्मनात्मानं स्थितः स्वकृतकर्मभित् ।
हठप्रयत्नोपरतः सहजाचारसेवनात् ॥५०॥

રે શી વાત કરવી એમની? શુદ્ધોપયોગસ્વરૂપ આત્માથી ભાવમનસ્વરૂપ આત્માનો નિરોધ કરીને સદૈવ સ્વરૂપમાં એ તલ્લીન હોય; પૂર્વસંચિતસ્વકર્મનો ઘાત કરનારા હોય અને નિકાચિતકર્મબલથી જ સહજ રીતે પ્રવૃત્તિ કરતાં જતાં એ જ્ઞાનયોગીઓ ઇન્દ્રિયાદિના પ્રત્યાહાર માટે મન ઉપર કોઈ પણ પ્રકારનો બલાત્કાર કરવાની પ્રવૃત્તિથી તદ્દન વિરક્ત બની ગયેલા હોય!

[૫૪૫] लोकसंज्ञाविनिर्मुक्तो मिथ्याचारप्रपञ्चहृत् ।
उल्लसत्कण्डकस्थानः परेण परमाश्रितः ॥५१॥

આ યોગીઓ તો લોકોત્તર સ્થિતિને પામ્યા હોય એટલે લોકસંજ્ઞામાં તો તેઓ જરા ય લેવાઈ ન જાય અને

તેથી જ લોકોના મિથ્યાચારના પ્રપંચોને તો પોતાનાથી કયાંય દૂર ફેંકી દેતા હોય ! સંયમધર્મના અસંખ્ય અધ્યવસાય-સ્થાનોની સીડીના પગથીયાં ઝપાટાબંધ કૂદતા કૂદતા આગળ વધતા જતા હોય ! અને ઉત્કટ શુભ મનોયોગથી અત્યંત ઉજ્જ્વળ આત્મભાવને પામેલા હોય !

[૫૪૬] श्रद्धावानाज्ञया युक्तः शस्त्रातीतो ह्यशस्त्रवान् ।
गतो दृष्टेषु निर्वेदमनिह्नुतपराक्रमः ॥५२॥

એ યોગી જિનવચન ઉપરની અવિચલ શ્રદ્ધાવાળા હોય, જિનાજ્ઞાપાલનમાં પણ અત્યંત ઉલ્લસિત યોગવાળા હોય, અશુભ અધ્યવસાયના આત્મઘાતી તીક્ષ્ણ શસ્ત્રોથી અતીત હોય; એથી જ દુર્ગતિમાં લઈ જનારા બાહ્ય–અધિ-કરણોથી મુક્ત હોય, અદૃષ્ટ સ્વર્ગાદિની તેમને ઇચ્છા ન હોય, એટલું જ નહિ પણ સામે આવીને પડે તેવા ધનાદિ પદાર્થોથી પણ ઉદાસીન બનેલા હોય.

અને પંચાચારના પાલનના પરાક્રમનું તો પૂછવું જ શું ? સદૈવ થનગનતું એમનું મન આચારના અદ્ભુત ક્ષિતિજોને સર કરવા સદૈવ હરણફાળ ભરતું દોડયું જ જતું હોય !

[૫૪૭] निक्षिप्तदण्डो ध्यानाग्निदग्धपापेन्धनव्रजः ।
प्रतिस्रोतोऽनुगत्वेन लोकोत्तरचरित्रभृत् ॥५३॥

એ પરમર્ષિઓ મન, વચન, કાયાના અનર્થદંડના પાપને તો કયાંય દૂર સુદૂર ફેંકી દે છે !

અને પાપકર્મના ઈંધિનનો ઢગલો? એને તો ધ્યાનના અગ્નિથી બાળીને ખાખ કરી દે છે!

લૌકિક નીતિરીતિના નદીના ઘોડાપુરના સામે પ્રવાહે જ ધસવાનું શીખ્યા છે. કેમકે તેઓ લોકોત્તર ચરિત્રના સ્વામી બનેલા છે. [૧૯૨]

[૫૪૮] लब्धान्कामान् बहिष्कुर्वन्नकुर्वन्बहुरूपताम् ।
स्फारीकुर्वन्परं चक्षुरपरं च निमीलयन् ॥५४॥

[૫૪૯] पश्यन्नन्तर्गतान्भावान् पूर्णभावमुपागतः ।
भुञ्जानोऽध्यात्मसाम्राज्यमवशिष्टं न पश्यति ॥५५॥

અહો! અહો! આ જ્ઞાનયોગીની અપૂર્વ દશા! સામે આવીને ઊભેલા છે ઇષ્ટભોગો! તોય તેની આશંસાને મનમાંથી ઊંચકીને બહાર ફેંકી દે છે, તેમનો બહિષ્કાર પુકારે છે!

'ક્ષણમાં રુષ્ટ, ક્ષણમાં તુષ્ટ, ક્ષણમાં રાગી, ક્ષણમાં વિરાગી' ઇત્યાદિ બહુરૂપો એ કરતા નથી!

અને પછી? પછી તો ચામડાની આંખો બીડી દે છે; અંતરની આંખોને ઉઘાડી મૂકે છે!

અને પછી આતમના પ્રદેશમાં પથરાએલા વિશુદ્ધ ભાવોનું દર્શન કરતાં કરતાં એ જ્ઞાનયોગી મહાત્મા પૂર્ણભાવને પામી જાય છે!

વાહ...અધ્યાત્મના એ અનંત સામ્રાજ્યનો કેવો બેતાજ

૧૯૨ દશવૈકાલિક સૂત્ર : ૧લી ચૂલિકા શ્લોક ૨ થી ૪.

બાદશાહ ! પછી તો એ કશું ય જોતો નથી....કોઈને સાંભળતો જ નથી !

રે ! જ્ઞાનયોગીની એ અકળ લીલાનો તાગ આપણે તો શે પામી શકીએ ?

[૫૫૦] श्रेष्ठो हि ज्ञानयोगोऽयमध्यात्मन्येव यज्जगौ ।
बन्धप्रमोक्षं भगवान् लोकसारे सुनिश्चितम् ॥५६॥

[૫૫૧] उपयोगैकसारत्वादाश्वसंमोहबोधतः ।
मोक्षाप्तेर्युज्यते चैतत्तथा चोक्तं परैरपि ॥५७॥

[૫૫૨] तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽप्यधिको मतः ।
कर्म्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ! ॥५८॥

અધ્યાત્મ માર્ગમાં તો આ જ્ઞાનયોગ જ શ્રેષ્ઠ છે, કેમકે પરમાત્મા મહાવીરદેવે આચારાંગસૂત્રના લોકસાર નામના પાંચમાં અધ્યયનમાં આ જ્ઞાનયોગને જ, 'કર્મબંધથી અવશ્ય છોડાવનાર' કહ્યો છે. ત્યાં પરમાત્માએ કહ્યું છે કે આ જ્ઞાનયોગ કેવળ આંતર ઉપયોગમય છે. (उपयोगैकसारत्वात्) એટલે તેનાથી તરત જ આત્માને અભ્રાન્ત બોધ (आशु + असंमोह + बोध)ની પ્રાપ્તિ થાય છે અને તેથી જ શિવપદની પ્રાપ્તિ સાથે આ જ્ઞાનયોગ જોડાય છે. અર્થાત્ મોક્ષપદ સાથેનું જોડાણ કરી આપનાર આ જ્ઞાનયોગ બને છે.[૧૯૩]

ભગવદ્ગીતામાં કહ્યું છે કે હઠપૂર્વક શીત ઉષ્ણ વગેરે વેદનાને માત્ર સહન કરતા તપસ્વીઓથી આ યોગી (જ્ઞાનયોગી)

૧૯૩. આચારાંગ સૂત્ર : ૫મું અધ્ય. ૩ જો ઉ., ૧૫૦મું સૂત્ર.

અધિક સારો છે; શાસ્ત્રચર્ચા વિગેરે કરવામાં નિપુણ એવા કોરા શબ્દ–જ્ઞાની કરતાં પણ જ્ઞાનયોગી અધિક સારો છે; અને સમજણ વિનાના શુષ્ક કોરા કર્મકાંડી કરતાં પણ જ્ઞાનયોગી મહાત્મા અધિક સારા છે માટે હે અર્જુન! તું યોગી બન.[૧૯૪]

[૫૫૩] समापत्तिरिहव्यक्तमात्मनः परमात्मनि ।
अभेदोपासनारूपस्ततः श्रेष्ठतरो ह्ययम् ॥५९॥

આ જ્ઞાનયોગમાં પરમાત્માની સાથે આત્માની અભેદરૂપતા (એકતા) વ્યક્ત બને છે એટલે એ અભેદની ઉપાસનારૂપ આ જ્ઞાનયોગ બીજા બધા કરતાં શ્રેષ્ઠ છે. [૧૯૫]

[૫૫૪] उपासना भागवती सर्वेभ्योऽपि गरीयसी ।
महापापक्षयकरी तथा चोक्तं परैरपि ॥६०॥

[૫૫૫] योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः ॥६१॥

પરમાત્મા સાથેની આ અભેદ ઉપાસના બીજી સર્વ ઉપાસનાથી મહાન છે. કેમકે આ ભાગવતી ઉપાસના જ ભયંકર પાપકર્મનો પણ સર્વનાશ કરી દેવા સુસમર્થ હોય છે.

'યોગીઓ તથા ભક્તોમાં પણ શ્રેષ્ઠ કોણ ?' એ શંકાના સમાધાનમાં ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે યોગીઓ તથા ભક્તો કરતાં યોગી–ભક્ત કે ભક્ત–યોગી પરમેશ્વરને વધુ પ્રિય છે.

---

૧૯૪. ભગવદ્‌ગીતા : ૬–૪૬.

૧૯૫. યોગવિંશિકા ટીકા : શ્લો. ૧૯ સટીક.

અર્થાત્ બધા યોગીઓમાં ઇશ્વરમાં ચિત્ત લગાવીને શ્રદ્ધાપૂર્વક ઇશ્વરભક્તિ કરનાર ઇશ્વરને અત્યંત પ્રિય છે.

આ શ્લોકનો મુખ્ય આશય એ છે કે ભક્તિ વિના યોગ પણ વ્યર્થ છે.[૧૯૬]

[૫૫૬] उपास्ते ज्ञानवान् देवं यो निरञ्जनमव्ययम् ।
स तु तन्मयतां याति ध्याननिर्धूतकल्मषः ॥ ६२॥

જે જ્ઞાનયોગી રાગરોષરહિત વીતરાગના અક્ષયસ્વરૂપની ઉપાસના કરે છે તે એક વાર અભેદતાના ધ્યાનથી પોતાના સર્વકર્મનો ક્ષય કરીને તે વીતરાગ પરમાત્મસ્વરૂપમાં મળી જાય છે : વીતરાગસ્વરૂપ બની જાય છે.

[૫૫૭] विशेषमप्यजानानो यः कुग्रहविवर्जितः ।
सर्वज्ञं सेवते सोऽपि सामान्ययोगमास्थितः ॥६३॥

અમુક મુખ્ય સર્વજ્ઞને ન જાણતો હોય છતાં કદાગ્રહથી મુક્ત હોય એવો કોઈ પણ આત્મા કોઈ સર્વજ્ઞને–સામાન્ય દેવને નિરંજન નિરાકાર સર્વજ્ઞ તરીકે સમજીને–સેવતો હોય તો તે પણ સામાન્ય યોગવાળો યોગી મહાત્મા તો કહેવાય.

[૫૫૮] सर्वज्ञो मुख्य एकस्तत्–प्रतिपत्तिश्च यावताम् ।
सर्वेऽपि ते तमापन्ना मुख्यं, सामान्यतो बुधाः ॥६४॥

વસ્તુતઃ મુખ્ય સર્વજ્ઞ તો એક જ છે. સર્વજ્ઞ ઘણા નથી એટલે સામાન્યતઃ તે તે દર્શનોના જે ભાવુક

૧૯૬. ભગવદ્ગીતા : ૬–૪૭.

આત્માઓ સર્વજ્ઞને સ્વીકારે છે—સેવે છે–તે બધા ય વસ્તુતઃ તો તે મુખ્ય એક સર્વજ્ઞને જ સ્વીકારે છે. ભલે પછી કોઈ મહાદેવના નામથી કે કોઈ મહાવીરના નામથી તે સર્વજ્ઞને સ્વીકારતા હોય. (જ્યારે મુખ્ય સર્વજ્ઞ એક જ છે ત્યારે તેમનો નામભેદ ભલે હોય પણ તેથી સર્વજ્ઞ અનેક થઈ જતા નથી. અનેક નામોથી પણ સર્વજ્ઞને સ્વીકારનારા વસ્તુતઃ તો મુખ્ય સર્વજ્ઞને જ સ્વીકારે છે કેમકે મુખ્ય સર્વજ્ઞ તો એક જ છે.)[197]

[૫૫૯] न ज्ञायते विशेषस्तु सर्वथाऽसर्वदर्शिभिः ।
अतो न ते तमापन्ना विशिष्य भुवि केचन ॥६५॥

વળી તે તે દર્શનના અનુયાયીઓ કાંઈ સર્વજ્ઞ નથી કે જેથી તે મુખ્ય સર્વજ્ઞને–ત્રૈકાલિક અનન્તપર્યાયોના જ્ઞાન વિગેરેની વિશેષતાવાળા તરીકે તેઓ જાણી શકે. એ બધા ય અસર્વદર્શી–અસર્વજ્ઞ–છે માટે તે મુખ્ય સર્વજ્ઞને વિશેષસ્વરૂપથી તો આ જગતમાં કોઈ પણ પ્રાપ્ત કરી શકતું જ નથી. એટલે સામાન્યતઃ જુદા જુદા નામોથી જ તે એક મુખ્ય સર્વજ્ઞને જુદા જુદા ભાવુકાત્મા સ્વીકારે તેમાં કશું નવાઈભર્યું નથી.

[૫૬૦] सर्वज्ञप्रतिपत्त्यंशात्तुल्यता सर्वयोगिनाम् ।
दूरासन्नादिभेदस्तु तद्भृत्यत्वं निहन्ति न ॥६६॥

આમ બધા ય યોગીઓ (જુદા જુદા નામથી પણ)

૧૯૭. દ્વા. દ્વા. : ૨૩, ૨૭, ૨૮.

સર્વજ્ઞને તો સ્વીકારે જ છે. એટલે સર્વજ્ઞની પ્રતિપત્તિ તો બધાયના આત્મામાં છે જ. આ સર્વજ્ઞ-પ્રતિપત્તિરૂપ અંશથી બધા યોગીઓ તુલ્ય બની જાય છે; ભલે પછી નામથી મુખ્યસર્વજ્ઞને ત્રૈકાલિક અનન્ત પર્યાયોના જ્ઞાતા તરીકે ઓળખતા ભગવાન મહાવીરના અનુયાયીઓ હોય અથવા તો મુખ્ય સર્વજ્ઞના તેવા સ્વરૂપબોધથી ઘણા દૂર રહેલા મહાદેવ વિગેરે નામથી સંબોધતા બીજા ભાવુકો હોય. મુખ્યસર્વજ્ઞથી દૂર હોવું કે નજીક હોવું તેની કોઈ વિશેષતા નથી. દૂરના કે નજદીકના-બધા ય-તે મુખ્ય સર્વજ્ઞના સેવકો તો અવશ્ય કહેવાય.

રાજાની નજદીકમાં પ્રધાન વિગેરે છે અને રાજાથી દૂર દ્વારપાળ વિગેરે છે; પણ સેવકો તો બધા ય છે જ કેમકે તે બધા ય રાજાના આશ્રિત છે. પછી ત્યાં સમીપસ્થતા કે દૂરસ્થતાથી કોઈ ભેદ પડી જતો નથી. પ્રધાન પણ રાજાનો સેવક; દ્વારપાળ પણ રાજાનો સેવક. એ જ રીતે બધા ય દર્શનના ભગવદ્ભક્તો-દૂરસ્થ કે નિકટસ્થ-એક મુખ્ય સર્વજ્ઞના જ સેવકો છે.

[૫૬૧] माध्यस्थ्यमवलम्ब्यव देवतातिशयस्य हि ।
सेवा सर्वैर्बुधैरिष्टा कालातीतोऽपि यज्जगौ ॥६७॥
[५६२] अन्येषामप्ययं मार्गो मुक्ताऽविद्यादिवादिनाम् ।
अभिधानादिभेदेन तत्त्वनीत्या व्यवस्थितः ॥६८॥

**(૧) ઈશ્વરના વિષયમાં અભિધાન ભેદ તથા સ્વરૂપ ભેદની નિરર્થકતા :—**

વિવિધ દેવોની પૂજાના વિષયમાં માધ્યસ્થ્ય ભાવનું અવલંબન કરીને જ દેવતત્ત્વના અતિશય સ્વરૂપ શુદ્ધદેવત્વની જ સેવા કરવી જોઈએ. સર્વ બુધ પુરુષોને આ જ ઇષ્ટ છે.

સાંખ્યમતાનુયાયી કાલાતીતે પણ આગામી સાત શ્લોકથી આ જ વાત કહી છે કે જેને અમે ઈશ્વર કહીએ છીએ તેને 'મુક્ત' વિગેરે જુદા જુદા નામથી કે, 'અનાદિશુદ્ધ' વિગેરે જુદા જુદા સ્વરૂપભેદથી ('અભિધાનાદિ'માં આદિ પદથી સ્વરૂપ ભેદ લેવું.) જુદા જુદા દાર્શનિકો ઓળખાવે છે અને જેને અમે ભવકારણ–પ્રધાન કહીએ છીએ તેને 'અવિદ્યા' વગેરે જુદા જુદા નામથી તે તે દર્શનના વાદીઓ ઓળખાવે છે. તે બધા ય વાદીઓનો ઈશ્વરના સંબંધમાં તત્ત્વતઃ તો આ જ માર્ગ વ્યવસ્થિત થએલો છે કે દેવતાતિશય એ એક જ સેવ્ય છે. અર્થાત્ શુદ્ધદેવત્વના અતિશય (પ્રકર્ષ)વાળા એક જ દેવ છે. એ એક જ દેવ સેવ્ય છે.

[૫૬૩] मुक्तो बुद्धोऽर्हन्वाऽपि यदैश्वर्येण समन्वितः ।
तदीश्वरः स एव स्यात्, संज्ञाभेदोऽत्र केवलम् ॥६१॥

**ઈશ્વરના અભિધાનભેદની નિરર્થકતા :—**

કાલાતીત કહે છે કે પરબ્રહ્મવાદી જેને મુક્ત કહે છે, બૌદ્ધો જેને બુદ્ધ કહે છે કે જૈનો જેને અર્હન્ કહે છે, તે ગમે તે નામવાળા પણ–જે ઐશ્વર્યથી યુક્ત છે તે 'ઈશ્વર' પદાર્થ છે. તે એક જ છે. 'મુક્ત' વિગેરે તો તે એક જ ઈશ્વરના જુદા જુદા નામ માત્ર છે. આ રીતે અનેક સંજ્ઞાથી એક જ ઈશ્વર તત્વ કાંઈ અનેક સ્વરૂપ બની ન જાય.

[૫૬૪] अनादिशुद्ध इत्यादिर्यो भेदो यस्य कल्प्यते ।
तत्तत्तन्त्रानुसारेण मन्ये सोऽपि निरर्थकः ॥७०॥

**ઈશ્વરના સ્વરૂપભેદની નિરર્થકતા :**

તે એક જ બ્રહ્મસ્વરૂપ ઈશ્વરના ભેદ પાડતા શૈવમતાનુયાયી તેને અનાદિશુદ્ધ કહે છે.

બૌદ્ધ તેને પ્રતિક્ષણ વિનાશી કહે છે.

કોઈ તેને સર્વગત કહે છે તો કોઈ અસર્વગત કહે છે. આ બધી તે તે ધર્માનુસારે ઈશ્વરના સ્વરૂપભેદોની જે કલ્પના છે તે પણ નિરર્થક છે એમ મને લાગે છે.

[૫૬૫] विशेषस्यापरिज्ञानाद् युक्तीनां जातिवादतः ।
प्रायो विरोधतश्चैव फलाभेदाच्च भावतः ॥७१॥

આમ કહેવાનું કારણ એ છે કે (૧) બધા ય દાર્શનિકોને ઈશ્વરના સ્વરૂપ વિગેરેનું જે જ્ઞાન હોય છે તે તો સામાન્ય જ હોય છે. ઈશ્વરના વિશિષ્ટ સ્વરૂપનું જ્ઞાન તો હોતું નથી.

(૨) પોતે કલ્પેલા ઈશ્વરના સ્વરૂપની પુષ્ટિમાં અપાતી અનુમાનાદિ યુક્તિઓ અસિદ્ધિ આદિ દોષને લીધે યુક્ત્યાભાસ (જાતિવાદ–અસત્ યુક્તિ) બની જાય છે.

(૩) વેદાન્તાદિ દર્શનોમાં અંદર અંદર જ ઈશ્વરના સ્વરૂપ નિર્ણય સંબંધમાં વિરોધ જોવા મળે છે.

(૪) તે ગુણવત્પુરુષમાં એકાન્તનિત્યત્વ, એકાન્ત અનિત્યત્વ વગેરે ધર્મો જુદા જુદા માનીને પણ કરાતી તેમની આરાધનાનું ફળ તો સર્વક્લેશક્ષયરૂપ એક જ આવે છે.

આ બધા કારણોને લીધે વસ્તુતઃ તો ગુણપ્રકર્ષવાળા પુરુષનું બહુમાન જ ફલદાયક બને છે.

આ ચાર કારણોને લીધે એમ લાગે છે કે પ્રકૃષ્ટ ગુણવત્પુરુષની સેવા જ ઉચિત છે. ત્યાં તેમના અભિધાનાદિ ભેદ તદ્દન નિરર્થક છે.

[૫૬૬] अविद्याक्लेशकर्मादि यतश्च भवकारणम् ।
ततः प्रधानमेवैत–त्संज्ञाभेदमुपागतम् ॥७२॥

(૨) ભવકારણમાં અભિધાનભેદની નિરર્થકતા :—

જેમ ઈશ્વરના જૂદાં જૂદાં અભિધાન કર્યાં છે તેમ તે તે દાર્શનિકોએ ભવકારણીભૂતપદાર્થના પણ જૂદાં જૂદાં નામો પાડયાં છે. વેદાન્તીઓ તેને અવિદ્યા કહે છે; સાંખ્યો તેને કલેશ કહે છે; જૈનો તેને કર્મ કહે છે; બૌદ્ધો વાસના કહે છે અને શૈવ તેને પાશ કહે છે.

ગમે તે નામથી કહો પણ એક જ વસ્તુના ઘણા નામોથી પદાર્થો ઘણા થઈ જતા નથી. ભવકારણ તો એક જ છે જેને અમે 'પ્રધાન' કહીએ છીએ. એટલે આ નામભેદો પણ નિરર્થક છે.

[૫૬૭] अस्यापि योऽपरो भेद–श्चित्रोपाधिस्तथा तथा ।
गीयतेऽतीतहेतुभ्यो धीमतां सोऽप्यपार्थकः ॥७३॥

**ભવકારણમાં સ્વરૂપભેદ :—**

આ અવિદ્યાદિ નામોવાળા ભવકારણના જુદા જુદા સ્વરૂપો તે તે દાર્શનિકો બતાવે છે.

કોઈ તેને મૂર્ત્ત કહે છે તો કોઈ તેને અમૂર્ત કહે છે આ બધી ચિત્ર વિચિત્ર ઉપાધિઓ પણ પ્રસ્તુત અધિકારના ૭૧મા (ક્રમાંક ૫૬૫) શ્લોકમાં કહેલા ચાર હેતુઓને કારણે બુદ્ધિમાનોને માટે તદ્દન નિરર્થક છે. સઘળા ય ભવકારણને હેય માને જ છે પછી તેની મૂર્તતાદિ અંગેની વિશેષ વાતોમાં ઊતરવાનું પ્રયોજન શું છે? એટલે જેમ મુક્ત, બુદ્ધ વગેરે રૂપે તે તે દેવતાની વિશેષ ચિન્તા નિરર્થક છે તેમ ભવ-કારણની પણ વિશેષ ચિન્તા નિરર્થક છે.

[૫૬૮] ततोऽस्थानप्रयासोऽयं यत्तद्भेदनिरूपणम् ।
सामान्यमनुमानस्य यतश्च विषयो मतः ॥७४॥

એટલે (કાલાતીત કહે છે કે) તે તે દાર્શનિકોનો દેવતાવિશેષ (બુદ્ધ, અર્હન્ વગેરે) નું દેવ તરીકે નિરૂપણ કરવાનો પ્રયાસ અસ્થાને છે. દેવતા તો અતીન્દ્રિય વસ્તુ છે. તેનું તો અનુમાન થઈ શકે. અને 'જે ઐશ્વર્યમાન્ હોય તે ઇશ્વર કહેવાય' એવું ઇશ્વર સામાન્યનું જ અનુમાન થાય. ઇશ્વર વિશેષનું નહિ. ધૂમથી વહ્નિ સામાન્યનું જ્ઞાન (અનુ-માન) થાય. તેના વિશેષજ્ઞાન માટે તો વહ્નિનું પ્રત્યક્ષ જ્ઞાન જ જરૂરી બને.

[૫૬૯] सङ्क्षिप्तरुचिजिज्ञासोर्विशेषानवलम्बनम् ।
चारिसञ्जीवनीचार–ज्ञातादत्रोपयुज्यते ॥७५॥

આમ સંક્ષિપ્તરુચિથી ઇશ્વર તત્વને જાણવાની ઇચ્છા-વાળા મુમુક્ષુઓ દેવવિશેષનું અવલંબન ન કરે અને દેવ

સામાન્યની–સર્વજ્ઞ તરીકે સેવા કરે તો તે પણ દેવવિશેષનું અનવલમ્બન, ચારિસંજીવનીચારના દૃષ્ટાન્તથી ઉપયોગી બની જાય છે.

જેમ બળદ બની ગયેલા પતિને બધી ઔષધિ ખવડાવી તો તેમાં જરૂરી ઔષધિ પણ આવી ગઈ અને તેથી પતિ બળદ મટીને પાછો પુરુષ થઈ ગયો. એ જ રીતે દેવ સામાન્યની સર્વજ્ઞ તરીકે પૂજા કરતા યોગી ભલે અમુક મુખ્ય સર્વજ્ઞનું (વીતરાગ સર્વજ્ઞનું) અવલંબન ન લે તો પણ પરમ્પરાથી તો તે અવલંબન તેમને પ્રાપ્ત થઈ જ જાય છે તેથી તે દેવવિશેષનું અનવલમ્બન પણ અંતે તો ઉપયોગી જ બને છે.

[૫૭૦] जिज्ञासाऽपि सतां न्याय्या, यत्परेऽपि वदन्त्यदः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥७६॥

પ્ર. દેવતત્વની જિજ્ઞાસા માત્રથી શું થાય?

ઉ. યોગની સાધના તો સુંદર છે પરન્તુ યોગને જાણવાની ઇચ્છા (જિજ્ઞાસા) પણ સુંદર છે. ભગવદ્ગીતામાં પણ કહ્યું છે કે શબ્દશાસ્ત્રી પણ્ડિતો ભલે ભારે ચતુર હોય પરન્તુ તેમનું ચાતુર્ય માત્ર શાબ્દિક હોય છે. એમનાં કરતાં તો યોગસાધનામાં જિજ્ઞાસા રાખનાર પણ ઘણો વધુ શ્રેષ્ઠ છે, કેમકે યોગજિજ્ઞાસુ યોગની દિશામાં કાંઈને કાંઈ પ્રગતિ કરતો જ રહે છે જ્યારે કોરો શબ્દશાસ્ત્રી (શબ્દ બ્રહ્મ) કશું કરતો નથી.[૧૯૮]

૧૯૮. ભગવદ્ગીતા : ૭–૧૬.

[૫૭૧] आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी चेति चतुर्विधाः ।
उपासकास्त्रयस्तत्र धन्या वस्तुविशेषतः ॥७७॥

ઈશ્વરના ઉપાસકોના ૪ પ્રકાર છે.

(૧) આર્ત (દુઃખી) :– સંસારના દુઃખોથી ત્રસ્ત જીવો.

(૨) તત્વજિજ્ઞાસુ :–દુઃખનાશ, સુખપ્રાપ્તિની અભિલાષા વિનાના–પરમાત્મ અનુગ્રહ મેળવીને જ પરમાત્મ તત્ત્વના જિજ્ઞાસુ.

(૩) ધનેચ્છુ :– ધનાદિની કામનાવાળા જીવો.

(૪) જ્ઞાની :– કર્મયોગ અને ભક્તિયોગ વડે પરમાત્માને જ પરમ સત્ય માની તેમનું જ અસ્તિત્વ જગતમાં છે એવા જ્ઞાનવાળા.

આ ચારમાંના પહેલાં ત્રણ ઉપાસકો ધન્ય છે. કેમ કે તે ત્રણેયનું વસ્તુ 'પરમાત્મા' (લક્ષ્યરૂપે) છે. એટલે આ વસ્તુ વિશેષને લીધે પહેલા ત્રણેય ધન્ય છે.[૧૯૯]

અહીં એ વાતનો ખ્યાલ રાખવો કે ધનાદિના અર્થે પરમાત્મભક્તિ કરનારનું એ ભક્તિ અનુષ્ઠાન, વિષાનુષ્ઠાન બને છે એમ આ જ ગ્રન્થનાં ક્રમાંક ૨૬૭મા શ્લોકમાં કહ્યું છે જ્યારે અહીં એ જ ધનાર્થી ભક્તને ધન્ય કહ્યો છે. તથાપિ આ ધન્યતા, ધનના અર્થીપણાને લીધે નથી પરન્તુ 'વસ્તુ વિશેષથી' છે. અહીં વસ્તુ (લક્ષ્ય) પરમાત્મા છે. ધનનો અર્થી હોવા છતાં એ માણસ ધન માટે બીજે ક્યાંય યાચના

૧૯૯. ભગવદ્ગીતા : ૭–૧૬.

ન કરતાં પરમાત્માની જ ભક્તિ કરે છે. એટલે ત્યાં એણે જે લક્ષ્યને પકડયું છે એ એની ધન્યતાનું નિમિત્ત છે. નહિ કે એની ધનાર્થિતા. આથી જ શ્રીજયવીયરાયસૂત્રમાં પરમાત્માનો અઠંગ સેવક આજીવિકાદિની પૂર્તિ માટે ઇષ્ટફલ ધનાદિને યાચે છે અને છતાં ત્યાં વિષાનુષ્ઠાનત્વની આપત્તિ સંભવતી નથી. જેને પરમાત્મા કરતાં ધન ઉપર વધુ રાગ છે એવી વ્યક્તિ ધન મેળવવા માટે જો પરમાત્મ ભક્તિ કરે છે તો તે ભક્તિ વિષાનુષ્ઠાન સ્વરૂપ કહી શકાય.

[૫૭૨] ज्ञानी तु शान्तविक्षेपो नित्यभक्तिर्विशिष्यते ।
अत्यासन्नो ह्यसौ भर्तुरन्तरात्मा सदाशयः ॥७८॥

ચોથા નંબરનો ઉપાસક જ્ઞાની તો રાગાદિ વિક્ષેપોની શાન્તિવાળો, સર્વજ્ઞ પરમાત્માની નિત્ય યોગભક્તિ કરતો પૂર્વોક્ત ત્રણ પ્રકારના ઉપાસકોથી જુદો જ તરી આવે છે.

એ અત્યન્ત વિશિષ્ટ કોટિનો ઉપાસક છે. કેમકે દેહાદિને વિષે સાક્ષી તરીકે રહેલો એનો અન્તરાત્મા સદાશયવાળો હોઈને બ્રહ્મસ્વરૂપની અત્યન્ત નજદીક આવી પહોંચ્યો હોય છે.[૨૦૦]

[૫૭૩] कर्मयोगविशुद्धस्तज्ज्ञाने युञ्जीत मानसम् ।
अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ॥७९॥

કર્મયોગથી વિશુદ્ધ થએલા મહાત્મા જ્ઞાનયોગમાં ચિત્તને જોડે છે અને જ્ઞાનયોગી બને છે.

જે જ્ઞાની બને છે તે જ પરમશાન્તિ મેળવે છે. જે જ્ઞાની

૨૦૦. ભગવદ્ગીતા : ૭–૧૭.

નથી તે ધર્મતત્વનો શ્રદ્ધાળુ બની શકતો નથી. પછી એ અશ્રદ્ધાળુ જ્યાં ત્યાં ગમે તેવી શંકાઓ કરવા લાગે છે. તેવા સંશયગ્રસ્ત આત્માનો (એની સુખ શાન્તિનો) વિનાશ થઈ જાય છે.[૨૦૧]

[૫૭૪] निर्भयः स्थिरनासाग्र–दत्तदृष्टिर्व्रते स्थितः ।
सुखासनः प्रसन्नास्यो दिशश्चानवलोकयन् ॥८०॥

[૫૭૫] देहमध्यशिरोग्रीवमवक्रं धारयन्बुधः ।
दन्तैरसंस्पृशन् दन्तान् सुश्लिष्टाधरपल्लवः ॥८१॥

[૫૭૬] आर्तरौद्रे परित्यज्य धर्मे शुक्ले च दत्तधीः ।
अप्रमत्तो रतो ध्याने ज्ञान योगी भवेन्मुनिः ॥८२॥

કર્મયોગની સાધના કરીને જ્ઞાનયોગી બનેલા મહાત્મા જ્યારે ધ્યાનયોગને પ્રાપ્ત કરે ત્યારે તે નિર્ભય હોય, નાસિકાના અગ્ર ભાગ ઉપર સ્થિરદૃષ્ટિવાળા હોય, વ્રતમાં સ્થિર હોય, સુખાસનમાં બેઠેલા હોય, તેમની મુખમુદ્રા પ્રસન્ન હોય, ચારે બાજુની દિશાઓમાં ક્યાંય નજર ન કરતા હોય, દેહનો મધ્યભાગ–કેડ, મસ્તક અને ગળું એકદમ સ્થિર હોય, ઉપરની દંતપક્તિ નીચેની દંતપંક્તિને અડતી ન હોય, બેય ઓષ્ટપુટ સારી રીતે બીડેલાં હોય, આર્ત–રૌદ્રધ્યાનને ત્યજીને ધર્મશુક્લ ધ્યાનમાં ચિત્તને સ્થિર કર્યું હોય. આ રીતે જ્ઞાનયોગી મહાત્મા અપ્રમત્તભાવે ધ્યાનયોગમાં રત બનતા હોય છે.[૨૦૨]

૨૦૧. ભગવદ્ગીતા : ૪–૩૯, ૪૦.

૨૦૨. (૧) યોગશાસ્ત્ર : ૪–૧૩૫, ૧૩૬.

(૨) ભગવદ્ગીતા : ૬–૧૦ થી ૧૭.

[૫૭૭] कर्मयोगं समभ्यस्य ज्ञानयोगसमाहितः ।
ध्यानयोगं समारुह्य मुक्तियोगं प्रपद्यते ॥८३॥

કર્મયોગને સારી રીતે સિદ્ધ કરીને પ્રાપ્ત કરેલા જ્ઞાનયોગમાં સારી રીતે સમાધિસ્થ બનેલા મહાત્મા ધ્યાનયોગ ઉપર ચડીને મુક્તિનો યોગ (સંબંધ) પ્રાપ્ત કરે છે.

આ કર્મયોગ એ અભ્યાસદશા થઈ; જ્ઞાનયોગ એ સમાધિદશા થઈ; ધ્યાનયોગ એ ક્ષપકશ્રેણિની સાધના થઈ; અને મુક્તિયોગ એ સિદ્ધિ સ્વરૂપ બન્યો.

# ધ્યાન સ્વરૂપ

## ૧૬

ધ્યાનના ૪ પ્રકાર છે.

આર્ત...રૌદ્ર...ધર્મ...શુક્લ...

પ્રત્યેકના વળી ચાર ચાર ભેદ પડે છે.

પહેલાં બે ત્યાજ્ય છે. દુરન્ત સંસારમાં રખડાવનારાં છે.

બીજા બે ઉપાદેય છે. સ્વર્ગ અને મોક્ષના સુખોને દેનારાં છે.

ભાવનાઓના અભ્યાસથી અને જગત્સ્વભાવના ચિંતનાદિથી વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. વૈરાગ્યથી જેનું મન વાસિત થાય તે મહાત્મા ધર્મશુક્લધ્યાનને ભજી શકે.

ગીતાનો સ્થિતપ્રજ્ઞ એટલે આ ધર્મધ્યાની મહાત્મા.

પ્રબન્ધ ૫ મો                                  અધિકાર ૧૬ મો

[૫૭૮] स्थिरमध्यवसानं यत् तद्ध्यानं, चित्तमस्थिरम् ।
भावना, चाप्यनुप्रेक्षा चिन्ता वा तत्त्रिधा मतम् ॥१॥

ધ્યાન એટલે ચિત્તનું સ્થિર અધ્યવસાન. ચિત્તના અસ્થિર અધ્યવસાનના ત્રણ પ્રકાર છે. ભાવના, અનુપ્રેક્ષા કે ચિન્તા.

ભાવના=ધ્યાનાભ્યાસ ક્રિયા.

અનુપ્રેક્ષા=સ્મૃતિધ્યાનથી ભ્રષ્ટ થયેલા ચિત્તને પાછું ત્યાં લાવવું.

ચિન્તા=ભાવના અને અનુપ્રેક્ષાથી અતિરિક્ત અધ્યવસાન. [૨૦૩].

[૫૭૯] मुहूर्त्तान्तर्भवेद्ध्यानमेकार्थे मनसः स्थितिः ।
बह्वर्थसङ्क्रमे दीर्घाऽप्यच्छिन्ना ध्यानसन्ततिः ॥ २ ॥

૨૦૩ (૧) સમગ્ર ધ્યાનાધિકારઃ—હારિ આવ. ૪થું અધ્યયન,
(૨) બીજા ઉપયોગી ગ્રન્થોઃ—જ્ઞાનાર્ણવ (શુભચન્દ્રાચાર્ય), ધ્યાનપ્રકરણ, ઉપદેશમાળા (મલધારીયા), ષોડશકનું ધ્યાન પ્રકરણ. ઉત્તરાધ્યયનનું ૩૬મું અધ્યયન.
(૩) યોગ શાસ્ત્રઃ—भाव्यते इति भावना ध्यानाभ्यासस्य क्रियेत्यर्थः अनुप्रेक्षा स्मृतिध्यानाद् भ्रष्टस्य चित्तचेष्टा, उक्तप्रकारद्वयरहिता चिन्ता।

એક જ વિષયમાં અન્તર્મુહૂર્ત સુધી રહેતી (૭૭ લવ= ૧ અન્તર્મુ.) ચિત્તની સ્થિતિ તે ધ્યાન કહેવાય. એથી વધુ કાળ સુધી છદ્મસ્થ ધ્યાન રહી શકતું નથી.

અનેક વિષયોમાં સંક્રમ પામતી એવી ચિત્તની દીર્ઘ-સ્થિતિના કાળવાળી જે અચ્છિન્ન ધ્યાનશ્રેણિ તે ધ્યાનસન્તતિ કહેવાય. ૨૦૪.

[૫૮૦] आर्त्तं रौद्रं च धर्मं च शुक्लं चेति चतुर्विधम् ।
तत् स्याद् भेदाविह द्वौ द्वौ कारणं भवमोक्षयोः ॥३॥

**ધ્યાનના ૪ પ્રકાર:-**

(૧) આર્ત (૨) રૌદ્ર (૩) ધર્મ (૪) શુકલ. આમાંનાં પહેલાં બે ધ્યાન ભવનું કારણ છે; બાકીનાં બે ધ્યાન મોક્ષનું કારણ છે. ૨૦૫.

[૫૮૧] शब्दादीनामनिष्टानां वियोगासम्प्रयोगयोः ।
चिन्तनं वेदनायाश्च व्याकुलत्वमुपेयुषः ॥४॥

[૫૮૨] इष्टानां प्रणिधानं च सम्प्रयोगावियोगयोः ।
निदानचिन्तनं पापमार्त्तमित्थं चतुर्विधम् ॥५॥

**આર્તધ્યાનના ૪ પ્રકાર:**

(૧) **અનિષ્ટ સંયોગ વિયોગચિન્તા:**-(i) અનિષ્ટ

૨૦૪ (૧) પાતંજલ યોગદર્શન સૂત્રઃ ૧-૨.
(૨) હારિ આવઃ-ધ્યાનાધિકાર ગાથા ૨ની ટીકા.
૨૦૫ હારિ. આવઃ ધ્યાનાધિકાર. શ્લોક. ૫.

એવા શબ્દાદિવિષયો પ્રાપ્ત થયા હોય તો તેના વિયોગની ચિન્તા. ( આ કયારે મારાથી દૂર થાય ? )

(ii) અનિષ્ટ શબ્દાદિ વિષયો હજી અપ્રાપ્ત છે તેના સંયોગની ચિન્તા. (એનો સંયોગ ન થાય તો સારું એવી ઇચ્છા. )

પહેલી વર્તમાનકાળની ચિન્તા છે. બીજી ભવિષ્યકાળની ચિન્તા છે.

(iii) જે અનિષ્ટ વિષયનો વિયોગ થઇ ગયો અને જેનો સંયોગ ભૂતકાળમાં થયો નથી એ વિષયને અંગે, 'આ ઠીક જ થયું એમ વિચારવું તે અતીતકાળની ચિન્તા છે. પ્રસ્તુત આર્તધ્યાનના આ ત્રણેય પ્રકાર છે.

(૨) **રોગચિન્તા** :–(સંયોગ–વિયોગની) રોગથી વ્યાકુળતા પ્રાપ્ત થતાં વેદનાનો વિચાર કરવો, 'આ વેદના કયારે દૂર થશે ? ' વેદના દૂર થયા પછી ફરી ન થવાની ચિન્તા, દૂર થયા બાદ 'આ ઠીક થયું' તેવી વિચારણારૂપ ચિન્તા.

(૩) **ઈષ્ટ સંયોગ વિયોગ ચિન્તા** :–અપ્રાપ્ત એવા ઈષ્ટ વિષયોના સંયોગની ચિન્તા અને પ્રાપ્ત થયેલા તેમનો વિયોગ થવાની ચિન્તા.

(૪) **નિદાન ચિન્તા** :–તપ સંયમાદિના ફળરૂપે અજ્ઞાનાદિના યોગે સ્વર્ગ વિગેરેની સમૃદ્ધિની પ્રાર્થના.

આ ચાર પ્રકારની ચિન્તામાં પહેલી બે ચિન્તા દ્વેષમલિનતાથી હોય છે, ત્રીજી ચિન્તા રાગમલિનતાથી હોય છે જ્યારે ચોથી ચિન્તા મોહમલિનતાથી હોય છે. [૨૦૬].

૨૦૬ હારિ. આવઃ ધ્યાનાધિ. ગાથા ૧૧મી, ૧૨મી.

[૫૮૩] कापोतनीलकृष्णानां लेश्यानामत्र सम्भवः ।
अनतिक्लिष्टभावानां कर्मणां परिणामतः ॥६॥

**લેશ્યા :—**

આ આર્ત્તધ્યાનીને રૌદ્રધ્યાનીની જેમ કાપોત, નીલ કે કૃષ્ણલેશ્યા હોય છે. પણ તે લેશ્યાઓ રૌદ્રધ્યાની જેવા અતિ-સંકિલષ્ટ પરિણામરૂપે હોતી નથી, કેમકે અતિસંકિલષ્ટ નહિ એવા રસવાળા કર્મોના પરિણામ સ્વરૂપ આ લેશ્યા હોય છે.

[૫૮૪] क्रन्दनं रुदनं प्रोच्चैः शोचनं परिदेवनम् ।
ताडनं लुञ्चनं चेति लिङ्गान्यस्य विदुर्बुधाः ॥७॥

**આર્તધ્યાનના લિંગ** ( ચિહ્નો ):—

જ્યાં અર્તધ્યાન છે ત્યાં ક્રન્દન હોય, રુદન હોય, શોક હોય અને પુનઃ પુનઃ કઠોર વચનનો પ્રલાપ હોય; એ જીવ માથું વિગેરે પછાડતો હોય,, માથાના વાળ ખેંચતો હોય અને છાતી કૂટતો હોય.

[૫૮૫] मोघं निन्दन्निजं कृत्यं प्रशंसन्परसम्पदः ।
विस्मितः प्रार्थयन्नेताः प्रसक्तश्चैतदर्जने ॥८॥

શિલ્પ, વાણિજ્ય વગેરે સંબંધિત પોતાના કૃત્યોમાં ખાસ કાંઈ ફળ ન નીપજતાં તેની વ્યર્થ નિન્દા કરતો હોય; સંસારિક પરસમ્પત્તિની પ્રશંસા કરતો હોય, તેની અભિલાષા કરતો હોય અને તે ઐશ્વર્ય મેળવવામાં અત્યન્ત આસક્ત હોય.

આ બધા ય આર્તધ્યાનના કાર્યલિંગો છે.

[૫૮૬] प्रमत्तश्चेन्द्रियार्थेषु गृद्धो धर्मपराङमुखः ।
जिनोक्तमपुरस्कुर्वन्नार्तध्याने प्रवर्त्तते ॥९॥

**આર્ત્તધ્યાનના હેતુ :—**

ઈન્દ્રિયોના વિષયભોગની વાસનામાં જે પ્રમાદી હોય; ભોગોમાં આસક્ત હોય; ધર્મથી પરાઙ્મુખ હોય અને જે જિન વચનને આગળ કરવામાં ઉદાસ જણાતો હોય તેવો આત્મા વારંવાર આર્ત્તધ્યાનને પામે છે. (આર્ત્તધ્યાનથી દૂર રહેવા ઇચ્છનારે તેના આ વિશેષ કારણો દૂર કરવા જોઈએ.)

[૫૮૭] प्रमत्तान्तगुणस्थानानुगतं तन्महात्मना ।
सर्वप्रमादमूलत्वात्त्याज्यं तिर्यग्गतिप्रदम् ॥१०॥

**મર્યાદા :—**

૬ઠ્ઠા પ્રમત્તગુણસ્થાન સુધી સર્વત્ર આર્ત્તધ્યાન હોય છે, માટે સર્વ પ્રમાદના મૂલકારણરૂપ આર્ત્તધ્યાનનો મહાત્માપુરુષે ત્યાગ કરવો જોઈએ.

**ફળ :—**

આર્ત્તધ્યાન તિર્યંચગતિને આપે છે.

[૫૮૮] निर्दयं वधबन्धादिचिन्तनं[1] निबिडक्रुधा ।
पिशुनासभ्यमिथ्यावाक्, प्रणिधानं[2] च मायया ॥११॥

[૫૮૯] चौर्य्यधीर्[3]निरपेक्षस्य तीव्रक्रोधाकुलस्य च ।
सर्वाभिशङ्काकलुषं चित्तं[4] च धनरक्षणे ॥१२॥

**રૌદ્રધ્યાન :**

**રૌદ્રધ્યાનના ૪ પ્રકાર :—**

(૧) **હિંસાનુબન્ધી** :-ભયંકર ક્રોધથી નિર્દય રીતે પશુ આદિના વધ, બન્ધન, મારણ વિગેરેની ચિન્તા. અર્થાત્ તે બધું કદાચ ન કરવા છતાં પણ તેવું કરવાનો દઢ અધ્યવસાય.

આવા અધ્યવસાયવાળો જીવ અતિક્રોધી હોય, દુષ્ટ વિપાકોને પામનારો હોય અને નિર્દય હોય.

(૨) **મૃષાનુબન્ધી** :-કપટપૂર્વકનાં લુચ્ચાઈથી ભરેલાં અસભ્ય એવા જુઠાં વચન બોલવાનો અધ્યવસાય, તથા 'હણો મારો કાપો' વગેરે બોલવું.

આવો આત્મા અતિમાયાવી, ગૂઢપાપવાળો તથા આત્મશ્લાઘાવાળો અને પરનિન્દા કરનારો હોય.

(૩) **સ્તેયાનુબન્ધી** :-પરલોકના અપાયથી તદ્દન નિરપેક્ષ અને પ્રચણ્ડક્રોધાગ્નિથી આકુળવ્યાકુળ બનેલા આત્માની જીવઘાત કરવો પડે તો તેમ કરવા સુધીની તૈયારી વાળી મનની મલિનતા સાથે ચોરી કરવાના માનસિક અધ્યવસાય.

(૪) **પરિગ્રહાનુબન્ધી** :-સઘળા સ્વજનાદિ ઉપર, 'શું તેઓ મારું ધન ઉઠાવી જશે ?' ઈત્યાદિ સ્વરૂપ શંકાથી તે બધાયનો ઘાત કરવામાં કલુષિત થયેલા ચિત્તની ધનરક્ષણની ચિંતા.

[૫૯૦] एतत्सदोषकरण–कारणानुमतिस्थिति ।
देशविरतिपर्यन्तं रौद्रध्यानं चतुर्विधम् ॥१३॥

આ રૌદ્રધ્યાન દોષયુક્ત હિંસાદિકાર્યના કરણ, કારાપણ અને અનુમોદનસ્વરૂપ હોય છે.

**મર્યાદા :—**

પાંચમા દેશવિરતિ ગુણસ્થાન સુધી પૂર્વોક્ત ચાર પ્રકારનું રૌદ્રધ્યાન હોય છે.

[૫૯૧] कापोतनीलकृष्णानां लेश्यानामत्र सम्भवः ।
अतिसंक्लिष्टरूपाणां कर्मणां परिणामतः ॥१४॥

**લેશ્યા :—**

રૌદ્રધ્યાનીને અતિસંકિલષ્ટ રસવાળા કર્મના પરિણામે પ્રાપ્ત થતી તીવ્રરસવાળી કાપોત, નીલ, કૃષ્ણલેશ્યા સંભવે છે.

[૫૯૨] उत्सन्नबहुदोषत्वं नानामारणदोषता ।
हिंसादिषु प्रवृत्तिश्च कृत्वाऽघं स्मयमानता ॥१५॥

[૫૯૩] निर्दयत्वाननुशयौ बहुमानः परापदि ।
लिङ्गान्यत्रेत्यदो धीरैस्त्याज्यं नरकदुःखदम् ॥१६॥

**લિંગો :—**

(૧) હિંસાદિમાંનો ગમે તે એક દોષ સેવ્યા પછી વરંવાર તે દોષનું સેવન કરવું; (૨) હિંસા વગેરે અનેક પાપોમાં અનેક વખત પ્રવૃત્ત થવું; (૩) હિંસાદિના

ઉપાયરૂપ ત્વક્છેદન વગેરે અનેક દોષોમાં પ્રવૃત્ત થવું; (૪) સામો મરે નહિ ત્યાં સુધી તેને માર માર કરવો; (૫) પાપ કરીને ખૂબ આનંદ માનવો; (૬) પરાનુકમ્પાશૂન્ય હોવું; (૭) પશ્ચાત્તાપરહિત રહેવું. (૮) બીજાના દુઃખમાં ખૂબ રાજી થવું. આ બધાય રૌદ્રધ્યાનના કાર્યલિંગો છે. ધીર-પુરુષોએ એ બધાયનો અવશ્ય ત્યાગ કરવો.

**ફળ :**—રૌદ્રધ્યાનનું ફળ નરકગતિની પ્રાપ્તિ છે.

[૫૯૪] अप्रशस्ते इमे ध्याने दुरन्ते चिरसंस्तुते ।
प्रशस्तं तु कृताभ्यासो ध्यानमारोढुमर्हति ॥१७॥

ઉક્ત આર્તધ્યાન અને રૌદ્રધ્યાન બેય અપ્રશસ્ત કોટિના ધ્યાન છે. ચિરકાળથી જીવે એમનો ગાઢ પરિચય કર્યો છે. એમનો અન્ત લાવવાનું કાર્ય અત્યન્ત કઠિન છે.

**પ્રશસ્ત ધ્યાનની યોગ્યતા :—**

જેણે ભાવનાદિ વડે ચિત્તને વારંવાર શિક્ષણ આપ્યું છે તે આત્મા પ્રશસ્ત ધ્યાન ( ધર્મ, શુક્લ ) ઉપર આરૂઢ **થવાની** યોગ્યતા ધરાવે છે.

[૫૯૫] भावना[१] देश[२]कालौ[३] च स्वासना[४]लम्बन[५]क्रमान्[६] ।
ध्यातव्य[७]ध्यात्र[८]नुप्रेक्षा[९]—लेश्या[१०]लिङ्ग[११]फलानि[१२] च ॥१८॥

પૂર્વોક્તશ્લોકમાં પ્રશસ્તધ્યાનની યોગ્યતા તૈયાર કરવા માટે ચિત્તને જેનું શિક્ષણ આપવાનુ જરૂરી છે તે ભાવનાદિ ૧૨ બાબતોનો અહીં નામનિર્દેશ કરવામાં આવ્યો છે.

(૧) ભાવના (જ્ઞાનાદિની) ૨. દેશ (ધર્મધ્યાનને ઉચિત) ૩. કાળ (ધર્મધ્યાનને ઉચિત) ૪. સ્વાસન (ધર્મધ્યાનને ઉચિત) ૫. આલંબન (વાચનાદિનું) ૬. ક્રમ (મનનિરોધાદિનો) ૭. ધ્યાતવ્ય (આજ્ઞા વિચયાદિ) ૮. ધ્યાતા (અપ્રમાદાદિગુણયુક્ત) ૯. અનુપ્રેક્ષા (અનિત્યાદિ ભાવનાનું આલોચન.) ૧૦. લેશ્યા (શુભ લેશ્યા) ૧૧. લિંગ (શ્રદ્ધાદિ) ૧૨. ફળ (દેવલોકાદિ).

[૫૯૬] ज्ञात्वा धर्म्य ततो ध्यायेच्चतस्रस्तत्र भावनाः ।
ज्ञानदर्शनचारित्रवैराग्याख्याः प्रकीर्त्तिताः ॥१९॥

એ બાર ભાવનાદિના સ્વરૂપને જાણીને ધર્મધ્યાન ધરવું જોઈએ. હવે તે ધર્મધ્યાનની ભાવનાઓ આ પ્રમાણે છે.

**(૧) ભાવના ચાર પ્રકારે :—**

જ્ઞાનભાવના, દર્શનભાવના, ચારિત્રભાવના, વૈરાગ્યભાવના.

[૫૯૭] निश्चलत्वमसंमोहो निर्जरा पूर्वकर्मणाम् ।
सङ्गाशंसाभयोच्छेदः फलान्यासां यथाक्रमम् ॥२०॥

**(૧) જ્ઞાનભાવનાનું ફળઃ નિશ્ચલત્વ :—**

શ્રુતજ્ઞાનની આસેવનારૂપ અભ્યાસને સદા સેવતો આત્મા, અશુભ વ્યાપારથી મનનો નિરોધ કરીને (૧) શુભમાં ચિત્તનું અવસ્થાન કરવારૂપ વિશિષ્ટ ભાવનાને સ્પર્શે છે, (૨) સૂત્રાર્થની વિશુદ્ધિ કરે છે (૩) અને ભવનિર્વેદ પ્રાપ્ત કરે છે. આથી એનું ચિત્ત નિશ્ચલ બને છે.

**(૨) દર્શનભાવનાનું ફળ: અસંમોહ:—**

દર્શનભાવનાના અભ્યાસથી શંકાદિદોષ રહિત બનેલો પ્રશમસ્થૈર્યાદિગુણયુકત આત્મા અન્ય તત્વમાં ભ્રાન્તિ વિનાનો (અસંમૂઢ) બને છે.

**(૩) ચારિત્રભાવનાનું ફળ : પૂર્વકર્મની નિર્જરા:—**

આ ભાવનાના અભ્યાસથી નવા કર્મોનું અગ્રહણ, જુના કર્મોની નિર્જરા અને શુભ કર્મનું ગ્રહણ અનાયાસે પ્રાપ્ત થાય છે.

**(૪) વૈરાગ્યભાવનાનું ફળ :** સંગાશંસાભયોચ્છેદ:—

જગત્સ્વભાવને જાણતો આત્મા વૈરાગ્યભાવનાના અભ્યાસથી નિ:સંગ બને છે; આશંસારહિત બને છે; ઇહલોકાદિ સપ્તભયથી મુકત બને છે.

[૫૯૮] स्थिरचित्तः किलैताभिर्याति ध्यानस्य योग्यताम् ।
योग्यतैव हि नान्यस्य तथा चोक्तं परैरपि ॥२१॥

જ્ઞાનભાવના વિગેરે પૂર્વોકત ચાર ભાવનાના અભ્યાસથી ભાવિત થઈને સ્થિરચિત્તવાળો બનેલો આત્મા જ ધર્મધ્યાનની યોગ્યતા પ્રાપ્ત કરે છે. બીજાને તો તેની યોગ્યતા પણ પ્રાપ્ત થતી નથી. ભગવદ્ગીતામાં પણ આ જ વાત કહી છે. (આગામી શ્લોકમાં.)

[૫૯૯] चञ्चलं हि मनः कृष्ण ! प्रमाथि बलवद् दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥२२॥
[૬૦૦] असंशयं महाबाहो ! मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौन्तेय ! वैराग्येण च गृह्यते ॥२३॥

[૬૦૧] असंयतात्मनो योगो दुःप्राप्य इति मे मतिः ।
वश्यात्मना तु यतता, शक्योऽवाप्तुमुपायतः ॥२४॥

અર્જુનઃ—હે કૃષ્ણ ! મન તો અતીવ ચંચળ છે; આત્માને વલોવી નાંખનારું છે; અત્યન્ત દૃઢ અને બળવાન છે. એટલે મને તો લાગે છે કે તેનો નિગ્રહ કરવો એ તો વાયુનો નિગ્રહ કરવા જેટલું અત્યન્ત દુષ્કર કાર્ય છે પછી આગળના યોગની તો વાત જ શી કરવી? અને સ્થિરમન વિના વળી યોગ કેવો ?

કૃષ્ણઃ— હે મહાબાહુ અર્જુન ! ચંચળ મનનો નિગ્રહ ખરેખર સુદુષ્કર છે પણ છતાં હે કુન્તીપુત્ર અર્જુન ! અભ્યાસથી અને વૈરાગ્યથી એનો નિગ્રહ જરૂર થઈ શકે છે.

હે અર્જુન ! મારું એવું સ્પષ્ટ મન્તવ્ય છે કે જેનું ચિત્ત પોતાને વશ થયું નથી એને સામ્યબુદ્ધિરૂપ યોગ દુષ્પ્રાપ્ય છે. પરન્તુ જેણે ચિત્તને વશ કર્યું છે તે પ્રયત્નશીલ મહાત્માને તો (ભાવના વિગેરેના) અનેક ઉપાયોથી યોગની પ્રાપ્તિ સુલભ છે. ૨૦૭.

[૬૦૨] सदृशप्रत्ययावृत्त्या वैतृष्ण्याद् बहिरर्थतः ।
एतच्च युज्यते सर्वं भावनाभावितात्मनि ॥२५॥

સદૃશબોધના (પ્રત્યય=બોધ) વારંવારના **અભ્યાસથી**

---

૨૦૭. (૧) ભગવદ્ગીતા:—૬—૩૪, ૩૬, ૩૫. ૭—૩
(૨) પાતંજલ યોગદર્શન ૧—૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬.

અને બાહ્ય અર્થોથી તૃષ્ણામુક્ત બનવાના **વૈરાગ્યથી** મન વશ થાય છે અને તેવું જ મન ધ્યાનયોગ પ્રાપ્ત કરી શકે.

ગ્રન્થકારશ્રી કહે છે કે આ બધી વાત ભાવનાથી ભાવિત બનેલા આત્મામાં જ બરાબર ઘટી શકે છે. અર્થાત્ અમે પણ એ જ કહીએ છીએ કે જે આત્મા જ્ઞાનાદિભાવનાઓનો અભ્યાસ કરે તેનું જ ચિત્ત ધર્મધ્યાનના યોગને પ્રાપ્ત કરી શકે છે.

**(૨) ધર્મધ્યાનને યોગ્ય દેશઃ—**

[૬૦૩] **स्त्रीपशुक्लीबदु:शील—वर्जितं स्थानमागमे ।**
**सदा यतीनामाज्ञप्तं ध्यानकाले विशेषत: ॥२६॥**

[૬૦૪] **स्थिरयोगस्य तु ग्रामेऽविशेषः कानने वने ।**
**तेन यत्र समाधानं स देशो ध्यायतो मत: ॥२७॥**

વિજાતીય, પશુ, નપુંસક અને દુરાચારી લોકોથી રહિત એવું સ્થાન જ યતીઓને માટે સંયમધર્મની આરાધના માટે હોવું જોઈએ એમ જિનેશ્વર દેવોએ ફરમાવ્યું છે. એમાં પણ ધર્મ શુકલ ધ્યાનની પ્રારંભિક દશા વખતે તો વિશેષે કરીને તેવું જ સ્થાન હોવું જોઈએ. પરન્તુ જે મહાત્મા યોગમાં સ્થિરચિત્ત બન્યા છે તેમને તો ગામમાં રહેવાથી, ઉપવનમાં કે વનમાં બેસવાથી કોઇ તફાવત પડતો નથી. એટલે એમને જ્યાં ક્યાં ય પણ ચિત્તની સમાધિ પ્રાપ્ત થતી હોય તે કોઈ પણ દેશ તે ધ્યાન ધરવા માટે યોગ્ય જ છે.

[૬૦૫] **यत्र योगसमाधानं कालोऽपीष्ट: स एव हि ।**
**दिनरात्रिक्षणादीनां ध्यानिनो नियमस्तु न ॥२८॥**

### ૩. ધર્મધ્યાનનો કાળ :—

જે કાળમાં યોગસમાધિ સુંદર બની રહેતી હોય તે જ કાળ ધર્મધ્યાનને યોગ્ય કાળ સમજવો.

દિવસે કે રાત્રે કે અમુક સમયે જ ધ્યાન ધરવું એવું કાળબંધન ધ્યાનીને હોઈ શકતું નથી.

**[૬૦૬] यथावस्था जिता जातु न स्याद्ध्यानोपघातिनी ।**
**तया ध्यायेन्निषण्णो वा स्थितो वा शयितोऽथवा ॥२९॥**

### ૪. ધર્મધ્યાન માટે આસનઃ—

સ્થિરયોગીને વળી આસનનાં બંધન કેવા ?

જે કોઈ મુદ્રા તેને એક વાર સિદ્ધ થઇ ગઈ પછી તે મુદ્રા તેના ધ્યાન માટેનું શ્રેષ્ઠ આસન. સિદ્ધ થતી મુદ્રા ધ્યાનમાં વિક્ષેપ કરનારી તો ન જ બને એટલે તે અવસ્થાથી જ તેણે ધ્યાન કરવું જોઇએ.

ભલે પછી તે વીરાસનાદિમાં બેઠેલો હોય કાયોત્સર્ગમાં ઊભો રહેલો હોય કે દંડની જેમ સૂતેલો હોય. એ બધા તેના સફળ ધ્યાનને માટેના સુંદર આસનો જ બની જાય છે.

**[૬૦૭] सर्वासु मुनयो देशकालावस्थासु केवलम् ।**
**प्राप्तास्तन्नियमो नाऽऽसां नियता योगसुस्थता ॥३०॥**

સઘળા દેશમાં, સર્વકાળમાં અને બધી અવસ્થાઓમાં અતીત અનંતકાળમાં મહાત્માઓએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. એટલે ધ્યાન માટે દેશનું કાળનું કે અવસ્થાનું બંધન હોઈ શકતું નથી.

નિયમ એટલો જ છે કે દરેક યોગીને યોગમાં સુસ્થતા (સમાધિ) અવશ્ય રહેવી જોઈએ.

જે વ્યક્તિને જે દેશાદિથી યોગસુસ્થતા પ્રાપ્ત થાય તે વ્યક્તિને તે દેશ વગેરેનો નિયમ છે એટલું જ હજી કહી શકાય.

[६०८] वाचना[1] चैव पृच्छा[2] च, परावृत्त्य[3]नुचिन्तने[4] ।
क्रिया[5] चालम्बनानीह सद्धर्मावश्यकानि च ॥३१॥

**૫. ધર્મધ્યાન માટે યોગ્ય આલંબનઃ—**

વાચના (સૂત્રદાન) પૃચ્છના (સંશય દૂર કરવા પૂછવું) પરાવર્તના (ભણેલાના અવિસ્મરણ માટે અને કર્મનિર્જરા નિમિત્તે અભ્યાસ), અનુપ્રેક્ષા (પૂર્વકૃતપાઠના અવિસ્મરણ માટે સૂત્રસ્મરણાદિ), પ્રત્યુપેક્ષણાદિ ક્રિયા અને સામાયિકાદિ આવશ્યક એ બધા ય ધર્મધ્યાનના આલંબનો છે.

વાચનાદિ ચાર શ્રુતધર્માનુગત આલંબનો છે.

પ્રત્યુપેક્ષણાદિ ક્રિયા વગેરે ચારિત્ર્યધર્માનુગત આલંબન છે.

[६०९] आरोहति दृढद्रव्या–लम्बनो विषमं पदम् ।
तथाऽऽरोहति सद्ध्यानं सूत्राद्यालम्बनाश्रितः ॥३२॥

જેમ મજબૂત દોરડાં વગેરેના આલંબનવાળો ટેકરા વગેરે વિષમ સ્થાનો ઉપર ચડી જાય છે તે રીતે સૂત્રવાચનાદિ પૂર્વોક્ત આલંબનને પામેલો કઠિન એવા પણ સદ્ધ્યાનને પામી શકે છે.

[૬૧૦] आलम्बनादरोद्भूत–प्रत्यूहक्षययोगतः ।
ध्यानाद्यारोहणभ्रंशो योगिनां नोपजायते ॥३३॥

સૂત્રવાચનાદિ પૂર્વોકત આલંબનો ઉપર ભકિત, બહુ–માનભાવ હોય તો તે વિશુદ્ધભાવ, ભવિષ્યમાં થનારા ધ્યાનમાં જાગવાની સંભાવનાવાળા અશુભભાવના વિઘ્નોનો ક્ષય કરી નાંખે છે. આમ થવાથી ધ્યાનાદિયોગ ઉપર ચડતા મહાત્માઓનું ત્યાંથી અધઃપતન થતું નથી.

[૬૧૧] मनोरोधादिको ध्यानप्रतिपत्तिक्रमो जिने ।
शेषेषु तु यथायोगं समाधानं प्रकीर्त्तितम् ॥३४॥

**૬. ક્રમ :—**

મુકિતગમન કાળે છેલ્લા અંતર્મુહૂર્ત્તમાં સયોગી કેવળી ભગવાન પ્રથમ બાદર કાયયોગથી બાદર વચનયોગ વિગેરે ક્રમથી યોગનિરોધ કરે છે અને છેવટે શુકલધ્યાનનો ચોથો પાયો ૧૪મા ગુણસ્થાને પ્રાપ્ત કરે છે. આ ધ્યાન પ્રતિપત્તિનો ક્રમ જિનોના વિષયમાં જાણવો.

બીજા જીવો માટે તો તે ધ્યાનપ્રતિપત્તિ ક્રમ નથી. જેને જે ક્રમથી મનાદિનો નિરોધ કરવા દ્વારા યોગસ્થૈર્ય પ્રાપ્ત થાય તે તેની ધ્યાન પ્રતિપત્તિનો ક્રમ જાણવો.

[૬૧૨] आज्ञापायविपाकानां संस्थानस्य च चिन्तनात् ।
धर्मध्यानोपयुक्तानां ध्यातव्यं स्याच्चतुर्विधम् ॥३५॥

**૭. ધ્યાતવ્ય દ્વાર (અહીંથી ૨૬ શ્લોકમાં) ચાર પ્રકારેઃ**

ધર્મધ્યાનમાં ઉપયુક્ત મહાત્માએ (૧) દેવાધિદેવની

આજ્ઞાનું ચિન્તન, (૨) રાગાદિ અપાયોનું ચિન્તન. (૩) કર્મના વિપાકોનું ચિન્તન. અને (૪) લોકસંસ્થાનના સ્વરૂપનું ચિન્તન કરવું જોઇએ. ૨૦૮.

[६१३] नयभङ्गप्रमाणाढ्यां हेतूदाहरणान्विताम् ।
आज्ञां ध्यायेज्जिनेन्द्राणामप्रामाण्याकलङ्किताम् ॥३६॥

**૧. આજ્ઞાવિચય ધ્યાન :—**

(૧) સાતનયના ભંગ અને પ્રમાણથી સમૃદ્ધ બનેલી (૨) હેતુ તથા ચરિત અને કલ્પિત કથાનકોથી યુક્ત અને (૩) અપ્રામાણ્ય દોષ વિનાની જિનાજ્ઞાનું ધ્યાન ધરવું–ચિન્તન કરવું. (છેવટે 'तमेव सच्चं' ઇત્યાદિ ચિન્તન પણ આજ્ઞા વિચયસ્વરૂપ છે.)

[६१४] रागद्वेषकषायादिपीडितानां जनुष्मताम् ।
ऐहिकामुष्मिकाँस्ताँस्ताँन्नानापायान्विचिन्तयेत् ॥३७॥

**૨. અપાયવિચય :—**

રાગ, દ્વેષ, કષાય વગેરેથી પીડાતા પ્રાણીઓને પ્રાપ્ત થતા ઇહલોક સંબંધી તથા પરલોક સંબંધી તે તે ત્રાસ વગેરે અનેક અપાયોનું ચિન્તન કરવું.

[६१५] ध्यायेत्कर्मविपाकं च तं तं योगानुभावजम् ।
प्रकृत्यादिचतुर्भेदं शुभाशुभविभागतः ॥३८॥

**૩. વિપાક વિચય :—**

મનોયોગાદિના પ્રભાવથી ઉત્પન્ન થએલું અને પ્રકૃતિ,

૨૦૮. શાસ્ત્રવાર્તાસમુચ્ચયઃ ૯–૨૦.

સ્થિતિ, રસ, પ્રદેશથી ચાર પ્રકારનું જે કર્મ, તેના સ્વર્ગ નારકાદિ વિપાકોનું શુભ અને અશુભનો વિભાગ કરીને ચિન્તન કરવું.

[૬૧૬] उत्पादस्थितिभङ्गादिपर्यायैर्लक्षणैः पृथक् ।
मेदैर्नामादिभिर्लोकसंस्थानं चिन्तयेद्भृतम् ॥३९॥

४. સંસ્થાનવિચય :—

**૨૨ શ્લોકથી સંસ્થાનવિચય ધર્મધ્યાનનું વર્ણન.** ઉત્પાદ, સ્થિતિ, નાશ (ભંગ) વગેરે પર્યાયોવાળો લોક છે. માટે લોકનું સ્વરૂપ (લક્ષણ) ઉત્પાદ વિગેરે પર્યાયો કહેવાય. આ ઉત્પાદ આદિ પર્યાયોથી ભરેલા લોકસંસ્થાનનું ચિન્તન કરવું. વળી નામલોક, સ્થાપનાલોક, દ્રવ્યલોક, ભાવલોક એમ પૃથક્ પૃથક્ રીતે પણ લોકસંસ્થાનનું ચિન્તન કરવું.

[૬૧૭] चिन्तयेत्तत्र कर्तारं भोक्तारं निजकर्मणाम् ।
अरूपमव्ययं जीवमुपयोगस्वलक्षणम् ॥४०॥

**લોકસ્થ જીવદ્રવ્ય ચિન્તન :**

તે લોકમાં રહેલા જીવનું આ રીતે ચિન્તન કરવું કે 'તે જીવ નિજકર્મનો કર્તા છે, કર્મફળનો ભોક્તા છે, અરૂપી અને અવિનાશી છે તથા ઉપયોગ એ એનું લક્ષણ છે.' અર્થાત્ સામાન્ય વિશેષ બોધરૂપી ચેતના એ તેનું લક્ષણ છે.'

[૬૧૮] तत्कर्मजनितं जन्मजरामरणवारिणा ।
पूर्णं मोहमहावर्तकामौर्वानलभीषणम् ॥४१॥

[६१९] आशामहानिलापूर्णकषायकलशोच्छलत् ।
असद्विकल्पकल्लोलचक्रं दधतमुद्धतम् ॥४२॥

[६२०] हृदि स्रोतसिकावेलासम्पातदुरतिक्रमम् ।
प्रार्थनावल्लिसंतानं, दुष्पूरविषयोदरम् ॥४३॥

[६२१] अज्ञानदुर्दिनं व्यापद्विद्युत्पातोद्भवद्भयम् ।
कदाग्रहकुवातेन हृदयोत्कम्पकारिणम् ॥४४॥

[६२२] विविधव्याधिसम्बन्ध—मत्स्यकच्छपसङ्कुलम् ।
चिन्तयेच्च भवाम्भोधिं चलद्दोषाद्रिदुर्गमम् ॥४५॥

**પાંચ શ્લોકથી સંસારનું દુસ્તર સાગરરૂપે ચિન્તનઃ-**

(૧) તે જીવના કર્મથી ઉત્પન્ન થએલા, (૨) જન્મ જરારૂપ પાણીથી ભરપૂર, (૩) મોહના મોટા વમળોથી અને કામરૂપ વડવાનળથી ભીષણ બનેલા, (૪) આશારૂપી પ્રચંડ-વાયુથી ભરેલા ક્રોધાદિ પાતાળ કલશો દ્વારા ઉછાળાતાં અશુભ વિકલ્પોના તરંગોથી ઉદ્ધત બનેલા સમૂહને ધારણ કરતા. (૫) મનમાં ઊઠતી જે ઇન્દ્રિય વિષયોની વાસના ધારા—તેની જે ભરતી—તેના આવવાથી દુર્લંઘ્ય બનેલા, (૬) વિષયસુખાદિની પ્રાર્થનારૂપી લહરીઓની પરંપરાવાળા, (૭) કરોડો ઉપાયે પણ ન પૂરી શકાય તેવા વિષયાસ્વાદરૂપ પેટવાળા, (૮) અજ્ઞાનદુર્દિનને લીધે વિપત્તિઓરૂપ વીજળીઓના ઉત્પાતથી જ્યાં ભય ઉત્પન્ન થઈ ગયો છે તેવા, (૯) કદાગ્રહ રૂપ દુષ્ટપવનના સુસવાટાઓથી હૃદયને ધ્રુજાવી દેતા, (૧૦) અનેક પ્રકારના વ્યાધિના સંબંધ રૂપ માછલાં અને કાચબાથી

ખીચોખીચ ભરેલા, (૧૧) દોષરૂપી જંગમ પર્વતોને લીધે દુર્ગમ બનેલા એવા સંસાર–સાગરનો વિચાર કરવો.[૨૦૯]

[६२३] तस्य मंतरणोपायं सम्यक्त्वदृढबन्धनम् ।
बहुशीलाङ्गफलकं ज्ञाननिर्यामकान्वितम् ॥४६॥
[६२४] संवरास्ताश्रवच्छिद्रं गुप्तिगुप्तं समन्ततः ।
आचारमण्डपोद्दीप्ता–पवादोत्सर्गभूद्वयम् ॥४७॥
[६२५] असंख्यैर्दुर्धरैर्योधैर्दुष्प्रधृष्यं सदाशयैः ।
सद्योगकूपस्तम्भाग्र–न्यस्ताध्यात्मसितांशुकम् ॥४८॥
[६२६] तपोऽनुकूलपवनोद्भूतसंवेगवेगतः ।
वैराग्यमार्गपतितं चारित्रवहनं श्रिताः ॥४९॥
[६२७] सद्भावनाख्यमञ्जूषा–न्यस्तसच्चित्तरत्नतः ।
यथाऽविघ्नेन गच्छन्ति, निर्वाणनगरं बुधाः ॥५०॥

**પાંચ શ્લોકથી સંસાર સાગર તરવાનો ઉપાય :—**

જેઓ ચારિત્રરૂપી વહાણમાં બેસે છે તેઓ આ સંસાર સાગરનો પાર પામી શકે છે. તે ચારિત્ર વહાણ કેવું છે તે કહે છે. (૧) જેને સમ્યકત્વરૂપ દૃઢ બંધન છે, (૨) જેને અઢાર હજાર શીલાંગરથનું પાટિયું છે, (૩) જ્યાં જ્ઞાન સુકાની છે, (૪) સત્તાવન ભેદવાળા સંવરથી જેનાં આશ્રવચ્છિદ્રો પૂરી દેવામાં આવ્યાં છે, (૫) મનોગુપ્ત્યાદિથી જેનું રક્ષણ કરવામાં આવ્યું છે, (૬) જ્ઞાનાચારાદિ પંચાચાર મંડપથી શોભાયમાન એવા ઉત્સર્ગ અપવાદરૂપ જેને બે માળ છે, (૭) સદાશયાદિ

૨૦૯. વિ. આવ. ભાષ્યઃ પૃ. ૧૩૫૫. (ગ્રન્થાન્તે)

અસંખ્ય દુર્ધર મહાયોદ્ધાઓના કારણે રાગાદિ શત્રુઓથી જે અપરાજેય બન્યું છે, (૮) જેના સદ્યોગરૂપ કુવાસ્તંભના અગ્રભાગ ઉપર વિશુદ્ધ જ્ઞાન ક્રિયાત્મક અધ્યાત્મનું સઢ નાંખેલું છે, (૯) તપરૂપ અનુકૂળ પવનથી ઉત્પન્ન થએલા સંવેગરૂપ વેગથી જે વહાણ વૈરાગ્યના માર્ગે પડીને સડસડાટ આગળ ધપી રહ્યું છે તે ચારિત્ર્યવહાણને આશ્રિત થએલા જ્ઞાની પુરુષો સદ્ભાવના નામની પેટીમાં શુદ્ધચિત્તનું રત્ન હોવાને લીધે કોઈ પણ જાતના વિઘ્ન વિના આગળના શ્લોકોમાં કહેવાતી જે રીતે નિર્વાણ નગરને પ્રાપ્ત કરે છે તે રીતનું મહાત્માઓએ ચિન્તન કરવું (આ પ્રમાણે પ્રસ્તુત અધિકારના ૬૧માં શ્લોક સાથે સંબંધ જોડવો.)

[૬૨૮] यथा च मोहपल्लीशे लब्धव्यतिकरे सति ।
संसारनाटकोच्छेदाशङ्कापङ्काविले मुहुः ॥५१॥

[६२९] सज्जीकृतस्वीयभटे नावं दुर्बुद्धिनामिकाम् ।
श्रिते दुर्नीतिनौवृन्दारूढशेषभटान्विते ॥५२॥

[६३०] आगच्छत्यथ धर्मेश—मटौघे रणमण्डपम् ।
तत्वचिन्तादिनाराच—सज्जीभूते समाश्रिते ॥५३॥

[६३१] मिथो लग्ने रणावेशे सम्यग्दर्शनमन्त्रिणा ।
मिथ्यात्वमन्त्री विषमां प्राप्यते चरमां दशाम् ॥५४॥

[६३२] लीलयैव निरुद्ध्यन्ते कषायचरटा अपि ।
प्रशमादिमहायोधैः शीलेन स्मरतस्करः ॥५५॥

[६३३] हास्यादिषट्कलुण्टाक–वृन्दं वैराग्यसेनया ।
निद्रादयश्च ताड्यन्ते श्रुतोद्योगादिभिर्भटैः ॥५६ ॥
[६३४] भटाभ्यां धर्मशुक्लाभ्या–मार्त्तरौद्राभिधौ भटौ ।
निग्रहेणेन्द्रियाणां च जीयते द्रागसंयमः ॥५७॥
[६३५] क्षयोपशमतश्चक्षु–र्दर्शनावरणादयः ।
नश्यत्यसातसैन्यं च पुण्योदयपराक्रमात् ॥५८ ॥
[६३६] सह द्वेषगजेन्द्रेण रागकेसरिणा तथा ।
सुतेन मोहभूपोऽपि धर्मभूपेन हन्यते ॥५९॥
[६३७] ततः प्राप्तमहानन्दा धर्मभूपप्रसादतः ।
यथा कृतार्था जायन्ते साधवो व्यवहारिणः ॥६०॥
[६३८] विचिन्तयेत्तथा सर्वं धर्मध्याननिविष्टधीः ।
ईदृगन्यदपि न्यस्तमर्थजातं यदागमे ॥६१॥

**અગિયાર શ્લોકમાં મોહરાજનું આક્રમણ અને તેનો પરાજય :–**

સંસાર નાટકનો ઉચ્છેદ થઈ જવાની વારંવારની આશંકાથી હવે મોહરાજનું ચિત્ત મલિન થઈ ગયું છે. કેમકે એને સમાચાર મળ્યા છે કે, 'ચારિત્ર–નૌકામાં અનેક વેપારીઓને (જીવસ્વરૂપ) બેસાડીને તેમને મોક્ષપુરીમાં લઈ જવામાં આવે છે.'

હવે તો પૂછવું જ શું? મોહ ચાંચિયાએ પોતાના સુભટોને એકદમ સજ્જ કરી દીધા. કેટલાક દુર્બુદ્ધિ નામની નાવમાં ગોઠવાઈ ગયા. બાકીના કેટલાક સુભટોને દુષ્ટનીતિ નામની નાવમાં બેસાડી દીધા અને બધી નાવડીઓ હંકારી મૂકી.

આ બાજુ ધર્મરાજના સુભટોનો સમૂહ પણ તત્વચિન્તાદિ સુતીક્ષ્ણ બાણોથી સજ્જ થઈ ગયો અને રણમેદાનમાં ઊતરી પડ્યો!

ભયાનક યુદ્ધ આરંભાઈ ગયું! સમ્યગ્દર્શનમન્ત્રીએ મિથ્યાત્વમન્ત્રીને તો મૃતપ્રાયઃ કરી દીધો! પ્રશમાદિ મહાયોદ્ધાઓએ દુષ્ટ કષાયોને રમતમાં પકડી લીધા! કામચોરને તો શીલ સુભટે ગૂંગળાવી જ નાંખ્યો!

વૈરાગ્યસેનાએ હાસ્યાદિ છ લૂંટારાઓને તો કાંઈ માર માર્યો છે માર!

અને શ્રુતોદ્યોગાદિ સુભટોએ બાપડી નિદ્રાને ઝૂડી નાંખવામાં ય કાંઈ બાકી રાખી નથી!

ધર્મ શુક્લ નામના બે મહાસુભટોએ આર્ત રૌદ્ર નામના મોહસુભટ ઉપર જ્વલંત વિજય મેળવ્યો. અને પેલી ઈન્દ્રિયો પકડાઈ જતાં અસંયમ તો બાપડો તદ્દન બાળદિયો થઈ ગયો! એકદમ જીતાઈ ગયો!

ક્ષયોપશમભાવસુભટના ઝપાટા ય કાંઈ ઓછા ન હતા! એના ભયંકર આક્રમણથી ડઘાઈ ગયેલા ચક્ષુર્દર્શનાવરણાદિ તો જીવ લઈને નાઠા!

અને પેલો પુણ્યોદય! એણે ય કમાલ કરી નાંખી! અશાતાના સૈન્યને ક્યાં ય નસાડી મૂક્યું!

અને ધર્મરાજે તો ભારે દેકારો બોલાવી દીધો! રાગકેસરી અને દ્વેષગજેન્દ્ર બે ય મોહના વીર સંતાનીઆ! પણ

એ બેયને–અને એમના કાળમુખા બાપ મોહને–ત્રણેયને લોહી વમતા કરી નાંખ્યા! ધરતી ઉપર સદાને માટે ઢાળી દીધા!

ધર્મરાજનો વિજય થયો! સંસાર સાગરને પાર ઊતરી જવા નૌકામાં બેઠેલા સઘળા ય સાધુ વેપારીઓ ખૂબ આનંદમાં આવી ગયા!

આમ ધર્મરાજની કૃપાથી એ સાધુ વેપારીઓ જે રીતે જીવનને કૃતાર્થ કરી જાય છે એ બધું ય ધર્મધ્યાનમાં ઓતપ્રોત ચિત્તવાળા મહાત્માએ વિચારવું. એટલું જ નહિ પણ આવા પ્રકારના ભાવનું બીજું પણ અપ્રમત્તતાદિભાવનું કથન કે જે નાગદત્તના કથાનક દ્વારા આવશ્યકસૂત્ર (જિનાગમ)માં આપ્યું છે તે પણ ધર્મધ્યાની મહાત્માએ વિચારવું.

અહીં ૭મું ધ્યાતવ્ય દ્વાર પૂર્ણ થાય છે.[૨૧૦]

૮. ધ્યાતાઃ—

[૬૩૯] मनसश्चेन्द्रियाणां च जयाद्यो निर्विकारधीः ।
धर्मध्यानस्य स ध्याता शान्तो दान्तः प्रकीर्त्तितः ॥६२॥

ધર્મધ્યાનનો ધ્યાતા તે જ બની શકે જે મન અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવીને નિર્વિકાર બુદ્ધિવાળો બન્યો હોય; અને તેથી જ જે શાન્ત અને દાન્ત બન્યો હોય.

[૬૪૦] परैरपि यदिष्टं च स्थितप्रज्ञस्य लक्षणम् ।
घटते ह्यत्र तत्सर्वं, तथा चेदं व्यवस्थितम् ॥६३॥

૨૧૦. હારિ. આવ. : ૪થું પ્રતિ.આવ., ૧૨૫૦મી ગાથાની ટીકા.

[६४१] प्रजहाति यदा कामान् सर्वान्पार्थ ! मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥६४॥

બીજા દાર્શનિકોને સ્થિતપ્રજ્ઞ આત્માનું જે સ્વરૂપ ઈષ્ટ છે તે સઘળું ય ધર્મધ્યાનના ધ્યાતામાં ઘટી જાય છે. (માટે ધર્મધ્યાની સ્થિતપ્રજ્ઞ કહેવાય.) શ્રી ભગવદ્ગીતામાં અર્જુનને સંબોધીને કૃષ્ણ કહે છે કે, "હે અર્જુન! મનોગત સઘળા કામભોગોને જ્યારે સાધક દૂર કરી દે છે અને ચિત્તાત્માથી પોતાના આત્મામાં જ જે તુષ્ટ રહે છે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.[211]

[६४२] दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥६५॥

દુઃખમાં જે દીન બનતો નથી, સુખની જેને સ્પૃહા નથી, જેના ચિત્તમાંથી રાગ, ભય અને ક્રોધાદિ કષાયો ચાલી ગયા છે તે મુનિ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.[212]

[६४३] यः सर्वत्रानभिस्नेह–स्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनन्दति न द्वेष्टि, तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६६॥

તે તે શુભાશુભ વસ્તુ પ્રાપ્ત કરીને પણ જે આત્મા તે બધાયમાં ઉદાસીન રહે–ન હોય ત્યાં આનંદ કે ન હોય ત્યાં દ્વેષ–તે આત્માની પ્રજ્ઞા પોતાના આત્મામાં સ્થિત છે. અર્થાત્ તે આત્મા સ્થિતપ્રજ્ઞ કહેવાય.[213]

---

૨૧૧. ભગવદ્ગીતા : ૨–૫૫.

૨૧૨. ભગવદ્ગીતા : ૨–૫૫. ૫૬.

૨૧૩. ભગવદ્ગીતા : ૨–૫૭.

[૬૪૪] यदा संहरते चाऽयं कूर्मोऽङ्गानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६७॥

જેમ કાચબો પોતાના અંગોપાંગને બધી બાજુથી સંકોચી શકે છે તેમ જે આત્મા વિષયોથી પોતાની ઈન્દ્રિયોને એકદમ સંકોચી લે છે તે આત્મા સ્થિતપ્રજ્ઞ કહેવાય છે, તેવા આત્માની બુદ્ધિ સ્થિર થએલી કહેવાય છે."[૨૧૪]

[૬૪૫] शान्तो दान्तो भवेदीद—गात्मारामतया स्थितः ।
सिद्धस्य हि स्वभावो यः सैव साधकयोग्यता ॥६८॥

આમ જે આત્મા શાન્ત હોય, દાન્ત હોય અને આ રીતે આત્મરમણતામાં લીન હોય તે જ આત્મા ધર્મધ્યાનનો ધ્યાતા બનવાને યોગ્ય છે; કેમકે સાતમા વિગેરે ગુણસ્થાને રહેલા સિદ્ધયોગીનો જે સ્વભાવ છે તે જ આ સાધકની યોગ્યતા છે. અર્થાત્ સિદ્ધયોગીમાં જે ગુણની પૂર્ણતા હોય તેના જ અંશોના અસ્તિત્વરૂપ યોગ્યતા સાધકમાં હોવી જોઈએ.[૨૧૫]

[૬૪૬] ध्याताऽयमेव शुक्लस्या—प्रमत्तः पादयोः द्वयोः ।
पूर्वविद् योग्ययोगी च, केवली परयोस्तयोः ॥६९॥

શુકલધ્યાનના ચાર પાયા છે. જે ધર્મધ્યાનને યોગ્ય ધ્યાતા કહ્યો તે જ શુકલધ્યાનના પહેલા બે પાયાને યોગ્ય એવો ધ્યાતા છે, પણ તેમાં જો અપ્રમત્ત આત્મા આ બે પાયાનો ધ્યાતા હોય તો તે પૂર્વધર મહાત્મા જ હોય.

૨૧૪. ભગવદ્ગીતા : ૨–૫૮.
૨૧૫. અધ્યાત્મોપનિષત્ : ૩–૧.

એટલે કે જે પૂર્વધર ન હોય તેવો અપ્રમત્ત આત્મા શુક્લ-ધ્યાનના પહેલા બે પાયાનો ધ્યાતા હોઈ શકે નહિ.

જો પ્રમત્ત મહાત્મા હોય તો તે પૂર્વધર ન પણ હોય તો ય શુક્લધ્યાનના પહેલા બે પાયાનો ધ્યાતા હોઈ શકે. આથી જ માષતુષમુનિ કે મરુદેવીમાતા વિગેરે પૂર્વધર ન હતાં છતાં તેમને પ્રમત્ત અવસ્થામાં શુક્લધ્યાનના પહેલા બે પાયાનું ધ્યાન ઘટી શકે છે.

શુક્લધ્યાનના ત્રીજા પાયાના ધ્યાતા સયોગી કેવળી હોય છે, જ્યારે ચોથા પાયાના ધ્યાતા અયોગી કેવળી હોય છે.[૨૧૬]

[૬૪૭] अनित्यत्वाद्यनुप्रेक्षा ध्यानस्योपरमेऽपि हि ।
भावयेन्नित्यमभ्रान्तः प्राणा ध्यानस्य ताः खलु ॥७०॥

## ૯. ધર્મધ્યાનીની અનુપ્રેક્ષા :—

આ ધ્યાનયોગથી નિવૃત્તિ થાય ત્યારે અભ્રાન્ત આત્માએ અનિત્યત્વાદિ ૧૨ ભાવનાની અનુપ્રેક્ષા કરવી; કેમકે તે ભાવનાઓ ધ્યાનના પ્રાણસમી છે. તૂટેલી પણ ધ્યાનધારાને સાંધનારી આ ભાવનાઓ છે.[૨૧૭]

## ૧૦. ધર્મધ્યાનીની લેશ્યા :—

ધર્મધ્યાની મુનિને તીવ્ર–તીવ્રતર કે તીવ્રતમ પરિણામ પૂર્વક તેજો પદ્મ કે શુક્લ લેશ્યા હોય.

૨૧૬. હારિ. આવ. : ધ્યાનાધિ:–ગા. ૬૪.
૨૧૭. યોગશાસ્ત્ર : ૪–૧૨૨.

[૬૪૮] तीव्रादिभेदभाजः स्युर्लेश्यास्तिस्र इहोत्तराः ।
लिङ्गान्यत्राऽऽगमश्रद्धा विनयः सद्‌गुणस्तुतिः ॥७१॥

**૧૧. ધર્મધ્યાનીના લિંગ :—**

જિનોક્ત આગમમાં પ્રરૂપેલાં ષડ્‌દ્રવ્યાદિની અપૂર્વ શ્રદ્ધા હોવી, (૨) દેવ–ગુર્વાદિનો યથાયોગ્ય અભ્યુત્થાનાદિ વિનય કરવો, (૩) એમના સદ્‌ગુણોની સ્તવના કરવી. આ ત્રણ ધર્મધ્યાનીના કાર્યલિંગો છે. જેને ધર્મધ્યાન હોય તેને આ ત્રણ ધર્મો પ્રાપ્ત થાય.

[૬૪૯] शीलसंयमयुक्तस्य ध्यायतो धर्म्यमुत्तमम् ।
स्वर्गप्राप्ति फलं प्राहुः प्रौढपुण्यानुबन्धिनीम् ॥७२॥

**૧૨. ધર્મધ્યાનનું ફળ :—**

શીલ અને સંયમથી યુક્ત જે મહાત્મા આવા ધર્મ-ધ્યાનને ધ્યાવે છે તેમને પ્રૌઢપુણ્યની ઉત્તરોત્તર સર્જતી (પુણ્યાનુબંધીપુણ્યની) સ્વર્ગાદિ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે. અને આ પુણ્યાનુબંધી પુણ્ય અવશ્ય મોક્ષ સંપત્તિને મેળવી આપનારું બને છે.

અહીં ધર્મધ્યાન અંગેના ભાવનાદિ ૧૨ દ્વારોનું વર્ણન પૂર્ણ થાય છે.

[૬૫૦] ध्यायेच्छुक्लमथ क्षान्ति–मृदुत्वार्जवमुक्तिभिः ।
छद्मस्थोऽणौ मनो धृत्वा व्यपनीय मनो जिनः ॥७३॥

**શુક્લધ્યાન :—**

હવે શુક્લધ્યાનના વિષયમાં પૂર્વોક્ત ૧૨ દ્વારોનું

નિરૂપણ ગ્રન્થકારશ્રી કરે છે. તેમાં પહેલા ચાર દ્વાર તો ધર્મ ધ્યાનની તુલ્ય જ છે માટે તે ન કહેતા પંચમાં આલંબનાદિ દ્વાર કહે છે.

**૫. શુકલધ્યાનના આલંબન :—**(ક્ષમાદિ ગુણો.)

જિનમતમાં જે પ્રધાન છે તેવા ક્ષમા, મૃદુતા, ઋજુતા, નિઃસ્પૃહતાદિ આલંબનથી છદ્મસ્થ ધ્યાતા શુકલધ્યાન ઉપર ચડે છે.

**૬. ક્રમ :—**

છદ્મસ્થ આત્માનું મન પ્રથમ તો ત્રણે ય ભુવન વિષયક હોય પણ પછી ક્રમે કરીને તે મનના વિષયનો સંક્ષેપ કરતાં કરતાં તેને પરમાણુમાં લાવીને મૂકી દે અને એ રીતે શુકલ ધ્યાન ધ્યાવે.

જ્યારે જિન (કેવલી) મનોયોગનો નિરોધ કરી દઈને (દ્રવ્યમન રહિત થઈને) શુકલધ્યાન ધ્યાવે. છદ્મસ્થનું શુકલ ધ્યાન ૭મા વિગેરે ગુણસ્થાને હોય; જ્યારે જિનનું શુકલ-ધ્યાન ૧૩મા ગુણસ્થાનના છેડે તથા ૧૪મા ગુણસ્થાને હોય.

[૬૫૧] सवितर्कं सविचारं सपृथक्त्वं तदादिमम् ।
नानानयाश्रितं तत्र वितर्कः पूर्वगं श्रुतम् ॥७४॥

[૬૫૧] अर्थव्यञ्जनयोगानां विचारोऽन्योन्यसङ्क्रमः ।
पृथक्त्वं द्रव्यपर्याय–गुणान्तरगतिः पुनः ॥७५॥

[૬૫૩] त्रियोगयोगिनः साधो–र्वितर्काद्यन्वितं ह्यदः ।
ईषच्चलत्तरङ्गाब्धेः क्षोभाभावदशानिभम् ॥७६॥

## ૭મું ધ્યાતવ્ય દ્વારઃ ૮મું ધ્યાતા દ્વાર :—

શુક્લધ્યાનના ચાર પાયા ધ્યાતવ્ય છે. તે ચાર પાયાના નામો આ પ્રમાણે છે.

(૧) સવિતર્ક—સવિચાર—સપૃથક્ત્વ.
(૨) સવિતર્ક—સવિચાર—એકત્વ.
(૩) સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ.
(૪) સમુચ્છિન્નક્રિયા અપ્રતિપાતી.

## શુક્લધ્યાનનો ૧ લો પાયો :—સવિતર્ક—સવિચાર—સપૃથક્ત્વ :—

વિતર્ક:—અનેક નયોને આશ્રિત એવો પૂર્વના શ્રુતનો બોધ.

વિચાર:—અર્થ, વ્યંજન (શબ્દ) અને મનાદિ યોગોનો પરસ્પરમાં—અર્થથી વ્યંજનમાં, વ્યંજનથી અર્થમાં મનોયોગથી વચનયોગ કે કાયયોગમાં અને વચનયોગથી મનાદિયોગમાં—થતો સંક્રમ.

(i) અર્થ : પદાર્થ (દ્રવ્ય)
(ii) વ્યંજન : શબ્દ
(iii) યોગ : મનાદિનો વ્યાપાર.

**પૃથક્ત્વ :** દ્રવ્યથી દ્રવ્યમાં, પર્યાયથી પર્યાયમાં, ગુણથી ગુણમાં જે જવું તે પૃથક્ત્વ કહેવાય.

શુક્લધ્યાનના ૧લા પાયામાં આ ત્રણે ય બાબત હોય માટે તેને સવિતર્ક—સવિચાર—સપૃથક્ત્વ કહેવાય છે.

ત્રણે ય યોગના વ્યાપારવાળા મુનિને ઉક્ત વિતર્કાદિથી યુક્ત એવું મન હોય તે સ્વાભાવિક છે. એ મન, ઉછાળાના ક્ષોભ વિનાના—છતાં કાંઈક કમ્પવાળા—તરંગોથી યુક્ત સમુદ્ર જેવું હોય છે.[૨૧૮]

[૬૫૪] एकत्वेन वितर्केण विचारेण च संयुतम् ।
निर्वातस्थप्रदीपाभं द्वितीयं त्वेकपर्ययम् ॥७७॥

**શુક્લધ્યાનનો ૨જો પાયો:—સવિતર્ક–સવિચાર–એકત્વ.**

અહીં વિતર્ક અને વિચાર પૂર્વવત્ હોય. પરન્તુ પૃથક્ત્વ=એક દ્રવ્યના દ્રવ્યગુણ પર્યાયમાં પરસ્પર ગતિ=તે ન હોય, કિન્તુ એક નિજાત્મદ્રવ્ય, એક પર્યાય કે એક ગુણ–ગમે તે એકમાં જ ચિત્ત સ્થિર હોય.

આ બીજા પાયાનું ધ્યાન પવન વિનાના સ્થાને રહેલા દીપકની જેવું નિષ્પ્રકમ્પ હોય.

[૬૫૫] सूक्ष्मक्रियाऽनिवृत्याख्यं तृतीयं तु जिनस्य तत् ।
अर्द्धरुद्धाङ्गयोगस्य रुद्धयोगद्वयस्य च ॥७८॥

**શુક્લધ્યાનનો ત્રીજો પાયો:—સૂક્ષ્મક્રિયાઅનિવૃત્તિ:**

સૂક્ષ્મવાક્ મનોયોગની અને બાદર કાયયોગની ક્રિયાની

---

૨૧૮. (૧) શાસ્ત્રવાર્તાસમુચ્ચય–સ્યાદ્વાદ કલ્પલતા ટીકા:—પૃ. ૩૩૭અ. તથા ૩૩૭.

(૨) હારિ. આવ. ધ્યાનાધિકારઃ–ગાથા ૭૧–૭૨, ૭૭ થી ૮૦

(૩) ગુણસ્થાન ક્રમારોહ

જ્યાં નિવૃત્તિ થઈ ગઈ છે અર્થાત્ હવે જ્યાં ઉચ્છ્વાસાદિરૂપ સૂક્ષ્મ કાયયોગની ક્રિયા જ બાકી (અનિવૃત્તિ) રહી છે તે સ્વરૂપ તેરમા ગુણસ્થાનના અંતિમ અન્તર્મુહૂર્ત્તમાં રહેલા કેવળી ભગવાનને આ ત્રીજો પાયો હોય.

[६५६] तुरीयं तु समुच्छिन्न–क्रियमप्रतिपाति तत् ।
शैलवन्निष्प्रकम्पस्य शैलेश्यां विश्ववेदिनः ॥७९॥

**શુકલધ્યાનનો ચોથો પાયો : સમુચ્છિન્નક્રિયા અપ્રતિપાતી :—**

જેમાંથી હવે ઉચ્છ્વાસાદિ સ્વરૂપ સૂક્ષ્મ કાયિક ક્રિયાની પણ નિવૃત્તિ (સમુચ્છિન્ન ક્રિયા) થઈ ગઈ છે અને સિદ્ધાવસ્થા પ્રાપ્ત થાય ત્યાં સુધીમાં હવે જ્યાંથી પડવાનું જ નથી તેવું આ ચોથા પાયાનું ધ્યાન શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થયેલું હોય છે. પર્વતની જેવા નિષ્પ્રકમ્પ ૧૪મા ગુણસ્થાને રહેલા અયોગી કેવળ ભગવંતને આ ધ્યાન હોય છે.

[६५७] एतच्चतुर्विधं शुक्लध्यानमत्र द्वयोः फलम् ।
आद्ययोः सुरलोकाप्ति–रंत्ययोस्तु महोदयः ॥८०॥

ચાર પ્રકારના શુકલધ્યાનના પહેલા બે પાયાના ધ્યાનથી સ્વર્ગાદિ સુખ મળે છે; જ્યારે છેલ્લા બે પાયાના ધ્યાનનું ફળ મોક્ષ છે.

[६५८] आश्रवापायसंसारा–नुभावभवसंततीः ।
अर्थे विपरिणामं वा–ऽनुपश्येच्छुक्लविश्रमे ॥८१॥

**૯. શુક્લધ્યાનની અનુપ્રેક્ષા:—**

(૧) મિથ્યાત્વાદિ આશ્રવોના અપાયો (૨) ચતુર્ગતિરૂપ સંસારનો (કર્મજનિત) પ્રભાવ (૩) ભવની પરમ્પરા (૪) સ્ત્રીપુત્રાદિ અર્થોમાં વિપરીતતાની પ્રાપ્તિ. આ બધું ય શુકલધ્યાનથી વિરામ પામતા મુનિએ ચિંતવવું જોઈએ.

આ ચારે ય પ્રકારની અનુપ્રેક્ષા શુકલધ્યાનના પહેલા તથા બીજા પાયાના ધ્યાન વિરામ પછી જ સંભવે કેમકે બાકીના છેલ્લા બે પાયાનું ધ્યાન તો વિરામ પામ્યા વિના જ મુક્તિનું પ્રાપક બને છે.

**[૬૫૯] द्वयोः शुक्ला तृतीये च, लेश्या सा परमा मता ।**
**चतुर्थशुक्लभेदस्तु लेश्यातीतः प्रकीर्त्तितः ॥८२॥**

**૧૦. લેશ્યા :—**

પહેલા બે પાયાના ધ્યાનમાં શુકલલેશ્યા હોય.
ત્રીજા પાયાના ધ્યાનમાં પરમશુકલ લેશ્યા હોય.
ચોથા પાયાનું ધ્યાન ધરતા મહાત્મા લેશ્યાતીત હોય.

**[૬૬૦] लिङ्गं निर्मलयोगस्य शुक्लध्यानवतोऽवधः[१] ।**
**असम्मोहो[२] विवेकश्च व्युत्सर्गश्चाभिधीयते[४] ॥८३॥**

**૧૧. લિંગ:—**

નિર્મળયોગવાળા શુકલધ્યાનીનાં ચાર લિંગો છે.
(૧) અવધ.

(૨) અસંમોહ.
(૩) વિવેક.
(૪) વ્યુત્સર્ગ.

[૬૬૧] अवधादुपसर्गेभ्यः कम्पते न बिभेति च ।
असम्मोहान्न सूक्ष्मार्थे मायास्वपि च मुह्यति ॥८४॥

[૬૬૨] विवेकात्सर्वसंयोगा-द्भिन्नमात्मानमीक्षते ।
देहोपकरणासङ्गो व्युत्सर्गाज्जायते मुनिः ॥८५॥

(૧) અવધને લીધે તે મહાત્મા પરીષહ ઉપસર્ગાદિથી ન કમ્પે કે ન ભય પામે.
(૨) અસંમોહને લીધે સૂક્ષ્મપદાર્થના ચિંતનમાં ન મૂંઝાય કે દેવાદિમાયામાં પણ ન મૂંઝાય.
(૩) વિવેકને લીધે દેહઉપધિ આદિના સર્વસંયોગથી પોતાના આત્માને ભિન્નસ્વરૂપે જુએ.
(૪) વ્યુત્સર્ગને લીધે દેહઉપકરણાદિના અસંગભાવને પામે.

[૬૬૩] एतद्ध्यानक्रमं शुद्धं मत्वा भगवदाज्ञया ।
यः कुर्यादेतदभ्यासं सम्पूर्णाध्यात्मविद्भवेत् ॥८६॥

૧૨. ફળઃ—

જિનાજ્ઞા અનુસાર આ શુદ્ધ ધ્યાનક્રમને જે જાણે છે અને પછી તેનો જે અભ્યાસ કરે છે તે આત્મા પરિપૂર્ણ અધ્યાત્મસ્વરૂપનો જ્ઞાતા સર્વજ્ઞ બને છે.

卐

# ધ્યાન સ્તુતિ

૧૭

આત્મન્ ! તું સદૈવ ધ્યાનસ્થ રહે.

તું જાણે છે ધ્યાનયોગની તાકાત ?

દેવેન્દ્રોના સામ્રાજ્યને પણ થૂ કરવાની તારામાં પડેલી પ્રચંડ શક્તિનો સ્ફોટ એ જ કરી આપશે.

જે મોહનિદ્રામાં આખું ય વિશ્વ પોઢી ગયું છે ત્યાં એ ધ્યાનમસ્તી તને જાગતો રાખીને તારી અમરતાના ગાન ગવડાવશે.

દુઃખે તું નંદવાય નહિ, કોઈના રોષે તું અકળાય નહિ, રાગે તું રગદોળાય નહિ, મોહે તું મૂંઝાય નહિ. આવી અનોખી સિદ્ધિ ધ્યાનયોગે જ મળે.

આતમરામ ! સંગ વિનાના અસંગના અનિર્વાચ્ય આનંદને ભજી લે, ભજી લે.

## ॐ ધ્યાન સ્તુતિ ॐ

[૬૬૪] यत्र गच्छति परं परिपाकं,
पाकशासनपदं तृणकल्पम् ।
स्वप्रकाशसुखबोधमयं तत्,
ध्यानमेव भवनाशि भजध्वम् ॥१॥

હે મુનિ! જ્યારે ધ્યાનયોગ પોતાની પ્રકૃષ્ટ દશાને પ્રાપ્ત કરે છે ત્યારે ઈન્દ્રનું સામ્રાજ્ય પણ એક તણખલા જેવું ભાસે છે. તે ધ્યાનયોગ કે જે સ્વપ્રકાશ સુખમય છે, બોધમય છે અને ભવભંજક છે, તેને જ તું સેવ.

[૬૬૫] आतुरैरपि जडैरपि साक्षात्,
सुत्यजा हि विषया न तु रागः ।
ध्यानवाँस्तु परमद्युतिदर्शी,
तृप्तिमाप्य न तमृच्छति भूयः ॥२॥

રે! માંદાઓ અને મૂર્ખાઓ પણ છોડી છોડીને કદાચ વિષયોના ભોગને છોડશે પણ તેનો રાગ તો નહિ જ છોડી શકે.

આ વિશ્વમાં પરમાત્મપ્રકાશનો દ્રષ્ટા ધ્યાનયોગી જ એવો છે કે જે અનોખી તૃપ્તિ પામીને કદી પણ તેની તરફ જોતો નથી-ક્યારે ય ત્યાં રાગદૃષ્ટિ પણ કરતો નથી.

[६६६] या निशा सकलभूतगणानां
ध्यानिनो दिनमहोत्सव एषः ।
यत्र जाग्रति च तेऽभिनिविष्टा,
ध्यानिनो भवति तत्र सुषुप्तिः ॥३॥

સર્વ પ્રાણીગણને તત્વદૃષ્ટિ (આધ્યાત્મિક દૃષ્ટિ) અંધકાર રૂપ બની છે માટે એમ કહી શકાય કે તેઓ તત્વદૃષ્ટિમાં ઊંઘતા જ રહે છે. પણ તે જ તત્વદૃષ્ટિમાં સંયમી આત્મા જાગતો હોવાથી તેને માટે તો તે દિવસ સમી છે. અને જે મિથ્યાદૃષ્ટિમાં સંસારી આત્મા જાગૃત રહે છે ત્યાં સંયમી આત્મા પરાઙ્મુખ બની રહે છે. જાણે કે ત્યાં ઊંઘતો જ રહે છે.[૨૧૯]

[६६७] सम्प्लुतोदकमिवान्धुजलानां,
सर्वतः सकलकर्मफलानाम् ।
सिद्धिरस्ति खलु यत्र तदुच्चैः,
ध्यानमेव भवनाशि भजध्वम् ॥४॥

સઘળી ક્રિયાઓની સિદ્ધિ (સફળતા) અંતરમાં ધ્યાનનો પ્રવાહ વહેતો રહે તો જ છે.

કૂવાના પાણીની પ્રાપ્તિ ધરતીમાં વહી જતા ઊછળતા પાણીના ઝરણાં (પાણીની સેર) ને લીધે જ હોય છે.

---

૨૧૯. (૧) આચારાંગસૂત્ર : ત્રીજું અધ્યયન-પહેલો ઉદ્દેશો-૧૦૫મું સૂત્ર.
(૨) ભગવદ્‌ગીતા : ૨-૬૯.
(૩) હૈમ કાવ્યાનુશાસન : પૃ. ૪૩.

અરણું ન હોય તો કૂવો વહેલો મોડો પણ સુકાઈ જાય.
ધ્યાન ન હોય તો ક્રિયા શુષ્ક થઈ જાય.
માટે જ શિવસુખનું કારણ ધ્યાન જ બની રહે છે.

[૬૬૮] बाध्यते न हि कषायसमुत्थैः,
मानसैर्न ततभूपनमद्भिः ।
अत्यनिष्टविषयैरपि दुःखै,
ध्यानवान्निभृत मात्मनि लीनः ॥५॥

બહુ સારી રીતે આત્મામાં તલ્લીન થઈ ગયેલા ધ્યાની મહાત્મા, કષાયોથી જાગતા મનોવિકારથી પીડાતા નથી,

કે મોટા ચમરબંધી (તત = વિશાળ=મોટા) રાજાઓની ઝૂકી ઝૂકીને કરાતી વંદનાઓમાં અંજાતા નથી,

કે અત્યન્ત અનિષ્ટ વિષયોના યોગથી નીપજતાં તીવ્ર દુઃખોથી પણ એમના અંતર લગીરે નંદવાતાં નથી.

[૬૬૯] स्पष्टदृष्टसुखसम्भृतमिष्टं,
ध्यानमस्तु शिवशर्मगरिष्ठम् ।
नास्तिकस्तु निहतो यदि नस्या-
देवमादिनयवाङ्मयदण्डात् ॥६॥

ધ્યાની મહાત્મા કહે છે કે ધ્યાનદશાથી મેં આત્માને સ્પષ્ટ રૂપે જોયો છે, એનું ભરપૂર સુખ પણ મેં અનુભવ્યું છે, મને તો એ સુખ ખૂબ જ ભાવી ગયું છે. મોક્ષસુખના (આંશિક) અનુભવથી તગડું બનેલું ધ્યાન મને અવશ્ય પ્રાપ્ત થયું છે.

રે! આત્માને ન માનનાર કદાગ્રહી નાસ્તિકને આ નયગર્ભિતવાણીના દણ્ડનો પ્રહાર કરવા છતાં જો તે આત્માને ન માને તો પછી હદ્દ થઈ ગઈ! હવે તો તેની ઉપેક્ષા જ કરવી જોઈએ.

[૬૭૦] यत्र नार्कविधुतारकदीप–
ज्योतिषां प्रसरतामवकाशः ।
ध्यानभिन्नतमसां मुदितात्म–
ज्योतिषां तदपि भाति रहस्यम् ॥७॥

જ્યાં સૂર્ય, ચન્દ્ર અને તારલાઓની કે ટમટમતા દીપકોની ચોમેર ફેલાએલી એવી પણ જ્યોત પહોંચી શકતી નથી ત્યાંનું પણ રહસ્ય તે ધ્યાની મહાત્મા જ પામી શકે છે. જેમણે એ ધ્યાનથી અંધકારને ભેદી નાંખ્યો છે અને જેમની આત્મજ્યોત આબેહૂબ ઝળકી ઊઠી છે.

[૬૭૧] योजयत्यमितकालवियुक्तां,
प्रेयसीं शमरतिं त्वरितं यत् ।
ध्यानमित्रमिदमेव मतं नः,
किं परैर्जगति कृत्रिममित्रैः ॥८॥

રે! અમારે હવે જગતના નકલી મિત્રોનું શું કામ છે? અમારે તો આ ધ્યાનમિત્ર જ બસ છે કે જે અનંતકાળથી રીસે ભરાએલી, દૂર–સુદૂર ચાલી ગએલી અમારી શમરતિ નામની પત્ની સાથે એક પળમાં જ સુભગમિલન કરાવી આપે છે.

[૬૭૨] वारितस्मरज्वलातपचारे,

शीलशीतलसुगन्धिनिवेशे ।

उच्छ्रिते प्रशमतल्पनिविष्टे,

ध्यानधाम्नि लभते सुखमात्मा ॥९॥

કેવો મજેનો આ ધ્યાનમહેલ!

કામના બળનો તાપ પ્રવેશી પણ ન શકે!

શીલની શીતળ સુગન્ધિ સર્વત્ર મહેક મહેક કરી રહી છે!

અહા! કેટલો વિશાળ છે આ મહેલ! અને વાહ, પ્રશમના પલંગ ઉપર આતમરામ પણ કેવી મજેથી આરામ કરી રહ્યા છે!

[૬૭૩] शीलविष्टरदमोदकपाद्य–,

प्रातिभार्घ्यसमतामधुपर्कैः ।

ध्यानधाम्नि भवति स्फुटमात्मा–

हूतपूतपरमातिथिपूजा ॥१०॥

અને એ ધ્યાન પ્રાસાદમાં પ્રવેશતા અતિથિનો આદર-સત્કાર તો જુઓ!

એને, બેસવા માટે શીલનું સિંહાસન ગોઠવાએલું પડ્યું છે, પગ ધોવા માટે ઈન્દ્રિયદમનનું જલ બાજુમાં મૂકેલું છે, અને અર્ઘ્ય! આ રહ્યું ને? કેવળજ્ઞાનની નીચે જ રહેલું શુદ્ધિના પ્રકર્ષને પ્રાપ્ત થએલું મતિજ્ઞાનસ્વરૂપ પ્રાતિભ-જ્ઞાન એ જ તો અર્ઘ્ય છે!

રે ! સમતાભાવનું મધુપર્ક (દહીં આદિથી મિશ્રિત મધ) મૂકવાનું પણ ભુલાયું નથીસ્તો !

અને આ જુઓ જુઓ ! અતિથિરાજ આતમરામને પધારો પધારો કહીને ધ્યાનસદનમાં નીમન્ત્ર્યા !

જુઓ, આ હવે તેમના પાદપ્રક્ષાલન થયા ! ચરણો પવિત્ર કરાયાં !

અહા ! હવે તેમનો અનેક રીતે સત્કાર થશે !
કેવી ઉચ્ચકક્ષાની આ અતિથિપૂજા !

[૬૭૪] आत्मनो हि परमात्मनि योऽभूद्,
भेदबुद्धिकृत एव विवादः ।
ध्यानसन्धिकृदमुं व्यपनीय,
द्रागभेदमनयोर्वितनोति ॥११॥

'આત્મા અને પરમાત્મા વચ્ચે કોઈ ભેદ છે કે નહિ ?' એ વાતનો આજ સુધી વિવાદ ચાલ્યો આવ્યો છે. પણ આ ધ્યાન નામના સન્ધિદૂતે તો એ બેયનો અભેદ સાધી આપ્યો ! તે વિવાદ જડબેસલાક દૂર કરી દીધો ![૨૨૦]

[૬૭૫] क्वाऽमृतं विषभृते फणिलोके,
क्व क्षयिण्यपि विधौ त्रिदिवे वा ।
क्वाऽसरोरतिमतां त्रिदशानां,
ध्यान एव तदिदं बुधपेयम् ॥१२॥

૨૨૦. યોગદષ્ટિ સમુચ્ચય : ૧૦-૪.

અરે! હળાહળ વિષભર્યા નાગલોકમાં તે અમૃત હોતું હશે? નહિ. નહિ. અસંભવ. અમૃત હોત તો ત્યાં વિષ શેનું હોત? તો શું નાશ પામતા જતા શશીમાં અમૃત મળે? નહિ. નહિ. અસંભવ. શશી અમૃતવાળો હોત તો શું કરવા ક્ષીણુ થતો જાય? તો શું અપ્સરાઓ જોડે મોજ કરતા સ્વર્ગના દેવોને ત્યાં અમૃત હશે? નહિ નહિ. અસંભવ. જો ત્યાં અમૃત હોત તો અપ્સરાઓ જોડે મોજ માણ્યા પછી અતૃપ્તિ ન જ રહેત.

તો અમૃત છે ક્યાં? હા, હવે ખબર પડી. એ તો છે યોગીઓ પાસે! એમનું પરમપ્રિય માદકપીણું ધ્યાન, એ જ તો અમૃત છે! તદ્દન બરોબર....કેમકે એના ઘૂંટ લીધા પછી તેઓ મૃત્યુ ઉપર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરી લે છે.[૨૨૧]

[૬૭૬] गोस्तनीषु न सितासु सुधायां,
नापि नापि वनिताधरबिम्बे ।
तं रसं कमपि वेत्ति मनस्वी,
ध्यानसम्भवधृतौ प्रथते यः ॥१३॥

ધ્યાનથી ઉત્પન્ન થતી નિશ્ચલતામાં જે અપૂર્વ રસ વિસ્તાર પામે છે તેને તો કોઈ પ્રશસ્તમનવાળા જ્ઞાની જ પામી શકે! તેવો મીઠો મધુર રસ નથી તો દ્રાક્ષમાં, નથી સાકરમાં, નથી સુધામાં કે નથી તો લલનાના ઓષ્ઠચુમ્બનમાં!

૨૨૧. ભામિનીવિલાસ : મૃદ્વીકા રસિતા સિતા સમશીતા...શ્લોક.

[૬૭૭] इत्यवेत्य मनसा परिपक्क–
ध्यानसम्भवफले गरिमाणम् ।
तत्र यस्य रतिरेनमुपैति,
प्रौढधामभृतमाशु यशःश्रीः ॥१४॥

આ રીતે પરિપક્વ ધ્યાનથી ઉત્પન્ન થતાં ફળમાં રહેલી મહત્તાને મનથી જાણીને તેમાં જેને રતિ થાય છે તે પ્રૌઢ તેજસ્વી મહાત્માને યશલક્ષ્મી શીઘ્ર પ્રાપ્ત થાય છે.

# આત્મનિશ્ચય

## ૧૮

નિશ્ચયનયની દૃષ્ટિથી આત્માનો વિચાર કરો. દરેકનો આત્મા સ્વતઃ શુદ્ધ છે, બુદ્ધ છે, મુક્ત છે, સચ્ચિદાનંદ એનું સ્વરૂપ છે.

કર્મો એને કયારે ય અડયાં નથી, શરીર એણે બાંધ્યું નથી, કંચન, કામિની કે કુટુંબમાં એ કદી અટવાયો નથી.

કેમ ?...એક જ ઉત્તર છે. આત્મા ચૈતન્યસ્વરૂપ છે... બીજા બધા જડ છે...જડની કોઈ મજાલ નથી ચૈતન્યથી ધબકતા પ્રચંડ શક્તિકેન્દ્રને અડવાની.

પણ સબૂર......

આત્માના એ સ્વરૂપનો આવિર્ભાવ કરવા માટે પ્રથમ તો એક બીજી જ વાત—આત્માના બીજા એક સ્વરૂપની વાત—આત્મસાત્ કરવી પડશે કે,

આત્મા કર્મથી બદ્ધ છે, વિભાવદશાથી ગ્રસ્ત છે...જડના પ્રભુત્વ હેઠળ કચડાએલો છે...આત્માને બદ્ધ જાણો. મુક્ત કરવાનો પુરુષાર્થ આદરો...પછી ? બાકીનું બધું આપોઆપ થઈ જશે. સચ્ચિદાનંદના છોળોથી છલકાઈ જશે સચ્ચિદાનંદ.

# 卐 આત્મનિશ્ચય 卐

પ્ર. આત્મા જ્ઞાનાદિથી અને અજીવાદિથી ભિન્ન છે કે અભિન્ન ?

| વ્યવહારનય | શુદ્ધનિશ્ચયનય |
|---|---|
| ઉ. આત્મા જ્ઞાનાદિથી **ભિન્ન** છે. | આત્મા જ્ઞાનાદિથી **અભિન્ન** છે. |
| અજીવાદિથી **અભિન્ન** છે. | અજીવાદિથી **ભિન્ન** છે. |

**અનુક્રમ :–**

**ક્રમાંક શ્લોક નંબર**

**(૧) આત્મા જ્ઞાનાદિથી અભિન્ન છે. ૬૮૩–૬૮૮.**

**(૨) આત્મા બીજા આત્માઓથી અભિન્ન છે. ૬૮૯ થી ૭૧૦.**

**(૩) આત્મા દેહથી ભિન્ન છે. ૭૧૧–૭૨૩.**
**આત્મા કર્મબંધનાદિથી ભિન્ન છે. ૭૨૪–૭૨૫**
**આત્મા ધર્માસ્તિકાયથી ભિન્ન છે. ૭૨૬**
**આત્મા અધર્માસ્તિકાયથી ભિન્ન છે. ૭૨૭**
**આત્મા આકાશાસ્તિકાયથી ભિન્ન છે. ૭૨૮**
**આત્મા કાળથી ભિન્ન છે. ૭૨૯**
**આત્મા અજીવથી ભિન્ન છે. ૭૩૦**

**(૪) આત્મા પુણ્યપાપતત્ત્વથી ભિન્ન છે. ૭૩૬–૮૦૭**

અવાંતર વિચારણાઓ :—

- (i) પુણ્યપાપ પરસ્પર અભિન્ન છે. ૭૩૭–૭૫૦
- (ii) આત્મામાં ભોક્તૃત્વવિચાર ૭૫૬
- (iii) શબ્દનયથી આત્મામાં કર્તૃત્વવિચાર. ૭૫૮–૭૬૩
- (iv) શુદ્ધનયથી આત્મામાં કર્તૃત્વવિચારનું દિગમ્બરમત ખંડન ૭૬૪–૭૭૦
- (v) પર્યાયાસ્તિકનયથી આત્મગુણોનો ઉત્પત્તિવાદ ૭૭૧
- (vi) ઋજુસૂત્રનયથી આત્મામાં કર્તૃત્વ ૭૭૪–૭૯૨
- (vii) નૈગમ વ્યવહારનયથી આત્મામાં કર્તૃત્વ ૭૯૩–૭૯૫
- (viii) નૈગમ વ્યવહારનયથી આત્મામાં કર્તૃત્વ નું ખંડન. ૭૯૫–૮૦૭

(૫) આત્મા આશ્રવસંવરથી ભિન્ન છે. ૮૦૮–૮૩૧

(૬) આત્મા નિર્જરાતત્વથી ભિન્ન છે. ૮૩૨–૮૪૨

(૭) આત્મા બંધતત્વથી ભિન્ન છે. ૮૪૩–૮૫૪

(૮) આત્મા મોક્ષતત્વથી ભિન્ન છે. ૮૫૫–૮૬૬
ઉપસંહારમાં વ્યવહારનયની પુષ્ટિ ૮૬૭ થી ૮૭૩[૨૨૨]

---

૨૨૨. સમયસારમાં નિમિત્તની અસર કબૂલતા સ્થાનો :–
પૃષ્ટ નં. ૩ થી ૫, ૧૦, ૧૭, ૫૨૫, ૪૨૬, ૪૬૬, ૫૧૬.
અપેક્ષાએ વ્યવહારનયની પ્રધાનતા સ્વીકારતા સ્થાનો :–

પૃષ્ટ નં, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩ થી ૩૦, ૪૧, ૪૨, ૬૬, ૯૫ થી ૯૮, ૧૧૪, ૧૧૫, ૨૬૪, ૨૬૫, ૪૬૩ થી ૪૬૬, ૬૦૫, ૬૧૨ થી ૬૧૫, ૬૩૦ ૬૩૩.

[૬૭૮] आत्मज्ञानफलं ध्यान-मात्मज्ञानं च मुक्तिदम् ।
आत्मज्ञानाय तन्नित्यं यत्नः कार्यो महात्मना ॥१॥

ધર્મશુક્લધ્યાનથી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય અને આત્મજ્ઞાન મુક્તિ આપે. માટે મહાત્માએ આત્મજ્ઞાન (આત્માનું સ્વરૂપ જાણવા) માટે સદૈવ યત્ન કરવો જોઈએ.[૨૨૩]

---

૨૨૩. (૧) સમગ્ર આત્મનિશ્ચયાધિકાર સમયસારને સામે રાખીને જોવાથી ખૂબ સુગમ થઈ જશે. (૨) યોગશાસ્ત્ર ૪-૧૧૩ (૩) તે સિવાય પ્રભુદાસ પારેખનું તત્વાર્થ બીજા ભાગમાં આવેલું ૮૨૫થી ૮૨૮ માં પૃષ્ટ ઉપરનું વિવેચન, પ્રવચનસાર, દિગંબરમત માટે અધ્યાત્મમત પરીક્ષા વિગેરે ગ્રંથો જોઈ લેવા.
કેટલુંક સમજી લેવા જેવું :

આત્મા (૧) પર્યાયથી (૨) કર્મથી (૩) શરીરાદિથી ભિન્ન છે કે અભિન્ન ?

| શુદ્ધનિશ્ચયનય | અશુદ્ધનિ.નય | અનુપચરિત વ્યવહારનય | ઉપ..વ્ય.નય |
|---|---|---|---|
| ૧. આત્મા પર્યાયમય છે. | પર્યાયવાન્ છે. | કર્મમય છે. | દેહમય છે. |
| ૨. સુખમય છે. | રાગાદિપર્યાયથી સુખાદિવાળો છે, | કર્મથી સુખ-દુઃખવાળો છે. | શરીર ધનાદિથી સુખદુઃખવાળો છે. |
| ૩. કર્તા ભોકતા નથી. | કર્તા ભોકતા છે. | પુણ્યાદિકર્મનો કર્તા ભોકતા છે. | શરીરાદિનો કર્તા ભોકતા છે. |

[૬૭૯] ज्ञाते ह्याऽऽत्मनि नो भूयो ज्ञातव्यमवशिष्यते ।
अज्ञाते पुनरेतस्मिन् ज्ञानमन्यन्निरर्थकम् ॥२॥

જેણે આત્મા જાણ્યો તેણે સઘળું જાણ્યું.

જેણે બીજું બધું જાણ્યું પણ આત્મા ન જાણ્યો તેનું સઘળું જાણેલું એળે ગયું.

[૬૮૦] नवानामपि तत्त्वानां ज्ञानमात्मप्रसिद्धये ।
येनाऽजीवादयो भावाः स्वभेदप्रतियोगिनः ॥३॥

નવે તત્વનું જ્ઞાન પણ જીવને સારી રીતે જાણવા માટે જ છે, કેમકે એક જીવ તત્વને જાણવા માટે, જીવના ભેદવાળા (જ્યાં જીવત્વ નથી તે) બધા અજીવાદિ તત્વોને જાણવા જોઈએ.

ટૂંકમાં, જીવને સંપૂર્ણ રીતે જાણવા માટે જ અજીવાદિ તત્વનું જ્ઞાન આવશ્યક બને છે. અજીવાદિને જાણ્યા વિના જીવનું પૂર્ણ સ્વરૂપ જાણી શકાય નહિ.

જીવ એ અજીવાદિ નથીઃ અજીવાદિથી જીવ ભિન્ન છેઃ અજીવાદિના ભેદવાળો જીવ છેઃ અજીવાદિનો ભેદ જીવમાં રહે છેઃ માટે ભેદના પ્રતિયોગી અજીવાદિ બન્યા.

સ્વ=અજીવાદિ. એના ભેદના પ્રતિયોગી એ અજીવાદિ બન્યા.

---

નિશ્ચયનય, દ્રવ્ય અને પર્યાય બેય નયને માને.
તેમાં દ્રવ્યાર્થિકનયને માનનાર શુદ્ધ નિશ્ચયનય કહેવાય.
પર્યાયાર્થિકનયને માનનાર અશુદ્ધ નિશ્ચયનય કહેવાય.

[६८१] अतो ह्यात्मपराभेदोऽनुभूतः संस्तुतोऽपि वा ।
निसर्गादुपदेशाद्वा वेत्ति भेदं तु कश्चन ॥४॥

આત્મતત્ત્વ અને આત્માથી પર એવું જડ તત્ત્વ એ બે તત્ત્વ વચ્ચેનો અભેદભાવ તો અનુભવ્યો (ભ્રાન્ત રીતે) છે અને ચિરપરિચિત પણ કર્યો છે. પરન્તુ આત્મા અને જડના ભેદને નિસર્ગથી કે ગુર્વાદિના ઉપદેશથી તો સાચે વિરલા જ જાણે છે.

[६८२] तदेकत्वपृथक्त्वाभ्या–मात्मज्ञानं हितावहम् ।
वृथैवाऽभिनिविष्टाना–मन्यथा धीर्विडम्बना ॥५॥

એટલે અભેદ (એકત્વ)થી અને ભેદ (પૃથક્ત્વ)થી આત્મજ્ઞાન કરવું હિતાવહ છે. કશું સમજ્યા વિના નાહક એકાન્તવાદના કદાગ્રહમાં પડી જનારાઓની વિપરીત બુદ્ધિ તો માત્ર વિડમ્બના છે.

અહીં એ વાત ખ્યાલમાં રાખવી કે આ આખો અધિકાર નિશ્ચયનયની દૃષ્ટિએ આત્માની સ્વરૂપ વિચારણાનો છે. વ્યવહારનય આત્માને તેના જ્ઞાનાદિગુણોથી અને નારનારકાદિ પર્યાયોથી ભિન્ન માને છે એટલું જ નહિ પણ આત્માઓમાં પરસ્પર પણ ભેદ માને છે આ બે ય વાતનું ખંડન કરતાં નિશ્ચયનય કહે છે કે (૧) આત્મા જ્ઞાનાદિથી ભિન્ન નથી. (આત્મા અને જ્ઞાનાદિ એક જ છે.) (૨) અને આત્મા બીજા આત્માઓથી ભિન્ન નથી. કેમ કે આત્મા એક જ છે.

બીજું, વ્યવહારનય માને છે કે આત્મા દેહથી, કર્માદિ અજીવથી તથા પુણ્ય, પાપ, આશ્રવ, સંવરાદિથી અભિન્ન છે. આની સામે નિશ્ચયનય કહે છે કે નહિ, 'તે બધાથી આત્મા ભિન્ન છે.' આમ વ્યવહારનયે જ્યાં ભેદ માન્યો છે ત્યાં નિશ્ચયનય અભેદ (એકત્વ)ની સિદ્ધિ કરશે અને વ્યવહાર-નયે જ્યાં અભેદ માન્યો છે ત્યાં નિશ્ચયનય ભેદ (પૃથકત્વ)ની સિદ્ધિ કરશે.[૨૨૪]

| વ્યવહાર નય | નિશ્ચયનય |
|---|---|
| ૧. આત્મા જ્ઞાનાદિથી ભિન્ન છે. | ૧. આત્મા જ્ઞાનાદિથી અભિન્ન છે. |
| ૨. આત્મા બીજા આત્માથી ભિન્ન છે. | ૨. આત્મા બીજા આત્માથી અભિન્ન છે. |
| ૩. આત્મા દેહાદિથી અભિન્ન છે. | ૩. આત્મા દેહાદિથી ભિન્ન છે. |

**[६८३] एक एव हि तत्रात्मा स्वभावसमवस्थितः ।**
**ज्ञानदर्शनचारित्र–लक्षणः प्रतिपादितः ॥६॥**

**જ્ઞાનાદિથી આત્મા અભિન્ન (એક) છે:**

આત્મા એક જ છે. એ સ્વભાવમાં જ સ્થિર રહેલો છે. પરમર્ષિઓએ તેને જ્ઞાન, દર્શન, ચારિત્રસ્વરૂપ કહ્યો છે.[૨૨૫]

૨૨૪. (૧) અધ્યા. ઉપનિ. ૧–૩૦ થી ૩૫.
(૨) સ. સાર ગા. ૩૯ થી ૪૩.

૨૨૫. (૧) યોગશાસ્ત્ર ૪–૧. (૨) સમયસાર (૧૬) ૧૬ (૧૬, ૧૭, ૧૮).

[६८४] प्रभानैर्मल्यशक्तीनां यथा रत्नान्न भिन्नता ।
ज्ञानदर्शनचारित्र–लक्षणानां तथात्मनः ॥७॥

રત્નની પ્રભા, રત્નની નિર્મળતા અને રત્નની જ્વરહરણ આદિ શક્તિઓ જેમ રત્નથી જુદી નથી તેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર એ આત્માથી જુદા નથી.[૨૨૬]

[६८५] आत्मनो लक्षणानां च व्यवहारो हि भिन्नताम् ।
षष्ठ्यादिव्यपदेशेन मन्यते न तु निश्चयः ॥८॥

આત્મા અને તેના જ્ઞાનાદિ લક્ષણો (સ્વરૂપો)ને ભેદ-દર્શક છઠ્ઠી વિભક્તિના પ્રયોગ વડે વ્યવહારનય ભિન્ન બતાડે છે પરન્તુ શુદ્ધનિશ્ચયનય તો તેમની વચ્ચે અભેદ જ માને છે. 'આત્માનું જ્ઞાન,' 'આત્માનું દર્શન' ઇત્યાદિ કહેવા વડે વ્યવહાર કહે છે. જ્યારે 'આત્મા જ જ્ઞાન,' 'આત્મા જ દર્શન' એમ નિશ્ચયનય કહે છે.

[६८६] घटस्य रूपमित्यत्र यथा भेदो विकल्पजः ।
आत्मनश्च गुणानां च तथा भेदो न तात्त्विकः ॥९॥

જેમ વ્યવહારનયથી કહેવાય છે કે આ ઘટનું રૂપ છે. અહીં 'ઘટનું રૂપ' એવો પ્રયોગ કરવા દ્વારા ષષ્ઠી વિભક્તિથી જે ઘટ અને તેના રૂપ વચ્ચે ભેદ સૂચિત કર્યો તે વસ્તુતઃ તાત્વિક નથી કેમકે ઘટ અને રૂપ બે અભિન્ન જ છે.

આ જ રીતે 'આત્માનું જ્ઞાન' એમ કહેવામાં આત્મા

૨૨૬. (૧) સ. સાર : ગા. ૭, ૮.
(૨) ગુર્જર સાહિત્યસંગ્રહ ભાગ ૨જો : પૃ. ૨૮૬, ૭મી ગાથા

અને જ્ઞાનનો જે ભેદ બતાડવામાં આવે છે તે પણ તાત્ત્વિક નથી. નિશ્ચયનય અતાત્ત્વિક પદાર્થને માનતો નથી.

[૬૮૭] शुद्धं यदात्मनो रूपं : निश्चयेनानुभूयते ।
व्यवहारो भिदाद्वारा—नुभावयति तत्परम् ॥१०॥

નિશ્ચયનયથી આત્માનું જે શુદ્ધ (જ્ઞાનાદિમય) સ્વરૂપ અનુભવાય છે તેને જ ભેદ દ્વારા વ્યવહારનય અનુભવે છે.
આત્મા જ્ઞાનાદિમય છે :– નિશ્ચયનય.
આત્મા જ્ઞાનાદિવાળો છે :– વ્યવહારનય.[૨૨૭]

[૬૮૮] वस्तुतस्तु गुणानां तद्—रूपं न स्वात्मनः पृथक् ।
आत्मा स्यादन्यथाऽनात्मा ज्ञानाद्यपि जडं भवेत् ॥११॥

વસ્તુતઃ (નિશ્ચયનયથી) તો આત્માના પોતાનાથી, તેના ગુણોનું સ્વરૂપ પૃથક્ (ભિન્ન) છે જ નહિ. જો આત્માથી તેના જ્ઞાનાદિ ગુણો જુદા હોય તો આત્મા જ્ઞાનશૂન્ય બનતાં (ઘટાદિની જેમ) જડ બની જાય અને જ્ઞાનાદિ પણ આત્માથી જુદા પડી જતાં (ઘટાદિની જેમ) જડ બની જાય.[૨૨૮]

[૬૮૯] चैतन्यपरसामान्यात् सर्वेषामेकताऽऽत्मनाम् ।
निश्चिता, कर्मजनितो भेदः पुनरुपप्लवः ॥१२॥

**આત્માનું સર્વ આત્માથી એકત્વ :**

જેમ આત્મા જ્ઞાનાદિ પર્યાયોથી અભિન્ન છે તેમ આત્મા

૨૨૭. સ. સાર :–૧૪, ૪૧૫ (૨૭૧).
૨૨૮. પ્રવચન સાર ગા. ૨૭.

બીજા બધા આત્માઓથી પણ ચૈતન્યરૂપ પર સામાન્ય (=શુદ્ધ સંગ્રહનય)થી અભિન્ન જ છે.

તે તે કર્મના કારણે એક જ આત્માને જુદો જુદો આત્મા જે માનવામાં આવે છે એ મન્તવ્ય તો (વ્યવહાર નયની) કેવળ ભ્રાન્તિ છે. અજ્ઞાનનું નર્યું તોફાન છે.

[६९०] मन्यते व्यवहारस्तु भूतग्रामादिभेदतः ।
जन्मादेश्च व्यवस्थातो, मिथो नानात्वमात्मनाम् ॥१३॥

વ્યવહારનય એક જ આત્માને અનેક રૂપે જુએ છે અર્થાત્ (૧) એક ઈન્દ્રિય આદિવાળા જીવોના તે તે સમૂહના ૧૪ પ્રકાર પાડીને (૨) ૪ ગતિ, ૬ કાય, ૫ ઈન્દ્રિય આદિ પ્રકારો પાડીને (૩) તથા જન્મ મરણાદિની વ્યવસ્થા કરીને તે વ્યવહાર નય એક જ આત્માને અનેક (અનંત) રૂપે માને છે.

[६९१] न चैतन्निश्चये युक्तं भूतग्रामो यतोऽखिलः ।
नामकर्मप्रकृतिजः स्वभावो नात्मनः पुनः ॥१४॥

નિશ્ચયનયને વ્યવહારનું તે કથન માન્ય નથી. તેનું કહેવું તો એ જ છે કે જે ભૂતગ્રામ આદિના ભેદથી એક જ આત્માના અનંત ભેદ પાડ્યા તે ભૂતગ્રામાદિ તો નામકર્મની પ્રકૃતિઓથી ઉત્પન્ન થએલો કર્મનો સ્વભાવ છે. આત્માનો એ સ્વભાવ જ નથી તો પછી બીજાના સ્વભાવથી આત્મામાં કોઈ ભેદ પડી શકે જ શી રીતે? માટે શુદ્ધાત્મા તો એક જ છે.

[૬૯૨] जन्मादिकोऽपि नियतः परिणामो हि कर्मणाम् ।
न च कर्मकृतो भेदः स्यादात्मन्यविकारिणि ॥१५॥

વળી જન્મમરણાદિ થવાને લીધે એક જ આત્માના અનેક ભેદ પાડયા તે પણ બરાબર નથી કેમકે તે જન્માદિ પણ આયુષ્યાદિ કર્મના જ પરિણામો (વિપાકો) છે. ભલે એ બધા કર્મના ભેદો હોય પરન્તુ તે તે કર્મથી કાંઈ નિર્વિકાર આત્મામાં તો કોઈ વિકાર થઈ શકે જ નહિ. માટે આત્મા એક જ છે.[૨૨૯]

[૬૯૩] आरोप्य केवलं कर्म–कृतां विकृतिमात्मनि ।
भ्रमन्ति भ्रष्टविज्ञाना भीमे संसारसागरे ॥१६॥

અહો! કર્મે સર્જેલા કર્મના વિકારોનો આત્મામાં આરોપ કરી દઈને વ્યવહારવાદીઓ–ભ્રષ્ટજ્ઞાનીઓ–ભીમ ભયાનક સંસારમાં ભટકયા કરે છે![૨૩૦]

[૬૯૪] उपाधिभेदजं भेदं वेत्त्यज्ञः स्फटिके यथा ।
तथा कर्मकृतं भेद–मात्मन्येवाभिमन्यते ॥१७॥

એક અજ્ઞાન માણસ લાલ લીલા વગેરે વર્ણના પુષ્પની સાથે પડેલા સફેદ સ્ફટિકમાં લાલાશ લીલાશ વગેરે માની લે છે. અહીં સ્ફટિકમાં તો સ્વભાવતઃ સફેદાઈ જ છે પરન્તુ પુષ્પની ઉપાધિવિશેષથી ઉત્પન્ન થતી લાલાશ વગેરે સ્ફટિકમાં કલ્પી લે છે.

૨૨૯. અધ્યાત્મ ઉપનિષત્ : ૨–૨૮, ૨૯.
૨૩૦. સ. સાર. : ૫૦ થી ૫૫.

આ જ રીતે કર્મે કરેલા ભેદોને અજ્ઞાની માણસ આત્મામાં જ માની લેવાની મૂર્ખાઈ કરી બેસે છે.

પણ કર્મ જુદા છે. તેથી કાંઈ આત્મા જુદો ન જ પડી જાય. માટે આત્મા એક જ છે. એના કાંઈ નારકાત્મા, દેવાત્મા, પુરુષાત્મા, સ્ત્રીઆત્મા, દેવદત્તાત્મા, યજ્ઞદત્તાત્મા એવા અનેક ભેદો ન પડી શકે.

[૬૯૫] उपाधिकर्मजो नास्ति व्यवहारस्त्वकर्मणः ।
इत्यागमवचो लुप्त–मात्मवैरुप्यवादिना ॥१८॥

જેઓ આત્મામાં અનેકરૂપતા (વિવિધરૂપતા) માને છે તેમણે તો આ આચારાંગસૂત્રના વચનનો પણ લોપ કર્યો કે 'उद्देसो पासगस्स नत्थि' અર્થાત્ કર્મમુક્ત (અકર્મ) આત્માને ઉપાધિરૂપ કર્મથી ઉત્પન્ન થતો દેવમનુષ્યાદિ વ્યવહાર હોતો નથી.

નિશ્ચયદૃષ્ટિએ તો આત્મા કર્મ વિનાનો–અકર્મ–છે. એને કર્મજનિત વ્યવહારો સંભવી શકે નહિ.

[૬૯૬] एकक्षेत्रस्थितोऽप्येति नाऽऽत्मा कर्मगुणान्वयम् ।
तथाभव्यस्वभावत्वा–च्छुद्धो धर्मास्तिकायवत् ॥१९॥

જે આકાશપ્રદેશમાં કર્મ પરમાણુ છે તે જ આકાશ-પ્રદેશમાં આત્મા પણ છે. છતાં કર્મથી ઉત્પન્ન થતાં તે તે રૂપાદિ, ગત્યાદિ (જન્ય ધર્મો)નું સ્વરૂપ તે આત્મા પ્રાપ્ત કરતો નથી. કેમકે પોતાના સ્વરૂપમાંથી બીજાના સ્વરૂપમાં જવાનો તેનો સ્વભાવ જ નથી. આથી જ ધર્માસ્તિકાયની

જેમ તે શુદ્ધ છે. દ્રવ્ય, જીવ અને પુદ્ગલથી ધર્માસ્તિકાય, સ્પૃષ્ટ છતાં તેમના ગુણસ્વરૂપ બની જતું નથી તેવું પ્રસ્તુતમાં પણ આત્માનું કર્મસંબંધમાં સમજવું.

[૬૯૭] यथा तमिरिकश्चन्द्र–मप्येकं मन्यते द्विधा ।
अनिश्चयकृतोन्माद–स्तथाऽऽत्मानमनेकधा ॥२०॥

જેમ નેત્રરોગી (તૈમિરિક) આકાશમાં એક જ ચન્દ્ર હોવા છતાં અનેક ચન્દ્ર જુએ છે તેમ આત્માના વિષયમાં યથાર્થ નિશ્ચયના અભાવથી ઉત્પન્ન થયેલા ઉન્માદને લીધે વ્યવહારવાદી એક જ આત્માને અનેક સ્વરૂપે જુએ છે.

[૬૯૮] यथानुभूयते ह्येकं स्वरूपास्तित्वमन्वयात् ।
सादृश्यास्तित्वमप्येक–मविरुद्धं तथाऽऽत्मनः ॥२१॥

જેમ વ્યવહારનયને પણ દેવદત્ત પોતાની બાલ્ય, કૌમાર, વાર્ધક્યાદિ જુદી જુદી અવસ્થાથી જુદો જુદો બનતો નથી પણ બધી અવસ્થામાં દેવદત્ત તો દેવદત્ત જ રહે છે. જેમ અહીં એ બધી અવસ્થામાં આત્માદિસંબંધ હોવાથી સ્વરૂપનું અસ્તિત્વ એક જ અનુભવાય છે તેમ બધા આત્મામાં આત્મત્વનો સંબંધ હોવાથી તે બધાયનું સાદશ્યાસ્તિત્વ પણ કોઈ પણ વિરોધ વિના એક જ છે. (સદશતાનું અસ્તિત્વ= સાદશ્યાસ્તિત્વ)[૨૩૧]

[૬૯૯] सदसद्वादपिशुनात् सङ्गोप्य व्यवहारतः ।
दर्शयत्येकतारत्नं सतां शुद्धनयः सुहृत् ॥२२॥

૨૩૧. પ્રવચન સાર : ૨–૪, ૫.

આત્મા કથંચિત્ સત્ છે, કથંચિત્ અસત્ છે, એવા ભેદાભેદવાદને જણાવતા લુચ્ચા વ્યવહારનયથી સજ્જનોને દૂર લઈ જઈને, શુદ્ધનિશ્ચયસ્વરૂપમિત્ર, આત્માની એકતાનું રત્ન તેમને બતાવે છે.

[૭૦૦] नृनारकादिपर्यायैरप्युत्पन्नविनश्वरैः ।
भिन्नर्जहाति नैकत्व–मात्मद्रव्यं सदान्वयि ॥२३॥

ભલેને આત્માના નરનારકાદિ પર્યાયો હોય! ભલેને તે પર્યાયો ઉત્પત્તિ વિનાશ પામતા હોય! પણ તો ય તે પર્યાયો ભિન્ન હોવાથી આત્મા ભિન્ન બની જતો નથી. પોતાની સાથે સદા રહેતું એકત્વ એ કદી છોડતો નથી. ટૂંકમાં, જેમ જ્ઞાનાદિગુણોથી આત્મા પોતાની એકતા (અભિન્નતા) છોડતો નથી તેમ નરનારકાદિ પર્યાયોથી પણ એ પોતાની એકતા ત્યાગતો નથી.[૨૩૨]

[૭૦૧] यथैकं हेमकेयूरकुण्डलादिषु वर्तते ।
नृनारकादिभावेषु तथात्मैको निरञ्जनः ॥२४॥

સુવર્ણમાંથી જુદા જુદા ઘાટ ઘડાય તો પણ તે બધાયમાં સોનું તો કાયમ એક જ રહે છે, તેમ નરનારકાદિભાવોમાં નિર્વિકાર આત્મા તો એક જ રહે છે. તે પર્યાયોના ભેદથી આત્મામાં ભેદ પડી જતો નથી.

[૭૦૨] कर्मणस्ते हि पर्याया नात्मनः शुद्धसाक्षिणः ।
कर्म क्रियास्वभावं य–दात्मा त्वजस्वभाववान् ॥२५॥

---

૨૩૨. (૧) પ્રવ. સાર ૨–૨૦.
(૨) વિ. આવ. ભાષ્ય : ૧૯૭૮ થી ૧૯૮૦.

નરનારકાદિ પર્યાયો તો કર્મના છે. એ પલટાતા જતા પર્યાયોનો આત્મા તો શુદ્ધ સાક્ષી છે એટલે એ પર્યાયો એના હોઈ શકે નહિ. કેમકે કર્મનો સ્વભાવ જુદા જુદા પર્યાયોને ઉત્પન્ન કરવાની ક્રિયા કરવાનો છે જ્યારે આત્મા તો કોઈ પણ ક્રિયાને પોતાનામાં જન્મ નહિ આપવાના (અજ) સ્વભાવ-વાળો છે. બેય વિરોધી સ્વભાવ છે.

કર્મના પર્યાયો આત્માના બની શકે જ નહિ માટે કર્મના પર્યાયોમાં રહેલો ભેદ પણ આત્મામાં ભેદ પાડી શકે નહિ.

[૭૦૩] नाणूनां कर्मणो वाऽसौ भवसर्गः स्वभावजः ।
एकैकविरहेऽभावान्न च तत्त्वान्तरं स्थितम् ॥२६॥

પ્રશ્ન—આત્માના સમ્બન્ધ વિના કેવળ કર્મથી જન્મ-મરણ વિગેરે શી રીતે સંભવે ?

ઉ.—આ જન્મમરણાદિની ઘટમાળરૂપ જે સંસાર છે તે કેવળ કર્મપરમાણુના ક્રિયા સ્વભાવથી ઉત્પન્ન થઈ શકતો નથી તેમ કેવળ જીવસ્વભાવથી પણ ઉત્પન્ન થઈ શકતો નથી. કેમકે બેમાંથી એકના પણ વિરહે સંસાર હોઈ શકતો નથી, માટે બે ય ના સંયોગથી જ સંસાર ઉત્પન્ન થાય છે. પણ તેથી હવે એમ ઊલટું (તત્વાન્તર) તો નહિ જ સાબિત થઈ જાય કે આમ થતાં તો નિષ્ક્રિય ચેતનમાં પણ ક્રિયાસ્વભાવ આવી ગયો ! આ વાત દૃષ્ટાન્તથી આગામી શ્લોકમાં સિદ્ધ કરે છે.

[૭૦૪] श्वेतद्रव्यकृतं श्वैत्यं, भित्तिभागे यथा द्वयोः ।
भात्यनन्तमेवच्छून्यं, प्रपञ्चोऽपि तथेष्यताम् ॥२७॥

જેમ ભીંત ઉપર સફેદ ચુનો ધોળાવતાં, ચુનાની તે ધોળાશ ચુનામાં અને ભીંતમાં–બે ય માં–ભાસે છે. કેમકે ચુનાનો ભીંત સાથે સંયોગ થયો છે. પણ આમ છતાં તે ધોળાશ ભીંતની બની જતી નથી. ભીંતમાં તે ધોળાશ ઊતરી ગયા વિના પણ ચુનાની ધોળાશ ભીંતમાં (ચુનાના સંયોગને લીધે) જે દેખાય છે તે વસ્તુતઃ ભ્રમ છે.

તે જ રીતે આત્મા સાથે કર્મનો માત્ર સંયોગ થયો છે એથી જે સંસાર ઉત્પન્ન કરવાની ક્રિયા થઈ તે ક્રિયા તો માત્ર કર્મની છે; (જેમ ધોળાશ માત્ર ચુનાની છે.) આત્માની તો નહિ જ.

આમ હવે આત્મકર્મસંયોગથી સંસારોત્પત્તિ થવા છતાં આત્મામાં સંસારોત્પત્તિની ક્રિયા સિદ્ધ થઈ જતી નથી. [૨૩૩]

[૭૦૫] **यथा स्वप्नावबुद्धोऽर्थो, विबुद्धेन न दृश्यते ।**
**व्यवहारमतः सर्गो, ज्ञानिना न तथेक्ष्यते ॥२८॥**

જેમ સ્વપ્નમાં જોએલો પદાર્થ, તે માણસને જાગ્યા પછી દેખાતો નથી, તેમ વ્યવહાર દૃષ્ટિ (સુષુપ્તાવસ્થાતુલ્ય)માં જે સંસાર આત્મામાં દેખાય છે તે નિશ્ચયદૃષ્ટિ (જાગ્રદવસ્થા-તુલ્ય)માં જ્ઞાનીને દેખાતો નથી. તેને તો આત્મા કર્મમુક્ત શુદ્ધસ્વરૂપે જ ભાસે છે. આ જ વસ્તુસ્થિતિ છે.

---

૨૩૩. (૧) સ. સારઃ ૩૫૬મી ૩૬૫,
(૨) ગુ. સા. સંગ્રહઃ ૧૬મી ઢાળ.

[૭૦૬] मध्याह्ने मृगतृष्णायां, पयःपूरो यथेक्ष्यते ।
तथा संयोगजः सर्गो, विवेकाख्यातिविप्लवे ॥२९॥

ગ્રીષ્મઋતુના મધ્યાહ્નકાળે સૂર્યકિરણોનો સંબંધ થતાં દૂરસ્થ વેરાન ભૂમિમાં જેમ પાણીનું પૂર આવ્યાનો ભ્રમ થાય છે તેમ વિવેકના અજ્ઞાન (અખ્યાતિ)રૂપ ઉત્પાતને લીધે જીવ અને કર્મ બેયની ક્રિયાના સંબંધથી ઉત્પન્ન થયેલો આ સંસાર છે એવો ભ્રમ થાય છે. વસ્તુતઃ શુદ્ધ નિષ્ક્રિય જીવથી સંસાર ઉત્પન્ન થતો જ નથી.

[૭૦૭] गन्धर्वनगरादीना–मंबरे डम्बरो यथा ।
तथा संयोगजः सर्गो, विलासो वितथाकृतिः ॥३०॥

સંધ્યા સમયે આકાશમાં વાદળોના બનેલા ગન્ધર્વ નગરનો જે આડંબર થએલો દેખાય છે તે ભ્રમ છે, વસ્તુતઃ ત્યાં કાંઇ ગન્ધર્વોનું નગર નથી. તેમ સંયોગથી ઉત્પન્ન થયેલો સમગ્ર વિલાસ પણ વ્યર્થ આકારવાળો છે.

[૭૦૮] इति शुद्धनयायत्त–मेकत्वं प्राप्तमात्मनि ।
अंशादिकल्पनाऽप्यस्य, नेष्टा यत्पूर्णवादिनः ॥३१॥

એટલે શુદ્ધ નિશ્ચયનયથી સિદ્ધ થાય છે કે આત્મામાં જ્ઞાનાદિનો અને બીજા આત્માઓનો જે ભેદ વ્યવહારનયે માન્યો છે તે ભ્રાન્ત છે. આત્મામાં તો જ્ઞાનાદિનો અને કહેવાતા બીજા આત્માઓનો અભેદ (એકત્વ) જ પ્રાપ્ત થાય છે. વળી આ નિશ્ચયનય તો પરિપૂર્ણ સ્વરૂપને જ સ્વરૂપ

કહે છે માટે તેને આત્માના અસંખ્ય પ્રદેશોની કલ્પના પણ ઈષ્ટ નથી.

[૭૦૯] एक आत्मेति सूत्रस्या–प्ययमेवाशयो मतः ।
प्रत्यग्ज्योतिषमात्मान–माहुः शुद्धनयाः खलु ॥३२॥

શ્રી ઠાણાંગ સૂત્રમાં પણ જે કહ્યું છે કે 'एगे आया' આત્મા તો એક જ છે એનો પણ આશય આ જ છે. શુદ્ધ સંગ્રહનય (નિશ્ચયનયવિશેષ) તો બન્ધ મોક્ષાદિ વિનાના શુદ્ધ જ્યોતિવાળા આત્માને જ સ્વીકારે છે. એ સિવાયનું આત્માનું કોઈ સ્વરૂપ હોઈ શકતું જ નથી એવો તેમનો મત છે. [૨૩૪]

[૭૧૦] प्रपञ्चसञ्चयक्लिष्टा–न्मायारूपाद्बिभेमि ते ।
प्रसीद भगवन्नात्मन्, शुद्धरूपं प्रकाशय ॥३३॥

ગ્રન્થકારશ્રી પોતાના આત્માને પ્રાર્થના કરતાં કહે છે, "હે ભગવન્ આત્મન્! આપ મારી ઉપર પ્રસન્ન થાઓ. સંસાર પ્રપંચોના ક્લેશવાળા આપના માયાવી રૂપથી મને ભારે ભય થાય છે. આપ શુદ્ધસ્વરૂપનો પ્રકાશ કરો."

આ પ્રાર્થનાથી આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ છે તે બતાવ્યું. અર્થાત્ કહેવાતા વિભિન્ન આત્મા એક જ છે એ સિદ્ધ કર્યું. આમ વ્યવહારનયને માન્ય (૧) આત્માનું જ્ઞાનાદિથી ભિન્નત્વ અને (૨) આત્માનું બીજા આત્માથી ભિન્નત્વ એ બે ય નું ખંડન કરીને શુદ્ધનિશ્ચયે સ્થિર કર્યું

૨૩૪. (૧) સમયસાર: ૧૩ (૯) ૧૨૧ થી ૧૨૫, (૨) સં. તર્ક: ૧–૪૯.

કે આત્માનું જ્ઞાનાદિથી એકત્વ (અભેદ) જ છે, બીજા આત્માઓથી પણ એકત્વ (અભેદ) જ છે.

હવે આગામી શ્લોકોમાં વ્યવહારનયને માન્ય આત્માનું દેહ, કર્મ, ધન, અને પુણ્યાદિથી જે અભિન્નત્વ છે, તેનું ખંડન કરીને દેહાદિથી આત્માનું પૃથક્ત્વ (ભિન્નત્વ) સાબિત કરવા નિશ્ચયનય સજ્જ થાય છે. આમાં જ શેષ અધિકાર આખો પૂર્ણ થશે.

[૭૧૧] देहेन सममेकत्वं, मन्यते व्यवहारवित् ।
कथञ्चिन्मूर्ततापत्ते-र्वेदनादिसमुद्भवात् ॥३४॥

આત્મા દેહથી અભિન્ન (અપૃથક્) છે એમ વ્યવહારનય કહે છે. તેનું ખંડન કરતાં નિશ્ચયનય કહેશે કે નહિ, આત્મા દેહથી ભિન્ન (પૃથક્) છે, પરન્તુ આ વાત કરવા પૂર્વે વ્યવહારનયની તે વાતનું સમર્થન કરતી યુક્તિઓ જણાવવામાં આવે છે.

વ્યવ.નય–આત્મા દેહથી અભિન્ન છે કેમકે જ્યારે દેહને કોઈ દણ્ડાદિનો આઘાત લાગે છે ત્યારે તેની વેદનાનો આત્મામાં ઉદ્ભવ થાય છે. જ્યાં વેદનાદિનો ઉદ્ભવ થાય ત્યાં મૂર્ત્તતા જ હોય; અમૂર્તતા નહિ. આમ આત્મામાં કથંચિત્ મૂર્ત્તતા સિદ્ધ થાય અને એ મૂર્ત્તતાને લીધે જ આત્માને દેહ સાથેના અભેદવાળો માનવો જ જોઈએ કેમકે તેમ માન્યા વિના આત્મામાં મૂર્ત્તતા આવે જ નહિ. [૨૩૫]

૨૩૫. સ. સાર: ૩૩ (૨૭)

[૭૧૨] तन्निश्चयो न सहते, यदमूर्त्तो न मूर्त्तताम् ।
अंशेनाऽप्यवगाहेत, पावकः शीततामिव ॥३५॥

આ વાતને નિશ્ચયનય જરા પણ ખમી શકતો નથી. તે તો કહે છે કે અમૂર્ત્ત આત્મા કદાપિ અંશે પણ મૂર્ત્ત બની શકે જ નહિ.

અગ્નિ કદાપિ અંશે પણ ઠંડો હોઇ શકે જ નહિ. ૨૩૬

[૭૧૩] उष्णस्याग्नेयथा योगाद्, घृतमुष्णमिति भ्रमः ।
तथा मूर्त्ताङ्गसम्बन्धा–दात्मा मूर्त्त इति भ्रमः ॥३६॥

રે ! ઉષ્ણ તો અગ્નિ છે. પણ જેમ તેના સંયોગે ઘીમાં ઉષ્ણતા જણાય છે તે ભ્રમ છે; તેમ મૂર્ત્ત દેહના સંબંધથી આત્મા મૂર્ત્ત જણાય તે પણ નર્યો ભ્રમ છે.

[૭૧૪] न रूपं न रसो गन्धो, न न स्पर्शो न चाकृतिः ।
यस्य धर्मो न शब्दो वा, तस्य का नाम मूर्त्तता ॥३७॥

જેને રૂપ નથી, ગન્ધ નથી, સ્પર્શ નથી, શબ્દ નથી, અરે ! કોઇ આકાર નથી, મૂર્ત્ત વસ્તુનો કોઇ પણ ધર્મ નથી તેનામાં વળી મૂર્ત્તતા કેવી ! ૨૩૭

---

૨૩૬. સ. સાર: ૩૩, (૨૭)

૨૩૭. (૧) સ. સાર: ૪૯,

(૨) પ્રવ. સાર: ૨–૮૦.

(૩) આચારાંગસૂત્ર: ૫મું મધ્ય, ૬ઠ્ઠો ઉ., ૧૭૧ મું સૂત્ર.

[૭૧૫] दृशाऽदृश्यं हृदाऽग्राह्यं, वाचामपि न गोचरः ।
स्वप्रकाशं हि यद्रूपं, तस्य का नाम मूर्त्तता ॥३८॥

જે દૃષ્ટિથી અગ્રાહ્ય છે, મનથી અગોચર છે, વાણીથી અવાચ્ય છે. આવું જેનું સ્વપ્રકાશમયરૂપ છે તે આત્માને મૂર્ત્ત કહેવાય જ શી રીતે ? મૂર્ત્ત હોય તો દૃષ્ટિ વિગેરેથી અગ્રાહ્ય હોય ? નહિ જ. [૨૩૮]

[૭૧૬] आत्मा सत्यचिदानन्दः, सूक्ष्मात्सूक्ष्मः परात्परः ।
स्पृशत्यपि न मूर्त्तत्वं, तथा चोक्तं परैरपि ॥३९॥

આત્મા તો સચ્ચિદાનન્દ સ્વરૂપ છે, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે પરથી પણ પર છે. મૂર્ત્તતાને તો એ અડતો ય નથી.

ભગવદ્‌ગીતામાં વ્યાસમુનિએ પણ આ જ વાત કહી છે. (આગામી શ્લોકમાં.)

[૭૧૭] इन्द्रियाणि पराण्याहु-रिन्द्रियेभ्यः परं मनः ।
मनसोऽपि परा बुद्धि-र्यो बुद्धेः परतस्तु सः ॥४०॥

શરીર તો અપર (અશ્રેષ્ઠ) છે; તેનાથી ઈન્દ્રિયો શ્રેષ્ઠ છે, તેનાથી પણ શ્રેષ્ઠ મન છે, મનથી પણ શ્રેષ્ઠ બુદ્ધિ છે અને બુદ્ધિથી પણ જે શ્રેષ્ઠ છે તે આત્મા છે. તાત્પર્ય એ છે કે શરીર ઉપર ઇન્દ્રિયોનો અધિકાર છે, ઇન્દ્રિયો ઉપર મનનું પ્રભુત્વ છે, મન ઉપર બુદ્ધિનો અધિકાર છે અને

૨૩૮. (૧) કઠોપનિષતઃ ૩–૧૫ (૨) અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા પહેલો શ્લોક.

બુદ્ધિ ઉપર આત્માનું શાસન છે. આમ સર્વોપરી આત્મા છે. એની શાસક સત્તાનો અનુભવ કરી આત્માને શાન્ત કરીને મનુષ્યે દુર્જય એવા કામશત્રુનો નાશ કરવો જોઈએ. [૨૩૯]

[૭૧૮] विकले हन्त लोकेऽस्मिन्नमूर्ते मूर्त्तताभ्रमात् ।
पश्यत्याश्चर्यवद् ज्ञानी, वदत्याश्चर्यवद्वचः ॥४१॥

અફસોસની વાત છે કે વિવેકશૂન્ય આ સંસારને અમૂર્ત આત્મામાં મૂર્ત્તતાનો ભ્રમ થઈ ગયો છે. જ્ઞાની પુરુષો તો આશ્ચર્યચકિત બનીને આ વાત સાંભળે છે અને એ લોકોને આશ્ચર્યવાળું લાગે તેવું વચન કહે છે કે, 'અહો ! એ મૂર્ત્તમાં મૂર્ત્તતાનું કેવું (ભ્રાન્ત) ભાન થઈ ગયું છે'! [૨૪૦]

[૭૧૯] वेदनापि न मूर्तत्वनिमित्ता स्फुटमात्मनः ।
पुद्गलानां तदापत्तेः, किन्त्वशुद्धस्वशक्तिजा ॥४२॥

વ્યવહારનયે આત્મામાં મૂર્ત્તતાની સિદ્ધિ માટે જે યુક્તિ આપી તેનું હવે નિશ્ચય નય ખંડન કરે છે. વ્યવહારનયે કહ્યું કે આત્માને વેદનાદિનો અનુભવ થાય છે માટે તેમાં મૂર્ત્તતા માનવી જોઈએ. આની સામે નિશ્ચયનય કહે છે કે મૂર્ત્તતા હોય તો જ વેદનાદિનો અનુભવ થાય એવું કેમ કહી શકાય ? છતાં જો તેવો જ આગ્રહ રાખવામાં આવે તો તો પરમાણુ પુદ્ગલમાં પણ મૂર્ત્તતા છે તો તેને પણ

૨૩૯. ભગ. ગીતાઃ ૩–૪૨.

૨૪૦. (૧) સમયસાર ૬૧ થી ૬૮. (૨) ભગ. ગીતાઃ ૨–૨૯.

આઘાતાદિ થતાં વેદનાદિનો અનુભવ થવાની આપત્તિ આવશે. એટલે સુખાદિ અનુભવ થવા માત્રથી આત્મામાં મૂર્ત્તતા માની શકાય નહિ.

વ્યવ.નયઃ—તો પછી આત્માને સુખાદિ વેદનાનો અનુભવ થાય છે શાથી ?

નિ.નયઃ—આત્માની અશુદ્ધિશક્તિને કારણે તેમ થાય છે. કર્મસંયોગથી આત્માની વિશુદ્ધશક્તિ–શુદ્ધોપયોગ–મલિન થયેલ છે તેથી તેને વેદનાનો અનુભવ થાય છે; મૂર્ત્તતાને લીધે નહિ.

[૭૨૦] अक्षद्वारा यथा ज्ञानं, स्वयं परिणमत्ययम् ।
तथेष्टानिष्टविषयस्पर्शद्वारेण वेदनाम् ॥४३॥

જેમ ઈન્દ્રિયો દ્વારા થતાં ઘટાદિ જ્ઞાનને આત્મા સ્વયં પોતાનામાં પરિણમાવે છે તેમ ઇષ્ટનિષ્ટવિષયોના સ્પર્શાદિ દ્વારા થતી વેદનાને આત્મા સ્વયં પોતાનામાં પરિણમાવે છે. એટલે વેદનાપરિણામ પામતા આત્મામાં વેદનાનિમિત્તે મૂર્ત્તતા માનવાની જરૂર રહેતી નથી.

[૭૨૧] विपाककालं प्राप्याऽसौ वेदनापरिणामभाक् ।
मूर्त्तं निमित्तमात्रं, नो घटे दण्डवदन्वयि ॥४४॥

અને જ્યારે તે તે વેદના પરિણામને ભોગવવાનો કાળ (વિપાક કાળ) આવે છે ત્યારે ત્યારે તે તે વેદના પરિણામને આત્મા ભોગવે છે. આ ભોગમાં કર્મ–મૂર્ત્ત દ્રવ્ય–નિમિત્ત માત્ર બની શકે. પરન્તુ તે કર્મ આત્માની સાથે એકમેક

થયું છે એમ કહીને કર્મને વેદનાના ભોગનું ઉપાદાન (અન્વયી) કારણ કહી શકાય નહિ.

જેમ ઘટ પ્રત્યે માટી ઉપાદાન કારણ જરૂર છે પણ દંડ એ ઘટનું ઉપાદાન (અન્વયી) કારણ નથી તેમ મૂર્ત્ત કર્મ પણ વેદનાના ભોગ પ્રત્યે અન્વયી (ઉપાદાન) કારણ નથી.

[૭૨૨] ज्ञानाख्या चेतना बोधः, कर्म्माख्या द्विष्टरक्तता।
जन्तोः कर्मफलाख्या सा, वेदना व्यपदिश्यते ॥४५॥

જીવની જ્ઞાનાત્મક ચેતના તે બોધ છે.

કર્માત્મક ચેતના તે તેના રાગ દ્વેષ છે. અને કર્મફલાત્મક ચેતના તે વેદના છે.

ટૂંકમાં જીવની ચેતના (ત્રીજા પ્રકારની) એ જ વેદના છે, માટે વેદનાના ઉદ્ભવને લીધે તેનામાં મૂર્ત્તત્વ માનવાનું કોઈ પ્રયોજન નથી.[૨૪૧]

[૭૨૩] नाऽऽत्मा तस्मादमूर्त्तत्वं, चैतन्यं चाऽतिवर्तते।
अतो देहेन नैकत्वं, तस्य मूर्त्तेन कर्हिचित् ॥४६॥

એટલે આત્મા અમૂર્ત્તતાને ઉલ્લંઘી જઈને કદી મૂર્ત્ત બની શકતો નથી અને ચૈતન્યને લંઘી જઈને કદી જડદેહ સ્વરૂપ (દેહથી અભિન્ન) બની શકતો નથી.

માટે જ આત્મા મૂર્ત્ત એવા દેહથી ભિન્ન છે. કદાપિ તેવા મૂર્ત્ત દેહ સાથે તેની અભિન્નતા સંભવી શકે જ નહિ.[૨૪૨]

---

૨૪૧ પ્રવચન સાર:–૨–૩૩, ૩૧, ૩૨. (૨) આનંદ ઘન ચોવીશી: બારમું સ્તવન.

૨૪૨ સમય સાર : ૨૬ મી ગાથા.

[૭૨૪] सन्निकृष्टान्मनोवाणीकर्मादेरपि पुद्गलात् ।
विप्रकृष्टाद्धनादेश्च, भाव्यैवं भिन्नताऽऽत्मनः ॥४७॥

**આત્માનું મનથી, વાણીથી, કર્માદિથી ધનાદિથી ભિન્નત્વ :—**

જેમ આત્મા દેહથી ભિન્ન સાબિત થઈ ગયો તેમ તેની નજદીકમાં રહેલા મન, વાણી અને કર્મના પુદ્ગલોથી પણ તે ભિન્ન છે અને તેની દૂર રહેલા ધનાદિથી પણ તે ભિન્ન છે એ વાત પણ આ રીતે જ વિચારવી.

[૭૨૫] पुद्गलानां गुणो मूर्त्तिरात्मा ज्ञानगुणः पुनः ।
पुद्गलेभ्यस्ततो भिन्नमात्मद्रव्यं जगुर्जिनाः ॥४८॥

મનોવર્ગણા વગેરે પુદ્ગલો છે. તેમનો ગુણ રૂપ, રસાદિ છે. જ્યારે આત્માનો ગુણ રૂપાદિ નથી કિન્તુ જ્ઞાનગુણ છે. એટલે એ બધા ય મન વિગેરે પુદ્ગલોથી આત્મદ્રવ્ય ભિન્ન છે એમ જિનેશ્વર દેવોએ કહ્યું છે.

ગુણના ભેદથી ગુણીનો પણ ભેદ જ હોય, કેમકે વસ્તુતઃ ગુણ સ્વરૂપ જ ગુણી છે.

[૭૨૬] धर्मस्य गतिहेतुत्वं, गुणो ज्ञानं तथाऽऽत्मनः ।
धर्मास्तिकायात्तद्भिन्नमात्मद्रव्यं जगुर्जिनाः ॥४९॥

હવે જેમ શેષ તમામ ધનાદિ અજીવ દ્રવ્ય પુદ્ગલથી આત્મદ્રવ્ય ભિન્ન છે તેમ ધર્માસ્તિકાય નામના અજીવ દ્રવ્યથી પણ આત્મદ્રવ્યને જિનેશ્વરદેવોએ ભિન્ન કહ્યું છે કેમકે બે ય ના ગુણ જુદા છે.

ધર્માસ્તિકાયનો ગુણ ગતિહેતુત્વ (ગતિદાયિત્વ) છે જ્યારે આત્માનો ગુણ જ્ઞાન છે.

[૭૨૭] अधर्मे स्थितिहेतुत्वं गुणो ज्ञानगुणोऽसुमान् ।
ततोऽधर्मास्तिकायान्यदात्मद्रव्यं जगुर्जिनाः ॥५०॥

અધર્માસ્તિકાય નામના અજીવ દ્રવ્યથી પણ આત્મ-દ્રવ્યને જિનેશ્વરદેવોએ ગુણભેદે ભિન્ન કહ્યું છે.

અધર્માસ્તિકાયનો ગુણ સ્થિતિહેતુત્વ છે. જ્યારે આત્માનો ગુણ જ્ઞાન છે.

[૭૨૮] अवगाहो गुणो व्योम्नो, ज्ञानं खल्वात्मनो गुणः ।
व्योमास्तिकायात्तद्भिन्नमात्मद्रव्यं जगुर्जिनाः ॥५१॥

આકાશાસ્તિકાય નામના અજીવદ્રવ્યથી આત્મદ્રવ્યને જિનેશ્વર દેવોએ ગુણભેદે ભિન્ન કહ્યું છે.

આકાશાસ્તિકાયનો ગુણ અવગાહ છે જ્યારે આત્માનો ગુણ જ્ઞાન છે.

[૭૨૯] आत्मा ज्ञानगुणः सिद्धः समयो वर्तनागुणः ।
तद्भिन्नं समयद्रव्यादात्मद्रव्यं जगुर्जिनाः ॥५२॥

કાળ નામના અજીવદ્રવ્યથી પણ આત્મદ્રવ્યને જિનેશ્વર દેવોએ ગુણભેદે ભિન્ન કહ્યું છે.

કાળનો ગુણ વર્તના (પરિણામવિશેષ) છે જ્યારે આત્માનો ગુણ જ્ઞાન છે.

[૭૩૦] आत्मनस्तदजीवेभ्यो विभिन्नत्वं व्यवस्थितम् ।
व्यक्तिभेदनयादेशादजीवत्वमपीष्यते ॥५३॥

આ રીતે 'પુદ્ગલાદિ પાંચેય અજીવ દ્રવ્યથી આત્મા ભિન્ન છે' એ વાત નિશ્ચયનયથી સ્થિર થાય છે. એટલે આત્મામાં જીવત્વ જ છે અજીવત્વ નથી જ એ વાત સ્થિર થાય છે. પણ વ્યક્તિભેદના નયાદેશની અપેક્ષાએ તો આત્મામાં અજીવત્વ પણ સિદ્ધ થઈ શકે છે.

વ્યક્તિભેદનયાદેશ એટલે વ્યક્તિઓનો ભેદ પાડતો નયાદેશ કે જેને વ્યવહારનય કહેવાય છે.

નિશ્ચયદૃષ્ટિએ તો સંસારીજીવ અને સિદ્ધજીવ એમ બે વ્યક્તિનો ભેદ પડતો જ નથી. પણ વ્યવહારનય આવો વ્યક્તિભેદ માને છે. માટે તેની અપેક્ષાએ સિદ્ધ અને સંસારી જીવમાં અજીવત્વ પણ સિદ્ધ થઈ શકે છે.

[૭૩૧] अजीवा जन्मिनः शुद्धभावप्राणव्यपेक्षया ।
सिद्धाश्च निर्मलज्ञाना द्रव्यप्राणव्यपेक्षया ॥५४॥

શુદ્ધભાવપ્રાણ એટલે જ્ઞાનાદિગુણો.

દ્રવ્યપ્રાણ એટલે ઈન્દ્રિયો વિગેરે ૧૦ દ્રવ્યપ્રાણ.

જો જ્ઞાનાદિગુણસ્વરૂપ શુદ્ધભાવપ્રાણથી જીવમાં જીવત્વ ગણાતું હોય તો તો સિદ્ધના જીવોમાં જ જીવત્વ ગણાય. સંસારી (જન્મી) જીવોમાં અજીવત્વ જ ગણાય. કેમકે તેમના જ્ઞાનાદિગુણો અપ્રગટ હોવાથી તે શુદ્ધભાવસ્વરૂપ નથી.

અને જો દ્રવ્યપ્રાણોથી જીવમાં જીવત્વ ગણાતું હોય

તો સંસારીજીવમાં જ જીવત્વ આવે. નિર્મળજ્ઞાનવાળા સિદ્ધાત્મામાં તે દ્રવ્યપ્રાણો ન હોવાથી તેમનામાં અજીવત્વ આવી જાય.

**[૭૩૨] इन्द्रियाणि बलं श्वासो–च्छ्वासो ह्यायुस्तथा परम् ।**
**द्रव्यप्राणाश्चतुर्भेदाः पर्यायाः पुद्गलाश्रिताः ॥५५॥**

**૪ પ્રકારે દ્રવ્યપ્રાણ :**

| | | અવાંતરભેદ |
|---|---|---|
| ૧. ઈન્દ્રિય | – | ૫ (સ્પર્શાદિ) |
| ૨. બળ | – | ૩ (મનાદિ) |
| ૩. શ્વાસોચ્છ્વાસ | – | ૧ |
| ૪. આયુષ | – | ૧ |
| | | ૧૦ |

આ બધાય દ્રવ્યપ્રાણસ્વરૂપ પર્યાયો પુદ્ગલને આશ્રિત છે.[૨૪૩]

**[૭૩૩] भिन्नास्ते ह्यात्मनोऽत्यन्तं तदेतैर्नास्ति जीवनम् ।**
**ज्ञानवीर्यसदाश्वास–नित्यस्थितिविकारिभिः ॥५६॥**

ઉપરોક્ત ચારે ય પ્રકારના દ્રવ્યપ્રાણો આત્માથી તદ્દન ભિન્ન છે. એમનાથી કાંઈ આત્માનું જીવન નથી. આત્મામાં રહેલી ચાર શક્તિઓના વિકારસ્વરૂપ આ ચાર દ્રવ્ય પ્રાણ છે.

૧. આત્માની જ્ઞાનશક્તિના વિકારસ્વરૂપ પહેલો ઈન્દ્રિય નામનો દ્રવ્યપ્રાણ છે. ૨. આત્માની વીર્યશક્તિના વિકારસ્વરૂપ

૨૪૩. પ્રવ. સાર : ૨–૫૫.

બીજો બળ નામનો દ્રવ્યપ્રાણ છે. ૩. આત્માની નિરન્તરભાવ શ્વાસોચ્છ્વાસરૂપ જીવનશક્તિના વિકારરૂપ ત્રીજો શ્વાસોચ્છ્વાસ નામનો દ્રવ્યપ્રાણ છે. ૪. અને આત્માની નિત્યસ્થિતિના વિકારરૂપ મર્યાદિત આયુ નામનો ચોથો દ્રવ્યપ્રાણ છે.

આત્મા તો નિર્વિકાર છે. એટલે વિકારસ્વરૂપ આ દ્રવ્યપ્રાણો આત્માના બની શકે જ નહિ માટે આત્માથી તેઓ તદ્દન ભિન્ન જ છે. અને જે આત્માથી ભિન્ન હોય તેનાથી આત્માનું જીવન ન જ સંભવે.

[૭૩૪] एतत्प्रकृतिभूताभिः शाश्वतीभिस्तु शक्तिभिः ।
जीवत्यात्मा सदेत्येषा, शुद्धद्रव्यनयस्थितिः ॥५७॥

શુદ્ધનિશ્ચયનયથી તો પૂર્વોક્ત શુદ્ધજ્ઞાનાદિ ચાર શાશ્વત પ્રકૃતિસ્વરૂપ શક્તિથી જ આત્મા સદાકાળ જીવે છે. નહિ કે વિકારસ્વરૂપ દસ દ્રવ્યપ્રાણોની શક્તિથી.

[૭૩૫] जीवो जीवति न प्राणै–र्विना तैरेव जीवति ।
इदं चित्रं चरित्रं के हन्त ! पर्यनुयुञ्जताम् ॥५८॥

રે ! કેવું જીવજીવનનું આ ચિત્ર ચરિત્ર ! કે જે દ્રવ્યપ્રાણ વિના જીવ (સંસારપર્યાયમાં) જીવી શકતો જ નથી તેના વિના જ તે (સિદ્ધપર્યાયામાં) જીવે છે. તેના આ ચિત્ર ચરિત્ર સામે તો કોણ પ્રશ્ન ઉઠાવી શકે ?

અહીં જીવનું અજીવથી (નવતત્વમાંના બીજા તત્વથી) ભેદ નિરૂપણ નિશ્ચયનય દૃષ્ટિથી પૂર્ણ થયું.

[૭૩૬] नाऽऽत्मा पुण्यं न वा पाप–मेते यत्पुद्गलात्मके ।
आद्यबालशरीरस्यो–पादानत्वेन कल्पिते ॥५९॥

**જીવનું પુણ્ય અને પાપ (નવતત્વમાંનું ત્રીજા ચોથા તત્વ)થી ભિન્નત્વ**:–જીવ એ પુણ્યકર્મ નથી અને પાપકર્મ પણ નથી. કેમકે પુણ્ય પાપકર્મ એ પુદ્ગલસ્વરૂપ છે. માતાના શરીરમાં બાળકના આત્માને સર્વ પ્રથમ શરીર બંધાય છે તેના ઉપાદાનકારણ તરીકે આ પુણ્ય પાપકર્મને કલ્પવામાં આવ્યા છે. અર્થાત્ આ કાર્મણશરીરથી જ તે બાળકનો આત્મા શુભાશુભ શરીરની રચના કરે છે.

[૭૩૭] पुण्यं कर्म शुभं प्रोक्त–मशुभं पापमुच्यते ।
तत्कथं तु शुभं जन्तून् यत् पातयति जन्मनि ॥६०॥

**પુણ્યને શુભ કેમ કહેવાય?**

વ્યવહાર નયે પુણ્યકર્મને શુભ કહ્યું છે અને પાપકર્મને અશુભ કહ્યું છે. પણ અમને (નિશ્ચયનયવાદીને) તો એ જ સમજાતું નથી કે પુણ્યકર્મને શુભ કહેવાય જ કેમ? કેમકે એ તો જીવને જન્મના દુઃખમાં ફેંકે છે! [૨૪૪]

[૭૩૮] न ह्यासयस्य बन्धस्य तपनीयमयस्य च ।
पारतन्त्र्याविशेषेण फलभेदोऽस्ति कश्चन ॥६१॥

બેડી ભલેને લોઢાની હોય કે ભલેને સોનાની હોય!

૨૪૪. (૧) સમયસાર ગા. ૧૪૫.
(૨) પ્રવચનસાર: ૨–૮૯.
(૩) યોગશાસ્ત્ર ૧–૧૫.

પણ બેયથી માણસ પરતન્ત્ર તો બને જ છે ને! આમ બેયનું ફળ તો સરખું જ છે માટે તે બેયમાં કશો ફેર પડતો નથી.

પાપકર્મ લોઢની બેડી છે.

પુણ્યકર્મ સોનાની બેડી છે. [૨૪૫]

[૭૩૯] फलाभ्यां सुखदुःखाभ्यां न भेदः पुण्यपापयोः ।
दुःखान्न भिद्यते हन्त! यतः पुण्यफलं सुखम् ॥६२॥

વ્યવહારનય કહે છે કે, 'પાપનું ફળ દુઃખ છે અને પુણ્યનું ફળ સુખ છે માટે ફળભેદથી બેયમાં ભેદ પડે છે.'

આ વાત બરોબર નથી કેમકે પુણ્યનું ફળ જે સુખ કહેવાય છે તે પણ દુઃખ જ છે. દુઃખથી જરાય જુદું નથી. ભલેને તમે તેને સુખ એવું નામ આપ્યું હોય! [૨૪૬]

[૭૪૦] सर्वपुण्यफलं दुःखं कर्मोदयकृतत्त्वतः ।
तत्र दुःखप्रतीकारे विमूढानां सुखत्वधीः ॥६३॥

કર્મોદયથી પ્રાપ્ત થાય છે માટે સઘળું ય પુણ્યફળ વસ્તુતઃ દુઃખ જ છે. ખરી વાત તો એ બને છે કે પહેલાં ક્ષુધા વિગેરેનું દુઃખ ઊભું થાય છે. પછી તે માણસ દુઃખથી અકળાય છે. અને પછી ભોજન કરવા દ્વારા તે દુઃખને ધક્કો

૨૪૫. (૧) સ. સાર: ૧૪૬ થી ૧૫૦.
(૨) શાસ્ત્રવાર્તા: શ્લોક ૧૮મો નવમું પાનું.

૨૪૬. (૧) સમયસાર ગા. ૪૫.
(૨) વૈરાગ્ય કલ્પલતા ૧-૨૨૬, ૨૨૭.

મારે છે અને માને છે કે હું સુખવાળો (સુખી) થયો. અરે! સુખી થયો કે માત્ર ઊભા થયેલા દુઃખને ધક્કો જ માર્યો? ભૂખનું, તડકાનું, પરિશ્રમનું દુઃખ જેટલું વધુ તેટલું જ ખાવા દ્વારા, છાંયડાનો આશ્રય લેવા દ્વારા કે આરામ કરવા દ્વારા તે દુઃખોને ધક્કો મારવા રૂપ સુખ વધુ!

એટલે કહેવાતું પુણ્યજનિત સુખ પણ આ દુઃખપ્રતીકાર સ્વરૂપ જ છે કે બીજું કાંઇ? એમાં મૂઢ પુરુષો સુખની કલ્પના કરે છે! રે અજ્ઞાન તારી માયા! [૨૪૭]

**[૭૫૧] परिणामाच्च तापाच्च संस्काराच्च बुधैर्मतम् ।**
**गुणवृत्तिविरोधाच्च दुःखं पुण्यभवं सुखम् ॥६४॥**

**પુણ્યથી ઉત્પન્ન થતું સુખ ચાર કારણે દુઃખરૂપ છે.**

૧. પરિણામથી, ૨. તાપથી, ૩. સંસ્કારથી, અને ૪. ગુણ તથા વૃત્તિના વિરોધથી પુણ્યકર્મ જનિત સુખને પણ પ્રાજ્ઞ પુરુષોએ દુઃખસ્વરૂપ કહ્યું છે. [૨૪૮]

---

૨૪૭. (૧) પ્રવચનસારઃ ૧–૭૫, ૭૬,
(૨) દ્વા. દ્વાઃ ૨૪–૧૯.
(૩) વિ. આવ. ભાષ્યઃ ૨૦૦૪, ૨૦૦૫.

૨૪૮. (૧) ભર્તૃહરિકૃત વૈરાગ્ય શતકઃ 'तृषा शुष्यत्यास्ये पिबति सलिलं શ્લોક.
(૨) દ્વા. દ્વાઃ ૨૫–૨૨
(૩) શાસ્ત્રવાર્તાઃ શ્લોક. ૨૭. ટીકા.
(૪) ભગવદ્‌ગીતાઃ ૧૪–૫ થી ૧૮

[૭૪૨] देहपुष्टेर्नरामर्त्यनायकानामपि स्फुटम् ।
महाजपोषणस्येव परिणामोऽतिदारुणः ॥६५॥

**(૫) પરિણામથી પુણ્યફળસુખ એ દુઃખ છેઃ**

**પરિણામ દુઃખતાઃ** પુણ્યાઈથી મળતા વિષયભોગ ખૂબ પુષ્ટ થાય છે અને પછી એ ચક્રવર્તીઓને અને દેવેન્દ્રોને પણ અતિદારુણ દુર્ગતિ અને દુઃખોના પરિણામ સ્પષ્ટ રીતે વેદવા પડે છે.

કસાઈને ત્યાં પહેલાં તો પાડાને તગડો બનાવવામાં આવે છે. પણ તે સુખનું પરિણામ! આવતી કાલે ગળે કાતિલ છરો ફરી વળે તે જ ને? ૨૪૯

[૭૪૩] जलूकाः सुखमानिन्यः पिबन्त्यो रुधिरं यथा ।
भुञ्जाना विषयान्यान्ति दशामन्तेऽतिदारुणाम् ॥६६॥

શરીરમાં રહેલા ખરાબ લોહીને બહાર કાઢવા માટે તે સ્થાને જળો બેસાડવામાં આવે છે. તે જળો પેલું ખરાબ લોહી પી જાય છે. એ વખતે તો એને ખૂબ સુખ થાય છે પણ લોહી પીને જાડી થઈ ગએલી જળોને જ્યારે નીચોવી નાંખવામાં આવે ત્યારે તો તેને ભારે દુઃખ જ થાય ને? લોહી પીવાના સુખનું જ આ પરિણામને?

આ રીતે વિષયોને ભોગવતી વખતે સુખ માનતા જીવો અન્તે (પરિણામે) નારકાદિમાં અતિભયંકર દશાને અનુભવે છે માટે જ પુણ્યના ફળરૂપે મળતા સુખમાં પરિણામથી તો દુઃખતા જ છે.

૨૪૯. ઉત્તરાધ્યયન સૂત્રઃ ૭–૧ થી ૪.

[૭૪૪] तीव्राग्निसङ्गसंशुष्यत् पयसामयसामिव ।
यत्रौत्सुक्यात्सदाऽक्षाणां तप्तता तत्र किं सुखम् ॥૬૭॥

(૨) **તાપદુઃખતા** :– તીવ્ર અગ્નિના સંગથી તપીને લાલચોળ થઈ ગએલા લોઢા ઉપર પાણી છાંટવામાં આવે તો એકદમ શોષાઈ જાય અને લોઢું તો જાણે એવું ને એવું જ તપેલું રહે !

આ જ રીતે વિષયોની તીવ્ર ઉત્સુકતા (ભોગની તીવ્ર કામના) સ્વરૂપઅગ્નિથી તપીને લાલચોળ થએલી ઈન્દ્રિયોને જરાક રતિનું જળ મળે પણ તે તો ક્યાંય શોષાઈ જાય અને પેલો તપારો તો એવોને એવો જ અનુભવાતો હોય ! અલ્પ સુખાનુભવના કાળમાં પણ ઈન્દ્રિયોના કારમા તપારામાં તે સુખ કેમ કહેવાય ?

[૭૪૫] प्राक्पश्चाच्चारतिस्पर्शात्पुटपाकमुपेयुषि ।
इन्द्रियाणां गणे तापव्याप एव न निर्वृतिः ॥૬૮॥

ઔષધિ નાંખીને ચારે બાજુથી જેને દાહ આપવામાં આવે છે તે પુટપાક કહેવાય છે.

વિષય સુખાનુભવની પહેલાં તેને મેળવવાની અરતિનો પ્રચણ્ડ તપારો થાય અને મળ્યા પછી ફરી મેળવવાની તીવ્ર ઇચ્છાનો ભયંકર તપારો તો ઊભો જ છે. સાચે જ, ઈન્દ્રિયોનો સમૂહ પેલા પુટપાક જેવો જ છે જેને ચોમેરથી કારમો તપારો અનુભવવો પડે છે ! આમાં તે આનંદ હોય ?

[૭૪૬] सदा यत्र स्थितो द्वेषोल्लेखः स्वप्रतिपन्थिषु ।
सुखानुभवकालेऽपि तत्र तापहतं मनः ॥६९॥

અરે! ઈન્દ્રિયોના સુખાનુભવ કાળમાં પણ જ્યાં પોતાના દુઃખ સાધનોને વિષે તીવ્ર દ્વેષ(અરૂચિ)ભાવ સતત ઊભો જ હોય છે ત્યાં એ સંક્લેશના તાપથી મન શેકાઈ ગએલું જ હોય ને? આ સ્થિતિમાં ઈન્દ્રિયોને સુખાનુભવ થાય શી રીતે?

આમ બે શ્લોકથી ગ્રન્થકાર પરમર્ષિએ ત્રણેય વિષય-સુખને દુઃખસ્વરૂપ કહ્યું.

આ રીતે પુણ્યજનિતસુખમાં તાપદુઃખતા સિદ્ધ કરી.

[૭૪૭] स्कन्धात्स्कन्धान्तरारोपे भारस्येव न तत्त्वतः ।
अक्षाह्लादेऽपि दुःखस्य संस्कारो विनिवर्तते ॥७०॥

(૩) સંસ્કાર દુઃખતા :–

ભાર ઉપાડવાથી એક ખભો થાકી જતાં, તે ભાર બીજા ખભા ઉપર મૂકી દેવામાં આવે ત્યારે એમ લાગે છે કે ભાર જાણે કે દૂર જ થઈ ગયો! પરન્તુ, હકીકતમાં તો તે ભારનો સંસ્કાર દૂર થયો જ નથી. આ જ રીતે ઈન્દ્રિયોના આનંદ ભોગવતી વખતે ભલે એમ લાગે કે હવે દુઃખ દૂર થયું પણ હકીકતમાં તો આત્મામાં નવા દુઃખોની તૈયારી કરી જ લેવામાં આવે છે. એટલે દુઃખનો સંસ્કાર તો દૂર થયો જ નહિ! સુખાનુભવથી જે વાસના સંસ્કાર ઉત્પન્ન થયો તે ભાવીમાં રાગસ્મરણ કરાવે. તેનાથી વિષય પ્રત્યે રાગ થાય.

તેમ થતાં મનાદિયોગો વિષયોમાં પ્રવૃત્ત થાય. તે પ્રવૃત્તિ અશુભ કર્માશય ઉત્પન્ન કરે. અને તેથી જન્મ જરાના દુઃખો પ્રાપ્ત થાય. આમ વિષયના સુખાનુભવથી ઉત્પન્ન થયેલો સંસ્કાર દુઃખનો જ બની જાય છે માટે ઈન્દ્રિયસુખ માણતા લોકોને ત્યાં સુખાનુભવનો ભ્રમ જ થાય છે એમ કહેવાય. કેમકે વસ્તુતઃ તો ત્યાંથી દુઃખનો સંસ્કાર દૂર થયો જ નથી.[૨૫૦]

[૭૪૮] सुखं दुःखं च मोहश्च तिस्रोऽपि गुणवृत्तयः ।
विरुद्धा अपि वर्तन्ते दुःखजात्यनतिक्रमात् ॥७१॥

## ૪. ગુણવૃત્તિ અંગેની સ્વાભાવિક દુઃખતા :-

પૂર્વોક્ત ત્રણેય પરિણામ વિગેરેની દુઃખતા ઔપાધિકી હતી. અર્થાત્ ત્યાં અન્ય નિમિત્તે પુણ્યજનિત સુખમાં દુઃખતા હતી જ્યારે આ ચોથી દુઃખતા સ્વાભાવિક છે.

સત્વગુણ, રજોગુણ અને તમોગુણ એમ ત્રણ ગુણો છે. સુખવૃત્તિ, દુઃખવૃત્તિ અને મોહવૃત્તિ એમ ત્રણ વૃત્તિઓ છે.

સત્વગુણનું કાર્ય સુખ છે. રજોગુણનું કાર્ય દુઃખ છે. અને તમોગુણનું કાર્ય મોહ છે. જ્યારે સત્વગુણ રજોગુણ અને તમોગુણ ત્રણેય સમ બની જાય છે ત્યારે તેઓ પરસ્પરના વિરોધી બની જાય છે. અર્થાત્ એકના અવસ્થાનમાં બાકીના બે રહી શકતા નથી. આ દૃષ્ટિએ તેઓ પરસ્પર વિરોધી કહેવાય છે. પરન્તુ જ્યાં સુધી તેઓ વિષમ અવસ્થામાં હોય છે ત્યાં સુધી તેઓ ત્રણેય એક જ સ્થાને રહી જાય છે.

૨૫૦. (૧) હા. હા. : ૨૪–૭, (૨) ઉત્તરાધ્યયન સૂત્ર : ૧૯–૧૫.

આ સ્થિતિમાં જો કે સત્વગુણથી સુખાનુભવ થાય છે તો પણ તે સુખ ઉદ્‌ભૂત સત્વગુણથી થાય છે પરંતુ કેવળ ઉદ્‌ભૂત સત્વગુણથી સાંસારિક સુખાનુભવ થતો નથી કિન્તુ એ સુખાનુભવ પ્રત્યે અનુદ્‌ભૂત રજો-તમોગુણ પણ કારણ બને જ છે. આમ થવાથી એ સુખમાં રજોગુણનું કાર્ય દુઃખ અને તમોગુણનું કાર્ય મોહ પણ ભળી જ જાય છે. એટલે એ સુખમાં જેમ સુખત્વ છે તેમ દુઃખત્વાદિ પણ છે જ.

આમ સત્વાદિગુણો (સમ અવસ્થામાં) પરસ્પર વિરુદ્ધ હોવા છતાં વિષમ અવસ્થામાં ત્રણેય સાથે રહે છે. એટલે ત્રણેયનાં કાર્યો સુખ, દુઃખ અને મોહ એકી સાથે પ્રગટ થાય છે.

આથી ગ્રન્થકાર પરમર્ષિ જણાવે છે કે સુખાનુભવ વખતે પણ તે સુખમાં દુઃખત્વ જાતિ તો છે જ.

આમ સ્વાભાવિક દુઃખતા પણ પુણ્યજનિત સુખમાં સ્થિર થઈ જાય છે.

[૭૪૯] क्रुद्धनागफणाभोगो-पमो भोगोद्भवोऽखिलः ।
विलासश्चित्ररूपोऽपि भयहेतुर्विवेकिनाम् ॥७२॥

ક્રોધાયમાન થયેલા નાગની ફણાનો વિસ્તાર દેખાવમાં તો ભવ્ય લાગે, પણ હોય છે અત્યન્ત ભયજનક! દુઃખજનક!

શબ્દાદિ ભોગોથી ઉત્પન્ન થયેલો ચિત્ર વિચિત્ર સુખાનુભવનો વિલાસ દેખાવમાં ભલે સુંદર હોય, કિન્તુ વિવેકી પુરુષને તો તેમાં ભયાનક દુઃખોની કારણતા દેખાતાં તે અત્યન્ત ભયંકર લાગે છે.[૨૫૧]

૨૫૧. હા. હા. :- ૨૪-૫,૬.

[૭૫૦] इत्थमेकत्वमापन्नं फलतः पुण्यपापयोः ।
मन्यते यो न मूढात्मा नान्तस्तस्य भवोदधेः ॥७३॥

ઉપસંહાર કરતાં ગ્રન્થકારશ્રી કહે છે કે આ રીતે પુણ્યનું ફળ સુખ પણ પરિણામાદિ ચાર કારણોને લીધે દુઃખરૂપ જ છે માટે પુણ્યપાપકર્મના ફળનો અભેદ થઈ જતાં પુણ્યપાપકર્મ બે ય એકરૂપ જ બની જાય છે.

છતાં જેઓ આ રીતે તેમના ફળની અભિન્નતા (એકતા) માનતા નથી તેઓ પુણ્યના ફળને સુખરૂપ માનીને પુણ્ય કરવા દ્વારા સંસારમાં ફસાય છે. એ મૂઢાત્માનો સંસારનો કદી અંત આવી શકતો નથી.[૨૫૨]

[૭૫૧] दुःखैकरूपयोर्भिन्नस्तेनात्मा पुण्यपापयोः ।
शुद्धनिश्चयतः सत्यचिदानन्दमयः सदा ॥७४॥

પુણ્ય અને પાપ બે ય દુઃખસ્વરૂપ છે એ વાત સિદ્ધ થઈ ગઈ.

શુદ્ધનિશ્ચયનય દૃષ્ટિથી આત્મા તે પુણ્યપાપથી ભિન્ન છે. એ તો સદા સચ્ચિદાનન્દમય છે.[૨૫૩]

[૭૫૨] तत् तुरीयदशाव्यङ्ग्यरूपमावरणक्षयात् ।
भात्युष्णोद्योतशीलस्य घननाशाद्रवेरिव ॥७५॥

આત્માનું તે સચ્ચિદાનન્દમયસ્વરૂપ અનુભવાતું કેમ નથી? તેના ઉત્તરમાં ગ્રન્થકારશ્રી કહે છે કે ઘાતીકર્મના

૨૫૨. પ્રવ. સાર : ૧–૭૭.

૨૫૩. (૧) સમ. સાર ગાથા : ૪૫. (૨) પ્ર. સાર : ૧–૭૮.

આવરણો ખસી જાય છે ત્યારે ચોથી ઉજાગર દશાથી વ્યક્ત થતાં એ સ્વરૂપનો આવિર્ભાવ થાય છે.

વાદળો દૂર થઈ જાય પછી જ સૂર્યનો ઉષ્ણતાસ્વભાવ અને પ્રકાશસ્વભાવ અનુભવવા મળે છે ને? ૨૫૪

[૭૫૩] जायन्ते जाग्रतोऽक्षेभ्यश्चित्रा धीसुखवृत्तयः ।
सामान्यं तु चिदानन्दरूपं सर्वदशान्वयि ॥७६॥

દ્રવ્યનિદ્રાથી મુક્ત આત્માને (ભાવનિદ્રામાં સૂતેલાને) ઇન્દ્રિયોથી ચિત્રવિચિત્ર માનસિકસુખાદિની અનુભૂતિ થાય છે તે વખતે પણ આત્માનું સચ્ચિદાનન્દમય સ્વરૂપ તો સર્વત્ર સર્વદશામાં અનુગત જ હોય છે. એને તો ક્યારે ય કશી બાધા પહોંચતી નથી.

[૭૫૪] स्फुलिङ्गैर्न यथा वह्निर्दीप्यते ताप्यतेऽथवा ।
नानुभूतिपराभूती तथैताभिः किलात्मनः ॥७७॥

અગ્નિના કણથી જેમ પ્રકાશ ન મળે તેમ કશું તપાવી પણ ન શકાય.

અગ્નિકણસમી ઇન્દ્રિયની સુખાદિ લાગણી છે. એનો આત્માને શો અનુભવ થાય કે એનાથી શો પરાભવ થઈ જાય? નાનકડું ઇન્દ્રિય સુખ ન કોઈ આનંદ આપી શકે અને એનું કોઈ દુઃખ ન કાંઈ આત્માનો પરાભવ કરી

---

૨૫૪. (૧) ૩૫૦ ગાથાનું સ્તવન : ૨૭ ગાથા.
(૨) જ્ઞાન સાર : ૨૬–૭.

શકે. એટલે આત્મા તો એના સચ્ચિદાનન્દસ્વરૂપમાં સદા મસ્તાન હોય છે.

[૭૫૫] साक्षिणः सुखरूपस्य सुषुप्तौ निरहङ्कृतम् ।
यथा भानं तथा शुद्ध–विवेके तदनिस्फुटम् ॥७८॥

સ્વાપ, સુષુપ્તિ, જાગર અને ઉજાગર એમ ચાર દશા છે. સુખસ્વરૂપ સાક્ષી આત્માને જેમ સુષુપ્તિ દશામાં અહંકાર વગરનું ભાન થાય છે તે જ ભાન અતિસ્ફુટરૂપે શુદ્ધ વિવેકદશામાં થાય છે.

[૭૫૬] तच्चिदानन्दभावस्य भोक्ताऽऽत्मा शुद्धनिश्चयात् ।
अशुद्धनिश्चयात्कर्म–कृतयोः सुखदुःखयोः ॥७९॥

એટલે શુદ્ધનિશ્ચયનયથી તો આત્મા પોતાના સચ્ચિદાનન્દ સ્વરૂપનો જ ભોક્તા છે. હા, અશુદ્ધનિશ્ચયનયથી તો તે કર્મકૃતસુખાદિનો પણ ભોક્તા બની શકે. કેમકે અશુદ્ધ નિશ્ચયનય આત્માને માત્ર નિરૂપાધિક જ્ઞાનાદિસ્વરૂપ ન માનતાં કર્મની ઉપાધિથી જનિત સુખદુઃખાદિ પર્યાય સ્વરૂપ પણ માને છે. શુદ્ધનિશ્ચયનય કર્મોપાધિજનિત રાગાદિ-પર્યાયમય કે સુખાદિપર્યાયમય માનતો નથી. અશુદ્ધનિશ્ચય-નય તો ઉપાધિજનિતભાવમય આત્મા માને છે.

ગમે તેમ પણ બેય અભેદપરક છે એ જ એમનું નિશ્ચયત્વ છે. જ્ઞાનવાળો આત્મા કે રાગ સુખાદિવાળો આત્મા એવું નિશ્ચયનયમાં કોઈ જ ન માને.[૨૫૫]

૨૫૫. (૧) સ. સાર : ગાથા ૮૬ (૫૫, ૫૬)
(૨) અધ્યાત્મ ઉપનિષત્ : ૨-૪૩.

[૭૫૭] कर्मणोऽपि च भोगस्य स्रगादेर्व्यवहारतः ।
नैगमादिव्यवस्थाऽपि भावनीयाऽनया दिशा ॥८०॥

વળી નિરુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી તો આત્મા કર્મનો પણ ભોક્તા છે અને ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર–નયથી તો તે પુષ્પાદિમાળા વિગેરેના ભોગનો પણ ભોક્તા છે. જે એક જ વાર ભોગવી શકાય તે વસ્તુ ભોગ કહેવાય.

વ્યવહાર નય ભેદપરક છે એટલે 'આત્માનું કર્મ' 'આત્માની પુષ્પમાળા' એમ કહી શકે. તેમાં 'આત્માની અસદ્ભૂત વસ્તુ કર્મને નિરુપચારથી આત્માની માનનાર નિરુપચરિત અસદ્ભૂત વ્યવહાર નય છે. આ નિરુપચરિત અસદ્ભૂત વ્યવહાર પુષ્પની માળાને આત્માની ન માને કેમકે તે આત્માની ઉપચારથી અસદ્ભૂત વસ્તુ છે. જ્યારે ઉપચરિત અસદ્ભુત વ્યવહાર તો પુષ્પમાળાને પણ આત્માની માને. આથી નિરુપચરિત અસદ્ભૂત વ્યવહારનયમતે આત્મા કર્મનો ભોક્તા બને છે. જ્યારે ઉપચરિતઅસદ્ભૂત વ્યવહારનયથી આત્મા પુષ્પમાળાદિનો પણ ભોક્તા બને છે.

નૈગમાદિનયોથી પણ આત્માના ભોકતૃત્વની વિચારણા કરવી. તે આ રીતે-નૈગમનયથી દૂરની કે નજીકની, પૌદ્ગલિક કે આત્મિક, કોઈ પણ ભોગ્ય વસ્તુનો આત્મા ભોક્તા છે; સંગ્રહનયથી સર્વભોગ્યવસ્તુના સંગ્રહરૂપ એક જ ભોગનો આત્મા ભોકતા છે; વ્યવહારનયની વાત તો ઉપર આવી ગઈ છે; ઋજુસૂત્રનયથી જે પદાર્થનો જે વખતે ભોગ કરાતો હોય તે પદાર્થનો તે વખતે તે આત્મા ભોકતા છે. શબ્દનયથી

સામાન્યતઃ ફૂલની માળા વગેરે મંગાવીને તે તે પદાર્થનો આત્મા ભોક્તા બને છે; સમભિરૂઢ નયથી ફૂલની માળાના જુદાં જુદાં ફૂલોનો જુદો જુદો ભોક્તા છે; અને એવંભૂત નયથી જે વખતે જે ફૂલની માળાનો કે તેના ફૂલનો સાક્ષાત્ ભોગ કરતો હોય તે વખતે તે આત્મા તે પદાર્થનો ભોક્તા છે.[૨૫૬]

[૭૫૮] कर्ताऽपि शुद्धभावाना–मात्मा शुद्धनयाद्विभुः ।
प्रतीत्य वृत्तिं यच्छुद्धक्षणानामेष मन्यते ॥८१॥

શુદ્ધનયથી વિભુ એવો આત્મા શુદ્ધભાવોનો કર્તા પણ છે. આ શુદ્ધનય શુદ્ધક્ષણો(આત્મા)ના વર્તના=પર્યાયને આશ્રયીને આવું મન્તવ્ય ધરાવે છે. કહેવાનો આશય એ છે કે શુદ્ધનય પર્યાયાર્થિક નય છે અર્થાત્ શુદ્ધક્ષણોના પર્યાયો (વર્તના=વૃત્તિ) ને આશ્રયીને વિચાર કરે છે. પર્યાય તો પ્રતિક્ષણ ઉત્પાદ વિનાશશીલ છે માટે આત્મા પ્રતિક્ષણ પોતે જ પોતાના શુદ્ધભાવોનો કર્તા (ઉત્પાદક) બને છે.

અન્યત્ર કહ્યું છે કે નિશ્ચયથી આ આત્મા પરદ્રવ્ય સ્વરૂપનો કર્તા બને તો તે આત્મા નિયમથી પરદ્રવ્યમય બની જાય. પણ તે પરદ્રવ્યમય તો નથી જ કેમકે કોઈ દ્રવ્ય અન્યદ્રવ્યમય બની જાય તો તે દ્રવ્યનો નાશ થઈ જાય એવો નિયમ છે. એટલે એમ થતાં આત્મદ્રવ્યનો નાશ થવાની આપત્તિ આવે. માટે આત્મા પરદ્રવ્ય સ્વરૂપનો કર્તા નથી, માત્ર શુદ્ધભાવનો કર્તા છે.[૨૫૭]

૨૫૬. સ. સારઃ– ગા–૯૮ થી ૧૦૦, ૧૦૫, ૧૦૬, ૧૦૯.
૨૫૭. સ. સાર : ગા. ૧૦૨.

[૭૫૯] अनुपप्लवसाम्राज्ये विसभागपरिक्षये ।
आत्मा शुद्धस्वभावानां जननाय प्रवर्त्तते ॥८२॥

ઉપપ્લવ = ભ્રાન્તિ.

જ્યારે ભ્રાન્તમનોદશા દૂર થઈ જાય અને અભ્રાન્ત સત્ય પદાર્થજ્ઞાનનું આત્મા ઉપર સામ્રાજ્ય વ્યાપી જાય ત્યારે વિભાવ દશાનો (કષાયાદિસ્વરૂપ આત્માની ધારાનો) ક્ષય થઈ જાય છે. આમ થતાં આત્મા શુદ્ધ સ્વભાવ (સભાગ સંતતિ) ને ઉત્પન્ન કરવા લાગે છે. [૨૫૮]

[૭૬૦] चित्तमेव हि संसारो रागक्लेशादिवासितम् ।
तदेव तैर्विनिर्मुक्तं भवान्त इति कथ्यते ॥८३॥

રાગાદિ ક્લેશોથી વાસિત ચિત્ત એ જ સંસાર છે અને તેનાથી મુક્ત એવું ચિત્ત એ જ મોક્ષ છે. એટલે જેમ જેમ એ ક્લેશાદિથી રહિત ચેતના થતી જાય તેમ તેમ આત્મા શુદ્ધભાવોનો કર્તા થતો જાય છે.

[૭૬૧] यश्च चित्तक्षणः क्लिष्टो नाऽसावात्मा विरोधतः ।
अनन्यविकृत रूप-[illegible]न्वर्थं ह्यदः पदम् ॥८४॥

બીજા કોઈથી પણ જેની અવસ્થામાં કશો વિકાર થતો નથી તેને જ ચિત્ત, ચેતન, આત્મા કહેવાય છે. આમ ચિત્ત પદ અર્થગંભીર છે. 'ડિત્થ' 'ડવિત્થ' પદોની જેમ અર્થહીન નથી.

---

૨૫૮. સમયસાર : ગાથા ૩૪૪ (૨૦૫)

શબ્દનય કહે છે કે આથી જ જે (આત્મા) શુદ્ધ હોય અસંક્લિષ્ટ હોય–નિર્વિકાર હોય તે જ આત્મા કહેવાય. જે ચિત્તક્ષણ રાગાદિ ક્લેશોથી સંક્લિષ્ટ બનેલ હોય તેને આત્મા–ચિત્ત જ ન કહેવાય.

'આત્મા અને તે વળી ક્લેશયુક્ત!' એ વિરોધી વાતોનો એકમાં સંભવ જ નથી. એટલે અશુદ્ધ આત્માને તો અમે આત્મા જ માનતા નથી, શુદ્ધાત્મા એ જ આત્મા છે.[૨૫૯]

[૭૬૨] श्रुतमनुपयोगश्चे–त्येतन्मिथ्या यथा वचः ।
तथाऽऽत्माऽशुद्धरूपश्चे–त्येवं शब्दनया जगुः ॥८५॥

જેમ એક માણસ શ્રુતવાળો (શ્રુત) હોય તો તે જ્ઞાનના (= શ્રુતના) અનુપયોગવાળો હોઈ શકે જ નહિ. છતાં તેવું કોઈ કહે તો તે કથન જેમ મિથ્યા છે તેમ જે આત્મા હોય તે રાગાદિથી અશુદ્ધ રૂપવાળો હોય તેમ કહેવું એ પણ મિથ્યા વચન છે. આવું શબ્દનયોનું મન્તવ્ય છે.

[૭૬૩] शुद्धपर्यायरूपस्तदात्मा शुद्धस्वभावकृत् ।
प्रथमाऽप्रथमत्वादिभेदोऽप्येवं हि तात्त्विकः ॥८६॥

એટલે એ વાત સ્થિર થઈ કે આત્મા શુદ્ધ પર્યાય-સ્વરૂપ છે. અને શુદ્ધસ્વભાવનો કર્તા છે. પર્યાયસ્વરૂપ આત્મા પ્રતિક્ષણ નવો નવો ઉત્પન્ન થાય એટલે પ્રતિક્ષણ શુદ્ધ સ્વભાવનો કર્તા બને.

---

૨૫૯. સ. સાર. : ૩૪૫, ૩૪૬.

શાસ્ત્રોમાં અન્યત્ર પ્રથમ સમયસિદ્ધ, અપ્રથમ સમયસિદ્ધ, વિગેરે જે ભેદ આવે છે તેનું નિરૂપણ દ્રવ્યાર્થિકનય દૃષ્ટિથી ત્યાં ત્યાં કરવામાં આવ્યું છે કે અમુક સમયની વિવક્ષાએ તે જ સમયે સિદ્ધ થયેલાં બધા આત્મદ્રવ્યો પ્રથમ સમયસિદ્ધ કહેવાય અને તે વિવક્ષિત સમયથી અપર સમયોમાં સિદ્ધ થયેલાં આત્મદ્રવ્યો અપ્રથમ સમયસિદ્ધ કહેવાય. હવે અહીં આત્મદ્રવ્યોમાં જે પ્રથમાપ્રથમ–સિદ્ધત્વનો ભેદ પાડવામાં આવ્યો તે કાળની વિવક્ષાથી ભેદ પાડયો છે. આમ અહીં સિદ્ધદ્રવ્યત્વેન બધા સિદ્ધો સમાન છતાં કાળનો ઉપચાર કરવાથી તે સિદ્ધદ્રવ્યોમાં ભેદ પાડવામાં આવ્યો. ટૂંકમાં દ્રવ્યાર્થિક નયદૃષ્ટિથી થતો આવો પ્રથમાપ્રથમસિદ્ધત્વભેદ કાલૌપચારિક બની ગયો. જ્યારે પર્યાયાર્થિક નયદૃષ્ટિથી તો શુદ્ધપર્યાયરૂપ જે આત્મા જ્યારે બને ત્યારે તેનામાં પ્રથમ સમયસિદ્ધત્વ આવે અને પછી તે જ આત્મા દ્વિતીયાદિક્ષણે નથી કિન્તુ અપરશુદ્ધપર્યાયાત્મક આત્માઓ છે એ બધા આત્માઓમાં અપ્રથમસમયસિદ્ધત્વ આવે. આમ क, ख, ग દરેક આત્મા શુદ્ધપર્યાયસ્વરૂપ બને તે વખતે તેનામાં પ્રથમ સમયસિદ્ધત્વ આવે અને પછી તે क વિગેરે શુદ્ધપર્યાયાત્માના પોતાના–(સજાતીય) બીજા પર્યાયોમાં અપ્રથમસમયસિદ્ધત્વ આવે. આમ અહીં અમુક કાળની વિવક્ષા કરવી પડતી નથી માટે આ પર્યાયાર્થિક નયદૃષ્ટિથી જ શુદ્ધપર્યાયસ્વરૂપ આત્મા માનવાથી જ પ્રથમાપ્રથમત્વાદિ ભેદો તાત્વિક બને છે. (ઔપચારિક બનતા નથી.)[૨૬૦]

૨૬૦. શા. વાર્તા : ૯, ૨૬.

[૭૬૪] ये तु दिक्पटदेशीयाः शुद्धद्रव्यतयाऽऽत्मनः ।
शुद्धस्वभावकर्तृत्वं जगुस्तेऽपूर्वबुद्धयः ॥८७॥

પૂર્વના ૭ શ્લોકોમાં (૭૫૮ થી ૭૬૩) આપણે જોઈ ગયા કે શબ્દનયથી આત્મા શુદ્ધસ્વભાવનો કર્તા બને છે. કિન્તુ શુદ્ધ સ્વભાવનો કર્તા બને છે. કિન્તુ શુદ્ધ નિશ્ચયનય= શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી (શુદ્ધ નિશ્ચયનયથી) આત્મા શુદ્ધ સ્વભાવનો પણ કર્તા બની શકે નહિ. પણ અહીં દિગમ્બરો કહે છે કે, 'આત્મા શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી શુદ્ધ સ્વભાવનો કર્તા છે.' ગ્રન્થકાર પરમર્ષિ કહે છે કે તેમનું આ કથન તો સાચે જ તેમની અપૂર્વ બુદ્ધિમત્તાનું ઉઘાડું પ્રદર્શન કરે છે!

[૭૬૫] द्रव्यास्तिकस्य प्रकृतिः—शुद्धा सङ्ग्रहगोचरा ।
येनोक्ता सम्मतौ श्रीम—त्सिद्धसेनदिवाकरैः ॥८८॥

**૭ શ્લોકમાં દિગમ્બરોની તે માન્યતાનું ખંડન :**

સમ્મતિતર્ક ગ્રન્થમાં ભગવાન સિદ્ધસેન દિવાકર સૂરિજીએ કહ્યું છે કે સંગ્રહનય દ્રવ્યાસ્તિકનયથી શુદ્ધ પ્રકૃતિ સ્વીકારે છે. અર્થાત્ દ્રવ્યાર્થિકનયની જે શુદ્ધ પ્રકૃતિ છે તે શુદ્ધ સંગ્રહનય છે.

[૭૬૬] तन्मते च न कर्तृत्वं, भावानां सर्वदान्वयात् ।
कूटस्थः केवलं तिष्ठत्यात्मा साक्षित्वमाश्रितः ॥८९॥

હવે તે શુદ્ધ નિશ્ચયનયસ્વરૂપ સંગ્રહનયના મતે તો આત્મા સદૈવ શુદ્ધ સ્વભાવ જ કહ્યો છે, કેમકે આત્મા

અને શુદ્ધસ્વભાવ એ એક જ વસ્તુ છે. આમ હોવાથી શુદ્ધસ્વભાવનું કર્તૃત્વ તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી તો શક્ય જ નથી. આ મતે તો આત્મા કૂટસ્થનિત્ય છે. એનામાં વળી શુદ્ધસ્વભાવની ઉત્પત્તિક્રિયા સંભવે જ શી રીતે ?

[૭૬૭] कर्तुं व्याप्रियते नायमुदासीन इव स्थितः ।
आकाशमिव पङ्केन लिप्यते न च कर्मणा ॥९०॥

શુદ્ધદ્રવ્યાર્થિક મતે તો આત્મા તદ્દન ઉદાસીન છે. તે કશું ય કરવાની પ્રવૃત્તિ કરતો જ નથી. એટલે જેમ આકાશ તદ્દન નિષ્ક્રિય છે માટે તેને કાદવનો લેપ થતો નથી તેમ સર્વથા નિષ્ક્રિય આત્માને કર્મનો લેપ થતો નથી.

[૭૬૮] स्वरूपं तु न कर्तव्यं ज्ञातव्यं केवलं स्वतः ।
दीपेन दीप्यते ज्योति-र्न त्वपूर्वं विधीयते ॥९१॥

આ દ્રવ્યાર્થિક (શુદ્ધ સંગ્રહ) નયથી એમ કહી શકાય જ નહિ કે આત્મા પોતાના સ્વરૂપનો કર્તા છે. કેમકે સ્વરૂપ તો, તેના મતે, કરવાનું છે જ નહિ તેને તો માત્ર સ્વયં જાણવાનું છે. જેમ દીવો પ્રકાશ્યા કરે છે, પણ કશું નવું કરતો નથી તેમ આત્મા જ્ઞાનાત્મક જ બની રહેલો છે તે ય કશું નવું કરતો નથી. તેને નવું કાંઈ કરવાનું રહેતું જ નથી.

[૭૬૯] अन्यथा प्रागनात्मा स्यात् स्वरूपाननुवृत्तितः ।
न च हेतुसहस्रेणा-प्यात्मता स्यादनात्मनः ॥९२॥

અને જો આત્મા સ્વરૂપનો કર્તા બનતો હોય તો તો જે ક્ષણે તેણે તેનું સ્વરૂપ ઉત્પન્ન કર્યું તેની પૂર્વ ક્ષણોમાં

તો તે સ્વરૂપની હાજરી (અનુવૃત્તિ) ન જ હતી એમ નક્કી થયું. આમ થતાં પૂર્વક્ષણોમાં સ્વરૂપ વિનાનો તે આત્મા જડ બની જાય. પછી ભલે ને હજારો પ્રયત્ન કરો પણ તે જડ કદી પણ ચેતન બની શકે જ નહિ. આ આપત્તિને નિવારવા માટે આત્માને શુદ્ધનિશ્ચય નયથી સ્વરૂપનો કર્તા માની શકાય જ નહિ.

[૭૭૦] नये तेनेह नो कर्ता, किन्त्वात्मा शुद्धभावभृत् ।
उपचारात्तु लोकेषु तत्कर्तृत्वमपीष्यताम् ॥९३॥

એટલે આ શુદ્ધદ્રવ્યાર્થિકનયમતમાં તો આત્માને શુદ્ધસ્વભાવનો કર્તા માની શકાય નહિ; માત્ર શુદ્ધસ્વભાવ ધારણ કરનારો જ કહેવાય. હા, ઉપચારથી (વ્યવહારનયથી) લોકમાં આત્માને તે તે ભાવોનો કર્તા ભલે કહેવાય. આમ અહીં શુદ્ધનિશ્ચયનયથી દિગમ્બરોએ માનેલા આત્માના શુદ્ધસ્વભાવકર્તૃત્વમતનું ખંડન પૂર્ણ થયું.

એટલે હવે એ વાત સ્થિર થઇ કે આત્મા શબ્દનયોથી શુદ્ધસ્વભાવનો કર્તા હોઈ શકે; કિન્તુ શુદ્ધનિશ્ચયનયથી નહિ. હવે આ જ વિધાનને અનુલક્ષીને પરમર્ષિ પર્યાયાસ્તિકનયોથી જુદી જુદી રીતે આત્મામાં કર્તૃત્વ બતાવે છે. અને તેની સાથે આત્મામાં તે તે કાળે જુદા જુદા ધર્મો ઉત્પન્ન થાય છે કે પ્રગટ થાય છે તે વાત પણ આગામી શ્લોકમાં (૭૭૧થી ૭૯૪) કહે છે.[૨૬૧]

૨૬૧. સમ્મતિ તર્ક : ૧–૫૧, ૫૨.

[૭૭૧] उत्पत्तिमात्मधर्माणां विशेषग्राहिणो जगुः ।
अव्यक्तिरावृतेस्तेषां नाभावादिति का प्रमा ॥९४॥

વિશેષ (પર્યાય)નું ગ્રહણ કરતા પર્યાયાસ્તિક નય કહે છે કે આત્મામાં સમ્યગ્દર્શનાદિ ગુણો ઉત્પન્ન થાય છે. અર્થાત્ સદૈવ તે ગુણો આત્મામાં હોતા નથી. સામાન્યગ્રાહી દ્રવ્યાસ્તિકનય કહે કે, "તેઓ સદૈવ હોય છે છતાં તે ગુણો વ્યક્ત દેખાતા નથી તેનું કારણ તેમની ઉપર આવી જતું આવરણ છે."

પર્યાયાસ્તિકનય કહે છે કે અમે તો આ વાત માનતા નથી. અમે તેમને પૂછીશું કે એવું જ માનવામાં શું પ્રમાણ છે?

પહેલા જીવના સંસારપર્યાયમાં તે ગુણો જ નહિ માટે દેખાતા ન હતા હવે જીવના સિદ્ધપર્યાયમાં તે ગુણો ઉત્પન્ન થયા માટે જણાયા' એમ અમે કહીએ તો તેની સામે તમારી પાસે કોઈ બાધક તર્ક છે ખરો? નહિ જ, તો પછી તેવો આગ્રહ તમે કેમ રાખી શકો કે પહેલાં તે ગુણો હતા તો ખરા જ છતાં ન દેખાવામાં આવરણ કારણ બન્યું છે?

[૭૭૨] सत्त्वं च परसन्ताने नोपयुक्तं कथञ्चन ।
सन्तानिनामनित्यत्वात्सन्तानोऽपि न च ध्रुवः ॥९५॥

(આત્માના જ્ઞાનાદિગુણોને અનિત્ય માનનારા વાદીઓ

આત્માને તો નિત્ય જ માને છે તેમજ એના જ્ઞાનાદિગુણોને બૌદ્ધોની જેમ ક્ષણિક નથી માનતા એ વાત ખ્યાલમાં રાખવી.) આત્મગુણોત્પત્તિવાદીઓ બૌદ્ધોને કહે છે કે તમે જ્ઞાનાદિગુણોને ક્ષણિક માનો છો એટલે તેનો નિરન્વય નાશ થવાથી પૂર્વોત્તરભાવનો ક્રમ, સ્મરણ વિગેરે ઉપપન્ન ન થાય. તે ઉપપન્ન કરવા માટે તમે જ્ઞાનાદિનો સન્તાન માનો છો. આ સન્તાન એ અમે માનેલા આત્માથી ભિન્ન પદાર્થ છે. તમે જ્ઞાનાદિસન્તાન માનો છો પણ આત્મા નથી માનતા. હવે અમે તમને પૂછીએ છીએ કે આત્માથી ભિન્ન (પર) તમે જે જ્ઞાનાદિસન્તાન માન્યો છે તેનો કોઈ જ ઉપયોગ નથી અર્થાત્ જ્ઞાનાદિસન્તાનમાં સત્તા માનવાનું કોઈ જ ફળ નથી કેમકે એ સન્તાન જેવી કોઇ વસ્તુ જ નથી. છતાં જો તેને વસ્તુ માનો તો તે ક્ષણિક છે કે અક્ષણિક? જો ક્ષણિક હોય તો તો જ્ઞાનાદિગુણોની જેમ તે સન્તાન પણ ક્ષણિક બન્યો. તેવો ક્ષણિક સન્તાન જ્ઞાનાદિના પૂર્વોત્તરભાવનો ક્રમ શી રીતે ઉપપન્ન કરશે? અને જો તે સન્તાન અક્ષણિક છે તો તમારો ક્ષણિકવાદ નાશ પામ્યો કહેવાશે. આમ બે ય રીતે સન્તાનની સત્તા માનવાની કોઈ જરૂર નથી. વળી સન્તાની (જ્ઞાનાદિગુણો) અનિત્ય છે માટે સન્તાન પણ અનિત્ય જ બની જાય છે. એટલે એવા અનિત્ય સન્તાનથી પ્રતિક્ષણ નિરન્વયનાશશાલી જ્ઞાનાદિગુણો વચ્ચે પૌર્વાપર્યભાવ બનાવી શકે નહિ. માટે સન્તાન માનવાની કશી જરૂર નથી. સન્તાન વિના જ્ઞાનાદિ ગુણોને સન્તાની પણ કહેવાય નહિ. એટલે આત્મા ધ્રુવ છે એનાથી ભિન્ન

(૫૨) કોઈ સન્તાન જેવી વસ્તુ નથી. અને તેના જ્ઞાનાદિ-ગુણો ઉત્પત્તિશીલ છે એટલું જ માનવું જોઈએ.

[૭૭૩] व्योमाप्युत्पत्तिमत्तत्त–दवगाहात्मना ततः ।
नित्यता नाऽऽत्मधर्माणां तद्दृष्टान्तबलादपि ॥९६॥

આકાશદ્રવ્ય પણ તે તે ઘટાદિદ્રવ્યોને અવગાહના આપવારૂપે ક્ષણે ક્ષણે નવું ઉત્પન્ન થાય છે. (ઘટાકાશ ઉત્પન્ન થાય છે, પટાકાશ નાશ પામે છે.) આમ આકાશના દૃષ્ટાન્તથી પણ જાણવું કે આત્મધર્મો નિત્ય નથી પણ અનિત્ય છે: ઉત્પત્તિમત્ છે.

[૭૭૪] ऋजुसूत्रनयस्तत्र कर्तृतां तस्य मन्यते ।
स्वयं परिणमत्यात्मा यं यं भावं यदा यदा ॥९७॥

આત્માના કર્તૃત્વ વિષે પર્યાયાર્થિક ઋજુસૂત્ર નય તો કહે છે કે જે જે ભાવને જ્યારે જ્યારે આત્મા પોતે જ પરિણમાવે છે ત્યારે ત્યારે તે તે ભાવનો તે તે આત્મા કર્તા કહેવાય.

[૭૭૫] कर्तृत्वं परभावाना–मसौ नाभ्युपगच्छति ।
क्रियाद्वयं हि नैकस्य द्रव्यस्याभिमतं जिनैः ॥९८॥

આ ઋજુસૂત્ર–પર્યાયાર્થિકનય આત્મામાં પોતાના જ ભાવોનું કર્તૃત્વ સ્વીકારે છે. કિન્તુ પર–પૌદ્ગલિકભાવોનું કતૃત્વ આત્મામાં સ્વીકારતો નથી. કેમકે જો આત્મા પોતાના અને પરના ભાવોની ઉત્પત્તિ ક્રિયાવાળો (કર્તૃતાવાળો)

માનવામાં આવે તો એક જ આત્મામાં બે ક્રિયા થવાની આપત્તિ આવે. અને જિનેશ્વરદેવોને એક જ દ્રવ્યમાં બે વસ્તુની (બે) ક્રિયા તો સંમત નથી.

[૭૭૬] भूतिर्या हि, क्रिया सैव स्यादेकद्रव्यसन्ततौ ।
न साजात्यं विना च स्यात् परद्रव्यगुणेषु सा ॥९९॥

અહીં એ ખ્યાલ રાખવો કે આ ઋજુસૂત્રનયમતે આત્મા પ્રતિક્ષણ વિનાશી છે. તેનામાં જે પોતાના ભાવની ઉત્પત્તિ-ક્રિયા પૂર્વશ્લોકમાં કહી તે ક્રિયા એટલે સ્વાત્મદ્રવ્યની નવા નવા પર્યાયોરૂપે જે ભૂતિ (થવાપણું) તે જ છે. આ ક્રિયા એક જ (આત્મ) દ્રવ્યની સન્તતિમાં થયા કરે છે. પ્રત્યેક ક્ષણના આત્મદ્રવ્યમાં સ્વદ્રવ્યત્વ છે. એટલે સ્વદ્રવ્યત્વથી તે બધી ક્ષણના આત્મદ્રવ્યમાં સાજાત્ય છે. જ્યારે પર-પૌદ્ગલિકદ્રવ્યગુણમાં તો સ્વદ્રવ્યત્વનું સાજાત્ય નથી માટે તેવા સાજાત્ય વિના તે પરદ્રવ્યનું તથા પરદ્રવ્યના પર્યાયોનું કર્તૃત્વ સ્વાત્મામાં ઘટી શકતું નથી.

[૭૭૭] नन्वेमन्यभावानां न चेत्कर्ता परो जनः ।
तदा हिंसादयादान–हरणाद्यव्यवस्थितिः ॥१००॥

પ્રશ્ન–જો આ રીતે અન્યભાવોનો કર્તા આત્મા ન બને અર્થાત્ માત્ર સ્વભાવોનો જ આત્મા કર્તા હોય તો પરદ્રવ્યના હિંસા, દયા, દાન, હરણ વિગેરે ભાવોનું કર્તૃત્વ સ્વાત્મામાં માનવાની જે લોકવ્યવસ્થા છે તે અનુપપન્ન થઇ જશે તેનું શું ? તેમ થતાં પરદ્રવ્યની હિંસાદિ ક્રિયાનો કર્તા આત્મા

નહિ બને તો તેને લોકમાં અમુક હિંસક, અમુક દાતા વગેરે કેમ કહેવાશે? તમારા મતે શું કોઈ હિંસક નથી? કોઈ ચોર નથી? કોઈ દાનેશ્વરી નથી? અને જો પરના હિંસાદિને આત્મા કરતો નથી તો તેનું દુર્ગતિ વિગેરે ફળ પણ તે કેમ મેળવશે?[२] [२]

[૭૭૮] सत्यं, पराश्रयं न स्यात्, फलं कस्यापि यद्यपि ।
तथापि स्वगतं कर्म स्वफलं नातिवर्तते ॥१०१॥

હા. એ વાત બરોબર જ છે. (૫૨) વધ્યદ્રવ્યમાં હિંસાદિ થાય છે એનો કર્તા આત્મા નથી માટે એ પરના હિંસાદિનું ફળ કાંઇ સ્વ–આત્માને ન જ મળે. પણ એ હિંસાદિથી આત્મામાં જે શુભાશુભ પરિણામથી કર્મ ઉત્પન્ન થાય છે તેનું ફળ તો બીજાને ન જ મળે ને? અર્થાત્ પરમાં થયેલ હિંસાદિ ક્રિયા વખતે ઉત્પન્ન થતા કર્મપરિણામોથી ઉત્પન્ન થતું કર્મ તો આત્મામાં જ છે તો ત્યાં તેનું ફળ પણ હોય જ.

**હિંસા[1] : દયા[2] :**

[૭૭૯] हिनस्ति न परं कोऽपि निश्चयान्न च रक्षति ।
तदायुः कर्मणो नाशे, मृतिर्जीवनमन्यथा ॥१०२॥

પ્ર. આ તો સ્વના પરિણામનું ફળ કહ્યું પણ પરની હિંસાદિ ક્રિયાનું શું ફળ?

ઉ. નિશ્ચયથી તો કોઈ કોઇને હણતો જ નથી કે

---

૨૬૨. અધ્યાત્મમતપરીક્ષા : ૪૮.

રક્ષતો પણ નથી. જ્યારે જેના આયુષ્યકર્મનો નાશ થાય છે ત્યારે તેનું મૃત્યુ થાય છે, અન્યથા જીવન રહે છે. એટલે હિંસાદિ અંગેની લૌકિક વ્યવસ્થા જ ખોટી છે.[૨૬૩]

[૭૮૦] हिंसादयाविकल्पाभ्यां स्वगताभ्यां तु केवलम् ।
फलं विचित्रमाप्नोति परापेक्षां विना पुमान् ॥१०३॥

જ્યારે હિંસા કે દયા કરવામાં આવે છે ત્યારે તે આત્મામાં હિંસાનો કે દયાનો પરિણામ ઉત્પન્ન થાય છે અને તે પરિણામ જ સારા માઠાં ફળો તે આત્માને બતાડે છે. આમાં પરદ્રવ્યની કોઇ અપેક્ષા રહેતી જ નથી. એટલે કોઇ કોઇનું હણતો નથી, કોઈ કોઇને રક્ષતો નથી છતાં તેને હણવાનું, રક્ષવાનું જે ફળ છે, તે તો તેવા તેવા પરિણામને લીધે જ મળે છે. એટલે જ પરદ્રવ્ય ન પણ હોય છતાં હિંસાદયાદિનો પરિણામ થાય તો તેના સારા-માઠાં ફળ અવશ્ય મળી જાય છે.

[૭૮૧] शरीरी म्रियतां मा वा, ध्रुवं हिंसा प्रमादिनः ।
दयैव यतमानस्य वधेऽपि प्राणिनां क्वचित् ॥१०४॥

નિશ્ચયનયવાદી કહે છે કે સામો જીવ મરે કે ન મરે પણ જે પ્રમાદી છે તેને તો અવશ્ય હિંસાનું પાપ લાગે છે. કેમકે તેને તે વખતે કષાય પરિણામરૂપ પ્રમાદ છે માટે તેનું ફળ તેને મળે જ.

અને અજાણતાં કયારેક પ્રાણી મરી જાય તો પણ

૨૬૩. સ. સાર : ૨૪૭ થી ૨૭૨.

યતનાના ઉપયોગધર્મના પરિણામવાળો જે આત્મા છે તેને તો દયાનું જ ફળ મળે છે માટે તે વખતે ય તે તો દયાળુ જ કહેવાય. આ ઉપરથી નક્કી થાય છે કે હિંસાદિપરિણામ ઉપર જ હિંસાદિ છે અને તેના ફળોની પ્રાપ્તિ છે. હિંસાદિ અને તના ફળોની પ્રાપ્તિ પરવ્યક્તિના ઘાત વગેરે સ્વરૂપ ક્રિયાઓથી નથી.

એટલે હવે આત્મા હિંસાદિ ક્રિયાનો કર્તા છે જ નહિ અને છતાં તેવા તેવા પરિણામનો કર્તા છે માટે તે પરિણામાનુસાર સારા માઠાં ફળનો ભોક્તા બની શકે છે એ વાત નિશ્ચિત થાય છે.[૨૬૪]

[૭૮૨] परस्य युज्यते दानं हरणं वा न कस्यचित् ।
न धर्मसुखयोर्यत्ते कृतनाशादिदोषत: ॥१०५॥

**દાન[૩]–હરણ[૪] :**

વળી વસ્તુસ્થિતિ પણ એ જ છે કે બીજા કોઈને દાન દેવાથી ધર્મ થઈ જતો નથી અને બીજાનું દ્રવ્ય હરી લેવાથી કાંઈ સુખ થઈ જતું નથી. જો તેમ થઈ જાય તો તો પોતાના સત્કર્મથી જે ધન મેળવ્યું છે તે બીજાને દઈ દેવાય એટલે તે ધનથી જે ભોગપ્રાપ્તિ પોતાને થવાની હતી તેનો નાશ થાય. આમ કૃતનાશ દોષ આવે.

અને કોઈ સત્કર્મ કર્યા વિના બીજાનું ધન હરી લઈ ને

૨૬૪. (૧) પ્રવ. સાર : ૩–૧૭, ૧૮.
(૨) વિ. આવ. ભાષ્ય : ૧૭૬૩, ૬૪.

ભોગપ્રાપ્તિ કરે એટલે અકૃતાગમ દોષ આવે. એટલે દાન હરણની ક્રિયાથી ધર્માધર્મ થાય એ વાત યોગ્ય જ નથી.

[૭૮૩] भिन्नाभ्यां भक्तवित्तादि–पुद्गलाभ्यां च ते कुतः।
स्वत्वापत्तिर्यतो दानं, हरणं स्वत्वनाशनम् ॥१०६॥

નિશ્ચયનય કહે છે કે જે ભોજન, ધન વિગેરે પદાર્થો આત્માથી તદ્દન ભિન્ન પુદ્ગલો છે એ આત્માના–પોતાના બને શી રીતે? અને જો એ પુદ્ગલો આત્માનાં ન બને તો આત્મામાં એ પુદ્ગલોનું સ્વામિત્વ અને પુદ્ગલોમાં આત્માનું સ્વત્વ પણ ન ઘટે. હવે જો એ પુદ્ગલોમાં આત્માનું સ્વત્વ જ નથી તો પછી પુદ્ગલોનું દાન એ તો સ્વત્વોત્પાદ સ્વરૂપ છે અને હરણ એ સ્વત્વનાશસ્વરૂપ છે. એ બે ય દાન હરણ ઘટે જ નહિ. એટલે પરભાવનાં દાન હરણનું કર્તૃત્વ આત્મામાં ઘટી શકતું જ નથી.

[૭૮૪] कर्मोदयाच्च तद्दानं हरणं वा शरीरिणाम्।
पुरुषाणां प्रयासः क–स्तत्रोपनमति स्वतः ॥१०७॥

વળી જીવના તેવા તેવા શુભાશુભ કર્મોના ઉદયને લીધે જ બીજા ઉપરની અનુગ્રહબુદ્ધિથી જીવ પોતાને જ પોતાના શુભોપયોગનું દાન કરે છે અથવા તો બીજા ઉપરની ઉપઘાત બુદ્ધિથી પોતે જ પોતાના શુભોપયોગનું હરણ કરે છે.

આમ કર્મોદયને લીધે જ તે દાન હરણ ક્રિયા સ્વતઃ

આત્મામાં પરિણમે છે એમાં એ વખતે જીવોનો કયો પ્રયાસ છે ? કોઈ જ પ્રયાસ નથી.

[૭૮૫] स्वगताभ्यां तु भावाभ्यां केवलं दानचौर्ययोः ।
अनुग्रहोपघातौ स्तः परापेक्षा परस्य न ॥१०८॥

એટલે બીજાને દેવાના કે બીજાનું હરી લેવાના ભાવ માત્રથી પોતાની જ ઉપર આત્મા અનુગ્રહ કે ઉપઘાત કરે છે. અહીં પરની કોઈ જ અપેક્ષા રહેતી નથી. એટલે હવે દાનથી બીજા ઉપર અનુગ્રહ થાય અને હરણથી બીજા ઉપર ઉપઘાત થવાની વાતને કોઈ અવકાશ જ નથી.

આ ચર્ચાનો નિષ્કર્ષ એ આવ્યો કે દાનાદિ ક્રિયાઓ આત્મા કરતો જ નથી. કેમકે તેમ કરવાનું તેને કોઈ પ્રયોજન નથી. માત્ર દયાહિંસાદિના શુભાશુભ પરિણામો જ તેને શુભાશુભ ફળ આપે છે.

[૭૮૬] पराश्रितानां भावानां कर्तृत्वाद्यभिमानतः ।
कर्मणा बद्ध्यतेऽज्ञानी ज्ञानवाँस्तु न लिप्यते ॥१०९॥

એટલે જ્યારે આ વાત નક્કી થઈ કે આત્મા પરાશ્રિત-ભાવોનો કર્તા જ નથી છતાં જો ભ્રમથી આવું કર્તૃત્વ કોઈ માની લે તો તે અજ્ઞાની જીવ તેવા ભ્રમથી કર્મબદ્ધ થાય છે, અને તેવા ભ્રમ વિનાનો જ્ઞાની આત્મા કર્મથી બંધાતો નથી. [૨૬૫]

૨૬૫. પ્રવચનસાર : ૨–૯૧.

[૭૮૭] कर्तैवमात्मा नो पुण्यपापयोरपि कर्म्मणोः ।
रागद्वेषाशयानां तु कर्तेष्टानिष्टवस्तुषु ॥११०॥

જેમ આત્મા પરાશ્રિતભાવોનો કર્તા નથી તેમ પુણ્ય-પાપરૂપ કર્મનો પણ કર્તા નથી. માત્ર ઈષ્ટાનિષ્ટવસ્તુમાં થતા રાગદ્વેષના અધ્યવસાયનો કર્તા જરૂર છે.

આ વાત અશુદ્ધનિશ્ચયનયથી સમજવી.

[૭૮૮] रज्यते द्वेष्टि वाऽर्थेषु तत्तत्कार्यविकल्पतः ।
आत्मा यदा तदा कर्म्म भ्रमादात्मनि युज्यते ॥१११॥

જ્યારે આત્મા વિષય સ્વરૂપની મોહમૂઢતા (અજ્ઞાન)ને લીધે તે તે સુખાદિ કાર્યોના વિકલ્પથી અર્થોને વિષે રાગ કે દ્વેષના પરિણામ કરે છે ત્યારે તેનામાં કર્મનો બંધ થાય છે. જેવા રાગાદિના આત્માના પરિણામ તેવો કર્મબંધ.[૨૧૬]

[૭૮૯] स्नेहाभ्यक्ततनोरङ्गं रेणुना श्लिष्यते यथा ।
रागद्वेषानुविद्धस्य कर्म्मबन्धस्तथा मतः ॥११२॥

જેમ તેલચિક્કટ શરીરવાળાને ધૂળ ચોંટે છે તેમ રાગદ્વેષયુક્ત આત્માને કર્મ ચોંટે છે.[૨૧૭]

[૭૯૦] लोहं स्वक्रिययाऽभ्येति भ्रामकोपलसन्निधौ ।
यथा कर्म तथा चित्रं रक्तद्विष्टाऽऽत्मसन्निधौ ॥११३॥

૨૧૬. પ્રવ. સાર : ૨–૯૬.

૨૧૭. (૧) સમ. સાર : ૨૪૨ થી ૨૪૬.

(૨) પ્રવ. સાર : ૨–૮૩, ૩–૪૩, ૪૪.

(૩) પ્રશમરતિ : ૫૫.

પ્રશ્ન—કર્મરજકણુ તો જડ છે તેનામાં તો ક્રિયા હોઇ ન શકે. તો પછી આત્મા ઉપર તે ચોંટે શી રીતે? તે માટે આત્મામાં તો ક્રિયા માનવી જ રહીને?

ઉ.—ના. જેમ લોહચુંબક પાસે જડ લોઢું પણ પોતાની ક્રિયાથી ખેંચાઈ આવે છે તેમ રાગી દ્વેષી આત્મા પાસે વિચિત્ર કર્મો ખેંચાઈ આવે છે. હવે આત્મામાં પોતાને કર્મને બાંધવાની ક્રિયા માનવાની શી જરૂર છે?

[૭૯૧] आत्मा न व्यापृतस्तत्र रागद्वेषाशयं सृजन् ।
तन्निमित्तोपनम्रेषु कर्मोपादानकर्मसु ॥११४॥

આત્મા તો રાગ દ્વેષ (ભાવકર્મ)ના આશયને જ ઉત્પન્ન કરે છે. રાગ દ્વેષના વિવિધ આશયોથી ખેંચાઈ આવતા—અને યોગ (કર્મ=ક્રિયા=ચેષ્ટા) છે ઉપાદાન જેમનું એવા—દ્રવ્યકર્મ પુદ્ગલોને ખેંચવાનો વ્યાપાર એ કરતો જ નથી.

તેરમા ગુણસ્થાન સુધી મન, વચન, કાયાના યોગ છે માટે ત્યાં સુધી જ કર્મનું ગ્રહણ થયા કરે છે એટલે કર્મનું ઉપાદાન યોગ (કર્મ) કહેવાય.

[૭૯૨] वारि वर्षन् यथाऽम्भोदो धान्यवर्षी निगद्यते ।
भावकर्म सृजन्नात्मा तथा पुद्गलकर्मकृत् ॥११५॥

પ્ર.—જો આત્મા રાગાદિસ્વરૂપ ભાવકર્મનો જ કર્તા હોય તો તેને દ્રવ્યકર્મનો કર્તા કેમ કહેવાય છે?

ઉ.—વાદળ પાણી જ વરસાવે છે છતાં ધાન્ય વરસાવનારું કહેવાય છે તેમ રાગાદિસ્વરૂપ ભાવકર્મને સર્જતો

આત્મા દ્રવ્યકર્મને સર્જનારો કહેવાય છે. કારણમાં કાર્યનો ઉપચાર (વ્યવહાર) કરવાથી આવું નિર્વચન થઈ શકે છે. વસ્તુતઃ તો આત્મા રાગાદિનો જ કર્તા છે. (અશુદ્ધનિશ્ચયનયથી.)

[૭૯૩] नैगमव्यवहारौ तु ब्रूतः कर्मादिकर्तृताम् ।
व्यापारः फलपर्यन्तः परिदृष्टो यदाऽऽत्मनः ॥११६॥

પૂર્વે નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મામાં કર્માદિના કર્તૃત્વનો નિષેધ સિદ્ધ કર્યો. નૈગમ-વ્યવહારનયની દૃષ્ટિએ તો આત્મા રાગાદિની જેમ કર્માદિનો પણ કર્તા બની શકે છે.

તેમનું કહેવું એ છે કે આત્મા જે રાગાદિ કરે છે તેનું ફળ સામાન્યતઃ તરત તો આવતું જ નથી હવે જો કાલાન્તરે ફળ આવે છે તો તે વચ્ચેના કાળમાં એવો કોઈ વ્યાપાર માનવો જોઈએ કે જે ફલપર્યન્ત રહે અને તે રીતે સુખાદિ ફળ પ્રતિ રાગાદિની પૂર્વવૃત્તિતારૂપ કારણતાને જાળવી રાખે. એ વ્યાપાર તે જ દ્રવ્યકર્મ. આત્મા રાગાદિ ઉત્પન્ન કરે, પછી દ્રવ્યકર્મ ઉત્પન્ન કરે અને તે દ્રવ્યકર્મ દ્વારા ફળનો વિપાક પ્રાપ્ત કરે. આમ રાગાદિ અને ફળ એ બેની વચ્ચે કડીરૂપ વ્યાપાર માનવાનું અનિવાર્ય બને છે અને તે વ્યાપાર તે જ દ્રવ્યકર્મ સિદ્ધ થાય છે. એટલે દ્રવ્યકર્માદિનું પણ કર્તૃત્વ આત્મામાં માનવું જ જોઈએ.[૨૬૮]

[૭૯૪] अन्योन्यानुगतानां कः तदेतदिति वा भिदा ।
यावच्चरमपर्यायं यथा पानीयदुग्धयोः ॥११७॥

---

૨૬૮. સમ્મતિ તર્ક : ૧-૪૭.

નૈગમ વ્યવહારનયો કહે છે કે આત્મામાં રાગાદિનાં પર્યાયો અને કર્મપુદ્ગલો એ ય દૂધ અને પાણીની જેમ એકમેક થઈને રહેલા છે. તે બેનો ભેદ પાડવાનું જ મુશ્કેલ છે એટલે જો આત્મા રાગાદિનો કર્તા હોય તો કર્મનો પણ કર્તા કેમ ન કહેવાય?

જ્યાં સુધી આત્માનો અંતિમ મોક્ષ પર્યાય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ વસ્તુસ્થિતિ બની જ રહે છે તેનો ઈન્કાર થઈ શકે તેમ નથી. માટે આત્માને દ્રવ્યકર્માદિનો પણ કર્તા માનવો જ જોઈએ.

[૭૯૫] नात्मनो विकृतिं दत्ते तदेषा नयकल्पना ।
शुद्धस्य रजतस्येव शुक्तिधर्मप्रकल्पना ॥११८॥

પ્રશ્ન–આ તો કેટલી જાતની નયકલ્પનાઓ કરી! કોઈ કશાયનું કર્તૃત્વ ન માને, કોઈ વળી શુદ્ધ સ્વભાવનું આત્મામાં કર્તૃત્વ માને અને રાગાદિનું અકર્તૃત્વ માને, કોઈ વળી રાગાદિનું પણ કર્તૃત્વ માને, કોઈ કર્માદિનું પણ કર્તૃત્વ માને. આ શું? કાંઈ સમજ જ પડતી નથી.

ઉ.–ભલે ને ગમે તેવી નયકલ્પનાઓ હોય પણ તેથી કાંઈ નિર્વિકારસ્વરૂપ આત્મામાં વિકાર આવી જતો નથી. કોઈ માણસ શુદ્ધ ચાંદીમાં શુક્તિત્વ ધર્મની કલ્પના કરે એટલે ચાંદીમાં થોડું જ શુક્તિત્વ આવી જાય? એટલે શુદ્ધનિશ્ચય નયથી તો સદા આત્મા નિર્વિકાર સ્વરૂપ જ છે. સર્વભાવનો અકર્તા જ છે.

[૭૧૬] मुषितत्वं यथा पान्थ-गतं पथ्युपचर्यते ।
तथा पुद्गलकर्मस्था विक्रियाऽऽत्मनि बालिशैः ॥११९॥

માર્ગે ચાલ્યા જતાં મુસાફરને ચોરો લૂંટે ત્યારે માર્ગે લૂંટયો એવું જેમ ઉપચારથી કહેવાય છે તેમ અજ્ઞાન જીવો કર્મપુદ્ગલો વિકારવાળા હોવા છતાં તે વિકારવાળો આત્મા કહે છે. પણ તેથી હકીકતનો થોડો જ ઇન્કાર થાય છે?

માર્ગે લૂંટયો નથી. ચોરોએ જ લૂંટયો છે.

આત્મા વિકારી નથી. કર્મ જ વિકારી છે.

[૭૧૭] कृष्णः शोणोऽपि चोपाधे-र्नाशुद्धः स्फटिको यथा ।
रक्तो द्विष्टस्तथैवात्मा संसर्गात्पुण्यपापयोः ॥१२०।

શ્વેતસ્ફટિક કાળા કે લાલ રંગના કાગળની ઉપાધિથી કાળો કે લાલ દેખાવા છતાં જેમ તે વર્ણોથી અશુદ્ધ બનેલો કહેવાતો નથી તેમ પુણ્ય પાપ કર્મની ઉપાધિ (સાહચર્ય)થી રાગી કે દ્વેષી દેખાતો આત્મા હકીકતમાં તો શુદ્ધ જ છે; રાગાદિરહિત જ છે.

[૭૧૮] सेयं नटकला तावद्, यावद्विविधकल्पना ।
यद्रूपं कल्पनातीतं तत्तु पश्यत्यकल्पकः ॥१२१॥

અજ્ઞાનને લીધે જ્યાં સુધી મનમાં જુદી જુદી નયકલ્પના-ઓ ઉઠયા કરે છે ત્યાં સુધી આ બધી નટની માયા જેવો સંસાર છે.

આત્માનું કલ્પનાતીત જે નિરંજન નિરાકાર સ્વરૂપ

છે તેને તો એ નયકલ્પનાઓથી મુક્ત થયેલો આત્મા જ જોઈ શકે છે.

[૭૯૯] कल्पनामोहितो जन्तुः शुक्लं कृष्णं च पश्यति ।
तस्यां पुनर्विलीनाया–मशुक्लाकृष्णमीक्षते ॥१२२॥

રે ! આ નયકલ્પનાઓનું કેવું તોફાન !

કલ્પનાથી મૂઢ બનેલો જીવ પોતાને ધોળો (ગૌર) કે કાળો (શરીરના વર્ણથી) જુએ છે. પણ જ્યારે તે કલ્પનાઓથી નિવૃત્ત થાય છે ત્યારે સચ્ચિદાનન્દસ્વરૂપ પોતાને નથી તો ધોળો માનતો કે નથી તો કાળો જોતો.

[૮૦૦] तद्ध्यानं सा स्तुतिर्भक्तिः सैवोक्ता परमात्मनः ।
पुण्यपापविहीनस्य यद्रूपस्यानुचिन्तनम् ॥१२३॥

માટે જ પરમાત્માનું તે જ સાચું ધ્યાન છે, તે જ સાચી સ્તુતિ છે, તે જ સાચી ભક્તિ કહી છે જેમાં પુણ્ય પાપથી મુક્ત એવા શુદ્ધાત્મસ્વરૂપનું ચિન્તન છે.

[૮૦૧] शरीररूपलावण्यवप्रच्छत्रध्वजादिभिः ।
वर्णितैर्वीतरागस्य वास्तवी नोपवर्णना ॥१२४॥

શ્રીવીતરાગદેવના શરીર, રૂપ, લાવણ્ય, ત્રણ ગઢ, છત્ર, ધ્વજા આદિની અપેક્ષાએ તેમની જે સ્તુતિ કરવામાં આવે છે તે તેમની વાસ્તવિક સ્તુતિ નથી. પરમાત્માથી અત્યન્ત ભિન્ન એવા શરીર સમવસરણ આદિથી પરમાત્માની જે સ્તુતિ કરાય તે વાસ્તવિક કેમ કહેવાય ?[૨૬૯]

૨૬૯. દ્વા. દ્વા. :–૪–૧.

[૮૦૨] व्यवहारस्तुतिः सेयं वीतरागात्मवर्त्तिनाम् ।
ज्ञानादीनां गुणानां तु वर्णना निश्चयस्तुतिः ॥१२५॥

આ તો વ્યવહાર સ્તુતિ છે. વીતરાગ સ્વરૂપ આત્મામાં રહેલા જ્ઞાનાદિગુણોની સ્તુતિ–તેમના જ્ઞાનાદિસ્વરૂપની જે સ્તુતિ–તે જ તેમની વાસ્તવિક સ્તુતિ છે.[૨૭૦]

[૮૦૩] पुनरादिवर्णनाद्राजा स्तुतः स्यादुपचारतः ।
तत्त्वतः शौर्यगाम्भीर्य–धैर्यादिगुणवर्णनात् ॥१२६॥

નગર વિગેરેની સુન્દરતાના વર્ણન દ્વારા તે નગરના રાજાની જે સ્તુતિ કરવામાં આવે એ તો રાજાની ઉપચરિત સ્તુતિ છે. રાજાની વાસ્તવિક સ્તુતિ તો રાજાના શૌર્ય, ગામ્ભીર્યાદિ ગુણો દ્વારા જ હોઈ શકે.[૨૭૧]

[૮૦૪] मुख्योपचारधर्माणा–मविभागेन या स्तुतिः ।
न सा चित्तप्रसादाय कवित्वं कुकवेरिव ॥१२७॥

એટલે પરમાત્માના સ્વરૂપને અનુલક્ષીને જે તેમના અનન્ત ચતુષ્ટય આદિ મુખ્ય ધર્મો (ગુણસ્વરૂપ) છે. અને શરીરાદિને અનુલક્ષીને અષ્ટપ્રાતિહાર્યાદિની સમૃદ્ધિરૂપ જે ઉપચાર (પુણ્યજનિત) ધર્મો છે તેનો કશો ય વિભાગ પાડ્યા વિનાની જે પરમાત્મ સ્તુતિ છે તે તો ચિત્તને આહ્લાદ આપી ન જ શકે.

તાત્પર્ય એ છે કે જ્ઞાનાદિ ગુણોની સ્તુતિનો નિરુપ-

---

૨૭૦. સ. સાર :—ગા. ૨૭, ૨૮.

૨૭૧. સ. સાર :—ગા. ૨૯, ૩૦.

ચરિત સ્તુતિ તરીકે અને અષ્ટપ્રાતિહાર્ય વગેરેના વર્ણન દ્વારા થતી પરમાત્મસ્તુતિનો ઉપચરિત સ્તુતિ તરીકે ભેદ કબૂલવો જ જોઈએ.

જે ઉપચરિત સ્તુતિ છે તેને નિરુપચરિત સ્તુતિ માનીને કરાતી સ્તવના કદી આનંદ આપી ન શકે. એ જ રીતે જે નિરુપચરિત સ્તુતિ છે તેને ઉપચરિત સ્તુતિ માનીને કરાતી સ્તવના પણ આનંદ ન જ આપી શકે.

છંદ, પ્રાસ વગેરેના ગમે તેવા મિશ્રણવાળી કુકવિની કવિતા કોને આનંદ આપે ?

**[૮૦૫] अन्यथाऽभिनिवेशेन प्रत्युतानर्थकारिणी ।**
**सुतीक्ष्णखड्गधारेव प्रमादेन करे धृता ॥१२८॥**

એટલું જ નહિ પણ જો અષ્ટપ્રાતિહાર્યાદિ ગૌણધર્મોની ઉપચરિતસ્તુતિને નિરુપચરિતસ્તુતિ તરીકે માની લેવાનો આગ્રહ કરવામાં આવે તો એ દુર્નયગ્રસ્ત સ્તુતિઓ અનર્થકારિણી બની જાય.

ભલેને અત્યન્ત ધારદાર તરવાર હોય. પણ પ્રમાદથી અવળી જ પકડી હોય તો પોતાને જ (પકડનારને જ) કાપી નાંખે ને ?

**[૮૦૬] मणिप्रभामणिज्ञान—न्यायेन शुभकल्पना ।**
**वस्तुस्पर्शितया न्याय्या यावन्नाऽनञ्जन प्रथा ॥१२९॥**

પ્ર–તો શું વ્યવહારસ્તુતિ સર્વથા મિથ્યા છે ?

ઉ.–ના. વ્યવહારસ્તુતિની નિરુપચરિતસ્તુતિ તરીકેની

શુભકલ્પના પણ પ્રાથમિક અવસ્થામાં ઉચિત ગણી શકાય. પણ જ્યારે વસ્તુના સ્વરૂપનું ભાન થઈ જાય પછી તે શુભ કલ્પના નિરર્થક બને છે.

જેમ મણિની પ્રભા દેખવાથી પણ મણિના અસ્તિત્વનું ભાન થઈ શકે છે તેમ શુભકલ્પના દ્વારા પણ શુદ્ધસ્વરૂપની સમજણ પ્રાપ્ત થઈ શકે છે.

અનંજનપ્રથા = રાગદ્વેષ રહિત, અનાવરણ, શુદ્ધ અવસ્થા.

નિશ્ચયનય તો વસ્તુસ્થિતિને જ માનનારો છે એટલે તેના મતે તો શુભકલ્પના નિરર્થક જ બને છે.

[૮૦૭] पुण्यपापविनिर्मुक्तं, तत्त्वतस्त्वविकल्पकम् ।
नित्यं ब्रह्म सदा ध्येय–मेषा शुद्धनयस्थितिः ॥१३०॥

શુદ્ધનિશ્ચયનયની તો એ સ્થિતિ છે કે આત્માએ પુણ્ય-પાપમુક્ત અવિકલ્પસ્વરૂપ નિત્ય બ્રહ્મમય આત્માનું જ તત્ત્વતઃ ધ્યાન ધરવું જોઈએ.

અહીં ગ્રન્થકારશ્રી, 'આત્મા પુણ્ય પાપતત્વથી ભિન્ન છે' એ વિચારને સંપૂર્ણ કરે છે.

હવે આશ્રવ અને સંવર તત્વ સ્વરૂપે, આત્મા નથી એ વાત આગામી શ્લોકોથી જણાવે છે.

[૮૦૮] आश्रवः संवरश्चापि नात्मा विज्ञानलक्षणः ।
यत्कर्मपुद्गलादान–रोधावाश्रवसंवरौ ॥१३१॥

**આત્માનો આશ્રવ સંવરથી ભેદ :**

કર્મપુદ્ગલનું ગ્રહણ તે આશ્રવ તત્વ છે.

કર્મપુદ્ગલનો નિરોધ તે સંવર તત્વ છે.

માટે શુદ્ધનિશ્ચયનયથી આત્મા, આશ્રવ અને સંવરથી ભિન્ન તત્વ છે.

[૮૦૯] आत्माऽऽदत्ते तु यैर्भावैः स्वतन्त्रः कर्मपुद्गलान् ।
मिथ्यात्वाविरती योगाः कषायास्तेऽन्तराश्रवाः ॥१३२॥

**ભાવાશ્રવ :**

જે ભાવોથી સ્વતન્ત્ર આત્મા કર્મપુદ્ગલોનું ગ્રહણ કરે છે તે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર ભાવાશ્રવ કહેવાય છે. અશુદ્ધ નિશ્ચયનયથી તે જ વસ્તુતઃ આશ્રવ છે. [૨૭૨]

[૮૧૦] भावनाधर्मचारित्र–परीषहजयादयः ।
आश्रवोच्छेदिनो धर्मा आत्मनो भावसंवराः ॥१३३॥

**ભાવસંવર :**

આશ્રવનો રોધ કરતા આત્માના ભાવને ભાવસંવર કહેવાય છે.

ભાવના, ધર્મ, ચારિત્ર, પરીષહજય વિગેરે ભાવસંવર કહેવાય છે. અશુદ્ધનિશ્ચયનયથી આ ભાવસંવર જ વસ્તુતઃ સંવર છે. વ્યવહારનયના મતમાં જ અહીં દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ પડે છે.

[૮૧૧] आश्रवः संवरो न स्यात् संवरश्चाश्रवः क्वचित् ।
भवमोक्षफलाभेदोऽन्यथा स्याद्धेतुसङ्करात् ॥१३४॥

---

૨૭૨. સ. સાર :– ગા. ૧૬૪, ૧૬૫, ૧૬૭.

આશ્રવ એ સંવર ન બની શકે અને સંવર એ આશ્રવ ન બની શકે. જો તેમ પણ બની જાય તો–એક બીજાના હેતુનું એક બીજામાં મિલાન થઈ જતાં–આશ્રવનું ફળ ભવને બદલે મોક્ષ બની જાય અને સંવરનું ફળ સંસાર પણ બની જાય.

ટૂંકમાં, આશ્રવસંવરનો અભેદ થતાં તેના ફળરૂપ ભવ-મોક્ષનો પણ અભેદ થઈ જવાથી આપત્તિ આવે.

[૮૧૨] कर्मास्रवन् च संवृण्वन्, चात्मा भिन्नैर्निजाशयैः ।
करोति न परापेक्षामलम्भूष्णुः स्वतः सदा ॥१३५॥

ભિન્ન ભિન્ન પ્રકારના પોતાના આશયો (અધ્યવસાયો)-થી આત્મા પોતે જ કર્મને આસ્રવતો રહે છે અને સંવરતો રહે છે. તેમ કરવામાં સમર્થ એવા તેને બીજા કોઈ પર પદાર્થની અપેક્ષા રહેતી નથી.

[૮૧૩] निमित्तमात्रभूतास्तु हिंसाऽहिंसादयोऽखिलाः ।
ये परप्राणिपर्याया न ते स्वफलहेतवः ॥१३६॥

પ્ર–તો શું હિંસાદિ સ્વરૂપ આશ્રવો અને અહિંસાદિ સ્વરૂપ સંવરોની બાહ્ય ક્રિયાઓ નકામી છે?

ઉ.–તે બધી ક્રિયાઓ આત્માના સ્વતન્ત્ર વ્યાપારમાં નિમિત્તમાત્ર છે. અને એ તો સીધી સાદી વાત છે કે હિંસાદિ, પર પ્રાણીના પર્યાયો છે; કેમકે હિંસાદિ એટલે પર પ્રાણીના પ્રાણનો નાશ વિગેરે. તે તો પરપ્રાણીમાં જ રહે. આ પર-પ્રાણીગત પર્યાયો સ્વ–આત્મા–ના દુઃખાદિ ફળના હેતુ કેમ

બની શકે? જ્યાં કાર્ય થાય ત્યાં જ કારણે રહેવું જોઈએ. આત્માના દુઃખાદિ ફળ પ્રતિ તો આત્માનો જ કોઈ પર્યાય કારણ બની શકે. માટે આત્માના પોતાના શુભાશુભ પરિણામ સ્વરૂપ પર્યાયોને જ આશ્રવ-સંવર કહેવા જોઈએ કે જેઓ આત્મામાં દુઃખાદિ ઉત્પન્ન કરે છે. એટલે હવે હિંસાદિ બાહ્ય-ક્રિયાઓને આશ્રવ સંવર કહેવા તે બરોબર નથી.

[૮૧૪] व्यवहारविमूढस्तु हेतूँस्तानेव मन्यते ।
बाह्यक्रियारतस्वान्त–स्तत्वं गूढं न पश्यति ॥१३७॥

વ્યવહારનયથી મૂઢ બનેલા જીવો બહારના તે અહિંસાદિને જ સંવરાદિસ્વરૂપ કહે છે, અને તેને જ મોક્ષાદિના ફળમાં હેતુ માને છે. આથી જ ધર્માદિના અર્થે અહિંસાદિ બાહ્ય ક્રિયામાં દત્તચિત્ત બનેલા તેઓ નિશ્ચયનયના નિગૂઢ તત્વને જોતા પણ નથી.

[૮૧૫] हेतुत्वं प्रतिपद्यन्ते नैवेतेऽनियमस्पृशः ।
यावन्त आश्रवाः प्रोक्तास्तावन्तो हि परिश्रवाः ॥१३८॥

વળી પરપ્રાણીના પર્યાયસ્વરૂપ હિંસા અહિંસાદિ ભાવો માટે એવો એકાન્ત નિયમ જ નથી કે ભવનો હેતુ હિંસા એ આશ્રવ જ છે અને મોક્ષનો હેતુ અહિંસા એ સંવર જ છે. કેમકે શ્રીઆચારાંગ સૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે, જેટલા આશ્રવો છે તે બધા ય સંવર છે. તો પછી હવે તે હિંસાદિને આશ્રવરૂપ જ કેમ કહેવાય? કે જે મોક્ષના પણ હેતુ બની શકવાની યોગ્યતાવાળા છે? એટલે વ્યવહારમૂઢ આત્માઓની

બાહ્યહિંસાદિ ક્રિયાને આશ્રવ સંવર રૂપ માનવાની વૃત્તિ તદ્દન ભ્રાન્ત છે.

[૮૧૬] तस्मादनियतं रूपं बाह्यहेतुषु सर्वथा।
नियतौ भाववैचित्र्यादात्मैवाश्रवसंवरौ ॥१३९॥

એટલે એ વાત હવે નિશ્ચિત થઈ જાય છે કે બાહ્ય ક્રિયાસ્વરૂપ હિંસા અહિંસામાં આશ્રવત્વ, સંવરત્વનો નિયમ નથી. નિયમ તો એટલો જ છે કે ભાવાશ્રવ તે જ આશ્રવ છે કેમકે તે નિયમતઃ સંસારનો હેતુ છે. અને ભાવસંવર તે જ સંવર છે કેમકે તે નિયમતઃ મોક્ષનો જ હેતુ છે.

આમ તે તે ભાવોની વિચિત્રતાને લીધે આત્મા જ આશ્રવ અને સંવરરૂપ છે.

[૮૧૭] अज्ञानाद्विषयासक्तो बध्यते, विषयैस्तु न।
ज्ञानाद्विमुच्यते चात्मा, न तु शास्त्रादिपुद्गलात् ॥१४०॥

પ્રશ્ન–તો શું બાહ્યવિષયોથી જીવ બંધાતો નથી કે મુકાતો નથી?

ઉ.–ના. નહિ જ. અજ્ઞાનને લીધે જ જીવ બંધાય છે; વિષયોથી નહિ.

અને જ્ઞાનથી જ જીવ કર્મમુક્ત થાય છે; શાસ્ત્રાદિ પુદ્ગલોથી નહિ.

એટલે જ વિષય ભોગવવા છતાં જ્ઞાની કર્મથી બંધાતો નથી અને સ્થૂલ દષ્ટિએ શાસ્ત્રો ભણવા છતાં અજ્ઞાની કર્મથી મુક્ત થતો નથી.[૨૭૩]

---

૨૭૩. સ. સાર : ગાથા : ૧૯૭, ૧૨૬, ૨૦૧ થી ૨૦૯, ૨૧૮ થી ૨૩૬, ૩૯૦ થી ૪૦૪.

[૮૧૮] शास्त्रं गुरोश्च विनयं क्रियामावश्यकानि च ।
संवराङ्गतया प्राहुर्व्यवहारविशारदाः ॥१४१॥

વ્યવહારનય તો શાસ્ત્ર, ગુરુવિનય, પ્રતિલેખનાદિ ક્રિયા અને આવશ્યકાદિ બાહ્ય વ્યાપારોને સંવરના જુદા જુદા અંગ તરીકે જણાવે છે.

નિશ્ચયનયથી તો આ વાત સ્વીકાર્ય નથી. કેમકે આ બધા સંવર હોવા છતાં એમને સેવતા અભવ્યાદિ આત્માનો મોક્ષ થતો નથી. માટે આંતરભાવસંવર જ સંવર કહેવાય. પૂર્વોક્ત બાહ્ય વ્યાપારો સંવરના નિશ્ચિત હેતુ નથી માટે નિશ્ચયનયથી તો તેમને સંવર જ ન કહેવાય.

[૮૧૯] विशिष्टा वाक्तनुस्वान्तपुद्गलास्तेऽफलावहाः ।
ये तु ज्ञानादयो भावाः संवरत्वं प्रयान्ति ते ॥१४२॥

માટે નિશ્ચયનયથી તો પૂર્વોક્ત શાસ્ત્રાદિમાં મન, વચન, કાયાના જે વિશિષ્ટ બાહ્ય વ્યાપારો થાય છે તેઓ સંવરના બની શકતા નથી. આત્મામાં જે જ્ઞાનાદિભાવો ઉત્પન્ન થાય છે તે જ સંવર છે.

[૮૨૦] ज्ञानादिभावयुक्तेषु शुभयोगेषु तद्गतम् ।
संवरत्वं समारोप्य स्मयन्ते व्यवहारिणः ॥१४३॥

જે સંવરત્વ વસ્તુતઃ આત્માના જ્ઞાનાદિભાવોમાં છે તે સંવરત્વનો આરોપ વ્યવહારનય તો તે જ્ઞાનાદિભાવયુક્ત બાહ્યશુભયોગોમાં (સમિતિ આદિમાં) કરી દે છે અને તે

રીતે તે બાહ્યશુભયોગોને સંવર કહીને મિથ્યા ગર્વ ધારણ કરે છે. પણ તે જાણે છે કે બાહ્યયોગોને જ સંવર કહેવાય તેમ નથી કેમકે માત્ર બાહ્યયોગસેવનથી મોક્ષ થતો નથી એટલે તેણે જ્ઞાનાદિભાવયુક્તતા વિશેષણ લગાડ્યું. પણ તે વ્યવહારવાદીઓ બાહ્યયોગોને 'અસંવર' તરીકે કબૂલ કરવા લાચાર બન્યા.

સારું, પણ જ્યારે વિશેષણના અસ્તિત્વ ઉપર જ બાહ્યયોગમાં જો સંવરત્વ આવ્યું અને તે જ્ઞાનાદિભાવરૂપ વિશેષણથી બાહ્યયોગવિશિષ્ટ હોય તો એ કોરા બાહ્યયોગ સંવર ન બને એટલી વ્યવહારનયની કબૂલાત થઈ. તો હવે એ જ વાત નિશ્ચિત થાય છે કે તે જ્ઞાનાદિભાવો જ વસ્તુતઃ સંવર છે.

ટૂંકમાં, નિશ્ચયનયનું કહેવું એ છે કે જો જ્ઞાનાદિભાવ હોય તો જ બહારની શાસ્ત્રાધ્યયનાદિ ક્રિયા સંવર બનતી હોય અને તે જ્ઞાનાદિભાવો વિનાની તે ક્રિયા સંવર ન બનતી હોય તો જ્ઞાનાદિભાવો જ સંવરસ્વરૂપે માનવા જોઈએ. એ ભાવોથી યુક્ત બાહ્યક્રિયાને સંવર માનવાનું મિથ્યાભિમાન વ્યવહારનય શા માટે ધારણ કરે છે?

[८२१] प्रशस्तरागयुक्तेषु चारित्रादिगुणेष्वपि ।
शुभाश्रवत्वमारोप्य फलभेदं वदन्ति ते ॥१४५॥

ચારિત્ર એ વ્યવહારનયથી સંવરસ્વરૂપ મનાયેલ છે. પરન્તુ સરાગચારિત્ર તો મોક્ષહેતુ બનતું નથી, કિન્તુ તે શુભકર્મનો બંધ કરાવે છે. એટલે પ્રશસ્તરાગયુક્ત ચારિત્ર-

ગુણોમાં શુભાશ્રવત્વનો આરોપ કરીને તેને સંસારહેતુ તરીકે કહે છે. આમ તો તે ચારિત્રના જુદા જુદા ફળ કહે છે. અર્થાત્ ચારિત્રમાત્રને સંવર ન કહેતાં સરાગચારિત્રને શુભાશ્રવ કહે છે—પુણ્યાનુબંધી પુણ્યકર્મનું બન્ધક કહે છે અને વીતરાગચારિત્રને સંવરરૂપ કહે છે.

[૮૨૨] भवनिर्वाणहेतूनां वस्तुतो न विपर्ययः ।
अज्ञानादेव तद्भानं ज्ञानी तत्र न मुह्यति ॥१४५॥

પણ વસ્તુતઃ તો જે ભવના હેતુ હોય તે ભવના જ હેતુ બને અને જે ચારિત્ર વિગેરે મોક્ષના હેતુ છે તે મોક્ષના જ હેતુ બને. એમાં આ રીતે સરાગતાને લીધે ચારિત્રાદિમાં શુભાશ્રવત્વનો આરોપ કરીને ભવહેતુ બનાવવાનો વિપર્યય થઇ શકે જ નહિ.

સાચે જ, અજ્ઞાનને લીધે જ આવું વિપરીત ભાન થાય છે. જ્ઞાની તો અહીં મુંઝાતા જ નથી.

[૮૨૩] तीर्थकृन्नामहेतुत्वं यत् सम्यक्त्वस्य वर्ण्यते ।
यच्चाहारकहेतुत्वं संयमस्यातिशायिनः ॥१४६॥

[૮૨૪] तपःसंयमयोः स्वर्गहेतुत्वं यच्च पूर्वयोः ।
उपचारेण तद्युक्तं स्याद्घृतं दहतीतिवत् ॥१४७॥

પ્ર. શાસ્ત્રમાં જિનનામના આશ્રવ તરીકે સમ્યકત્વને, આહારકનામકર્મના આશ્રવ તરીકે અપ્રમત્તભાવના ચારિત્રને, તથા સ્વર્ગના આશ્રવ તરીકે સરાગ તપ સંયમને જે કહ્યા છે તેનું શું ?

ઉ. વસ્તુતઃ તો આ સમ્યકત્વાદિ સંવરસ્વરૂપ જ છે પણ ઉપચારથી જ તેમ કહેવું યુક્ત છે. જેમ ઉપચારથી ઘીને બળતું કહેવાય છે તેમ. અર્થાત્ આ રીતે શાસ્ત્રપંક્તિનો સમન્વય કરવા સરાગચારિત્રને સ્વર્ગાદિભવહેતુ કહેવાય પણ વસ્તુસ્થિતિ તો તેવી નથી જ.

[૮૨૫] येनांशेनात्मनो योगस्तेनांशेनाश्रवो मतः ।
येनांशेनोपयोगस्तु तेनांशेनाऽस्य संवरः ॥१५८॥

એટલે નિશ્ચયનયથી તો એમ જ કહેવાય કે જેટલે અંશે આત્માનો યોગ (મનાદિ વ્યાપાર) હોય તેટલે અંશે આત્મા કર્મનો આશ્રવ કરે અને જેટલે અંશે ઉપયોગભાવ (જ્ઞાનાદિ) હોય તેટલા અંશે તે આત્મા કર્મનો સંવર કરે.

આમ આશ્રવ અને સંવર બેય એકી સાથે તે તે અંશોમાં હોઈ શકે છે, એટલે બાહ્યહિંસાદિ અમુકને આશ્રવ જ કહેવાનું અને અહિંસાદિને સંવર જ કહેવાનું ઉચિત નથી. તેમ જ સંવરરૂપ ચારિત્રને રાગયુક્ત થતાં શુભાશ્રવ જ કહેવાનું પણ ઉચિત નથી. ચારિત્રાદિમાં સરાગ મનાદિ-યોગો એ જ આશ્રવ છે અને ઉપયોગભાવ તે જ સંવર છે.

કહેવાનો આશય એ છે કે ચારિત્રાદિ તમામ કહેવાતા શુભાશ્રવો માત્ર આશ્રવરૂપ નથી પણ તે ચારિત્રાદિ પાલનમાં જે યોગભાવ છે તે આશ્રવ છે અને જે ઉપયોગભાવ છે તે સંવર છે. આમ ચારિત્રાદિ શુભાશ્રવોના આશ્રવસંવર ઉભય-ભાવવાળો આત્મા બને છે.

[૮૨૬] तेनासावंशविश्रान्तौ विभ्रदाश्रवसंवरौ ।
भात्यादर्श इव स्वच्छास्वच्छभागद्वयः सदा ॥१४९॥

એટલે તે તે અંશમાં રહેલા આશ્રવ અને સંવર–બેય ને ધારણ કરતો આત્મા સ્વચ્છ અને અસ્વચ્છ એવા બે ભાગવાળા આરીસાની જેમ સંસારપર્યાયમાં સદા દેખાય છે.

[૮૨૭] शुद्धैव ज्ञानधारा स्या–त्सम्यक्त्वप्राप्त्यनन्तरम् ।
हेतुभेदाद्विचित्रा तु योगधारा प्रवर्त्तते ॥१५०॥

સમ્યકત્વની પ્રાપ્તિ પછી તો શુદ્ધ જ ઉપયોગધારા (જ્ઞાનધારા) ચાલે છે. જ્યારે મનાદિ યોગધારા તો જુદા જુદા હેતુઓથી શુદ્ધ પણ હોય અને અશુદ્ધ પણ હોઈ શકે છે.

સમ્યકત્વી પણ અવિરત હોય તો તેની મન વિગેરેની યોગધારા અશુદ્ધ હોઈ શકે જ્યારે સર્વવિરત સમ્યક્ત્વીની યોગધારા પણ શુદ્ધ હોય.

[૮૨૮] सम्यग्दृशो विशुद्धत्वं सर्वास्वपि दशास्वतः ।
मृदुमध्यादिभावस्तु क्रियावैचित्र्यतो भवेत् ॥१५१॥

ચોથાથી ચૌદમા ગુણસ્થાનક સુધીના તમામ સમ્યગ્દૃષ્ટિની સઘળી બાહ્યશુભાશુભ પ્રવૃત્તિમાં જ્ઞાનધારા તો વિશુદ્ધ જ હોય છે છતાં તે વિશુદ્ધિમાં બાહ્યક્રિયાની વિવિધતાને લીધે મૃદુતા, મધ્યમતા ઉત્કૃષ્ટતા જરૂર હોઈ શકે છે. અવિરત સમ્યકત્વીની જ્ઞાનધારાની મંદ વિશુદ્ધિ કહેવાય, જ્યારે ઉપર ઉપરના ગુણસ્થાનવર્તી સમ્યકત્વીની વિશુદ્ધિ વધુને વધુ પ્રબળ

બનતી જાય. ઉપયોગધારા જેમ વધુ વિશુદ્ધ થાય તેમ બાહ્યયોગધારા પણ વધુ વિશુદ્ધ થતી જાય.[૨૭૪]

[૮૨૯ यदा तु सर्वतः शुद्धिर्जायते धारयोर्द्वयोः ।
शैलेशीसंज्ञितः स्थैर्यात् तदा स्यात्सर्वसंवरः ॥१५२॥

અને જ્યારે ઉપયોગધારા અને યોગધારા—એ બે ય ધારાની સંપૂર્ણ શુદ્ધિ થાય છે ત્યારે અપૂર્વ સ્થૈર્ય ઉત્પન્ન થાય છે એ વખતે જ શૈલેશી નામનો સર્વસંવર પ્રાપ્ત થાય છે.

[૮૩૦] ततोऽर्वाग यच्च यावच्च स्थिरत्वं तावदात्मनः ।
संवरो, योगचाञ्चल्यं यावत्तावत्किलाश्रवः ॥१५३॥

આ સર્વસંવરની પ્રાપ્તિ પૂર્વે જે કોઈ સંવરભાવ હોય છે તે દેશથી જ હોય છે. કેમકે નીચેના ગુણસ્થાનમાં તેવું અપૂર્વસ્થૈર્ય સંભવતું નથી. એટલે આત્માનું જ્યાં જેટલું સ્થૈર્ય, તેટલો તેનો સંવરભાવ કહેવાય અને જેટલું તેનું ચાઞ્ચલ્ય તેટલો તેનો આશ્રવભાવ કહેવાય.

[૮૩૧] अशुद्धनयतश्चैवं संवराश्रवसङ्कथा ।
संसारिणां च सिद्धानां न शुद्धनयतो भिदा ॥१५४॥

આ બધી વાત અશુદ્ધનયથી સમજવી; કેમકે તે જ નય આત્માને આશ્રવસંવરપર્યાયસ્વરૂપ માને છે. શુદ્ધનય તો આત્માને માત્ર શુદ્ધજ્ઞાનાદિસ્વરૂપ માને છે, એટલે તેના મતે

૨૭૪. શાસ્ત્રવાર્તા : પૃ. ૩૩૦અ.

તો જીવના સંસારી અને સિદ્ધ એવા બે ભેદ જ નથી. એટલે પછી આશ્રવસંવરની તો વાત જ ક્યાં રહી? આમ અહીં શુદ્ધનિશ્ચયનયથી, 'આત્મા આશ્રવસંવરથી ભિન્ન છે' એ વિચાર પૂર્ણ થાય છે.

**[૮૩૨] निर्जरा कर्म्मणां शाटो, नात्माऽसौ कर्मपर्ययः ।**
**येन निर्जीर्यते कर्म स भावस्त्वात्मलक्षणम् ॥१५५॥**

**આત્માથી નિર્જરાતત્ત્વનો ભેદ :—**

નિર્જરા એટલે આત્માથી કર્મપુદ્ગલનું દૂર થવું. આ કર્મપુદ્ગલનો પર્યાય છે એટલે તે આત્મસ્વરૂપ નથી. પણ જેનાથી આ નિર્જરા થાય છે તે ભાવ આત્મસ્વરૂપ છે. (અશુદ્ધનિશ્ચયનયથી) આત્માનો એ ભાવ જ વસ્તુતઃ નિર્જરા છે.

**[૮૩૩] सत्तपो द्वादशविधं शुद्धज्ञानसमन्वितम् ।**
**आत्मशक्तिसमुत्थानं चित्तवृत्तिनिरोधकृत् ॥१५६॥**

ઉત્તમ તપ બાર પ્રકારનો છે. તે તપ શુદ્ધજ્ઞાનયુક્ત હોય તો તે આત્મશક્તિનું ઉત્થાન કરે છે અને ચિત્તવૃત્તિનો નિરોધ કરે છે.

**[૮૩૪] यत्र रोधः कषायाणां, ब्रह्मध्यानं जिनस्य च ।**
**ज्ञातव्यं तत्तपः शुद्धमवशिष्टं तु लङ्घनम् ॥१५७॥**

જ્યાં કષાયોનો નિરોધ છે, જિનેશ્વરદેવનું બ્રહ્મધ્યાન છે તે જ તપ શુદ્ધ જાણવો, બાકીના તો લાંઘણ જ કહેવાય.

[૮૩૫] बुभुक्षा देहकार्श्यं वा तपसो नास्ति लक्षणम् ।
तितिक्षाब्रह्मगुप्त्यादिस्थानं ज्ञानं तु तद्वपुः ॥१५८॥

માત્ર ભૂખમરો વેઠવો કે માત્ર શરીરને શોષી નાંખવું એ કાંઈ તપનું સ્વરૂપ નથી; પરન્તુ ક્ષમા, બ્રહ્મચર્ય, ગુપ્તિ વિગેરેથી યુક્ત એવું જ્ઞાન તે જ તપનું લક્ષણ (શરીર) છે.

[૮૩૬] ज्ञानेन निपुणेनैक्यं प्राप्तं चन्दनगन्धवत् ।
निर्जरामात्मनो दत्ते तपो नान्यादृशं क्वचित् ॥१५९॥

ચન્દન અને તેની ગન્ધની જેમ સૂક્ષ્મજ્ઞાન સાથે એકમેક થઈ ગએલો તપ જ આત્મા ઉપરથી કર્મનિર્જરા કરી શકે છે. સૂક્ષ્મ જ્ઞાન વિનાનો બીજો તપ એ તપ જ નથી.

[૮૩૭] तपस्वी जिनभक्त्या च शासनोद्भासनेच्छया ।
पुण्यं बध्नाति बहुलं मुच्यते तु गतस्पृहः ॥१६०॥

જિનશાસનની પ્રભાવનાની ઈચ્છાની સ્પૃહાયુક્ત એવો તપસ્વી જિનભક્તિ વિગેરે કરાવવા દ્વારા વિપુલ પુણ્યકર્મનો બંધ કરે. જ્યારે એવી પણ સ્પૃહા વિનાના તપસ્વી કર્મનો ક્ષય કરે.

[૮૩૮] कर्मतापकरं ज्ञानं तपस्तन्नैव वेत्ति यः ।
प्राप्नोतु स हतस्वान्तो विपुलां निर्जरां कथम् ॥१६१॥

'જે જ્ઞાન કર્મને તપાવે તે જ્ઞાન જ તપ છે' આવું જે જાણતો નથી તે હણાએલા ચિત્તવાળો આત્મા, તપ કરીને પણ વિપુલ નિર્જરા શી રીતે કરી શકે ?

[૮૩૯] अज्ञानी तपसा जन्मकोटिभिः कर्म यन्नयेत् ।
अन्तं ज्ञानतपोयुक्तस्तत् क्षणेनैव संहरेत् ॥१६२॥

પ્ર.–તો શું અજ્ઞાનીનો તપ કર્મ નિર્જરા કરાવી જ ન શકે?

ઉ.–એ તપ કર્મ નિર્જરા કરે પણ બહુ જ અલ્પ.

કોટાનકોટી જનમના તપથી જેટલું કર્મ અજ્ઞાની આત્મા ક્ષીણ કરે તેટલા કર્મનો જ્ઞાનતપથી યુક્ત મહાત્મા એક જ ક્ષણમાં નાશ કરી શકે છે.[૨૭૫]

[૮૪૦] ज्ञानयोगस्तपः शुद्धमित्याहुर्मुनिपुङ्गवाः ।
तस्मान्निकाचितस्यापि कर्मणो युज्यते क्षयः ॥१६३॥

માટે જ મહર્ષિઓએ જ્ઞાનયોગને જ શુદ્ધ તપ કહ્યો છે. તેનાથી નિકાચિત કર્મનો પણ ક્ષય થાય છે.[૨૭૬]

[૮૪૧] यदिहाऽपूर्वकरणं श्रेणिः शुद्धा च जायते ।
ध्रुवः स्थितिक्षयस्तत्र स्थितानां प्राच्यकर्म्मणाम् ॥१६४॥

કેમકે આ જ્ઞાનયોગમાં જ અપૂર્વકરણ અને શુદ્ધશ્રેણિ પ્રાપ્ત થાય છે. ત્યાં જ પુરાણા કર્મોની સ્થિતિનો વિનાશ અફર બની જાય છે.[૨૭૭]

[૮૪૨] तस्माद् ज्ञानमयः शुद्धस्तपस्वी भावनिर्जरा ।
शुद्धनिश्चयतस्त्वेषा सदा शुद्धस्य कापि न ॥१६५॥

૨૭૫. પ્રવ. સાર : ૩–૩૮.

૨૭૬. સમય સાર :–૧૫૨.

૨૭૭. દ્વા. દ્વા :–૨૬–૨૪.

એટલે અશુદ્ધનિશ્ચયનયની દૃષ્ટિથી જ્ઞાનમય શુદ્ધ તપસ્વી એ જ (ભાવ) નિર્જરા છે.

શુદ્ધનિશ્ચયનયથી તો આત્મા સદા શુદ્ધ જ છે. એટલે તેને મન તો આ ભાવનિર્જરા પણ સંભવતી નથી.

અહીં આત્માનો નિર્જરાથી ભેદ વિચાર પૂર્ણ થાય છે.

[૮૪૩] बन्धः कर्मात्मसंश्लेषो द्रव्यतः स चतुर्विधः ।
तद्धेत्वध्यवसायात्मा भावतस्तु प्रकीर्त्तितः ॥१६६॥

**આત્માનો બંધ તત્ત્વથી ભેદ :-**

કર્મનો આત્મા સાથે જે સંબંધ તેને બંધ કહેવાય છે. દ્રવ્યથી તે બન્ધ પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશના ભેદે ચાર પ્રકારે છે. અને તે દ્રવ્યબન્ધના હેતુભૂત જે અધ્યવસાય તે ભાવબન્ધ કહેવાય છે.

[૮૪૪] वेष्टयत्यात्मनाऽऽत्मानं यथा सर्पस्तथाऽसुमान् ।
तत्तद्भावैः परिणतो बध्नात्यात्मानमात्मना ॥१६७॥

અશુદ્ધનિશ્ચયનય કહે છે કે આત્મા દ્રવ્યકર્મસ્વરૂપ છે જ નહિ. તેવા દ્રવ્યકર્મથી તે બંધાતો પણ નથી. આત્મા તો પૂર્વોક્ત ભાવબન્ધસ્વરૂપ જ છે. જેમ સર્પ પોતાના શરીરને પોતાના જ શરીરથી વીંટે છે તેમ જીવ પણ તે તે પોતાના ભાવસ્વરૂપથી પોતાના જ સ્વરૂપને બાંધે છે.

[૮૪૫] बध्नाति स्वं यथा कोश–कारकीटः स्वतन्तुभिः ।
आत्मनः स्वगतैर्भावैर्बन्धने सोपमा स्मृता ॥१६८॥

જેમ રેશમનો કીડો પોતાના મોંમાથી તાંતણારૂપે કાઢેલી લાળથી પોતાને જ બાંધે છે તેમ આત્મા પણ પોતે ઉત્પન્ન કરેલા વિભાવસ્વભાવથી પરિણત થઈને પોતાને બાંધે છે.

કર્મ વિગેરે બાહ્ય બંધનોથી તો તે બંધાતો જ નથી.

[૮૪૬] जन्तूनां सापराधानां बन्धकारी न हीश्वरः ।
तद्बन्धकानवस्थानादबन्धस्याप्रवृत्तितः ॥१६९॥

પ્રશ્ન–અરે ! અપરાધી આત્માને ભલે દ્રવ્યકર્મ ન બાંધે પણ ઈશ્વર તો બાંધે જ છે ને ?

અશુદ્ધનિશ્ચયનયઃ–ના. નહિ જ. જો તેમ જ હોય તો અપરાધીને બાંધનારો તે ઈશ્વર પણ અપરાધી કહેવાય. અને એને પણ જે બાંધે તેને વળી બીજો કોઈ ઈશ્વર બાંધશે. આમ થતાં બાંધનારા (બંધક) ની અનવસ્થા સર્જાશે.

વળી જે ઈશ્વર બન્ધરહિત (અબન્ધ) છે તે કોઈને બાંધવાની પ્રવૃત્તિ પણ કેમ કરે ?

[૮૪૭] न त्वज्ञानप्रवृत्त्यर्थे ज्ञानवन्नोदना ध्रुवा ।
अबुद्धिपूर्वकार्येषु स्वप्नादौ तददर्शनात् ॥१७०॥

અને જો ઈશ્વર સાક્ષાત્ કાંઈ કરતા હોય તો અજ્ઞાનજનિત પાપવૃત્તિ કરાવવામાં જ્ઞાની એવા ઈશ્વર કદી પણ પ્રેરક ન બને.

જેમ સ્વપ્નમાં અજ્ઞાનને લીધે ગમે તેવા કાર્ય આત્મા કરે છે તો ત્યાં કોઈ પણ જ્ઞાની પુરુષની પ્રેરણા તો હોતી જ નથી.

એટલે ઇશ્વરથી પ્રેરિત જન્તુ શુભાશુભકર્મ બાંધે છે તેમ પણ નહિ કહેવાય.

[૮૪૮] तथाभव्यतया जन्तुर्नोदितश्च प्रवर्त्तते ।
बध्नन् पुण्यं च पापं च परिणामानुसारतः ॥१७१॥

જીવ તો પોતાની જ તથાભવ્યતાથી પ્રેરાએલો શુભાશુભ અધ્યવસાયને ઉત્પન્ન કરે છે. અને તેનાથી પુણ્યકર્મનો કે પાપકર્મનો બંધ કરે છે.

[૮૪૯] शुद्धनिश्चयतस्त्वात्मा न बद्धो बन्धशङ्कया ।
भयकम्पादिकं किन्तु रज्जावहिमतेरिव ॥१७२॥

આ તો જે બધી વાત કરી તે અશુદ્ધનિશ્ચયથી સમજવી. શુદ્ધનિશ્ચયથી તો તે બંધાતો જ નથી. આત્મા તો બંધાયાની શંકા પડી જતાં માત્ર ભયભીત થાય છે કે કમ્પાદિ કરે છે. જેમ દોરડીમાં સર્પનું ભાન થવાથી આત્મા તેનાથી ગભરાવા લાગે છે તેમ.

[૮૫૦] रोगस्थित्यनुसारेण प्रवृत्ती रोगिणो यथा ।
भवस्थित्यनुसारेण तथा बन्धेऽपि वर्ण्यते ॥१७३॥

જેમ રોગી પોતાના રોગાનુસાર જુદી જુદી પ્રવૃત્તિ કરે છે તેમ પોતપોતાની ભવસ્થિતિ અનુસાર આત્મા પણ તેવા તેવા શુભાશુભ પરિણામો ઉત્પન્ન કરે છે અને તેથી તેને શુભાશુભ કર્મનો બન્ધ થાય છે.

[૮૫૧] दृढाज्ञानमयीं शङ्कामेनामपनिनीषवः ।
अध्यात्मशास्त्रमिच्छन्ति श्रोतुं वैराग्यकाङ्क्षिणः ॥१७४॥

વૈરાગ્યની જ્વલંત ભાવનાવાળા આત્માઓ, 'શું આત્મા બંધાએલો છે?' એવી–જીવલેણ અજ્ઞાનમાંથી જન્મેલી–શંકાને દૂર કરવા માટે અધ્યાત્મશાસ્ત્રો સાંભળવાની સદૈવ ઇચ્છા રાખતા હોય છે.

[૮૫૨] दिशः प्रदर्शकं शाखाचन्द्रन्यायेन तत्पुनः ।
प्रत्यक्षविषयां शङ्कां न हि हन्ति परोक्षधीः ॥१७५॥

પણ એ આત્માઓએ એ વાત ખ્યાલમાં રાખવી જોઈએ કે તે અધ્યાત્મશાસ્ત્ર શાખાચન્દ્રન્યાયથી માત્ર દિશા બતાડે. કિન્તુ એ અતીન્દ્રિય પદાર્થોને કહેતું શાસ્ત્ર, આત્માના બંધમાં પડેલી પ્રત્યક્ષ શંકાને દૂર કરવાનું સામર્થ્ય ધરાવતું જ નથી.

બાળકને ચન્દ્ર બતાડવો હોય તો તે ચન્દ્રની લાઈનમાં આવતી વૃક્ષની શાખા બતાડાય. શાખા નજદીકમાં છે એટલે તેને તરત જ બાળક જોઈ શકે અને તેના દર્શન દ્વારા ચન્દ્ર જોવાની દિશા પ્રાપ્ત કરે.

[૮૫૩] शङ्खे श्वैत्यानुमानेऽपि दोषात्पीतत्वधीर्यथा ।
शास्त्रज्ञानेऽपि मिथ्याधीसंस्काराद्बन्धधीस्तथा ॥१७६॥

'શંખ ધોળો જ હોય' એવું અનુમાનથી સ્પષ્ટ જણાવા છતાં કમળાના દોષને લીધે જેમ પ્રત્યક્ષથી જ શંખ પીળો દેખાય છે. તેમ આત્મા અબદ્ધ છે તેવું શાસ્ત્રજ્ઞાન થવા છતાં પણ મિથ્યાબુદ્ધિના સંસ્કારને લીધે તે આત્મા બંધાએલો છે એવું જ પ્રત્યક્ષ થયા કરે છે. એટલે એ પ્રત્યક્ષ-વિષયક શંકાને માત્ર શાસ્ત્રજ્ઞાન દૂર કરી શકતું નથી.

[૮૫૪] श्रुत्वा मत्वा मुहुः स्मृत्वा साक्षादनुभवन्ति ये ।
तत्त्वं न बन्धधीस्तेषामात्माऽबन्धः प्रकाशते ॥१७७॥

એટલે જેઓ શાસ્ત્રતત્વને વારંવાર સાંભળે છે, તેનું મનન કરે છે, અને પછી પુનઃ પુનઃ સ્મરણ કરીને તત્વનો સાક્ષાત્કાર કરે છે તેમને જ આ અનુભવજ્ઞાન થઈ જતાં 'આત્મા બંધાય છે' તેવી બુદ્ધિ થતી નથી. એટલું જ નહિ પણ આત્મા બન્ધમુક્ત છે એવું જ્ઞાન પ્રકાશિત થાય છે.

અહીં આત્માનો બંધતત્વથી ભેદવિચાર પૂર્ણ થયો.[૨૭૮]

[૮૫૫] द्रव्यमोक्षः क्षयः कर्मद्रव्याणां नात्मलक्षणम् ।
भावमोक्षस्तु तद्धेतुरात्मा रत्नत्रयान्वयी ॥१७८॥

**આત્માનો મોક્ષતત્વથી ભેદ :—**

અશુદ્ધનિશ્ચયનય કહે છે કે કર્મસ્વરૂપદ્રવ્યનો આત્મા ઉપરથી ક્ષય થવો તે દ્રવ્યમોક્ષ કહેવાય છે. તે કાંઇ આત્માનું સ્વરૂપ નથી કેમકે એ ક્ષય (મોક્ષ) તો કર્મનો પર્યાય થયો. જે આત્માથી તદ્દન ભિન્ન જ છે.

પણ એ દ્રવ્યમોક્ષમાં હેતુભૂત રત્નત્રય છે તે જ વસ્તુતઃ મોક્ષ છે. અને રત્નત્રયસ્વરૂપ આત્મા છે. માટે ભાવમોક્ષ સ્વરૂપ આત્મા છે. અને દ્રવ્યમોક્ષસ્વરૂપ કર્મથી તે ભિન્ન છે.

[૮૫૬] ज्ञानदर्शनचारित्रैरात्मैक्यं लभते यदा ।
कर्म्माणि कुपितानीव भवन्त्याशु तदा पृथक् ॥१७९॥

જ્યારે આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રમય થઈ જાય છે

૨૭૮. आत्मा वा रे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यश्च ।

ત્યારે કેમ જાણે તેની ઉપર કોપાયમાન થઈ ગયા હોય તેવા કર્મો તુરત જ આત્માથી જુદા પડી જાય છે.

[૮૫૭] अतो रत्नत्रयं मोक्षस्तदभावे कृतार्थता ।
पाषण्डिगणलिङ्गैश्च गृहिलिङ्गैश्च कापि न ॥१८०॥

માટે જ કર્મને આત્માથી જુદા પાડી દેનાર એ રત્નત્રય જ મોક્ષ છે. તેના વિનાના કોઈ પણ દર્શનના ધર્મશાસ્ત્રમાં બતાવેલા વેષનું પરિધાન નકામું છે. જૈનલિંગ ધારણ કર્યું હોય અથવા તો ગૃહિલિંગ અપનાવ્યું હોય; તેનાથી પણ કશી કૃતાર્થતા પ્રાપ્ત થતી નથી.

[૮૫૮] पाषण्डिगणलिङ्गेषु गृहिलिङ्गेषु ये रताः ।
न ते समयसारस्य ज्ञातारो बालबुद्धयः ॥१८१॥

જેઓ પાખંડી ગણના લિંગમાં કે ગૃહિલિંગમાં રત બન્યા છે તે બાળ બુદ્ધિવાળા જીવો શાસ્ત્રના સારને પણ જાણતા જ નથી.

[૮૫૯] भावलिङ्गरता ये स्युः सर्वसारविदो हि ते ।
लिङ्गस्था वा गृहस्था वा सिद्ध्यन्ति धूतकल्मषाः ॥१८२॥

જેઓ રત્નત્રયરૂપ ભાવલિંગમાં સ્થિર છે તેઓ જ સર્વતત્વના સારના જાણ છે. તેઓ ભલે લિંગસ્થ હોય કે ગૃહસ્થ હોય તો પણ નિષ્પાપ તે આત્માઓ સિદ્ધિપદને પામે છે.[૨૭૯]

---

૨૭૯. સ. સાર : ૪૧૦ થી ૪૧૪.

[૮૬૦] भावलिङ्गं हि मोक्षाङ्गं द्रव्यलिङ्गमकारणम् ।
द्रव्यं नात्यन्तिकं यस्मान्नाप्यैकान्तिकमिष्यते ॥१८३॥

ભાવલિંગ જ મોક્ષનું કારણ છે. દ્રવ્યલિંગ મોક્ષનું કારણ નથી, કેમકે દ્રવ્યલિંગ હોય તો મોક્ષ થાય જ અને દ્રવ્યલિંગ ન હોય તો મોક્ષ ન જ થાય તેવું છે જ નહિ.[૨૮૦]

[૮૬૧] यथाजातदशालिङ्गमर्थादव्यभिचारि चेत् ।
विपक्षबाधकाभावात् तद्धेतुत्वे तु का प्रमा ॥१८४॥

દિગંબર—અમે તો માનીએ છીએ કે જન્મ વખતની જે તદ્દન નગ્ન અવસ્થા છે તે યથાજાત દશા, એ જ મોક્ષનું અસાધારણ કારણ છે. યથાજાત દશા હોય તો મોક્ષ થાય જ, તે ન હોય તો મોક્ષ ન જ થાય.

ઉત્તર—સારું, હવે તમારી વિરુદ્ધમાં કોઈ એમ કહે કે 'નિર્ગ્રન્થ મુનિલિંગ જ મોક્ષનું કારણ છે.' તો તેની સામે જવાબ આપવા માટે તમારી પાસે કોઈ બાધક યુક્તિ છે? જો ના. તો પછી યથાજાત લિંગને મોક્ષનું કારણ કહેવામાં કોઈ પ્રમાણ નથી.

[૮૬૨] वस्त्रादिधारणेच्छा चेद् बाधिका तस्य तां विना ।
धृतस्य किमवस्थाने करादेरिव बाधकम् ॥१८५॥

દિગમ્બરઃ—અરે ! આ રહ્યો તમારી સામે જવાબ. તમને બોલતા જ ચૂપ કરી દે તેવો. કે જો મુનિવેષ મોક્ષનું

૨૮૦. સ. સા. :– ૨૧૦ થી ૨૧૭.

કારણ હોય તો વસ્ત્રાદિ ધારણ કરવાની ઇચ્છા તો થાય જ. અને એ ઇચ્છા જ મોક્ષ થવા ન દે. આમ આ ઇચ્છા જ તમારા વિપક્ષને બાધિત કરી દે છે.

ઉત્તર–સારું, પણ વસ્ત્રાદિ ધારણ કરવાની ઇચ્છા (મૂર્છા) કર્યા વિના જ વસ્ત્રને મુનિ ધારણ કરે તો પછી તેનો મોક્ષ થવામાં કોઇ બાધક નથી ને ? આપણા હાથ–પગને રાખવાની ઇચ્છા વિના જ તેમને આપણે રાખીએ જ છીએ ને ?

[૮૬૩] स्वरूपेण च वस्त्रं चेत्केवलज्ञानबाधकम् ।
तदा दिक्पटनीत्यैव तत्तदावरणं भवेत् ॥१८६॥

દિગમ્બર:–ભલે ઇચ્છા વિના વસ્ત્ર રાખ્યું. પણ અમે તો કહીશું કે વસ્ત્ર શરીર ઉપર રહે એ જ કેવળજ્ઞાનનું બાધક છે.

ઉ.–વાહ, આ તો ગજબની વાત કરી. હવે તો જેમ કેવલજ્ઞાનનું આવરણ કેવલજ્ઞાનાવરણ કર્મ કહેવાય છે તેમ આ બીજું વસ્ત્રાવરણ પણ કેવળજ્ઞાનનું બાધક માનવું પડશે. આવું તો કોઇ શાસ્ત્રમાં અમે વાંચ્યું નથી !

[૮૬૪] इत्थं केवलिनस्तेन मूर्ध्नि क्षिप्तेन केनचित् ।
केवलित्वं पलायेतेत्यहो किमसमञ्जसम् ॥१८७॥

વળી જો વસ્ત્ર જ કેવળજ્ઞાનને અટકાવતું હોય તો તો કોઈ નગ્ન કેવળીના મસ્તક ઉપર કોઈ ભક્ત દયાથી વસ્ત્ર નાંખે તો તરત જ તેમનું કેવળજ્ઞાન નાસી જશે ? કેમકે વસ્ત્ર

હોય તો કેવળજ્ઞાન ઊભું ન જ રહે ! અહો ! આ તો કેવી ઢંગધડા વિનાની વાતો ![૨૮૧]

[૮૬૫] भावलिङ्गात् ततो मोक्षो, भिन्नलिङ्गेष्वपि ध्रुवः ।
कदाग्रहं विमुच्यैतद्भावनीयं मनस्विना ॥१८८॥

એટલે ગૃહિલિંગાદિ કે યથાજાતદશા–કોઈથી પણ મોક્ષ થવાનો નિયમ નથી.

નિયમ એટલો જ છે કે ગમે તે લિંગમાં કે દશામાં હોય પણ જો ભાવલિંગ–રત્નત્રય હોય તો જ મોક્ષ છે અન્યથા નહિ જ. માટે 'યથાજાતદશામાં જ મોક્ષ થાય.' એવો કદાગ્રહ ત્યાગીને ઉક્ત યથાર્થસ્થિતિને જ મનસ્વી પુરુષે વિચારવી જોઈએ.

[૮૬૬] अशुद्धनयतो ह्यात्मा बद्धो मुक्त इति स्थितिः ।
न शुद्धनयतस्त्वेष बद्धयते नापि मुच्यते ॥१८९॥

પણ આ બધી વાત અશુદ્ધનિશ્ચયનયથી સમજવી. કેમકે તેના હિસાબે આત્મા પોતાના ભાવોથી બંધાય કે મુકાય. શુદ્ધનિશ્ચયનયથી તો આત્મા કશાયથી બંધાતો નથી અને મુકાતો પણ નથી.

અહીં આત્માનો મોક્ષતત્વથી ભેદવિચાર પૂર્ણ થયો. એની સાથે આત્માનું અજીવાદિ આઠેય તત્વથી ભેદનિરૂપણ પૂર્ણ થયું.

૨૮૧. શાસ્ત્ર વાર્તા:–પૃ. ૨૯૩અ સ્તબક ૮ મો શ્લોક, ત્રીજો

[૮૬૭] अन्वयव्यतिरेकाभ्यामात्मतत्त्वविनिश्चयम् ।
नवभ्योऽपि हि तत्त्वेभ्यः कुर्यादेवं विचक्षणः ॥१९०॥

આ રીતે શુદ્ધનિશ્ચયનયથી અજીવાદિ તત્વોથી આત્માનો ભેદ (વ્યતિરેક) વિચારવો અને વ્યવહારનયાદિથી આત્માનો અભેદ (અન્વય) વિચક્ષણ પુરુષે વિચારવો.

[૮૬૮] इदं हि परमाध्यात्मममृतं ह्यद एव च ।
इदं हि परमं ज्ञानं योगोऽयं परमः स्मृतः ॥१९१॥

નિશ્ચયદૃષ્ટિથી આત્મતત્વનો વિચાર એ જ પરમ અધ્યાત્મ છે, એ જ પરમ અમૃત છે, પરમજ્ઞાન છે. આને જ પરમ યોગ કહેવામાં આવ્યો છે.[૨૮૨]

[૮૬૯] गुह्याद्गुह्यतरं तत्त्वमेतत्सूक्ष्मनयाश्रितम् ।
न देयं स्वल्पबुद्धीनां ते ह्येतस्य विडम्बकाः ॥१९२॥

શુદ્ધનિશ્ચયનયદૃષ્ટિથી શુદ્ધાત્મસ્વરૂપનો વિચાર એ તો ગુહ્યથી પણ ગુહ્ય તત્વચિન્તન છે. અલ્પબુદ્ધિવાળાને તો આ તત્વચિન્તન આપવું જ નહિ. તેઓ તો આવા તત્વની વિડમ્બના જ કરે.

[૮૭૦] जनानामल्पबुद्धीनां नैतत्तत्वं हितावहम् ।
निर्बलानां क्षुधार्त्तानां भोजनं चक्रिणो यथा ॥१९३॥

અલ્પબુદ્ધિવાળાને આ તત્વદાન હિતાવહ બનતું નથી. જે ક્ષુધાર્ત્ત હોય પણ હોજરીથી તદ્દન નબળો હોય તે માગે તો ય તેને એવા—ચક્રીના—પચવામાં ખૂબ જ ભારે—પકવાન્નો હિતૈષિથી તો ન જ અપાય.

---

૨૮૨. સમય સાર : ૪૧૫ (૨૭૩, ૨૭૪.)

[૮૭૧] ज्ञानांशदुर्विदग्धानां तत्त्वमेतदनर्थकृत् ।
अशुद्धमन्त्रपाठस्य फणिरत्नग्रहो यथा ॥१९४॥

થોડું અધકચરું જ્ઞાન પામીને છકી ગએલાઓને આ તત્વજ્ઞાન અનર્થકર બને છે.

ફણિના માથે રહેલા રત્નને લેવા જનારો જો અશુદ્ધ-મન્ત્રોચ્ચાર કરે તો રત્ન મળવાની વાત તો દૂર રહી પણ મોતના ભારે અનર્થને તે જ મન્ત્રોચ્ચાર ઉપસ્થિત કરે.

[૮૭૨] व्यवहाराऽविनिष्णातो यो ज्ञीप्सति विनिश्चयम् ।
कासारतरणाशक्तः सागरं स तितीर्षति ॥१९५॥

જેણે વ્યવહારનયની દૃષ્ટિને સારી રીતે જીવનમાં સક્રિય રીતે પચાવી નથી એવો માણસ જો નિશ્ચયતત્વને જાણવા ઇચ્છે તો તે તળાવ તરવાને અસમર્થ માણસની સાગર તરવાની ઇચ્છા કરનારા જેવો મહામૂર્ખ કહેવાય.

પહેલો વ્યવહારનય જીવનમાં પચાવો. એનું પાચન એ જ નિશ્ચયનયના તત્વને જાણવાની યોગ્ય ભૂમિકા બને છે.

[૮૭૩] व्यवहारं विनिश्चित्य ततः शुद्धनयाश्रितः ।
आत्मज्ञानरतो भूत्वा परमं साम्यमाश्रयेत् ॥१९६॥

માટે જ વ્યવહારનયને જીવનમાં સારી રીતે પચાવીને જે આત્મા શુદ્ધનિશ્ચયનયની વિચારણાઓનો આશ્રય લે છે તે જ આત્મા, આત્મજ્ઞાનમાં ઓતપ્રોત બનીને પરમશુદ્ધ સમતા (મોક્ષ) ને પ્રાપ્ત કરે છે.

卐

# જિનમત સ્તુતિ

૧૯

ધીર ગંભીર સમુદ્રશા જિનમત! આપને અમારા
પુનઃ પુનઃ પ્રણામ!

તત્ત્વજ્ઞાનના ફળથી લચી પડેલા કલ્પતરુશા આપને
લાખ લાખ વંદન!

શ્રદ્ધાના નંદનવનથી રાજતા મેરુશા આપને કોટિશઃ
નમસ્કાર!

મોહતિમિરના ભેદક સૂર્યશા આપને અનંતશઃ
અભિવાદન!

ઓ! અધ્યાત્મના અમૃતની હેલિ વરસાવતા મૃગલાંછન!
મૃત્યુઞ્જય બનાવો અમને!

અમર–પંથના પંખીડા બનાવો અમને!

## જિનમતસ્તુતિ

પ્રબન્ધ-૬ ઠ્ઠો  અધિકાર-૧૯ મો

[૮૭૪] उत्सर्प्पद्व्यवहारनिश्चयकथा—
कल्लोलकोलाहल—
त्रस्यद्दुर्नयवादिकच्छपकुल—
भ्रश्यत्कुपक्षाचलम् ॥
उद्यद्युक्तिनदीप्रवेशसुभगम् ।
स्याद्वादमर्यादया ।
युक्तं श्रीजिनशासनं जलनिधिं
मुक्त्वा परं नाश्रये ॥ १ ॥

**જિનમત : સમુદ્ર :—**

(૧) નિશ્ચય વ્યવહારની કથાના ઊછળતા કલ્લોલથી ત્રાસ પામતા દુર્નયવાદી સ્વરૂપ કાચબાઓના કુળોવાળા.

(૨) તૂટી પડતા કુપક્ષરૂપી પર્વતોવાળા,

(૩) સચોટ યુક્તિ નદીના પ્રવેશથી સૌભાગ્યવાળા અને

(૪) સ્યાદ્વાદની મર્યાદાવાળા એવા જિનશાસન સમુદ્રને મૂકીને બીજા કોઈનો ય હું આશ્રય ન કરું.

[૮૭૫] पूर्णः पुण्यनयप्रमाणरचना—
पुष्पैः सदास्थारसैः ।
तत्त्वज्ञानफलः सदा विजयते,
स्याद्वादकल्पद्रुमः ॥

एतस्मात् पतितः प्रवादकुसुमैः
षड्दर्शनारामभूः ।
भूयः सौरभमुद्वमत्यभिमतै-
रध्यात्मवार्तालवैः ॥ २ ॥

કલ્પતરુ :—

અહા ! આ સ્યાદ્વાદ કલ્પતરુ જગતમાં સર્વોત્કૃષ્ટ છે કે જે (૧) સમ્યગ્દર્શનના રસવાળા પુણ્યશાલી નવપ્રમાણુની રચનારૂપી પુષ્પોથી ભરપુર છે (૨) તત્વજ્ઞાન જેનું ફળ છે.

આ કલ્પતરુ ઉપરથી સહુને ગમી જાય તેવી અધ્યાત્મની નાનકડી વાતોરૂપ-પ્રવાદપુષ્પોના પડવાથી ષડ્દર્શનરૂપ ઉદ્યાનભૂમિ કેવી સુગંધિ બહેકાવી રહી છે !

[૮૭૬] चित्रोत्सर्गशुभापवादरचना-
सानुश्रियालङ्कृतः ।
श्रद्धानन्दनचन्दनद्रुमनिभ-
प्रज्ञोल्लसत्सौरभः ॥
भ्राम्यद्भिः परदर्शनग्रहगणै-
रासेव्यमानः सदा ।
तर्कस्वर्णशिलोच्छ्रितो विजयते,
जैनागमो मन्दरः ॥ ३ ॥

મેરુ:—

જૈનાગમરૂપ મન્દરાચલ જય પામો ! વિજય પામો !

આપ, (૧) ચિત્રવિચિત્ર ઉત્સર્ગ અને શુભ અપવાદની રચનારૂપ શિખરોની શોભાથી અલંકૃત છો,

(૨) શ્રદ્ધાના નંદનવૃક્ષો સમી પ્રજ્ઞાથી ઊછળતી સુગંધિવાળા છો,

(૩) ચોમેર પ્રદક્ષિણા દેતા પરદર્શનરૂપ ગ્રહોના ગણોથી સદા સેવાઈ રહ્યા છો,

(૪) તર્કરૂપી સોનાની શિલાઓથી સમુન્નત બન્યા છો!

આપ જય પામો! વિજય પામો!

[૮૭૭] स्याद्दोषापगमस्तमांसि जगति,
क्षीयन्त एव क्षणात् ।
अध्वानो विशदीभवन्ति निविडा,
निद्रा दृशोर्गच्छति ॥
यस्मिन्नभ्युदिते प्रमाणदिवस–
प्रारम्भकल्याणिनी ।
प्रौढत्वं नयगीदधाति स रवि–
र्जैनागमो नन्दतात् ॥ ४ ॥

સૂર્ય :–

તે જિનાગમરૂપી સૂર્ય સર્વસમૃદ્ધિને પ્રાપ્ત કરો.

(૧) જેનો ઉદય થતા જગતમાં મોહનો નાશ થાય છે,

(૨) અજ્ઞાનતિમિર એક જ ક્ષણમાં છિન્નભિન્ન થઈ જાય છે,

(૩) માર્ગો સ્પષ્ટ રીતે દેખાવા લાગે છે,

(૪) ચક્ષુમાં ભરાએલી ગાઢ નિદ્રા પણ દૂર થાય છે અને....

(૫) પ્રમાણરૂપ દિનારંભમાં મંગળમાળાસમી નયવાણી પ્રૌઢતા પ્રાપ્ત કરે છે.

[૮૭૮] अध्यात्मामृतवर्षिभिः कुवलयो-
ल्लासं विलासैर्गवाम् ।
तापव्यापविनाशिभिर्वितनुते,
लब्धोदयो यः सदा ॥
तर्कस्थाणुशिरःस्थितः परिवृतः,
स्फारैर्नयैस्तारकैः ।
सोऽयं श्रीजिनशासनामृतरुचिः,
कस्यैति नो रुच्यताम् ॥ ५ ॥

**ચન્દ્રઃ**—અહો ! આ જિનાગમચન્દ્ર કોના મનને આહ્લાદ ન આપે ?

(૧) જેનો સર્વદા (માત્ર શુક્લપક્ષમાં નહિ) ઉદિતોદય હોય છે,

(૨) અધ્યાત્મના અમૃતને વરસાવતી તથા દિવસના તાપના પ્રપંચનો વિનાશ કરી દેતી એવી વાણીના વિલાસથી ભવ્યજનરૂપ કમળને જે ઉલ્લસિત કરી મૂકે છે,

(૩) જે તર્કરૂપ શંકરના માથે બેઠા છે અને....

(૪) નયરૂપ તારલાઓથી ચોમેર વીંટળાએલા છે.

[૮૭૯] बौद्धानामृजुसूत्रतो मतमभूद्,
वेदान्तिनां सङ्ग्रहात् ।
साङ्ख्यानां तत एव नैगमनयाद्,
योगश्च वैशेषिकः ॥
शब्दब्रह्मविदोऽपि शब्दनयतः,
सर्वैर्नयैर्गुम्फिता ।
जैनी दृष्टिरितीह सारतरता,
प्रत्यक्षमुद्वीक्ष्यते ॥ ६ ॥

ઋજુસુત્રનયથી બૌદ્ધમત નીકળ્યો, સંગ્રહનયથી વેદાન્ત અને સાંખ્યમત પ્રગટ થયો, નૈગમનયથી યોગ અને વૈશેષિકમત તથા શબ્દનયથી શબ્દાદ્વૈત મત નીકળ્યો.

પણ આ જૈનદૃષ્ટિ તો સર્વનયોની ગૂંથણીવાળી છે. એટલે પ્રત્યક્ષથી એ જ શ્રેષ્ઠ જણાય છે.

[૮૮૦] ऊष्मा नार्कमपाकरोति दहनं,
नैव स्फुलिङ्गावली ।
नाब्धिं सिन्धुजलप्लवः सुरगिरिं,
ग्रावा न चाभ्यापतन् ॥
एवं सर्वनयैकभावगरिम–
स्थानं जिनेन्द्रागमम् ।
तत्तद्दर्शनसङ्कथांशरचना–
रूपा न हन्तुं क्षमा ॥ ७ ॥

શું ઉષ્માયુક્ત કોઈ દ્રવ્ય સૂર્યને તિરસ્કારી શકશે?
અગ્નિના કણિયાં શું પ્રચણ્ડ ભડકાને હસી શકશે?
સિન્ધુના પૂર શું સમુદ્રને અવગણી શકશે?
મેરુ ઉપર પડતી નાનકડી શિલા મેરુ ઉપર વિજય મેળવી શકશે?

જો ના....તો, તે તે દર્શનોની વાર્તાની જે અંશરૂપ રચનાઓ તે શું સર્વનયના ભાવોના પ્રધાનસ્થાનસ્વરૂપ જિનાગમને તિરસ્કારી શકશે?

[૮૮૧] दुःसाध्यं परवादिनां परमत—
क्षेपं विना स्वं मतम् ।
तत्क्षेपे च कषायपङ्कलुषं,
चेतः समापद्यते ॥
सोऽयं निःस्वनिधिग्रहव्यवसितः,
वेतालकोपक्रमः ।
नायं सर्वहितावहे जिनमते
तत्त्वप्रसिद्ध्यर्थिनाम् ॥ ८ ॥

પરવાદીને પોતાના વિરોધી પરવાદીના મત ઉપર આક્ષેપો કર્યા વિના પોતાના મતની સિદ્ધિ કરવી એ ઘણું જ કઠિન કાર્ય છે. વળી આ રીતે આક્ષેપો કરવાથી તો ચિત્ત કષાયના કાદવથી કલુષિત થાય છે.

આવો તિરસ્કારાદિ વ્યાપાર કે જે નિર્ધનના નિધાનના ગ્રહણ કરવારૂપ વેતાલના ક્રોધ જેવો છે તે, સર્વનું હિત કરનાર જિનમતમાં તત્વજ્ઞાનના અર્થીને જોવા પણ મળે તેમ નથી.

[૮૮૨] वार्त्ताः सन्ति सहस्रशः प्रतिमतं,
ज्ञानांशबद्धक्रमाः ।
चेतस्तासु न नः प्रयाति नितमां,
लीनं जिनेन्द्रागमे ॥
नोत्सर्पन्ति लताः कति प्रतिदिशं,
पुष्पैः पवित्रा मधौ ।
ताभ्यो नैति रतिं रसालकलिका—
रक्तस्तु पुंस्कोकिलः ॥ ९ ॥

જ્ઞાનના જુદા જુદા અંશોથી બદ્ધક્રમવાળી હજારો વાર્તાઓ દરેક મતમાં છે, પરન્તુ જિનેન્દ્રાગમમાં જ અમારું મન લીન થયું છે. તે તરફ જવાની તો કલ્પના પણ તે કરી શકતું નથી.

વસન્તઋતુમાં દરેક દિશામાં કેટલીય લતાઓ પુષ્પથી ભરપૂર થઈ જતી નથી ! છતાં આંબાની મંજરીઓમાં જ રક્ત કોયલ તો તેમના તરફ જરા ય રતિ ન જ કરે ને ?

[૮૮૩] शब्दो वा मतिरर्थ एव वसु वा,
जातिः क्रिया वा गुणः ।
शब्दार्थः किमिति स्थिता प्रतिमतं,
सन्देहशङ्कुव्यथा ॥
जैनेन्द्रे तु मते न सा प्रतिपदं,
जात्यन्तरार्थस्थितेः ।

सामान्यं च विशेषमेव च यथा,
तात्पर्यमन्विच्छति ॥१०॥

શું પદાર્થ શબ્દસ્વરૂપ છે? મતિસ્વરૂપ છે? દ્રવ્ય છે? જાતિ, ક્રિયા કે ગુણ છે? શું શબ્દનો કોઇ અર્થ છે? આવી સંદેહની વેદના તો દરેક બીજા મતોમાં છે.

માત્ર જૈનમતમાં તે વેદના નથી કેમકે પ્રત્યેક પદાર્થમાં તે જાત્યન્તર માને છે. અર્થાત્ પદાર્થ શબ્દરૂપ છે કે અર્થરૂપ છે? તે પ્રશ્નનો ઉત્તર એવો આપશે કે કથંચિત્ શબ્દરૂપ છે, કથંચિત્ અર્થરૂપ છે. અર્થાત્ પદાર્થમાં કેવળ શબ્દત્વ જાતિ નથી કેવળ અર્થત્વ જાતિ પણ નથી. એ તો તે બેથી ભિન્ન જાત્યન્તરવાળો (જાત્યન્તરસ્વરૂપ) છે.

સૂંઠ અને ગોળના સંયોગથી ઉત્પન્ન થયેલી ગોળી સૂંઠ પણ નથી, ગોળ પણ નથી. પણ વિલક્ષણ જાત્યન્તર જ છે. (ગોળી કથંચિત્ સૂંઠસ્વરૂપ છે, કથંચિત્ ગોળસ્વરૂપ છે.)

[૮૮૪] यत्रानर्पितमादधाति गुणतां,
मुख्यं तु वस्त्वर्पितम् ।
तात्पर्यानवलम्बनेन तु भवेद्,
बोधः स्फुटं लौकिकः ॥
सम्पूर्णं त्ववभासते कृतधियां,
कृत्स्नाद्विवक्षाक्रमात् ।
तां लोकोत्तरभङ्गपद्धतिमयीं,
स्याद्वादमुद्रां स्तुमः ॥११॥

વસ્તુના અનર્પિતભાવથી વસ્તુ ગૌણ તો બને છે, અને વસ્તુના અર્પિતભાવથી વસ્તુ મુખ્ય તો બને છે પણ તાત્પર્યનું અવલંબન નહિ કરવાથી ત્યાં જે ઘટાદિનો બોધ કરાય છે તે સ્પષ્ટ રીતે લૌકિક છે.

જ્યાં તાત્પર્યનું અવલંબન કરવામાં આવે છે ત્યાં તો બુદ્ધિમાન પુરુષોને બધી વિવક્ષાઓના ક્રમથી જે પદાર્થબોધ થાય છે તે સમ્પૂર્ણ બોધ થાય છે. આવી તે લોકોત્તર ભંગરચનાળી સ્યાદ્વાદમુદ્રાની અમે સ્તવના કરીએ છીએ.

ઘટપદાર્થને જોઈને આ ઘટ છે એવો બોધ સમ્યગ્દષ્ટિને થાય છે. મિથ્યાત્વીને થતો તે બોધ લૌકિક કહેવાય છે. કેમકે ત્યાં ઘટના બીજા ધર્મો ગૌણ બનીને ઘટત્વ ધર્મ મુખ્ય બને છે પણ તેની સાથે વસ્તુમાત્ર અનંતપર્યાયમય છે તેવું તાત્પર્ય તે પકડતો નથી. આ તાત્પર્યને અવલંબીને ઘટત્વ-ધર્મને મુખ્ય કરતો અને તેના બીજા ધર્મોને ગૌણ કરતો સમ્યગ્દષ્ટિ આત્મા ઘટના ઘટત્વધર્મની મુખ્ય વિવક્ષા કરે છે માટે તેને થતો ઘટબોધ એ સમ્પૂર્ણબોધ બને છે. આ બોધ સ્યાદ્વાદ–પદ્ધતિથી થાય છે માટે ગ્રન્થકારશ્રી તેની સ્તવના કરે છે.

[૮૮૫] आत्मीयानुभवाश्रयार्थविषयो-
ऽप्युच्चैर्यदीयक्रमः ।
म्लेच्छानामिव संस्कृतं तनुधिया-
माश्चर्यमोहावहः ॥

व्युत्पत्तिप्रतिपत्तिहेतुवितत–
स्याद्वाद वाग्गुम्फितम् ।
तं जैनागममाकलय्य न वयं,
व्याक्षेपभाजः क्वचित् ॥१२॥

જે જૈનાગમની વ્યવસ્થા (૧) સ્વાનુભવના આશ્રયવાળા અર્થને અનુસારે થઈ છે અને (૨) વ્યુત્પત્તિઓ, પ્રતિપત્તિઓ તથા હેતુઓથી વિસ્તૃત એવા સ્યાદ્વાદની વાણીથી જે ગૂંથાએલું છે તે જૈનાગમને જાણીને અમને બીજે ક્યાં ય પણ મતિ-મૂઢતા થતી નથી.

હા, અલ્પમતિવાળાને તો આ જૈનાગમનું શ્રવણ આશ્ચર્યરૂપ જ બને અને મતિમૂઢ પણ બનાવે. મ્લેચ્છોને સંસ્કૃતભાષાનું શ્રવણ આશ્ચર્યકારી ન લાગે શું ? અને તેમને મતિમૂઢ પણ શું ન બનાવી દે ?

[૮૮૬] मूलं सर्ववचोगतस्य विदितं,
जैनेश्वरं शासनम् ।
तस्मादेव समुत्थितैर्नयमतैः,
तस्यैव यत्खण्डनम् ॥
एतत्किञ्चन कौशलं कलिमल–
च्छन्नात्मनः स्वाश्रिताम् ।
शाखां छेत्तुमिवोद्यतस्य कटुको–
दर्काय तर्कार्थिनः ॥१३॥

સર્વશાસ્ત્રવચનોના અભિપ્રાયનું મૂળ જિનવચન છે

એ વાત સુવિદિત છે. તેમાંથી જ ઉત્પન્ન થયેલા નયમતોથી તેનું જ ખંડન કરવું એ તો કલેશ કંકાસના મળથી ખરડાએલા આત્માનું કેવું વિચિત્ર કૌશલ કહેવાય? કેમકે પોતે જેના આશ્રયે બેઠો છે તે જ શાખાને છેદવાને તૈયાર થએલો છે! એ તાર્કિકની પોતાના જ હાથે આવા કટૂ ફળની નીપજ!

[૮૮૭] त्यक्त्वोन्मादविभज्यवादरचना–

माकर्ण्य कर्णामृतम् ।

सिद्धान्तार्थरहस्यवित् क्व लभता–

मन्यत्र शास्त्रे रतिम् ॥

यस्यां सर्वनया विशन्ति न पुन–

र्व्यस्तेषु तेष्वेव या ।

मालायां मणयो लुठन्ति न पुन–

र्व्यस्तेषु मालापि सा ॥१४॥

જે માણસ ઉન્માદને ત્યાગે છે અને પછી અનેકાન્તવાદની રચનાસ્વરૂપ કર્ણામૃત સાંભળે છે અને સિદ્ધાન્તના ગંભીર રહસ્યોને પામે છે તે માણસ શું બીજા શાસ્ત્રમાં રતિ પામે?

સિદ્ધાન્તરચનામાં સર્વનયો પ્રવેશે છે પણ છૂટા છૂટા તે નયોમાં તે સિદ્ધાન્તરચના રહેતી નથી.

માળામાં મણકા રહે પણ વેરાએલા મણકામાં માળા ન જ રહે! [૨૮૨]

૨૮૨. (૧) અધ્યાત્મસાર શ્લો. ૧૭૫નાં ટીપ્પણનો પાઠ. (૨) સમ્મતિતર્ક ૩–૫૭

[૮૮૮] अन्योन्यप्रतिपक्षभाववितथान् ,
स्वस्वार्थसत्यान्नयान् ।
नापेक्षाविषयाग्रहैर्विभजते,
माध्यस्थ्यमास्थाय यः ॥
स्याद्वादे सुपथे निवेश्य हरते,
तेषां तु दिङ्मूढताम् ।
कुन्देन्दुप्रतिमं यशोविजयिन–
स्तस्यैव संवर्द्धते ॥१५॥

અન્યોન્યનો વિરોધભાવ હોવાથી સામસામાં એકબીજાની દૃષ્ટિએ ખોટા ઠરતા અને પોતપોતાની દૃષ્ટિથી થતી અર્થ-ઘટના પ્રમાણે સાચા ઠરતા એવા નયોને વિષે જે (સ્યાદ્વાદી) મધ્યસ્થભાવ ધારણ કરે છે અને તે તે અપેક્ષાના વિષયનો આગ્રહ પકડી રાખતા તેમને વિખૂટા પડી જવા દેતો નથી પરન્તુ સ્યાદ્વાદરૂપ માર્ગ ઉપર લાવીને એકઠા રાખે છે અને પછી તેમની દિઙ્મૂઢતાને હરી લે છે તે જ વિજયી સ્યાદ્વાદી છે.

મચકુન્દના પુષ્પ જેવો અને ચન્દ્ર જેવો એનો યશ સદા વૃદ્ધિ પામતો રહે છે.

# અનુભવ સ્વરૂપ

## ૨૦

શાસ્ત્રવચન તો મુક્તિના માર્ગે આંગળી ચીંધી જાણે...

પણ...અનુભવનું ચેતર તો અનંતના એ માર્ગે સડસડાટ ચાલી નાંખવાનું બળ બક્ષે.

શાસ્ત્રીય આચાર પદ્ધતિ જીવનને કર્મયોગમાં પલોટે અને ચિત્તને દેવગુરુની ભક્તિથી છલોછલ ભરી દે...

પછી તો એ કર્મયોગ અને ભક્તિયોગની અનુભવ-મસ્તી જ આત્માને મસ્તાન બનાવતી બનાવતી વિશુદ્ધ જ્ઞાનયોગમાં એકરસ બનાવી દે...

અનંતશઃ વંદન હો એ કર્મયોગીઓને!

એ ભક્તિયોગીઓને!

એ જ્ઞાનયોગીઓને!

[૮૮૧] शास्त्रोपदर्शितदिशा,
गलितासद्ग्रहकषायकलुषाणाम् ।
प्रियमनुभवैकवेद्यं, रहस्यमाविर्भवति किमपि ॥ १ ॥

શાસ્ત્રે બતાવેલી દિશાથી જેમની કદાગ્રહ જનિત કષાયની કલુષતા ગળી ગઈ છે તે મહાત્માઓને અનુભવથી જ સમજી શકાય તેવું, ચિત્તને પ્રિય એવું કોઈ અપૂર્વ રહસ્ય પ્રગટ થાય છે.

[૮૯૦] प्रथमाभ्यासविलासादा–विर्भूयैव यत्क्षणाल्लीनम् ।
चञ्चत्तरुणीविभ्रम–सममुत्तरलं मनः कुरूते ॥ २ ॥

અનુભવથી જ સમજી શકાય તેવું રહસ્ય પ્રગટ તો થાય છે પરન્તુ એ રહસ્ય તરત જ આત્મામાં પાછું લીન થઈ જાય છે–લાંબા સમય સુધી સ્થિર રહી શકતું નથી. કેમકે પ્રાથમિક કક્ષાના અભ્યાસનો આ વિલાસ છે. પણ આ રીતે લીન થઈ ગયેલું એ પ્રિય રહસ્ય ચિત્તને અત્યન્ત ઉત્સુક કરી મૂકે છે: ફરી ફરી એ રહસ્ય પામવાની તીવ્ર તમન્ના જગાડી દે છે.

ચંચળ સ્ત્રીનો એક જ કટાક્ષભાવ યુવાન પુરુષના મનને સતત પજવ્યા કરે તેવી દશા રહસ્યાભિલાષી યોગીના મનની બની જાય છે.

[૮૯૧] सुविदितयोगैरिष्टं, क्षिप्तं मूढं तथैव विक्षिप्तम् ।
एकाग्रं च निरुद्धं, चेतः पञ्चप्रकारमिति ॥ ३॥

યોગીઓએ પાંચ પ્રકારનાં મન કહ્યાં છે.

૧. ક્ષિપ્ત. ૨. મૂઢ. ૩. વિક્ષિપ્ત. ૪. એકાગ્ર. ૫. નિરૂદ્ધ. [૨૮૩]

[૮૯૨] विषयेषु कल्पितेषु च,
पुरःस्थितेषु च निवेशितं रजसा ।
सुखदुःखयुग्बहिर्मुख–माम्नातं क्षिप्तमिह चित्तम् ॥ ४ ॥

**(૧) ક્ષિપ્તચિત્ત :**

સુખદ માનેલા અને સામે આવેલા વિષયોમાં જે ચિત્ત રજોગુણથી પ્રવેશ્યુ છે અને વિષયાનુભવમાં જે સુખ દુઃખનો મિશ્ર અનુભવ કરી રહ્યુ છે તે બહિર્મુખ ચિત્ત ક્ષિપ્ત કહેવાય છે.

[૮૯૩] क्रोधादिभिर्नियमितं, विरुद्धकृत्येषु यत्तमोभूम्ना ।
कृत्याकृत्यविभागा–सङ्गतमेतन्मनो मूढम् ॥ ५ ॥

**(૨) મૂઢ ચિત્ત:**

તે તે અવસરે ક્રોધાદિભાવોથી વ્યાપી જતું, વિરૂદ્ધ કાર્યોમાં તમોગુણથી પ્રવેશતું, કર્તવ્ય શું ? અને અકર્તવ્ય શું ? એનો વિભાગ ન કરતું ચિત્ત મૂઢ કહેવાય છે.

[૮૯૪] सत्वोद्रेकात्परिहृत–दुःखनिदानेषु सुखनिदानेषु ।
शब्दादिषु प्रवृत्तं, सदैव चित्तं तु विक्षिप्तम् ॥ ६ ॥

---

૨૮૩. પાતં. ભાષ્યઃ પહેલા સૂત્રની ટીકા.

(૩) **વિક્ષિપ્ત ચિત્ત :**

(૧) સાત્વિકભાવના ઉદ્રેકને લીધે દુઃખના કારણોથી દૂર થઈ ગએલું અને (૨) સુખના કારણીભૂત શબ્દાદિ વિષયોમાં જ સદૈવ રક્ત બનતું ચિત્ત વિક્ષિપ્ત કહેવાય છે.

[૮૯૫] अद्वेषादिगुणवतां, नित्यं खेदादिदोषपरिहारात्।
सदृशप्रत्ययसङ्गत–मेकाग्रं चित्तमाम्नातम् ॥७॥

(૪) **એકાગ્ર ચિત્ત :**

અદ્વેષ, જિજ્ઞાસાદિ ગુણવાળા આત્માને ખેદાદિ દોષો હોતા નથી. એ આત્માઓનું એક જ શુભ વિષયમાં લગનીવાળું ચિત્ત એકાગ્ર કહેવાય છે.[૨૮૪]

[૮૯૬] उपरतविकल्पवृत्तिक–मवग्रहादिक्रमच्युतं शुद्धम्।
आत्मारामसुनीनां, भवति निरुद्धं सदा चेतः ॥८॥

**નિરૂદ્ધ ચિત્ત :**

(૧) આર્તરૌદ્રાનુબંધી વિકલ્પોની પ્રવૃત્તિથી વિરામ પામેલું, (૨) અવગ્રહાદિ ક્રમથી ચ્યુત થયેલું અને તેથી જ (૩) મધ્યસ્થ બનેલું (શુદ્ધતા=માધ્યસ્થ્ય), આત્મારામ મુનિઓનું ચિત્ત નિરૂદ્ધ કહેવાય છે.[૨૮૫]

---

૨૮૪ (૧) યો. શાસ્ત્ર : ૧૨–૪.
(૨) ષોડશક પ્રકરણ : ૧૪–૩.
(૩) ,, ,, ૧૬. ૧૪.
૨૮૫. યો. શાસ્ત્ર : ૧–૪૧ ટીકા.

[૮૯૭] न समाधावुपयोगं, तिस्रश्चेतोदशा इह लभन्ते ।
सत्त्वोत्कर्षात् स्थैर्या-दुभे समाधिसुखातिशयात् ॥९॥

ચિત્તની પહેલી ત્રણ દશા-ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત-સમાધિની પ્રાપ્તિમાં ઉપયોગી બનતી નથી. જ્યારે આ એકાગ્ર અને નિરૂદ્ધ ચિત્ત તો સત્ત્વોત્કર્ષવાળું અને સ્થૈર્યવાળું અને સમાધિસુખની યોગ્યતાવાળું હોવાથી સમાધિની અવસ્થા માટે ઉપયોગી બને છે.[૨૮૬]

[૮૯૮] योगारम्भस्तु भवे-द्विक्षिप्ते मनसि जातु सानन्दं ।
क्षिप्ते मूढे चास्मिन्, व्युत्थानं भवति नियमेन ॥१०॥

હજી વિક્ષિપ્ત ચિત્તમાં કદાચ સમાધિપ્રાપ્તિના ઉપાયોનો આરંભ થાય તે બને, પણ ક્ષિપ્ત, અને મૂઢ ચિત્તમાં તો રાગાદિના સંસ્કારોનું તોફાન જ હોય છે માટે ત્યાં તો અવશ્ય સમાધિમાંથી વ્યુત્થાન (મનનું ઊઠી જવાનું) જ થાય.

[૮૯૯] विषयकषायनिवृत्तं, योगेषु च सञ्चरिष्णु विविधेषु ।
गृहखेलद्बालोपम-मपि चलमिष्टं मनोऽभ्यासे ॥११॥

(૧) વિષયકષાયથી નિવૃત્ત થએલું, (૨) મોક્ષના અનેક ઉપાયોમાં જવાના સ્વભાવવાળું, (૩) ઘરમાં રમતા બાળકની જેમ અન્તર્મુખ બનેલું એવું વિક્ષિપ્ત ચિત્ત ચલ દશામાં હોય તો પણ અભ્યાસકાળની યોગ સાધના માટે યોગીઓને તે ઇષ્ટ છે.

૨૮૬. દ્વા. દ્વા. ૧૧-૩૧, ૩૨

[૧૦૦] वचनानुष्ठानगतं, यातायातं च सातिचारमपि ।
चेतोऽभ्यासदशायां, गजाङ्कुशन्यायतोऽदुष्टम् ॥१२॥

પ્રીતિ, ભક્તિ, વચન આદિ ચાર અનુષ્ઠાનો છે. તેમાંના વચનાનુષ્ઠાનને પ્રાપ્ત થએલું હોય અને તેથી જ વારંવાર બહાર ચાલી જઈને પાછું અંદર આવી જતું હોય, આમ અતિચારથી દુષિત થયેલું હોય છતાં પણ જેમ ઉન્માર્ગસ્થ હાથી અંકુશથી ઠેકાણે આવે છે તેવું આ વિક્ષિપ્તચિત્તનું હોવાથી અભ્યાસની દશામાં તે દુષ્ટ નથી.[૨૮૭]

[૧૦૧] ज्ञानविचाराभिमुखं,
यथा यथा भवति किमपि सानन्दम् ।
अर्थैः प्रलोभ्य बाह्यै-
रनुगृह्णीयात्तथा चेतः ॥१३॥

જેમ જેમ ચિત જ્ઞાનવિચારની અભિમુખ બનીને તેમાં આનંદવાળું બનતું જાય તેમ તેમ અસદાલંબનથી તેને દૂર કરવા માટે સદાલંબન તરફ લોભાવીને લઈ જવા દ્વારા તેનો નિગ્રહ કરી લેવો.

[૧૦૨] अभिरूपजिनप्रतिमां, विशिष्टपदवाक्यवर्णरचनां च ।
पुरुषविशेषादिकम–प्यत एवालम्बनं ब्रुवते ॥१४॥

બાહ્ય શુભ અર્થોમાં ચિત્તને લઈ જઈને તેની ઉપર નિગ્રહ કરી શકાય છે માટે જ મનોહર જિનપ્રતિમા, વિશિ-

૨૮૭. ષોડશક પ્રકરણ: ૧૦–૬.

ષટ્પદ, વર્ણ કે વાક્યોની રચનાને ( 'जयति जगद्गुरुर्जिनः ઈત્યાદિ) અને ગણધરાદિ ભગવંતોને આલંબનરૂપ કહ્યા છે.

[९०३] आलम्बनैः प्रशस्तैः, प्रायो भावः प्रशस्त एव यतः।
इति सालम्बनयोगी, मनः शुभालम्बनं दद्ध्यात् ॥१५॥

જો આલમ્બન પ્રશસ્ત હોય તો પ્રાયઃ ભાવ પ્રશસ્ત જ હોય માટે જ આલંબનયુક્ત યોગીએ મનને શુભાલંબનમાં જોડવું જોઈએ.

[९०४] सालम्बनं क्षणमपि,
क्षणमपि कुर्यान्मनो निरालम्बम्।
इत्यनुभवपरिपाका—
दाकालं स्यान्निरालम्बम् ॥१६॥

ક્ષણવાર ચિત્તને આલંબનયુક્ત કરવું વળી ક્ષણ વાર સ્વાત્મામાં જ લીન કરવા દ્વારા નિરાલંબન કરવું. આમ થતાં થતાં જ્યારે સ્વાત્માનુભવ પરિપક્વ બની જશે ત્યારે મન સદાકાળ માટે નિરાલંબન બની જશે.

[९०५] आलम्ब्यैकपदार्थं, यदा न किञ्चिद्विचिन्तयेदन्यत्।
अनुपनतेन्धनवह्निव—दुपशान्तं स्यात्तदा चेतः ॥१७॥

એક પદાર્થને અવલંબીને જ્યારે બીજું કશું ય વિચારવામાં ન આવે ત્યારે ઈન્ધન ન મળતાં જેમ વહ્નિ શાન્ત થઈ જાય તેમ ચિત્ત ઉપશાન્ત બની જાય છે.[२८८]

---

૨૮૮. હારિ આવ: ૪થું પ્રતિ. ધ્યાન શતક. પૃ. ૬૦૫ अ.

[૧૦૬] शोकमदमदनमत्सर–कलहकदाग्रहविषादवैराणि ।
क्षीयन्ते शान्तहृदा–मनुभव एवात्र साक्षी नः ॥१८॥

જે યોગી શાન્તચિત્ત બની ગયા છે તેના શોક, અભિમાન, કામ, કલહ, કદાગ્રહ, ખેદ અને વૈરના ભાવો નાશ પામી જાય છે. આ વિષયમાં અમારો અનુભવ જ સાક્ષી છે.

[૧૦૭] शान्ते मनसि ज्योतिः,
प्रकाशते शान्तमात्मनः सहजम् ।
भस्मीभवत्यविद्या,
मोहध्वान्तं विलयमेति ॥१९॥

જ્યારે મન નિર્વિકાર બનવા દ્વારા શાન્ત બની જાય છે ત્યારે તે શાન્ત આત્માની સ્વાભાવિક જ્યોતિ પ્રકાશવા લાગે છે, અજ્ઞાન ભસ્મીભૂત થાય છે, અને મોહાન્ધકાર નાશ પામે છે.[૨૮૯]

[૧૦૮] बाह्यात्मनोऽधिकारः,
शान्तहृदामन्तरात्मनां न स्यात् ।
परमात्माऽनुध्येयः,
सन्निहितो ध्यानतो भवति ॥२०॥

શાન્તચિત્તવાળા અન્તરાત્માને બાહ્યદેહાદિસ્વરૂપ બાહ્યાત્મા –બહિર્મુખ આત્મા–ઉપર અધિકાર હોતો નથી, અને ધ્યાતવ્ય એવો પરમાત્મભાવ ધ્યાન દ્વારા સદૈવ તેની સમીપમાં જ રહે છે.

૨૮૯. સમાધિશતક (ગુજરાતી) : ૭, ૮

[९०९] कायादिर्बहिरात्मा, तदधिष्ठातान्तरात्मतामेति ।
गतनिःशेषोपाधिः, परमात्मा कीर्तितस्तज्ज्ञैः ॥२१॥

**ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ :**

**બહિરાત્મા**:–કાયાદિ બહિરાત્મા છે. અર્થાત્ આત્મબુદ્ધિથી ગ્રહણ કરેલા કાયાદિ એ બહિરાત્મા છે.

**અન્તરાત્મા** :–કાયાદિના વ્યાપારોના સાક્ષી તરીકે જ રહેતો આત્મા અન્તરાત્મા છે.

**પરમાત્મા** :–કાયાદિ સર્વોપાધિમુક્ત પરમાત્મા છે.[२९०]

[९१०] विषयकषायावेशः, तत्त्वाऽश्रद्धा गुणेषु च द्वेषः ।
आत्माऽज्ञानं च यदा, बाह्यात्मा स्यात्तदा व्यक्तः ॥२२॥

**બહિરાત્મસ્વરૂપ** :– (૧) જ્યાં વિષયકષાયોનો આવેશ છે, (૨) જિનોક્ત તત્ત્વ પ્રત્યે અશ્રદ્ધા છે, (૩) ગુણો પ્રતિ દ્વેષ છે, (૪) અને કાયાદિથી આત્મા ભિન્ન છે એવું જ્ઞાન નથી તે આત્મા બહિરાત્મા કહેવાય.

[९११] तत्वश्रद्धाज्ञानं, महाव्रतान्यप्रमादपरता च ।
मोहजयश्च यदा स्यात्, तदान्तरात्मा भवेद्व्यक्तः ॥२३॥

**અન્તરાત્મા** :–

(૧) જેને તત્ત્વ ઉપર શ્રદ્ધા છે, (૨) તત્વનું સમ્યગ્જ્ઞાન છે, (૩) મહાવ્રતોનો આચાર છે, (૪) અને અપ્રમત્તપ્રાયઃ

૨૯૦. (૧) યોગ શાસ્ત્ર : ૧૨. ૭૮. (૨) દ્વા. દ્વા. ૨૦–૧૭, ૧૮.

જીવન પ્રાપ્ત થયું છે, (૫) મોહના સંસ્કારોને નષ્ટપ્રાયઃ કરી નાંખ્યા છે તે આત્મા વ્યક્ત સ્વરૂપે અન્તરાત્મા કહેવાય.

[૯૧૨] ज्ञानं केवलसंज्ञं, योगनिरोधः समग्रकर्महतिः ।
सिद्धि निवासश्च यदा, परमात्मा स्यात्तदा व्यक्तः ॥२४॥

**પરમાત્મા :–**

(૧) જેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે, (૨) યોગનિરોધ થયો છે, (૩) સર્વકર્મનો ક્ષય થયો છે, (૪) સિદ્ધિપદ પ્રાપ્ત થયું છે તેઓ વ્યક્તસ્વરૂપે પરમાત્મા છે. (અવ્યક્તસ્વરૂપે તો મુક્તિએ જનારા ભવ્યાત્મા પણ પરમાત્મા કહેવાય.)

[૯૧૩] आत्ममनोगुणवृत्ती,
विविच्य यः प्रतिपदं विजानाति ।
कुशलानुबन्धयुक्तः,
प्राप्नोति ब्रह्मभूयमसौ ॥२५॥

આત્માના જ્ઞાનાદિગુણો અને મનની સાત્વિકાદિ ત્રણ વૃત્તિઓનો વિવેક કરીને આરાધક આત્મા ડગલે ને પગલે તે ગુણો અને વૃત્તિઓના સમતા કે વિષમતાના વિવિધ સ્વરૂપને બરોબર નજરમાં રાખે છે. એ જાગ્રત આત્મા પુણ્યાનુબન્ધી પુણ્યકાર્યથી યુક્ત બને છે અને એ કુશલાનુબન્ધી કર્મ દ્વારા તે મહાત્મા બ્રહ્મભાવ (મોક્ષ)ને પ્રાપ્ત કરે છે.

[૯૧૪] ब्रह्मस्थो ब्रह्मज्ञो, ब्रह्म प्राप्नोति तत्र किं चित्रम् ।
ब्रह्मविदां वचसापि, ब्रह्मविलासाननुभवामः ॥२६॥

શુદ્ધજ્ઞાનોપયોગથી પરમાત્મામાં ઓતપ્રોત થએલા શુદ્ધ ચૈતન્યસ્વભાવને જાણતા મહાત્મા તે શુદ્ધસ્વભાવની પ્રાપ્તિ કરે તેમાં કશું આશ્ચર્ય નથી. કેમકે અમે તો વિશુદ્ધચૈતન્ય-સ્વરૂપના જાણકારોના ઉપદેશવચનથી પણ શુદ્ધચૈતન્યનો ઉલ્લાસ અનુભવીએ છીએ તો તેમની તો શી વાત કરવી?

[૯૧૫] ब्रह्माध्ययनेषु मतं, ब्रह्माष्टादशसहस्रपदभावैः ।
येनाप्तं तत्पूर्णं, योगी स ब्रह्मणः परमः ॥२७॥

અઢાર હજાર બ્રહ્મપદના (શીલાંગરથના) ભાવોથી યુક્ત જે બ્રહ્મસ્વરૂપ, શ્રીઆચારાંગ સૂત્રના બ્રહ્મઅધ્યયનમાં કહ્યું છે તેને જેમણે સમ્પૂર્ણ પ્રાપ્ત કર્યું છે તે જ મહાત્માઓ આત્મતત્વના પરમયોગી છે.

[૯૧૬] ध्येयोऽय सेव्योऽयं,
कार्या भक्तिः सुकृतधियाऽस्यैव ।
अस्मिन्गुरुत्वबुद्धया,
सुतरः संसारसिन्धुरपि ॥२८॥

પૂર્ણબ્રહ્મના જ્ઞાતા એ મહાત્મા જ ધ્યાતવ્ય છે, સેવ્ય છે, બુદ્ધિમાન પુરુષે એમના જ ભક્તિ બહુમાન કરવા જોઈએ. જેઓ એમને મહાત્માની બુદ્ધિથી સ્વીકારે છે તેમને પણ સંસારસાગરનો પાર પામી જવાનું કાર્ય રમત બની જાય છે.

[૯૧૭] अवलम्ब्येच्छायोगं,
पूर्णाचारासहिष्णवश्च वयम् ।

भक्त्या परममुनीनां,
तदीयपदवीमनुसरामः ॥२९॥

અમે તો પૂર્ણ આચારને (શાસ્ત્રયોગની) સાધનાને પાળવા અસમર્થ છીએ એટલે ઇચ્છાયોગને અવલંબીને એ પરમ મુનિઓ પ્રત્યેની ભક્તિથી તેમના માર્ગને અનુસરીએ છીએ.[૨૯૧]

[૧૧૮] अल्पापि याऽत्र यतना, निर्दम्भा सा शुभानुबन्धकरी।
अज्ञानविषव्ययकृद्विवेचनं चात्मभावानाम् ॥३०॥

આ ઇચ્છાયોગમાં જે થોડી પણ યતના થાય છે તે જો નિર્દમ્ભભાવવાળી હોય તો અવશ્ય શુભપુણ્ય કર્મનો અનુબન્ધ કરનારી બને છે. વળી ચિત્તમાં આત્માના શુભ ભાવોનું આ ઇચ્છાયોગમાં વિશદ અવધારણ થાય છે તે પેલા અજ્ઞાનવિષનો ક્ષય કરે છે. આમ આ ઇચ્છાયોગમાં શુભકર્મનો અનુબંધ અને અશુભ અજ્ઞાનનો ક્ષય બે ય પ્રાપ્ત થાય છે. [૨૯૨]

[૧૧૯] सिद्धान्ततदङ्गानां शास्त्राणामस्तु परिचयः शक्त्या।
परमालम्बनभूतो, दर्शनपक्षोऽयमस्माकम् ॥३१॥

સિદ્ધાન્ત અને તેના અંગો રૂપ શાસ્ત્રોનો બોધ તો ભલે અમારી શક્તિ મુજબ અમારી પાસે હો પરન્તુ મોક્ષ

૨૯૧. યોગદ્દષ્ટિ સમુ. " कर्तुमिच्छोः श्रुतार्थस्य ज्ञानिनोऽपि प्रमादतः "

૨૯૨ ઉપદેશ માળા–जयणाय धम्मजणणी गाथा

માટે અમારે આલંબનભૂત તો આ દર્શન (તત્વ શ્રદ્ધાન) પક્ષ જ છે.

કહેવાનો ભાવ એ છે કે શાસ્ત્રજ્ઞાન અમારી પાસે શક્તિ મુજબનું હોવા છતાં શાસ્ત્રયુક્ત (શાસ્ત્રયોગનું) જીવન નથી જ, છતાં એ શાસ્ત્રોક્ત તત્વનું શ્રદ્ધાન તો અમારામાં છે જ અને તે જ અમારા માટે તો આલંબનભૂત છે.

[૯૨૦] विधिकथनं विधिरागो, विधिमार्गस्थापनं विधीच्छूनाम् ।
अविधिनिषेधश्चेति, प्रवचनभक्तिः प्रसिद्धा नः ॥३२॥

તે દર્શનપક્ષ આ છે. વિધિમાર્ગ કહેવો, તે માર્ગ પ્રત્યે પ્રીતિ–ભક્તિ ધારણ કરવી, તેના જિજ્ઞાસુને તે માર્ગની સિદ્ધિ કરી બતાડવી અને અવિધિનો નિષેધ કરવો, આ જ અમારી પ્રસિદ્ધ પ્રવચનભક્તિ છે. પ્રવચનાનુસારી જીવન જીવવારૂપ પ્રવચનભક્તિ તો અમારામાં નથી.

[૯૨૧] अध्यात्मभावनोज्ज्वलचेतोवृत्त्योचितं हि नः कृत्यम् ।
पूर्णक्रियाभिलाषश्चेति द्वयमात्मशुद्धिकरम् ॥३३॥

વિધિ કથન વગેરે સ્વરૂપ જે પ્રવચનભક્તિ અમે કહી એ–અમારું કૃત્ય–ઇચ્છાયોગવાળા અમારા માટે ઉચિત જ છે.

---

૨૯૩ (૧) લલિત વિસ્તરા પંજિકા યુતાઃ પૃ. ૫ अ ' उक्तं च धर्मानुष्ठानवैतथ्यात्...' ઇત્યાદિ પાઠ.

(૨) લલિત વિસ્તરા પંજિકા યુતાઃ પૃ. ૪૭ अ ' त्यक्ताव्याः खल्वसदपेक्षा '...ઇત્યાદિ.

કેમકે ઇચ્છાયોગમાં અધ્યાત્મયોગ અને ભાવનાયોગ હોય.... અને તે બે યોગથી ઉજ્વળ બનતી જતી ચિત્તવૃત્તિ અમારામાં હોવાથી, તેવી ચિત્તવૃત્તિથી યુક્ત એવું અમારું વિધિકથનાદિ કૃત્ય ઉચિત જ છે. આમ ઇચ્છાયોગમાં જે વિધિકથનાદિ કૃત્ય શકય છે તેનો અમે આરંભ (આદર) કરીએ છીએ એટલું જ નહિ પણ સામર્થ્યયોગની જે પૂર્ણ ક્રિયા અમારા માટે આજે અશકય છે તેના અભિલાષુક પણ છીએ.

આ શકયારંભ અને પૂર્ણ ક્રિયાભિલાષ-બેય-આત્મ શુદ્ધિને કરનારા છે.

[૯૨૨] द्वयमिह शुभानुबन्धः शक्यारम्भश्च शुद्धपक्षश्च ।
अहितो विपर्ययः पुन–रित्यनुभवसङ्गतः पन्थाः ॥३४॥

શકયનો આરંભ કરવો અને જે અશકય હોય તેવા શુદ્ધ સમ્પૂર્ણ અનુષ્ઠાનના પક્ષપાતી બનવું આ બે ય શુભ અનુબન્ધને ઉત્પન્ન કરનારા છે. આનાથી વિપરીત કરવું તે આત્માને અહિતકર નીવડે છે આ અનુભવસિદ્ધ મોક્ષ માર્ગ છે.

[૯૨૩] ये त्वनुभवाविनिश्चित–मार्गाश्चारित्रपरिणतिभ्रष्टाः ।
बाह्यक्रियया चरणाभिमानिनो ज्ञानिनोऽपि न ते ॥३५॥

જેઓ સ્વાનુભવથી અધ્યાત્મમાર્ગનો વિનિશ્ચય કરી શક્યા નથી અને તેથી જ ચારિત્ર્ય પરિણામથી ભ્રષ્ટ થયા છે તે બાહ્ય ક્રિયાના આચરણથી જ પોતાને સંયમી તરીકે માનનારાઓ સંયમી તો નથી કિન્તુ જ્ઞાની પણ નથી.[૨૯૪]

૨૯૪ (૧) સમ્મતિતર્ક : ૩–૬૭.
(૨) દ્રવ્યગુણપર્યાયનો રાસ : ૧ લી ઢાળ, વિના દ્રવ્ય અનુયોગ વિચાર...

[૬૨૪] लोकेषु बहिर्बुद्धिषु, विगोपकानां बहिष्क्रियासु रतिः ।
श्रद्धां विना न चैताः सतां प्रमाणं यतोऽभिहितम् ॥३६॥

[૬૨૫] बाल्यः पश्यति लिङ्गं, मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः, परीक्षते सर्वयत्नेन ॥३७॥

પ્રશ્ન–તો પછી એ દાંભિકોની બાહ્ય ક્રિયામાં લોકોને રતિ કેમ થાય છે?

ઉ.–લોકો બહિર્બુદ્ધિ–સ્થૂલ બુદ્ધિ–છે. એમને વેષધારી દાંભિકોની બાહ્ય ક્રિયાઓમાં જ રતિ થાય. પણ જે સજ્જન –બુધ પુરુષો–છે એમને તો જ્યાં સુધી તે તે વ્યક્તિની તે તે બાહ્ય ક્રિયામાં મોક્ષ પ્રાપ્ત કરાવી આપવાના સામર્થ્યની શ્રદ્ધા ન બેસે ત્યાં સુધી એ કોરી બાહ્ય ક્રિયાઓ એમને પ્રમાણભૂત બનતી જ નથી.

કહ્યું છે કે જે બાળ (સ્થૂલબુદ્ધિલોક) છે તે બહારનો વેષ માત્ર જોઈને જ નમી પડે. વેષધારીના સદાચાર કે દુરાચાર તરફ તેની દૃષ્ટિ ન હોય; જે મધ્યમ પુરુષ છે તે માત્ર વેષ જોઈને નહિ પણ તે વેષધારીમાં યમ નિયમાદિ સદાચાર (વૃત્ત) જુએ અને પછી તેને નમે;

જે બુધ પુરુષ છે તે વેષ અને યમ નિયમાદિ સદાચારને જ જોઈને નમી ન પડે કિન્તુ એ યમ નિયમાદિ બાહ્યાચારને કહેનાર શાસ્ત્રતત્વની સત્યતાની કષ, છેદ અને તાપથી બરોબર પરીક્ષા કરે. જો તે શાસ્ત્ર તાપ પરીક્ષામાં પણ પસાર થાય તો તે શાસ્ત્રના આધારે આચરવામાં આવતા

બાહ્યાચારમાં બુધ પુરુષને શ્રદ્ધા બેસે કે આ બાહ્યાચાર અવશ્ય મોક્ષ પ્રાપક છે.' આવી શ્રદ્ધા બેઠા પછી જ બુધ પુરુષ એ બાહ્યાચારને પ્રમાણભૂત માને.

[९२६] निन्द्यो न कोऽपि लोके, पापिष्ठेष्वपि भवस्थितिश्चिन्त्या।
पूज्या गुणगरिमाढ्या, धार्यो रागो गुणलवेऽपि ॥३८॥

[९२७] निश्चित्यागमतत्त्वं तस्मादुत्सृज्य लोकसंज्ञां च।
श्रद्धाविवेकसारं यतितव्यं योगिना नित्यम् ॥३९॥

[९२८] ग्राह्यं हितमपि बालादालापैर्न दुर्जनस्य द्वेष्यम्।
त्यक्तव्या च पराशा पाशा इव सङ्गमा ज्ञेयाः ॥४०॥

[९२९] स्तुत्या स्मयो न कार्यः कोपोऽपि च निन्दया जनैः कृतया।
सेव्या धर्माचार्यास्तत्वं जिज्ञासनीयं च ॥४१॥

[९३०] शौचं स्थैर्यमदम्भो वैराग्यं चात्मनिग्रहः कार्यः।
दृश्या भवगतदोषाश्चिन्त्यं देहादिवैरूप्यम् ॥४२॥

[९३१] भक्तिर्भगवति धार्या सेव्यो देशः सदा विविक्तश्च।
स्थातव्यं सम्यक्त्वे विश्वस्यो न प्रमादरिपुः ॥४३॥

[९३२] ध्येयाऽऽत्मबोधनिष्ठा सर्वत्रैवागमः पुरस्कार्यः।
त्यक्तव्याः कुविकल्पाः स्थेयं वृद्धानुवृत्त्या च ॥४४॥

[९३३] साक्षात्कार्यं तत्वं, चिद्रूपानन्दमेदुरैर्भाव्यम्।
हितकारी ज्ञानवता—मनुभववेद्यः प्रकारोऽयम् ॥४५॥

ગ્રન્થકારશ્રીને અધ્યાત્મના અનુભવથી જે નિગૂઢ નવનીત પ્રાપ્ત થયું તે હવે હિતશિક્ષારૂપે ગ્રન્થનો ઉપસંહાર કરતાં જણાવે છે.

(૧) લોકમાં કોઇની નિંદા કરવી નહિં; (૨) પાપિષ્ઠ આત્માનો પણ તિરસ્કાર ન કરતાં તેની તેવી અવસ્થિતિ વિચારવી; (૩) ગુણિયલ પુરુષોને પૂજનીય માનવા; (૪) જ્યાં ગુણનો લેશ પણ દેખાતો હોય ત્યાં તે વ્યક્તિ ઉપર પ્રેમ રાખવો; (૫) આગમ-તત્વનો નિશ્ચય કરીને લોકસંજ્ઞાનો ત્યાગ કરવો અને પછી યોગી પુરુષે શ્રદ્ધા અને વિવેકની શુદ્ધિપૂર્વક સંયમ-યોગોમાં ઉદ્યમી બનવું; (૬) બાળક પાસેથી પણ હિતકર તત્વ મેળવવું; (૭) દુષ્ટ પુરુષોના બકવાટથી તેમની ઉપર દ્વેષ ન કરવો; (૮) દેહાદિ તમામ પરદ્રવ્યની પાસે કોઈ આશા રાખવી નહિં; (૯) સંયોગો બંધનસમા જાણવા; (૧૦) પ્રશંસાથી અભિમાન ન કરવું; (૧૧) લોકનિન્દાથી કોપ પણ ન કરવો; (૧૨) ધર્માચાર્યોની સેવા કરવી; (૧૩) તત્વની જિજ્ઞાસા રાખવી; (૧૪) ચોરી કરવી નહિં; (૧૫) સંયમની શુદ્ધિ રાખવી; (૧૬) નિર્દમ્ભપણે જીવવું; (૧૭) વિરાગરસમાં તરબોળ રહેવું; (૧૮) આત્મ નિગ્રહ કરતા રહેવો; (૧૯) સંસારના દોષોનું દર્શન કરવું; (૨૦) દેહાદિની અશુચિ વિગેરે વિચારવા; (૨૧) જિનેશ્વર દેવ પ્રત્યે ભક્તિ બહુમાન રાખવું; (૨૨) સર્વદા સ્ત્રી, પશુ, નપુંસક આદિથી રહિત સ્થાનમાં રહેવું; (૨૩) શ્રદ્ધામાં સ્થિર રહેવું; (૨૪) પ્રમાદ શત્રુનો કદી વિશ્વાસ ન કરવો; (૨૫) આત્માના સ્વરૂપની પૂર્ણતા વિચારવી; (૨૬) સર્વત્ર

જિનાજ્ઞાને જ આગળ કરવી; (૨૭) કુવિકલ્પોનો ત્યાગ કરવો; (૨૮) આપ્ત વૃદ્ધ પુરુષોને પગલે ચાલવું; (૨૯) આત્મ તત્વનો સાક્ષાત્કાર કરવો અને (૩૦) ચિદાનન્દની એ અનુભૂતિમાં સદૈવ મસ્તાન રહેવું.[૨૯૬]

૨૯૬ (૧) લલિત વિસ્તરા પંજિકાયુતા પૃ. ૧૧૬ (૨) ઉપદેશ રહસ્ય શ્લોક ૧૯૪ થી ૨૦૧ (૩) અધ્યાત્મોપનિષત્ ૧-૧૪ (૪) ષોડશક પ્રકરણ ૨-૧૪.

# સજ્જન સ્તુતિ

## ૨૧

પરાર્થ જ જેમનું જીવન છે. જેમની સ્વાર્થની આરાધના પણ પરાર્થની જનની બની છે તે જગદ્વંદ્ય સજ્જનોના તે શા ગુણ ગાવા?

અછતા દોષોની બદબૂ ચોમેર ફેલાવીને વાયુમંડળને દૂષિત કરતા દુર્જનોની પણ જે ગુણ ગાથા રચે છે એ સજ્જનોના સૌજન્યની પરાકાષ્ઠા જ નથી શું?

સ્વબળે ઘણું મેળવવા છતાં પોતાને નિર્બળ માનીને દેવગુરુની મહતી કૃપાને જ પળે પળે અને પગલે પગલે બિરદાવે છે સજ્જનો!

આ ગ્રન્થના રચયિતા ભગવાન યશોવિજયજી પણ એવા જ સજ્જનોની શ્રેણીમાં કેવા શોભી રહ્યા છે!

સમગ્ર વિશ્વનું શીઘ્ર કલ્યાણ કરો સજ્જનોનું એ સર્વાતિશાયી સૌજન્ય!

## 卐 સજ્જન સ્તુતિ 卐

[९३४] येषां कैरवकुन्दवृन्दशशभृत् कर्पूरशुभ्रा गुणाः ।
मालीन्यं व्यपनीय चेतसि नृणां वैशद्यमातन्वते ॥
सन्तः सन्तु मयि प्रसन्नमनस–स्ते केऽपि गौणीकृत–
स्वार्था मुख्यपरोपकारविधयोत्युच्छृङ्खलैः किं खलैः ॥१॥

જે સજ્જનોના–શ્વેતકમલ જેવા, કુન્દપુષ્પના વૃન્દ જેવા, ચન્દ્ર અને કપૂરના જેવા–શુભ્ર ગુણો, મુમુક્ષુઓના ચિત્તની મલિનતાને દૂર કરીને સ્વચ્છતાને વિસ્તારે છે, જેમને સ્વાર્થ ગૌણ બન્યો છે અને પરાર્થપ્રવૃત્તિ જ મુખ્ય બની છે, તે સજ્જનો મારી ઉપર પ્રસન્ન ચિત્તવાળા થાઓ.

તેથી ઉચ્છૃંખલ લુચ્ચા માણસોની અપ્રસન્નતા ભલે થાય. પણ તેનાથી ડરવાનું થોડું જ હોય?

[९३५] ग्रन्थार्थान् प्रगुणीकरोति सुकविः,
यत्नेन तेषां प्रथा–
मातन्वन्ति कृपाकटाक्षलहरी–
लावण्यतः सज्जनाः ॥
माकन्दद्रुममञ्जरीं वितनुते,
चित्रा मधुश्रीस्ततः ।
सौभाग्यं प्रथयन्ति पञ्चमचम–
त्कारेण पुंस्कोकिला ॥२॥

સારો કવિ પ્રૌઢ ગ્રન્થોના અર્થોને યત્નપૂર્વક તૈયાર કરે છે અને સજ્જનો કૃપા કટાક્ષની લહરીથી ઉત્પન્ન થએલા વાત્સલ્યરૂપી લાવણ્ય વડે તે ગ્રન્થની પ્રસિદ્ધિને વિસ્તારે છે.

વસંતઋતુ આંબાની ડાળે મંજરીને ઉત્પન્ન કરે છે અને પછી પંચમસ્વરના ચમત્કારથી કોયલ તે આંબાના સૌભાગ્યને જગતમાં પ્રસારે છે. (જાહેર કરે છે.)

[९३६] दोषोल्लेखविषः खलाननबिलादु-
त्थाय कोपाज्ज्वलन्।
जिह्वाहिर्ननु कं गुणं न गुणिनां,
बालं क्षयं प्रापयेत् ॥
न स्याच्चेत्प्रबलप्रभावभवनं
दिव्यौषधी सन्निधौ।
शास्त्रार्थोपनिषद्विदां शुभहृदां,
कारुण्यपुण्यप्रथा ॥ ३ ॥

દોષોનો જ ઉલ્લેખ કરવારૂપ વિષવાળો, ક્રોધથી સળગતો–દુર્જનોના મુખરૂપી બિલમાંથી નીકળતો–જીભરૂપી સર્પ–ગુણવાનોના ક્યા બાળગુણોને હતપ્રહત કરી ન દે? જો પરોપકારી હૃદયવાળા શાસ્ત્રરહસ્યોના જાણકારોની મીઠી મહિમાવંતી કૃપારૂપી દિવ્ય ઔષધિ તેમની પાસે ન હોય તો?

[९३७] उत्तानार्थगिरां स्वतोऽप्यवगमात्,
निःसारतां मेनिरे,

गम्भीरार्थसमर्थने बत खलाः,
काठिन्यदोषं ददुः ॥
तत्को नाम गुणोऽस्तु कश्च सुकविः,
किं काव्यमित्यादिकाम् ।
स्थित्युच्छेदमतिं हरन्ति नियतां,
दृष्टा व्यवस्थाः सताम् ॥ ४ ॥

સુગમ-સરળ અર્થવાળું કવિનું કાવ્ય કે જે સ્વયં પણ સમજી શકાય તેવું હોય ત્યાં દુર્જનો કહે છે કે, 'આ કાવ્યમાં તો કશી વિશેષતા નથી.' અને જો ગંભીર અર્થથી પરિપૂર્ણ કોઈ કાવ્ય હશે તો તેઓ કહેશે કે, 'આ કાવ્ય તો કાઠિન્ય દોષથી કલંકિત થએલું છે.'

ત્યારે હવે એમ થાય છે કે તો પછી કવિત્વ નામનો ગુણ કોને કહેવો? જગતમાં સુકવિ કોણ હશે? સારું કાવ્ય કયું હશે?

આવી જાતની કવિજગતના અસ્તિત્વનો જ ઉચ્છેદ કલ્પતી મતિ ઉત્પન્ન થઈ જાય છે. પણ જ્યારે સજ્જનોની શુદ્ધ સૌજન્યભરી કાવ્ય વ્યાખ્યાદિની વ્યવસ્થા અમે જોઈએ છીએ ત્યારે તે અમંગળ મતિનો તરત નાશ થઈ જાય છે.

[૧૩૮] अध्यात्मामृतवर्षिणीमपि कथा-
मापीय सन्तः सुखम् ।
गाहन्ते विषमुद्गिरन्ति तु खलाः,
वैषम्यमेतत्कुतः ॥

नेदं चाद्भुतमिन्दुदीधितिपिबाः,
प्रीताश्चकोरा भृशम् ।
किं न स्युर्बत चक्रवाकतरुणाः
स्त्वत्यन्तखेदातुराः ॥ ५ ॥

અધ્યાત્મના અમૃતને વરસાવતી કથાનું પાન કરીને સજ્જનો આનંદવિભોર બની જાય છે, જ્યારે દુર્જનો કટુ વાક્પ્રહારરૂપ વિષનું જ વમન કરે છે. આવી વિષમતા ક્યાંથી સર્જાતી હશે ?

પણ હા. એમાં કશું ય આશ્ચર્ય પામવા જેવું નથી. ચન્દ્રના કિરણોનું પાન કરતાં ચકોર પક્ષીઓ ખૂબ આનંદ પામે છે જ્યારે તરુણ ચક્રવાક—ચક્રવાકી અત્યન્ત ખેદથી કાયર બની જાય છે.

[૯૩૯] किञ्चित्साम्यमवेक्ष्य ये विदधते,
काचेन्द्रनीलाभिदाम् ।
तेषां न प्रमदावहा तनुधियां,
गूढा कवीनां कृतिः ॥
ये जानन्ति विशेषमप्यविषमे,
रेखोपरेखांशतः ।
वस्तुन्यस्तु सतामितः कृतधियां,
तेषां महानुत्सवः ॥ ६ ॥

કાચ અને વૈડુર્યરત્નના ચકચકાટની કાંઈક સમાનતા

જોઈને તે બે થને એક જ માની લેવાની વાતની જેમ, બીજા ગ્રન્થોની સાથે આ ગ્રન્થનું વર્ણાદિ રચનાની દૃષ્ટિએ કાંઈક સામ્ય જોઈને જેઓ તેને સરખા જ માની લે છે તે સ્વલ્પમતિવાળા જીવોને કવિઓની ગૂઢ રચનાઓ આનંદદાયિની બની શકતી નથી. કિન્તુ જેઓ વિષમતા વિનાની વસ્તુ રચનામાં પણ તેની ઝીણામાં ઝીણી બાબતની વિશેષતાને પકડી શકે છે–ચિત્રની રેખા–ઉપરેખાને પકડી શકતી નજરની જેમ–તે બુદ્ધિમાન્ સજ્જનોને જ આ કૃતિ મહોત્સવરૂપ બની રહેશે.

[૯૪૦] पूर्णाध्यात्मपदार्थसार्थघटना,
चेतश्चमत्कारिणी ।
मोहच्छन्नदृशां भवेत्तनुधियां,
नो पण्डितानामिव ॥
काकुव्याकुलकामगर्वगहन–
प्रोद्दामवाक्चातुरी ।
कामिन्याः प्रसभं प्रमोदयति न,
ग्राम्यान् विदग्धानिव ॥७॥

પૂર્ણ અધ્યાત્મના ભાવોથી ભરેલી આ રચના જ્ઞાનીઓના ચિત્તમાં જે ચમત્કાર કરશે તેવો ચમત્કાર મોહાવૃત–ચક્ષુવાળા સ્વલ્પબુદ્ધિને તો નહિ જ કરે.

કામિનીની કામણગારી વાણીની મીઠાશ અને કામ–

મદથી ગહન બનેલી વાક્ચાતુરી કામકલામાં વિચક્ષણ પુરુષને જેવો આનંદ આપે તેવો આનંદ બલાત્કારે પણ તે કામ વિલાસનો અજાણ ગામડીઓ તો ન જ મેળવી શકે.

[૬૪૧] स्नात्वा सिद्धान्तकुण्डे विधुकरविशदा-
ध्यात्मपानीयपूरैः ।
तापं संसारदुःखं कलिकलुषमलं,
लोभतृष्णां च हित्वा ॥
जाता ये शुद्धरुपाः शमदमशुचिता
चन्दनालिप्तगात्राः ।
शीलालङ्कारसाराः सकलगुणनिधीन्
सज्जनाँस्तान्नमामः ॥ ८ ॥

ચન્દ્રકિરણથી પણ વધુ સ્વચ્છ એવા અધ્યાત્મજલના પ્રવાહથી સિદ્ધાંતકુંડમાં સ્નાન કરીને, સંસારના દુઃખરૂપી તાપને, કલેશ કંકાસના મેલને અને લોભતૃષ્ણાને દૂર કરી દઈને જેઓ શુદ્ધ થયા છે. અને પછી શમ, દમ, વ્રત, નિષ્કલંકિતારૂપ ચંદનથી જેમણે પોતાના શરીરે વિલેપન કર્યું છે અને ત્યારબાદ શિલરૂપી મહત્વના અલંકાર જેમણે સજ્યાં છે તે સકલગુણનિધિ સજ્જનોને અમે નમીએ છીએ.

[૬૪૨] पाथोदः पद्यबन्धैर्विपुलरसभरं,
वर्षति ग्रन्थकर्त्ता ।
प्रेम्णां पूरैस्तु चेतः सर इह सुहृदां,
प्लाव्यते वेगवद्भिः ॥

त्रुट्यन्ति स्वान्तबन्धः पुनरसमगुण–
द्वेषिणां दुर्जनानाम् ।
चित्रं भावज्ञनेत्रात् प्रणयरसवशात्,
निःसरत्यश्रुनीरम् ॥९॥

ગ્રન્થકર્તારૂપી મેઘ પદ્યબન્ધો વડે વિપુલરસના જલરાશિને વરસાવે છે. એ વખતે સજ્જનોના ચિત્ત સરોવર વેગીલા પ્રેમપુરના ઉછાળાથી ઉભરાઈ જાય છે. પણ તે જ વખતે આશ્ચર્યની વાત તો એ બને છે કે અસાધારણ ગુણદ્વેષી–દુર્જનોના હૃદયના બંધ કડાકા કરતાં તૂટી જાય છે.

તૂટે છે હૃદયના બંધ અને પાણી તો કાવ્યના ભાવને જાણનારની આંખમાંથી વહ્યું જાય છે. કાવ્ય ઉપરના અગાધ પ્રેમરસને લીધે.

[૯૪૩] उद्दामग्रन्थभावप्रथनभवयशः,
सञ्चयः सत्कवीनाम् ।
क्षीराब्धिर्मथ्यते यः सहृदयविबुधैः,
मेरुणा वर्णनेन ॥
एतड्डिण्डीरपिण्डीभवति विधुरुचेः,
मण्डलं विप्लुषस्ताः,
ताराः कैलासशैलादय इह दधते
वीचिविक्षोभलीलाम् ॥१०॥

કઠિન ગ્રન્થોના ભાવને પ્રસિદ્ધ કરવાથી સત્કવિઓને

પ્રાપ્ત થયેલા યશસંચયરૂપી ક્ષીરસમુદ્રને સહૃદયી સજ્જનો પ્રસંસાના મેરુ વડે મથે છે. એ વખતે એમાંથી ફીણનો જે વિરાટ રાશિ ઉત્પન્ન થઈને ઊછળે છે તે આકાશમાં પહોંચીને ચન્દ્રમંડળ બની જાય છે અને તે ફીણના આજુબાજુ ફેંકાએલાં બિન્દુઓ તારા બની જાય છે. એ સમુદ્ર તરંગોના કલ્લોલની લીલા કૈલાસ વિગેરે પર્વતો અનુભવે છે.

[૯૪૪] काव्यं दृष्ट्वा कवीनां हृतममृतमिति,
स्वः सदापानशङ्की ।
खेदं धत्ते तु मूर्ध्ना मृदुतरहृदयः,
सज्जनो व्याधुतेन ॥
ज्ञात्वा सर्वोपभोग्यं प्रसृमरमथ,
तत्कीर्तिपीयूषपूरम् ।
नित्यं रक्षापिधानानियतमतितरां,
मोदते च स्मितेन ॥११॥

જ્યારે સજ્જન આત્મા કવિનું કાવ્ય જુએ છે ત્યારે તેને એમ લાગે છે કે, અહો! આણે તો દેવોનું અમૃત ચોરી લીધું લાગે છે! રે! હવે દેવો શું પીશે? આવી શંકા પડતાં કોમળહૃદયી તે સજ્જન ખિન્ન થઇ જાય છે. *પણ જ્યારે એને ખબર પડી કે કાવ્યની કીર્તિના અમૃતનું* ઊમટેલું પૂર માત્ર કવિઓને જ નહિ કિન્તુ સર્વને અર્થાત્ દેવોને પણ ભોગવી શકાય તેવું છે. ખૂબ વિરાટ એનું સ્વરૂપ છે. એની ઉપર કોઇની માલિકી નથી કે કશું ય ત્યાં

ઢાંકણુ નથી. એ તદ્દન છૂટું મુકાએલું છે. ત્યારે તે સજ્જન મલકાતા મુખે ખૂબ આનંદિત બની જાય છે.

[૯૪૫] निष्पाद्य श्लोककुम्भं निपुणनयमृदा,
कुम्भकाराः कवीन्द्राः ।
दाढ्र्यं चारोप्य तस्मिन् किमपि परिचयात्,
सत्परीक्षार्कभासाम् ॥
पक्वं कुर्वन्ति बाढं गुणहरणमति–
प्रज्ज्वलद्दोषदृष्टि– ।
ज्ज्वालामालाकराले खलजनवचन–
ज्वालजिह्वे निवेश्य ॥१२॥

કવીન્દ્રો સ્વરૂપકુંભારો, નિપુણનયની માટીથી, શ્લોકના ઘડાઓ બનાવીને સજ્જનોના ગુણદોષની પરીક્ષારૂપ સૂર્યના તેજનો સંબંધ કરીને તે કુંભને કાંઈક પાકા બનાવે છે અને ત્યારપછી ગુણુને ઢાંકવાના સ્વભાવવાળી મતિથી ભડકે બળતી દોષદૃષ્ટિની જ્વાળાઓથી વધુ ભયંકર બનેલી દુર્જન વચન-રૂપ જ્વાળાની જીભરૂપ નીભાડામાં તે ઘડાને મૂકીને એકદમ પાકા બનાવી દે છે! (આમ દુર્જનો પણ ઉપકારી બને છે!)

[૯૪૬] इक्षुद्राक्षारसौघः कविजनवचनं,
दुर्जनस्याग्नियन्त्रात् ।
नानार्थद्रव्ययोगात्समुपचितगुणो,
मद्यतां याति सद्यः ॥

सन्तः पीत्वा यदुच्चैर्दधति हृदि मुदं,
घूर्णयन्त्यक्षियुग्मम् ।
स्वैरं हर्षप्रकर्षादपि च विदधते
नृत्यगानप्रबन्धम् ॥१३॥

કવિજનવચન તો શેરડી અને દ્રાક્ષના રસનો ભંડાર છે. દુર્જનોના મુખરૂપી અગ્નિયન્ત્રમાં ઊકળીને તેમાં અનેક દોષોરૂપી દ્રવ્યોનો યોગ થવાથી જેના ગુણ ખૂબ જ વધી ગયા છે એવો તે રસભંડાર દારૂના રૂપમાં એકદમ પરાવર્તન પામે છે. પછી સજ્જનો તે રસભંડાર દારૂ ખૂબ ઢીંચે છે, આંખો ભમાવે છે અને તેમનું હૃદય આનંદવિભોર બની જાય છે. એટલું જ નહિ પણ હર્ષના અતિરેકને લીધે ફાવે તેમ નાચવા લાગે છે. અનેક ગીતો લલકારે છે.

[९४७] नव्योऽस्माकं प्रबन्धोऽप्यनणुगुणभृतां,
सज्जनानां प्रभावात् ।
विख्यातः स्यादितीमे हितकरणविधौ,
प्रार्थनीया न किं नः ॥
निष्णाता वा स्वतस्ते रविरुचया इवा–
म्भोरुहाणां गुणानाम् ।
उल्लासेऽपेक्षणीयो न खलु पररुचेः,
क्वापि तेषां स्वभावः ॥१४॥

અમારો આ પ્રબન્ધ તદ્દન નવો જ હોવા છતાં વિરાટ

ગુણોના સ્વામી સજ્જનોના પ્રભાવથી પ્રસિદ્ધિને પ્રાપ્ત કરે એ હેતુથી અમારા હિતના કાર્યમાં સાથ આપવા માટે શું તેઓને અમે પ્રાર્થના ન કરી શકીએ? અથવા તો શું એવી પ્રાર્થનાની જરૂર છે ખરી? કેમકે સૂર્યના કિરણો (કમળની પ્રાર્થના વિના) જેમ કમળોનો વિકાસ સહજ રીતે કરે જ છે તેમ આ સજ્જનો બીજાના ગુણોનો ઉલ્લાસ કરવામાં સ્વતઃ નિષ્ણાત જ છે. 'બીજો, પોતાના હિતની રુચિ ધરાવે તો જ અમારે હિત કરવું' એવી પરરુચિની અપેક્ષાવાળો તેમનો સ્વભાવ ક્યાંય હોતો નથી.

[૯૪૮] यत्कीर्तिस्फूर्तिगानावहितसुरवधू-
वृन्दकोलाहलेन ।
प्रक्षुब्धस्वर्गसिन्धोः पतितजलभरैः,
क्षालितः शैत्यमेति ॥
अश्रान्तभ्रान्तकान्तग्रहगणकिरणैः,
तापवान् स्वर्णशैलो ।
भ्राजन्ते ते मुनीन्द्रा नयविजयबुधाः,
सज्जनव्रातधुर्याः ॥१५॥

સજ્જનોના સમૂહમાં અગ્રેસર એવા અમારા ગુરુવર્ય શ્રીનયવિજયવિબુધ કેવા શોભી રહ્યા છે? એમની કીર્ત્તિની તો શી વાત કરવી? છતાં જરા સાંભળો.

એમની કીર્ત્તિના મહિમાના ગાનમાં એકતાન બની ગએલી દેવાંગનાઓના ટોળામાં એવો તો કોલાહલ વ્યાપી

ગયો કે સુરગંગા પણ ખળભળી ઊઠી. એમાં એકદમ ઘોડાપુર આવ્યાં! પછી તો એ ગંગાનું પાણી ઊછળી ઊછળીને મેરુ પર્વત ઉપર પડ્યું! એ ય બિચારો, ચારે બાજુ ભમતા તેજસ્વી ગ્રહોના તિગ્મ કિરણોથી તપીને ત્રાસી ગયો હતો તે આજે સુરગંગાના નીર પડતાં ઠંડો હિમ જેવો બની ગયો!

[९४९] चक्रे प्रकरणमेत–त्पदसेवापरो यशोविजयः ।
अध्यात्मधृतरुचीना–मिदमानन्दावहं भवतु ॥१६॥

તે ગુરુવર્યોના ચરણોની સેવામાં તત્પર યશોવિજય વાચકે આ અધ્યાત્મસાર પ્રકરણ રચ્યું છે. અધ્યાત્મમાં જેમને રુચિ છે તેઓને આ પ્રકરણ આનંદ આપનારું બનો.

# પરિશિષ્ટ–૧
## પારિભાષિક શબ્દ સૂચી


| | (ક્રમાંક) |
|---|---|
| અધ્યાત્મ | ૨૫ થી ૫૩ |
| અપુનર્બન્ધક | ૨૮, ૩૯ |
| અવસન્ન | ૬૭ |
| આક્ષેપક જ્ઞાન | ૧૧૭ |
| અનાશ્રવ | ૧૫૮ |
| અભ્યુત્થાન | ૧૫૮ |
| અર્થપર્યાય | ૧૬૧ |
| આધારતા | ૧૬૬ |
| આસત્તિ | ૧૬૮ |
| અપવાદ | ૧૭૩ |
| આનુશ્રવિક | ૧૮૪ |
| અનાહત | ૧૮૫ |
| અનુષ્ઠાન | ૨૬૫/૩૦૩ |
| અનનુષ્ઠાન | ૨૭૨/૨૮૦ |
| ઓઘસંજ્ઞા | ૨૭૩, ૨૭૪ |
| આવશ્યક | ૨૭૬ |
| અકામનિર્જરા | ૨૮૦ |
| અમૃતાનુષ્ઠાન | ૨૮૯/૨૯૧ |
| અનુકમ્પા | ૨૯૮ |
| અવલંબન | ૩૨૦, ૯૦૨/૯૦૫ |
| અવિકલ્પ | ૩૨૨/૩૨૫ |
| અન્યોન્યાશ્રય | ૩૩૫ |
| અકલ્પના | ૩૩૯ |
| અન્યથાકામ | ૩૪૩ |
| અભિધ્યા | ૩૪૪ |
| અર્થસમાજ | ૩૫૦ |
| અનિત્યાત્મવાદ | ૩૫૮/૩૬૧ |
| અનુબન્ધ | ૩૭૧, ૩૭૩, ૩૭૬, ૩૭૭ |
| અમોક્ષવાદ | ૪૪૬/૪૬૦ |
| અકસ્માત્ | ૪૬૨/૪૬૩ |
| અસદ્ગ્રહ | ૪૭૩/૪૯૪ |
| અવિદ્યા | ૫૬૬ |
| અનુપ્રેક્ષા | ૫૭૮ |
| આર્ત | ૫૮૦, ૫૮૧/૫૮૭ |
| આજ્ઞાવિચય | ૬૧૨, ૬૧૩ |
| અપાયવિચય | ૬૧૨, ૬૧૪ |
| અવધ | ૬૬૧ |
| અસંમોહ | ૬૬૧ |
| આત્મનિશ્ચય | ૬૭૮/૮૭૩ |
| અધર્માસ્તિકાય | ૭૨૭ |
| આકાશાસ્તિકાય | ૭૨૮, ૭૭૩ |
| આશ્રવ | ૮૦૮/૮૩૧ |

| | (ક્રમાંક) |
|---|---|
| અપૂર્વકરણ | ૮૪૧ |
| અનુભવ | ૮૮૯/૯૩૩ |
| અન્તરાત્મા | ૯૦૯/૯૧૧ |
| ઇચ્છાયમ | ૨૯૪,૨૯૫ |
| ઇશ્વરકર્તૃત્વ | ૮૪૬/૮૪૮ |
| ઇચ્છાયોગ | ૯૧૭ |
| ઉત્સર્ગ | ૧૭૩ |
| ઉપવ્રત | ૩૩૮ |
| ઉદયન | ૪૨૦, ૪૬૩ |
| ઉપાસક | ૫૭૧, ૫૭૨ |
| ઉપયોગ | ૮૨૫/૮૨૯ |
| ઋજુસૂત્ર | ૭૭૪ |
| એકાગ્ર | ૮૯૫ |
| ક્રિયા | ૪૬/૫૦/૧૭૪ |
| કામ | ૧૦૫/૧૦૬ |
| કાન્તાદૃષ્ટિ | ૧૧૭ |
| કણ્ઠસ્થ સ્વર્ણન્યાય | ૨૪૨ |
| કૌટસ્થ્ય | ૨૪૪ |
| કુશલધર્મ | ૩૩૭, ૩૪૩ |
| કુર્વદ્રૂપ | ૪૧૬, ૪૧૯ |
| કર્મયોગ | ૪૯૬/૫૩૧ |
| કાલાતીત | ૫૬૧/૫૬૮ |
| કર્મચેતના | ૭૨૨ |
| કર્મફળ ચેતના | ૭૨૨ |
| કાળ | ૭૨૯ |
| ક્ષણિકત્વ | ૩૫૮/૩૬૦ |

| | (ક્રમાંક) |
|---|---|
| ક્ષિપ્ત | ૮૯૨, ૮૯૮ |
| ગુણસ્થાનક | ૨૮ |
| ગુણશ્રેણિ | ૩૨/૩૫ |
| ગીતાર્થ | ૧૭૭ |
| ગરાનુષ્ઠાન | ૨૬૯/૨૭૧ |
| ગન્ધર્વનગર | ૭૦૭ |
| ગુણવૃત્તિવિરોધ | ૭૪૮ |
| ગુણોત્પત્તિવાદ | ૭૭૧ |
| ગુણાવૃત્તિવાદ | ૭૭૨ |
| ગૃહિલિંગ | ૮૫૭, ૮૫૮ |
| જ્ઞાનયોગ | ૪૯૯/૫૫૨ |
| જ્ઞાનચેતના | ૭૨૨ |
| જ્ઞાનગર્ભવિરાગ | ૧૫૪/૧૮૨ |
| જ્ઞાન | ૧૭૩ |
| ચરમાવર્ત | ૨૮૧/૨૮૪ |
| ચાર્વાક | ૩૯૩/૪૧૩ |
| ચારિસંજીવિનીચાર | ૫૬૯ |
| ચિન્તા | ૫૭૮ |
| જિનાજ્ઞા | ૭૩, ૨૯૦, ૩૩૩ |
| જિજ્ઞાસા | ૨૩૧/૨૩૫, ૨૯૩ ૫૭૦, ૫૭૧ |
| જિનપૂજા | ૩૭૩ |
| જિનમતસ્તુતિ | ૮૭૪/૮૮૮ |
| તત્ત્વસંવેદન | ૪૭ |
| તદ્ધેતુ અનુષ્ઠાન | ૨૮૧/૨૮૮ |
| તન્દુલમત્સ્ય | ૩૧૨ |

| | (ક્રમાંક) |
|---|---|
| તત્ત્વ | ૩૩૧,૩૩૨,૪૨૯, |
| તૈમિરિક | ૬૯૭ |
| તાપ | ૭૪૪/૭૪૬ |
| તુરીયદશા | ૭૫૨ |
| તપ | ૮૩૨/૮૪૦ |
| તેજોલેશ્યા | ૫૩૫ |
| દંભ | ૫૪/૭૫ |
| દુઃખગર્ભવિરાગ | ૧૩૯/૧૪૫ |
| દ્રવ્ય | ૧૬૧/૧૭૦ |
| દૃઢભૂમિ | ૨૨૮ |
| દાનાદિક્રિયા | ૩૨૭ |
| દ્રવ્યાર્થિક નય | ૩૬૩ |
| દ્રવ્યપ્રાણ | ૭૩૧/૭૩૫ |
| દિગંબર | ૭૬૪/૭૭૦ ૮૬૦/૮૬૫ |
| દયાદાન | ૭૭૭/૭૮૫ |
| દ્રવ્યલિંગ | ૮૬૦ |
| ધર્મરુચિ | ૩૩૨ |
| ધર્મ | ૩૩૭,૩૩૮. |
| ધર્મ્ય | ૫૮૦,૫૯૫/૬૪૯ |
| ધર્માસ્તિકાય | ૭૨૬ |
| ધ્યાન | ૫૭૮/૬૭૭ |
| નિશ્ચય | ૧૭૩,૩૮૮/૩૯૨ ૮૦૨ |
| નય | ૧૭૫,૨૫૯,૮૭૫, ૮૭૭,૮૮૬/૮૮૮ |

| | (ક્રમાંક) |
|---|---|
| નિર્વેદ | ૨૯૮ |
| નિયમ | ૩૩૭,૩૩૮,૩૪૨ |
| નિત્યાત્મવાદ | ૩૪૯/૩૫૭ |
| નિહ્નવ | ૩૭૫ |
| નવતત્ત્વ | ૩૩૩,૬૮૦,૮૬૭ |
| નૈગમાદિનય | ૭૫૭,૭૯૩ |
| નિર્જરા | ૮૩૨ |
| નિરુદ્ધ | ૮૯૬ |
| નિસર્ગ સમ્યક્ત્વ | ૪૪ |
| પર્યાય | ૧૬૦/૧૭૦ |
| પરપર્યાય | ૧૬૨/૧૭૦ |
| પ્રતિયોગિતા | ૧૬૬,૬૮૦ |
| પુલાક | ૨૦૫ |
| પ્રવૃત્તિયમ | ૨૯૪,૨૯૫ |
| પાશુપત | ૩૩૮ |
| પ્રમાણ | ૩૪૭,૩૪૮ |
| પૂર્વસેવા | ૪૬૮ |
| પ્રધાન | ૫૬૬ |
| પૃથક્ત્વ | ૬૫૩ |
| પુણ્યપાપ | ૭૩૬/૮૦૭ |
| પરિણામ | ૭૪૨,૭૪૩ |
| પરમાત્મા | ૯૦૯,૯૧૨ |
| પર્યાયાર્થિકનય | ૩૬૩ |
| બીજાદિક્રમ | ૨૮૫/૨૮૮ |
| બ્રહ્મ | ૩૪૫,૯૧૩/૯૧૫ |
| બુદ્ધ | ૩૬૧,૪૧૪/૪૨૭ |

| | (ક્રમાંક) |
|---|---|
| બન્ધ | ૮૪૩/૮૫૦ |
| બહિરાત્મા | ૯૦૯,૯૧૦ |
| બાલ | :૯૨૪,૯૨૫ |
| બુધ | ૯૨૫ |
| ભવાભિનન્દી | ૨૯ |
| ભવ | ૭૬/૧૦૨ |
| ભવનૈર્ગુણ્ય | ૧૦૩,૧૧૨ |
| ભાગવત | ૩૩૮ |
| ભવ્ય | ૪૫૧/૪૫૫ |
| ભાવના | ૫૭૮,૫૯૬ |
| | ૬૪૭ |
| ભૂતગ્રામ | ૬૯૦,૬૯૧ |
| ભાવપ્રાણ | ૭૩૧/૭૩૫ |
| ભાવલિંગ | ૮૬૦ |
| મણ્ડૂકચૂર્ણ | ૪૯ |
| મોહગર્ભવિરાગ | ૧૪૬/૧૫૩ |
| | ૩૨૬ |
| મમત્વ | ૨૦૯/૨૩૫ |
| મનઃશુદ્ધિ | ૩૦૪/૩૨૫ |
| મિથ્યાત્વ | ૩૮૪/૪૭૨ |
| મોક્ષોપાયવાદ | ૪૬૧/૪૭૧ |
| મોક્ષ | ૮૫૫/૮૬૬ |
| મૂઢ | ૮૯૩,૮૯૮ |
| મધ્યમ | ૯૨૫ |
| યોગમાયા | ૧૩૬ |
| યોગ | ૨૯૪,૪૯૫/૫૭૭ |

| | (ક્રમાંક) |
|---|---|
| યોગવિંશિકા | ૩૦૨ |
| યમ | ૩૩૭,૩૩૮,૩૪૧ |
| યાગ | ૫૨૨/૫૨૫ |
| યોગધારા | ૮૨૫/૮૩૦ |
| રુચિ | ૩૩૨ |
| રૌદ્ર | ૫૮૦,૫૮૮/૫૯૪ |
| લોકસંજ્ઞા | ૨૭૫,૩૦૩ |
| લક્ષણ | ૩૪૭,૩૪૮ |
| લોકસાર | ૫૫૦ |
| લેશ્યા | ૫૮૩,૫૯૧ |
| | ૬૪૮,૬૫૯ |
| વિરાગ | ૧૦૩/૨૦૮ |
| વ્યવહાર | ૧૭૩,૩૮૮/૩૯૨ |
| | ૮૦૨,૮૭૦/૮૭૩ |
| વ્યાસઙ્ગ | ૧૩૧,૪૩૧ |
| વાસીચન્દનન્યાય | ૨૪૫ |
| વિષાનુષ્ઠાન | ૨૬૭,૨૬૮ |
| વિકલ્પ | ૩૧૭/૩૨૧ |
| વ્રત | ૩૩૭ |
| વ્યાપાદ | ૩૪૪ |
| વૈદિક | ૩૪૫ |
| વાસનાસંક્રમ | ૪૧૮ |
| વિપાકવિચય | ૬૧૨,૬૧૫ |
| વિતર્ક | ૬૫૧ |
| વિચાર | ૬૫૨ |
| વ્યુત્સર્ગ | ૬૬૨ |

| | (ક્રમાંક) |
|---|---|
| વિવેક | ૬૬૨ |
| વિવેકખ્યાતિ | ૭૦૬ |
| વ્યક્તિભેદનય | ૭૩૦ |
| વિસભાગ | ૭૫૯ |
| વિક્ષિપ્ત | ૮૯૪ |
| વિધિ | ૯૨૦ |
| શ્રદ્ધાન | ૧૬૯ |
| શાસ્ત્રયોગ | ૨૬૩ |
| શમ | ૨૯૮ |
| શ્રુતકેવલિ | ૩૮૯ |
| શુકલ | ૫૮૦,૬૫૦/૬૬૩ |
| શબ્દનય | ૭૬૨ |
| શુભાશ્રવ | ૮૨૧ |
| શ્રેણિ | ૮૪૧ |
| શાખાચન્દ્રન્યાય | ૮૫૨ |
| ષડ્દર્શન | ૮૭૬<br>૮૭૯,૮૮૧ |
| ષટ્સ્થાન | ૩૮૫/૩૮૭ |
| સામાયિક | ૨૭ |
| સંવિજ્ઞપાક્ષિક | ૬૬ |
| સ્તવભાષિત | ૧૧૪ |
| સંસારમોચકમત | ૧૪૮ |
| સ્વપર્યાય | ૧૬૨/૧૭૦ |
| સમતા | ૨૩૬/૨૬૪ |
| સામર્થ્યયોગ | ૨૬૩ |
| સકામનિર્જરા | ૨૮૦ |

| | (ક્રમાંક) |
|---|---|
| સત્ક્રિયારાગ | ૨૮૨ |
| સદનુષ્ઠાન | ૨૯૨/૨૯૩ |
| સ્થિરયમ | ૨૯૪,૨૯૬ |
| સિદ્ધિયમ | ૨૯૪,૨૯૬ |
| સંવેગ | ૨૯૮ |
| સમ્યક્ત્વ | ૩૨૬/૩૮૭ |
| સાંખ્ય | ૩૪૦,૪૨૮/૪૪૫ |
| સંભિન્નાલાપ | ૩૪૪ |
| સન્તાન | ૩૫૯,૭૭૨ |
| સમ્યગ્દષ્ટિ | ૩૭૨ |
| સમદર્શિત્વ | ૫૩૬/૫૫૨ |
| સમાપત્તિ | ૫૫૩ |
| સર્વજ્ઞ | ૫૫૬/૫૭૦ |
| સંશયાત્મા | ૫૭૩ |
| સંસ્થાનવિચય | ૬૧૨<br>૬૧૬/૬૩૮ |
| સ્થિતપ્રજ્ઞ | ૬૪૦/૬૪૪ |
| સૂક્ષ્મક્રિયાઅનિવૃત્તિ | ૬૫૫ |
| સમુચ્છિન્નક્રિયાઅપ્રતિપાતી | ૬૫૬ |
| સ્વરૂપાસ્તિત્વ | ૬૫૮ |
| સાદશ્યાસ્તિત્વ | ૬૫૮ |
| સંસ્કાર | ૭૪૭ |
| સિદ્ધસેનદિવાકર | ૭૬૬ |
| સંવર | ૮૦૮/૮૩૧ |
| સજ્જનસ્તુતિ | ૯૩૪/૯૪૯ |
| હિંસા | ૩૬૬,૩૬૮<br>૩૭૨/૩૭૮,૭૭૭/૭૮૫ |

# પરિશિષ્ટ-૨
## શ્લોકોનો અકારાદિ-ક્રમ


| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| अध्यात्मशास्त्रसम्भूत | १० | अप्राप्तत्वभ्रमादुच्चैः | १०५ |
| अध्वा धर्मस्य सुस्थः | १३ | अकृत्वा विषयत्यागं | १०६ |
| अध्यात्मशास्त्रहेमाद्रि | २० | अतश्चाक्षेपकज्ञानात् | ११७ |
| अध्येतव्यं तदध्यात्म | २४ | अत एव महापुण्य | १२८ |
| अपुनर्बन्धकाद्यावद् | २८ | आत्राङ्गमनसोः खेदो | १४० |
| अत एव जनः पृच्छोत्पन्न | ३२ | अमीषां प्रशमोऽप्युच्चैः | १४९ |
| अपुनर्बन्धकस्यापि | ३९ | अनाश्रवफलं ज्ञानं | १५८ |
| अतो मार्गप्रवेशाय | ४१ | अतादात्म्येऽपि सम्बन्धो | १६४ |
| अशुद्धानादरेऽभ्यासात् | ४४ | अन्तरा केवलज्ञानं | १६९ |
| अज्ञानिनां द्वितीयं तु | ४७ | अनेकान्तागमश्रद्धा | १७० |
| अशुद्धापि हि शुद्धायाः | ४० | अहन्ताममते स्वत्व | २३० |
| अपि स्वरूपतः शुद्धा | ५० | अत एव हि जिज्ञासां | २३३ |
| अध्यात्माभ्यासकालेऽपि | ५२ | अर्गला नरकद्वारे | ५२२ |
| अतो ज्ञानक्रियारूपं | ५३ | अन्यलिङ्गादिसिद्धानां | २५८ |
| असतीनां यथा शीलं | ६१ | अकामनिर्जराङ्गत्वं | २८० |
| अहो मोहस्य माहात्म्यं | ६३ | अनुकम्पा च निर्वेद | २९८ |
| अब्जे हिमं तनौ रोगो | ६४ | अनिगृहीतमना विदधत्परां | ३१२ |
| अत एव न यो धर्त्तुं | ६५ | अथचेदं यथा तत्त्वं | ३३३ |
| अध्यात्मरतचित्तानां | ७४ | अहिंसा सत्यवचनं | ३३९ |
| अविद्यायां रात्रौ | ८० | अहिंसा सत्यमस्तैन्यं | ३४१ |
| अपूर्णा विद्येव | ९६ | अक्रोधो गुरुशुश्रुषा | ३४२ |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| अदृष्टादेहसंयोगः | ३५४ | अनुस्मरति नातीतं | ५४२ |
| अनित्यैकान्तपक्षेऽपि | ३५८ | अन्येषामप्ययं मार्गो | ५६२ |
| अनन्तरक्षणोत्पादे | ३६१ | अनादिशुद्ध इत्यादिर्यो | ५६४ |
| अपवर्गतरोबीजं | ३७० | अविद्याक्लेशकर्मादि | ५६६ |
| अहिंसासम्भवश्चैत्थं | ३३१ | अस्यापि योऽपरो | ५६७ |
| अर्थोऽयमपरोऽनर्थः | ३८२ | अप्रशस्ते इमे ध्याने | ५९४ |
| अभ्रान्तानां च विफला | ४०८ | असंशयं महाबाहो | ६०० |
| अजीव इति शब्दश्च | ४१० | असंयतात्मनो योगो | ६०१ |
| अनादिर्यदि सम्बन्ध | ४४७ | अज्ञानदुर्दिनं व्यापद् | ६२१ |
| अनादिसंततेर्नाशः | ४५० | असंख्यैर्दुर्धरैर्योधैः | ६२५ |
| अकस्मादेव भवति | ४६२ | अनित्यत्वाद्यनुप्रेक्षा | ६४७ |
| अथ रत्नत्रयप्राप्तेः | ४६७ | अर्थव्यञ्जनयोगानां | ६५२ |
| असद्ग्रहाग्निज्वलितं | ४७४ | अवधादुपसर्गेभ्यः | ६६१ |
| असद्ग्रहोत्सर्प | ४७६ | अक्षद्वारा यथा ज्ञानं | ७२० |
| असद्ग्रहग्रावमये | ४७९ | अधर्मे स्थितिहेतुत्वं | ७२७ |
| असद्ग्रहात्पामर | ४८३ | अवगाहो गुणो व्योम्नो | ७२८ |
| असद्ग्रहो यस्य | ४८५ | अजीवा जन्मिनः शुद्ध | ७३१ |
| असद्ग्रहग्रस्तमतेः | ४८७ | अनुपप्लवसाम्राज्ये | ७५९ |
| असद्ग्रहस्थेम समं | ४९१ | अन्यथा प्रागनात्मा | ७६९ |
| असद्ग्रहव्ययाद्वान्त | ४९५ | अन्योन्यानुगतानां | ७९४ |
| अवकाशो निषिद्धो | ५०४ | अन्यथाऽभिनिवेशेन | ८०५ |
| अत एवाढ्ढस्वान्त | ५११ | अज्ञानाद्विषयासक्तो | ८१७ |
| अभ्यासे सत्क्रियापेक्षा | ५१५ | अशुद्धनयतश्चैवं | ८३१ |
| अत एव हि सुश्राद्ध | ५२० | अज्ञानी तपसा जन्म | ८३९ |
| अज्ञानिनां तु यत्कर्म्म | ५२२ | अतो रत्नत्रयं | ८५७ |
| अर्वाग्दशायां दोषाय | ५४० | अशुद्धनयतो ह्यात्मा | ८६६ |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| अन्वयव्यतिरेकाभ्यां | ८६७ | आमे घटे वारि | ४६८ |
| अध्यात्मामृतवर्षिभिः | ८७८ | आवश्यकादिरागेण | ४९८ |
| अन्योन्यप्रतिपक्ष | ८८८ | आरुरुक्षोर्मुनेर्योगं | ५१६ |
| अद्वेषादिगुणवतां | ८९५ | आर्त्तो जिज्ञासुरर्थार्थी | ५७१ |
| अभिरूपजिनप्रतिमां | ९०२ | आर्त्तरौद्रे परित्यज्य | ५७६ |
| अवलम्ब्येच्छायोगं | ९१७ | आर्त्तं रौद्रं च | ५८० |
| अल्पापि याऽत्र यतना | ९१८ | आरोहति दृढद्रव्या | ६०९ |
| अध्यात्मभावनोज्वल | ९२१ | आलम्बनादरोद्भुत | ६१० |
| अध्यात्मामृत | ९३८ | आज्ञापायविपाकानां | ६१२ |
| आहारोपधिपूजर्द्धि | २९ | आशामहानिलापूर्ण | ६१९ |
| आद्यान्नाज्ञानबाहुल्यात् | ४८ | आगच्छत्यथ धर्मेश | ६३० |
| आत्मोत्कर्षात्ततो दम्भी | ७१ | आश्रवापायसंसारा | ६५८ |
| आत्मार्थिना ततस्त्याज्यो | ७२ | आतुरैरपि जडैरपि | ६६५ |
| आत्मोत्कर्षः परद्रोहः | १५१ | आत्मनो हि परमात्मनि | ६७४ |
| आसत्तिपाटवाभ्यास | १६८ | आत्मज्ञानफलं ध्यानं | ६७८ |
| आगमार्थोपनयनाद् | १७१ | आत्मनो लक्षणानां च | ६८५ |
| आज्ञयाऽऽगमिकार्थानां | १७६ | आरोप्य केवलां कर्म | ६९३ |
| आश्रित्य समतामेकां | २५१ | आत्मा सत्यचिदानन्द | ७१६ |
| आहारोपधिपूजर्द्धिप्रभृत्या | २६७ | आत्मा ज्ञानगुणः सिद्ध | ७२९ |
| आदरः करणे प्रीतिः | २९३ | आत्मनस्तदजीवेभ्यो | ७३० |
| आत्मक्रियां विना च स्यात् | ३५५ | आत्मा न व्यापृतस्तत्र | ७९० |
| आत्मा द्रव्यार्थतो नित्यः | ३६४ | आश्रवः संवरश्चापि | ८०८ |
| आत्मानं परलोकं च | ३९७ | आत्माऽऽदत्ते तु यैः | ८०९ |
| आगमाद्गम्यते चात्मा | ४०७ | आश्रवः संवरो न स्यात् | ८११ |
| आत्मव्यवस्थितेस्त्याज्यं | ४१३ | आत्मीयानुभवाश्रयार्थं | ८८५ |
| आकाशस्यैव वैविक्त्या | ४५७ | आलम्बनैः प्रशस्तैः | ९०३ |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| आलम्ब्यैकपदार्थ | ९०५ | इक्षुद्राक्षारसौघ | ९४६ |
| आत्ममनोगुणवृत्ती | ९३१ | उत्सर्गे वाऽपवादे वा | १७३ |
| इतः कामौर्वाग्नि | ७७ | उपयोगमुपैति यच्चिरं | १९२ |
| इहोद्दामः कामः | ८७ | उपायः समतैवैका | २६२ |
| इयं च योगमायेति | १३६ | उन्मार्गोत्थापनं बाढं | ३०२ |
| इह ये गुणपुष्प | १९६ | उचितमाचरणं शुभं | ३०४ |
| इति शुद्धमतिस्थिरीकृता | २०४ | उपयोगैकसारत्वात् | ५५१ |
| इति यस्य महामतेः | २०८ | उपासना भागवती | ५५४ |
| इत्येवं ममताव्याधिं | ३१६ | उपास्ते ज्ञानवान् देवं | ५५६ |
| इच्छा तद्वत्कथाप्रीति | २९५ | उत्सन्नबहुदोषत्वं | ५९२ |
| इह हि सर्वबहिर्विषय | ३२२ | उत्पादस्थितिभङ्गादि | ६१६ |
| इहैव प्रोच्यते शुद्धा | ३३४ | उपाधिभेदजं भेद | ६९४ |
| इह चानुभवः साक्षी | ३६५ | उपाधिकर्मजो नास्ति | ६९५ |
| इत्थं सदुपदेशादेः | ३६९ | उष्णस्याग्नेर्यथा योगात् | ७१३ |
| इष्टभङ्गशतोपेता | ३८१ | उत्पत्तिमात्मधर्माणां | ७७१ |
| इदं विदन्स्तत्व | ४९४ | उत्सर्पेद् व्यवहार | ८७४ |
| इतश्चापूर्वविज्ञानात् | ५३४ | ऊष्मा नार्कमपाकरोति | ८८० |
| इहैव तैर्जितः सर्गो | ५३८ | उपरतविकल्पवृत्ति | ८९६ |
| इष्टानां प्रणिधानं च | ५८२ | उत्तानार्थगिरां | ९३७ |
| इत्यवेत्य मनसा | ६७७ | उद्दामग्रन्थभाव | ९४३ |
| इति शुद्धनयायत्तं | ७०८ | ऋजुसूत्रनयस्तत्र | ७७४ |
| इन्द्रियाणि पराण्याहुः | ७१७ | ऐन्द्रश्रेणिनतः श्रीमान् | १ |
| इन्द्रियाणि बलं श्वासो | ७३२ | एतानन्यानपि जिनान् | ६ |
| इत्थमेकत्वमापन्नं | ७५० | एकान्तेन हि षट्काय | १६० |
| इत्थं केवलिनस्तेन | ८६४ | एकः परभवे याति | २१३ |
| इदं हि परमध्यात्म | ८६८ | एकस्य विषयो यः स्यात् | २३९ |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| एकस्यामपि हिंसायां | ३७८ | कुदान्यस्थीनि दशनान् | २२२ |
| एतैर्यस्माद्भवेच्छुद्ध | ३८६ | किमेतदिति जिज्ञासा | २३१ |
| एकद्रव्यान्वयाभावात् | ४१८ | किं स्तुमः समतां साधोः | २४६ |
| एकताप्रत्यभिज्ञानं | ४२१ | किं दानेन तपोभिर्वा | २४७ |
| एतस्य चोपचारत्वे | ४४४ | कुमारी न यथा वेत्ति | २५५ |
| एकोद्देशेन संवृत्तं | ५२१ | कायोत्सर्गादिसूत्राणां | २९९ |
| एतत्सदोषकरण | ५९० | कृतकषायजयः | ३२४ |
| एकत्वेन वितर्केण | ६५४ | कुर्वाणोऽपि क्रियां ज्ञाति | ३२८ |
| एतच्चतुर्विधं शुक्ल | ६५७ | कुर्वन्निवृत्तिमप्येवं | ३२९ |
| एतद्ध्यानक्रमं शुद्धं | ६६३ | कनीनिकेव नेत्रस्य | ३३० |
| एक एव हि तत्रात्मा | ६८३ | क्व चैतत्संभवो युक्त | ३४६ |
| एकक्षेत्रस्थितोऽप्येति | ६९६ | कथञ्चिन्मूर्त्ततापत्तिः | ३५६ |
| एक आत्मेति सूत्रस्था | ७०९ | कुर्वद्रूपविशेषे च | ४१९ |
| एतत्प्रकृतिभूताभिः | ७३४ | कर्तृबुद्धिगते दुःख | ४३६ |
| औदासीन्यफले ज्ञाने | १३८ | कर्ता भोक्ता च नो तस्मात् | ४३७ |
| ओघसंज्ञाऽत्र समान्य | २७३ | कृतिभोगौ च बुद्धेः | ४४२ |
| कान्ताधरसुधास्वादात् | ९ | कापिलानां मते तस्मात् | ४४५ |
| कुतर्कग्रन्थसर्वस्व | २२ | कर्त्ता कर्मान्वितो देहे | ४४९ |
| किं व्रतेन तपोभिर्वा | ५७ | कुतर्कदात्रेण | ४७८ |
| केशलोचधराशय्या | ५८ | कष्टेन लब्ध्वं | ४८८ |
| कुर्वते ये न यतनां | ५९ | कर्मज्ञानविभेदेन | ४९३ |
| क्वचित्प्राज्यं राज्यं | ८६ | कर्मणोऽपि हि शुद्धस्य | ५१४ |
| कुशास्त्राभ्याससम्भूतं | १४६ | कर्म्माण्याचरतो ज्ञातुः | ५२६ |
| कुशास्त्रार्थेषु दक्षत्वं | १५० | कर्मण्यकर्म यः पश्येत् | ५२७ |
| कलितातिशयोऽपि | २०६ | कर्मण्यकर्म वाऽकर्म | ५२८ |
| कष्टेन हि गुणग्रामं | २११ | कर्मनैष्कर्म्यवैषम्यं | ५२९ |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| कर्मयोगविशुद्धस्तत् | ५७३ | गतमोहाधिकाराणां | २६ |
| कर्मयोगं समभ्यस्य | ५७७ | गुर्वाज्ञापारतन्त्र्येण | ५१ |
| कापोतनीलकृष्णानां | ५८३ | गले दत्वा पाशं | ७९ |
| क्रन्दनं रुदनं प्रोच्चैः | ५८४ | अन्यपल्लवबोधेन | १४३ |
| कापोतनीलकृष्णानां | ५९१ | गृहेऽन्नमात्रदौर्लभ्यं | १४५ |
| कामृतं विषभृते | ६७५ | गुणानुरागवैधुर्यं | १५२ |
| कर्म्मणस्ते हि पर्याया: | ७०२ | गीतार्थस्यैव वैराग्यं | १७७ |
| क्रुद्धनागफणाभोगो | ७४९ | गतिविभ्रमहास्यचेष्टितैः | १९० |
| कर्म्मणोऽपि च भोगस्य | ७५७ | गणयन्ति जनुः स्वमर्थवत् | १९८ |
| क्… व्याप्रियते नायं | ७६७ | गुडखण्डादिमाधुर्यं | ३०० |
| कर्ताऽपि शुद्धभावानां | ७५८ | गलितदुष्टविकल्प | ३२५ |
| कर्तृत्वं परभावानां | ७७५ | गुणाः प्रादुर्भवन्त्युच्चैः | ४६९ |
| कर्मोदयाच्च तद्दानं | ७८४ | गुरुप्रसादीक्रियमाण | ४८२ |
| कर्तैवमात्मा नो पुण्य | ७८७ | गोस्तनीषु न सितासु | ६७६ |
| कृष्णः शोणोऽपि चोपाधेः | ७९७ | गन्धर्वनगरादीनां | ७०७ |
| कल्पनामोहितो जन्तुः | ७९९ | ज्ञानाख्या चेतना बोध | ७२२ |
| कर्म्मास्रवन् च | ८१२ | गुह्याद् गुह्यतरं तत्वं | ८६९ |
| कर्मतापकरं ज्ञानं | ८३८ | ग्राह्यं हितमपि | ९२८ |
| क्रोधादिभिर्नियमितं | ८९३ | ग्रन्थार्थान् प्रगुणी | ९३५ |
| कायादिर्बहिरात्मा | ९०९ | ज्ञानं शुद्धं क्रिया शुद्धा | ३६ |
| किञ्चित्साम्यमवेक्ष्य | ९३९ | ज्ञानगर्भं तु वैराग्यं | १५४ |
| काव्यं दृष्ट्वा | ९४४ | ज्ञानगर्भमिहादेयं | १८२ |
| क्षुधा लोभरतिर्दीनो | ३० | ज्ञानस्य फलमेषैव | २५९ |
| क्षणं चेतः समाकृष्य | २५४ | ज्ञानक्षणावलीरूपो | ४१४ |
| क्षणिके तु न दोषोऽस्मिन् | ४१६ | ज्ञानदर्शनचारित्र | ४७१ |
| क्षयोपशमतश्चक्षुः | ६३५ | ज्ञानयोगस्तपः शुद्धं | ४९९ |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| ज्ञानं क्रियाविहीनं न | ५१८ | चौर्य्यधीर्निरपेक्षस्य | ५८९ |
| ज्ञानिनां कर्म्मयोगेन | ५१९ | चश्चलं हि मनः | ५९९ |
| ज्ञानी तु शान्तविक्षेपो | ५७२ | चिन्तयेत्तत्र कर्तारं | ६१७ |
| ज्ञात्वा धर्म्यं ततो | ५९६ | चैतन्यपरसामान्यात् | ६८९ |
| ज्ञाते ह्यात्मनि नो भूयो | ६७९ | चित्तमेव हि संसारो | ७६० |
| ज्ञानाख्या चेतना बोध | ७२२ | चित्रोत्सर्गशुभापवाद | ८७६ |
| ज्ञानादिभावयुक्तेषु | ८२० | चक्रे प्रकरणमेतद् | ९४९ |
| ज्ञानेन निपुणेन | ८३६ | जीयात्फणिफणप्रान्त | ४ |
| ज्ञानयोगस्तपः शुद्धं | ८४० | जगदानन्दनः स्वामी | ५ |
| ज्ञानदर्शनचारित्रैः | ८५६ | जानाना अपि दम्भस्य | ६२ |
| ज्ञानांशदुर्विदग्धानां | ८७१ | जिनैर्नानुमतं किञ्चित् | ७३ |
| ज्ञानविचाराभिमुखं | ९०१ | जना लब्ध्वा धर्म | ८१ |
| ज्ञानं केवलसंज्ञं | ९१२ | जन्तुकान्तं पशूकृत्य | २१२ |
| घटन्ते न विनाऽहिंसां | ३६२ | जिज्ञासा च विवेकश्च | २३५ |
| घटस्य रूपमित्यत्र | ३८६ | जगज्जीवेषु नो भाति | २४३ |
| चतुर्थेऽपि गुणस्थाने | ३८ | जरामरणदावाग्नि | २५० |
| चतुर्थेऽपि गुणस्थाने ननु | ११२ | जैनीमाज्ञां पुरस्कृत्य | २९० |
| चेष्टा परस्य वृत्तान्ते | १७९ | जिनवचोधनसार | ३०९ |
| चर्माच्छादितमांसास्थि | २२५ | जितेन्द्रियो जितक्रोधो | ५४३ |
| चारित्रपुरुषप्राणाः | २६० | जिज्ञासाऽपि सतां | ५७० |
| चतुर्थं चरमावर्त्तं | २८४ | जन्मादिकोऽपि नियत | ६९२ |
| चरणयोगघटान् | ३०७ | जीवो जीवति न प्राणैः | ७३५ |
| चरणगोपुरभङ्गपरः | ३१० | जलूकाः सुखमानिन्यः | ७४३ |
| च्युतमसद्विषय | ३२० | जायन्ते जाग्रतोऽक्षेभ्यः | ७५३ |
| चिद्रूपपुरुषो बुद्धेः | ४३० | जन्तूनां सापराधानां | ८४६ |
| चेतनोऽहं करोमीति | ४३५ | जनानामल्पबुद्धीनां | ८७० |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| तत्पञ्चमगुणस्थानात् | ३७ | तत्कर्म्मजनितं जन्म | ६१८ |
| तदेवं निर्दम्भाचरण | ७६ | तस्य संतरणोपायं | ६२३ |
| तृषार्त्ताः खिद्यन्ते | ८८ | तपोऽनुकूलपवनो | ६२६ |
| तदेतद्भाषन्ते | १०२ | ततः प्राप्तमहानन्दाः | ६३७ |
| तद्वैराग्यं स्मृतं दुःख | १३९ | तीव्रादिभेदभाजः स्युः | ६४८ |
| तदेकान्तेन यः कश्चित् | १७२ | त्रियोगयोगिनः साधोः | ६५३ |
| तदिमे विषयाः किलैहिका | १९९ | तुरीयं तु समुच्छिन्न | ६५६ |
| त्यक्तायां ममतायां च | २३६ | तदेकत्वपृथक्त्वाभ्यां | ६८२ |
| तेष्वेव द्विषतः पुंसः | २३८ | तन्निश्चयो न सहते | ७१२ |
| तीर्थोच्छेदभिया हन्त | २७७ | तीव्राग्निसङ्गसंशुष्यत् | ७४४ |
| तस्माद्गतानुगत्या यत् | २७९ | तत् तुरीय दशा | ७५२ |
| तस्या एवानुबन्धश्चा | २८६ | तच्चिदानन्दभावस्य | ७५६ |
| त्रिधा तत्सदनुष्ठानं | ३०३ | तन्मते च न कर्तृत्वं | ७६६ |
| तदनु काचन निश्चय | ३२१ | तद्ध्यानं सा स्तुतिर्भक्तिः | ८०० |
| तदित्थमन्यदुपैत्य | ३२३ | तस्मादनियतं रूपं | ८१६ |
| तत्त्वश्रद्धानमेतच्च | ३३१ | तीर्थकृन्नामहेतुत्वं | ८२३ |
| तत्रात्मा नित्य एवेति | ३४९ | तपः संयमयोः | ८२४ |
| त्याज्यास्तन्नैहिकाः कामाः | ३९८ | तेनासावंशविश्रान्तौ | ८२६ |
| तदेतद्दर्शनं मिथ्या | ३९९ | ततोऽर्वाग्यच्च यावच्च | ८३० |
| तस्मादिदमपि त्याज्यं | ४२७ | तपस्वी जिनभक्त्या च | ८३७ |
| तन्मात्रादिकमस्तस्मात् | ४३३ | तस्माद् ज्ञानमयः शुद्धः | ८४२ |
| तदेतदत्यसम्बद्धं | ४४८ | तथाभव्यतया जन्तुः | ८४८ |
| तथाभव्यतयाऽऽक्षेपात् | ४७० | त्यक्तोन्माद | ८८६ |
| तेजोलेश्याविवृद्धिर्या | ५३५ | तत्त्वश्रद्धा ज्ञानं | ९११ |
| तपस्विभ्योऽधिको योगी | ५५२ | दम्भपर्वतदम्भोलिः | १२ |
| ततोऽस्थानप्रयासोऽयं | ५६८ | दृङ्मोहक्षपको मोह | ३४ |

| | क्रमांक |
|---|---|
| द्वितीयाद्दोषहानिः स्यात् | ४९ |
| दम्भो मुक्तिलतावह्निः | ५४ |
| दम्भो ज्ञानाद्रिदम्भोलिः | ५५ |
| दम्भेन व्रतमास्थाय | ५६ |
| दम्भलेशोऽपि मल्ल्यादेः | ७५ |
| दृशां प्रान्तैः कान्तैः | ९१ |
| दधाना काठिन्यं | ९९ |
| दशाविशेषे तत्रापि | ११४ |
| दारुयन्त्रस्थपाञ्चाली | १३५ |
| दुःखाद्विरक्ताः प्राग् | १४१ |
| दूरे स्वर्गसुखं | २४८ |
| दृशोः स्मरविषं शुष्येत् | २४९ |
| दिङ्मात्रदर्शने | २६३ |
| दिव्यभोगाभिलाषेण | २६९ |
| द्वयं हि सदनुष्ठानं | २९२ |
| द्रव्यभावे समानेऽपि | ४५२ |
| दम्भाय चातुर्यं | ४९० |
| देहनिर्वाहमात्रार्था | ५०५ |
| देहमध्यशिरोग्रीवं | ५७५ |
| दुःखेष्वनुद्विग्नमनाः | ६४२ |
| द्वयोः शुक्ला तृतीये च | ६५९ |
| देहेन सममेकत्वं | ७११ |
| दशाऽदश्यं | ७१५ |
| देहपुष्टेर्नरामर्त्यं | ७४२ |
| दुःखैकरूपयोर्भिन्न | ७५१ |
| द्रव्यास्तिकस्य प्रकृतिः | ७६५ |

| | क्रमांक |
|---|---|
| दृढाज्ञानमयीं शङ्कां | ८५१ |
| दिशः प्रदर्शकं | ८५२ |
| द्रव्यमोक्षः क्षयः कर्म | ८५५ |
| दुःसाध्यं परवादिनां | ८८१ |
| द्वयमिह शुभानुबन्धः | ९२२ |
| दोषोल्लेखविषः | ९३६ |
| धनिनां पुत्रदारादि | २६ |
| धर्मातिख्यातिलोभेन | ७० |
| धनं मे गेहं मे | ८२ |
| धनाशा यच्छाया | ८५ |
| धर्मशक्तिं न हन्त्यत्र | १२२ |
| धृतो योगो न ममता | २३४ |
| धर्मोद्यतेन कर्तव्यं | २७८ |
| धर्मयौवनकालोऽयं | २८२ |
| ध्रुवेक्षणेऽपि न प्रेम | ४२५ |
| ध्यानार्थां हि क्रिया | ५०७ |
| ध्यायेत्कर्मविपाकं च | ६१५ |
| ध्याताऽममेव शुक्लस्या | ६४६ |
| ध्यायेच्छुक्लमथ | ६५० |
| धर्मस्य गतिहेतुत्वं | ७२६ |
| ध्येयोऽयं सेव्योऽयं | ९१६ |
| ध्येयात्मबोधनिष्ठा | ९३२ |
| निर्दयः कामचण्डालः | १५ |
| नो चेद्भावापरिज्ञानात् | ४३ |
| निर्दम्भस्यावसन्नस्या | १७ |
| न चित्ते विषयासक्ते | १०९ |

| | क्रमांक |
|---|---|
| न स्वान्यशास्त्रव्यापारे | १५६ |
| नो चेदभावसम्बन्धात् | १६६ |
| नयेषु स्वार्थसत्येषु | १७५ |
| न मुदे मृगनाभिमल्लिका | १९१ |
| निर्ममस्यैव वैराग्यं | २०९ |
| नतिस्तुत्यादिकाशंसा | २५६ |
| निषेधायानयोरेव | २७१ |
| न लोकं नापि सूत्रं | २७४ |
| नैवं यस्मादहिंसाया | ३३६ |
| नैति वुद्धिगता दुःखो | ३५१ |
| न च हिंसापदं नाश | ३०२ |
| निष्क्रियोऽसौ ततो हन्ति | ३५७ |
| न च सन्तानभेदस्य | ३५९ |
| नरादिक्षणहेतुश्च | ३६० |
| नास्ति नित्यो न कर्ता | ३८५ |
| नास्तित्वादिग्रहे नवो | ३८७ |
| निश्चयार्थोऽत्र नो साक्षात् | ३९० |
| नास्त्येवात्मेति चार्वाक | ३९३ |
| न चाहं प्रत्ययादीनां | ४०० |
| नात्माङ्गं विगमे | ४०२ |
| न दोषः कारणात्कार्ये | ४०३ |
| नोपादानादुपादेय | ४०४ |
| न वैजात्यं विना तत् | ४२० |
| नास्मिन्विषयबाधो | ४२२ |
| नानाकार्यैककरण | ४२३ |
| नीलाद्यावप्यतद्भेद | ४२४ |
| न कर्ता नापि | ४२८ |
| नास्ति निर्वाणमित्याहुः | ४४६ |
| नैतद्वयं वदामो यद् | ४५५ |
| ननु मोक्षेऽपि जन्यत्वात् | ४५६ |
| न च कर्माणुसम्बन्धात् | ४५८ |
| न मोक्षोपाय इत्याहुः | ४६१ |
| न च सार्वत्रिको मोक्षः | ४६४ |
| नैवं सत्पूर्वसेवैव | ४६८ |
| नियोजयत्येव मतिं | ४८४ |
| न परप्रतिबन्धोऽस्मिन् | ५०० |
| न ह्यप्रमत्तसाधूनां | ५०१ |
| नैवं तस्य कृतेनार्थो | ५०३ |
| न च तत्कर्मयोगेऽपि | ५२३ |
| नो चेदित्थं भवेच्छुद्धि | ५२४ |
| न प्रहृष्येत्प्रियं प्राप्य | ५३९ |
| निक्षिप्तदण्डा ध्यानाग्नि | ५४७ |
| न ज्ञायते विशेषस्तु | ५५९ |
| निर्भयः स्थिरनासाग्र | ५७४ |
| निर्दयं वधबन्धादि | ५८८ |
| निर्दयत्वानुशयौ | ५९३ |
| निश्चलत्वमसंमोहो | ५९७ |
| नयभङ्गप्रमाणाढ्यां | ६१३ |
| नवानामपि तत्त्वानां | ६८० |
| न चैतन्निश्चये युक्तं | ६९१ |
| नृनारकादिपर्यायैः | ७०० |
| नाणूनां कर्मणो वाऽसौ | ७०३ |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| न रूपं न रसो | ७१४ | पराधीनं शर्म | १०१ |
| नात्मा तस्मादमूर्त्तत्वं | ७२३ | पश्यन्ति लज्जया नीचैः | १३२ |
| नात्मा पुण्यं न वा पा | ७३६ | प्रवृत्तेर्वा निवृत्तेर्वा | १३४ |
| न ह्यासयस्य बन्धस्य | ७३८ | पर्यायाः स्युर्मुनेर्ज्ञान | १५५ |
| नये तेनेह नो कर्ता | ७५० | परदृश्यमपायसङ्कुलं | १८९ |
| नन्वेवमन्यभावानां | ७७७ | प्रथमानविमानसम्पदां | २०२ |
| नैगमव्यवहारौ तु | ७९३ | प्राणानभिन्नताभ्यानात् | २२१ |
| नात्मनो विकृतिं दत्ते | ७९५ | पङ्कार्द्रमपि निःशङ्का | २२७ |
| निमित्तमात्रभूतास्तु | ८१३ | प्रियार्थिनः प्रियाप्राप्ति | २३२ |
| निर्जरा कर्म्मणां शाटो | ८३२ | प्रियाप्रियत्वयोर्यार्थैः | २३७ |
| न त्वज्ञानप्रवृत्त्यर्थे | ८४७ | प्रचितान्यपि कर्म्माणि | २५७ |
| न समाधावुपयोगं | ८९७ | परस्मात्परमेषा | २६४ |
| निन्द्यो न कोऽपि | ९२६ | परिशुद्धमनुष्ठानं | २६५ |
| निश्चित्यागमतत्त्वं | ९२७ | प्रणिधानाद्यभावेन | २७२ |
| निष्पाद्य श्लोक | ९४५ | प्रवृत्तिस्तेषु चित्रा च | २८७ |
| नव्योऽस्माकं | ९४७ | परजने प्रसभं किमु | ३०५ |
| प्रतिपित्सुः सजन्पूर्व | ३३ | प्रवचनाब्जविलास | ३१६ |
| परिहर्तुं न यो लिङ्गं | ६६ | प्रथमतो व्यवहारनयस्थितो | ३१८ |
| प्रियाज्वाला यत्र | ७८ | प्राहुर्भागवतास्तत्र | ३३८ |
| प्रियास्नेहो यस्मिन् | ८३ | प्रमाणलक्षणादेस्तु | ३४७ |
| पिता माता भ्राता | ८९ | प्रसिद्धानि प्रमाणानि | ३४८ |
| पणैः प्राणैर्गेहा | ९० | पीडाकर्तृत्वतो देह | ३६६ |
| प्रिया प्रेक्षा पुत्रो | ९२ | प्राधान्यं व्यवहारे चेत् | ३९१ |
| पुरा प्रेमारम्भे | ९३ | प्राधान्याद्व्यवहारस्य | ३९२ |
| प्रभाते सञ्जाते | ९७ | प्रत्युतानित्यभावे हि | ४२६ |
| प्रिया वाणी वीणा | ९८ | प्रथमः परिणामोऽस्या | ४२९ |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| पुरुषार्थोपरागौ द्वौ | ४३४ | फलाभ्यां सुखदुःखाभ्यां | ७३९ |
| प्रकृतेः क्रियमाणानि | ४३८ | बध्यते बाढमासक्तो | १२३ |
| प्रकृतावेव धर्मादि | ४४१ | बहुदोषनिरोधार्थं | १२४ |
| पञ्चविंशतितत्त्वज्ञो | ४४३ | बलेन प्रेर्यमाणानि | १३१ |
| पापाकरणमात्राद्धि | ६३० | बहिर्निवृत्तिमात्रं स्यात् | १५९ |
| पश्यन्नन्तर्गतान् भावान् | ५४९ | बीजं चेह जनान्दृष्ट्वा | २८५ |
| प्रमत्तश्चेन्द्रियार्थेषु | ५८६ | बौद्धैः कुशलधर्माश्च | ३४३ |
| प्रमत्तान्तगुणस्थाना | ५८७ | ब्रह्मादिपदवाच्यानि | ३४५ |
| परैरपि यदिष्टं च | ६४० | बुद्धिः कर्त्री च भोक्त्री | ४४० |
| प्रजहाति यदा कामान् | ६४१ | बाध्यते न हि | ६६८ |
| प्रभानैर्मल्यशक्तीनां | ६८४ | बुभुक्षा देहकार्श्यं वा | ८३५ |
| प्रपञ्चसञ्चयक्लिष्टात् | ७१० | बन्धः कर्मात्मसंश्लेषो | ८४३ |
| पुद्गलानां गुणो मूर्त्तिः | ७२५ | बद्ध्नाति स्वं यथा | ८४५ |
| पुण्यं कर्म शुभं | ७३७ | बौद्धानामृजुसूत्रतो | ८७९ |
| परिणामाच्च तापाच्च | ७४१ | बाह्यात्मनोऽधिकारः | ९०८ |
| प्राकृपश्चाश्चारति | ७४५ | ब्रह्मस्थो ब्रह्मज्ञो | ९१४ |
| परस्य युज्यते दानं | ७८२ | ब्रह्माध्ययनेषु मतं | ९१५ |
| पराश्रितानां भावानां | ७८६ | बालः पश्यति लिङ्गं | ९२५ |
| पुरादिवर्णनाद्राजा | ८०३ | भुजास्फालनहस्तास्य | १९ |
| पुण्यपापविनिर्मुक्तं | ८०७ | भगवन् किं तदध्यात्मं | २५ |
| प्रशस्तरागयुक्तेषु | ८२१ | भवे या राज्यश्री | १०० |
| पाषण्डिगणलिङ्गेषु | ८५८ | भवस्वरूपविज्ञानाद् | १०३ |
| पूर्णः पुण्यनयप्रमाण | ८७५ | भवहेतुषु तद्द्वेषाद् | १११ |
| प्रथमाभ्यासविलासा | ८८० | भवेच्छा यस्य विच्छिन्ना | ११६ |
| पूर्णाध्यात्मपदार्थ | ९४० | भोगान् स्वरूपतः पश्यन् | ११९ |
| पाथोदः पद्यबन्धैः | ९४२ | भोगतत्त्वस्य तु पुनः | १२० |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| भिन्नाः प्रत्येकमात्मानो | २२९ | मदमोहविषादमत्सर | २०० |
| भोगरागाद् यथा यूनो | २८३ | माता पिता मे भ्राता मे | २१५ |
| भावधर्मस्य सम्प्राप्ति | २८८ | ममत्वेनैव निःशङ्कं | २१७ |
| भेदैर्भिन्नं भवेदिच्छा | २९४ | ममत्वेन बहून् लोकान् | २१९ |
| भेदा इमे विचित्राः स्युः | २९७ | ममतान्धो हि यन्नास्ति | २२० |
| भव्येषु च व्यवस्थेयं | ४५१ | मनस्यन्यद्वचस्यन्यत् | २२३ |
| भव्योच्छेदो न चैवं | ४५४ | मातापित्रादिसम्बन्धो | २२८ |
| भवकारणरागादि | ४६६ | मोहाच्छादितनेत्राणां | २५३ |
| भावना देशकालौ च | ५२५ | मनसि लोलतरे | ३१४ |
| भद्राभ्यां धर्मशुक्लाभ्यां | ६३४ | मनस एव ततः | ३१५ |
| भिन्नास्ते ह्यात्मनो | ७२३ | मनःशुद्धिश्च सम्यक्त्वे | ३२६ |
| भूतिर्या हि क्रिया | ७७६ | मनोयोगविशेषस्य | ३५० |
| भिन्नाभ्यां भक्तवित्तादि | ७८३ | मौनीन्द्रे च प्रवचने | ३६३ |
| भावनाधर्मचारित्र | ८१० | मुग्धानामियमज्ञत्वात् | ३७७ |
| भवनिर्वाणहेतूनां | ८२२ | मिथ्यात्वत्यागतः शुद्धं | ३८४ |
| भावलिङ्गरता ये | ८५९ | मद्याङ्गेभ्यो मदव्यक्तिः | ३९४ |
| भावलिङ्गं हि मोक्षाङ्गं | ८६० | मद्याङ्गेभ्यो मदव्यक्तिरपि | ४०५ |
| भावलिङ्गात्ततो मोक्षो | ८६५ | मिथ्यात्ववृद्धिकृन्नूनं | ४१७ |
| भक्तिर्भगवति | ९३१ | मोक्षोपायोऽस्तु किन्त्वस्य | ४६५ |
| महाक्रोधो गृध्र | ८४ | मिथ्यात्वस्य पदान्येता | ४७२ |
| मृगाक्षीदृग्बाणैः | ९४ | मिथ्यात्वदावानल | ४७३ |
| मायाम्भस्तत्त्वतः पश्यन् | ११८ | माध्यस्थ्यमवलम्ब्यैव | ५६१ |
| मीमांसा मांसला यस्य | १५५ | मुक्तो बुद्धोऽर्हन्वा | ५६३ |
| मदनोन्मादवमनं | १८० | मुहूर्तान्तर्भवेद्ध्यानं | ५७१ |
| मधुरैर्न रसैरधीरता | १९३ | मोघं निन्दन्निजं कृत्यं | ५८५ |
| मधुरं रसमाप्य | १९५ | मन रोधादिक ध्यान | ६११ |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| मिथो लग्ने रणावेशे | ६३१ | यतो यतो निःसरति | ५१० |
| मनसश्चेन्द्रियाणां च | ६३९ | या निश्चयैकलीनानां | ५१३ |
| मन्यते व्यवहारस्तु | ६९० | यदा हि नेन्द्रियार्थेषु | ५१७ |
| मध्याह्ने मृगतृष्णायां | ७०६ | योगिनामपि सर्वेषां | ५५५ |
| मुषितत्वं यथा पान्थ | ७९६ | यत्र योगसमाधानं | ६०५ |
| मुख्योपचारधर्माणां | ८०४ | यैवावस्था जिता | ६०६ |
| मणिप्रभामणिज्ञान | ८०६ | यथा च मोहपल्लीशे | ६२८ |
| मूलं सर्ववचोगतस्य | ८८६ | यः सर्वत्रानमिस्नेह | ६४३ |
| योगिनां प्रीतये पद्यं | ८ | यदा संहरते चाऽयं | ६४४ |
| यः किलाशिक्षिताध्यात्म | ११ | यत्र गच्छति परं | ६६४ |
| येषामध्यात्मशास्त्रार्थ | १४ | या निशा सकल भूत | ६६६ |
| यथा क्रममभी प्रोक्ता | ३५ | यत्र नार्कविधु | ६७० |
| यो बुद्ध्वा भवनैर्गुण्यं | ४२ | योजयत्यमितकाल | ६७१ |
| यदीन्दुः स्यात् कुहू | ११० | यथा तैमिरिकश्चन्द्र | ६९७ |
| यदा मरुन्नरेन्द्रश्री | ११५ | यथानुभूयते ह्येकं | ६९८ |
| यस्मिन्निषेव्यमाणेऽपि | १२५ | यथैकं हेमकेयूर | ७०१ |
| यावन्तः पर्यया वाचां | १६१ | यथा स्वप्नावबुद्धो | ७५० |
| ये नाम परपर्यायाः | १६३ | यश्च चितक्षणः क्लिष्टो | ७६१ |
| या रोपयत्यकार्येऽपि | २२४ | ये तु दिक्पटदेशीयाः | ७६४ |
| यथा कुद्रव्यसंयोग | २७० | येनांशेनात्मनो योग | ८२५ |
| येषां नेच्छादिलेशोऽपि | ३०१ | यदा तु सर्वतः शुद्धिः | ८२९ |
| यथाऽहिंसादयः पञ्च | ३३७ | यत्र शोधः कषायाणां | ८३४ |
| येन स्यान्निह्नवादीनां | ३७५ | यदिहापूर्वकरणं | ८४१ |
| येषां निश्चय एवेष्टो | ३८८ | यथाजातदशालिङ्गं | ८६१ |
| यथा केवलमात्मानं | ३८९ | यत्रानर्पितमादधाति | ८८४ |
| यस्त्वात्मरतिरेव | ५०२ | योगारम्भस्तु भवेत् | ८९८ |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| ये त्वनुभवाविनिश्चित | ९२३ | मलभारासहत्वं ये | ६८ |
| येषां कैरवकुन्द | ९३४ | विषयैः क्षीयते कामो | १०६ |
| यत्कीर्त्तिस्फूर्त्ति | ९४८ | विषयाणां ततो बन्ध | १२६ |
| रसो भोगावधिः कामे | २१ | विषयेभ्यः प्रशान्तानां | १२९ |
| रमणीमृदुपाणिकङ्कण | १८६ | वञ्चनं करणानां | १३३ |
| रमणीविरहेण वह्निना | २०१ | वेषमात्रभृतोऽप्येते | १४४ |
| रुचितमाकलयन् | ३०६ | विषयेषु गुणेषु च द्विधा | १८३ |
| राजरङ्कादिवैचित्र्यं | ३९५ | विषया उपलम्भगोचरा | १८४ |
| राजरङ्कादिवैचित्र्यमप्या | ४०६ | विषमायतिभिर्नु किं रसैः | १९४ |
| रत्नशिक्षादृगन्या हि | ५०६ | विषयेषु रतिः शिवार्थिनो न | २०३ |
| रागद्वेषक्षयादेति | ५४१ | विपुलर्द्धिपुलाकचारण | २०५ |
| रागद्वेषकषायादि | ६१४ | विषयैः किं परित्यक्तैः | २१० |
| रज्यते द्वेष्टि वाऽर्थेषु | ७८८ | व्याप्नोति महतीं भूमिं | २१४ |
| रोगस्थित्यनुसारेण | ८५० | विकल्पकल्पितं तस्मात् | २४० |
| लालयन् बालकं तात | २२६ | विषं गरोऽननुष्ठानं | २६६ |
| लब्धे स्वभावे कण्ठस्थ | २४२ | व्रततरुन्प्रगुणी | ३११ |
| लोकसंज्ञाविनिर्मुक्तो | ५४५ | विषमधीत्य पदानि | ३१९ |
| लब्धान्कामान्बहिः | ५४८ | वाक्यैर्न गम्यते चाऽऽत्मा | ३९६ |
| लीलयैव निरुद्ध्यन्ते | ६३२ | विचार्यमाणं नो चारु | ४३९ |
| लिङ्गं निर्मलयोगस्य | ६६० | वचनं नास्तिकाभानां | ४६० |
| लोहं स्वक्रिययाऽभ्येति | ७९१ | विधोर्विवेकस्य | ४७७ |
| लोकेषु बहिर्बुद्धिषु | ९२४ | व्रतानि चीर्णानि | ४८० |
| विषवल्लिसमां तृष्णां | १६ | विद्या विवेको | ४९२ |
| वने वेश्म धनं | १७ | विषयेषु न रागी वा | ५३१ |
| वेदान्यशास्त्रवित् क्लेशं | १८ | वैषम्यबीजमज्ञानं | ५३३ |
| विषयात्मानुबन्धैर्हि | ४६ | विषमेऽपि समेक्षी यः | ५३६ |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| विद्याविनयसम्पन्ने | ५३७ | विधिकथनं विधिरागो | ९२० |
| विशेषमप्यजानानो | ५५७ | श्रीशान्तिस्तान्ति मिद् | २ |
| विशेषस्यापरिज्ञानाद् | ५६५ | श्रीशैवेयं जिनं स्तौमि | ३ |
| वाचना चैव पृच्छा | ६०८ | शास्त्रात्परिचितां सम्यक् | ७ |
| विविधव्याधिसम्बन्ध | ६२२ | शान्तो दान्तो भवेदीदृग् | ३१ |
| विचिन्तयेत्तथा सर्वं | ६३८ | शुद्धमार्गानुरागेण | ४५ |
| विवेकात्सर्वसंयोगात् | ६६२ | शुष्कतर्कादिकं किञ्चित् | १४२ |
| वारितस्मरबलात्तप | ६७२ | श्रद्धामृदुत्वमौद्धत्य | १५३ |
| वस्तुतस्तु गुणानां | ६८८ | शुद्धस्यान्वेषणे तीर्थोच्छेदः | २७५ |
| विकले हन्त लोके | ७१८ | शिक्षितादिपदोपेतं | २७६ |
| वेदनाऽपि न मूर्तत्व | ७१९ | शास्त्रार्थालोचनं सम्यक् | २९१ |
| विपाककालं प्राप्याऽसौ | ७२१ | शुद्धो धर्मोऽयमित्येतत् | ३३२ |
| व्योमाप्युत्पत्तिमत् | ७७३ | शुद्धाऽहिंसोक्तितः सूत्रः | ३३५ |
| वारि वर्षन् यथाम्भोद्रो | ७९२ | शरीरेणापि सम्बन्धो | ३५३ |
| व्यवहारस्तुतिः सेयं | ८०९ | शमसंवेगनिर्वेदा | ३८३ |
| व्यवहारविमूढस्तु | ८१४ | शरीरस्यैव चाऽऽत्मत्वे | ४०१ |
| विशिष्टा वाक्तनु स्वान्त | ८१९ | शुद्धं व्युत्पत्तिमत् | ४१२ |
| चेष्टयत्यात्मना | ८४४ | शृणोति शास्त्राणि | ४८९ |
| वस्त्रादिधारणेच्छा | ८६२ | शारीरस्पन्दकर्मात्मा | ४९७ |
| व्यवहारविनिष्णातो | ८७२ | शनैः शनैरुपरमेद् | ५०९ |
| व्यवहारं विनिश्चित्य | ८७३ | श्रुत्वा पैशाचिकीं वार्त्तां | ५१२ |
| वार्ताः सन्ति सहस्रशः | ८८२ | श्रद्धावानाज्ञया युक्त | ५४६ |
| विषयेषु कल्पितेषु च | ८९२ | श्रेष्ठो हि ज्ञानयोगो | ५५० |
| विषयकषायनिवृत्तं | ८९९ | शब्दादीनामनिष्टानां | ५८१ |
| वचनानुष्ठानगतं | ९०० | शान्तो दान्तो भवेद् | ६४५ |
| विषयकषायावेशः | ९१० | शीलसंयमयुक्तस्य | ६४९ |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| शीलविघ्नरदमो दक | ६७३ | स्वयं निवर्त्तमानैस्तै | १३० |
| श्रुतो ह्यात्मपरा | ६८१ | सिद्धान्ते श्रूयते चेयं | १३७ |
| शुद्धं यदात्मनो | ६८७ | सिद्धान्तमुपजीव्यापि | १४७ |
| श्वेतद्रव्यकृतं श्वैत्यं | ७०४ | संसारमोचकादीनां | १४८ |
| श्रुतवाननुपयोगश्चे | ७६२ | सम्यक्त्वमौनयोः सूत्रे | १५७ |
| शुद्धोपयोगरूपः | ७६३ | स्यात्सर्वमयमित्येवं | १६२ |
| शरीरी म्रियतां मा वा | ७८१ | स्वान्यपर्यायसंश्लेषात् | १६७ |
| शरीररूपलावण्य | ८०१ | स्वागमेऽन्यागमार्थानां | १७४ |
| शास्त्रं गुरोश्च विनयं | ८१८ | सूक्ष्मेक्षिका च माध्यस्थ्यं | १७८ |
| शुद्धैव ज्ञानधारा | ८२७ | स्वभावान्नैव चलनं | १८१ |
| शुद्धनिश्चयतस्त्वात्मा | ८४९ | सुविशालरसालमञ्जरी | १८५ |
| शङ्खे श्वैत्यानुमानेऽपि | ८५३ | स्खलनाय न शुद्धचेतसां | १८७ |
| श्रुत्वा मत्वा मुहुः | ८५४ | सततं क्षयि शुक्रशोणित | १८८ |
| शब्दो वा मतिरर्थ एव | ८८३ | स्वयं येषां च पोषाय | २१८ |
| शास्त्रोपदर्शितदिशा | ८८९ | स्वप्रयोजनसंसिद्धिः | २४१ |
| शोकमदमदन | ९०६ | स्वगुणेभ्योऽपि कौटस्थ्यात् | २४४ |
| शान्ते मनसि ज्योतिः | ९०७ | समतापरिपाके स्यात् | २४५ |
| शौचं स्थैर्यमदम्भो | ९३० | सन्त्यज्य समतामेकां | २६१ |
| सामायिकं यथा सर्वं | २७ | स्थावरं जङ्गमं चापि | २६८ |
| सुत्यजं रसलाम्पट्यं | ५९ | सदनुष्ठानरागेण | २८१ |
| स्वदोषनिह्नवो लोक | ६० | सहजो भावधर्मो हि | २८९ |
| सिद्ध्या विषयसौख्यस्य | १०४ | सत्क्षयोपशमोत्कर्षात् | २९६ |
| सौम्यत्वमिव सिंहानां | १०७ | सततकुट्टितसंयम | ३०८ |
| सत्यं चारित्रमोहस्य | ११३ | सम्यक्त्वसहिता एव | ३२७ |
| स तत्रैव भयोद्विग्नो | १२१ | सन्तोषो गुरुशुश्रूषा | ३४० |
| सेवतेऽसेवमानोऽपि | १२७ | सम्भिन्नालापव्यापादं | ३४४ |

| | क्रमांक |
|---|---|
| सतामस्याश्च कस्याश्चिद् | ३७३ |
| साधूनामप्रमत्तानां | ३७६ |
| सद्यः कालान्तरे चैतत् | ३७९ |
| सिद्धिः स्थाण्वादिवद् | ४०९ |
| संयोगः समवायश्च | ४११ |
| स्वभावहानितोऽध्रौव्यं | ४१५ |
| स्वप्ने व्याघ्रादिसङ्कल्पात् | ४३२ |
| स्वाभाविकं च भव्यत्वं | ४५३ |
| सुखस्य तारतम्येन | ४५९ |
| स्थालं स्वबुद्धिः | ४८१ |
| स्वार्थः प्रियो नो | ४९३ |
| स्थिरीभूतमपि स्वान्तं | ५०८ |
| सावद्यकर्म नो तस्मात् | ५२५ |
| सतत्त्वचिन्तया यस्य | ५३२ |
| संनिरुद्ध्यात्मनात्मानं | ५४४ |
| समापत्तिरिहव्यक्तं | ५५३ |
| सर्वज्ञो मुख्य एकः | ५५८ |
| सर्वज्ञप्रतिपत्त्यंशात् | ५६० |
| सक्षिप्तरुचिजिज्ञासोः | ५६९ |
| स्थिरमध्यवसानं यत् | ५७८ |
| स्थिरचित्तः किलेताभिः | ५९८ |
| सदृशप्रत्ययावृत्याद् | ६०२ |
| स्त्रीपशुक्लीबदुःशील | ६०३ |
| स्थिरयोगस्य तु ग्रामे | ६०४ |
| सर्वासु मुनयो देश | ६०७ |
| संवरास्ताश्रवच्छिद्रं | ६२४ |
| सद्भावनाख्यमञ्जूषा | ६२७ |
| सज्जीकृतस्वीयभटे | ६२९ |
| सह द्वेषगजेन्द्रेण | ६३६ |
| सवितर्कं सविचारं | ६५१ |
| सूक्ष्मक्रियाऽनिवृत्याख्यं | ६५५ |
| सम्प्लुतोदकमिव | ६६७ |
| स्पष्टदृष्टसुख | ६६९ |
| सदसद्वादपिशुनात् | ६९९ |
| सन्निकृष्टान्मनोवाणी | ७२४ |
| सर्वपुण्यफलं दुःखं | ७४० |
| सदा यत्र स्थितो | ७४६ |
| स्कन्धात्स्कन्धान्तरा | ७४७ |
| सुखं दुःखं च मोहश्च | ७४८ |
| स्फुलिङ्गैन यथा वह्निः | ७५४ |
| साक्षिणः सुखरूपस्य | ७५५ |
| स्वरूपं तु न कर्तव्यं | ७६८ |
| सत्त्वं च परसन्ताने | ७७२ |
| सत्यं पराश्रयं न स्यात् | ७७८ |
| स्वगताभ्यां तु भावाभ्यां | ७८५ |
| स्नेहाभ्यक्ततनोरङ्गं | ७८९ |
| सेयं नटकला तावत् | ७९८ |
| सम्यग्दृशो विशुद्धत्वं | ८२८ |
| सत्तपो द्वादशविधं | ८३३ |
| स्वरूपेण च यद्धं चेत् | ८६३ |
| स्याद्दोषापगम स्तमांसि | ८७७ |
| सुविदितयोगैरिष्टं | ८९१ |

| | क्रमांक | | क्रमांक |
|---|---|---|---|
| सत्वोद्रेकात्परिहृत | ८९४ | हिंसाया ज्ञानयोगेन | ३७२ |
| सालम्बनं क्षणमपि | ९०४ | हिंसानुबन्धिनी हिंसा | ३७४ |
| सिद्धान्ततदज्ञानां | ९१९ | हिंसाप्युत्तरकालीन | ३८० |
| स्तुत्या स्मयो न कार्यः | ९२९ | हेतुत्वे पुंस्प्रकृत्यर्थे | ४३१ |
| साक्षात्कार्यं तत्वं | ९३३ | हेतुभूतिनिषेधो न | ४६३ |
| स्नात्वा सिद्धान्त कुण्डे | ९४१ | हृदि स्रोतसिकावेला | ६२० |
| हसन्ति क्रीडन्ति | ९५ | हास्यादिषट्कलुण्टाक | ६३३ |
| हृदि निर्वृतिमेव | १९७ | हिनस्ति न परं कोऽपि | ७७९ |
| हृदये न शिवेऽपि | २०७ | हिंसादयाविकल्पाभ्यां | ७८० |
| हन्तुर्जाग्रति को दोषो | ३६७ | हेतुत्वं प्रतिपद्यन्ते | ८१५ |
| हिंस्यकर्म्मविपाके | ३६८ | | |

# સાક્ષીગ્રંથનામાવલિ

યોગશાસ્ત્ર
અધ્યાત્મોપનિષત્
ધર્મબિંદુ
સાડા ત્રણસો ગાથાનું સ્તવન
યોગબિન્દુ
દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા
આચારાંગ સૂત્ર
તત્વાર્થસૂત્ર (સિદ્ધસેનીયા ટીકા)
યોગવિંશિકા
ગુરુતત્ત્વવિનિશ્ચય
પંચવસ્તુક પ્રકરણ
ધર્મરત્ન પ્રકરણ
માર્ગપરિશુદ્ધિ પ્રકરણ
અષ્ટક પ્રકરણ (હારિભદ્રી)
ઉપદેશરહસ્ય
વિંશતિવિંશિકા
ધર્મસંગ્રહ
૧૮ પાપસ્થાનકની સજ્ઝાય
ત્રિષષ્ટિ પર્વ ૧, ૧૦.
વીતરાગસ્તોત્ર
યોગદૃષ્ટિની સજ્ઝાય (ગુજરાતી)
યોગદૃષ્ટિ સમુચ્ચય
ઉત્તરાધ્યયન સૂત્ર
નલ-દમયંતી નાટક
પ્રશમરતિ પ્રકરણ
ઓઘનિર્યુક્તિ
દ્રવ્યગુણપર્યાયનો રાસ
સૂયગડાંગ સૂત્ર
પ્રવચનસાર
સમયસાર
શાસ્ત્રવાર્તા સમુચ્ચય
(સ્યાદ્વાદ કલ્પલતા ટીકા)
ભાગવત
જિતકલ્પસૂત્ર
પ્રમાણનય તત્ત્વાલોકાલંકાર
દશવૈકાલિક સૂત્ર
ષોડશક પ્રકરણ
લલિતવિસ્તરા (પંજિકા)
વૈરાગ્ય કલ્પલતા
ભગવદ્ગીતા
હારિભદ્રી આવશ્યક
દોઢસો ગાથાનું સ્તવન
વંદિત્તુ સૂત્ર
જ્ઞાનબિન્દુ
જૈન તર્કપરિભાષા
સમ્મતિ તર્ક

ષડ્દર્શનસમુચ્ચય
વિશેષાવશ્યક ભાષ્ય
ન્યાયકુસુમાંજલિ
અભિધાન ચિંતામણિ
ષટ્સ્થાન ચોપાઈ
સાંખ્યતત્ત્વકૌમુદી
સાંખ્યતત્ત્વપ્રદીપિકા
ભામિની વિલાસ
ઉપદેશમાળા
ગચ્છાચાર પયન્નો
ઉપદેશપદ
ભર્તૃહરિશતક
નંદીસૂત્ર–મલયગિરીયા વૃત્તિ
સવાસો ગાથાનું સ્તવન

જ્ઞાનસાર
પાતંજલયોગદર્શન:
અધ્યાત્મકલ્પદ્રુમ
પ્રશમરતિ પ્રકરણ
યોગશતક
અનુયોગદ્વાર
ગુણસ્થાન ક્રમારોહ
હૈમ કાવ્યાનુશાસન
ગુર્જર સાહિત્યસંગ્રહ
કઠોપનિષત્
અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા
અધ્યાત્મમત પરીક્ષા
સમાધિશતક